# સમયસાર વૈભવ

## ભાગ – ૧૧



પ્રકાશક

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

**રાજકોટ**

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૧)

(ગાથા-૨૩૨ થી ૨૭૫, શ્લોક-૧૬૨ થી ૧૭૩, પ્રવચન-૩૧૩ થી ૩૩૯)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

વિક્રમ સંવંત ૨૦૭૪

વીર સંવંત ૨૫૪૪

ઈ. સન ૨૦૧૮

**પ્રકાશન**
ચૈત્ર સુદ ૧૩, તા.૨૯-૩-૨૦૧૮, ગુરુવાર
મહાવીર જયંતિ

**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું **‘સમયસાર વૈભવ’** નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર

આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૧ મહાવીર જયંતિના દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૧૩ | ૨૦–૦૮–૧૯૬૭ | ગાથા–૨૩૨–૨૩૩ | ૦૦૧ |
| ૩૧૪ | ૨૧–૦૮–૧૯૬૭ | ગાથા–૨૩૪–૨૩૫ | ૦૧૭ |
| ૩૧૫ | ૨૨–૦૮–૧૯૬૭ | ગાથા–૨૩૫–૨૩૬ | ૦૩૫ |
| ૩૧૬ | ૨૩–૦૮–૧૯૬૭ | ગાથા–૨૩૬ | ૦૫૨ |
| ૩૧૭ | ૨૪–૦૮–૧૯૬૭ | ગાથા–૨૩૬ | ૦૭૧ |
| ૩૧૮ | ૨૫–૦૮–૧૯૬૭ | ગાથા–૨૩૬, શ્લોક–૧૬૨ | ૦૮૮ |
| ૩૧૯ | ૨૬–૦૮–૧૯૬૭ | શ્લોક–૧૬૨–૧૬૩ | ૧૦૬ |
| ૩૨૦ | ૨૮–૦૮–૧૯૬૭ | શ્લોક–૧૬૩ | ૧૨૩ |
| ૩૨૧ | ૨૯–૦૮–૧૯૬૭ | શ્લોક–૧૬૩, ગાથા–૨૩૭ થી ૨૪૧ | ૧૪૦ |
| ૩૨૨ | ૩૦–૦૮–૧૯૬૭ | શ્લોક–૧૬૩, ગાથા–૨૩૪–૨૩૫ | ૧૩૫ |
| ૩૨૩ | ૩૧–૦૮–૧૯૬૭ | શ્લોક–૧૬૫–૧૬૬ | ૧૭૧ |
| ૩૨૪ | ૦૧–૦૯–૧૯૬૭ | શ્લોક–૧૬૭, ગાથા–૨૪૭–૨૪૮ | ૧૮૮ |
| ૩૨૫ | ૦૨–૦૯–૧૯૬૭ | ગાથા–૨૪૮ થી ૨૫૬ | ૨૦૩ |
| ૩૨૬ | ૦૩–૦૯–૧૯૬૭ | શ્લોક–૧૬૮–૧૬૯,ગાથા–૨૫૪થી૨૫૬ | ૨૨૨ |
| ૩૨૭ | ૦૪–૦૯–૧૯૬૭ | ગાથા–૨૫૭ થી ૨૬૧, શ્લોક–૧૭૦ | ૨૩૯ |
| ૩૨૮ | ૦૫–૦૯–૧૯૬૭ | ગાથા–૨૬૦ થી ૨૬૪ | ૨૫૮ |
| ૩૨૯ | ૦૬–૦૯–૧૯૬૭ | ગાથા–૨૬૩–૨૬૫ | ૨૭૬ |
| ૩૩૦ | ૦૮–૦૯–૧૯૬૭ | ગાથા–૭૨ | ૨૯૪ |
| ૩૩૨ | ૧૦–૦૯–૧૯૬૭ | ગાથા–૨૬૮–૨૬૯, શ્લોક–૧૭૧–૧૭૨ | ૩૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૩૩૩ | ૧૧-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૦ | ૩૨૭ |
| ૩૩૪ | ૧૨-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૦-૨૭૧ | ૩૪૩ |
| ૩૩૫ | ૧૩-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૧, શ્લોક-૧૭૩ | ૩૫૮ |
| ૩૩૬ | ૧૪-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૨, શ્લોક-૧૭૩ | ૩૭૪ |
| ૩૩૭ | ૧૫-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૨-૨૭૩ | ૩૯૧ |
| ૩૩૮ | ૧૬-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૩-૨૭૪ | ૪૦૯ |
| ૩૩૯ | ૧૭-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૪-૨૭૫ | ૪૨૬ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧૧)**
**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**શ્રાવણ વદ ૧, રવિવાર તા. ૨૦-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૩૨-૨૩૩, પ્રવચન-૩૧૩**

સમયસાર, નિર્જરા અધિકાર ચાલે છે. સમ્યગ્દષ્ટિ નામ ધર્મી કોને કહે છે અથવા ધર્મ કેમ ઉત્પન્ન થાય છે અને ધર્મ ઉત્પન્ન થનારને કેવી દશા અને કેવી એને નિર્જરા થાય છે એનું વર્ણન ચાલે છે. સમ્યગ્દષ્ટિ કેવો હોય એ પહેલામાં પહેલી વાત ચાલે છે. કોઈ મુનિ અને કોઈ કેવળજ્ઞાનીની વાત (નથી). મુનિની વાત એમાં આવી જાય છે પણ કેવળજ્ઞાનીની આ વાત નથી. નિર્જરાનો અધિકાર છે ને? તો કહે છે.. આઠ બોલમાં ત્રણ બોલ આવી ગયા. ચોથો બોલ છે. અમૂઢદષ્ટિ.

ધર્મી અમૂઢ હોય છે. શું? ૨૩૨.

**जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।**
**सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।।२३२।।**

નીચે હરિગીત.

**સંમૂઢ નહિ જે સર્વ ભાવે,-સત્ય દષ્ટિ ધારતો,**
**તે મૂઢદષ્ટિરહિત સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.**

શું કહે છે? ‘**ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ,...**’ જેને સત્યદષ્ટિ થઈ છે એ કેવો છે? કે ‘**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**’ આ એક શબ્દ દરેકમાં લીધો છે. ધર્મી એને કહે છે કે એક જ્ઞાયકભાવ ત્રિકાળ શુદ્ધ ધ્રુવ જેની દષ્ટિમાં લીધો છે અને જેની દષ્ટિમાં જ્ઞાયકભાવનો આશ્રય લીધો છે. સમજાણું કાંઈ? પર્યાયની દષ્ટિ છોડીને, નિમિત્તની

દૃષ્ટિ છોડીને, જે શુભાદિ રાગ આવે એની પણ દૃષ્ટિ છોડીને અને પોતાની પર્યાયમાં વ્યક્તરૂપ અલ્પ જ્ઞાનાદિ જે દેખાય એની પણ દૃષ્ટિ છોડીને. એક સમયમાં ભગવાન જ્ઞાયકમયતા, જ્ઞાયકભાવમયતા. જુઓ! વસ્તુ લીધી છે ને વસ્તુ? એનો જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયક.. જુઓ! ૧૧મી ગાથામાં કહ્યું ને? '**भूदत्थमस्सिदो खलु**'. વ્યવહાર અભૂતાર્થ છે. એક સમયની પર્યાય રાગાદિ અભૂતાર્થ નામ આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ? વ્યવહાર અભૂતાર્થ છે. અભૂતાર્થ છે એનો અર્થ? એક સમયની પર્યાય રાગ છે પણ એ ત્રિકાળી ચીજ નથી, જે આશ્રય કરવાલાયક નથી તેથી તેને અભૂતાર્થ કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? અહીંયાં ઈ જ કહે છે.

અને '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**' નિશ્ચયનય '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ત્યાં તો નિશ્ચયનો વિષય એવો કોઈ ભેદ નથી પાડ્યો. એકરૂપ જ્ઞાયકભાવ જેમાં અનંત અનંત આનંદ અને જ્ઞાન રહ્યા છે. એવો સ્વભાવરૂપ એકરૂપ ભાવ એ જ નિશ્ચયનય છે. નિશ્ચયનય એ છે. શુદ્ધનય કહ્યું ને? નય તો જ્ઞાનનો ભાગ છે. પણ અહીંયાં ઈ લેવું નથી. અહીં તો જ્ઞાયકમયભાવ. એકમય શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, ધર્મીની દૃષ્ટિ જ્ઞાયક એકરૂપ ભાવ ઉપર નિરંતર રહે છે. સમજાણું કાંઈ?

'**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. જ્ઞાયકભાવ એ જ શુદ્ધનય, એ જ નિશ્ચયનય, એ જ વાસ્તવિક પદાર્થ. એવી દૃષ્ટિ હોવાથી સમ્યગ્દૃષ્ટિને, પહેલામાં પહેલી સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ, એકરૂપ આનંદરૂપ આત્મસ્વભાવ એવો જ્ઞાયક, '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એવો શબ્દ લીધો છે. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ ધર્મીની હોય છે એને સત્યદૃષ્ટિ કહે છે. જેને રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પથી લાભ થાય કે નિમિત્તથી પોતામાં લાભ થાય કે વર્તમાન જ્ઞાનાદિનો ક્ષયોપશમભાવ છે એ મારી પૂર્ણ ચીજ છે એમ માનનારને અહીંયાં જ્ઞાયકભાવમયતાથી વિરૂદ્ધ ભાવ કહ્યો છે. સમજાણું કાંઈ?

ચાહે તો ચાર જ્ઞાન ખીલ્યું હોય મુનિને. અને ચોથું ગુણસ્થાન, આ તો સમ્યગ્જ્ઞાન. સમ્યગ્જ્ઞાન. ત્રણ જ્ઞાન ચોથે ગુણસ્થાને થાય છે. મતિ, શ્રુત, અવધિ પણ થાય છે. સમજાણું કાંઈ? અને મતિના પેટા ભેદમાં જાતિસ્મરણજ્ઞાન પણ થાય છે. તો પણ સમ્યગ્દૃષ્ટિની ભૂતાર્થ ઉપર દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિની કિંમતમાં પોતાની પર્યાયની કિંમત એને છે જ નહિ. આહાહા..! એ આવી ગયું ને પહેલા? અત્યંત નિરપેક્ષ છે, અત્યંત નિરપેક્ષ છે. એ પહેલા આવી ગયું છે. પહેલા આવી ગયું ને? શેમાં? પહેલા. ૨૨૮.

સમ્યગ્દૃષ્ટિ જીવ સદાય સર્વ કર્મફળ પ્રત્યે નિરભિલાષ હોય છે. ભાઈ! આ વસ્તુ સ્વરૂપ એવી ચીજ છે. ધર્માત્મા ચાહે તો ચોથે ગુણસ્થાને હો, પાંચમે હો કે છઠ્ઠે હો. ધર્માત્મા

સર્વ કર્મના ફળ પ્રત્યે નિરભિલાષ (છે). કોઈ ઈચ્છા માત્ર પરપદાર્થ મેળવવાની છે નહિ. '**કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' ૨૨૮ ગાથા. ૨૨૮ની ટીકા. સમજાણું કાંઈ? જુઓ! '**કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' ચાહે તો શુભરાગ હો કે ચાહે સો પર્યાયમાં જાતિસ્મરણ અને ત્રણ જ્ઞાન હોય. સમજાણું કાંઈ? નિરપેક્ષ છે. એક જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ એ જ દૃષ્ટિમાં છે અને એની કિંમત અને માહાત્મ્ય છે. સમજાણું કાંઈ?

'**તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક...**' છે. ત્યાંથી ઉપાડ્યું હતું ને? નિઃશંકની ગાથા તો ૨૨૯માં છે પણ ત્યાંથી લીધું. જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! એણે અનંત કાળમાં પોતાનો આત્મા એકરૂપ સ્વભાવ ધ્રુવ ચૈતન્ય છે એનો આશ્રય લીધો નથી, એનું અવલંબન લીધું નથી. એ સિવાય બધું કર્યું એણે. એ સિવાય બધું કર્યું એનો અર્થ શું? અગિયાર અંગનું જ્ઞાન કર્યું, નવ પૂર્વનું જ્ઞાન કર્યું એ કંઈ જ્ઞાન નથી. રાગની મંદતાનું આચરણ કર્યું એ કોઈ આચરણ નથી.

'**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ભગવાન આત્મા એકરૂપ વસ્તુ ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ નિત્ય સદૃશ્ય સ્વભાવ કાયમી અસલ. એવી દૃષ્ટિને કારણે એને સમ્યગ્દૃષ્ટિ નામ સત્ય દૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? '**બધાય ભાવોમાં...**' આત્માના જ્ઞાયકભાવ સિવાય કોઈ ભાવમાં એને ક્યાંય પોતાપણું થાય કે મૂંઝવણ... મૂંઝવણને શું કહે છે? મોહ. ભાષા શું કહે છે તમારે? ગભરામણ? મૂઢ. મૂઢપણું. મૂંઝાઈ જાય. અમારી ભાષા એવી કાઠિયાવાડી છે. અમૂંઝવણ હોય છે એને. આત્મા સિવાય કોઈ પદાર્થમાં એને મૂંઝવણ થતી નથી. મૂંઝવણનું શું કહ્યું? એય.. રાજમલજી! લ્યો, આ બધા વકીલ. હિન્દી ભાષા તમે જાણતા નથી? એય.. દેવીલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ.. નહિ... એકરૂપ નહિ. લ્યો, એકરૂપ. એકરૂપ એનો અર્થ જ નથી. ઉલઝન. બરાબર શબ્દ. એ તે દિ' આવ્યો હતો. એક ફેરી કહ્યું ત્યારે પણ નહોતો આવ્યો. ત્યારે પૂછ્યું હતું પણ બરાબર કોઈ શબ્દ આવતો જ નથી. હિન્દી લોકોને પણ નથી આવડતો.

અહીંયાં અમારે તો શબ્દ છે કે ભગવાન આત્મા પોતાના જ્ઞાયકભાવમાં અમૂઢપણે રહે છે. એને મૂંઝવણ મૂઢતા થતી નથી. કોઈપણ શબ્દાર્થમાં, કોઈ પદાર્થમાં, કોઈ તત્ત્વમાં આ કેવો છે.. કેવો છે.. એવી એને મૂંઝવણ થતી નથી. ઉલઝન-ઉલઝન. ઉલઝન કહે છે બરાબર છે? તે દિ' બરાબર શબ્દ આવ્યો નહોતો. બરાબર શબ્દ હજી આવ્યો નથી. અમારે જે કહેવું છે એ ભાવ નથી આવ્યો. એય.. ફૂલચંદજી! શું કહે છે? તમને હિન્દી ભાષા તો આવડે કે નહિ? અમને તો હિન્દી બરાબર નથી આવડતી. મૂંઝાતા નથી એમ અમારામાં કહે છે ને. મૂંઝાતા નથી એટલે ગભરાતા નથી એ શબ્દ સાધારણ છે. પણ કોઈપણ પદાર્થમાં

એને મૂંઝવણ નામ આ કેમ હશે? એવી એને ફિકર મૂંઝવણ નથી થતી. એ તો મૂંઝવણ આવે ત્યારે ખબર પડે. સમજાણું કાંઈ?

શાસ્ત્રનો એવો કોઈ પણ સૂક્ષ્મ અર્થ હોય, ફેરફાર હોય તો એને મૂંઝવણ નથી થતી કે નહિ, માર્ગ તો આવો છે. એ પંચાધ્યાયીમાં લીધું છે ને. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને સાધારણ પણ અર્થમાં ફેરફાર હોય તો એ તેને રુચતું નથી. વિરૂદ્ધ અર્થ કરે તો રુચે નહિ કે એમ નથી. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિને યથાર્થ તત્ત્વથી વિરૂદ્ધ કોઈ કહે તો એને તલાક આવ્યા વિના રહેતી નથી. એમ આવ્યું છે આપણે. એ સત્તાસ્વરૂપમાં આવ્યું છે ને. એય.. ચંદુભાઈ! સત્તાસ્વરૂપમાં આવ્યું છે? સત્તા સ્વરૂપના વ્યાખ્યાન નથી? શું કહે છે એનું નામ? મોક્ષ? મુક્તિનો માર્ગ. લ્યો, એને પણ ખબર નથી. તમને પણ ખબર નથી, એને પણ ખબર નથી. મુક્તિનો માર્ગ આવે છે ને એ? સત્તાસ્વરૂપના વ્યાખ્યાનમાં આવે છે.

જેને આત્મશ્રદ્ધા, આત્મા નિઃશંક શુદ્ધ ચૈતન્ય મૂર્તિ પરિપૂર્ણ અખંડાનંદ છે એવી દૃષ્ટિ થઈ છે... સમજાણું કાંઈ? એનાથી કોઈ વિરૂદ્ધ તત્ત્વ કહે, દેવનું, ગુરુનું, શાસ્ત્રનું, માર્ગનું, વ્યવહારનું, નિશ્ચયનું વિરૂદ્ધ કંઈપણ કોઈ કહે તો તલાક આવ્યા વિના રહેતો નથી. તલાક- નહિ, ખોટું છે. સમજાણું કાંઈ? અને એવો જો તલાક ન આવે અંદર હોં! તો યથાર્થ દૃષ્ટિ નથી રહેતી. એમ કહે છે ત્યાં તો. એય..! જેઠાલાલભાઈ! આ સહજપણે એમ આવી જાય છે. આ વિપરીત છે. આ માર્ગ નથી. એ કહે છે એવો માર્ગ નથી. ઈ વિપરીત ચલાવે છે. ચર્ચા કરે ન કરે જુદી વાત છે. એની સાથે વાદવિવાદ કરે એ તો પુણ્ય હોય તો (કરે). પણ અંતરમાં નકાર આવી જાય, નહિ. આ નહિ. ઈ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

અંતરમાં વિપરીત કોઈપણ સૂક્ષ્મ અર્થમાં પણ યથાર્થ તત્ત્વમાં વિપરીતતા થઈ જાય, વ્યવહારથી નિશ્ચય થાય કે નિમિત્તથી આ થાય કે આનાથી આમ થાય, સમજાણું કાંઈ? કોઈપણ સૂક્ષ્મ અર્થમાં પણ ફેર પડે તો જ્ઞાનીને એમાં મૂંઝવણ થતી નથી. યથાર્થ તત્ત્વ ઉપર જ એની દૃષ્ટિ રહે છે એમ કહે છે.

‘**બધાય ભાવોમાં મોહનો અભાવ હોવાથી,...**’ દેખો! ‘**અમૂઢદૃષ્ટિ છે,...**’ મોહનો અભાવ છે. સમજાણું કાંઈ? ‘**તેથી તેને મૂઢદૃષ્ટિકૃત...**’ મૂઢપણે થયેલો જે ભાવ એવી દૃષ્ટિકૃત બંધ જે હતો એ બંધ એને થતો નથી. ‘**પરંતુ નિર્જરા...**’ થાય છે. સમજાણું કાંઈ? ઉપરથી દેવ ચળાવવા આવે સ્વર્ગના દેવ, તોપણ પોતાના શુદ્ધ સ્વરૂપની ચૈતન્ય દૃષ્ટિમાં એને શંકા થતી નથી. સમજાણું કાંઈ?

એક વાત આવે છે ને? ભરતેશ વૈભવમાં એક આવે છે. ભરતેશ વૈભવમાં. એ ભરતેશ્વરનો દીકરો હતો ને? ભરતનો દીકરો હતો. અને એના મામા .. વિદ્યાધર. એના મામા હતા ને

મામા? તો એના મામાની દીકરી સાથે પરણતા હતા ને? મામાની દીકરી હોય અને અહીંયાં.. તો એનું સગપણ કરવા આવ્યા હતા. સગપણ કરવા આવ્યા તો .. એમ કહ્યું કે ભાઈ! ભૂતાર્થ અભેદ રત્નત્રય જે આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને અભેદ રત્નત્રય એ જ મોક્ષનો માર્ગ છે. આદિશ્વર ભગવાન, ઋષભદેવ ભગવાન બિરાજમાન છે એની પણ ભક્તિ કરવી એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? એવી ચર્ચા એની સાથે ચાલી. નેમિરાજમાંથી ચાલી હતી.

નેમિ એના મામા થાય. એની દીકરીના લગન કરવા, સગપણ કરવા માટે આવ્યા હતા. પછી ભરત પાસે દીકરો આવે છે. તો ભરત કહે કે શું લાવ્યો? અભેદ રત્નત્રય આત્માની શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન એ જ એક મોક્ષનો માર્ગ છે. ભેદરત્નત્રય મોક્ષનો માર્ગ નથી. એ છોકરો કહે છે. ભરત કહે છે, શું લઈ આવ્યો આવી વાત? અભેદરત્નત્રય ભેદરત્નત્રયથી નથી થતું? આ ભગવાન બિરાજે છે એની ભક્તિથી લાભ નથી થતો? એય.. ન્યાલભાઈ! ભગવાન બિરાજે છે ત્રિલોકનાથ આદિશ્વર પ્રભુ, એની ભક્તિ, પૂજા, એનું બહુમાન કરવું એનાથી આત્માને કાંઈ લાભ નથી? બંધ છે? એણે કહ્યું, હા. અભેદ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે. બીજો નથી.

ભરત કહે કે શું થયું આ છોકરાને? છોકરી દેવા આવ્યા તો એની હામાં હા કરે છે? સમજાણું કાંઈ? એ છોકરી દેવા આવ્યા મામા થાય પણ આમ દીકરી આપે ને. પહેલા મામા-ફઈના પરણતા ને? આમ હા.. હા.. કરે છે? અરે..! પિતાજી શું થયું તમને? પિતાજી! શું થયું તમને? શું કહો છો તમે? પહેલા તમે કહેતા હતા કે અભેદ રત્નત્રયથી મુક્તિ થાય, વળી (હવે કહો છો કે) ભેદરત્નત્રયથી મુક્તિ થાય. આવું ક્યાંથી લાવ્યા? સમજાણું કાંઈ? બે વચ્ચે ઘણી ચર્ચા થઈ. નહિ, મારા મામા કહે એ સાચી વાત છે.

ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ પરિપૂર્ણ પ્રભુ, એના આશ્રયથી જે દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર થાય એ જ મુક્તિનો માર્ગ છે. બીજો વ્યવહાર વચ્ચે આવે એ મુક્તિનો માર્ગ નથી. પછી ભરત કહે, ઠીક! તું ઘણો પાક્કો થઈ ગયો છો. પહેલા તો ચર્ચા કરી. સમજાણું કાંઈ? અહીં તો એટલું ઠેકાણું ન મળે. કોઈ બીજા કહે તો એ સાચું લાગે, ત્રીજો કહે તો ત્રીજું. સમજાણું કાંઈ? આ રજનીશ આદિ જુઓને! ઘણા પ્રકાર કહે ત્યાં ચાલ્યા જાય છે ને ઘણાં. એ બિચારા રાડું પાડે છે સંપ્રદાયમાંથી. એ રજનીશ નીકળ્યો છે ને એક? રજનીશ. કંઈક ને કંઈક વાતું મારે ગપ્પા અને આના જેવી લાગે નિશ્ચય. આહાહા..! આ પણ નિશ્ચય કહે છે, હોં! સમજ્યા? ભાઈ! એ નિશ્ચય નથી. વસ્તુની ભ્રમણા એકલી છે.

અહીં તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે એક દ્રવ્ય જ્ઞાયકભાવ પરિપૂર્ણ જોયો છે. એવી અંતરમાં

દૃષ્ટિ કર્યા વિના આત્માને કદી લાભ થતો નથી. અસ્તિપણે સંકલ્પ છોડી દો. વિકલ્પ છોડી દો, વિકલ્પ છોડી દો, સંકલ્પ છોડી દો. સમજાણું કાંઈ? બસ! વિકલ્પ છોડી દો. આપણે મહારાજ કહે છે, વિકલ્પ છોડી દો. ..ભાઈ! વિકલ્પ છોડી દો, પણ અસ્તિ શું ચીજ છે? એ તો નાસ્તિ થઈ. અસ્તિ શું ચીજ છે? ઈ અહીં કહે છે. વિકલ્પ છોડો, ભાઈ! હું આત્મા છું કે ગુણ-ગુણીનો ભેદ છે એ વિકલ્પ છોડી દો. અને હું આત્માની શ્રદ્ધા કરું છું એવો વિકલ્પ છોડી દો. શ્રદ્ધા અને અશ્રદ્ધા બે દ્વૈત થઈ જાય છે. માટે એ દ્વૈત પણ નહિ. ઠીક!

મુમુક્ષુ :- એ પાછું લાગુ પાડી દે.

ઉત્તર :- પણ એ બીજી વાત. એ તો કહે કે શ્રદ્ધા પણ નહિ. આત્માની શ્રદ્ધા નહિ, અશ્રદ્ધા નહિ, કાંઈ નહિ. એય..! ચંદુભાઈ! એ બીજી વાત કહે છે કે એ તો એકાંત અભેદ કહે છે. અહીં તો અસ્તિપણે જ્ઞાયકભાવ પરિપૂર્ણ સત્ પ્રભુ છે એની શ્રદ્ધા જે સમ્યગ્દર્શન છે એ યથાર્થ શ્રદ્ધા છે. શ્રદ્ધા-અશ્રદ્ધા દ્વૈત કરીને છોડી દે એ વાત છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે જ્ઞાયકભાવપણાથી જે યથાર્થ દૃષ્ટિ થઈ એને મૂઢદૃષ્ટિપણું થતું નથી. ચાહે તો સ્વર્ગના ઈન્દ્ર ઉતરે તોપણ ફેર ન પડે. ત્યારે દૃષ્ટિ યથાર્થ કહેવામાં આવે છે ને. ધર્માત્માની એવી દૃષ્ટિ હોય છે. આમ લચક ફચક આ પણ સાચું અને આ પણ સાચું અને આ પણ સાચું એવી દૃષ્ટિ જ્ઞાનીની હોતી નથી. એને નિર્જરા થાય છે. એને પૂર્વ કર્મનો ઉદય આવે તેની નિર્જરા થાય છે.

‘**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...**’ જુઓ! દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? વિકાર શું? સમજાણું કાંઈ? ‘**તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**’ લ્યો! ધર્મીને તો ખરેખર મિથ્યાત્વ અને ખરેખર રાગ-દ્વેષ જે છે એનો તો નાશ થઈ ગયો છે. અલ્પ અસ્થિરતાની વાત અહીંયા ગણવામાં આવી નથી. ‘**કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી.**’ દેખો! કોઈપણ પદાર્થની પરીક્ષા કરે એમાં અયથાર્થ દૃષ્ટિ ધર્મીની પડતી નથી. સમજાણું કાંઈ? યથાર્થ દૃષ્ટિનો અંદર સ્પર્શ-ભાન છે ત્યાં કોઈપણ પદાર્થનો અર્થ કરે તો ખ્યાલ આવી જાય. યથાર્થ દૃષ્ટિ પડે છે. એમાં અયથાર્થતા થતી નથી.

‘**ચારિત્રમોહના ઉદયથી ઈષ્ટાનિષ્ટ ભાવો ઊપજે...**’ પોતામાં જરી અસ્થિરતાને કારણે ઈષ્ટ-અનિષ્ટ રાગાદિ થાય. ‘**તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને...**’ ભાષા જુઓ! પોતાના રાગભાવમાં મારા પુરુષાર્થની હજી ખામી છે તો રાગ ઉત્પન્ન થાય છે. મારા સ્વભાવ તરફ પુરુષાર્થ ઉગ્ર નથી તો રાગનું જોર છે એમ જાણે છે. એવા ઉદયની પ્રબળતા. જુઓ! અહીં તો ઉદયની નામ કર્મના ઉદયની પ્રબળતા. નિમિત્તથી વાત કરી છે. મારા સ્વભાવમાં

નથી. તો રાગ અને જડકર્મ બેને એક ગણીને કર્મની પ્રબળતાને લીધે જરી રાગ આવ્યો એનો કર્તા થતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**તે ભાવોનો પોતે કર્તા થતો નથી.**' રાગાદિ, કોઈ દ્વેષાદિ આવી જાય તો એનો સ્વયં શુદ્ધ સ્વભાવને કારણે પોતે કર્તા થતો નથી. કેટલી ઝંઝટ? કહે. સવારમાં એમ આવ્યું હતું કે ગણધર પણ પોતાના રાગરૂપ પરિણમનનું કર્તૃત્વ છે એમ જાણે છે. એય..! ચંદુભાઈ! આવ્યું હતું કે નહિ સવારમાં? ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે? રાગ કરવાલાયક છે, મારું કર્તવ્ય છે એવી દૃષ્ટિ એની હોતી નથી. પણ અંદર રાગની નબળાઈને કારણે પરિણમન થાય છે એને જ્ઞાની જ્ઞાનમાં જાણે છે કે મારી નબળાઈ છે. રાગનું પરિણમન મારું છે. સમજાણું કાંઈ? બેય અપેક્ષાને સમજ્યા વિના... અહીંયાં કહે છે કે રાગનો કર્તા નથી.

એક કહે છે કેટલાક કે શું કરીએ? એ લોકો કહે છે કે રાગનો કર્તા પોતાને માનવો. તો કર્તા કર્મને માન્યા વિના છૂટકો નથી. રાગનો કર્તા પોતાને માને તો દૃષ્ટિ ખોટી થઈ જાય છે. રાગનો કર્તા કર્મને માને તો દરેક કર્મથી રાગ થાય. એ તો એની શ્રદ્ધા નથી. ચંદુભાઈ! એમ છે જ નહિ. કર્મથી રાગ તો છે નહિ. પણ પોતાની પર્યાયમાં નબળાઈને કારણે રાગનો ભાવકર્મ અને દ્રવ્યકર્મ બેને એક ગણીને ઉદયનો જોર છે એમ જાણીને પોતાના સ્વભાવમાં એનો કર્તા થતો નથી. કરવાલાયક છે એમ દૃષ્ટિ નથી. ભારે ગડબડ.

એ ચર્ચા મોટી ચાલી હતી અંદર. સોનગઢવાળા કહે છે કે રાગ એ પોતાનું કર્તવ્ય નથી. રાગનો કર્તા માને તો (મિથ્યાત્વ છે). અહીંયાં કહે કે, કર્તા નથી. કર્તા નથી તો એ લોકોને કર્મને કર્તા મનાવવું પડશે. અને કર્મને કર્તા માનવું એ એમને રુચતું નથી. કારણ કે રાગ પોતાથી થાય છે, કર્મથી થતો નથી. બે વચ્ચે સાપ છછુંદર ગળી ગયો. સમજાણું કાંઈ? સાપ સમજો છો કે નહિ? સાપ હોય ને સાપ? છછુંદર નથી હોતી? સાપ. છછુંદર હોય છે ને? છછુંદર ખાય છે. ખાય તો મરી જાય અને કાઢે તો આંધળો થાય. છછુંદર હોય છે કે નહિ? સમજો છો? છછુંદર ઉંદર જેવી હોય છે. ચૂહા જેવી-ઉંદર જેવી. અમે તો જોયું છે ને. એક સાપને જોયો છે. એક સાપને છછુંદર ખાધેલો જોયો છે. અંદર બારણું હતું ને? ત્યાં આપણે છે ને આ ઉજમબા હોલ. ત્યાં એક બારણું હતું. ત્યાં એક બ્રાહ્મણ રસોઈ કરતો હતો. મિત્ર હતો. આમ જ્યાં જોયું તો ત્યાં એક સર્પ હતો અને (છછુંદર) ખાધેલો. હવે ન કાઢે, ન હેઠે ઉતરે. સાપ એમ ને એમ બારણામાં પડેલો. એ જોયું હતું. આ તો ઘણાં વર્ષની વાત છે. બાર વર્ષની ઉંમર હતી. એ પછી લોકો એમ કહેતા કે છછુંદર ગળી છે. હવે અંદર નહિ ગળી શકે, બહાર નહિ કાઢી શકે. અંદર ગળે તો મરી જાય અને બહાર કાઢે તો આંધળો થાય. એવું થાય છે કે નહિ?

એમ આ સોનગઢવાળાને એમ થયું છે. જો આમ કહે કે રાગ કર્મનું કાર્ય છે. તો નિમિત્તનું જોર થઈ જાય. અને રાગનો કર્તા પોતાને કહે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. તો કરવું શું? એય..! ચંદુભાઈ! બરાબર છે કે નહિ વાત? ખોટી દલીલ છે.

અહીં તો કહે છે કે પોતાની પર્યાયમાં સ્વભાવ સન્મુખ ધર્મીની દૃષ્ટિ છે. એ કારણે પર્યાયમાં નબળાઈને કારણે રાગ થયો એને પોતાનું કર્તૃત્વ માનતો નથી. તો પોતાનું કર્તૃત્વ માનતા નથી માટે કર્મ કર્તા છે એમ પણ વ્યવહારથી કહેવામાં આવે. કર્મનું કાર્ય. એ તો પહેલા આવ્યું ને અજીવમાં? એ વિકારનો સ્વામી કર્મ છે, હું નહિ. લ્યો! પહેલા આવી ગયું. પુણ્ય-પાપના વિકારનો સ્વામી કર્મ છે, હું નહિ. લ્યો, ત્યારે કર્મ સ્વામી છે. તો કર્મથી (રાગ) થયો એમ થયું. એ તો બીજી અપેક્ષા છે. એમ નથી. જ્યાં સ્વરૂપ ચૈતન્ય મૂર્તિ છે એવો સ્વભાવનો સ્વામી થયો ત્યાં રાગાદિનો સ્વામી પોતે નથી, એ ગણવામાં કર્મ સ્વામી છે એમ કહેવામાં આવે છે. નિષેધ કરવા માટે, નાશ કરવા માટે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**ભાવોનો પોતે કર્તા થતો નથી...**' ત્યારે કર્મ કરે છે, એમ એમાં સિદ્ધ કરવું પડે કે નહિ એમાં? એમ નથી. ભાઈ! આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એમાં પોતાની નબળાઈને લઈને રાગ થાય છે. સમજાણું કાંઈ? કહે છે ને? જુઓ! રામચંદ્રજી. એનું દૃષ્ટાંત આપે છે. આવ્યું છે. ટેપ રેકોર્ડિંગમાં છે, બીજામાં છે. રામચંદ્રજીએ લક્ષ્મણને છ મહિના સુધી ફેરવ્યા ને? મડદાને. અને બલભદ્ર. સમજાણું કાંઈ? શ્રીકૃષ્ણ એને પણ બલભદ્રએ છ મહિના ફેરવ્યા. છ મહિના પછી છોડી દીધા. કેમ? કે કર્મનો પાક છ મહિના રહ્યો. તો કર્મનો પાક ઘટી ગયો તો વિકાર છૂટી ગયો. સમજાણું કાંઈ? જીવાત બહુ છે, હોં! બહુ જીવાત છે. કાળી. મસી.. મસી. મસી બહુ છે. કહો, બરાબર છે કે નહિ? છ મહિના સુધી કર્મનો પાક ગણવામાં આવ્યો. તો છ મહિના સુધી કર્મ રહ્યું, છ મહિના પછી વૈરાગ્ય થઈ ગયો. કહો, હીરાભાઈ! બરાબર નથી? પણ છ મહિને છૂટ્યા નહિ? પહેલા છ મહિના છૂટ્યા હતા? ત્યાં સુધી ચારિત્રમોહનો ઉદય હતો છ મહિના સુધી. અને જ્યારે ઉદય પૂરો થયો, બસ! વૈરાગ્ય થઈ ગયો. એમ નથી. પોતાની નબળાઈને કારણે રાગ હતો. જ્યારે પુરુષાર્થથી સ્વભાવનો આશ્રય કરીને છૂટી ગયો તો એની નિર્જરા થઈ ગઈ. સમજાણું કાંઈ?

'**તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે.**' લ્યો! દરેકમાં આવ્યું. પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે. કેટલા શબ્દ આવ્યા એમાં. જુઓ! એનો એવો અર્થ નથી. પ્રકૃતિમાં રસ આવે તો પ્રકૃતિ ખરી જાય છે. શુદ્ધ સ્વભાવનો આશ્રય છે તો પરનો આશ્રય નથી. તો પ્રકૃતિનો રસ સત્તામાંથી આવ્યો

એ ખરી ગયો. આત્માને રસ આપે છે એમ છે નહિ.

'**હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે :-**' લ્યો! નિર્જરા થઈ નિર્જરા. પાંચમો.

**जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।**
**सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।।२३३।।**
**જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.**

જુઓ કથન! સિદ્ધ ભક્તિ છે. છે તો પોતાની ભક્તિ, હોં! સિદ્ધ ભક્તિ એટલે. આહાહા..!

'**ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' બસ, દરેક શ્લોકમાં આઠેયમાં એક શબ્દ મૂક્યો પહેલો. કેમ કે ધર્મીની દૃષ્ટિ તો જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યરૂપ એકરૂપ ઉપર જ દૃષ્ટિ હોય છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય એને જ્ઞાયકભાવ એકરૂપની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? પર્યાયની દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવ એકરૂપ છે એવી દૃષ્ટિ કરવી એનાથી જ સમ્યગ્દર્શન થાય છે અને એનાથી જ સમ્યગ્જ્ઞાન થાય છે અને એનો આશ્રય કરવાથી સ્થિરતા થાય છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ છે નહિ.

કહે છે કે '**સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપમાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' લ્યો! જેટલા આત્મામાં ગુણ છે ને જેટલા? અનંત. એટલા સમ્યગ્દર્શનના કાળમાં અનંત ગુણની શક્તિનો અંશ વ્યક્ત થઈ જાય છે. જુઓ! આત્મશક્તિ લીધું છે ને? '**સમસ્ત આત્મશક્તિઓ...**' સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું તે કાળે જેટલા આત્મામાં અનંતા ગુણ છે એ બધાનો એક અંશ શક્તિમાંથી વ્યક્તતા થઈ જાય છે. જેટલા ગુણ છે એટલા બધા. સમજાણું કાંઈ? એ માટે શ્રીમદ્ 'સર્વ ગુણાંશ તે સમકિત' કહ્યું. સર્વ ગુણાંશ તે સમકિત.

અહીંયાં એમ કહ્યું કે જેટલા આત્મામાં ગુણો છે અનંતા અનંત. સવારમાં કહ્યું હતું. આકાશના પ્રદેશથી અનંતા, અનંતા અનંતગુણા. એ બધા ગુણનો પિંડ જે વસ્તુ છે, કહે છે કે અનંતી શક્તિ... જે ૪૭ નામ તો દીધા છે શાસ્ત્રમાં. એનાથી પણ અનંત અનંતગુણી છે. સમજાણું કાંઈ? આત્મામાં સામાન્ય પણ અનંત ગુણ છે અને વિશેષ પણ અનંત ગુણ છે. સમજાણું કાંઈ? સામાન્ય છ નામ તો આવે છે. જોકે આપણને વિશેષ ખ્યાલ નથી. બાકી સામાન્ય પણ અનંત ગુણ છે. આત્મામાં સામાન્ય નામ અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વાદિ સામાન્ય ગુણ પણ અનંત છે. અને વિશેષ જ્ઞાન, દર્શન, આનંદ પણ અનંત છે. એ બધા ગુણનો પિંડ

જે આત્મા છે, એની જ્યાં દૃષ્ટિ અનુભવ સમ્યક્ થયો, જેટલા ગુણની સંખ્યા છે એ બધા પર્યાયમાં વ્યક્ત થઈ જાય છે. શુદ્ધ પ્રગટ થઈ જાય છે. આનંદનો અંશ, વીર્યનો અંશ, જ્ઞાનનો અંશ, શ્રદ્ધાનો અંશ, સ્થિરતાનો અંશ, સ્વચ્છતાનો અંશ, પ્રભુતાનો અંશ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન જે ષટ્કારક છે એનો પણ નિર્મળ અંશ વ્યક્ત ચોથા ગુણસ્થાનમાં એક દેશ પ્રગટ ગુણની દશા પ્રગટ થાય છે. દેવીલાલજી! એનું નામ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એકલી શ્રદ્ધા-શ્રદ્ધા એમ નહિ. આખું દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું છે. એકલો પૂર્ણાનંદ એકરૂપ, જેટલા ગુણ છે એ પણ એકાકાર થયા. બધા ગુણની શક્તિપણે જે છે એની વ્યક્તતા પ્રગટ દશામાં આવે છે. પૂર્ણમાં ફેર છે. ગુણભેદ છે. પહેલા ક્ષાયિક સમકિત પૂર્ણ થાય છે, પછી જ્ઞાન, સ્વરૂપઆચરણ-સ્થિરતા, એવા ગુણભેદે પૂર્ણ થવામાં ભેદ છે. એકસાથે જેટલા ગુણ છે એ બધા. ઈ કહે છે, જુઓ!

**'સમસ્ત આત્મશક્તિઓની...'** સમજાણું કાંઈ? એક સમયમાં આત્મામાં અનંતા અનંત ગુણ જે છે આકાશના પ્રદેશથી પણ અનંતગુણા. એટલી શક્તિઓની વૃદ્ધિ. તો પહેલા પ્રગટ થયા પછી વૃદ્ધિ થાય ને, ભાઈ! સમજાણું કાંઈ? દ્રવ્યની વાત નથી અહીં, પર્યાયની વાત છે. પહેલા ચોથા ગુણસ્થાનમાં જ અનંત ગુણ જે છે અનંતાઅનંત, સ્વસન્મુખમાં એકાગ્ર થવાથી બધા ગુણ એકદેશ પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ?

ટોડરમલજીએ થોડા શબ્દમાં બતાવ્યું છે ત્યાં. જયપુર નહિ. જયપુરમાં ને એ? આદર્શ નગર. જયપુરમાં. મુલતાન, મુલતાનનું મંદિર હતું ને ત્યાં. બધા પંડિત હતા. દેવીલાલજી આવ્યા હતા? ત્યાં બતાવ્યું હતું. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એમાં બતાવ્યું. જુઓ! સમ્યગ્દર્શનમાં... સમ્યગ્દર્શન એટલે શું ચીજ? સત્ય દૃષ્ટિ. સત્ય દૃષ્ટિ એટલે શું? અનંતા અનંતા ગુણનો પિંડ વસ્તુ ભગવાન, એમાં જ્યાં એકાગ્ર થયો તો બધી શક્તિની અંશમાં વ્યક્તતા થયા વિના રહેતી નથી. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! ઝીણી વાત છે આ.

ધન રળે ને ઢગલા થાય એમ નથી કહેતા? અહીં તો કહે છે કે ઓલું ધન પડ્યું છે ને અંદર. ઈ કહેવું છે અહીં તો. અનંતા પડ્યા છે ને ગુણ? એકાગ્ર થાય તો પર્યાયમાં ઢગલા થાય. એકલી રાગની મંદતા કરે એમાં શું છે? સમજાણું કાંઈ? લોકો કહે ને? પેટ ભરે.. શું કહે છે કાંઈક? પંડ ભરે પેટ ભરાય. પંડ રળે તો પેટ ભરાય, ધન રળે તો ઢગલા થાય. ત્રીજું કાંઈક કહે છે ને? ત્રીજું? બે જ કહે છે? ત્રીજું કાંઈક છે ને? શું હોય છે? અહીં તો પહેલા સાંભળેલું, ઘણાં વર્ષની વાત છે. પંડ રળે પેટ ભરાય. એય..! રતિભાઈ! આ પૈસાવાળાને ધન રળે તો ઢગલા થાય એમ કહે છે. અને ઓલા બિચારા મજૂરી કરે તો એને પેટ ભરાય એવું મળે. કાંઈક કહે છે ખરા ત્રીજું. યાદ નથી?

મુમુક્ષુ :- ભાગ્ય રળે તો...

ઉત્તર :- ના, ના. એ નહિ.

અહીં તો મારે હૃદયમાં બીજું હતું. ભગવાન આત્માની સંપદા.. અહીં તો એ વાત કહેવી છે. આમ તો ક્યાં એકલી બહારની ક્રિયાકાંડ કરતા કરતા ક્યાં એકેય ગુણ પ્રગટે છે? ભગવાન આત્મામાં જે અનંત સંપદા પડી છે. અનંત સંપદા, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ. આહાહા..! અનંત અનંત સંપદા નિજ સ્વરૂપ પોતાનું, એમાં અંતરમાં અનુભવ કરતાં જે દૃષ્ટિ થઈ તો જેટલા ગુણ છે એટલી શક્તિનો અંશ એકદેશે-એક ભાગમાં બધા ગુણ વ્યક્ત નામ પ્રગટ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કિંમત જ નથી. સમ્યગ્દર્શન શું અને સમ્યગ્દર્શનનો વિષય શું અને સમ્યગ્દર્શન સાથે કેટલી ૠદ્ધિ પ્રગટ થાય છે એની ખબર નથી. આહાહા..! શ્રદ્ધા કરો, શ્રદ્ધા કરો. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધની કરો. નવ તત્ત્વની શ્રદ્ધા કરો. શું શ્રદ્ધા કરે પણ? સાંભળ તો ખરો. આખું દ્રવ્ય પડ્યું છે અનંત ગુણનો પિંડ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કર્યા વિના તને સમ્યગ્દર્શનની શ્રદ્ધા ક્યાંથી થશે? અને સમ્યગ્દર્શનની પ્રતીત જ્યાં થઈ સ્વભાવની, બધા ગુણ ધન રળે અને ઢગલા થાય એવા છે. રાગ મંદ કરે અને દયા થઈ, શુભભાવ થયા, પુણ્ય થયું, ધૂળમાંય કાંઈ નથી, સાંભળને!

મુમુક્ષુ :- ધન રળે ઢગલા થાય એ ન સમજાણું.

ઉત્તર :- ન સમજાણું?

આ લોકો એમ કહે છે કે ગરીબ માણસ બિચારા મજૂરી કરે તો પેટ ભરાય એટલું મળે. પણ ઓલા પૈસાવાળાને ધન મળ્યું પાંચ-દસ લાખ, પછી દસ લાખ મળે તો મોટો ધંધો કરે અને ઢગલો થઈ જાય. પૈસાનો ઢગલો થઈ જાય. સમજ્યાને? એય..! ક્યાં ગયા? પોપટભાઈ! આ બધા બેઠા જુઓને શેઠિયાઓ. આ એક બેઠા, હમણાં આવ્યા છે ને. જુઓને હમણા હુકમ નહોતા કરતા? આઘા આવો. એ શેઠ છે. આ મલૂકચંદભાઈ. એને બેસવાની જગ્યા જોતી હતી ને. વાત તો પછી શું છે. વાત સાચી, ત્યાં આપણે અગ્રેસર છે. અમદાવાદના સમજ્યાને? કોણ જાણે કેમ રોકાઈ ગયા? થાતું નથી. પણ આજ તમારે ઓલું બંધ થઈ ગયું. સાંભળ્યું ઈ? મુહૂર્ત જ આવતું નથી. આવતી સાલમાં દિવાળી સુધી મુહૂર્ત આવતું નથી. મહેનત તો ખૂબ કરે છે.

અહીં તો કહે છે કે જ્યાં પુણ્ય હોય ને અને પુણ્યને કારણે પૈસા મળ્યા અને પૈસા પૈસાને વધારે. પૈસા પૈસાને વધારે. એને મજૂરી કરવી પડે નહિ. એમ આત્માની સંપદાનું જ્યાં ભાન થયું.. તો કહે છે અહીં જુઓ, આત્મશક્તિની વૃદ્ધિ થાય છે. છે? આત્મશક્તિની વૃદ્ધિ કરે છે. આહાહા..! ભગવાન આત્મા..! જુઓને! આચાર્યની કથની પદ્ધતિ. ઓહો..!

ઉપગૂહન કહેવું છે ને? વૃદ્ધિ કહેવી છે અને દોષને ઢાંકવો, બેય અર્થમાં લેવું. પણ જેટલી શક્તિ-ગુણ-છે એટલી પ્રતીત થઈ તો આનંદ પણ થયો, સમ્યગ્દર્શન થયું તો આનંદ પણ થયો, સમ્યગ્જ્ઞાન પણ થયું સ્વને પકડવા માટે. અને વીર્ય પણ એટલું પ્રગટ્યું કે જેટલી શક્તિ છે એટલી નિર્મળરૂપ પર્યાયને રચે એવું વીર્ય પણ પ્રગટ્યું. એવી સ્વચ્છતા પ્રગટી, એવી પ્રભુતા પ્રગટી, એવી સ્વતંત્રતા પ્રગટી. સમજાણું કાંઈ? એને ખબર પડે કે આ સ્વતંત્ર વસ્તુ છે. ઓહો..! ચૈતન્ય સ્વભાવ ભગવાન સ્વતંત્ર છે. પોતાના સ્વરૂપથી પૂર્ણ છે. એવી પ્રતીત થતાં જેટલા ગુણ છે એટલા એક અંશ વ્યક્ત નામ પ્રગટ નામ અનુભવમાં-વેદનમાં-આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

'**અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે,...**' અહીં તો એ લેવું છે ને? એ આત્મશક્તિ એટલે પર્યાયની વાત છે, હોં! પાછું લીધું છે આત્મશક્તિ. પણ એનો અર્થ જ એ કર્યો છે. ભગવાન આત્મા એક સમયમાં પરિપૂર્ણ શક્તિવાન છે એવી દૃષ્ટિ જ્યાં થઈ તો આત્મામાંથી પ્રવાહ (વહ્યો), જ્ઞાનમાંથી જ્ઞાનની પર્યાય થઈ, શ્રદ્ધામાં સમકિતની પર્યાય થઈ, આનંદમાં (આનંદની થઈ), એટલા બધા ગુણમાંથી એક સમયમાં અનંતી શક્તિની પર્યાય પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો કહે, ત્વમેવ સત્યં .. એમ કરો જાવ, સમકિત થઈ ગયું. એય.. જુગરાજજી! એવું સાંભળ્યું હતું પહેલા. ત્વમેવ સત્યં.. ભાઈ! એમ નથી, બાપુ! તને ખબર નથી. પરમેશ્વર ત્રણ લોકનો નાથ પરમાત્મા, જેના પેટમાં અનંતા કેવળજ્ઞાન જેની ધ્રુવમાં સત્તામાં પડ્યા છે. આનંદ... આનંદ... આનંદ.. જ્યાં પડ્યો છે. સર્વ વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા પડી છે. એવી અનંતી શક્તિ જે છે એ અનંત શક્તિની પ્રગટતા એક સમયમાં અંશમાં એકદેશે ભાવ પ્રગટ થઈ જાય છે. કેવળજ્ઞાનીને પૂર્ણ હોય છે.

કેવળજ્ઞાનીને એ શક્તિની વ્યક્તતા પૂર્ણ હોય છે. ચોથે ગુણસ્થાને. જેમ બીજ. ચંદ્રની બીજ. પણ એ ચંદ્રની બીજનો જ ભાગ છે, બીજ. સમજાણું કાંઈ? તાવડીને શું કહે છે? રોટલી કરે છે ને. તવા? રોટી. એ તાવડી હોય છે ને માટીની? એનો અંશ જુદો, અને ચંદ્રનો અંશ જુદો. ચંદ્રનો એક અંશ છે તો એ તાવડી જેવો કાળો છે? ચંદ્રની ચીજ જ એવી છે. સોળ કળા છે એમાં જે... બીજમાં તો ત્રણ કળા છે. બીજમાં ત્રણ કળા છે. એક કળા તો સદા ખીલેલી હોય છે. ત્રણ કળા ખીલી તો એ જાતની ખીલી છે. એ જાતની ખીલી છે. એમ સમ્યગ્દર્શનની કળામાં બીજ જેવા અનંતા ગુણ બધા વ્યક્ત થઈ ગયા છે. સમજાણું કાંઈ?

ધર્મી એમાં એકાગ્ર થઈને સદાય સ્વના આશ્રયે રહે છે. તેથી ધર્મી આત્મશક્તિની વૃદ્ધિ કરે છે. સમજાણું કાંઈ? સ્વભાવને આશ્રયે સદા રહે છે. ચાહે રાગાદિ હો (એને) જાણે

છે, પણ આશ્રય તો એનો જ (-સ્વભાવનો જ) છે. **'આત્મશક્તિનો વધારનાર છે,...'** સમજાણું કાંઈ? લ્યો, આ લક્ષ્મી વધારે છે. રતિભાઈ! કેટલા વધાર્યા ઢગલા? આહાહા..!

**'આત્મશક્તિનો વધારનાર છે,...'** માટે સમ્યગ્દષ્ટિ તો આત્મલક્ષ્મી (વધારનાર છે). લક્ષ્મી વધારનાર છે અને બાયડી-છોકરા વધ્યા ને રાજ વધ્યા છે ને પુણ્ય વધ્યા છે ને રાગ વધ્યા છે. ભાઈ! શું કહે છે? સમ્યગ્દષ્ટિને ઘણા પુણ્ય વધી ગયા. પુણ્ય વધારે છે. વધારતા નથી, આવી જાય છે. વધારતા નથી. એ આવી જાય છે, વધારતા નથી. એ વધારે છે તો સ્વભાવ તરફની શક્તિને જ વધારે છે, એમ કહે છે. અમરચંદભાઈ! ભલે પુણ્ય એનું એવું હોય કે તીર્થંકરગોત્ર બાંધે. તીર્થંકર થઈ જાય એવું પુણ્ય હોય. પણ એ વધારવાનો ભાવ નથી. ભાવના એ તરફની નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે અનંત શક્તિને વધારવાનો ભાવ છે. પુણ્ય વધારવાની ભાવના છે? નિમિત્ત વધારવાની ભાવના છે? નિમિત્ત પ્રાપ્ત કરવાની ભાવના છે? પોતાના કાર્ય માટે નિમિત્ત પ્રાપ્ત કરો. બે કારણથી કાર્ય થાય છે કે નહિ? બે કારણથી કાર્ય થાય છે કે નહિ? અરે..! સાંભળ તો ખરા. મોટી ચર્ચા ચાલી હતી. કાંઈ સમજાતું નથી કે શું કહેવા માગે છે. ઊંધું એવું કહેવા માગે છે ને. ફૂલચંદજી ઉત્તર આપે છે બરાબર. આ ચર્ચા ચર્ચા છે ને. બહુ ઝીણું, ઘણું ઝીણું.

અહીંયાં તો સીધી વાત (છે). ભગવાન આત્મા પરિપૂર્ણ અનંત ગુણનો પિંડ છે એની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યક્ થયું. એની સાથે અનંત ગુણની વૃદ્ધિ થઈ. અને ક્ષણે ક્ષણે સ્વભાવ તરફનો આશ્રય થવાથી અનંત ગુણની નિર્મળ પર્યાય વધે છે તો નિર્જરા થાય છે. કોઈ અશુદ્ધતા હો તો તેની નિર્જરા થઈ જાય છે. આહાહા..! આત્મશક્તિ વધારનારો છે. જુઓ! એ આત્મશક્તિ નામ પર્યાયની વાત છે, હોં!

**'તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી...'** લ્યો! દુર્બળતાથી થતો બંધ, શક્તિની વૃદ્ધિને કારણે સ્વભાવ સન્મુખ થવાથી પ્રત્યેક ગુણની પર્યાય નિર્મળ વધતી જાય છે. તેથી નિર્બળતાથી બંધ થતો હતો એ બંધ થતો નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિ એટલે કોણ? કોને કહેવા? ખબર નથી અને ધર્મ માને, માનેલી ક્રિયા (કરે), જાઓ. વ્રત લઈ લીધા, પડિમા લઈ લીધી. એય.. જેઠાલાલભાઈ! આઠ પડિમા લીધી. રામજીભાઈ કહે ને પંદર હોય તો પંદર લઈ લે. પડિમા કોને કહેવી એનું ભાન ન મળે. લઈ લ્યો પડિમા લઈ લ્યો. પણ પડિમા કેવી ક્યાં આવતી હશે?

એક જણો કહેતા. આપણે ગુણભદ્ર નહિ ઓલા ગુણભદ્ર? શું કેવું નામ? ગુણધરલાલ. એ ગુણધરલાલ કહેતા બિચારા કે આ એક મને પડિમા આપી સાત પણ આવી નહિ મારી

પાસે. મને આપી. જાવ લ્યો સાત પડિમા આપીએ છીએ. પડિમા આવી નહિ અંદર. એમ કહેતા હતા. એય. ધન્નાલાલજી! એ ગુણધરલાલ નહોતા? કયું ગામ છે ને ક્યાંક. કુરાવળી. કુરાવળીના છે. મારા ગુરુએ સાત પડિમા આપી, આવી નહિ. મહારાજ! મારી પાસે તો આવ્યું નહિ કાંઈ. પડિમા તે કાંઈ બહારથી આવે છે? અંતર શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને પહેલા સમ્યગ્દર્શન થયું હોય એની વૃદ્ધિ કરતા કરતા વચ્ચે એવો પડિમાનો વિકલ્પ શ્રાવકને આવે. સમજ્યા? ખરેખર પડિમા તો સ્વરૂપની સ્થિરતા વધે છે એનું નામ પડિમા કહે છે. આપણે લખ્યું છે ભાઈએ. પંડિતજીએ લખ્યું છે. સમજાણું કાંઈ? ભક્તિમાં લખ્યું છે ને, ભક્તિમાં નહિ? રત્નત્રય ભક્તિમાં. રત્નત્રય પહેલી ગાથામાં આવે છે ને. નીચે છે ને. નીચે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની દર્શન પડિમા. દર્શન પડિમા એટલે કોઈ કહે કે દર્શન પડિમા? કે ભગવાનના દર્શન કરવા એ દર્શન પડિમા.

મુમુક્ષુ :- પોતાના કે બહારના?

ઉત્તર :- એના. આવા બિચારા ભાન ન મળે અને પડિમા લઈને બેસે. ક્યાંથી પડિમા (આવી)? ભગવાન! તને જે આ ભગવાન ચૈતન્ય પ્રતિમા, જ્ઞાનાનંદ બિંબ આત્મા છે એને તો અનુભવમાં લીધો નહિ, દૃષ્ટિમાં લીધો નહિ. અને એમાં ઠરવાથી, ચારિત્ર થવાથી કલ્યાણ થશે એવું તને પ્રતીતમાં આવ્યું નથી. ક્યાંથી પડિમા આવી?

મુમુક્ષુ :- વ્યવહારથી માનવામાં શું વાંધો છે?

ઉત્તર :- વ્યવહારથી ક્યાં થાય છે? નિશ્ચય હોય તો વ્યવહાર કહેવામાં આવે. વ્યવહાર કોનો? જ્યાં અંતર ભાન જ નથી આત્મા શું છે? દૃષ્ટિ શું છે? નિર્મળતા (થઈ નથી), તો વ્યવહાર ક્યાંથી આવ્યો? એય.. દિપચંદજી! આ તમારા વતી પ્રશ્ન કરે છે. શું છે? ધૂળમાંય નથી. સમજાણું કાંઈ? 'કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી.' આનંદઘનજી કહે છે. 'ફળ અનેકાંત લોચન ન દેખે, ફળ અનેકાંત ક્રિયા કરી બાપડા રડવડે ચાર ગતિમાંહી લેખે.' આનંદઘનજી કહે છે, હોં! .. આનંદઘનજી શ્વેતાંબરમાં થઈ ગયા. 'કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી.' વિવિધ પ્રકારની... એય.. જેઠાલાલભાઈ! બહુ પરમ દિ' માંડી હતી સવારમાં. સવારમાં હતા ને? હિંમતભાઈ હતા કે નહિ? નહોતા. બહુ માંડી હતી. આમ કરે, ઉપધાનનું આમ કરે, ઉપધાનમાં આમ કરે, સાડા ચારે ઉઠે તો સાડા નવે સૂવે. આમ કરે ને આમ કરે ને આમ કરે. અહો કષ્ટમ મહા કષ્ટમ લાભો .. લાભ એમાં કંઈ છે નહિ.

કહે છે કે 'કોઈ કહે વિવિધ ક્રિયા કરી...' સેવના આપણે કરીએ. સેવીએ ક્રિયા કરી. ફળ અનેકાંત. પણ એનું ફળ તો એકરૂપ નથી આવતું. એકરૂપ નહિ. કોઈ પુણ્ય હોય તો

સ્વર્ગ મળે, સાધારણ પુણ્ય હોય તો અમુક ગતિ આદિ મળે. એમાં કોઈ આત્માનું ફળ છે નહિ. 'ફળ અનેકાંત લોચન કરી રડવડે ચાર ગતિ માંહી લેખે. ફળ અનેકાંત...' શું ફળ છે એના એનું ભાન નહિ અને રડવડે ચાર ગતિમાં. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કરે અને ચાર ગતિમાં રઝળે-રખડે.

અહીં કહે છે કે.. અહીં તો પરમાત્મા... સમજાણું કાંઈ? એ ભક્તિનું નામ લીધું છે ને. સમજાણું? છતાં એ ટીકામાં શબ્દ લીધો જ નથી, જુઓ! ભાવાર્થમાં લેશે પછી. સમજાણું કાંઈ? પણ સિદ્ધભક્તિનો અર્થ જ એ છે. અહીં સિદ્ધનો અર્થ જ આત્મા સિદ્ધ. સમજાણું કાંઈ? વાત તો એમ છે. તો એમાંથી કાઢે કે જુઓ! સિદ્ધ ભક્તિ.. એ સિદ્ધભક્તિ આવે છે ને? નહિ? મુનિ વહોરવા જાય ને આવે ને? દીક્ષા લેવા જાય અને આવે છે ને સિદ્ધભક્તિ? એય.. રાજમલજી! વહોરવા જાય તો કાંઈ બોલે નહિ? પહેલી સિદ્ધ ભક્તિ કરે. તમને ખબર નથી? તમે દિગંબર છો. શું કાંઈ કહે છે? નહિ? સિદ્ધ ભક્તિ. ... એય..! ભાઈ! આવે છે ને એવું કાંઈક? પછી અંતરાય પડે તો.. સિદ્ધ ભક્તિ. એવું આવે છે. આપણે ક્યાં એવું બહુ. એ સિદ્ધભક્તિ આ નહિ.

આ તો સિદ્ધ નામ આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકભાવ એને અહીંયાં સિદ્ધ કહે છે. આહાહા..! એ સિદ્ધ ભક્તિનો અર્થ જ અહીંયાં એ લીધો. અર્થમાં પછી ખુલાસો કરશે. અહીં તો ટીકામાં લીધું જ નથી. જ્ઞાયકભાવમય એ સિદ્ધ, એ સિદ્ધ. સમજાણું કાંઈ? પોતાનો આત્મા એ સિદ્ધ, ધ્રુવ સિદ્ધ, જ્ઞાયકભાવ સિદ્ધ. એની ભક્તિ. ભક્તિનો અર્થ એમાં એકાકાર થવું તે. લીન થવું તે ભક્તિ. એ આત્માની ભક્તિ કહો કે સિદ્ધની ભક્તિ છે. સમજાણું કાંઈ? બહારની ભક્તિ છે એ શુભભાવ છે. હોય ભલે. સમજ્યાને? ભાવ આવે છે, હોય છે પણ એ ખરી ભક્તિ નથી. સિદ્ધસ્વરૂપ ભગવાન ચિદ્‌બિંબ જિનબિંબ બિરાજે છે આત્મા. જિનબિંબ. પરમાત્મસ્વરૂપ જિનબિંબ એની ભક્તિ. ભક્તિ નામ ભજન, ભજન નામ એકાગ્રતા. કહો, સમજાણું કાંઈ? ઓલાને ઠીક પડે કે જોયું! આમાં નિશ્ચય આવ્યું ને. આમાં દેરાસરની પૂજા આવે છે ક્યાં એમાં? એય.. પોપટભાઈ!

મુમુક્ષુ :- સિદ્ધિ એટલે શુદ્ધાત્માની.

ઉત્તર :- શુદ્ધાત્માની જ છે. ના, ના છે ને. એ મૂળ અર્થમાં છે ને. મૂળ વસ્તુ જ એ છે. પણ પાઠમાં નિર્જરામાં લેવી છે તો. પ્રશ્ન જ શું છે? સમજ્યા? પરની સિદ્ધ ભક્તિમાં તો નિર્જરા થતી જ નથી. એ તો પુણ્યબંધનું કારણ છે. પરમેશ્વર આદિની ભક્તિ છે એ તો પુણ્યબંધનું કારણ છે. આત્માની ભક્તિ એ નિર્જરાનું કારણ છે. એમ કહે છે. પાંચ પરમેષ્ઠીની પૂજા, ભક્તિ આદિ એ કોઈ નિર્જરાનું કારણ નથી. સમજાણું કાંઈ? ચાહે સો અરિહંત હો

સાક્ષાત્ ત્રિલોકનાથ. એની ભક્તિ પણ નિર્જરાનું કારણ નથી. પુણ્ય બંધ છે, પરલક્ષી છે. સિદ્ધ નામ પોતાનું સ્વરૂપ. સિદ્ધ સમાન સદા પદ મેરો. એવો જે આત્મા, એની ભક્તિ નામ લીનતા. એ કારણે શક્તિ વધે છે અને આત્મશક્તિ વધારનારો સમકિતી '**તેને જીવની શક્તિની દુર્બળતાથી થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.**'

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે.**' એ બીજો બોલ લીધો. ગોપવવું. '**અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે,...**' જુઓ! પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિ નામ સ્વરૂપમાં જોડ્યો. ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ એમાં ઉપયોગ લગાવ્યો એનું નામ સિદ્ધભક્તિ નામ સ્વભક્તિ કહેવામાં આવે છે. એને નિર્જરા થાય છે, બીજાને નિર્જરા થતી નથી. કોઈ એમ કહે કે આવું બધું કરશો તો પછી આ કરશે નહિ. માંડ બિચારા જુવાનીયા અત્યારે ભક્તિ કરે અને એમાંથી ખસતા જાય છે. એમ લખે છે ઓલા. ભાઈ! સત્યમાં કોઈ અસત્ય આવી જાય એમ બનતું જ નથી. સમજાણું કાંઈ? જેને યથાર્થ શક્તિ શ્રદ્ધા થાય છે એને તો વ્યવહાર ભક્તિ આદિનો ભાવ આવ્યા રહેતો જ નથી. પણ એવા સ્વચ્છંદથી કહે છે ને.

મુમુક્ષુ :- એ લોકો ઊંધો ઉપદેશ આપે છે એટલે લોકો વયા જાય છે.

ઉત્તર :- એની આસ્થા બેસતી નથી, વાત એમ છે. મૂળ તો આસ્થા બેસતી નથી એ લોકોને.

મુમુક્ષુ :- એ લોકો કહે છે ઈ એને પકડાય જ નહિ.

ઉત્તર :- પકડાય નહિ એવી વાતું કરે. વાત તો એમ છે. વાત સાચી.

'**અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડ્યો ત્યાં અન્ય ધર્મો પર દૃષ્ટિ જ ન રહી તેથી તે સર્વ...**' અન્ય ધર્મ સમજ્યા? રાગાદિ, પુણ્યાદિ '**તે સર્વ અન્ય ધર્મોનો ગોપવનાર છે...**' લ્યો! દોષને ગોપવે છે, શક્તિને વધારે છે. એને નિર્જરા થાય છે. વિશેષ કહેશે...

**શ્રાવણ વદ ૨, સોમવાર તા. ૨૧-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૩૪-૨૩૫, પ્રવચન-૩૧૪**

નિર્જરા અધિકાર ચાલે છે. સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ કહો, ચિહ્ન કહો, આચાર કહો એનું શું સ્વરૂપ છે? અને સમ્યગ્દૃષ્ટિને એ આઠ અંગથી નિર્જરા થાય છે. સમ્યગ્દૃષ્ટિ કોને કહે છે એ તો પહેલા દરેક ગાથામાં મૂક્યું છે.

ધર્મી... ક્યાંથી શરૂઆત થાય છે? કે જ્ઞાયકભાવ પોતાનો અનંત ગુણ જે શુદ્ધ સત્તા સ્વરૂપ આત્મા એની અંતર દૃષ્ટિ કરીને સ્વભાવનો અનુભવ કરીને સમ્યક્ પ્રતીતિ કરવી એ પ્રથમ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ અને ધર્મીનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ જ્ઞાયકભાવમાત્ર. ત્યાં લીધું ને? પાંચમો બોલ ચાલે છે ને? પાંચમો. સમ્યક્ સ્વરૂપ, અનંત કાળમાં એણે એક સમય પણ સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનો વિષય શું છે એ એણે લક્ષમાં લીધું નથી. બહારની ક્રિયાકાંડ કરી અનંત વાર. પંચ મહાવ્રત લીધા. 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' જૈન સાધુ દિગંબર થઈને અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રતાદિ એમાં આવે છે. બધા પાળ્યા. શુભભાવ થયો. સમ્યગ્દર્શન વિના એ બધું નિરર્થક ગયું. ચાર ગતિમાં રખડવાનો લાભ મળ્યો. ટાળવાનો ન મળ્યો.

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ ભગવાન, ચૈતન્ય જ્ઞાનનો બિંબ પ્રભુ, જિનબિંબ ચૈતન્ય પ્રતિમા. શ્રીમદ્દે કહ્યું છે ને? શ્રીમદ્‌માં આવે છે. ચૈતન્ય પ્રતિમા આવે છે. હે જીવ! ચૈતન્ય પ્રતિમા થા, એકવાર ચૈતન્ય પ્રતિમા થા. આવે છે ભાઈ? ચૈતન્ય પ્રતિમાનો અર્થ જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ એની અંતર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું અને એનો વિષય અખંડ અભેદ દૃષ્ટિમાં લેવો એ ચૈતન્ય પ્રતિમા આત્મા થયો. એનું નામ સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ, જેની સત્ય દૃષ્ટિ, સાચી દૃષ્ટિ (થઈ છે) કે જેના સ્વભાવમાં પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે એવી સ્વસ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈ એવા જ્ઞાનીને નિઃશંકતા હોય છે. પોતાના શુદ્ધ એવા અનંત ગુણ સંપન્ન આનંદાદિ છે કે નહિ એવી એને શંકા હોતી નથી. નિઃશંક છે. નિઃશંક છે. ભલે ચાહે તો ગૃહસ્થાશ્રમમાં દેખાય ચોથા ગુણસ્થાનવાળા. શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી ગૃહસ્થાશ્રમમાં હતા. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર બાંધ્યું. પણ નરકનું આયુષ્ય પહેલાં બંધાઈ ગયું હતું તો નરકમાં ગયા. ગયા ત્યાં તોપણ પોતાના સ્વરૂપમાં જ છે ત્યાં પણ. સમજાણું કાંઈ?

પોતાનો ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વરૂપ, એની અંતર દૃષ્ટિ કરીને, અનુભવ કરીને જે નિઃશંકપણું પ્રગટ કરવું એનું નામ સમ્યગ્દૃષ્ટિનું પહેલું લક્ષણ, ચિહ્ન અને આચાર કહેવામાં આવે છે. એ એનો આચાર (છે). લ્યો! સમ્યગ્દૃષ્ટિનો આચાર શું? નિઃકાંક્ષ. પોતાના શુદ્ધ આનંદ સ્વભાવ સિવાય કોઈપણ ઇચ્છા જ્ઞાનીને થતી નથી. આહાહા..! બસ! ઇચ્છા રહિત થઈ ગયો? ઇચ્છાનો અર્થ, શુદ્ધ સ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ એને પુણ્યની પણ ઇચ્છા નથી, પુણ્યના ફળની ઇચ્છા નથી અને પુણ્યભાવ આવે એની કર્તૃત્વબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! ક્યાં બેઠા છે?

મુમુક્ષુ :- પાલીતાણા ગયા.

ઉત્તર :- પાણીતાણા ગયા? આવ્યા હતા નહિ? તમારી સાથે નથી આવ્યા? તમે ગયા હતા ને? કહો, સમજાણું કાંઈ?

ચાહે તો વ્રત, નિયમ, તપ આદિ ન હોય પણ સમ્યગ્દર્શન થયું ત્યાં ધર્મનો દરવાજો ખૂલી ગયો એનો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ સંપદા ચૈતન્યની લઈને પડ્યો છે પ્રભુ, એની દૃષ્ટિ જ્યાં થઈ નિઃકાંક્ષ-કોઈ ઇચ્છા જ નથી. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર બાંધવાની પણ સમકિતીને ઇચ્છા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે આવી જાય. ક્યાં ગયા તમારે સોમચંદભાઈ? અહીં બેઠા છે. સમજાણું કાંઈ? એ તો પૂછયું કીધું ક્યાં ગયા સોમચંદભાઈ.

મુમુક્ષુ :- એકડા વગરના મીંડા બધા નકામા.

ઉત્તર :- બસ! વાત તો એ છે ભાઈ!

પહેલી, પ્રભુ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા આત્મા જેને કહીએ એવા શુદ્ધ ભગવાન આત્માના અંતર પ્રતીત અને ભાન વિના જે કાંઈ કરવામાં એ બધી ચાર ગતિમાં રખડવાની વાત છે. શેઠ! આવ્યા છે. ત્યાં નહોતા આવ્યા. ત્યાં યાદ કર્યા હતા હોં તમને. હિંમતનગર યાદ કર્યા હતા તમને. બધા આવ્યા ને ઈ કેમ ન આવ્યા? એમાં ફેર છે, કારણ છે. સોમચંદભાઈ આવ્યા હતા.

આ વાત જ એવી સૂક્ષ્મ છે કે જટ ગ્રાહ્ય થાય નહિ અને ઓલી વાત તો અનાદિથી આ કરીએ છીએ અને આ કરવું, આ વ્રત કર્યા, તપ કર્યા, અપવાસ કર્યા, ભક્તિ કરી, પૂજા કરી, પ્રભાવના કરી બહારની. એ તો શુભભાવ છે. અનંત વાર થયા. એમાં કોઈ આત્મધર્મ છે કે નિર્જરા છે, સંવર-નિર્જરા (છે એમ છે નહિ). અહીં સંવરપૂર્વક નિર્જરાની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? તો સંવર પહેલા ક્યાંથી થાય છે? એ કોઈ આવી ક્રિયાકાંડથી

થાય છે? સંવર તો મિથ્યાત્વનો અનુદય અને આત્માનું સમ્યગ્દર્શનનું પ્રગટ થવું. તો એ સમ્યગ્દર્શન પ્રગટવામાં સ્વનો આશ્રય લે તો સમ્યગ્દર્શન પ્રગટે. એ સિવાય ભગવાનના આશ્રયે, પરના આશ્રયે કદી સમ્યગ્દર્શન થતું નથી. જેઠાલાલભાઈ!

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ નિઃકાંક્ષ છે. કૃતકૃત્ય છે. આહાહા..! ભલે ચારિત્રમોહના ઉદયમાં જોડાણથી અસ્થિરતા થાય પણ દૃષ્ટિથી તો કૃતકૃત્ય જ છે. ઇચ્છામાત્ર કોઈ ચીજની (નથી), પોતાના નિજપદની જ્યાં દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? 'અલખ નામ ધુનિ લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી.' જ્યાં આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્ય અનંત ગુણનું ધામ (ઉપર) જ્યાં દૃષ્ટિ જામી... સમજાણું કાંઈ? ક્યાં ખામી છે? આવો પ્રભુ આત્મા એની દૃષ્ટિમાં પરની બધી કાંક્ષા જ છૂટી ગઈ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનમાં પણ કોઈ ઇચ્છા નથી. ભોગ, વિષય, પુણ્યની ઇચ્છા જ નથી. કેમ કે બધામાં દુઃખ, દુઃખ ને દુઃખ (લાગે છે). સમ્યગ્દૃષ્ટિ ધર્મીને પુણ્યભાવમાં દુઃખ લાગે છે. પુણ્યભાવ નામ શુભભાવ એ દુઃખ છે. સમજાણું કાંઈ? આ શુભભાવમાં જડ બંધ પડે એ દુઃખનું નિમિત્ત છે. એનાથી ધૂળાદિ સામગ્રી મળે એ બધું દુઃખનું નિમિત્ત છે, દુઃખ છે. ક્યાંય સુખ છે નહિ.

સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા પોતાના આત્માના આનંદના સ્વાદમાં આવી જાય છે. તેથી દરેકમાંથી બધી ઇચ્છા ઊડી ગઈ. ક્યાંય સુખ નથી, સુખ નથી. ક્યાં સુખ છે? જ્યાં સુખ છે ત્યાં તો હું છું. ત્યાં તો હું પડ્યો છું દૃષ્ટિમાં. અને જ્યાં નથી ત્યાં ઇચ્છા શું? જેઠાલાલભાઈ! અને નિર્વિચિકિત્સા. ત્રીજો એ કહ્યો ને? સંદેહ નથી. ખરેખર તો એમાં નિર્વિચિકિત્સામાં તો સ્વરૂપની જે દૃષ્ટિ થાય છે એમાં સંદેહ થતો નથી કે મારું કાર્ય પૂરું થશે કે નહિ? સમજાય છે કાંઈ? નિર્વિચિકિત્સા દુગંછા અપેક્ષાએ. પણ દુગંછા એટલે આ. સમજાણું કાંઈ? હું ચૈતન્ય સ્વરૂપ આનંદ અને શુદ્ધ છું, એમ જ્યાં અંતરમાં દૃષ્ટિનું સાધકપણું થયું ત્યાં ખેદ એટલે દુગંછા એટલે શું કાર્ય કરે છે? પૂર્ણ કાર્ય થશે કે નહિ? એવી દુગંછા એટલે એવી વૃત્તિ થતી નથી. ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અધ્યાત્મની વાત છે. અધ્યાત્મ દૃષ્ટિ. સમજાણું કાંઈ?

કાંક્ષામાં રાગ ગયો અને આમાં દ્વેષ (ગયો). દ્વેષ એટલે શું થશે? હું સ્વરૂપનું સાધન કરું છું તો એમાં મોક્ષ મળશે કે નહિ? એવી દુગંછા અંતરમાં હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને કાર્ય માંગે છે કે હું તો અલ્પ કાળમાં મોક્ષ, મોક્ષ અને મોક્ષ જ છું. એવી સમકિતીની નિઃશંક અને નિર્વિચિકિત્સા આચાર દૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

ચોથી અમૂઢદૃષ્ટિ. અમૂઢદૃષ્ટિનો બરાબર હિન્દીમાં શબ્દ આવ્યો નહિ. ભાઈ ગોતીને લાવ્યા

હતા-વ્યગ્રતા. અમરચંદભાઈ. પણ કીધું, વ્યગ્રતા એ બરાબર મેળ ખાતો નથી. મૂંઝવણ જોઈએ. અમરચંદભાઈ! હિન્દીઓ ઘણાં છે પણ કોઈ ગોતીને લાવ્યું શબ્દ? આ અમારે વકીલ રહ્યા મોટા.

મુમુક્ષુ :- અસમંજસ.

ઉત્તર :- અસમંજસ, અસમંજસ. પણ આપણે મૂંઝવણની અપેક્ષાએ બરાબર શબ્દ નથી. પંડિતજી! અમૂઢદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિને પોતાના સ્વભાવમાં મૂંઝવણ નથી. મૂળ તો આ શબ્દ આવ્યા વિના (ભાવ બરાબર બેસતો નથી). અસંમજસ. અસંમજસનો શું અર્થ થાતો હોય? અસંમજસ. અસંમજસ આવે છે ખરો શબ્દ, હોં! અસંમજસ આવે છે. અસંમજસ. પણ અહીં લાગુ પડે કે નહિ? અસંમજસ શબ્દ આવે છે. પણ આ મૂંઝવણમાં બરાબર લાગુ નથી પડતો.

મુમુક્ષુ :- પંડિતજીને પૂછો.

ઉત્તર :- પંડિતજી ક્યાં, એ તો ગુજરાતીવાળા છે. માંડ માંડ હિન્દી સમજે. એ તો બોલતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ નહિ. નહિ. તમને હિન્દીના અર્થ આવડતા નથી.

અહીં તો એવી ચીજ જોઈએ કે આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપ છે, કોઈપણ ભાવ અને પ્રસંગમાં એને મૂંઝવણ નામ મૂંઝાઈ ન જાય કે આમાં શું હશે? એવો કોઈ શબ્દ આવવો જોઈએ. શું થશે અને શું છે? એનો શબ્દાર્થ આ શાસ્ત્ર શું કહે છે? અન્ય ધર્મ શું છે? અન્ય ધર્મમાં એવું કાંઈક છે. કોઈ ઠેકાણે એની દષ્ટિમાં અયથાર્થતા આવી જાય એવી દષ્ટિ છે નહિ. લ્યો, વળી અયથાર્થ આવ્યું. સમજાણું કાંઈ? એ આવ્યું હતું ને ત્યાં? એ શબ્દ આવ્યો હતો. નહિ?

મુમુક્ષુ :- કોઈપણ ..

ઉત્તર :- હા, બસ એ. બરાબર છે એ. એ બરાબર છે.

મૂળ તો વાસ્તવિક દષ્ટિ છે એ અમૂઢદષ્ટિ છે અને અવાસ્તવિક દષ્ટિ ત્યાં મૂઢદષ્ટિ અયથાર્થપણું આવી જાય ત્યાં મૂઢદષ્ટિ છે. ભાઈ! આ તો અંદર લખ્યું છે એવું આવી ગયું. સમજાણું કાંઈ? ધર્મીની કોઈ સ્થાનમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ શાસ્ત્રના અર્થમાં સંયોગમાં કોઈ મિથ્યાદષ્ટિની મહા પ્રભાવના આદિ દેખીને એવું થઈ જાય કે આ છે શું? આવા આવા દેવ એને માને છે તો કંઈક ધર્મ હશે કે નહિ? એવી અયથાર્થ પ્રતીતિ-દષ્ટિ ધર્મીની હોતી નથી. સમજાણું કાંઈ? દુનિયાનું પુણ્ય હોય, માનનારા નીકળે અને એમાં કોઈ દેવ હોય તો એ

પણ આવે, પૂર્વના પુણ્યને કારણે. એ કોઈ ધર્મ છે નહિ. એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? એ ચોથો બોલ (થયો).

પાંચમો બોલ ચાલે છે આપણે. પાંચમો ચાલે છે ને? અડધું ચાલ્યું છે. ટીકા ચાલી છે. સમ્યગ્દષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપમાં દષ્ટિ હોવાથી અશુદ્ધતાને ગોપવે છે. ઉપગૂહનનો અર્થ છે. ઉપબૃંહણ એ વૃદ્ધિ છે. ઉપગૂહન એટલે ગોપવવું. એટલે સહજપણે ભગવાન આત્મા શુદ્ધ સિદ્ધ સમાન જ્યાં દષ્ટિ થઈ ત્યાં સંસારની પર્યાય ગોપવાઈ જાય છે અથવા એ રહેતી નથી. છૂપાઈ જાય છે. પોતાની પ્રસિદ્ધિ થાય છે અને દોષનું લોપાવું થાય છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહાહા..!

બીજો અર્થ વૃદ્ધિ. જુઓ! એ આવ્યું. '**આ ગુણનું બીજું નામ ઉપબૃંહણ પણ છે.**' એ વાત કાલે નહોતી આવી. અર્થ આવ્યો હતો ટીકામાં. '**ઉપબૃંહણ એટલે વધારવું તે. સમ્યગ્દષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો...**' છે. સિદ્ધના સ્વરૂપનો અર્થ? હું સિદ્ધ સમાન સદા પદ મેરો. હું સિદ્ધ સમાન જ છું. પર્યાયમાં અલ્પજ્ઞતા છે એની દષ્ટિ છે નહિ. વસ્તુ સિદ્ધ સમાન કૃતકૃત્ય પૂર્ણ છે. એમ પોતાના સ્વભાવમાં દષ્ટિ લગાવવાથી એને સમ્યગ્દષ્ટિથી '**આત્માની સર્વ શક્તિઓ વધે છે.**' આત્મામાં જેટલી શક્તિ-ગુણ જે છે એ બધા ક્ષણે ક્ષણે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. શુદ્ધિની એમાં વૃદ્ધિ થાય છે. એનું નામ ધર્મ અને નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! દુનિયાએ ધર્મ શું ચીજ છે એ ક્યાં માની લીધું.

'**આત્મા પુષ્ટ થાય છે...**' એ ભાષા નવી આવી. શું કહે છે? જેમ ચણો.. ચણો હોય છે ને ચણો? પાણીમાં નાખે તો ફૂલે છે ને? એમ ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ સ્વરૂપ છે એવી અંતર દષ્ટિ થઈ છે. તે કારણે એકાગ્રતામાં અનંત શક્તિની વૃદ્ધિ થાય છે અથવા અનંત શક્તિ-ગુણરૂપ જે પર્યાય પ્રગટ થઈ તેની પુષ્ટિ થાય છે. રાગનો નાશ અને સ્વભાવની નિર્મળતાની પુષ્ટિ. સમજાણું કાંઈ? રાગની નિર્બળતા અને ગુણની પરિણતિની સબળતાની પુષ્ટિ. આ સમ્યગ્દષ્ટિનો પાંચમો ગુણ છે. ગુણ શબ્દે પર્યાય છે પણ અહીં ગુણ લેવો. સમજાણું કાંઈ? '**આત્મા પુષ્ટ થાય છે માટે તે ઉપબૃંહણગુણવાળો છે.**'

'**આ રીતે સમ્યગ્દષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે નથી,...**' થતો. સબળતાને કારણે ભગવાન આત્મા અનંત ગુણના પુરુષાર્થનો પિંડ છે એમ અંતર દષ્ટિ હોવાથી પુરુષાર્થની અનંત ગુણની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? '**જોકે જ્યાં સુધી અંતરાયનો ઉદય છે ત્યાં સુધી નિર્બળતા છે...**' થોડી પર્યાયમાં (નિર્બળતા છે). '**તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી,...**' ધર્મીના અભિપ્રાયમાં

નિર્બળતા નથી. પર્યાયમાં નિર્બળતા હોવા છતાં અભિપ્રાયમાં હું પૂર્ણ પ્રભુ છું, એમ અભિપ્રાયમાં નબળાઈ હોતી નથી. સમજાણું કાંઈ? અભિપ્રાયમાં પૂર્ણ પ્રભુ છું. પર્યાયમાં પામર છું એમ જાણે. કેવળજ્ઞાનની અપેક્ષાએ પોતાનો પુરુષાર્થ ઉગ્ર નથી તો પર્યાય અપેક્ષાએ જાણે. અભિપ્રાયમાં પૂર્ણ આનંદમાં નબળાઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મ તે કોને કહેવો? આ જુઓને! ... આજે મોટો લેખ આવ્યો છે. તત્ત્વ ચર્ચાનો. અજીતકુમાર. તત્વચર્ચા. અહીં તો બધા સોનગઢના પક્ષવાળા મળીને બધું કોણ જાણે કેમ કર્યું? બધું ખૂબ લખ્યું છે આજે તો વળી. આહાહા..! એમ કે બેય પંડિતોએ બધાએ વાંચ્યા છે કે નહિ શાસ્ત્રો? તો આના અર્થ કેમ જુદા કરવા માંડ્યા? ઊંડો ઊંડો હેતુ કરીને બીજું કહેવા માંડ્યાં. સમજ્યાને? વાંચ્યા છે બેએ એક જ શાસ્ત્રો. સામાએ અને આણે. આ કેમ ઊંધું? આ સોનગઢના પક્ષવાળા આમ કેમ કરવા માંડ્યા? આહાહા..! એવું ગૂઢ રાખ્યું છે, પણ અંદર ઊંડો.. અરે.. ભગવાન!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- યથાર્થ હોય એમ બેસવું જોઈએ ને. આ તો ખબર નથી ઘણાને. અને ફૂલચંદજીએ બહુ મહેનત કરીને બહુ યથાર્થ લીધું છે. ફૂલચંદજીએ એની શક્તિ પ્રમાણે અને પછી તો પાછળથી બિચારાએ નિર્માનતા કરી. મારી કોઈ ભૂલ હોય. હું પામર છું. હું અલ્પ શક્તિવાળો છું. હું શાસ્ત્રનો યથાર્થપણે તો... સામા માણસોએ મારો ભાવનો સંભાળીને અર્થ કરવો. સંભાળીને અર્થ કરવો એમ લખ્યું છે.

વાત આ તો અગમ્ય વાત. મૂળ પ્રયોજન વસ્તુ છે. જ્યાં ત્યાં લગાવે લ્યો, કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. આ કહે કે કર્મથી વિકાર નહિ, પોતાથી થાય છે. આ વાંધા. સોમચંદભાઈ! આ એક જ ગોમ્મટસારના અર્થમાં બેમાં ફેર. બેય ભણ્યા છે. એમ કહેવા એ માગે છે. ગોમ્મટસારમાં તમે પણ ભણ્યા હતા કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ચોખ્ખુ લખેલું છે. જ્ઞાનાવરણીય આવરણ કરે તેને જ્ઞાનાવરણીય કહેવામાં આવે છે. હવે આવું ચોખ્ખું લખ્યું છે. તમે પણ વાંચ્યું છે, અમે પણ વાંચ્યું છે અને બધા પંડિતોએ પણ વાંચ્યું છે. વળી આવો અર્થ તમે ક્યાંથી કરવા માંડ્યો? પણ ભગવાન! એમ છે જ નહિ. પોતાના જ્ઞાનની પર્યાય પોતાથી હિણી થાય છે. તો જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. શું જડ કર્મ આત્માને આવરણ કરે? શું જડમાં તાકાત છે કે પોતાની પર્યાયમાં આવરણ કરે? અને પોતાની યોગ્યતા એવી છે કે જડ પોતાને તાબે કરે એવી યોગ્યતા છે પોતામાં? આત્મા પરને તાબે થાય એવી સ્વતંત્રતા છે. સમજાણું કાંઈ? પણ

એને પરતંત્રતા કરે એવી કોઈ આત્મામાં શક્તિ છે નહિ અને પરમાં પણ એવી શક્તિ નથી. જ્યાં હોય ત્યાં એ મૂકે છે લ્યો. જ્ઞાનાવરણી આવરણોતિતી આવરણઃ એય.. તમારું સંસ્કૃત કાંઈક છે. આવરણોતીતી આવરણઃ લ્યો! જ્ઞાનાવરણીય આવરણથી આવરણ થાય. આવા તીખા શબ્દ પડ્યા છે અને આવા અર્થ કરો છો તમે. એય.. જેઠાલાલભાઈ!

એને એ મળ્યા હતા. એ કહે, તમારી સાથે ત્યારે ચર્ચા કરીએ આપણે. કર્મથી આત્મા હેરાન થયો. કર્મને લઈને રખડ્યો એવી વાત તમે કબુલ કરો છો? એના ગુરુ હતા એ. કહો, સમજાણું? તો આપણે ચર્ચા (કરીએ). આ કહે, એ વાત નથી. ચર્ચા નથી કરવી, લ્યો. આહાહા..! અરે.. પ્રભુ! શું થયું તને? સમજાણું કાંઈ? ભક્તિમાં પણ આવે છે. નથી આવતું?

કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.
કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.
અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી.

હવે એમાં પણ ઈ આવે, પણ નહિ. કર્મ.. કર્મ... કર્મ... કર્મ... અરે..! શું તારે કરવું છે?

અહીં કહે છે કે ભગવાન! એ કર્મ તો જડ છે. તેં એનો સંગ કર્યો. એ પરસંગનો અર્થ ભાઈ! જ્યાં ત્યાં એ જ કરે છે. પરસંગ... પરસંગ.. પરસંસર્ગ કર્યો. પણ સંસર્ગ કર્યો ને. ભાવ સંસર્ગ કર્યો તો દુઃખ થયું. પરે સંસર્ગ કર્યો છે? કર્મમાં સંસર્ગ કરાવવાની તાકાત છે? આત્મા પોતાને ભૂલીને કર્મનો સંસર્ગ કરે તો ભૂલ કરે. અને ન કરે તો ન કરે. પોતાના સ્વભાવનો આશ્રય કરે તો ન કરે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લેતો નથી. નરકમાં જાય કે... એ પણ કહે છે. એ પણ લખ્યું છે એમાં. તમે કહો છો કે નરકગતિમાં કર્મને કારણે નથી જતો, પોતાની યોગ્યતાથી (જાય છે). નહિ. શ્રેણિકારાજાને શું નરકમાં જવું હતું? અરે..! સાંભળ તો ખરો. દરેક ગુણની પર્યાય એ સમયે ગતિ કરવામાં પોતાની લાયકાતથી (જાય છે). કર્મ તો પર છે. જડ લઈ જાય છે? નરકગતિમાં જડ લઈ જાય છે? ઓલા જમડા લઈ જાય, ઓલાને ઈશ્વર લઈ જાય અને આને કર્મ લઈ જાય. ભારે ભાઈ!

ભાઈ! એમ નથી, ભાઈ! આ તો અમારે (સંવત) ૧૯૭૧ની સાલથી ચર્ચા ચાલે છે, લ્યો. ૭૧. ૫૨ વર્ષ થયા. આની આ માથાકૂટ. એ પણ કરતા અમારા દામોદર શેઠ. સમજ્યાને? કેટલા વર્ષથી હોં! ૭૩ની સાલમાં ચાલતું હતું. કર્મથી આ થાય, કર્મથી થાય. બિલકુલ નહિ, કીધું. તો કહે, આટલા દોકડા રાખો. એમ કહેતા હતા. બહુ વાંચેલું ખરું, આમ શેઠિયા માણસ,

ગૃહસ્થ માણસ. દસ લાખ રૂપિયા. તે દિ' ૫૦-૬૦ વર્ષ પહેલા દસ લાખ અને ચાલીસ હજારની પેદાશ ને ઘરે ગરાસ. એટલે પછી મોટું લાગે ને. દસ લાખ રૂપિયા ૫૦-૬૦ વર્ષ પહેલા. ૪૦ હજારની પેદાશ. ૧૦ હજારનું તો એક ગામ, ઘરે ગામ. ગામ સમજ્યા? ગરાસ. મોટા દશાશ્રીમાળી વાણિયા અમારી નાતના. મોટો રાજા જેવો માણસ. તમે જોયા નહિ હોય. પણ નિવૃત્તિ ઘણી પણ દૃષ્ટિમાં એટલી ઊંધાઈ. એટલું કર્મનું નાખે અમારી સામે, કર્મની સામે જ નાખે. બસ એક જ વાત. કર્મ કરાવે... કર્મ કરાવે. અરે..! કીધું, ત્રણ કાળમાં કર્મ કરાવે નહિ લ્યો. એ ૭૨થી ચાલે છે લ્યો ૭૩થી. એની ચર્ચામાં. સમજ્યા?

બહુ તો એટલું કહ્યું તમે એટલું રાખો કે ૫૧ દોકડા પુરુષાર્થના રાખો અને ૪૯ દોકડા કર્મના રાખો. સમાધાન (કરીએ). એમ કરીને ડબલ થઈ ગયું ને તમારે. એક અહીં વધી ગયું અને એક અહીં ઘટી ગયું. ડબલ થઈ ગયું. ૫૦-૫૦ રહેવા દો. કીધું, એક દોકડો પણ નહિ. ત્યાં દિગંબરમાં નીકળ્યું અહીં જ્યાં ચર્ચા ચાલી (સંવત) ૨૦૦૧ની સાલમાં. ૫૦ દોકડા નિમિત્તના અને ૫૦ દોકડા ઉપાદાનના. માર્યા કીધું. અહીં એ આવ્યું આ તો. ૭૨માં. ૭૧માં ખ્યાલમાં આવી હતી વાત. એ વાત સ્પષ્ટપણે ૭૨માં બહાર આવી. પછી વાત આવી તો સામા પડ્યા એ લોકો. કીધું, જુઓ! આ પાઠ. જુઓ! આ પાઠ. ભગવતીના પહેલા શતકના .. વિકાર ... ... પોતાના થનાર પુરુષાર્થથી, પોતાના પુરુષાર્થથી વિકાર કરે છે. કરો અર્થ. સમજાણું કાંઈ? આ .. ભગવતીનો પાઠ.

... છતો છે. છતો સમજ્યા? વિદ્યમાન પુરુષાર્થ છે. પોતાના આત્મામાં રાગદ્વેષ અને વિકાર કરે છે. કર્મથી આત્મામાં વિકાર બિલકુલ થતો નથી. કર્મથી વિકાર થાય તો કર્મ ટળે ત્યારે પોતાને પુરુષાર્થ કરવાનો રહેતો નથી. એમ વાત છે નહિ. સમજાણું કાંઈ? આ તો એવા અર્થ કરો તમે તો સાચા. જ્ઞાનાવરણીતી આવરોણીતી ઈતિ આવરણઃ જુઓ! સંસ્કૃતમાં આ લખ્યું. પણ આવરણ કઈ અપેક્ષાએ લખ્યું છે? એ તો વ્યવહારનયનું કથન છે. પર આવે એ તો કથન વ્યવહારનું છે. હવે લખ્યું લખ્યું પણ એનો અર્થ શું છે એ સમજ્યા વિના?

અહીં આચાર્ય કહે છે કે ધર્મીને પુરુષાર્થની સબળતા છે. અભિપ્રાયમાં પુરુષાર્થની નિર્બળતા છે નહિ. એને એમ નથી થતું કે અરે..! મને કર્મ આવશે અને હું પડી જઈશ તો? મૂઢ છો? કર્મ શું કરે? સમજાણું કાંઈ? તારા સ્વભાવની સંપદા (ભરી છે). એવી ભાવના છે કે મારા સ્વભાવમાં અલ્પ કાળમાં કેવળજ્ઞાન થઈને પૂર્ણાનંદ પ્રાપ્ત કરું. એવી તારી સંપદામાં તાકાત છે. એ ભાવના હોય કે કર્મનો ઉદય કેવો આવશે? મૂઢ છો? તારા આત્માના સ્વભાવની તને પ્રતીત નથી. તારા સ્વભાવનું સામર્થ્ય શું છે એની શ્રદ્ધા નથી. હવે આ શ્રદ્ધા નહિ

ને અને પછી કરે વ્રત ને નિયમ ને તપ. મરી જાય તોય કાંઈ લાભ નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**અભિપ્રાયમાં નિર્બળતા નથી,...**' શું છે? કર્મ નિર્બળતા કરાવે છે? મારી પર્યાયમાં..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરતા જ નથી. બિલકુલ ખોટી વાત છે.

એ વાત ચાલી હતી અમારે ભાઈ! પંચાધ્યાયીમાં આવે છે ને? દારૂ. એ દારૂનો પ્રશ્ન ચાલ્યો હતો. બહુ ચાલ્યો હતો અમારે. પ્રશ્નો તો ખૂબ ચાલતા હતા. એમાં આવે છે, ૨૪મી ગાથા બીજા અધ્યાયની. બીજા અધ્યાયમાં. જુઓ! આ દારૂએ આવરણ કર્યું ઇન્દ્રિયને. બિલકુલ ખોટી વાત છે, કીધું. તે દિ' આ તો બધા ઘણાં વર્ષ પહેલાની વાત છે, હોં! પંચાધ્યાયી. સમજ્યાને? ૮૨માં હાથમાં આવ્યું. પંચાધ્યાયી ૮૨-૮૨. સંવત્ ૧૯૮૨. ૪૧ વર્ષ થયા. ત્યારથી ચર્ચા ચાલતી. ૮૩માં. ૮૨માં આવ્યું ને ૮૩માં ચાલી. ચોમાસુ હતું ને ત્યાં. કે જુઓ! આમાં લખ્યું પંચાધ્યાયીમાં ૨૪મી ગાથામાં. એમ કે જુઓને લખ્યું, દારૂથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. દારૂથી ભ્રષ્ટ થાય છે? જડથી? કર્મથી નથી થતી અને દારૂથી થાય છે? પોતાની ભ્રષ્ટ થવાની લાયકાત છે તો કર્મ નિમિત્ત થાય છે તો નોકર્મ નિમિત્ત પડે છે. આ વસ્તુની ખબર ન મળે. પરને લઈને ભ્રષ્ટ થાય અને પરને લઈને બુદ્ધિ ભ્રમ થાય છે. મૂઢ છો? તું મરી ગયો છો? શું થયું તને? ક્યાં મૂઓ હતો? નથી કહેતા? આ વાણિયામાં હોયને આપણે ધંધો કરતા હોય ને છોકરાને સોંપ્યું હોય અને ઓલો જંગલ ગયો, આહાર કરવા જાય ને એનો બાપ. દુકાનમાં અનાજ-બનાજના ઢગલા પડ્યા હોય ૨૫-૫૦-૧૦૦ મણ. અને કહે, બેસજે ધ્યાન રાખજે હું ખાઈને આવું ત્યાં સુધી. એમાંથી આવ્યો હોય ને ઓલો બોકડો બોકડો ચડી ગયો હોય ને દસ શેર અધમણ ખાઈ ગયો હોય ઢગલો નાનો. એલા ક્યાં ગયો હતો? ક્યાં મૂઓ હતો? એય..! ક્યાં મૂઓ હતો? સમજ્યા? કહાં મર ગયા થા? કહે ને. ક્યાં મુઓ હતો? તને કહ્યું નહોતું અહીં બેસવાનું? ક્યાં મૂઓ હતો? હું હેઠે ઉતર્યો ત્યાં ખાઈ ગયો હશે. કોઈને ખબર નથી. એમ કહે છે કે કર્મ તને રખડાવે છે, ક્યાં મરી ગયો હતો? તું મૂઓ છો?

ચૈતન્ય ભગવાન પોતાના પુરુષાર્થથી સ્વતંત્ર બિરાજમાન છે. ઊંધો પુરુષાર્થ કરે તોપણ સ્વતંત્ર અને સીધો કરે તોપણ સ્વતંત્ર. આ વાંધા પંડિતો વચ્ચે અને ત્યાગીઓ વચ્ચે પહેલીથી ચાલે છે અમારે તો. બોલે નહિ બીજા. એ અહીં આવ્યું પાછું. સંપ્રદાયમાં આવ્યું તો એ માંડી બધાએ. આમાં એ આવી છે આ ચર્ચામાં. બસ! કર્મથી થાય. અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પોતાના અભિપ્રાયમાં પૂર્ણાનંદ અને પૂર્ણ પુરુષાર્થમય છું, એવા અભિપ્રાયમાં એને નિર્બળતા

આવતી નથી. સમજાણું? પર્યાયમાં નિર્બળતા હોય એ પોતાના પુરુષાર્થની ખામી છે. પુરુષાર્થની ખામીને કારણે છે.

**'પોતાની શક્તિ અનુસાર...'** દેખો! **'કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.'** હવે કર્મનો ઉદય આવે એવો આત્માએ (રાગ કરવો પડે તો) જીતવાનો તો પ્રસંગ છે નહિ. જેવું કર્મ આવે એવો રાગ કરવો પડે. તો ટાળવો ક્યારે? જીતવાનો વખત ક્યાં રહ્યો? પણ હું પરના લક્ષે કરતો હતો પરના આશ્રયે, હું સ્વભાવના આશ્રયે છોડું છું. એનું નામ કર્મને જીત્યા એમ કહેવામાં આવે છે. જૈનમાં કર્મને નામે લાકડા એવા ગરી ગયા છે.

**'પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.'** આહાહા..! સ્વભાવ સન્મુખ દૃષ્ટિ છે. ધર્મીની તો વિભાવથી વિમુખ અને સ્વભાવથી સન્મુખ, નિમિત્તથી વિમુખ અને શુદ્ધ ઉપાદાનથી સન્મુખ (દૃષ્ટિ છે). સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ હોય છે. તેથી જ્ઞાનીને ક્ષણે ક્ષણે પુરુષાર્થ સ્વભાવ તરફ વળે છે. નિર્બળતા છે એ ખરી જાય છે. એ પાંચમો બોલ થયો.

સમકિતીનો સ્થિતિકરણ ગુણ. એ છઠ્ઠો બોલ. સમ્યગ્દૃષ્ટિમાં સ્થિતિકરણ નામનો છઠ્ઠો આચાર પ્રગટ થાય છે.

**उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।**
**सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।**

**'पि'** શબ્દ પડ્યો છે હોં અંદર. સ્વયં **'पि'**. સમજ્યાને? સ્વયં **'पि'**. પણ પોતાને. પણ એટલે બીજું આવ્યું ને ભેગું. એટલું આવ્યું પણ અર્થ નથી કર્યો. એમ મારે કહેવું છે. ભાઈ! સમજાણું? પોતાને પણ. પણ અર્થમાં..

મુમુક્ષુ :- અન્વયાર્થમાં.

ઉત્તર :- અન્વયાર્થમાં તો શબ્દાર્થ હોય એટલે હોય જ ને. પણ ટીકામાં એકલો પોતાનો લીધો છે. .. ધ્વનિ એમ છે.

**उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।**
**सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।**

આહાહા..!

**ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.**

**'ટીકા : -કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે,...'** એક જ શબ્દ દરેકમાં (લીધો છે). સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ક્ષાયિક પર્યાય હોય યથાખ્યાત ચારિત્ર.

યથાખ્યાત તો ઉપર હોય પણ અહીં ક્ષાયિક સમકિત હોય કે ચારિત્રપર્યાય પ્રગટ હો છઠ્ઠે આદિ, પણ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો જ્ઞાયકભાવ ઉપર જ છે. સમજાણું કાંઈ? બહુ વાત... જ્ઞાયકભાવ ઉપર છે એનો અર્થ શું? દૃષ્ટિ અંતર્મુખ છે. ભાઈ! જ્ઞાયકભાવનું કારણ શું? કે દૃષ્ટિ અંતર્મુખ છે. તો અંતર્મુખ દૃષ્ટિના આશ્રયે અંદર જે જ્ઞાયકભાવ છે એનો જ આશ્રય થયો. તો બહિર્ ભાવ જેટલી પર્યાય રાગાદિ છે એનો આશ્રય છે નહિ. અંતર ભાવના આશ્રયને કારણે બહિર્ ભાવનો આશ્રય જ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાયકભાવમયપણાને લીધે,...**' ચિદ્ઘન જ્ઞાયકમૂર્તિ પ્રભુ અભેદ ઉપર અંતર્મુખ દૃષ્ટિ હોવાને લીધે '**જો પોતાનો આત્મા માર્ગથી ચ્યુત થાય...**' જુઓ! સમ્યગ્દૃષ્ટિને પણ જરી ચ્યુત થવાનો પ્રસંગ આવે સમ્યગ્દર્શનમાંથી, સમ્યગ્જ્ઞાનમાંથી અને સમ્યક્ શાંતિ, ચારિત્રમાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ. જુઓને! મોક્ષમાર્ગ છે ને ઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. એ આવ્યું અહીંયાં. સમજાણું કાંઈ? '**જો પોતાનો આત્મા માર્ગથી ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી,...**' જુઓ! આમાં એક જ માર્ગ કહ્યો, ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ સ્વરૂપના આશ્રયે પ્રગટ થયા, એ જ મોક્ષમાર્ગ એક જ છે. એ સમ્યક્ નિશ્ચયથી જ્યાં ચળવાનું કારણ હોય, ત્યાં પોતાને માર્ગમાં જ સ્થિતિ કરે છે. સ્વરૂપમાં સ્થિર થઈને માર્ગમાં સ્થિર (રહે છે). સમજાણું કાંઈ? માટે સ્થિતિકારી છે. ધર્મી જીવ તો પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરનાર જ છે. આહાહા..!

વીતરાગ માર્ગ એવો દુર્લભ છે. અલભ્ય નથી. પ્રગટ થઈ શકે નહિ પણ દુર્લભ તો ઘણો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત અંતર્મુખ દૃષ્ટિ કરીને જે જ્ઞાન થયું અને સ્થિરતા થઈ એમાં અંતર્મુખમાંથી ચળવું નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? '**ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી,...**' ત્યાં અપિ શબ્દ નથી લીધો. પાઠમાં તો એમ લીધું છે કે પોતાને પણ સ્થિર કરે અને બીજો કોઈ પ્રાણી સમ્યગ્દર્શન આદિથી ચ્યુત થાય તો એને પણ સ્થિર કરે. એ વિકલ્પ છે, એ વ્યવહાર છે તેથી એ વાત ટીકાકારે લીધી નથી. પાઠમાં તો જરી નીચે થોડું નાખ્યું છે. સમજાણું કાંઈ?

પોતાનો આત્મા કંઈ પણ થોડી શંકામાં આવી જાય, તો કહે છે કે સ્થિર કરવો. અહો..! સર્વજ્ઞ પરમેશ્વર આત્મા, આત્મા જ સર્વજ્ઞ પરમેશ્વર છે. એમાં સંદેહને સ્થાન છે જ નહિ. એમાં સ્થિરતા કરવી. .. સ્વભાવ સન્મુખ થઈ સ્થિર થાય. ચ્યુત થવાના કાળે સ્થિર થા. સમજાણું કાંઈ? સાવધાન કરે છે. એવી સાવધાની સમ્યગ્દૃષ્ટિને હોય છે. પરથી કાંઈ ચળાઈ જાય કે ખસી જાય એમ થતું નથી.

'**માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી, સ્થિતિકારી છે, તેથી તેને માર્ગથી ચ્યુત**

**થવાના કારણે થતો બંધ નથી...**' એનાથી વિરૂદ્ધ જે અસ્થિરતા થતી હતી એ બંધ નથી થતો. એ તો નિર્જરા જ થઈ જાય છે. ધર્મીને અસ્થિરતાની નિર્જરા થાય છે. પોતાના સ્વરૂપમાં સ્થિરતાને કારણે અસ્થિરતાના વિકલ્પાદિ આવ્યા-ચારિત્રમોહાદિનો, એ ખરી જાય છે, ટળી જાય છે, નિર્જરા થાય છે. એનું નામ નિર્જરા છે. કોઈ અપવાસ-બપવાસ કરે અને નિર્જરા થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જે, પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગથી...**' જુઓ ભાષા! ઈ કહેવા માગે છે એ. '**પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગ...**' એય.. પંડિતજી! આમાં મોક્ષમાર્ગ બે ન આવ્યા પાછા. સમજાણું કાંઈ? એમ આવ્યું ને? '**उम्मग्गं गच्छंतं सगं पि मग्गे**' સ્વને સ્વને સ્થાપે છે. સ્વને સ્થાપે એટલે સ્વપણાના આશ્રયે જે પ્રગટ્યું છે એ... શું કીધું સમજાણું? કે આત્મા શુદ્ધ ચૈતન્ય અનંત ગુણનો પિંડ એના આશ્રયથી સમ્યગ્દર્શન, એના આશ્રયે સમ્યગ્જ્ઞાન અને તેના આશ્રયે ચારિત્ર (પ્રગટ થાય) એ જ એક મોક્ષમાર્ગ છે. વ્યવહાર વચ્ચે મોક્ષમાર્ગ છે એ નિમિત્તથી કહેવામાં આવે છે. મોક્ષમાર્ગ વ્યવહાર-ફ્યવહાર છે નહિ. સમજાણું કાંઈ?

'**પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગ...**' ભાષા જુઓ! પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગ. પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ, એના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગ. એનું સ્વરૂપી શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા એ સ્વરૂપરૂપી મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગની પર્યાય પણ સ્વરૂપમય છે. જેવું સ્વરૂપ છે એવું ને એવું પ્રગટ થયું, નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર સ્વરૂપમય મોક્ષમાર્ગ છે. સ્વરૂપ '**પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થતા પોતાના આત્માને માર્ગમાં સ્થિત કરે...**' ભારે ઝીણી વાત. માણસે ચડાવી દીધા પછી બધે. આનાથી થાય ને શુભભાવથી થાય છે. ભાઈ! શુભ કરતા કરતા થશે. પાણી પીવો ઊના. અરે..! ભગવાન! ઠંડું પાણી પીને અંદર. શીતળ શીતળ ભગવાન આત્મા શાંતરસનો કંદ પ્રભુ આત્મા છે ને. ભાઈ! એની અંતરમાં મહત્તા, દૃષ્ટિ કર્યા વિના તારા બાહ્ય ત્યાગની કિંમત શું છે? મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ કદી થતો નથી. મિથ્યાત્વનો ત્યાગ નહિ અને અવ્રતનો ત્યાગ કરીને બેસે કે મને વ્રત છે. ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

એ કહે છે કે પહેલા ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા (કરે). પરનો કર્તા નહિ, પરથી મારામાં કાર્ય થાય નહિ, કોઈ પર મને રોકનાર નહિ. સમજાણું? ત્યારે સ્થિર થાય કે નહિ? પોતાને કારણે સ્થિર થાય કે પરને કારણે? સમજાણું કાંઈ? હું પરનો કર્તા નહિ, પરથી મારામાં થતું નથી, મારાથી મારામાં થાય છે.

'**તે માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી...**' એ તો અસ્તિ-નાસ્તિથી વાત કરી. '**પરંતુ ઉદય આવેલાં કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી...**' લ્યો! ભાષા એવી

આવે કે બધામાં ચોંટે આ. કર્મ રસ દઈને ખરી જાય છે. એય.. હિરાભાઈ! કર્મનો ઉદય આત્માને રસ દઈને ખરી જાય. ખરી જાય છે. કર્મ રસ દઈને એનો અર્થ, કર્મની પર્યાયમાં જે અનુભાગ આવ્યો, અનુભાગ આવ્યો એ પોતાના અનુભવને કારણે એ અનુભવ છૂટી જાય છે. એને કારણે, હોં! એ અનુભવ અહીં આવ્યો, અનુભવ અહીં આવ્યો એ અનુભાગ છૂટી જાય છે. એનો જે અનુભવ કરવાનો હતો એ તો રાગ-દ્વેષ હતો. પોતાનો અનુભવ કરે છે એ અનુભાગ પોતાનો થયો. પોતાના પાકમાંથી અનુભવ થયો. ભારે. એ અનુભાગ છૂટી જાય છે. નિર્જરા થાય છે. લ્યો.

વાત્સલ્યગુણ. વાત્સલ્ય. ધર્મીને પોતાના ગુણ પ્રત્યે પ્રેમ છે. સમજાણું કાંઈ? ધર્મીને પુણ્ય પ્રત્યે પ્રેમ નથી એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આવે છે એ રાગનો પ્રેમ નથી. નવ તત્ત્વની શ્રદ્ધા વ્યવહાર આવે એનો પ્રેમ નથી. શાસ્ત્રનું જ્ઞાન થાય તો એનો પ્રેમ નથી. આહાહા..! વાત્સલ્ય છે. જેમ ગાય પોતાના બચ્ચાને પ્રેમ કરે છે. ગાય કરે છે ને ગાય? વાછરડાને. સમજાણું કાંઈ? પ્રેમ કરે છે ને. વગર સ્વાર્થે પ્રેમ કરે. સ્વાર્થ છે એમાં? એ વાછરડું ગાયને ઘાસ પાણી લાવી દે છે? બસ, એવો પ્રેમ કુદરતી છે. એમ પોતાનો આનંદ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન એના પ્રત્યે ધર્મીને પ્રેમ છે. સમજાણું કાંઈ? અને જો એનો પ્રેમ નથી અને રાગનો પ્રેમ છે તો આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થાય તો શું કરવું?

ઉત્તર :- સમ્યગ્દર્શન કરવું. શું કરવું શું? ન થાય તો શું કરવું.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થતું હોય તો જીવાત્મા...

ઉત્તર :- પણ કર્યા વિના? કરે તો થાય ને. ન કરે તો ક્યાંથી થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઊંધું તો આવડે છે. એ તો કહે છે. હવે સવળું કરો એમ કહે છે શેઠ! ઊંધું તો બહુ આવડે છે. હવે સવળું કરવું છે કે નહિ તારે? એને માટે તો કહે છે. શું કરવું? કે શ્રદ્ધા કરવી, અંદર શ્રદ્ધા કરવી અંદર સ્વભાવમાં હું શુદ્ધ છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુરુષાર્થ નથી કરતો. એ રહે છે ઊંધામાં, પૈસામાં. શેઠ! પૈસામાં બે-પાંચ લાખ આમ છે અને હું આમ ખર્ચું છું. લ્યો! પૈસા દે છે, અમારા દીકરા અને ભત્રીજા પચાસ હજાર દે ત્યાં ખુશી ખુશી થઈ જાય કે મારું નામ પણ આવ્યું. ધૂળમાં પણ નથી. એય.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- જાત્રા બધા કાઢે.

ઉત્તર :- જાત્રા કાઢે એમાં શુભભાવ થયો. એમાં છે શું? ધર્મ-બર્મ નથી. આ બધો પોકાર એને માટે તો થાય છે. ભાઈ! અહીં તો વીતરાગનો માર્ગ છે, બાપુ! જેને આત્માની...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ના કોણ કહે? ના કરે કોણ? કાઢે કોણ એ? એને શુભભાવ થાય છે બસ એટલું. એને અહીં કહે છે કે પુણ્ય છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે કહે છે કે અહીંયાં બુદ્ધિ લગાવ. સ્વભાવની બુદ્ધિ કરવી. એ વિના આરો કદી આવશે નહિ. એમ કહે છે, શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પહેલા નિર્ણય તો કરે કે એ હો. શુભભાવ હોય છે, પણ એ ધર્મ છે અને સંવર નિર્જરા છે એમ નિર્ણય કરવો જોઈએ નહિ. બીજી ચીજ છે અંદરમાં એનો નિર્ણય કરવો જોઈએ. પહેલા નિર્ણયનો પુરુષાર્થ તો કરે.

મુમુક્ષુ :- ... મને થાય નહિ એમ કરે એમાં કે દિ' થાય?

ઉત્તર :- લ્યો અમારે થાય નહિ... અમારે થાય નહિ. અમારે થાય નહિ પણ ત્યારે ઊંધું તો થાય છે. ઊંધું થાય છે, હવે અહીં સાંભળવા કેમ આવ્યો? સાંભળવામાં શું (આવ્યું)? વીતરાગ શું કહેશે? રાગ કરવાનું કહેશે? વીતરાગમાર્ગ એવો છે? વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ કહેશે એકલું. વીતરાગ મુનિની વ્યાખ્યા છે ને આત્માવલોકનમાં. ગુરુની વ્યાખ્યા છે.

ગુરુ એને કહીએ કે એકલા વીતરાગ વીતરાગ વીતરાગની વ્યાખ્યા કરે. એને ગુરુ કહે છે. રાગથી લાભ થાય એમ કહે એ ગુરુ છે જ નહિ. એ આત્માવલોકનમાં છે. દિપચંદજી કૃત છે ને? મુહુ-મુહુ. એવો પાઠ છે. વારંવાર વીતરાગ... વીતરાગ (કહે). કેમ કે વીતરાગ અલ્પજ્ઞ અને રાગનો નાશ કરીને વીતરાગ સર્વજ્ઞ થયા. તો એમની વાણીમાં વીતરાગ થાય એવી જ દૃષ્ટિ આવે છે. દૃષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, ચારિત્ર વીતરાગ. એવી સર્વજ્ઞ પરમાત્માના સંતો વીતરાગની વાત કરે છે. કહો, સમજાણું કાંઈ? આત્માવલોકન છે. અહીં નથી. આત્માવલોકનમાં શ્લોક બનાવ્યો. દીપચંદજી.

દીપચંદજી ગૃહસ્થાશ્રમમાં હતા. દીપચંદજી ગૃહસ્થાશ્રમમાં હતા. જ્ઞાની હતા. શ્લોક બનાવ્યો. ગુરુ કોને કહે છે? ગુરુ તો મૂહુ-મૂહુ. વારંવાર વીતરાગ.. વીતરાગ.. વીતરાગની વ્યાખ્યા કરે. પરની ઉપેક્ષા કરો અને સ્વની અપેક્ષા કરો એ વાત કહેશે. તું કરે છે અને એ કહે તો એ તો કરે છે અનાદિ કાળથી. એમાંથી ધર્મ થાય તો અનાદિ કાળથી રખડે છે કેમ? ચાર ગતિમાં રખડે છે કેમ? દરકાર જ કરી નથી. માન્યું છે કે અમે કાંઈક કરીએ છીએ એમાંથી થાય.

થઈ જાય. એ જ કહે છે કે ભાઈ! તું દરકાર કર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ સમજ્યા વિના રખડવાના. શેઠ!

મુમુક્ષુ :- અત્યારે તો સુખી છે ને.

ઉત્તર :- ના. ધૂળેય નથી. કોણ કહે છે સુખી? દુઃખી છે.

મુમુક્ષુ :- શેઠ કાંઈ દુઃખી હોય?

ઉત્તર :- શેઠ કોને કહેવો અહીંયાં.

હમણા કહ્યું હતું એક. નહિ? ઓલું ગાયન છે એમાં, ભાઈ! 'એક સુખિયા જગતમાં સંત દુરિજન દુઃખીયા રે. ન આવે અકળામણનો અંત, એ મૂરખમાં મુખિયા રે.' કહો, સોમચંદભાઈ! 'એક સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે.' સંત નામ ભગવાન આત્મા ચિદાનંદ આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરનાર ધર્મી જ સુખી છે. એક 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' દુરીજન દુઃખીયા. રાગ અને પુણ્યને ધર્મ માનનારા, રાગથી કલ્યાણ માનનારા દુઃખીયા, દુઃખીયા ને દુઃખીયા છે.

મુમુક્ષુ :- એ તો ભવિષ્યમાં દુઃખીયા થાશે ને?

ઉત્તર :- અત્યારે. ભવિષ્યમાં શું, દુઃખીયા જ છે. કોણ કહે છે સુખીયા છે?

'ના આવે અકળામણનો અંત.' એ રાગ અકળામણ છે.

મુમુક્ષુ :- અકળામણ તો હિન્દીમાં આવે છે.

ઉત્તર :- આવે છે ને અકળામણ આવે છે ને? હિન્દીમાં નથી આવતું? અકળામણ એટલે શું? દુઃખ. 'ના આવે અકળામણનો અંત.' મૂરખમાં મુખિયા છે એમ કહે છે ત્યાં તો. આ મૂરખમાં મુખિયા છે. શેઠમાં મુખિયા નથી એમ કહે છે અહીં તો. એય.. મણિભાઈ! શ્લોક પણ આવે છે આમાં સ્થાનકવાસી બોલે વારંવાર. 'નવી સો હી દેવતા દેવલોએ નવી સોહી ... નવી સોહી...' નાની ઉંમરમાં શીખેલા પહેલા, (સંવત) ૧૯૬૮ની સાલ. ૫૫ વર્ષ થયા. 'નવી સોહી દેવતા દેવલોએ...' સુખી દેવતા દેવલોકમાં સુખી નથી.

મુમુક્ષુ :- ત્યાં તો જાવું છે.

ઉત્તર :- શું જાય ધૂળમાં? ત્યાં ક્યાં સુખ હતું.

'નવી સોહી પુ.. પવિરાયા..' પૃથ્વીનો પતિ પણ સુખી નથી. 'નવી સોહી શેઠ સેનાપતિઓ...' શેઠ અને સેનાપતિ પણ સુખી નથી. 'એગંત સુખી મુનિ વીતરાગી.' આહાહા..! કહો, સમજાણું કાંઈ? ધૂળમાંય સુખી નથી, મફતના હેરાન કરીને મરી જાય છે. લક્ષ્મીમાં તો સુખ નથી, સ્ત્રીમાં સુખ નથી. આબરૂમાં સુખ માનવું એ જ મિથ્યાદૃષ્ટિ છે. પરમાં સુખ

માનવું, દેવલોકમાં સુખ માનવું, પુણ્યના ભાવ છે એમાં સુખ માનવું, સુખ છે આત્મામાં અને માનવું પુણ્યમાં એનું નામ મિથ્યાદષ્ટિ તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિપરીત માન્યતા છે.

મુમુક્ષુ :- પૈસાથી તો સુખી થાય ને.

ઉત્તર :- ધૂળેય નથી. કોણ કહે છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાંઈ નહિ, ધૂળેય ન મળે. હમણા કહ્યું હતું. અમારે અહીંયાં છે ને પોપટભાઈ.

મુમુક્ષુ :- એ વાપરીએ.

ઉત્તર :- વાપરે કોણ? વાપરેમાં કોણ વાપરે? અભિમાન કરો. એ તો જડ છે. રાગ છે રાગ. એ રાખવામાં રાગ, મેળવવામાં રાગ, વાપરવામાં રાગ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ કરે શું? એ તો કરે છે. એ તો અનાદિથી કરે છે. એમાં નવું શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તો રખડે. અનાદિથી રખડે છે, એ તો વાત છે. માટે કહે છે, રખડશે. હમણાં પોપટભાઈને કહ્યું હતું. બપોરે નહોતું કહ્યું? ઓલા બધા આવ્યા હતા ને? આ પોપટભાઈના છે ને સાળા? આ પોપટભાઈ બેઠા છે ને? એના સાળા પાસે ચાલીસ કરોડ રૂપિયા છે. આ બેઠા સામે જુઓ બેઠા. ચાલીસ કરોડ. એક દિ'ની એક લાખની આમદની. અને એક અબજનું હમણાં એલ્યુમિનિયમ નીકળ્યું એની પાસે. ગોવામાં છે ગોવામાં. આ તો પાંચ-દસ લાખ, વીસ લાખવાળા હશે. ઓલો તો મોટો ચાલીસ કરોડવાળો છે. આ એના બનેવી બેઠા જુઓ! ઓલી કોર બેઠા. આ બેઠા. આ એના મામાના દીકરા. આ એને સગા ફઈના દીકરા અને એનો એ મામાનો દીકરો છે સગો. આમનો સગો મામાનો દીકરો. ગોવામાં ચાલીસ કરોડ. શાંતિલાલ ખુશાલ. એક દિ'ની એક લાખની આમદાની. પચાસ હજાર મજૂરી જાય અને પચાસ ઘરે રહે એક એક દિ'માં. સોમચંદભાઈ!

મુમુક્ષુ :- સુખી કેટલા બધા.

ઉત્તર :- દુઃખીના દાળીયા હતા. હમણા કીધું. દુઃખી, દુઃખી ને દુઃખી. હેરાન, હેરાન છે.

મુમુક્ષુ :- સુખથી ધર્મ થાય એટલું તો...

ઉત્તર :- ધૂળમાંય નથી ધર્મ. મરી જાય નહિ. પુણ્ય થશે. એને ધર્મ માને અને એનાથી લાભ માને તો મિથ્યાત્વનું પાપ મોટું છે.

મુમુક્ષુ :- પુણ્ય ભેગું..

ઉત્તર :- પુણ્ય ભેગું. મીંદડું કાઢતા ઊંટડુ પેઠું. સમજાણું કાંઈ? એ વાત સાંભળી છે

કે નહિ?

એક ડોસી હતી, ડોસી. એક ડોસી હતી. ડોસી સમજો છો? બુઢિયા. એક ડોસી હતી. એ ઘરમાં એકલી હતી. વાડો હતો એના મકાનની પાછળ. વાડો હતો વાડો. વાડો સમજો છો ને? થોડી ખાલી જગ્યા. તો એમાં કાંટાની વાડ નાખી હતી. કંપાઉન્ડમાં કાંટા નાખ્યા હતા. એમાં એક કોર મીંદડુ મરી ગયું. મરી ગયેલી અંદર. હવે એને થયું, હરિજનને કહેશું તો માણુ માંગશે, પાંચ શેર દસ શેર અનાજ માગે. તો ખાનગી કોઈને કહ્યું નહિ. ટોપલો લઈ.. શું કહેવાય? ચૂલામાંથી રાખ કાઢી ત્યાં જઈ અને શું કહેવાય એ? દરવાજો નહિ પણ ઝાંપો. ઝાંપો ખોલ્યો એટલે ઓલી લેવા ગઈ. ત્યાં એક ઊંટડું ફરતું હતું મરવા જેવું બહાર ફરતું હતું. એ અંદર ગઈ જ્યાં માથે લઈને નાખવા ગઈ તો ઊંટડું અંદર ગર્યું. ઊંટડું ઊંટડું સમજ્યા? ઊંટ. માંદુ હતું ને ગર્યું ને પડ્યું ને મરી ગયું. મીંદડું કાઢતા ઊંટડું પેઠું.

મુમુક્ષુ :- હવે તો હરિજનને ઝાઝા પૈસા દેવા પડશે.

ઉત્તર :- હાય હાય. ઓલી બાઈ આવી. શેઠ! ઓલી બાઈ આવી પછી. ડોસી-બુઢિયા. આ શું? હવે? આ કાંઈ ઉપાડાય નહિ. ચાર મણ ઘઉં દેવા પડશે, ચાર મણ .. (દેવા પડશે). હાય હાય! મારી નાખ્યા. એ કરતા મીંદડી.. ઝાંપો બંધ રાખ્યો હોત ને. પણ હવે શું? હવે દે. એમ અહીંયાં પુણ્યના પરિણામમાં ધર્મ માનતા મિથ્યાત્વનું ઊંટડું પેસે છે.

મુમુક્ષુ :- માનવામાં તો કાંઈ વાંધો નથી ને.

ઉત્તર :- માને છે ક્યાં એ હજી?

મુમુક્ષુ :- પુણ્યથી ધર્મ ન થાય એમ માનવામાં શું વાંધો?

ઉત્તર :- એ માનવામાં વાંધો છે કે અમે નથી કરી શકતા માટે માનવું નહિ.

મુમુક્ષુ :- ... પણ પુણ્યથી ધર્મ નથી એમ માનવામાં શું વાંધો છે?

ઉત્તર :- માનવામાં શું વાંધો છે. માનો તો ખરા પહેલા. શ્રદ્ધા તો કરો. વીતરાગ કહે છે, પહેલી શ્રદ્ધા કરો.

મુમુક્ષુ :- પુણ્યથી ધર્મ ન થાય એમાં વાંધો શું છે?

ઉત્તર :- પુણ્ય હો. હો તો ભલે. એમાં શું છે? ધર્મની રીત બીજી છે. દુનિયા માને એવી નથી.

મુમુક્ષુ :- પુણ્ય કરવું નહિ અને ધર્મ માનવો.

ઉત્તર :- એનાથી લાભ માનવો. બીજું કરી શકતા નથી માટે એમાં કંઈક લાભ માનવો એમ. એક નિર્ણય શ્રદ્ધા તો કરો કે પુણ્યથી ધર્મ થતો નથી. શેઠ!

મુમુક્ષુ :- પુણ્યથી ધર્મ ન થાય એનો અર્થ પુણ્ય નહિ કરે એમ...

ઉત્તર :- એ તો આવશે. સમ્યગ્દૃષ્ટિને તો પુણ્ય આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- પુણ્યવાળા મિથ્યાદૃષ્ટિને તો ઘણું મોટું હોય.

ઉત્તર :- પણ મૂળ વાત ઈ છે, અંદર રુચતું નથી. ખરેખર તો જે વાત આત્મા તરફ વળવી (જોઈએ) એ વાત ગોઠતી નથી.

મુમુક્ષુ :- અનાદિથી ચાલતું આવે છે.

ઉત્તર :- અનાદિથી અનાદર કર્યો. આનંદઘનજી કહે છે ને. આનંદઘનજી કહે છે, સમજ્યા? 'દ્વેષ અરોચકભાવ.' આત્મા.. એ વાત ચાલે છે ને અહીં? વાત્સલ્ય. આત્મા અનંત ગુણનો પિંડ શુદ્ધ ચૈતન્ય છે એનો પ્રેમ નથી અને રાગ પુણ્યનો પ્રેમ છે, એ આત્મા પ્રત્યે દ્વેષ છે. એમ ભગવાન આત્માને માટે વીતરાગદેવ એમ કહે છે. કહો, સોમચંદભાઈ! એય.. મણિભાઈ! આ બાપાને સમજાવવું પડશે હળવે હળવે.

મુમુક્ષુ :- બાપા સમજે માટે વાત તો રજુ કરે..

ઉત્તર :- વાત તો મૂકે. આ માનવું પડશે, આ પહેલી ઓળખાણ કરવી પડશે. એ માને, પહેલું માને તો એની ગતિ આગળ વધશે. અમે આ કરી શકીએ, એમાં બીજું નથી કરી શકતા. પણ શ્રદ્ધા તો કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માને છે ઊંડે ઊંડે. એને પુરુષાર્થ.. સારી વાત લાગે ને એને. આહાહા..! રાગમાં પુણ્ય નહિ. સ્વભાવની દૃષ્ટિ કરે તો ધર્મ છે, રાગમાં ધર્મ નહિ એવી શ્રદ્ધામાં એને ઉલ્લાસ આવે. સમજાણું કાંઈ? કંટાળો ન આવે. એવી વાત છે.

જુઓને! આ આચાર્ય શું કહે છે? વાત્સલ્ય. ઓહોહો..! જેને પુણ્યમાં વાત્સલ્ય છે એ તો રાગ છે, એ તો વિભાવ છે, એ તો જડ છે. પોતાના સ્વભાવ પ્રત્યે વાત્સલ્ય નથી. ધર્મીને પોતાના ગુણ પ્રત્યે વાત્સલ્ય છે. ધર્મ આવે છે. પુણ્ય આવે, વાત્સલ્ય-પ્રેમ નથી. ઉદાસભાવે આવે. તો જ્ઞાનીને નિર્જરા થાય છે અને ધર્મ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૨, મંગળવાર તા. ૨૨-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૩૫-૨૩૬, પ્રવચન-૩૧૫**

નિર્જરા અધિકાર ચાલે છે. એમાં સમ્યગ્દૃષ્ટિનું સાતમું ચિહ્ન-લક્ષણ-આચાર શું છે એ ચાલે છે. ધર્મીની દૃષ્ટિ પોતાના જ્ઞાયક સ્વભાવપણે હોય છે. એ પહેલા લીધું છે.

ધર્મી ચાર ગતિના ભય-ડરવાળો હોય છે. ચાર ગતિના ભયનો ડર છે, રખડવાનો. બીજો ભય નથી. સમજાણું કાંઈ? અરે..! આવે છે ને એ? યોગસારમાં આવે છે. ચાર ગતિ દુઃખથી ડરી.. આવે છે કે નહિ? ચાર ગતિના દુઃખથી જેને ત્રાસ (લાગ્યો હોય) અરે..! ક્યાં મારો ઉતારો થશે? પ્રથમ એને ધર્મની દૃષ્ટિ થવા પહેલા પણ એ ભાવ હોય. સમજાણું કાંઈ? ચાર ગતિ ચોર્યાસીના અવતાર પરતંત્ર દશા. ક્યાં કયે સ્થાને જઈશ અને શું થશે? એવો ભય અંદર આવ્યા વિના આત્મા તરફનું વલણ એને ન થાય. સમજાય છે કાંઈ?

ભવભ્રમણથી ડરે, ભવભ્રમણથી ડરે. આમ નિર્ભય પોતાના સ્વરૂપમાં છે. સમજાણું કાંઈ? એમ ન માને કે મારું શું થશે? જે થવાનું હશે તે થશે. ચાર ગતિમાં ક્યાંય પણ ભવ કરવો એ દુઃખરૂપ છે. ભવ કરવો એ દુઃખરૂપ છે. મારી ચીજમાં કેવી ચીજ છે? કે હું તો અનંત જ્ઞાન, દર્શન, આનંદ છું. ભવનો અંત કરવાની ચીજ હું છું. સમજાણું કાંઈ? ધર્મીને સમ્યગ્દૃષ્ટિને... પહેલા લીધું ને? સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ ધર્મ કરનાર કેવો હોય? જ્ઞાયક એક ભાવપણે. હું તો ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છું. વસ્તુ... વસ્તુ.. ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ છું. એમ અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતાને કારણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાથી.. જુઓ ભાષા! અર્થમાં તો એમ લીધું છે કે ત્રણ સાધકો. એ ત્રણ સાધન છે.

આત્મા પવિત્ર જ્ઞાયકભાવ એની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એ મોક્ષમાર્ગના સાધન છે અથવા મોક્ષનું એ સાધન છે. સમજાણું કાંઈ? '**साहूण**' છે ને અંદર? '**साहूण**' એનો અર્થ કર્યો છે ને ત્રણનો. સાધકો. સાધનો પ્રત્યે. અથવા પછી એના આધાર ત્રણ લીધા. ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ જ્ઞાનની મૂર્તિ એને ક્યાંય સુખ નથી. ક્યાંય સુખ નથી. ક્યાંય પ્રીતિ ધર્મીને લાગતી નથી. પોતાના આનંદ સ્વરૂપ સિવાય ક્યાંય પ્રીતિ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો માર્ગ પ્રત્યે પ્રીતિ કહે છે. પણ એ માર્ગ પ્રત્યે પ્રીતિનો અર્થ હું શુદ્ધ જ્ઞાન ચૈતન્ય છું, અનંત આનંદાદિ છું. એવી જો અંતર દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા (કરે), એમાં જેની વાત્સલ્યતા, ભક્તિ, પ્રેમ જેને લાગ્યો છે. સમજાણું કાંઈ?

ધર્મીને શુભભાવ પ્રત્યે ભક્તિ ને પ્રીતિ છે નહિ, એમ કહે છે. છે નહિ. સમજાણું કાંઈ?

જે ભવનું કારણ છે એમાં પ્રીતિ કેવી? અને જે ભવના અભાવનું કારણ છે એવું પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ. અભેદ શબ્દ લીધો છે ને જુઓ અહીંયાં. અભેદ બુદ્ધિથી. ભગવાન! સૂક્ષ્મ વાત તો છે. કદી એણે સાંભળી નથી, એણે લીધું જ નથી. ચાર ગતિમાંથી ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ? શું થશે? કોઈ શરણ નથી ક્યાંય. સમજાણું કાંઈ? આંખ મીંચીને જો સાધન ન કર્યું તો ક્યાં જઈશ? કોઈ શરણ નથી. સમજાણું કાંઈ?

ચોર્યાસી લાખના અવતાર, અનંત અનંત યોનિ, આદિ અંત વિના એમ ને એમ સંસાર પડ્યો છે. જીવ અનાદિ કાળ અનાદિ સંસાર. અનાદિ આવે છે ને? ત્રણ બોલ આવે છે ને? યોગસાર. સંસાર ચોર્યાસીના અવતાર. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચો ઈન્દ્રિય, પંચેન્દ્રિય ક્યાં અવતાર? અરે..! મારી ચીજમાં આ શું? સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વરૂપમાં પ્રીતિ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને લીનતા એવા નિશ્ચય મોક્ષમાર્ગમાં ધર્મીને પ્રીતિ, ભક્તિ અને ભજન છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાંય ધર્મીને રુચિ બીજે લાગતી નથી. પોતાનું શુદ્ધ સ્વરૂપ એના શ્રદ્ધા-જ્ઞાન અને લીનતામાં પ્રીતિ જ્ઞાનીને છે. ધર્મીની પ્રીતિ ત્યાં છે, વાત્સલ્યતા ત્યાં છે, ભક્તિ ત્યાં છે, ભજન ત્યાં છે અને એકાગ્રતા ત્યાં છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચાહે તો ચક્રવર્તી પદ હો કે બહારમાં ઈન્દ્રપદ હો. ધર્મીને ક્યાંય પ્રીતિ નથી. એક પ્રીતિ ધર્મી એવો આત્મા, એનો જે ધર્મ નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સત્ય નિશ્ચય, હોં! એ કારણે શબ્દ લીધો ને?

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ...**' જુઓ! એકલો નિશ્ચય લીધો. સૂક્ષ્મ વાત છે. કદી પરિચય કર્યો નથી, અંતર્મુખ શું ચીજ છે એ તરફનો ઝુકાવ કદી કર્યો નથી. શું ચીજ છે, શું કહે છે એને એમ લાગે કે આ શું? અમને આ સમજાતું નથી, ન સમજાય એમ હોય? પહેલી શ્રદ્ધામાં તો ગુલાંટ ખાવી જોઈએને? અત્યાર સુધી જેટલું કર્યું, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ બધું પુણ્ય છે. મારા જન્મ-મરણ ટળવાનો ઉપાય એ નથી. અને જન્મ-મરણ ન ટળે એ કોઈ ચીજ જ નથી. સમજાણું કાંઈ?

અવતાર લેવા. ક્યાં અવતાર? કોઈ પાંચ દિ', પંદર દિ' ક્યાંક જંગલમાં ખોવાઈ જાય. ખોવાઈ જાયને શું કહે છે? ખો જાય. તો એને આહા..! ગુમ થઈ જાય. ક્યાં રસ્તો, ક્યાં બાવળ, ક્યાં કાંટા, કોણ હશે? ગામ કેટલું દૂર? એકલો અને દસ વાગ્યા હોય, ક્ષુધા લાગી હોય, ક્યાંય પત્તો ખાય નહિ. આ જંગલ આવ્યું, ક્યાં રસ્તો? શું થશે? કેટલી એમાં વ્યગ્રતા થઈ જાય? ક્યાંય રસ્તો છે? એમ ચોર્યાસીના અવતારમાંથી નીકળવાનો ધર્મીને ઘણો ઉત્સાહ છે. ચોર્યાસીમાં જવાનો ઘણો ડર છે. ભવભીરુ. આચાર્ય કહે છે ને? અમે તો ભવથી ભીરુ છીએ. આચાર્ય વીરસેનાદિ. અરે..! એક આચાર્ય એમ કહે છે, એક આચાર્ય .. ભવભીરુ.

એ કોઈ બે બોલને એક ન કરવો. સમજાણું કાંઈ? ધારણાના બોલમાં અંદર કોઈ ફેર થઈ જાય તો એક આચાર્ય એમ કહે.. ધારણા, હોં! મૂળ તત્ત્વમાં નહિ. તો બેમાં આ પણ સત્ય છે એમ કેમ કહીએ? અમે કેવળજ્ઞાની નથી. સંતો એ વાત કરતા આવ્યા છે. એવી વાત અમારા ખ્યાલમાં રહી ગઈ. તો ભવભીરુ પ્રાણીઓએ એમાં એકાંત ન લેવું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર ચૈતન્ય પિંડ જ્ઞાયકનો પિંડ પ્રભુ, એની અંતરની દૃષ્ટિ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એકાગ્રતારૂપ, એકતારૂપ અભેદતા. પોતાથી અભેદબુદ્ધિ. સમજાણું કાંઈ? એ નિશ્ચયરત્નત્રય કહ્યું છે. ધન્નાલાલજી! અહીં વ્યવહારરત્નત્રયની વાત પણ કરી નથી. પછી થોડું કહેશે. ... સમજાણું કાંઈ? મારું સ્વરૂપ રાગ રહિત, શરીર, કર્મ રહિત એવી હું ચીજ પૂર્ણ શુદ્ધ આનંદ છું. એવી અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતા (કરે). કહે છે કે પોતાની અભેદબુદ્ધિથી, પોતાના આત્માથી અભેદબુદ્ધિથી-એકપણાની બુદ્ધિથી. '**સમ્યક્પણે દેખતો હોવાથી,...**' સમ્યક્પણે આત્માને પોતાના અંતર દર્શન-જ્ઞાન-ચારિત્રથી અનુભવે છે એ જ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગમાં ધર્મીની પ્રીતિ લાગી છે. સમજાણું કાંઈ? ક્યાંય રુચિ જામતી નથી. ખોટી લાલચમાં, એની લાલચમાં લગની જાતી નથી. કોઈ પ્રતિકૂળતામાં ખેદ નહિ. અરે..! મારો આત્મા વીતરાગસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એવી અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા, પોતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિથી. આત્માથી ત્રણને અભેદબુદ્ધિથી. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ એ તો શુભરાગ ભેદ છે. એ ખરેખર સંવર-નિર્જરા સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? વાત્સલ્યમાં વ્યવહાર આવશે. સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સંત ધર્માત્મા એમના પ્રત્યે ધર્માત્માને વાત્સલ્ય હોય છે. શુભ વિકલ્પથી વાત્સલ્ય-પ્રેમ હોય છે. પણ એ શુભ વિકલ્પ છે. પુણ્ય-બંધનું કારણ એ વ્યવહાર વાત્સલ્ય છે. પણ જેને નિશ્ચય આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે વાત્સલ્યતા, ભક્તિ, પ્રેમ છે એને એવું વાત્સલ્ય છે, એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, સોમચંદભાઈ! સોમચંદભાઈ કહે આ નહિ વાંચતા હોય? સવારમાં કહેતા હતા. વાત સાચી એની, હોં! શબ્દ એવો હતો ને સવારમાં. આ નહિ વાચંતા હોય? કેટલું સરસ!

એ ભગવાનની વાણીમાં... આહાહા..! ચૈતન્ય શુદ્ધ પ્રભુ એવો આદર કર. એમ વાણીમાં આવ્યું હતું. જુઓને એક વાત. સમજાણું કાંઈ? ત્યારે ભાઈ બોલ્યા હતા ને કાંઈક શબ્દ. આ શું.. વાત સાચી. એમ કે આવું સ્પષ્ટ છે અને આ વાત કેમ ખ્યાલમાં આવતી નથી? મણિભાઈ! એ વાત રુચિ નથી. શાસ્ત્રના ભણનારાને પણ એ વાત રુચિ નથી. વાત આ કરવું... આ કરવું.. આ કરવું...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુકાતી નથી. એ વાત સાચી. વાત તો એમ છે. અહીં રુચિ નથી અને ઓલી પક્કડ છોડાતી નથી.

આ કીધું, શ્રદ્ધા તો કરો, શ્રદ્ધા તો કરો પહેલા. દિશા તો બદલો કે પરને લક્ષે જેટલો રાગ ઉત્પન્ન થાય એની રુચિ છોડવા લાયક છે. સમજાણું કાંઈ? એક આત્મા જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ અંતર સ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતામાં પ્રીતિ કરવા લાયક છે. એ દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરવા લાયક છે. એવી શ્રદ્ધા તો કર. પહેલી શ્રદ્ધા બદલો. શ્રદ્ધા કરી શકે નહિ? સમજાય છે કાંઈ? આ જ માર્ગ છે, બીજો છે નહિ. અને એનાથી કોઈ વિરૂદ્ધ કહે તો માને નહિ. એટલું તો પાકું થવું જોઈએ ને. એનાથી વિરૂદ્ધ કોઈ કહે તો એ માર્ગ નહિ, માર્ગ નહિ. સમજાણું કાંઈ? અને વિરોધ કરનારા, સત્યથી વિરૂદ્ધ માનનારનો સંગ કરવાનો પણ ભાવ રહેતો નથી એને. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- વિરોધ કરવાવાળા હોય એને સમજાવવા જવાય.

ઉત્તર :- પોતે સમજે કે સમજાવવા જાવું છે? કોને સમજાવવા જાય? એને ગરજ હોય તો આવે નહિ સાંભળવા. સમજાવવા શું જાય ત્યાં. સમજાણું કાંઈ? અહીં તો આત્માની વાત છે, ભાઈ! બીજા સમજે ન સમજે એની સાથે કોઈ સંબંધ નથી. આખી દુનિયા કોઈ દિ' એક વિચારમાં થઈ નથી. ભગવાનના વખતમાં પણ એક વિચારવાન હતા નહિ, તો અત્યારે તો ક્યાંથી થાય?

અહીંયાં તો કહે છે આચાર્ય ભગવાન પંચમ આરાના મુનિ. ભાઈ! '**जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण**' પાઠ એવો છે ને. પોતાનો પરમાત્મા આનંદસ્વરૂપ એમાં પ્રીતિ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એમાં લીનતાનો પ્રેમ કર. એનું સાધન પોતાના શુદ્ધ પરમાત્માનું સાધન. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સાધન છે. એ સાધક છે. એ છે ને એમાં? જુઓ! અન્વયાર્થમાં છે. અન્વયાર્થ. '**મોક્ષમાર્ગમાં રહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો-**' ત્રણ સાધનો. એ નિર્મળ પર્યાય ત્રણ સાધક અને સાધન છે. અન્વયાર્થમાં છે, અમરચંદભાઈ! અન્વયાર્થમાં છે. '**(અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ-એ ત્રણ સાધુઓ પ્રત્યે)...**' સંત ધર્માત્મા જ્ઞાન, દર્શન. સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્ર નિશ્ચયરત્નત્રયમાં પરિણત છે એમના પ્રત્યે વાત્સલ્ય-પ્રેમ એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? અને બીજી પ્રીતિ છૂટી જાય છે. એ ધર્મી છે તો હું સંગ કરું એવી પ્રીતિ રહેતી નથી. વિરૂદ્ધ જેની શ્રદ્ધામાં છે, માન્યતા જેની વિરૂદ્ધ છે એનો સંગ કરવાનો ધર્મીને વિકલ્પ પણ આવતો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે આ ત્રણ.. પોતાના સ્વરૂપનું સાધન. લ્યો. આ સાધન કહે છે ને લોકો? કે વ્યવહાર સાધન છે કે નહિ? તો ખુલાસો કરે છે કે ભાઈ! વ્યવહાર સાધન તો છે નહિ એને કહે એનું નામ સાધન છે. નિશ્ચય સાધન તો આ છે. સમજાણું કાંઈ? હમણાં ભાઈ આ ચંદુભાઈ ગયા. અમદાવાદ ગયા ને તમારે? પોકાર કરતા હતા અંદરથી. ત્રાસ થાય છે સંસારનો. ચંદુભાઈ. ત્રાસ થાય છે. હાય.. હાય.. ક્યાં જાશું? જેઠાભાઈ! ભવનો ક્યાંય અંત નહિ લાવે તો શું થશે? એ કાંઈ બહારથી મળી જાય અને કોઈ આપી દે એવી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક ક્ષણમાં પૂર્ણાનંદથી ભરેલો એની અંતરમાં રુચિ, જ્ઞાન અને રમણતા. રુચિ, જ્ઞાન અને રમણતા એમાં પ્રીતિ અને ભક્તિ. એનાથી વિરુદ્ધ જો કોઈ શ્રદ્ધાવાન આદિ હોય તો એના પ્રત્યે પ્રીતિ, ભક્તિ, રુચિ થતી નથી. એમ લઈ લેવું. સમજાણું કાંઈ?

'**સમ્યક્પણે દેખતો (-અનુભવતો) હોવાથી,...**' એમ પણ આવ્યું કે આત્મા પવિત્ર ધામ ભગવાન અનંત અનંત ગુણની રાશિ. એની અંતરમાં પ્રીતિ, શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા એ સિવાય બીજામાં જ્ઞાનીને પ્રીતિ નથી, પ્રેમ નથી. વેશ્યાના પ્રેમ જેવો પ્રેમ થઈ જાય છે. સમજાણું કાંઈ? ક્યાંય પ્રેમ-રુચિ જામતી નથી. સમજાણું કાંઈ? અભેદ બુદ્ધિથી સમ્યક્તયા. સમ્યક્તયા ભાષા છેને? બરાબર, જેમ છે તેમ. ભગવાન આત્મા પોતાના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એને સમ્યક્તયા અનુભવે છે. પ્રીતિ કરીને, ભક્તિ કરીને દેખે છે. માટે તેને '**માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...**' સમજાણું કાંઈ?

અન્યમતિમાં આવે છે ને? મીરાનું કહ્યું હતું ઘણીવાર. મીરાંબાઈ પરણી હતી. લગન કર્યા પછી એને અંદરથી ભક્તિ થઈ ગઈ હતી ઈશ્વરની. એવી ભક્તિ થઈ તો એનો પતિ રાજા હતો રાણો. રાજા. રાણો આમ આમંત્રણ કરે છે કે રાણી, ચાલને ઘરમાં. ભક્તિનો પ્રેમ છે હોં! લોકો તો કેટલાક કહે ગાંડા હતા, ફલાણા હતા. લોકોની પ્રકૃતિ એવા પ્રકારની હોય છે ને પોતાની ઉંચાઈ આડે કોઈની ભક્તિની ઉંચાઈ હોય એ એને ગોઠતી નથી. સમજ્યાને? એને ઈશ્વરની ભક્તિ હતી. ગાંડા નહોતા એ હોં! વસ્તુ ખોટી, દૃષ્ટિ ખોટી. સમજાણું? પણ અંદરમાં.. શ્રીમદ્દે કહ્યું. મીરાંબાઈની ભક્તિ.. ભાઈ લખ્યું છે એમાં એ. હેતુ છે એનો. એ ગાંડા નહોતા. નહિતર કેટલાક કહે એ તો ગાંડાનો મગજ ફરી જાય એવું હોય છે. મૂરખા છે. સમજાણું કાંઈ? એને પણ એ ભક્તિ હતી એ જાતની. મિથ્યાદૃષ્ટિ હતા, હોં! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિની પ્રીતિ જ્યાં જાગી છે એની પ્રીતિ કોઈ બીજા લલચાવીને લઈ શકે એવું છે નહિ. સમજાણું કાંઈ? મીરાંબાઈને રાજા આમંત્રણ (આપે છે). મેં જોયેલું ભાઈ આ નાટક.

એવું યાદ છે. સંસારમાં ભરૂચમાં. ૬૬ની સાલની વાત હશે. સંવત્ ૧૯૬૬. સાધુ આવ્યા હતા સ્થાનકવાસીના. અમે સ્થાનકવાસી હતા ને મૂળ તો. સાધુ આવ્યા હતા. અમારું ઘર ત્યાં પ્રસિદ્ધ, પાલેજમાં. એટલે અમારે આસપાસમાં લેવા જવું પડે. કોઈ હતું નહિ ને ત્યાં. અને અમે માણસ ઘણાં. એક રસોડે ત્રીસ માણસ. રસોડું મોટું બધું. બીજા સાધુ (આવે). અને હું નાની ઉંમરમાં ભગત કહેવાતો, નાની ઉંમરથી. એવા સાધુ આદિને લેવા જાવું-કરવું. એમાં એક ફેરી ગયા લેવા. હું અને અમારા ફાવાભાઈ હતા. ફાવાભાઈ ગુજરી ગયા ને. ત્યાં સાધુનો પત્તો લઈ લીધો. ભરૂચ છે ને સ્ટેશન? એની સામે ધર્મશાળા છે ત્યાં ઉતરેલા. પહેલા તો કબીરવડ છે નહિ? કબીરવડ મોટું. ઘણી તપાસ કરી પણ પછી કાંઈ... ઠીક ત્યારે કીધું હવે આપણે વખત છે અને પત્તો ખાધો હવે. ચાલો જોઈ આવીએ. મીરાંબાઈનું નાટક જોયું હતું. પણ એ વખતનો વૈરાગ્ય દેખ્યો. વૈરાગ્ય એવો થઈ ગયો હતો એ વખતે, હોં! રાણા કહે છે રાણો, એય.. મીરાં! આવ તો ખરી ઘરમાં. 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહીં રે બાંધું.' મીંઢોળ હોય છે ને મીંઢોળ.

પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહીં રે બાંધું.
નહી રે બાંધુ રે રાણા નહી રે બાંધું,
પરણી મારા પરમેશ્વરની સાથ બીજાના...

મીંઢોળ સમજો છો? મીંઢોળ નથી સમજતા? આ પરણે ત્યારે કંકડ બાંધે છે. આ દોરડી બાંધે ને ધૂળની ઓલી લાખની. દોરો અને પાછો એની સાથે કંકણ. હે રાણા! મને તો પ્રેમ પરમેશ્વરનો થયો છે. મને ક્યાંય પ્રેમ થતો નથી. હું તો... 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' મને ગાંડી કહેવી હોય તો કહે, પણ થઈ છું તો ઘેલી એ સાચી વાત છે. સમજાણું કાંઈ? સાધુના સંગ હતા. વૈરાગી સાધુ કેટલાક હતા હોં પહેલા તો. આ તો બધા સમજવા જેવા. એવા તો નાટકમાં પાડે. એવા વૈરાગ્ય. એકવાર તો વૈરાગી હોય એને તો એવી ધૂન ચડી જાય કે આપણે આવા થઈ જઈએ. એ વખતે એવું અંદર (થઈ ગયું હતું). સમજાણું? 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' ગાંડી થઈ છું. મારા પરમેશ્વરના પ્રેમ આડે મને કાંઈ સૂઝ પડતી નથી.

એમ ધર્મીને આત્માના દર્શન-શ્રદ્ધા અને જ્ઞાન એના પ્રેમ આગળ કોઈ પ્રેમ લઈ શકતું નથી. સમજાય છે? એ કાંઈ વાતું નથી, બાપા! સમજાય છે કાંઈ? જેને જેની લગની લાગી એ લગનીને કોણ તોડવા સમર્થ છે?

કહે છે, એવી '**મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે,...**' એ ભાષા લીધી છે ને?

સમજાણું કાંઈ? આહાહા..! '**स्मादभेदबुद्धया सम्यग्दर्शनान्मार्गवत्सलः**' એટલો એનો અર્થ કર્યો. લાંબો કર્યો. નહિ? પાઠમાં તો આટલો છે. '**सम्यग्दर्शनान्मार्गवत्सलः**' અત્યંત શબ્દ નથી આવ્યો. અતિ પ્રીતિવાળો. ઓલા વાત્સલ્યનો અર્થ કર્યો છે. એટલો કર્યો છે. '**सम्यग्दर्शनान्मार्गवत्सलः**' સમજાણું કાંઈ? પહેલું આવ્યું છે ને આખું. '**ज्ञायकभावमयत्वेन सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्मादभेदबुद्धया सम्यग्दर्शनान्मार्गवत्सलः**' એવા દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રત્યે સમ્યક્ પ્રત્યે અનુભવમાં જેની અતિ પ્રીતિ લાગી છે. સમજાણું કાંઈ? પછી વાત્સલ્યનો અર્થ અતિ પ્રીતિવાળા કર્યો. નીકળે છે? વત્સલનો અર્થ જ અતિ પ્રીતિ? વત્સલનો અર્થ અતિ પ્રીતિ. વાત્સલ્યનો અર્થ પ્રેમ.

વાછરડા ઉપર પ્રેમ હોય છે ને? વાછરડું સમજો છો? ગાયનું બચ્ચું. વાછરડા ઉપર ગાયને ઘણો પ્રેમ હોય છે. એમ ધર્માત્માને પોતાના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ ઉપર ઘણો પ્રેમ છે. આહાહા..! કહે છે કે વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થાય છે ધર્મીને, હોય, પણ પ્રીતિ અંદરમાં લાગી છે એવી પ્રીતિ વ્યવહારમાં આવતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને જેને રાગ અને પરમાં પ્રીતિ લાગી છે એને ભગવાન આત્મા પ્રત્યે તો દ્વેષ થઈ ગયો છે. આહાહા..! ક્યાંય પણ એને સુખબુદ્ધિ ઉત્પન્ન થાય... સમજાણું કાંઈ? તો આત્મામાં આનંદ છે એના ઉપર એને દ્વેષ થઈ ગયો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. ભાઈ! એને ખબર ક્યાં છે? એ શું ચીજ છે? અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદના સ્વાદના એક અંશના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન સમ્યક્ધર્મીને સડેલા તરણા લાગે. એમ પરાણે હઠ દઈને માને, વિષય સેવે નહિ, ઈ આ વાત નથી. સમજાણું કાંઈ? વાત્સલ્ય કરે છે. '**વાત્સલ્યભાવયુક્ત સમ્યગ્દષ્ટિ જાણવો.**' પાઠ એટલો. હવે અર્થમાં.

'**તેથી માર્ગ વત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે, તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી થતો...**' દેખો! એ માર્ગની અપ્રાપ્તિ. એનાથી જે નુકસાન થાય છે એવું નુકસાન-બંધ એને થતો નથી. ભાષા તો બહુ કરી છે. પ્રત્યક્ષ ન થવું. સ્વરૂપના જ્ઞાનનું, આનંદનું પ્રત્યક્ષ ન થવું એનાથી જે નુકસાન હતું, એ જ્ઞાનીને હોતું નથી. આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન અને આનંદનું પ્રત્યક્ષ વેદન છે. આહાહા..! ઝીણી વાતું એટલે માણસને.. બાપુ! જન્મ-મરણના અંતની તો આ વાત છે. બાકી જન્મ-મરણ ન મટે અને ચાહે તો સ્વર્ગ મળે, મરીને નરક, ઢોરમાં જશે. શેઠ! સ્વર્ગમાં બીજા દેવલોકનો દેવ હોં! બીજા દેવલોકને. સુધર્મ, ઈન્દ્ર નહિ. એ તો સમકિતી છે. પણ બીજા સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ (જાય).

એવી બબ્બે સાગરની સ્થિતિ સ્વર્ગની. કોઈ પુણ્યને કારણે ઊપજે છે. પણ જ્યાં પુણ્ય ક્ષય થયું, દૃષ્ટિનું ભાન નથી, તત્ત્વની ખબર નથી એ ત્યાં મરીને પૃથ્વીમાં ઊપજે. એ સ્વર્ગનો પહેલા દેવલોકનો દેવ પૃથ્વી હીરા અને માણેકમાં જઈને ઉતરે. પાણીમાં ક્યાંય સુગંધી પાણી હોય ત્યાં ઊંચા પાણીમાં જાય. સાધારણમાં ન જાય. ઊંચામાં એટલું તો જરી પુણ્ય રહ્યું છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા હા. એવો ઊંચામાં. શાસ્ત્ર એમ કહે છે, શાસ્ત્રમાં એમ છે. સાધારણ પત્થરમાં ન જાય. વનસ્પતિમાં પણ સાધારણમાં આવામાં ન જાય. હમણા કીધું છોકરાઓને. .. સ્વર્ગમાં જાય? કીધું હા. પણ આ ઊગે એમાં ન આવે એ. એ તો કોઈ ગુલાબનું ફૂલ હોય કે એ આવે છે ને મોગરાના ફૂલ. એ દેવ મરીને ત્યાં જાય. બીજા સ્વર્ગના દેવ, જેની બે સાગરની સ્થિતિ, જેના એક સાગરોપમમાં અસંખ્ય અબજ (વર્ષ) જાય. અથવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. અને એક પલ્યોપમ.. દસ ક્રોડક્રોડી પલ્યોપમ. એમાં એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. પણ એટલું શું? એ તો અસંખ્ય છે, થોડું આટલું છે. સ્થિતિ પૂરી કરી. પુણ્ય કર્યું હતું, આત્માનું દર્શન-શ્રદ્ધા, અનુભવ નહિ. એ વિના એકલા દયા, દાન, ભક્તિના પુણ્ય કર્યા. સ્વર્ગમાં ગયો, મરીને વનસ્પતિમાં જાય. હાય.. હાય..! મરે ત્યારે ઓરતો થાય હોં એને. માળા કરમાય. હાય. હાય..! ક્યાં જઈશ હું? સમજ્યા? રોવે. પોપટભાઈ! એ દેવ રોવે. રોવેને શું કહે? રુદન કરે. માળા કરમાય, શરીર મોળું લાગે. જોડે કલ્પવૃક્ષ સૂકાતા દેખાય. આ શું થયું? બીજા દેવ કહે, સાહેબ! સ્થિતિ પૂરી થઈ લાગે છે. હેં..! બસ! કાળ તમારી સ્થિતિ અહીં રહેવાની પૂરી થઈ. અસંખ્ય અબજ વર્ષ, અસંખ્ય અબજ વર્ષ. એ તો જાણે કે અમર (છું). તેથી એને અમર કહે છે ને. દેવને અમર નામ અસંખ્ય અબજ (વર્ષનું આયુષ્ય). અહીં એક સો વર્ષ થાય ત્યાં તો મોટો ઘરડો આમ જાણે આહાહા..! કેટલા વર્ષ રહ્યા. હવે તો અહીંથી રસ્તો થાય તો ઠીક. બહુ દુઃખ હોય તો. સુખ હોય તો જીવનની આશા કરે. આ નહિ.. આ નહિ.. દુઃખ થાય છે. અરે..! ક્યાં જઈશું? મરીને બકરીને કૂંખે આવે. સમજાય છે? બકરીને કૂંખે આવે, પાણીમાં જાય, પૃથ્વીમાં જાય. બકરી સમજો છો? ઘેંટા. શું કહે છે? બકરી. એની કૂંખે બીજા દેવલોકનો દેવ. ભાઈ! જેણે જન્મ-મરણના અંત (આવે) એવું સમ્યગ્દર્શન કર્યું નહિ. એના પુણ્યની ક્રિયાનું ફળ કેટલું? બે સાગર જાય. સમજાણું કાંઈ?

'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો. સમકિત બિન ફેર પીછો પટક્યો.' સમજાણું કાંઈ? આ તો અમે સ્વાધ્યાય ત્યાં દુકાન ઉપર બોલતા ઘણીવાર, હોં! આપણને ખબર

નહિ દ્રવ્યસંયમ એટલે શું હશે? પણ આ કાંઈક કહે છે ખરું. એવું તો દુકાન ઉપર ૬૫-૬૬ની સાલમાં. સ્વાધ્યાય ચાર મોટી છે. અમે ઘરે રાખી હતી, ત્યાં દુકાન ઉપર રાખી હતી. એમાં આ આવતું. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' એમાં આવે છે. ચાર સ્વાધ્યાયમાળા આવે છે શ્વેતાંબરમાં. છે ને આપણે અહીં છે. અહીં વચ્છરાજભાઈના ઓલામાં છે. સમજાણું? એ દુકાનમાં બધી વાંચેલી. નાની ઉંમરમાં હોં! ૨૨-૨૨ વર્ષ, ૨૦ વર્ષની પહેલા. ..માં. કે આ દ્રવ્યસંયમ સે સમ્યક્ બિન. એક આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધાના ભાન વિના એણે એટલો સંયમ લીધો, પંચ મહાવ્રત લીધા, હજારો રાણીનો ત્યાગ કર્યો, સ્વર્ગમાં ગયો. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો..' આ તો મેં બીજા દેવલોકનું (કહ્યું) પણ ઓલો તો ગ્રૈવેયક. નવમી ગ્રૈવેયક (ગયો). આવે છે કે નહિ એ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો. આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.' ઢાળામાં આવે છે. છ ઢાળામાં. પણ વિચાર કોણ કરે છે? અર્થ પણ ઊંધા કરે. એ તો અભવિને માટે છે. અરે..! ભગવાન! શું કરે છે તું? અમારે તો એમ કે આ બધું દ્રવ્યસંયમ છે, આ જે સંયમ છે એ બરાબર નિશ્ચય છે. એનો લાભ જ અમને છે. અમારો ભાવ છે કે નહિ? પણ એ ભાવ તો તારો રાગ છે. સમજાણું કાંઈ? અશુભભાવ નથી. ભાવ છે રાગ, રાગ છે એ અશુદ્ધ છે. ભગવાન આત્મા ચિદાનંદ શુદ્ધ એની જ્યાં શ્રદ્ધા અને જ્ઞાનનું ઠેકાણું નથી, ત્યાં તારા શુભભાવ ક્યાં તુલનામાં આવે? ભાઈ! સ્વર્ગ દઈને પાડી નાખશે હેઠે. સમજાણું કાંઈ? નીચે પડી જઈશ. કોઈ શરણ નથી, કોઈ શરણ નથી. આહાહા..!

કહે છે કે ધર્મીને તો પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતામાં પ્રેમ છે. અતિ પ્રીતિવાળા. તેથી એને અપ્રીતિનો બંધ હોતો નથી. અપ્રીતિ એટલે આત્મા પ્રત્યે પ્રીતિ નહિ અને પર પ્રત્યે પ્રીતિ. એનો જે બંધ છે એ ધર્મીને એવો બંધ થતો નથી. નિર્જરા થઈ જાય છે.

'**ભાવાર્થ :- વત્સલપણું એટલે પ્રીતિભાવ. જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો...**' દેખો! મોક્ષમાર્ગ રૂપી પોતાનું સ્વરૂપ. સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય પોતાનું સ્વરૂપ જ છે. વ્યવહાર સમ્યગ્દર્શન આદિ રાગ એ કાંઈ પોતાનું સ્વરૂપ નથી. એ તો વિભાવ વિકાર છે. આહાહા..! લોકોને આ... અને દિવસ રહ્યા થોડા. કામ કરવું મોટું, એમાં પુરુષાર્થ ઘણો કરવો પડશે. આમ કાંઈ સાધારણ (પ્રયત્નથી) મળે નહિ. લોકો પણ એમ કહે છે, કણબી આદિ હોય ને? ખેતી કરે છે. ભાઈ! .. રહ્યા એમ કહે. અમારે દેશમાં. .. સમજો છો? થોડો સૂર્ય હોય ને? પછી રાશ એટલે આટલું. રાશવાર સુધી રહો. ... કામ સંકેલો. એમ કહે કણબી. રાશ સમજ્યાને? .. થોડો અસ્ત થયો, જુઓ રાશવાર.. ... આ એને

ભાઈ થોડા કાળ રહ્યા. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ .. ભગવાન! બહુ થોડા કાળ રહ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી.

મુમુક્ષુ :- ... સાધી લે એટલે સાધી લે.

ઉત્તર :- સાધી લે અને સાધવાનો કાળ છે તારો. આહાહા..! આત્મા એમ સમજણમાં, શ્રદ્ધામાં એમ લાવે પહેલા. પછી અનુભવ થાય એ વિના મુક્તિ થતી નથી. કહે છે કે...

મુમુક્ષુ :- ઘડી, બે ઘડી...

ઉત્તર :- ઘડી બે ઘડી તો કરી શકે છે. શું ઘડી બે ઘડી? હાથીને હોદ્દે... શાસ્ત્રમાં આવે છે એક વાત. પેલો રાજા નહિ? બહુ વાચ્યું હતું. મહારાજ હું હેઠે ઉતરીશ. સંથારો અહીં કરું. હાથીના હોદ્દા ઉપર હોં રાજા. લડાઈ કરતા કરતા. સમકિતી હતા, ધર્મી હતા. પછી લડાઈ થઈ તો એમાં હથિયાર ઘૂસી ગયું અંદર. હાથી ઉપર બેઠા હતા. હવે નીચે ઉતરે.. પરમાત્મા! હું અહીંયાં સમાધિ કરું છું. હું સંથારો કરું છું. મારી શક્તિ નીચે ઉતરવાની નથી. ધન્નાલાલજી! ત્યાં ... કેવળજ્ઞાન ન થાય પણ અંદર એકાગ્રતા તો થઈ શકે ને? હું અહીં બેસીને ધ્યાન લગાવું છું. મારું શાંતિથી મરણ થાય. મને નિર્વિકલ્પ શાંતિથી .. મારું સમાધિમરણ હું કરું છું. આ ઘડી બે ઘડી.

મુમુક્ષુ :- તાત્કાલિક.

ઉત્તર :- તાત્કાલિક. એમાં ક્યાં પ્રશ્ન છે? એ તો સંકેલે એટલી વાર છે. અંદર વસ્તુ પડી છે. ક્યાં નથી?

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય?

ઉત્તર :- અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન. એમાં શું છે? એમાં છે શું? પણ પુરુષાર્થની જેટલી ગતિ જોઈએ એટલી અહીં હોવી જોઈએ કે નહિ? સમજાણું કાંઈ?

**'જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો-અનુરાગવાળો હોય તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી, કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.'** દરેક ઠેકાણે છે.

હવે આઠમો (ગુણ). સમ્યગ્દૃષ્ટિનો આઠમો ગુણ-પ્રભાવના. લોકો હવે બહાર પ્રભાવના કરે છે. પેંડા વહેંચવા, ... વહેંચવા, જાત્રા કાઢવી, દસ હજાર, લાખ ખરચવા એ પ્રભાવના.

મુમુક્ષુ :- એ તો વ્યવહાર પ્રભાવના છે ખરી.

ઉત્તર :- પણ એ તો નિશ્ચય પ્રભાવના હોય અને એવો વિકલ્પ હોય તો શુભ પ્રભાવના કહેવામાં આવે છે. નિશ્ચયના ભાન વિના પ્રભાવના કેવી?

મુમુક્ષુ :- પૈસા પાણીમાં જાય?

ઉત્તર :- પૈસા ક્યાં એના હતા તે પાણીમાં ગયા? એય.. બાબુભાઈ! શેઠે કાઢ્યું હતું કે નહિ સિદ્ધવરકૂટનું? શોભાલાલ શેઠે કાઢ્યું હતું ને? શું કહેવાય? સંઘ કાઢ્યો હતો. શું પણ એમાં થયું? અહીં તો એવી વાત છે. એય.. શેઠ! .. આ સોળ લાખ અગિયાર દિ'માં ખર્ચ્યા. આ ગયા હતા ને જયપુર? કહ્યું એમને અમે તો. શું ગોદિકાજી? આ સોળ લાખ તમે ખર્ચ્યા છે? સોળ લાખ! માણસ તો રાડ નાખી જાય. બે કરોડ, પાંચ કરોડવાળો હોય તો સોળ લાખ નથી કાઢતો. હજી તો લાખ કાઢતા કાઢતા પરસેવા ઉતરે છે મલૂકચંદભાઈને. આ તો ... આવે. એનો બાપ સાંભળે છે. કેમ મલૂકચંદભાઈ! સોળ લાખ. કરોડ રૂપિયા એની પાસે હોય કે ન હોય એ કાંઈ બહુ નથી કોઈ કહેતું. સમજ્યાને? પણ પચાસ-સાંઈઠ લાખ હોય એમ કહે છે. અમારે એક ધીરૂભાઈ હતા. પાનાચંદભાઈના ભાઈ નહિ? એ વળી મેં પૂછ્યું હતું એક ફેરી, તમે ઝવેરાતના વેપારી છો. મેં .. પૂછ્યું. એની પાસે કેટલું લાગે છે? આ ખર્ચ્યા આટલા બધા! એ વળી એમ કહેતા હતા. એ કહે, મહારાજ! એને .. વેપાર છે. કરોડ નીકળે તો ના નહિ એમ કહેતા હતા. આ પાનાચંદભાઈ છે ને? એ ધીરૂભાઈને પૂછ્યું હતું. એને ધંધો છે ને એ? ઝવેરાતનો ધંધો છે. એ પૈસાવાળા છે. તમારે ઝવેરાતનો ધંધો છે એટલે કંઈ તમને અનુમાન લાગે કે આટલો ધંધો કરે એમાં? ૪૦-૫૦ લાખ, એક કરોડ નીકળે તો ના નહિ. અમારો વેપાર એવો છે. એમ કહેતા હતા. આપણે તો કો'ક કહે એ વાત સાંભળીએને.

પણ એટલી તાકાત સોળ લાખ ખર્ચે પણ, જો ભાઈ! તમને એમાં રાગની મંદતા જેટલી થઈ એટલું પુણ્ય થશે. સંવર-નિર્જરા નથી, ધર્મ નથી. પુણ્ય. કહ્યું એને, એ કહ્યું. આ તમે કર્યું છે? આ જડની ક્રિયા છે, પરની ક્રિયા છે. મહારાજ! હું ક્યાં કહું છું? એમ બોલે, હોં! મહારાજ! હું ક્યાં કહું છે કે મેં કર્યું. બહુ નરમ માણસ. ડંફાસ નહિ. સોળ લાખ (ખર્ચ્યા) પણ ડંફાસ નહિ. સૌની સાથે જમવા બેસી જાય. ઘરે રાંધવાનું બંધ કરે તે દિ'. આવો મોટો શેઠિયો જેને ઘરે ૩-૩, ૪ લાખનું મકાન આરસપહાણનું. અમે ત્યાં ઉતર્યા હતા ને. સૌની સાથે જમવા બેસી જાય. સમજ્યા? અને કેટલો ખર્ચ અને એ તો જરી ઓલી કલમ નડી. ૧૪૪ની. નહિતર એને તો કેટલો.. બહુ કરેલું. વીસ-વીસ હજાર માણસો સમાય એવો તો મોટો... શું કહેવાય? પંડાલ. એમાં નાખેલા બધા ઓલા શું કહેવાય તંબુના? રાવતી. કેટલી રાવતી નાખી અને કેટલી રાવતી ખાલી પડી રહી. તોપણ હજારો આવો, હજારો આવો, નાખો. ગામને આમંત્રણ આપ્યું કે તમે અહીં આવી જાઓ હજાર, બે હજાર, પાંચ હજાર માણસ. અહીંયાં સૂવાની સગવડતા છે. જમવાનું આપશું. કલમમાં તમે નથી આવી

શકતા. પણ ઓલા આવે છે ને, ડર લાગી ગયો. ભાઈ! એ શુભભાવ છે. દેવીલાલજી! શુભભાવ છે, પુણ્યભાવ છે. સંવર-નિર્જરા એનાથી થાય અને જન્મ-મરણ મટે એ ચીજ નથી. શોભાલાલ શેઠજી! આવી વાત છે ભાઈ અહીં તો. આવ્યા છે ને, અહીં આવ્યા ને. સોમચંદભાઈ લઈને તો આવ્યાને અહીં. કહો, સમજાણું કાંઈ? એટલી હિંમત કરીને આવ્યાને અહીં. અવસ્થા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો થાય. છોકરાઓ છે. એ તો ચાલે. સંસાર તો એમ જ ચાલે. પણ એટલો પ્રેમ છે તો આવ્યાને અહીંયાં. આવ્યાને અહીંયાં. પણ માર્ગ આમ છે, એટલું નક્કી કરવું પડશે. એ વિના કોઈ દિ' આરો નથી. મણિભાઈ! આ તો નક્કી હમણાં કરી આવ્યા ૧૬ લાખનો ખરચ મોટો. વરઘોડો મોટો દેખો તો અઢાર તો હાથી, અઢાર હાથી. હું તો દેખતો નહોતો. હું તો ઓલા ઉપર બેઠો હતો. ત્યાં હાથી નીકળ્યા. પણ પછી જ્યાં હાથી ઉભા રાખેલા ત્યાં છેલ્લો વરઘોડો ઉતર્યો રથ ત્યાં એકસાથે અઢાર હાથી. ઊંચા ઊંચા. સલામી દેતા હતા. અમારો જ્યાં પહોંચ્યો ને ભગવાનનો રથ એમાં સલામી આપી. ઓહો..! એકસાથે અઢાર. ૨૫-૩૦ હજાર માણસ. ભાઈ! એમાં શુભભાવ છે. એમાંથી કોઈ એમ લઈ જાય કે અમને આમાં નિર્જરા થઈ જાય, સંવર થઈ જાય (તો એમ નથી). ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ... નહિ કરે.

ઉત્તર :- નહિ કરે? કોણ કરે છે? એય.. ફૂલચંદજી! આ એમ કહે છે, જુઓ! આ શેઠિયા નહિ કરે એમ કહે છે. સંઘરી રાખશે ઘરમાં.

મુમુક્ષુ :- ભવ થોડા ઘણાં ઘટે કે નહિ?

ઉત્તર :- એકેય ભવ ઘટે નહિ. તેથી તો આ માંડી છે. તમારા રસના ત્યાગમાં એકેય ભવ ઘટે નહિ. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કિંમત? લક્ષ્મી મળે, દેવ થાય, રાજા થાય પણ એ તો ભેખ બદલ્યા. ભેખ બદલ્યા એમાં સ્વરૂપ ક્યાં બદલ્યું? સ્વરૂપ દૃષ્ટિ બદલ્યા વિના ભેખ બદલે ગાંડીને માથે પદમણી. ગાંડાને માથે પદમણી એ શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાશે રખડશે ત્યાંથી. ત્યાં રખડશે. ગાંડા. ગાંડા સમજો છો? ગાંડાના માથે પદમણી. શું કરે? પાગલને પદમણીનું ભાન ન મળે કાંઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો હોય છે. રહે તો ખરાને. પણ એ ધર્મ નથી એવો એણે નિર્ણય કરવો. હોય છે. હોય છે, દેખાતું નથી? કેટલી અહીં સવાર-સાંજ ભક્તિ (થાય છે). કેટલું અહીંયાં જુઓને આ માનસ્તંભ એક લાખ પાંત્રીસ હજારનો માનસ્તંભ થયો. સવા લાખનો. અઢી લાખનું આ મકાન કેવું છે. બધું બનાવ્યું તો પૈસા-બૈસા નાખ્યા. શુભભાવ થાય છે માટે નાખ્યા કે નહિ? હોય એ જુદી વાત છે. પણ પહેલી દૃષ્ટિના સુધારા કર્યા વિના જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ? પણ માણસને એની કિંમત નથી. એમ કહે, તો અહીં જશે. પણ શું જાય? એ ભાવ તો છે. એ તો હોય છે.

શ્રદ્ધા બદલ્યા વિના જન્મ-મરણનો અંત કદી આવશે નહિ. સમજાણું કાંઈ? જુઓને! અહીં છે નહિ? સમવસરણ છે, માનસ્તંભ છે, મંદિર છે એટલું તો છે. આ બહેનો-દીકરીઓ .. પચાસ તો એ છે બાળ બ્રહ્મચારી. લાખોપતિની દીકરીઓ કેટલી છે. કેટલીક બી.એ. અને મેટ્રીક થયા છે. નથી? હોય પણ એની મર્યાદા શુભરાગ અને પુણ્ય જેટલી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ પુણ્ય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રાગ કહો કે પુણ્ય કહો એક જ છે. શેઠ!

મુમુક્ષુ :- હવે કરવું શું પણ?

ઉત્તર :- કરવું આ. શ્રદ્ધા કરવી પહેલી. આ કરે છે તો આ શ્રદ્ધા તો કરે. શ્રદ્ધા બદલાઈ તો જાય. શ્રદ્ધા (કરે કે) રાગ છે એ પુણ્ય છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :- તો હવે બદલાવી દ્યો.

ઉત્તર :- કોણ બદલાવે? ઠીક ઠીક પણ હવે, આવ્યો તો ઠીક ને અહીંયાં? સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે પ્રભાવના. સમ્યગ્દૃષ્ટિ પ્રભાવના કરે છે. પ્રભાવનાનો શું અર્થ છે? એ કહે છે, જુઓ! ૨૩૬.

**विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।**
**सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।।२३६।।**

વીતરાગી જ્ઞાનની પ્રભાવના કરવી. ભાષા જુઓને.

**ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.**

આહાહા..! જ્ઞાનરૂપી રથમાં આત્માને બેસાડ્યો છે અને જ્ઞાનનું ચક્ર ફેરવે છે એમ કહે છે.

શું કહે છે? જુઓ! જરી શબ્દાર્થ લઈ લઈએ. ત્યાં જિનરાજ શબ્દ પડ્યો છે ને.

‘**ગાથાર્થ :- જે ચેતયિતા...**’ નામ જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્માની પ્રતીતિ અનુભવ કરનાર ‘**વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (-ચડ્યો થકો)...**’ સમ્યગ્જ્ઞાનરૂપી રથમાં ચડ્યો છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન એ રૂપી રથ. ‘**મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં)...**’ અંતર જ્ઞાનમાર્ગમાં ચાલવાના પંથે ચાલે છે. દેખો! રાગમાં નહિ, નિમિત્તમાં નહિ, બહારના પંથમાં નહિ. આહાહા..! આચાર્ય, આ કુંદકુંદાચાર્ય કહે છે, અરે..! ભાઈ! તારે જન્મ-મરણનો અંત લાવવો છે કે નહિ? એ તો થાય છે, હો. સમજાણું કાંઈ? સવાર-સાંજ નથી થતું? સાંજે આરતી થાય છે, ભક્તિ થાય છે સવારમાં. કેટલા વર્ષ થયા, જુઓ! સાડી બત્રીસ થયા અહીંયાં. ૩૨ વર્ષ અને પાંચ માસ અહીંયાં થયા. કાલે ત્રીજ છે ને ત્રીજ? બત્રીસ વર્ષ અને પાંચ માસ. અહીં તો બધું જંગલ હતું. અહીં પાડા બેસતા હતા, પાડા બેસતા હતા. આ પૈસા નાખવાવાળાને ભાવવાળાને ભાવ હોય તો થાય છે કે નહિ? સમજાણું કાંઈ? ભાવ હો, ભક્તિ હો, પૂજા હો, બધા ભાવ હોય. પણ જ્યાં સુધી એ રાગના ભાવમાં પોતાનું સ્વરૂપ ધર્મ માને છે ત્યાં સુધી તેના જન્મ-મરણનો અંત નહિ આવે. એવી શ્રદ્ધા કરવામાં એને બદલવામાં શું હરકત છે? નહિ.. પણ હા તો પાડ. સમજાણું કાંઈ? આહાહા..! ભાષા કેવી છે જુઓ.

‘**તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો...**’ છે. એ શું કહે છે? એ આત્મા વીતરાગ સ્વરૂપ છે એનું જ્ઞાન અંદર છે, એ પોતાની પ્રભાવના જ્ઞાનમાં વીતરાગી જ્ઞાન પ્રગટ કરે છે એમ કહે છે. અંતરમાં, સ્વરૂપમાં વીતરાગ જ્ઞાનમૂર્તિ પડી છે એની એકાગ્રતાથી વીતરાગી જ્ઞાનનો પ્રગટ ઉદ્યોત કરે છે. એનું નામ સાચી પ્રભાવના કહેવામાં આવે છે. જુઓ! ભાષા કેવી લીધી આચાર્યે! જિન જ્ઞાન પ્રભાવી. જિન જ્ઞાન પ્રભાવી. વ્યવહાર જ્ઞાન પ્રભાવી નહિ. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! લોકોને સત્ય વાત એવી સાંભળવા મળે નહિ, રુચે નહિ. અને (એમ કહે), આ થઈ શકે કે નહિ? પણ ઊલટો પુરુષાર્થ કરે છે એ થઈ શકે છે તો સુલટો ન કરી શકે? ઊલટો કરવો એ તો સ્વરૂપમાં છે જ નહિ. સુલટો કરવાની તાકાત એનામાં છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તો સત્‌માં પડી છે. આહાહા..! નિર્મલ પર્યાય ક્યાંથી થાય છે? અંદર છે. અંદર છે. છે. એક વાર કહ્યું નહોતું? તત્ત્વાનુશાસનમાં કહ્યું છે. મહારાજ! હું અરિહંત છું એમ ધ્યાન કરનાર ખોટો છે. કેમ કે અરિહંત તો છે નહિ. તો હું અરિહંત છું એવું ધ્યાન (તો ખોટું ઠર્યું). સાંભળ તો ખરો. અરિહંતની જે પર્યાય પોતામાં થવાની છે એ વર્તમાનમાં અંદરમાં પડી છે. ધર્માત્મા અરિહંતપણે ધ્યાન કરે છે એનું ધ્યાન ખોટું

નથી. સાચા અરિહંતનું ધ્યાન છે. એ જ અરિહંત છે ને. પેલા અરિહંત તો જુદા રહ્યા. પોતાની પર્યાયમાં કેવળજ્ઞાન થવાનું છે. સર્વજ્ઞપદ પ્રાપ્ત થવાનું છે. એ પર્યાય ક્યાંથી આવશે? અંદર છે, આત્મામાં છે. તો એનું લક્ષ કરીને એકાગ્ર થાય છે તે અરિહંતનું ધ્યાન કરે છે. અંદરમાં. આ જ્ઞાયક સ્વરૂપ છે, પૂર્ણ છે એનું લક્ષ કરે છે અને રુચિ કરીને, શ્રદ્ધા કરીને અનુભવ કરે છે એ અરિહંતનું જ ધ્યાન કરે છે. સમજાણું કાંઈ?

આચાર્યે જવાબ આપ્યો છે. ખોટું નથી. અરિહંત અત્યારે નથી ને? કોણ કહે છે નથી? કોણ કહે છે નથી? શું નથી? નથી તો ક્યાંથી આવશે? અરિહંતપદ આવશે ક્યાંથી તારામાં ન હોય તો? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ આદિ પર્યાય પ્રગટ થવાની છે એ આવશે ક્યાંથી? રાગમાંથી આવશે? નિમિત્તમાંથી આવશે? અંદર છે. પણ પ્રતીત ક્યાં? પ્રતીત ક્યાં એને? સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાયક સ્વરૂપ, મહા સત્ સ્વરૂપ ચૈતન્ય પ્રભુ એની શક્તિમાં બધી નિર્મળ પર્યાય અરિહંતની, સિદ્ધની, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ બધી અંદર પડી છે. જે પર્યાય પ્રગટ થવાની છે એ દરેક વર્તમાનમાં તારી અંતર શક્તિ રૂપે પડી છે. એ કાલે આવ્યું હતું કે નહિ? પરમ દિ'. દ્રવ્યમાં શક્તિરૂપે કાર્ય પડ્યું છે. કાર્ય હોં! એમ લખ્યું છે એમાં. લખ્યું છે કે નહિ? દ્રવ્યમાં શક્તિરૂપે કાર્ય પડ્યું છે. એ પડ્યું છે તે વ્યક્તરૂપે પ્રગટ થશે. અસત્ પ્રગટ થશે એમ છે નહિ. નથી અને પ્રગટ થશે? પર્યાયમાં નથી. પણ વસ્તુમાં નથી? વસ્તુમાં નથી તો આવશે ક્યાંથી? ભરોસો નથી, ભરોસો નથી. સમજાણું કાંઈ?

મારા આત્મામાં અરિહંતપદ વર્તમાનમાં છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન જે થવાનું છે એ ચીજ પડી છે અંદરમાં. એ આત્માનું ધ્યાન કરનાર અરિહંતનું ધ્યાન-નિજ અરિહંતનું જ ધ્યાન કરે છે. એમાં નિર્જરા થાય છે અને અલ્પ કાળમાં મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? સત્ પ્રગટ થાય છે કે અસત્ પ્રગટ થાય છે? કેવળજ્ઞાન પરમાનંદ સિદ્ધની પર્યાય અસત્ પ્રગટી? પર્યાયદૃષ્ટિથી પહેલા નહોતી એ થઈ. વસ્તુદૃષ્ટિથી નહોતી અને પ્રગટ થઈ? ન હોય તો ક્યાંથી પ્રગટ થાય છે? સમજાણું કાંઈ? કૂવામાં અંદર ન હોય તો અવેડામાં... અવેડાને શું કહે છે? પાણીનો કહે છે ને? અંદરમાં ન હોય તો બહાર ક્યાંથી આવશે? ભાઈ! તને ભરોસો નથી. સમજાણું કાંઈ? તને રાગનો ભરોસો છે, નિમિત્તનો ભરોસો છે, આટલું શરીરને આમ રાખીશ તો રહેશે, હું આમ ખાઉં તો શરીર નિરોગી રહશે, આટલું હું બીજાને દઉં તો એ મને અનુકૂળ થશે. એવી તારી શ્રદ્ધા છે. પણ મારા આત્મામાં અનંત આનંદ ને અનંત સિદ્ધ પડ્યા છે, કેવળજ્ઞાન પડ્યું છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળ (પર્યાય) પ્રગટ થાય છે એ બધી નિર્મળ પર્યાય અંદરમાં પડી છે. સમજાણું કાંઈ? એ કાર્ય દ્રવ્યમાં પડ્યું જ છે કારણરૂપ.

સમજાણું કાંઈ? કારણરૂપ ન હોય તો કાર્ય આવશે ક્યાંથી? શું? મિત્રસેનજી! આહાહા..!

ભરોસો નથી, આવડો હું! આમ રાગમાં, પરમાં રંગાઈ ગયેલો (એને એમ થાય કે) આવડો મોટો હું! પણ તું મોટો કેવડો? કે અનંતા સિદ્ધને તેં પેટમાં રાખ્યા છે. તારા ધ્રુવપદમાં તો અનંતા સિદ્ધ પડ્યા છે. અનંતા સિદ્ધ! એક સમયની સિદ્ધની દશા એ અનંત અનંત સાદિઅનંત પ્રગટ થાય છે. એ બધી સાદિઅનંત પર્યાય તારા આત્મામાં વર્તમાન પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? સિદ્ધપદ એક સમયનું છે. બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું, ચોથે સમયે ચોથું. કેવળજ્ઞાન પણ બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. સાદિઅનંત પર્યાય પ્રગટ થશે, અનંત અનંત. ભૂતકાળની પર્યાયથી અનંતગુણી પર્યાય. તો કેવળજ્ઞાનની અનંતી પર્યાય જ્ઞાનગુણમાં સત્‌રૂપે પડી છે. સમજાણું કાંઈ? કાંઈ નજરે દેખાય નહિ. પણ નજર ક્યાં છે? પહેલા અનુમાન તો કર કે આ ચીજ છે આખી અને જે હું નિર્દોષતા પ્રગટ કરવા માગુ છું એ નિર્દોષતા આવશે ક્યાંથી? હું નિર્દોષતા પ્રગટ કરવા માંગુ છું. હું કેવળજ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે પૂર્ણ આનંદ, નિર્દોષતા પ્રગટ કરવા માંગુ છું તો નિર્દોષતા આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? નિર્દોષતા અંદર પડી છે. એની નજર બહારમાં. રાગ છે, પુણ્ય છે, નિમિત્ત છે, આ છે. પણ આ છે એમ નથી.

હું પરિપૂર્ણ પરમાત્મા અનંત પરમ સ્વરૂપથી ભરેલો છું. એવી અંતરમાં પ્રતીતિ, જ્ઞાન અને રમણતા પ્રગટ કરવી એનું નામ પ્રભાવના છે. આ ખરી પ્રભાવના છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ. જુઓ! આવ્યું ને એ? પહેલા અન્વયાર્થ લઈએ. '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા...**' દેખો! જ્ઞાનની સમસ્ત શક્તિને અંદર પર્યાયમાં પ્રગટ કરવી એ જ આત્માની પ્રભાવના છે. શ્રદ્ધાની પર્યાય પ્રગટ કરવી, શાંતિની પ્રગટ કરવી, આનંદની પ્રગટ કરવી, શક્તિ રૂપમાં એકાગ્ર થઈને એ પર્યાયમાં પ્રગટ કરવી એનું નામ ભગવાન સાચી પ્રભાવના કહે છે. સમજાણું કાંઈ?

પ્ર-ભાવના. પ્ર-વિશેષે, ભાવના-ભવવું-થવું. ક્યાંથી થશે? મારો ભગવાન હું ચૈતન્યપ્રભુ, સમજાણું કાંઈ? એ આવ્યું ને? એમાં ન આવ્યું? બનારસીદાસમાં છે. 'મેરા પ્રભુ નહિ દૂરદેશાંતર, મોહીમેં હૈ મોહી સુજત નીકે.' એ બનારસીદાસમાં આવે છે. નાટક સમયસારમાં. તે દિ' ત્યાં કહ્યું હતું. શેમાં હતું? બંધ અધિકાર?. 'મેરા પ્રભુ નહિ દેશદેશાંતર...' સમજ્યા? બંધ અધિકારમાં છે. ક્યાંક લખ્યું તો હશે હોં! (વખત) થઈ ગયો તમારે. આવે છે ક્યાંક સમજ્યાને? 'મેરા પ્રભુ નહિ દેશદેશાંતર...' કોઈ ચડે કે જઈને ભગવાન ઉપર. એમ લખેલું છે. છીંકે સમજ્યા? ડોળી. છીંકે એટલે ત્યાં પ્રભુ આસમાનમાં હશે. કો'ક કહે નીચે હશે. ક્યાંય છે નહિ. 'મેરા પ્રભુ મેરે પાસ હૈ.' સમજાણું કાંઈ? દૂર દેશાંતર. કો'કને બેસે નહિ. 'મેરા પ્રભુ

મેરે પાસ હૈ, મોહે સુજત નીકે.' એ મને નીકે નામ ભલી રીતે દેખાય છે. અંદર શ્રદ્ધા અને જ્ઞાનમાં દેખાય છે એમ કહે છે. એમ ભગવાન આત્મામાં એવો ભરોસો કરીને, પ્રતીતિ કરીને પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરવી એનું નામ પ્રભાવના કહે છે. એનાથી નિર્જરા થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૩, બુધવાર તા. ૨૩-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૩૬, પ્રવચન-૩૧૬**

નિર્જરા અધિકાર ચાલે છે. સમ્યગ્દર્શનનું આઠમું લક્ષણ અથવા ચિહ્ન. સમ્યગ્દષ્ટિપણું કેમ થયું છે, કઈ રીતે થાય છે અને કઈ રીતે રહે છે? પહેલા સમ્યગ્દર્શન તો સવારમાં ઘણું આવ્યું. ચૈતન્ય પૂર્ણ શુદ્ધ આત્મા આનંદસ્વરૂપ, એની અંતર સન્મુખ થઈને સમ્યગ્દર્શનની પર્યાયરૂપ પરિણમન થવું એનું નામ સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય વસ્તુ સત્ત્વ તત્ત્વ છે. એનું અંતર્મુખ થઈને બહિર્મુખનું લક્ષ છોડીને, સ્વભાવનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ આદિ પ્રગટ થાય એનું નામ સમ્યગ્દષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. એ ધર્મીને નિર્જરા થાય છે. ઈ અધિકાર ચાલે છે. સમજાણું કાંઈ? એકલો વ્યવહાર ધર્મીને નિશ્ચય વિના વ્યવહાર હોય તો એને ખરેખર વ્યવહાર કહેવામાં આવતો નથી. એ તો વ્યવહારાભાસ છે. સમજાણું કાંઈ?

સ્વ આશ્રય ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ અભેદ, એની સ્વ આશ્રય દૃષ્ટિ વિના એકલા પરાશ્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે એમાં નિઃશંકતા (હોવી) એ તો વ્યવહારાભાસ છે. વાસ્તવિક રૂપે એને વ્યવહાર પણ કહેતા નથી. અહીંયાં તો આત્મા પોતાના સ્વરૂપ ઉપર આરૂઢ થયો છે. સમજાણું કાંઈ? ભગવાન નિશ્ચયનય સ્વરૂપ એવો આત્મા, શુદ્ધ ચૈતન્ય એમાં આરૂઢ થયો છે. અંતર્મુખ. એને સમ્યગ્દર્શનમાં આઠ લક્ષણ, આઠ આચાર, આઠ ચિહ્ન પ્રગટ થાય છે. એ નિર્જરાનું કારણ છે, ધર્મસ્વરૂપ છે. એમાં અશુદ્ધતા થોડી આવતી હોય ઉદયમાં તો એ ખરી જાય છે એમ કહેવામાં આવે છે.

પ્રભાવના. આઠમો બોલ પ્રભાવના. દુનિયાથી બહુ વિરૂદ્ધ છે માટે આ જરી (સ્પષ્ટતા કરીએ છીએ). પ્રભાવના-પ્રભાવના કરે છે ને કે આવી પ્રભાવના કરો, પૈસા ખર્ચો, લહાણી કરો, પતાસાની લહાણી કરો, પેંડા કરો. આ સિદ્ધવરકૂટની જાત્રા કાઢો. આ શેઠ પણ ગયા હતા ને.

મુમુક્ષુ :- બાહ્ય પ્રભાવના ખરી ને?

ઉત્તર :- ઈ બાહ્ય પ્રભાવના નહિ એમ કહે છે અહીંયાં. એ વાત ચાલે છે, ભાઈ! અંતર નિશ્ચય સ્વાશ્રય વિના એને બાહ્ય પ્રભાવનાનો શુભરાગ પણ કહેવામાં આવતો નથી. એવી વાત છે. આહાહા..! પુણ્ય બાંધે રાગ મંદ હોય તો. પણ એ કાંઈ વસ્તુ નથી. પરમાર્થ આત્મા જન્મ-મરણ રહિત થાય એ ચીજ વિના બધા મડદાં છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન થયા પછી... આઠ લેશે આગળ. આઠ (ગુણ) હોય છે. નિઃશંક આદિ હોય છે. એ પુણ્યબંધનું કારણ છે. સ્વરૂપની દૃષ્ટિ ઉપરાંત, નિર્જરા થવા ઉપરાંત શુભરાગ જો હોય એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર પ્રભાવના આદિ લાગુ પડે છે. સોમચંદભાઈ! એમ છે, ભાઈ!

કહે છે કે પ્રભાવના. સમ્યગ્દૃષ્ટિ... પ્ર-ભાવના, પ્ર-ભાવના. પોતાનું સ્વરૂપ જે શુદ્ધ આનંદ જ્ઞાયક છે એની એકાગ્રતાથી વધારે છે, વિશેષ શક્તિમાંથી એકાગ્ર થઈને પ્રગટ કરે છે અને ઉદ્યોત-શોભિત કરે છે. સમજાણું કાંઈ? પોતાનું અંતર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું સ્વસંવેદન કરીને, સ્વસ્વરૂપનું વેદન-અનુભવ કરીને, શક્તિમાંથી એકાગ્ર થઈને વિશેષ શુદ્ધતા પ્રગટ કરવી, વિશેષ શુદ્ધતાનો ઉદ્યોત કરવો, વિશેષ શુદ્ધિ વધારવી એનું નામ પ્રભાવના ધર્મીની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પ્રભાવના એટલે પ્રગટ કરવું,...**' છે ને? એમાં છે. '**ઉદ્યોત કરવો...**' વધારવું. '**માટે જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી...**' અભ્યાસ કયો? સ્વરૂપનો અભ્યાસ. આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય એ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાન શબ્દે આત્મા. જે જ્ઞાનસૂર્ય ચૈતન્ય એને જ્ઞાનરૂપથી પકડીને એકાગ્રતા થવી. શ્રદ્ધા, શાંતિ, આનંદ આદિ અનંત ગુણની પર્યાય જે પ્રગટ થઈ છે એમાં વિશેષ પ્રગટ કરવી અને વિશેષ ઉદ્યોત કરવી અને વિશેષ જે શુદ્ધતા પ્રગટ થઈ છે એની વિશેષ વૃદ્ધિ કરવી. સ્વભાવના આશ્રયે. સમજાણું કાંઈ?

કહે છે કે '**માટે જે પોતાના જ્ઞાનને...**' જ્ઞાન શબ્દે સ્વરૂપ ચૈતન્ય. જે શરીરથી, વાણીથી ભિન્ન છે, પુણ્યના વિકલ્પથી પણ ભિન્ન, રાગથી ભિન્ન અને નિજ શુદ્ધ જ્ઞાયક પૂર્ણ સ્વભાવથી અભિન્ન. એકત્વ વિભક્ત. સમજાણું કાંઈ? એકત્વ વિભક્ત. પહેલેથી ઉપાડ્યું છે ત્રીજા પદથી-ત્રીજી ગાથાથી. ભગવાન કુંદકુંદાચાર્યે '**एयत्त विहत्त**' એકત્વ-વિભક્ત. એકત્વ-પોતાનો આત્મા જ્ઞાન આનંદ સ્વભાવથી એકત્વ અભિન્ન છે. અને પુણ્ય-પાપ આ દયા, દાનનો વિકલ્પ જે ભક્તિનો રાગ આવે છે એનાથી ભિન્ન છે. સમજાણું કાંઈ? '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे**' ભગવાન કહે છે કે પોતાનું શુદ્ધ સ્વરૂપ, એમાં એકત્વ થવું અને રાગથી પૃથક્ થવું એ જ આત્માની શોભા અને સુંદરતા છે. એમાં આત્માની શોભા છે. સમજાણું કાંઈ? આહાહા..! બહાર કાંઈક પુણ્યથી વધી ગયો હોય અને શુભભાવથી ક્રિયા પુણ્યથી અંદરમાં વધી ગયો હોય પુણ્યથી-શુભભાવથી, એ કોઈ આત્માની શોભા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બહારનું એટલે પુણ્યના ફળ આ બધા. રૂપાળું શરીર મળે, બાયડી બહુ

સારી મળે, આ ધૂળના ઢગલા-પૈસા. એઈ.. ક્યાં ગયા? આ બેઠા. કહો, સમજાણું કાંઈ? કહો. બે-બે છોકરા. બબ્બે કરોડ, ત્રણ ત્રણ કરોડના આસામી. જુઓ! એનો બાપ અહીં બેઠો છે. એનું કહ્યું કરે નહિ કોઈ.

મુમુક્ષુ :- આપનો સિદ્ધાંત સિદ્ધ કરે છે.

ઉત્તર :- એ તો સિદ્ધાંત સિદ્ધ કરે છે વાત સાચી. કોઈ કોઈનું કોઈ માનતું નથી. લ્યો, આ બાપ-દીકરો બેઠા છે. આ બાપા છે અને આ એના દીકરા છે. એના દીકરા મોટા કરોડપતિ. એક પાસે ત્રણ કરોડ અને એક પાસે અઢી કરોડ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ શોભા ...

ઉત્તર :- શોભા છે કાંઈ? એ તો વાત કરી. શોભા છે? ધૂળ છે, ઓભા છે. ઓભા સમજો છો? આપણે નથી કાંઈક કહેતા? ઓભા. શોભા નથી અને ઓભા છે-દુઃખી છે દુઃખી. આહાહા..! સમજ્યાને? આવે છે ને એવી ભાષા આવે છે ને. ઓભા કાંઈક કહે છે. શોભા લે ઓભા. એવી ભાષા આવે છે. ઓભા એટલે .. દુઃખી છે. ધૂળમાં શોભા કેવી?

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એની શોભા કહે છે કે ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ. જેમ સોનામાં-સુવર્ણમાં ગેરુ લગાડવાથી સોનું શોભી ઉઠે છે, સોનું ઓપી ઉઠે છે, સોનામાં ચળકાટ આવે છે. સોનાની શક્તિની વ્યક્તતા પ્રગટ થઈને પીળાશ અને એની શોભા વધે છે. એમ ભગવાન ચૈતન્ય સુંદર પ્રભુ, શુદ્ધ આનંદકંદ જ્ઞાયકની મૂર્તિ છે એમાં એકાકાર થઈને શુદ્ધિની વૃદ્ધિ પ્રગટ કરવી, ઓપવી, વધારવી એ નિશ્ચય આત્માની શોભા છે. સમજાણું કાંઈ? વચ્ચે શુભરાગ આવે પુણ્યનો એ પણ ખરેખર શોભા નથી. ઉપચારથી એને કહે છે. અને એના ફળ મળે બહારની ધૂળ આદિ.. સમજાણું કાંઈ? એ તો છે જ નહિ. ધૂળમાં પૈસા પાંચ-પચાસ લાખ એક્ઠા થયા એ તો માટી જગતની ચીજ છે. તારી પાસે આવી છે ક્યાં? અને તારી છે ક્યાં? સમજાણું કાંઈ? એવું આવે છે, બનારસીદાસમાં આવે છે. એક કડી કાંઈક આવે છે. મને પુણ્યને લઈને ધન મળ્યું છે એવું અભિમાન કરે છે, મૂઢ છો? મૂઢ છો? ગાંડો થઈ ગયો છે ગાંડો.

મુમુક્ષુ :- ખાવા પીવા માટે તો પૈસા રાખવા પડે ને?

ઉત્તર :- પણ કોણ ખાય-પીવે? શેઠ!

મુમુક્ષુ :- પુદ્ગલ ખાય-પીવે.

ઉત્તર :- ના ના. એ તો પુદ્ગલ એને મળવાનું હોય એ મળે. સાંભળ્યું નથી તમે? આપણે નથી કહેતા ગુજરાતમાં? કે ખાનારનું દાણે દાણે નામ છે. ભાઈ! એઈ..! આપણે

મોટાભાઈને કહો ને, સોમચંદભાઈ! બોલાય છે કે નહિ એમ?

મુમુક્ષુ :- એ એમ કહે છે કે દાણે દાણે નામ છે પણ પૈસા વિના દાણા આવે?

ઉત્તર :- પણ દાણો એની મેળાએ આવે પછી વળી પૈસાનું શું કામ છે અહીં? પણ આ બોલે છે કે નહિ? શોભાલાલજી! આ બોલે છે કે નહિ આપણે? કે ખાનારનું દાણે દાણે નામ છે. ભાઈ! આપણે બોલે છે ને? હિન્દીમાં બોલે છે કે નહિ? મહોર છે. દાણે દાણે ખાનારની મહોર છે. એનો અર્થ શું? કે જે દાણા આવવાના છે એ આવશે, આવશે ને આવશે. એની કલ્પનાથી આવશે અને કલ્પના ન કરે તો નહિ આવે એવી ચીજ નથી. સમજે નહિ શું કરે? કોઈ .. એમાં. આહાહા..!

જે દાણા, જે બાજરા, જે જુવાર, પૈસા રજકણ. અહીં તો અનાજ ખાવા માટે છે ને. એમ બોલે ને? ખાવા જોઈએ છે ને? તો અહીં તો કહે છે કે ખાવાના રજકણ, ખાવાના રજકણ દાળ, ભાત, શાક, રોટલી, .. શાક તરકારી આ શું કહેવાય તમારે? વનસ્પતિ. જે કટકા, જે રજકણો, જે પ્રકારે, જે કાળે જે આવવાના તે જ આવવાના. શેઠે કહ્યું. થોડું ઘણું ખાવા તો જોઈએ કે નહિ? એનો જવાબ દઈએ છીએ. શેઠ! એનો તો જવાબ દઈએ છીએ. આહાહા..! ભાઈ, એમ છે. વસ્તુ તો એમ છે. તું ચિંતા કરીશ તો પણ આવવાની ચીજ આવશે અને ન ચિંતા ન કરે તો આવવાની ચીજ આવશે. ચિંતા નિરર્થક છે, ફોગટ બંધનું કારણ છે. આહાહા..! એવું આપણે ચાલે છે ને, સમજ્યા? મહોર છે. એનો અર્થ શું?

એક પરમાણુ અનંત પરમાણુનો પિંડ એક દાણો, અનંત પરમાણુનો પિંડ એક પૈસો એ જ્યાં ક્ષેત્રાંતર થઈને આવવાનો હશે તે આવશે. તારી કલ્પનાથી આવશે અને કોઈ દે તો આવે છે એમ છે નહિ. આહાહા..! આ મકાન છે ને, એની પાછળ પડે છે. સમજાણું કાંઈ? એય.. શોભાલાલ શેઠ! નક્કી કરવું પડશે.

એ અમારે મામા હતા એક સબા શેઠ. આ શોભાલાલ શેઠ છે, અમારે સબામામા હતા, જૂના. બહુ જૂના માણસ હતા. અમને તો અહીં ૭૮ અત્યારે થયા. તે પહેલા અમારા મામા એટલે.. પછી હરવખતે એમ બોલે. સમજ્યાને? બહુ જૂના માણસ. પૈસાવાળા માણસ અને બે બાયડી કરેલી. પછી એક છોકરો નવીને થયો. નવી આવી હતી સાધારણ ગાંડા જેવી. અને છોકરો થયો. મકાન ઘણા, પૈસા ઘણા પણ કોઈ ન મળે. પછી છેવટે ઘણી વાર એમ બોલે કે સાહેબની ભલી મતિ થાય જી. સાબલે મધ્યે બોલે. સાબલે મધ્યે. સાંભળ્યું છે તમે? નથી સાંભળ્યું? પહેલાના વૃદ્ધ માણસો સાબલે મધ્યે કહેતા. સાબલે મધ્યે. મેં કીધું, મામા! તમે શું બોલો છો આ? આ તો ૭૦ વર્ષ પહેલાની વાતું છે. નાની ઉંમરમાં કીધું, મામા! શું તમે બોલો છો આ? પૈસાવાળા. ઘરે મકાનો, મેડીયું બધું સારું. કોઈ છોકરો નહિ.

એક જ છોકરો હતો એ પણ મરી ગયો પછી. પછી ગયું બધું પાંજરાપોળ. આખું મકાન, દુકાનું કેટલી પણ હોં! ઉમરાળા. આ મામા શું બોલો છો? એમાં એવો કાંઈક અર્થ હશે. મને બહુ ખબર નથી કહે. પછી જોડે માણસ બેઠો હતો એ કહે સાબલે મધ્યે બોલતા... આપણે જેમ વાક્યનું હોય છે ને? વિસામાનું વાક્ય નહિ? હું આ નથી કહેતો? સમજાય છે? એ પણ એક સાબલે મધ્યે છે. વચમાં વિસામાનું વાક્ય. વિસામાનું વાક્ય. છોટાભાઈ બોલે છે ને વારંવાર. ખબર છે? ભણાવે ત્યારે શું કહે છે? સમજ્યા કે? સમજ્યા કે? એમ કહે છે વારંવાર. છોટાભાઈ કહે છે. સમજ્યા કે? સમજ્યા કે? એ એક જાતનું વિસામાનું (વાક્ય છે). એમ એ કહે છે કે એ મારું વિસામાનું વાક્ય છે. ભાઈ! એનો અર્થ શું? કે મને ખબર નથી બીજો જોડે કહે સાહેબને ભલી મતિ થાય જે. એવો અર્થ હતો. વાતચીત કરતા સાહેબને ભલી, ભલા માણસ હતા, બહુ ભદ્રિક હતા. સમજ્યા ને? અને એની એટલી બધી .. દીકરો હોય તો વાંઝિયા મેણુ ટળે અને આપણું રહે. કીધું, કાંઈ નથી ધૂળમાં. પૈસા હતા, ઘરે મેડીયું હતી, ઘણા મકાનો હતા, ઘણી દુકાનો હતી. પાયમાલ. દીકરો ન મળે. પછી એનું લે કોણ વાંઝિયાનું? પાંજરાપોળે ગયું બધું. લ્યો આ આવ્યા ને ગયા. એમને રાડ્યું પાડતા હતા બધા. અરે..! આને કોણ સાચવશે? લ્યો. હતું એને કોણ સાચવશે? દીકરો ન મળે. એક દીકરો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ હતું તોપણ. હવે આને ન હોય તો મેળવવું છે. ક્યાંથી મેળવે પણ? જે ચીજના રજકણ આવવાના, આ ભાષાના રજકણો પણ જે રીતે અહીં આવીને પરિણમવાના એ પરિણમવાના છે. આત્માને કારણે નહિ. આહાહા..! સોમચંદભાઈ! આવી વાતું છે, બાપા!

મુમુક્ષુ :- ત્યારે મડદું કેમ બોલતું નથી?

ઉત્તર :- એ મડદું બોલે છે. વાણી બોલે છે ક્યાં મડદું? મડદું કોને કહેવું?

અહીં ભગવાન તો ત્યાં સુધી કહે છે કે આત્મા તો વાણી કરતો નથી પણ આ હોઠથી વાણી થતી નથી. કેમ કે આ હોઠ છે એ આહાર વર્ગણાની ભિન્ન ચીજ છે. અને શબ્દ જેમાંથી ઉઠે છે એ ભાષા વર્ગણામાંથી ઉઠે છે. ભિન્ન ભિન્ન વર્ગણા છે, ભાઈ! ખબર નથી. શું કરે? વીતરાગ માર્ગ આ તો. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. ભાઈ! એ વાણી પણ તું ન કરી શકે પણ આ હોઠ આમ આમ થાય છે ને? એનાથી ભાષા નીકળે છે એમ છે જ નહિ એમ કહે છે. આહાહા..! અને હોઠ પણ આમ થાય છે, એ પોતાની પર્યાયથી એ કારણે એમ જ પરિણમવાના હતા માટે થાય છે. આત્માની ઈચ્છાથી બિલકુલ નહિ. આહાહા..! તો અજીવને ક્યાં માન્યું એણે? અજીવ

જે અનંત છે એ અજીવને માનવું પડશે કે નહિ? મારા આત્મામાં છે નહિ અને એમાં છે. તો અજીવ અનંત ક્યારે માન્યું કહેવાય? કે જે અજીવ અનંત છે એ પોતપોતાને કાળે પોતાની પરિણતિ પોતાને કાળે પોતાને કારણે થાય છે. અનંત રહીને. એમ માન્યા વિના એને અજીવની સાચી શ્રદ્ધા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દર્શનને લાગુ પડે છે. જીવાદિ સદ્દહણં. આવ્યું હતું ને ઓલો ભાઈ પ્રશ્ન? ત્યાં હમણા જ આવ્યો હતો. આમાં પણ આપણે મૂક્યો છે, ચર્ચામાં મૂક્યો છે.

મુમુક્ષુ :- દિલ્હીમાં આપણે આવ્યો હતો.

ઉત્તર :- હા આવ્યો હતો. ક્યાં કળશ આવ્યો હતો? દિલ્હીમાં. ઓલા વિદ્યાનંદજી છે ને? નગ્ન મુનિ. એણે પૂછ્યું હતું. આમાં પણ આવે છે. આમાં પણ આવી ગયો છે ચર્ચામાં. ખાણિયાની ચર્ચા. ત્યાં પણ આવ્યું. '**जीवादीसद्दहणं**'. કીધું, આવ્યું ખરું અહીં. '**जीवादीसद्दहणं**' સમજ્યા? એ પ્રશ્ન થયો હતો હમણાં દિલ્હીમાં કે આ '**जीवादीसद्दहणं**' શું છે? એમ કે આ બધા નવ તત્ત્વની (શ્રદ્ધા). એમ નહિ.

'**जीवादीसद्दहणं**'-જીવનું જ્ઞાનરૂપે પરિણમન થઈને અંદર સમ્યગ્દર્શન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! ત્યાં અમે હમણાં ત્રણ દિવસ ગયા હતા ને. બે દિવસ તો શેઠને ઘરે રહ્યા હતા. શાહૂજી. એક દિવસ બહાર ગયા હતા. તો આઠ માઈલ દૂર રહેતા હતા તો શાહૂજી રાત્રે આવ્યા બે પંડિતને લઈને. કૈલાસચંદજી અને ફૂલચંદજી. અરે..! મહારાજ! હું ગોતતા ગોતતા અહીં આવ્યો. મારે રાત્રે ચર્ચા કરવી હોય, સાંભળવું હોય તો મળે નહિ. ભાઈ! અમને આ મળ્યું તો અહીં રહ્યા. બહાર આઠ માઈલ છેટે. પછી સવારે એની મોટર લઈને લઈ ગયા ઘરે. અને પછી ત્યાં બે દિ' રહ્યા. પછી એણે કહ્યું કે આપણે પંડિત પાસે જઈએ. વિદ્યાનંદજી હતા ને. ચાલો મેં કીધું, ભલે, તમારી સૌની મરજી હોય તો આપણે જઈએ, આપણને કાંઈ વાંધો નથી. આપણને વાતચીત કરવામાં કે બેસવામાં કોઈ પ્રત્યે કાંઈ દ્વેષ નથી, અમારો પ્રેમ છે બધા પ્રત્યે.

એ વખતે એ પ્રશ્ન કર્યો હતો એમણે કે '**जीवादीसद्दहणं**' શું? છે ને આપણે? કેટલામાં છે? ૧૫૫ છે? કેટલામી છે? ૧૫૫ જુઓ. ૧૫૫ ગાથા. પછી પ્રશ્ન ક્યાં આવે? ૧૫૫. ૧, ૫, ૫. છે?

**जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।**
**रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।**

ભગવાન..! જુઓ! વિદ્યાનંદજી ત્યાં એક નગ્ન સાધુ ભાષણ બહુ કરે છે. ૨૫-૨૫ હજાર,

૨૦-૨૦ હજાર માણસ. લૌકિક લાઈન. આ વસ્તુ નથી. આ વસ્તુ તો મળી નથી, કરે શું? ખાનગીમાં પ્રશ્ન કર્યો હતો કે આ શું? એમ કે આ નવ તત્ત્વની શ્રદ્ધા. કીધું, એમ નથી. સાંભળો! પ્રશ્ન શું થયો? અજીવની શ્રદ્ધાની વાત ચાલે છે.

'**जीवादीसद्दहणं**' જીવ-અજીવની શ્રદ્ધા અર્થાત્ હું જ્ઞાયક સ્વરૂપ છું, રાગથી ભિન્ન છું, અજીવથી ભિન્ન છું, અનંત પરમાણુથી ભિન્ન છું અને રાગથી, વિકલ્પથી ભિન્ન છું. એ તો નાસ્તિથી (કથન). એકલો જ્ઞાયકભાવ ચૈતન્ય નિર્વિકલ્પ અંદરમાં જ્ઞાનનું નામ આત્માનું સમ્યગ્દર્શનરૂપે રાગના અવલંબન વિના સ્વભાવના આશ્રયે પરિણમન થવું એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. એમ નથી કે આ નવ તત્ત્વ છે. તો એમાં આવ્યું જીવાદિ શબ્દ પડ્યો છે ને? આદિ. તો આદિ છે ને? આદિનો અર્થ એ છે, કીધું.

જીવની અભેદ શ્રદ્ધા થઈ એમાં અજીવાદિ નથી એવી શ્રદ્ધા એમાં આવી જાય છે. અજીવ અનંત છે, હું એનો જાણનાર, મારી જ્ઞાનની તાકાત એટલી છે કે અજીવ અનંત છે એને હું જાણનારો છું. તો અનંત છે એને જાણનાર. અનંતમાં આનાથી આ થાય, આનાથી આ થાય તો અનંત પૃથક્ રહેતું નથી. અને અનંતને અનંત તરીકે માનનારા કોઈથી કોઈની પર્યાય થાય એમ માની શકે નહિ. સમજાણું કાંઈ? આ દાણા વિના મારા પૈસાથી દાણા આવે છે અને દાણા આવે તો મારું પેટ ભરાય એ વાત સમકિતી માનતા નથી. એમ કહે છે. આહાહા..!

પ્રત્યેક અનંત પરમાણુ એનો હું જાણનાર (છું). મારા જ્ઞાનની પર્યાયમાં હું મારાથી જાણું છું. એમાં એ વ્યવહારથી જણાય છે. પોતાને આત્મા જાણે છે તો (અજીવ) અનંત છે એ પોતાના જ્ઞાનમાં આ નથી એવું જ્ઞાન થઈ જાય છે. તો અનંત છે એટલી કબુલાત ક્યારે આવશે? કે અનંત અનંતપણે કામ કરશે. આ હોઠ. હોઠ કહે છે ને? આ હોઠથી ભાષા નહિ, સમજ્યા? ભાષાથી બીજી ભાષા થાય છે એમ નથી. આ અંદર વર્ગણા ઉઠે છે, કોઈ બીજી વર્ગણા, એ વર્ગણાથી આ ભાષાની વર્ગણા થતી નથી. કાર્મણમાંથી ભાષા વર્ગણા થતી નથી. કર્મનો ઉદય આવ્યો ભાષા બોલવાનો માટે ભાષા બોલાય છે એમ છે નહિ. આહાહા..! કર્મના ઉદયની રજકણ પર્યાય ભિન્ન છે. આ શરીરાદિના રજકણની પર્યાય ભિન્ન છે. ભાષાની પર્યાય ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ધર્મની... ઈ કહે છે આપણે બાબુભાઈ. એમાં એ ધર્મ આવ્યો કે જેવું છે એવું પોતામાં જ્ઞાન કરવું, વિરોધ કરવો નહિ. સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સ્પષ્ટ કરાવે છે. બાબુભાઈ છે ને. અહીં પહેલા

રહેતા ને. સમજાણું કાંઈ?

ધર્મ શું છે? કે અનંત રજકણની પર્યાય એનાથી થાય છે, મારે કારણે નહિ. એ મારા કારણે થાય છે એમ માનવું એ અધર્મ છે. અને હું જાણનાર છું, અને પોતાનું જ્ઞાન કરીને પરને જાણનાર છું. એવી દૃષ્ટિ અને જ્ઞાન કરવું એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! '**तेसिमधिगमो णाणं**'. જીવનું જ્ઞાન અને અજીવનું જ્ઞાન. હું જીવ જ્ઞાયક છું એનું જ્ઞાન. તો એમાં અજીવ છે નહિ. અજીવ અનંત છે એ અનંતનું હું જ્ઞાન (કરનાર છું). અનંતનું અનંત રૂપે જ્ઞાન કરવાની મારી તાકાત છે. એવી અજીવની શ્રદ્ધા પોતાના જીવસ્વરૂપના જ્ઞાનમાં (આવી જાય છે). '**तेसिमधिगमो**' જીવાદિનું જ્ઞાન નામ આત્માનું જ્ઞાન થયું એ જીવાદિનું જ્ઞાન કહેવામાં આવે છે. અને '**रागादीपरिहरणं**'.

મુમુક્ષુ :- એ તો ચોખ્ખી વાત છે.

ઉત્તર :- ચોખ્ખી. રાગ આ મહાવ્રત-ફહાવ્રત છે એ ચારિત્ર નથી. નગ્નપણું એ ચારિત્ર નથી. આહાહા..! અંતર ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત એની દૃષ્ટિ, જ્ઞાન કરીને રાગ રહિત સ્વરૂપમાં રમણતા આનંદમાં જેટલી કરે, એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. ચારિત્ર સમજે નહિ.

મુમુક્ષુ :- બાહ્ય ચારિત્ર નહિ?

ઉત્તર :- બાહ્ય પણ નહિ. નિશ્ચય વિના બાહ્ય નહિ. દેહની ક્રિયા તો બાહ્ય પણ નહિ. એ તો જડ છે.

મુમુક્ષુ :- નિશ્ચય હોય તો?

ઉત્તર :- નિશ્ચય હોય તો રાગ પરિણામ હો. વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. બંધના કારણને વ્યવહાર કહે છે.

એ નિશ્ચય પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ અને આનંદની ખાણ ખોલી હોય, એવા અનુભવમાં રહ્યો હોય એને પંચ મહાવ્રતનો રાગ આવે છે એને વ્યવહાર ચારિત્ર કહે છે. અર્થાત્ ચારિત્ર નથી એને ચારિત્ર કહેવું એ વ્યવહારનું લખ્ખણ છે. વ્યવહારનું લખ્ખણ એટલે લક્ષણ. વ્યવહારનું એ લક્ષણ છે. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ! પણ એને પોતાના સ્વાશ્રયનું માહાત્મ્ય આવતું નથી. શું ચીજ છે? હું કોણ છું એનું માહાત્મ્ય નથી. જ્યાં ત્યાં લાકડા.. આ પંચ મહાવ્રતની ક્રિયા, દયા, દાનની ક્રિયા (કરે તેથી) મને ચારિત્ર છે. એ ચારિત્રથી આગળ વધશું. ધૂળમાંય નથી. સાંભળને!

મુમુક્ષુ :- મુનિ દીક્ષા...

ઉત્તર :- પણ કઈ મુનિદીક્ષા? અંદર આનંદની રમણતા એ દીક્ષા કે આ બહારની દીક્ષા?

મુમુક્ષુ :- એ તો બાહ્યમાં હોય ને?

ઉત્તર :- હોય એ જુદી વાત છે. આ જુદી વાત છે.

ખરેખર મુનિદીક્ષા કોને કહે છે? શુદ્ધઉપયોગરૂપ દીક્ષા લેવી એનું નામ મુનિદીક્ષા છે. ટોડરમલજીએ લખ્યું ને. આપણે પ્રવચનસારમાં છે. પહેલી ગાથામાં કુંદકુંદાચાર્ય કહે છે, હું સામ્ય અંગીકાર કરું છું. આપણે આમાં પણ આવ્યું હતું, ચર્ચામાં આવ્યું હતું. ભાઈએ ફૂલચંદજીએ નાખ્યું છે. સામ્યપણું, શુદ્ધઉપયોગપણે આત્માનું પરિણમન થવું એનું નામ ચારિત્ર અને મુનિપણું છે. કાંઈ નગ્નપણું મુનિપણું છે? અને એ રાગ આવે છે એ મુનિપણું છે જ નહિ. સમજાય છે કાંઈ? પણ થઈ જાય છે એની દશામાં. જ્યારે એવી ચારિત્ર દશા પોતાના આનંદ સ્વરૂપમાં રમણતા થઈ જાય છે તો સહેજે નગ્ન દશા જડને કારણે, જડને કારણે જડમાં થાય છે. આત્માને કારણે નહિ. અહીં ચારિત્ર થયું હોવા માટે નગ્નપણું જડમાં થવાનું હતું તે થયું એમ પણ નથી. ચારિત્ર કર્તા, વીતરાગભાવ કર્તા અને નગ્ન દશા કાર્ય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? અંતરમાં સ્વરૂપની દૃષ્ટિ અને રમણતા એ ચારિત્ર અને પંચ મહાવ્રતનો વિકલ્પ એનું કાર્ય અથવા વ્યવહારચારિત્ર કર્તા અને નિશ્ચયચારિત્ર કાર્ય, વસ્તુમાં એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારિત્ર ક્યાં છે ત્યાં? સમ્યગ્દર્શન કહ્યું ને. સમ્યગ્દર્શન કરી શકે, પંચમ ગુણસ્થાન પ્રગટ કરી શકે છે. પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચ અસંખ્ય પડ્યા છે. સ્વયંભુરમણ સમુદ્રમાં પંચમ ગુણસ્થાનવાળા અસંખ્ય શ્રાવક પડ્યા છે તિર્યંચ. અઢી દ્વીપમાં મનુષ્ય તો થોડા છે. પંચમ ગુણસ્થાન. કોઈ તો ત્રણ જ્ઞાનવાળા અસંખ્ય. મતિ, શ્રુત, અવધિ. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સાથે. સ્વરૂપાચરણ પંચમ ગુણસ્થાનનું. જે ચોથા ગુણસ્થાને સર્વાર્થસિદ્ધના દેવ છે એનાથી પણ સ્થિરતા અને શાંતિ વધી ગઈ છે. એવા પશુ અસંખ્ય પડ્યા છે. અઢી દ્વીપ બહાર. સ્વયંભુરમણ સમુદ્રમાં. પોતાનું સ્વરૂપ ત્યાં છે તો એનો આશ્રય કરી અનુભવ કરે છે. સ્થિરતા પ્રગટ કરી છે. (એવા) પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક છે. સમજાણું કાંઈ? વિકલ્પ આવે છે શુભભાવ. બાર વ્રતનો શુભભાવ હોય છે. સમજાણું કાંઈ? ભાવના પણ ભાવે છે કે હું ક્યારે અહીંથી નીકળું અને હું મુનિપણું અંગીકાર કરું, એવી ભાવના પણ હોય. ત્રણ જ્ઞાન છે. ત્રણ જ્ઞાન. મતિ, શ્રુત અને અવધિ. અત્યારે તો ત્રણ જ્ઞાન હજી સાચા સમકિતીને અત્યારે ન હોય. સમજાણું કાંઈ? એવા તિર્યંચને અવધિજ્ઞાન, કોઈને જાતિસ્મરણ જ્ઞાન, સમ્યગ્દર્શન સહિત (હોય છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માને થાય. પણ આત્મા કરે છે ક્યાં? દરકાર કરતો નથી ને.

મુમુક્ષુ :- ..ખબર ન પડે?

ઉત્તર :- આ પરની ખબર પડે છે. એની પોતાની ખબર પડતી નથી. તિર્યંચ અસંખ્ય પડ્યા છે. પોતાના સ્વરૂપમાં આનંદ કરે છે. એ અહીંયાં કહે છે. એ પણ પ્રભાવના અંતરમાં કરે છે. સમજાણું કાંઈ? સમકિતી છે ને. તિર્યંચ મગરમચ્છ, માછલા, દેડકા.. સમજાણું કાંઈ? ચકલા, મોર. એવા ભગવાનના જ્ઞાનમાં છે, અસંખ્ય પડ્યા છે.

એ આવતું નથી તમારે? રાવણના વખતમાં. રાવણનો મોટો હાથી હતો ને? ત્રિલોકમંડન. ત્રિલોકમંડન હાથી. જ્યારે રામચંદ્રજીએ લંકા લીધી ત્યારે રાવણ તો ગુજરી ગયો. મોટો હાથી હતો એને અયોધ્યા લાવ્યા. રાજગાદીમાં. મોટો ત્રિલોકમંડન હાથી. એ હાથી... દર્શન કરવા જતા હતા. રામચંદ્રજી, લક્ષ્મણજી, સીતા, શત્રુઘ્ન અને ભરત હાથી ઉપર બેસીને જતા હતા. ... ત્યાં સાંભળ્યું. ભરત હતા એને વૈરાગ્ય થયો અને એકદમ મુનિપણું લઈ લીધું. આત્મધ્યાન આનંદમાં મુનિપણું હોં! બહારથી નગ્ન થઈ જાય છે. તિર્યંચને હાથીને જાતિસ્મરણ થયું. અરે..! અમારા તો પૂર્વે મિત્ર હતા. જાતિસ્મરણ થયું. ઓહો..! હાથીને તિર્યંચમાં જાતિસ્મરણ થયું. મારા પ્રભુ તો મિત્ર હતા. આવી દીક્ષા લે છે! બસ. સમ્યગ્દર્શન થઈ જાય છે. જાતિસ્મરણ થયું. પંદર-પંદર દિવસના અપવાસ. પારણા કરતા હતા. પંદર દિવસના. લોકોને એ નજરમાં આવે પંદર દિવસના (અપવાસ).

મુમુક્ષુ :- એ પણ .. થવાનો હતો.

ઉત્તર :- પંદર દિવસે આહાર લેતો હતો. પશુ. આપણે ફોટો રાખ્યો છે. સ્વાધ્યાય મંદિરમાં. માણસ આમ લાડુ લઈને આવે છે. ઉદાસ.. ઉદાસ... જુઓ! એની ચેષ્ટા પણ ઉદાસ છે. ત્યાં હાથી બનાવ્યો છે ને. સામે બારણા ઉપર. ઉદાસ. સોનાના અને હીરાના દાગીના હતા ઉપર. જ્યારે ચાર બેસીને જતા હતા ને. નીકળી ગયા, બધા નીકળી ગયા. થાળ ધરીને સ્ત્રીઓ લાવે છે. જો થોડું લેતા હોય તો લઈ લે. ... સમજાણું કાંઈ? પણ એ પુરુષાર્થ કરે ત્યારે થાય કે એ વિના થઈ જાય છે? દરકાર પણ નથી હજી આત્મા શું છે, એની શ્રદ્ધા શું છે, આત્મામાં શું ચીજ છે? ખબર નહિ. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પ્રભાવના હાથી પણ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પૂર્વ ભવમાં મળ્યું હોય તો આને પણ પર ભવમાં પહેલું મળે તો અહીંથી

તૈયાર કરે તો આગળ વધશે. પરભવમાં પણ પહેલું કર્યું હશે ને ભાઈ? કે એમ ને એમ ચાલ્યું આવે છે? જ્યારે કરે ત્યારે પહેલું કરશે. પછી એમ લાગે કે ભાઈ, પૂર્વ ભવમાં એણે કર્યું હતું તો એના સંસ્કાર (જાગૃત થઈ ગયા), વગેરે વગેરે. એ પણ વર્તમાન પુરુષાર્થ વિના એ સંસ્કાર આવતા નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન! એને પ્રભાવના અંગ હોય છે એમ કહે છે. જેણે પોતાના નિજ સ્વરૂપની દૃષ્ટિ કરી છે, નિજ સ્વરૂપનું ભાન કર્યું છે, અંતર વેદન આત્માનું થયું છે. એ શુદ્ધતાનું વેદન વધતું જાય છે એને પ્રભાવના કહે છે. તેને '**અપ્રભાવનાકૃત કર્મબંધ નથી,...**' એને જે હિણપ દશાથી, અપ્રભાવનાથી જે બંધ થતો હતો એ થતો નથી. '**કર્મ રસ દઈને ખરી જાય છે...**' બધામાં એ આવ્યું. '**તેથી નિર્જરા જ છે.**'

'**આ ગાથામાં નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે.**' પોતાના સ્વરૂપની પ્રતીતિનું એને માહાત્મ્ય જ આવતું નથી. હું કોણ? બસ! આ કરું ને આ કરું ને આ કરું. શું કર તું? ધૂળ? એક રજકણ પણ ફેરવી શકતો નથી. સમજાણું કાંઈ? આ તો ખાવા-પીવાની વાત આવતી હતી ને. ત્યાં તો ખાવા-પીવા માટે પૈસા જોઈએને થોડાં. ..માં જોઈએને. આપી કોણ દેશે છોકરાઓ? છોકરા હિંમતનગર જાય અને આને રહેવું હોય તો પૈસા જોઈએ કે નહિ? એય..! કોણ કરે?

મુમુક્ષુ :- બાપ કરે.

ઉત્તર :- બાપેય કોણ કરે? ધૂળ. એ પૈસા જે રજકણ આવવાના હશે એ આવશે. ત્રણ કાળમાં કોઈને કારણે પૈસા રજકણ આવે બીજા દ્રવ્યથી, ઈ ત્રણ કાળમાં દ્રવ્યમાં એવી તાકાત નથી. અને આત્મામાં તાકાત નથી કે પરમાણુને લાવી શકે. શ્રદ્ધા ન મળે, શ્રદ્ધા ન મળે. જીવનો તો જ્ઞાન કરવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ લાવવાનો સ્વભાવ જીવમાં છે? અને આવવાનો એનો સ્વભાવ છે. એ આત્મા કરી શકે? તત્ત્વની શ્રદ્ધા નથી. જીવ, અજીવ કઈ રીતે છે પોતાને કારણે એની શ્રદ્ધા જ નથી. સમજાણું કાંઈ?

આ પૈસા સંઘરે તો શું? પાણિતાણાના દરબાર હતા. છેલ્લે જંગલમાં રહેતા હતા જંગલમાં. એમાં એવી સ્થિતિ થઈ ગઈ. મૃત્યુનો સમય. જંગલમાં હોં! આમ ચાલતા ચાલતા એમ થયું. અત્યારે બહાદુર .. એના ... બહાદુરસિંહ તો ગુજરી ગયા. એના પિતાજી હતા માનસિંહ. આ બહાદુરસિંહ આપણે અહીં આવ્યા હતા. એના પિતાજી હતા સુરસિંહજી. જંગલમાં મરવા ટાણે અહીં લાખ રૂપિયાની, બે લાખની ઉપજ. પછી દસ લાખની ઈ. જંગલમાં ગોળનું પાણી પીધું થોડું મરણ વખતે. ત્યાં દક્ષિણમાં હતા. મોટા ત્રણ લાખના ઠાકોર રાજા. પણ પૈસા નહિ ગોળ જોવે થોડો છેલ્લે. ગોળ મળે નહિ અહીં રાજ. શું લાવ્યા લવાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ કોણ કરે? ધૂળ કોણ લઈ શકે છે? આવવાની ચીજ આવે અને ન આવવાની હોય એ ન આવે. એક પડિયામાં ગોળ હતો. પડિયો સમજો છો? તમાકુ. તમાકુ પીવે છે ને માણસ જંગલમાં? કોષના પાણી કાઢનારા ખેડુ લોકો. એમાં એક ઓલો ચામડાનું આવે છે ને? એમાં થોડો ગોળ પડેલો. તમાકુ અને ગોળ. એની પાસે ગયા. ભાઈ! દરબારની અત્યારે છેલ્લી સ્થિતિ છે. એ ગોળ થોડો તમાકુનો મળ્યો. એનું પાણી કરીને આપ્યું. છૂટી ગયા. દરબાર છૂટી ગયા. કોણ દરબાર અને કોણ લાવે? રજકણને લાવે કોણ અને મૂકે કોણ? અહીં રાજ હતું મોટું ત્રણ લાખનું. કહો, પોપટભાઈ! લોકોને તત્ત્વની (ખબર નથી). ભિન્ન-ભિન્ન તત્ત્વના કાર્યો ભિન્ન-ભિન્ન છે એની શ્રદ્ધા પણ ન મળે. અને કહે કે અમે ભગવાનના ભગત છીએ. ભગવાનના ભગત નથી, ભગવાનના વેરી છે ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. એનો વેરી પોતાનો છે એ. કર્મ કોણ કરાવે છે? સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? એય..! મણિભાઈ! જુઓ! ત્યાં જાય તો ત્યાં ખુંચી જાય છે. કોણ જાણે શું હશે આ તે કાંઈ?

'**આ ગાથામાં નિશ્ચય પ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે.**' જુઓ દૃષ્ટાંત. '**જેમ જિનબિંબને રથમાં સ્થાપીને...**' જિનબિંબ ભગવાનની મૂર્તિને રથમાં સ્થાપીને. રથારૂઢ આવ્યું ને? '**નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહાર પ્રભાવના કરવામાં આવે છે,...**' શુભભાવ. '**તેમ જે વિદ્યારૂપી (જ્ઞાનરૂપી)...**' જ્ઞાન ભગવાન આત્મામાં બિરાજમાન કરીને. જે જ્ઞાનમાં અનાદિથી રાગને બિરાજમાન કર્યો છે એ જ્ઞાનમાં આત્માને બિરાજમાન કરીને. આહાહા..! સમજાણું કાંઈ? અંતર જ્ઞાન ચૈતન્યપ્રભુ એ જ્ઞાનની દશામાં ભગવાનને બિરાજમાન કરીને, પોતાના સ્વરૂપને બિરાજમાન કરીને. હવે આ શું? વિદ્યામાં ભગવાનને બિરાજમાન કરે છે ને? જિનબિંબ ભગવાનને. એ ધર્મીને પણ હોય છે, સમકિતીને હોય છે. એવો ભાવ આવે છે. શુભભાવ હોય. બહારની ક્રિયા હાલવું-ચાલવું, રથ ચાલવો એ કંઈ આત્માનું કાર્ય નથી. એનો અર્થ એટલો કે એ શુભભાવ ધર્મીને આવે છે. રથનું ચાલવું, ફરવું એ આત્માની ક્રિયા નહિ, આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ જ કહું છું. એ જ કીધું. એ અઢાર હાથી એની મેળાએ આવવાના હતા. કર્યા નથી કોઈએ. ગોદિકાએ કર્યા નથી અને કોઈએ કર્યા નથી. એ હાથીના રજકણો અને એ જાતની સૂંઢ અને એ જાતનો દેખાવ, એ રજકણોનું પરિણમવું તે કાળે તે જ

રીતે થવાનું હતું. કોઈના શુભરાગે થયું છે એમ વાત છે નહિ. આહાહા..! શુભરાગથી ભગવાન એ તે પરમાણુ એટલા... ૨૦-૨૫-૨૫ હજાર, ૩૦ હજાર માણસ દેખો તો. ઓહોહો..! આ શું! એ દરક પરમાણુને તે તે ક્ષેત્રે તે તે રીતે ગતિ થવાનો અને પરિણમવાનો એનો સ્વભાવ તે કાળે હતો. સમજાણું કાંઈ? તમારે કારણે થયું. એમ કહે છે ને લોકો? તમારે કારણે. અમારે કારણે કાંઈ નથી થયું, ભાઈ! સાંભળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બોલાય. એ તો નિમિત્ત શું છે, એ બોલાય છે. વસ્તુ એમ છે નહિ. આહાહા..! આ અભિમાન ઉડી જવું. મારું કામ નથી. હું શું કરું? વાણી પણ હું નથી કરી શકતો, દેહની ક્રિયા હલાવી શકતો નથી. બહારના પરમાણુનું પરિણમન થવાનું હતું તે થયું છે.

મુમુક્ષુ :- સોનગઢવાળાના ચાવવાના જુદા અને બતાવવાના જુદા.

ઉત્તર :- બતાવવાના જુદા. સાચી વાત છે. કરે બીજું અને માને બીજું એમ કહે છે. એમ આવે છે. ધર્મદાસ ક્ષુલ્લક થયા ને ધર્મદાસ ક્ષુલ્લક. સમ્યગ્જ્ઞાન દીપિકાના કરનારા. એમણે લખ્યું છે કે આચાર્યોના કથનમાં હાથીના દાંત બીજા છે અને ચાવવાના જુદા છે. એમ લખ્યું છે એમાં હોં! સમ્યગ્જ્ઞાન દીપિકા અને એક સ્વાત્માનુભવમનન. એક ધર્મદાસ ક્ષુલ્લક થયા છે. ૪૮ની સાલમાં થયા છે. સંવત્ ૪૮. એ કહે છે કે આચાર્યનું કથન વ્યવહારનયનું બીજું છે અને પરમાર્થ કંઈક જુદો છે. હાથીના દાંત ખાવાના કામમાં આવે નહિ. એ વાણીમાં તો એવું કથન આવે. વસ્તુ એમ છે નહિ. એણે બનાવ્યું, એણે આ કર્યું, મંદિર કર્યું એ તો વાણીમાં બોલવાની ચીજ છે. એમ વસ્તુ બનતી નથી. આત્માથી થતું નથી. આહાહા..! ભગવાનને શેત્રુંજય આત્માને લઈ જાય. તો આ શરીરને આત્મા લઈ જાય છે? આત્મા શરીરને લઈ જઈ શકે છે? સમજાણું કાંઈ? અને શરીર આત્માને લઈ જાય છે? બિલકુલ નહિ.

મુમુક્ષુ :- મોટર લઈ જાય.

ઉત્તર :- કોણ મોટર લઈ જાય?

મૂળ વાત એ છે કે અનંત તત્ત્વ છે એનો આત્મા જાણનાર છે. તો જાણનાર પણ ક્યારે કહેવાય? કે જેવું એનું સ્વરૂપ છે એવું જાણે, એવું જાણે કે અનંત (વસ્તુ) આમ છે. ત્યારે તો તેનું વ્યવહારુ જ્ઞાન સાચું કહેવામાં આવે છે. પણ ગડબડ કરે કે એનાથી આમ થયું, અને આનાથી થયું તો તત્ત્વની શ્રદ્ધા વ્યવહારે પણ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**નિશ્ચય પ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે. જેમ જિનબિંબને રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે, તેમ જે વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપીને...**' હું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છું. એમાં

આત્માને સ્થાપીને-આત્માનો આશ્રય કરીને '**મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે...**' જ્ઞાનમાં પરિભ્રમણ વારંવાર કરે છે. જ્ઞાનમાં અંદર વિદ્યારથમાં આરૂઢ કરીને અંદર ફેરવે છે. સમજાણું કાંઈ? '**તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત સમ્યગ્દૃષ્ટિ છે,...**' પોતાના જ્ઞાનમાં એકાકાર થાય એ પ્રભાવના છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈને સમજાવે છે ને પુસ્તક દે છે એ પ્રભાવના નથી. એમ કહે છે.

ભાઈ! સત્ય સ્વરૂપ તો આવું છે. અહીંયાં અભિમાન કરે કે હું આમ બોલું, હું આમ કરું. ભગવાન! કોણ બોલે? ભાઈ! તારું સ્વરૂપ જ જડથી ભિન્ન છે. અને આત્માથી ભિન્ન એ જડ છે. સમજાણું કાંઈ? કોણ બોલે? કોણ સમજાવે? કોણ કહે? કોણ લાવે? કોણ દે? આહાહા..! ધર્મીનું પ્રભાવના અંગ તો પોતાના જ્ઞાન સ્વરૂપમાં હોય છે. સમજાણું કાંઈ? '**તે નિશ્ચય પ્રભાવના કરનાર છે.**' લ્યો! એ સાચી પ્રભાવના છે. નિશ્ચય નામ સાચી, નિશ્ચય નામ યથાર્થ. વ્યવહાર નામ ઉપચાર. એ પછી કહેશે, હોં!

'**આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનીને નિઃશંકિત આદિ આઠ ગુણો નિર્જરાનાં કારણ કહ્યા. એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વના ગુણો નિર્જરાના કારણ જાણવા.**' સંવેગ આદિ વગેરે.

'**આ ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ (સ્વ-આશ્રિતસ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે.**' સ્વ-આશ્રિત. પોતાના સ્વરૂપના આશ્રયે જે દશા પ્રગટે એને નિઃશંક આદિ નિશ્ચયગુણ કહે છે. રાગાદિ જે છે એ સ્વ-આશ્રિત નથી. એ તો પરાશ્રિત છે, એ તો વ્યવહાર થઈ ગયો. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ માટે પૈસા ખર્ચે-પ્રભાવના (કરે) એ તો શુભભાવ છે. એ શુભભાવને વ્યવહાર કહેવામાં આવે છે. કારણ કે એમાં પર આશ્રય આવ્યો.

પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન પોતાના આશ્રયે નિઃશંક આદિ ગુણ પ્રગટ કરે એને નિશ્ચય નામ યથાર્થ, અણઉપચાર યથાર્થ કહેવામાં આવે છે. નિશ્ચયની વાત જાણે અંદર સાંભળતા એને આ તે જાણે બની શકે? આ બની શકે? કરી શકે? પણ કરે તો કરી શકે છે. એની વાત ચાલે છે. પણ કદી એનું લક્ષ કર્યું નથી, ધ્યાન કર્યું નથી, કરવાયોગ્ય આ છે એવી જરૂરિયાત લાગી નથી. સમજાણું કાંઈ? રુચિ કરે કે આમ જ કરવા લાયક છે. તો રુચિ અનુયાયી વીર્ય. રુચિ કરે કે હું જ્ઞાયક છું, રાગ નહિ, આ કરવા લાયક નથી અને આ કરવા લાયક છે, એવી જો રુચિ થઈ જાય તો રુચિ અનુયાયી વીર્ય. રુચિ અનુસાર પુરુષાર્થ કર્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? પણ રુચિ જ નથી ત્યાં (શું થાય?). આમ કરું, તેમ કરું, બહારમાં પડું, દુનિયા મને ગણે કે ઓહોહો..! આ તો ઘણો ધર્મી છે, હોં! પૈસા ઘણાં

ખર્ચે છે, ક્રિયા કરે છે, ઊના પાણી પીવે છે, અપવાસ કરે છે. શું કહેવાય તમારે ઓલું ૪૫ દિવસનું? ઉપધાન. ૪૫ દિ'ના ઉપધાન કરે છે ને શ્વેતાંબરમાં. દોઢ મહિનો કરે. બિચારાનો થડ કાઢી નાખે, હોં! અહો.. કષ્ટો, મહા કષ્ટો. લાભો કિંચિત્ ન ... શુભભાવના ઠેકાણા નહિ. ખેદ ખેદ થઈ જાય સવારથી સાંજ. સવારે ચાર વાગે ઉઠે. અરે.. ભગવાન! આવી તે ક્રિયા? આ તે કાંઈ ધાર્મિક ક્રિયા છે? પ્રભુ! તને ખબર નથી. તારી ધાર્મિક ક્રિયા તો આત્મા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધામાં એકાકાર થઈને જે નિર્મળ પર્યાય પ્રગટ કરે એ ધાર્મિક ક્રિયા સહજ, શાંતિ અને સુખદાયક છે. સમજાણું કાંઈ? ધાર્મિક ક્રિયા દુઃખદાયક હોય? દુઃખદાતા? અરે.. ભાઈ! કરવું પડશે, મારે અપવાસ કરવો પડશે. એનું નામ ધાર્મિક ક્રિયા છે?

છ ઢાળામાં નથી આવતું એ? છ ઢાળામાં. કષ્ટ ગણે. આતમ હિત હેતુ વિરાગ જ્ઞાન, તે લખે આપકું લખે ઉસકો કષ્ટદાન. એમ કે અપવાસ કરવો, આ કષ્ટ સહન કરવા. કષ્ટ માનવું એ તો પાપ છે. એ તો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ એની દૃષ્ટિ કરીને એમાં સહજ આનંદ આવે એ ક્રિયાને ભગવાને સહજ ક્રિયા કહી છે. એનું નામ નિર્જરા છે. કષ્ટ સહન કરે, અપવાસ કર્યા, આઠ દિન કર્યા, દશલક્ષણી પર્વ કર્યા. હવે બહુ દુઃખ થયું. શુભભાવના ઠેકાણા નથી ત્યાં નિર્જરા ક્યાંથી આવી? ત્યાં તો ખેદ થયો. પાણી પણ ન પીધું. તરસ એવી લાગી હતી.

મુમુક્ષુ :- એમાં જ નિર્જરા થાય ને?

ઉત્તર :- ધૂળમાં નિર્જરા થાય નહિ.

મુમુક્ષુ :- તપસાયા નિર્જરા તો લખ્યું છે.

ઉત્તર :- પણ કઈ રીતે? અંતર સ્વરૂપમાં એકાગ્ર થઈને ઇચ્છાનો નાશ કરે અને શુદ્ધતા પ્રગટ કરે એનું નામ તપસા નિર્જરા છે. આ તો લાંઘણું છે. મોક્ષમાર્ગમાં આવે છે. વિષય કષાય આહારો ત્યાગો. સમજાણું કાંઈ? શું કીધું સમજ્યા? વિષય કષાય આહારો ત્યાગો .. ઉપવાસો .. ઉપવાસ નામ વસવું. ઉપવાસ નામ સમીપ (વસવું). હજી વસ્તુ શું છે એના ભાન વિના નજીક ક્યાં જશે? ઉપ-વાસ. ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્ય શુદ્ધ છે એવી ચીજ જ્યાં દૃષ્ટિમાં હજી ખ્યાલમાં આવી નથી તો નજીકમાં રહેવું ક્યાં? એવો શુદ્ધ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરીને એની સમીપમાં રહેવું-વાસ-વસવું-એનું નામ ઉપવાસ છે. બાકી બધી લાંઘણ છે. આત્મા જે શુદ્ધ ચૈતન્ય છે અંતર આનંદ, એની દૃષ્ટિ કરીને એમાં રહેવું. એમાં લીનતા, આનંદમાં રહેવું એનું નામ ભગવાન ઉપવાસ કહે છે. ઉપ નામ સમીપ, વાસ નામ વસવું. અંતર આનંદમાં વસવું એનું નામ ઉપવાસ છે. બીજાનું નામ ભગવાન કહે છે, લાંઘણ છે લાંઘણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ લાંઘણ થઈ, બાપા. એ લાંઘણ. ઈ કહે છે. ઈ લાંઘણ છે આત્માના ભાન વિના. એમ કહે છે.

મુમુક્ષુ :- આઠ અપવાસ કરે તો?

ઉત્તર :- આઠ શું, છ મહિના કરે નહિ. એ લખ્યું છે એમાં. છ મહિના કરે તો રાગની મંદતા થાય, પુણ્ય બાંધે.

મુમુક્ષુ :- એ તો ધર્મ માનવો એ ભૂલ છે.

ઉત્તર :- ધર્મ માનવો એ ભૂલ છે. રાગ મંદ હોય તો પુણ્ય બાંધે. સમજ્યા? પુણ્ય બાંધે. પણ રાગની મંદતા કરે એટલું. પણ એનાથી નિર્જરા થાય એમ છે નહિ.

નિર્જરા તો પોતાનો શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એમાં લીન થવું એ નિર્જરાનું કારણ છે. ભગવાનનું ફરમાન એમ છે. સમજે નહિ. અમે ભગવાનને માનીએ છીએ. ભગવાન કહે છે એ તો માનવું નથી. મહાજન મા-બાપ સાચા, મારી ખિલી ખસે નહિ. એમ કહે છે કે નહિ? એમ કહે છે. તમારે કહેતા હશે. મહાજન! મેં ખીલી મારી છે અહીં. પણ આ જમીન અમારી છે. મા-બાપ સાચા તમે પણ ખિલી ખસે નહિ. મારે બે હાથ જોતી હતી મેં લઈ લીધી છે.

મુમુક્ષુ :- એ મકાન માટે...

ઉત્તર :- નહોતું તો પણ પૂછ્યા વિના લીધું શું કરવા? મહાજન મા-બાપ સાચા. જાય ને. અમારી બે હાથ જમીન તમે લઈ લીધી છે. આ રસ્તો રોકાઈ જશે. રસ્તો ટૂંકો પડશે. અહીંથી ગાડુ ચાલવું હોય તો હરકત આવશે. આ અમારી જમીન છે. પણ મા-બાપ સાચા તો ખરા, પણ મારી ખીલી નહિ ખસે. મારી ખીલી ખસશે નહિ. એમ ભગવાન સાચા પણ ભગવાન કહે છે એ માનતા નથી. અમે તો બસ આમ માનશું લ્યો. અપવાસ કરશું એમાં અમને ધર્મ થશે. તમે ગમે તેમ કહો પણ અમે તો આમ માનશું. ઠીક!

અહીં કહે છે કે '**નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ અહીં બતાવવામાં આવ્યું છે. તેનો સંક્ષેપ (સારાંશ) આ પ્રમાણે છે - જે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધામાં નિઃશંક હોય,...**' ધર્મી જીવ પોતાના જ્ઞાન-શ્રદ્ધામાં નિઃશંક હોય. જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્રની વાત અહીં નથી કરી. પોતાનો શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વરૂપ છે એની શ્રદ્ધામાં સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે, નિઃસંદેહ નિઃશંક છે. '**પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ...**' સમજાણું કાંઈ? કોઈ ભય હોય. હું જ્ઞાયક છું. ડરાવનાર જગતમાં કોઈ છે નહિ. મારા સ્વરૂપમાં બીજા કોઈનો

સ્પર્શ નથી. રાગનો પણ સ્પર્શ નથી. બીજાનો પરિષહ અને ઉપસર્ગનો સ્પર્શ થતો નથી. **'અથવા સંદેહયુક્ત ન થાય,...'** જુઓ! સંદેહયુક્ત. શું છે આત્મા? કેવો છે આત્મા? કંઈ ખબર નથી પડતી. એવો સંદેહ તો મિથ્યાત્વ છે. એવો સંદેહયુક્ત થતો નથી. નિઃસંદેહ મારો આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ છે. મને ભવ છે નહિ. સમજાણું કાંઈ? ભવ છે નહિ. એવો નિઃશંક થઈ જાય એમ કહે છે. અનંત ભવની શંકા પડે તો તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એમ કહે છે મૂળ તો. સવારમાં લીધું હતું થોડું. સંદેહનું નહિ? શ્રીમદ્‌નો પત્ર. એમ કહેવામાં આવે છે. સમજ્યા? સવારે કહ્યું હતું.

એ પ્રશ્ન થયો હતો ને? (સંવત) ૧૯૭૭માં. શ્રીમદ્ આમ કેમ કહ્યું? કે એક ભવમાં મોક્ષ જાઈશું. છદ્મસ્થ છે. તો શું છે? ખબર નથી? આત્મામાં તાકાત નથી? ૭૭માં આવ્યા એ અમારે દેવીદાસભાઈ. ઘેવળિયા હતા ને ઘેવળિયા? પોરબંદર. પ્રાણભાઈ ગયા લાગે છે. ઘેવળીયા હતા. પછી ભવાનજી કચ્છી હતા અને ત્રીજા કો'ક હરખચંદ શેઠ કે કો'ક હતા. ત્રણ હતા. ૭૭ની સાલ. એણે પ્રશ્ન કર્યો, મહારાજ! આ શ્રીમદ્ આમ કેમ કહે છે કે હું એક ભવમાં મોક્ષ જવાનો છું?

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે
તેથી દેહ એકધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.

ગૃહસ્થાશ્રમમાં હતા, ભાન હતું. સમજાણું કાંઈ? 'અશેષ કર્મનો ભોગ છે.' કાંઈક રાગ બાકી છે, હજી ખસતો નથી. કાંઈક હજી સંસારનો ભોગવવાનો કાળ લાગે છે થોડો. 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે. તેથી દેહ એક ધારીને...' સ્વર્ગનો દેહ, હોં! મનુષ્યનો દેહ ... નહિ. 'જાશું સ્વરૂપ સ્વદેશ રે.' આહાહા..! અમારા સ્વરૂપના દેશમાં અમે સમાપ્ત-પૂરા થઈ જશું. તો કહે, એમ કેમ કહ્યું? ખબર નથી તને? મતિ-શ્રુતજ્ઞાનની કેટલી તાકાત છે તને ખબર નથી? ૭૭માં હોં! મતિ-શ્રુતજ્ઞાનમાં સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ જણાય છે. ભગવતી સૂત્રમાં પાઠ છે. શ્વેતાંબર શાસ્ત્રમાં. સમજાણું કાંઈ? સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ ઉપયોગ લાગી જાય તો બધું કામ કરી શકે છે. આત્મામાં તાકાત એવી છે. તને ખબર નથી માટે બીજું થઈ જાય? સમજાણું કાંઈ? નિઃસંદેહ એમાં આવી ગયું કે નક્કી હું એકાદ દેહ ધારણ કરીને કેવળજ્ઞાન લેવાનો છું. આ ભવમાં તો મને નહિ થાય. સમજાણું કાંઈ? એવો નિઃસંદેહ થઈ જાય છે. એમાં અનંત ભવ કરવા પડે (એવો) સંદેહ (રહે) તો મિથ્યાત્વ છે. અનંત સંસાર કરવો પડે. ભગવાને અનંત સંસાર જોયો હશે તો? એવી સમકિતીને શંકા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાનનું માન શી રીતે કર્યું કહેવાય? ભગવાને એમ કહ્યું કે મેં ... એને તો ભવ છે જ નહિ એમ કહ્યું. ભગવાનનું માન કર્યું. એ આવશે, હજી કાલે આવશે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીએ જ્ઞાનમાં દીઠો છે મોક્ષનો કાળ એ પ્રમાણે થશે. આવશે ને, હજી કાલે આવશે. ભગવાનના જ્ઞાનમાં જોયું છે એ કાળે મોક્ષ થશે. એની પ્રતીત કરવામાં જ એનું માન છે.

મુમુક્ષુ :- એમાં ભગવાન આવ્યા અને ભગવાન આવ્યા એટલે પોતે આવ્યા.

ઉત્તર :- હા. જરી ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ ભાઈ એવો છે.

નિઃસંદેહ.. નિઃસંદેહ. આહાહા.. સમજાણું કાંઈ? મારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે, જ્ઞાન છે, આનંદ છે. એમાં ભવનો ભાવ કેવો અને ભવ કેવો? નિઃસંદેહ નિઃશંક છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિમાં એને જરી અશુદ્ધતા થોડી આવી જાય તો નિર્જરા થાય છે. એનું નામ નિઃશંકપણું કહેવામાં આવે છે. ભાઈ! એ ચીજ એવી છે. જગતના બહારથી માપ કરવાની તાકાત બહુ થોડી છે. બહારથી માપ કરે એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? એક બોલ. નિઃશંક થયો.

**'જે કર્મનાં ફળની વાંછા ન કરે...'** ધર્મીને આત્માના શુદ્ધ સ્વભાવની જ્યાં વાંછા-ભાવના-એકાગ્રતા છે, ત્યાં કર્મફળની વાંછા કેમ કરે? આવું કર્મ આવે, આવું પુણ્ય બંધાય એવી વાંછા જ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની ખાણ જ્યાં દૃષ્ટિમાં આવી, એને બીજી શું ઇચ્છા રહે? કેવી રીતે ક્યાંથી લાવવાનું છે? અંતરના સ્વરૂપમાં જેટલો એકાગ્ર થાઉં એટલી શાંતિ અંદરથી મળશે. એવી જેની શ્રદ્ધા અને જ્ઞાન થયું છે એને કર્મના ફળની ઇચ્છા થતી નથી. સમજાણું કાંઈ? એટલા દીકરા હોય તો ઠીક. એટલી સગવડતા દેનાર હોય તો ઠીક. કોઈ ચીજ છે જ નહિ. ધર્મીને પોતાના સ્વભાવની એકાગ્રતા સિવાય બીજી કોઈ ઇચ્છા છે જ નહિ.

મુમુક્ષુ :- મોક્ષની વાંછા તો કરે જ ને.

ઉત્તર :- મોક્ષ-ફોક્ષની વાંછા, એ વાંછાથી મોક્ષ નથી મળતો. એ જાણે છે કે વાંછા ટાળીશ તો મોક્ષ મળશે. ઇચ્છા આવે, થાય છે. પણ એ ઇચ્છા ટાળીશ તો મુક્તિ થશે. ઇચ્છા કરું માટે મુક્તિ થશે એમ નથી માનતા ઈ. સમજાણું કાંઈ? અજર પ્યાલા. સમજાણું કાંઈ?

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.
ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા.

એ ભગવાનની આજ્ઞાની સેવા-આત્મા જ્ઞાનસ્વરૂપની સેવા ભગવાનની આજ્ઞાની સેવા

છે. સમજાણું કાંઈ? કહે છે કે નિઃકાંક્ષ છે. ધર્મીને કોઈ ઈચ્છામાત્ર નથી. પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ છે તો સ્વભાવની વૃદ્ધિ કરવાની ભાવના છે. બીજી કોઈ ઈચ્છા નથી. એનું નામ નિઃકાંક્ષ કહેવામાં આવે છે. થઈ ગયો વખત?

'**૩. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે, તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે.**' જેવો સ્વભાવ ક્ષુધાનો, તૃષાનો, વિષ્ટાનો હોય એમ જાણે. એમાં ગ્લાનિ ન કરે કે આમ કેમ છે? અથવા પોતાના સ્વરૂપની સ્થિરતા કરતાં કરતાં આગળ ન વધી શકે તો શંકા-સંદેહ ન થાય કે શું હું પડી જઈશ? અને મારો મોક્ષ નહિ થાય? એવો સંદેહ નથી. એવી દુગંછા નથી થતી. સમજાણું કાંઈ?

'**જે સ્વરૂપમાં મૂઢ ન હોય, સ્વરૂપને યથાર્થ જાણે,...**' ધર્મીને સ્વરૂપમાં મૂઢતા ન થાય. બરાબર જાણે. સંસારની દશામાં બરાબર જાણે તો એને બરાબર ખબર છે કે નહિ? હું બરાબર જાણું છું કે આમ છે. એવી દૃઢતા છે કે નહિ અજ્ઞાનમાં? તો આ પણ જેવું જાણે છે એમાં કદી આ શું થયું? લોકો આમ કહે છે, આમ કહે છે. એમ મૂઢ થતો નથી. અમૂઢ દૃષ્ટિમાં પોતાની શુદ્ધતાનું ભાનમાં અસ્થિરતાનો નાશ કરે છે. એ સમકિતનો ચોથો આચાર છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૪, ગુરુવાર તા. ૨૪-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૩૬, પ્રવચન-૩૧૭**

સમયસાર. નિર્જરા અધિકાર. ધર્મીને કર્મની નિર્જરા થાય છે. એટલે કે કર્મનું ઝરવું, ગળવું, નાશ થવું થાય છે. ધર્મી કોને કહે છે, એના આઠ આચારનું વર્ણન કરે છે. વાત એમ છે કે ધર્મીની દૃષ્ટિ પોતાનું શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ છે એના ઉપર દૃષ્ટિ છે. એ વિના ધર્મ કદી ત્રણ કાળમાં થતો નથી. કેમ કે જેમાંથી નવી પર્યાય શુદ્ધ પ્રગટ થાય અને એ પર્યાયની શક્તિ દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ? જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ અથવા એનું ફળ જે કેવળજ્ઞાન એ બધી પર્યાયોની શક્તિ વસ્તુમાં, અંતર વસ્તુના સત્ત્વમાં, તત્ત્વમાં છે. એની ઉપર દૃષ્ટિ દેવાથી એ શક્તિની વ્યક્તતા અંદર ગુણ છે એમાંથી પ્રવાહરૂપ પરિણમન થઈને શક્તિની પ્રગટતા થાય છે. સમજાણું કાંઈ?

એવો શક્તિવાન ભગવાન આત્મા, એનો અંતર્મુખ (થઈને) અનુભવ કરવાથી કે આ આત્મા જ શુદ્ધ ધ્રુવ પૂર્ણાનંદ સ્વરૂપ છે એવું પ્રતીતિમાં જ્ઞાન કરીને, અનુભવ કરીને સ્વભાવ સન્મુખ થઈને ધર્મ પ્રગટ થયો હોય એને આ આઠ આચાર હોય છે. એને નિર્જરા થાય છે, બીજાને નિર્જરા થતી નથી. ચાર બોલ ચાલ્યા છે ને? ચાર બોલ.

પાંચમો. '**૫. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...**' જુઓ! ત્યાં પણ એ આવ્યું. વાત એમ છે કે એ કોઈ કથનની શૈલી નથી, એ કોઈ સમજાવવાની શૈલી નથી. આ તો અંતર્મુખ થવાનો રસ્તો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પિંડ છે, આનંદસ્વરૂપ છે, એમ દૃષ્ટિ કરીને શુદ્ધ સ્વરૂપમાં જોડે. આત્માને વર્તમાન દશામાં શુદ્ધ સ્વભાવ સહિત કરે. રાગાદિ પુણ્યાદિથી દૃષ્ટિ હટાવીને, પોતાની એક સમયની અવસ્થા છે તેના ઉપરથી પણ દૃષ્ટિ હટાવીને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં દૃષ્ટિને જોડે એનું નામ શુદ્ધ સ્વરૂપમાં યુક્ત કરે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ બેઠા આગળ? મણિભાઈ તમારા પાછળ... કહો, સમજાણું કાંઈ?

'**જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...**' આત્મા સત્ અનંત શાંતિ અને આનંદની ખાણ આત્મા છે. એના ઉપર નજર કરવાથી અથવા પોતાની પર્યાયને એમાં જોડવાથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એનું નામ અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. નિર્જરાના તો ત્રણ પ્રકાર છે. કર્મનું ગળવું, અશુદ્ધતા ટળવી અને શુદ્ધિની વૃદ્ધિ થવી. તો આ શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થવાથી ત્રણે થાય છે. આહાહા..! દુનિયાને બહારથી ધર્મ લેવો છે. સમજ્યા ને?

આજ તો બહુ ભલામણ આવી હતી ઓલામાં. વાંચ્યું હશે ને પહેલો ભાગ. દ્રવ્યકર્મથી વિકાર નથી થતો. વિકાર એમાંથી થાય છે. એ ઘણી ચર્ચા કરી છે અજિતકુમારે. પહેલું વાંચ્યું હશે ને આ ચર્ચા. પહેલો જ બોલ. દ્રવ્યકર્મથી વિકાર થાય છે કે નહિ? અરે..! મુમુક્ષુઓ! અરે.. કાનજીસ્વામી આદિ મુમુક્ષુઓ! તમે આત્માર્થી હો તો એટલું છાતી પર હાથ રાખીને કબુલ કરો કે કર્મથી વિકાર થાય છે. કુંદકુંદાચાર્ય કહે છે અને તમે છાતી ઉપર હાથ રાખીને કબુલ કરો. લ્યો ઠીક! અરે.. ભગવાન! વિકાર કર્મથી થાય તો કર્મ નાશ થાય તો કર્મ ખસે તો તને વિકારનો નાશ થાય. તારા અધિકારમાં તો રહ્યું નહિ. અહીં તો કહે છે, જોડો. એમ કહે છે ને? તો જેવા કર્મ આવે એને કારણે એવો વિકાર કરવો પડે તો પોતાને પુરુષાર્થ કરવાનો અવસર, અવકાશ મળતો નથી. બહુ લખ્યું છે. આમ દયા કરીને લખ્યું છે, હોં! ઓલું બહાર આવ્યું ખરું ને. આ લોકો સોનગઢવાળા કહે છે, કાનજીસ્વામી કહે છે એ આ બે પંડિતોએ સ્થાપ્યું પાછું. ફૂલચંદજી અને જગનમોહનલાલ. આ બેના નામ આપ્યા. આ તો ત્રણે ફરી ગયા. આ બધું ઊંધું. તમે એટલી તો શ્રદ્ધા રાખો. કુંદકુંદાચાર્યની શ્રદ્ધા કહો છો કે કુંદકુંદાચાર્ય અમને માન્ય છે. આ એમના લખાણમાં આવું આવે ... એય..! બધી ગાથાઓ મૂકી છે. આજ આવ્યું છે ને જૈન..

અરે..! ભગવાન! એ વાતમાં નવું શું છે? બાપુ! આહાહા..! આ વાત તો જૈનમાં એવી કોઈ ગરી ગઈ લાકડા. હવે બહાર આવ્યું તો હજી એનો વિરોધ? શરૂઆત કર્યું છે. હવે ત્યાંથી જે જે લખાણ છે ત્યાંથી શરૂઆત કરે છે. કર્મને લઈને વિકાર થાય... કર્મને લઈને વિકાર થાય.. એ વાત માનો તો તમે શાસ્ત્રને, મુનિઓને અને ભગવાનને માન્યા કહેવાય. આહાહા..! કહો, ધન્નાલાલજી! અરે.. ભગવાન! આ વાત તો અમારે (સંવત) ૧૯૭૧થી ચાલે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની વાત ૭૨-૭૩થી ચાલે છે. અને આ વાત ૭૧થી ચાલે છે. ભાઈ! સોમચંદભાઈ! વિકાર તો આત્મા કરે તો કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પોતાને આધીન વિકાર થાય અને વિકાર ટાળવો એ પોતાને આધીન છે કે કર્મને આધીન છે?

મુમુક્ષુ :- કર્મને આધીન હોય તો છૂટે નહિ કદી.

ઉત્તર :- તો છૂટે નહિ કદી. ભાઈ! એમ નથી. ત્યારે કહે, આગમમાં કહ્યું છે ને કુંદકુંદાચાર્યે. ભાઈ! એ તો જ્ઞાનાવરણીય આદિ નામ દીધું છે એ તારી જ્ઞાનની પર્યાય હિણી કરો તો જ્ઞાનાવરણીયને આવરણ કરવામાં કહે છે, નિમિત્તથી કહે છે. જડ આત્માને આવરણ કરે તો આત્મા નમાલો છે? આહાહા..!

બહુ કહ્યું છે. દયા કરીને ભાષા લખી છે. બધા મુમુક્ષુઓ અને જે કાંઈ તમે સારા કહેવાતા હો વિદ્વાનો એમ કરીને. આ તમે સુધારો, આ સુધારો નહિતર તમને.. એક કોર

કુંદકુંદાચાર્યની શ્રદ્ધા કહો અને એની શ્રદ્ધા માનવી નહિ તમારે. એય.. અમરચંદભાઈ! અરે..! ભગવાન! કુંદકુંદાચાર્ય શું કહે છે? ભાઈ! આવું કહે છે? કુંદકુંદાચાર્ય ભગવાન એમ કહે છે કે કર્મથી થાય? કર્મ તો જડ પદાર્થ છે. રજકણ છે. એને તો ખબર નથી કે કોને અપરાધમાં જોડું છું અને અપરાધ કોણ મારામાં જોડે છે એને તો ખબરેય નથી. એ તો માટી જડ ધૂળ છે. અને પાક આવે છે તો એના ઉદયમાં આવે છે. કહો, જેઠાલાલભાઈ! એ જેઠાલાલભાઈને એની સાથે વાંધો હતો. પાક તે કાંઈ જડનો આવે? ભાઈ! ઘણું લખ્યું છે. કારણ કે હવે ખળભળાટ થઈ ગયો. હજાર પુસ્તક બહાર આવી ગયા. અને સોનગઢ કહે છે એ વાત આ પંડિતોએ માની. આ શું છે આ? આહાહા..! ભારે કરી કે વાત આ.

અરે.. પ્રભુ! પણ કર્મ રજકણ છે. ભાઈ! તારા સ્વરૂપની દૃષ્ટિ છોડી દે તો તને મિથ્યાત્વ ભ્રાંતિ થાય છે કે હું રાગ છું, પુણ્ય છું, દયા છું, આ છું. એ તો તારી દૃષ્ટિના વિષયમાં ભૂલ છે. એ ભૂલ કોઈ કર્મ કરાવે છે, મોહનીય કર્મ કરાવે છે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' અરે..! આવું બોલે ત્યાં તો ઓલામાં આવે છે ને?

મુમુક્ષુ :- એ તો પૂજામાં આવે છે.

ઉત્તર :- પણ પૂજામાં આવે પણ એ આચાર્યનું....

મુમુક્ષુ :- આચાર્ય આમ કહે છે.

ઉત્તર :- આચાર્ય બીજું કહે? ભાઈ! એક જ વાત છે. કોઈ દિ' એમ કહે આચાર્ય? એ તો નિમિત્તનું કથન છે. તારો અપરાધ તારી શક્તિમાં, તારી દશામાં તું કરે છે.

શુદ્ધ આનંદ સ્વરૂપ અને પરમાત્મા પવિત્ર સ્વરૂપ પ્રભુ પોતાનું સ્વરૂપ. એને યાદ ન કરીને, સ્મરણ ન કરીને, સ્વભાવનો આશ્રય નહિ કરીને જે પર ઉપર લક્ષ કરે છે. લક્ષનો અર્થ, અહીં લક્ષ નથી ત્યાં છે. ક્યાં એને ખ્યાલ છે પરનું શું? પણ પરનું લક્ષ કરે છે અને પરનો સંગ કરે છે. સંગ કરે છે તો એ કારણે તને મમતા ઉત્પન્ન થાય છે. એ કારણે તને વિકાર થાય છે. સમજાણું કાંઈ? એ વિકારને, કહે છે કે તારા આત્માથી તું વિકાર ઉપરની દૃષ્ટિ છોડી દે, નિમિત્તની દૃષ્ટિ (છોડી દે).

શુદ્ધનો સંગ કેવી રીતે થાય? કે નિમિત્તનું લક્ષ છોડી દે અને રાગનું લક્ષ છોડી દે, વર્તમાન અવસ્થા ઉપરની રુચિ છોડી દે અને અંતર રુચિ શુદ્ધ ચૈતન્ય ઉપર લઈ જાય તો શુદ્ધ સ્વભાવથી યુક્ત થઈ શકે છે. કર્મ બિચારો વિકાર કરાવે તો એની સામું દેખવું કે ભાઈ! તું હવે ખસી જા. ખસી જાને શું કહે છે? હટ જા.. હટ જા. આહાહા..! અરે.. ભગવાન! એને ક્યાં (ખબર છે)? એ તો એની પર્યાય. એનો કર્તા હર્તા આત્મા છે? એ ખસે કે બંધાય એ તો એની પર્યાયને કારણે છે. આમાં વાદવિવાદ શા? અરે..! આમાં મનુષ્યપણું

મળ્યું. અમને દેવની શ્રદ્ધા નથી, ગુરુની શ્રદ્ધા નથી, કુંદકુંદાચાર્યની શ્રદ્ધા નથી. સમજ્યાને? આ બધી લાઈન આ જ ઊભી થઈ છે. સમજાણું કાંઈ? ૭૧ની સાલથી બધી ચર્ચા આ, ખળભળાટ ખળભળાટ.

કર્મથી વિકાર નહિ, ભાઈ! વિકાર તું કરે છે (તારા) પુરુષાર્થથી. તારા સ્વરૂપની તને ખબર નથી. હું પરમાનંદ સ્વરૂપ છું, હું અનંત વીર્ય સંપન્ન છું. હું અનંત બળ તાકાત રાખનાર છું. મારામાં પરમેશ્વર થવાની તાકાત છે. સમજાણું કાંઈ? મારામાં તો પરમેશ્વર થવાની તાકાત છે. આહાહા..! એવી શ્રદ્ધા ક્યારે થાય? કે કર્મથી વિકાર થાય એ દૃષ્ટિ છૂટી જાય. પોતાની પર્યાયમાં પોતાના પુરુષાર્થથી વિકાર થાય છે, એની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે તો પુરુષાર્થથી આત્માનું ભાન થાય. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :- .. બતાવ્યું હતું.

ઉત્તર :- એ નિમિત્ત બતાવ્યું હતું. ઠીક કહે છે આ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ કે સંસાર રોગનું નિમિત્ત કર્મ બતાવ્યું છે. કહ્યું છે કે તને રોગ છે એમાં ઈ નિમિત્ત છે. છે કે નહિ? છે. તું વિકાર કરે છો. રોગ છે. શું કર્મ રોગ કરાવે છે? એમાં બહુ લખ્યું છે ઘણું. એ તો આવે હવે, ઘણી વાર સાંભળ્યું છે. એમ કહે, જુઓ! નરક-નિગોદમાં કોઈને જવાની ઈચ્છા છે? એ કર્મ લઈ જાય છે નરક-નિગોદમાં. કહો, દેવીલાલજી! ન લઈ જાય? તો કોણ લઈ જાય? ચોર પોતાની મેળાએ જાય? ઓલો પકડીને લઈ જાય ફોજદાર. અરે..! આવી વાત? આટલી આટલી સાધારણ વાત એ એને (બેસે નહિ). આ તો નાના બાળક જેવી. આવી વાતું વીતરાગને નામે, આગમને નામે કરે. આગમમાં લખાણ છે ને, લખાણ છે ને. અરે.. ભગવાન! કુંદકુંદાચાર્ય કહે છે ને. ભાઈ! પણ શું કહે છે ઈ? સમજાણું કાંઈ?

કહે છે કે વસ્તુના સ્વભાવમાં વિકાર કરવાનો કોઈ ગુણ જ નથી. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં અનંત શક્તિ છે પણ કોઈ ગુણ એવો નથી કે વિકાર કરે. એવો કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? તો દ્રવ્ય નથી, ગુણ નથી, વિકાર કરવાની કોઈ શક્તિ નથી, વિકાર કરવાનું કોઈ દ્રવ્ય નથી એ આત્મા. વિકાર કરવાની પર્યાયમાં તારી ઊલટી દૃષ્ટિથી અને ઊલટા પુરુષાર્થથી તું કરે છે. આ વસ્તુસ્થિતિ છે. શું વિકાર કોઈ કરાવે છે? કર્મ કરાવે? તો કર્મનો ઉપદેશ દેવો? ભાઈ છોડ, વિકાર છોડ, વિકાર છોડ એમ કહેવું? એને ઉપદેશ દેવો? બહુ ચાલ્યું. પણ હજી આટલું બહાર આવ્યું. આટલા અવસર મળ્યા એનો વિરોધ કરવો પાછો. બધું સોનગઢના પક્ષકારે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મની ઉપર જવાબદારી. આહાહા..! પાપ કરે પોતે અને નાખે કર્મને માથે.

ટોડરમલજીએ કહ્યું ને? ટોડરમલજીએ કહ્યું છે. અરે..! તું તો મહંત રહેવા ચાહે છે. દોષ તું કરે છે અને કર્મના માથે નાખે છે. આવી અનીતિ? જિન આજ્ઞા માને તો સંભવે નહિ. આહાહા..! છે કે નહિ? અમરચંદભાઈ! છે એમાં મોક્ષમાર્ગમાં છે. નવમા અધિકારમાં. આ નીતિ (છે). ત્યાં કહ્યું હતું (સંવત) ૨૦૧૩ની સાલમાં. મધુવનમાં કહ્યું હતું. આ બિચારા લોકો કેટલાક પક્ષકાર વિરોધી (એમ કહે), લ્યો, જ્યાં ત્યાંથી એવું કાઢે છે કે વિકાર પોતાથી થાય છે. એમ કાઢે છે. પણ આખું શાસ્ત્ર ગોમ્મટસાર કર્મથી ભર્યું છે કે કર્મથી થાય છે, જ્ઞાનાવરણીયથી જ્ઞાન (રોકાય) છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. જ્ઞાનાવરણીય નામ કેમ પડ્યું? દર્શનાવરણીયથી દર્શન રોકાય છે. અંદરમાં પેસવા દેતું નથી, દર્શનાવરણીય અંદરમાં દેખવા પેસવા દેતું નથી. લ્યો. આહાહા..! ભારે ભગવાન! આ પહેલું વાંચે તો અહીંથી નીકળે લોકોનો ગુનો-ગુનો. કરે ગુનો પોતે અને નાખે કર્મ ઉપર. પહેલી દૃષ્ટિમાં જ પર ઉપર બહિરાત્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

કહે છે કે પ્રભુ! તું વિકાર કરે છે પોતાથી એ પર્યાયના લક્ષે અને નિમિત્તને આધીન થઈને. એકવાર તો ખા ગુલાંટ. ચૈતન્ય ભગવાન તારી પાસે તો પૂર્ણાનંદ છો ને તું. એની સમીપમાં જા ને. આ રાગની સમીપમાં જાય છે, નિમિત્તની સમીપ જાય છે તો આમ જાને. જાને શું કહે છે? આમ જાવું. નિમિત્તની સમીપ જાય છે તો... એ પાઠ છે ને શાસ્ત્રમાં. સમીપ, આત્માની સમીપ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં કાંઈ કર્મ-બર્મ નડતા નથી એમ કહે છે. નસીબ-બસીબ એને ઘરે રહ્યું. નસીબ શું આત્મામાં ઘૂસી ગયું છે? નસીબમાં હોય તો આ બાહ્યના પૈસા મળે, નિર્ધનતા આદિ થાય. પણ શું કર્મ વિકાર કરાવે છે? દોષ કરાવે વિકાર? વિકાર તો પોતાની પર્યાયમાં ઊંધો પુરુષાર્થ કરે છે તો વિકાર થાય છે. શાતા-અશાતાથી નિરોગતા હોય, સરોગતા હોય, લક્ષ્મી મળે, ન મળે, નિર્ધનતા થાય, એમાં કર્મ નિમિત્ત છે. એમાં કર્મ નિમિત્ત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઊંધાઈ (કરે) પોતે, નાખે કર્મને માથે. હવે કે દિ' ટળે એવું? અને પાછી દયા કરે. અરે..! આ આમ ફેરવો, હોં!

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પ્રકાશકમાં નવમા અધિકારમાં બધી વાત લીધી છે.

ઉત્તર :- બધી વાત એકેએક લઈ લીધી છે. પણ પાછા ઉત્તરમાં બહુ સારી આપી છે ફૂલચંદજીએ. પહેલા ઉત્તરમાં ઘણું (નાખ્યું છે). આ ઉત્તર વાંચીને ... છે. આ તો સોનગઢની વાતને સિદ્ધ કરે છે લે. એને જાણે કે સોનગઢની વાત સાચી થઈ જાય તો હાય હાય

અમારું રહેશે નહિ કાંઈ. અરે..! ભગવાન! એમ નથી. ભાઈ! તને ખબર નથી. આહાહા..! એવા અર્થ... આહાહા..! શાસ્ત્રના અર્થ સમજે કે શાસ્ત્ર શું કહે છે. શાસ્ત્ર એમ કહે કે વિકાર તું કરે છે એ કર્મ કરાવે છે? એમ શાસ્ત્ર કહે? અને ઉપદેશ એને આપે કે ભાઈ! પણ ઓલો કર્મ કરાવ્યા કરે વિકાર તો ઉપદેશ સાંભળનારને શું કરવું બિચારાને કે શું કરવું મારે? આહાહા..! ભારે વાત! બહુ લખ્યું છે. થનગનાટ થઈ ગયો છે કે આ તો વાત સોનગઢની સિદ્ધ થઈ જાય છે. આ પંડિતો એના પક્ષમાં આવી ગયા. મોટા પાછા ફૂલચંદજી અને જગમોહનલાલજીની આબરૂ સારી. એના બાપનું ઠીક હતું.

અરે..! ભાઈ! અહીં શું કહે છે? જુઓ! '**આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...**' જોડે એનો અર્થ શું થયો? કે વિકાર પોતાની પર્યાયમાં પોતાના પુરુષાર્થથી કરતો હતો. એના ઉપરથી લક્ષ છોડીને, એનો આશ્રય છોડીને અંતર શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ કરવી એ પુરુષાર્થથી થાય છે. સમજાણું કાંઈ? '**આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...**' અશુદ્ધમાં તું જોડાય છે. વિકાર કરે છે તું. એનો અર્થ એમ થયો ને? કે અશુદ્ધપણે યુક્ત આત્માને તું કરતો હતો. વિકાર, પુણ્ય-પાપની અશુદ્ધતાયુક્ત આત્માને તું દૃષ્ટિ પરથી યુક્ત કરતો હતો. એમ અર્થ થયો કે નહિ એમાંથી? દેવીલાલજી!

પુણ્ય-પાપના ભાવ મલિન છે એનાથી આત્માને... આત્મા છે શુદ્ધ ત્રિકાળ, પણ એને સહિત તું દૃષ્ટિથી કરતો હતો. છે નહિ એને સહિત કરતો હતો. એ તો આપણે આવી ગયું ને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. પુરુષાર્થસિદ્ધિમાં આવ્યું ને? ચૌદમી ગાથા. આત્મા ભગવાન એ કર્મ અને કર્મથી નિમિત્તથી થયો તારા પુરુષાર્થની નબળાઈને લઈને એ વિકારભાવ, એનાથી ભગવાન શુદ્ધ આત્મા રહિત છે. રહિત છે એને સહિત માનવું એ સંસારનું બીજ છે. સોમચંદભાઈ! છે ને પુરુષાર્થસિદ્ધિ ઉપાય? ક્યાં છે એમાં? લાવ્યા છે કે નહિ? નથી લાવ્યા? આવા પુસ્તક પણ અહીં નથી મૂકતા. પુસ્તક રાખવું જોઈએ ને અહીં.

૧૪. '**સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ :-**'

**एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ।।१४।।**

અહીં કર્મકૃત શબ્દ આવ્યો ને ત્યાં એ લખ્યું. પણ એનો અર્થ કે તારું કાર્ય નથી વિકાર. તારી ઊલટી દૃષ્ટિને કારણે તું વિકાર કરે છે.

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત કહે છે, કે ભાઈ! એ વિકારના પરિણામ તો તું કરે છે. અને કરીને પોતાનો સ્વભાવ અશુદ્ધથી યુક્ત છે એમ માને છે. એ રહિત

છે એને સહિત માને છે. જુઓ! યુક્ત શબ્દ પડ્યો છે. અહીં યુક્ત આવ્યું ને તમારે. જુઓ! **‘આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...’** તો એનો અર્થ થયો કે જે વિકાર તું કરતો હતો, એને યુક્ત તું માનતો હતો. એ યુક્ત સહિત નથી. સ્વભાવ શુદ્ધ છે એવા શુદ્ધ સ્વરૂપથી યુક્ત કરો. વાતું એવી પણ.. સમજાણું કાંઈ? આમાં યુક્ત શબ્દ પડ્યો છે, જુઓ! **‘युक्त इव’** પુણ્ય-પાપનો મેલ ભાવ છે એ તારી પુરુષાર્થની નબળાઈથી ઉત્પન્ન થયો છે. પણ એ આત્મતત્ત્વ નથી. એ આસ્રવતત્ત્વ છે. શુભ-અશુભભાવ આસ્રવ છે. એનાથી સહિત તું મિથ્યાત્વમાં માનતો હતો એ છોડી દે. એ યુક્ત નથી. હું તો સ્વભાવથી યુક્ત છું. હું તો શુદ્ધ સ્વભાવથી યુક્ત છું. અશુદ્ધ સ્વભાવથી યુક્ત નથી. હું શુદ્ધ સ્વભાવથી યુક્ત છું. એ મોક્ષનું બીજ છે. અને સ્વભાવને અશુદ્ધપણા સહિત યુક્ત છું એ માન્યતા સંસારનું બીજ છે. લાખ વાત ભણે અને વાંચે પણ આ વાત સમજ્યા વિના એને કદી સમ્યગ્દર્શન થતું નથી.

જુઓ! કેટલી વાત લીધી! **‘प्रतिभाति बालिशानां प्रतिभासः’** વિકાર પર્યાયદષ્ટિ... અહીં તો પર્યાયદષ્ટિ ઉડાડે છે. પર્યાયદષ્ટિથી, અવસ્થાદષ્ટિથી તારા પુરુષાર્થથી જે વિકાર અવસ્થા દષ્ટિમાં થાય છે, ખરેખર ભગવાન આત્મા એનાથી યુક્ત નથી, સહિત નથી. કેમ કે આસ્રવ સહિત આત્મા નથી, આસ્રવ રહિત આત્મા છે. એનાથી આસ્રવ રહિત છે એને આત્મા શુદ્ધ સ્વભાવયુક્ત છે, અશુદ્ધયુક્ત નથી એવી દષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દષ્ટિને પાંચમા બોલમાં નિર્જરા થાય છે. કહો, સમજાણું કાંઈ? શુદ્ધ સ્વરૂપથી યુક્ત કરે. લ્યો, વળી ઠીક એ પણ આવી ગયું. ઓલો યુક્ત શબ્દ આવી ગયોને લક્ષમાં.

**‘આત્માની શક્તિ વધારે,...’** આહાહા..! અંતર ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો કંદ છે સ્ફટિક રતન ચૈતન્ય, એની અંતર દષ્ટિ કરીને, યુક્ત-સ્વભાવ સાથે જોડીને શક્તિ અંદર પડી છે એને વ્યક્ત કરીને શક્તિને વધારે. શક્તિ શબ્દે અહીં પર્યાય છે. સમજાણું કાંઈ? આત્માની શક્તિ વધારે. અહીં શક્તિ શબ્દે પર્યાય છે. શક્તિ વધારે નામ ત્રિકાળ શક્તિ વધતી નથી. ત્રિકાળ શક્તિ તો છે. અનંત આનંદ બેહદ આનંદ આદિ. એની અંતર એકાગ્ર થઈને શક્તિની વૃદ્ધિ કરે એનું નામ ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! એ પહેલા આવી ગયું આપણે. પહેલા અર્થ કર્યો હતો ને ત્યાં આત્મશક્તિ વધારે એટલે આત્મશક્તિ એટલે ગુણ નહિ. પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**‘આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે,...’** અશુદ્ધતાને ગૌણ કરી નાખે. લક્ષમાં એને લે નહિ. અશુદ્ધતા જે ઉત્પન્ન થાય છે એને ગૌણ કરી દે. સ્વભાવ શુદ્ધ તરફની દષ્ટિથી શક્તિને વધારે એનું નામ નિર્જરા અને ધર્મ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ!

નવા માણસને તો (એમ થાય) આ શું છે? કઈ જાતનો આ ધર્મ? આ તો આખો દિ' એવું સાંભળ્યું હોય કે જાત્રા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, આ કરવું, આ કરવું, નમો અરિહંતાણં નામ સ્મરણ કરવું, જાપ સ્મરણ કરવું, ઉપધાન કરવા. ભાઈ! એ તો અંદર રાગની મંદતા હો તો હોય. શુભભાવ છે, પુણ્ય બંધાય. કેમ કે પરલક્ષી ભાવ છે. અંતર લક્ષી ભાવ પ્રગટ કર્યા વિના આત્માની નિર્જરા અશુદ્ધતાની કે શુદ્ધતાની વૃદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? એ પાંચમો બોલ કહ્યો.

'**૬. જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે,...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપથી ચ્યુત થતાં અસ્થિરતા થઈ જાય તો સ્થિર કરે, અંતરમાં સ્થિર કરે. સ્વભાવમાં જમવટ કરે. સમજાણું કાંઈ? શુદ્ધ સ્વભાવ એ પૂર્ણ છે. એને દૃષ્ટિમાં લઈને સ્વરૂપમાં સ્થિત કરે. આત્માને એમાં સ્થિત કરે એ સમ્યગ્દૃષ્ટિનો છઠ્ઠો આચાર છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અપવાસ કરે..

ઉત્તર :- અપવાસ કરીને મરી જાય તોપણ કાંઈ થાય એવું નથી એમ કહે છે. કહો, અમરચંદભાઈ! પણ ઠીક હવે શેઠને લાવ્યા તો ખરા અત્યારે સાથે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બુદ્ધો-બુદ્ધો પુણ્યથી ન મળે. એ બુદ્ધિનો ઉઘાડ પણ આત્માના ક્ષયોપશમ, જ્ઞાનના ક્ષયોપશમથી મળે. સમજાણું કાંઈ? પણ એ પણ પરની બુદ્ધિ એને પણ બુદ્ધિ કહેવાતી નથી. એ બુદ્ધિ તો સંસાર વધારક છે. પરની બુદ્ધિમાં કામ આમ કર્યું, તેમ કર્યું, ગામમાં હુશિયારી, શેઠ તરીકે ફરવું એ બુદ્ધિ તો મૂઢ છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ નુક્સાન કર્તા છે એમ કહે છે. અહીં તો જેને હિત કરવું છે એની વાત છે. આ (પરલક્ષી ભાવ) કાંઈ એને હિતનું કારણ નથી. સમજાણું કાંઈ? ઓલા શેઠનું છે ને વચન? નથી? શેઠને મળ્યું નહિ હોય ઈ. પણ એ સમજી શકશે નહિ. શેઠ સમજી શકશે?

મુમુક્ષુ :- આપ સમજાવશો તો સમજશે.

ઉત્તર :- આ ચોપડી દઈએ તો. આપણે છે ને? દીપચંદજી શેઠિયા. સરદારશહેરમાં. સ્થાનકવાસી હતા. અત્યારે તો ઘણું .. ૪૦ વર્ષ પહેલા એના મામા પાસે ૬૦ લાખ રૂપિયા હતા. ૬૦ લાખ ૪૦ વર્ષ પહેલા. એ એમને આપતા હતા. ૬૦ લાખ. મામા! હું શું કરું? એ ૬૦ લાખનું હું શું કરું? ૨-૩ લાખ તો હતા એ સમયમાં, હોં! અત્યારે વધારે પાંચ-સાત લાખ હશે. છોકરા છે. અત્યારે તો ૬૮ વર્ષની ઉંમર થઈ છે. ૪૦ વર્ષ પહેલાની વાત. એના મામા આપતા હતા ૬૦ લાખ. મામા! હું શું કરું? શોભાલાલ શેઠ! ૬૦ લાખ. ૬૦.

એ સમયના ૬૦ લાખ. આ તમારી પાસે પાંચ-દસ લાખ હોય તો પહેલાની અપેક્ષાએ એક લાખ ગણવામાં આવે. પૂર્વની મૂડી ૮ લાખની હોય, તમારી ૮ લાખ અને પહેલાના એક લાખ બેય સરખા છે અત્યારે. ત્રણ આનાનો રૂપિયો થઈ ગયો, બે આનાનો. ૬૦ લાખ. નહિ. મામાને ખરાબ લાગ્યું. મામા! ખરાબ લાગે. દેનાર મળશે, ના પાડનાર નહિ મળે. ના પાડનાર નહિ મળે, શું કરવા મફતનો...? ઓલો કહે હું તમારે ઘરે આવું. મામો કહે. મારે ઘરે નહિ. વારસો આપું છું તમને. હું તમારે ઘરે આવું. મને જાવજીવ જમાડો. ઘરે આવો મારે માથે શિરછત્ર. પૈસો એકેય ન લઉં. ૬૦ લાખનો પૈસો ન લઉં. વૈરાગી. એણે આ ગાયન બનાવ્યું છે. સમજાણું કાંઈ? શેઠ કોને કહેવું એ. સોમચંદભાઈને મળી છે ને? મળી છે આ ચોપડી? આપી હતી? શેઠને આપો તો ખરા. શેઠ રાખી તો મૂકશે. એ સમજાય એવું નથી શેઠને બહુ પણ રાખે તો ખરા. ૧૩મું પાનું છે ૧૩મું. ૧૬મી.

'ગુણીજન સંભાળે સોહી છે શેઠ...'

મુમુક્ષુ :- શું સંભાળવાનું?

ઉત્તર :- પોતાનું સ્વરૂપ. સમજાણું કાંઈ? ૬૦ લીધા નહિ અને દુઃખ લાગ્યું અને છોડી દીધા. બીજાને આપ્યા. સોભાગચંદભાઈ આવે છે ને.

એમ કહે. એના ઘરે દીકરાનો દીકરો ગુજરી ગયો અઢી વર્ષનો. અઢી વર્ષનો દીકરો. એ ગુજરી ગયો તો મોટું ઘર. આબરૂ મોટી. ૬૦ લાખ ૪૦ વર્ષ પહેલા ન લીધા એની આબરૂ કેટલી હશે? છોકરો મરી ગયો તો ઘણાં માણસો આવ્યા. એની વહુને, છોકરાની વહુને કહે છે. છોકરાની માને. પોતાની છોકરાની વહુ અને છોકરાની માને કહે છે કે બહેન-દીકરી! તારે રોવું છે? પિતાજી! રોવાનું શું? પિતાજી જ કહે ને? રોવું શું? તો હું ગાયન બનાવું એ બોલો. આ ગાયન બનાવ્યું. છોકરો મરી ગયો છે. આમ મડદું પડ્યું છે. અને બાઈનો કંઠ બહુ સારો.

'ગુણીજન...' ગુણીજન એટલે આત્મા. આ અનંત શુદ્ધ સ્વરૂપ આત્મા. 'ગુણીજન સંભાળે સોહી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી.' બાકી બીજા ભિખારા. અનુચર એટલે? ભિખારા. અનુ-ચર. અનુસરીને ચાલે છે ને શેઠની પાછળ પાછળ ચાલે. એ અનુચર ભિખારી છે. ધન્નાલાલજી! 'ગુણીજન સંભાળે સોહી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી.' આપણે આ બાયું રોવેને? બાયું રોવે ખબર છે? મારા પેટ-પેટ કરે. આ દીકરો મરી જાય ને તો મારા પેટ એમ કરે છે કે નહિ? તમારે પણ હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપણે બાયું રોવેને? છોકરો મરી જાય ત્યારે કહે, મારા પેટ.. મારા પેટ..

કરે છે. આ મારા પેટને ઠેકાણે મારા જ્ઞાન કર્યું છે. આ બાયું રોવેને જ્યારે કોઈ મરી જાય ત્યારે રુદન કરે છે. મારા પેટ પેટ કરે. કોઈ વહુ મરી જાય તોપણ એમ કરે હોં મારા પેટ. એવો રોવાનો બાયુંનો રિવાજ છે. પણ આણે અહીં કહ્યું, મારા પેટ નહિ. પેટ કે દિ' તારા હતા?

'અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' આ જ્ઞાનસ્વરૂપ એ હું છું. બાકી કોઈ મારું છે નહિ. છે સોમચંદભાઈ છે એમાં? મારા જ્ઞાન છે જુઓ. મારા જ્ઞાન. આ મારું જ્ઞાન એ હું છું. ધૂળમાં પેટ-બેટ તારું કે દિ' અને છોકરો કે દિ' તારો હતો? સમજાણું કાંઈ? એય.. પોપટભાઈ! આમ રાડ પાડીને રોવે. એય.. મારા પેટ.. પેટ કે દિ' તારું હતું? પેટ તો જડનું છે, અને છોકરો પરનો છે. એ ક્યાં તારી પાસે આવ્યો હતો ત્યાં? સમજ્યા? એટલે આ ગાયન બોલ્યા. મારા જ્ઞાન. સમજ્યા?

'ગુણીજન દુઃખસુખ કરે જેવી વાત, આતમસુ જીત્યો જી.' દુઃખ-સુખમાં તો ... આત્માના આનંદમાં શાંતિ છે. સમજ્યા? મારા જ્ઞાન-મારું જ્ઞાન. અંતર જ્ઞાનસ્વરૂપી હું છું એવી દૃષ્ટિમાં આત્માને આનંદ આવે છે. બાકી બહારમાં આ મારા ને તારામાં સુખ-દુઃખની કલ્પનામાં દુઃખ થાય છે. એ આખું ગાયન છે ને લ્યોને. તમને આપ્યું હતું ને? શેઠને આપો એ. એ રાખશે, ઘરમાં રાખવા તો દ્યો. કહો, સમજાય છે કાંઈ? એ તો સોમચંદભાઈ સમજાવશે, ન સમજે તો. એ શેઠિયા અહીં મૂકી ગયા. એના નામે ગાયન ઘણાં બનાવેલા. નવરા નિવૃત્તિ માણસ. નિવૃત્તિ હોં. કાંઈ કામકાજ નહિ. બસ! આ જ ધંધો આખો દિ'. બિલ્ડિંગમાં બેસીને આ વિચાર, મનન, મંથન આ જ કર્યા કરે. બસ! કાંઈ છોકરા-બોકરા નહિ.

અહીં તો કહેવું છે કે ભાઈ! તારી શું ચીજ છે? મારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ જ હું છું. એ જ્ઞાનસ્વરૂપ આ સ્વભાવ એ જ્ઞાન હોં! આ ભણતર-ફણતર એ જ્ઞાન નહિ. બાયડી-છોકરા તો ક્યાંય રહ્યા. શરીર તો ક્યાંય રહ્યું, કર્મ તો ક્યાંય રહ્યા, પુણ્ય-પાપ પણ ક્યાંય રહ્યા. પણ આ શાસ્ત્રનું ભણતર એ પણ પોતાનું જ્ઞાન નથી. આહાહા..! એય..!

અંદર ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ એનું વેદન કરીને 'આ મારું જ્ઞાન'. કહો, સમજાણું કાંઈ? એ પોતાની શક્તિને વધારે. કહો, સમજાણું? **'આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને સ્થિતિકરણ ગુણ હોય છે.'** આત્મામાં સ્થિર કરે. છોડી દે બધી વાત. વિકલ્પ આદિ તારી ચીજ નથી. વિકલ્પ છે એ ચીજ નથી. ભગવાન! તારી ચીજ તો નિર્વિકલ્પ છે ને. રાગની ઉત્પત્તિ થાય એનાથી રહિત તારી ચીજ છે. એવી ચીજમાં અંતરમાં સ્થાપવી એનું નામ ભગવાન સ્થિતિકરણ નામનું લક્ષણ ધર્મીનું કહે છે.

**'૭. જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે,...'** પ્રેમ-પ્રેમ. વાત્સલ્ય. પોતાનો

શુદ્ધ ભગવાન આત્મા, એનો પ્રેમ-પ્રેમ રાખવો. અનુરાગ કરવો. એનું નામ સાતમો વાત્સલ્ય નામનો સમ્યગ્દૃષ્ટિનો ગુણ નામ લક્ષણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ! બધેથી અનુરાગ છોડીને ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન કરીને એનો પ્રેમ કરવો એનું નામ સમ્યગ્દૃષ્ટિનું સાતમું લક્ષણ નામ એંધાણ-ચિહ્ન કહેવામાં આવે છે.

**'આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે-પ્રગટ કરે, તેને પ્રભાવના ગુણ હોય છે.'** એ આઠમું આવી ગયું. પ્રભાવના કર. તારા ગુણમાં એકાકાર થઈને વિકાસ કર. એ પ્રભાવના છે. સમજાણું કાંઈ? **'આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી.'** ધર્મીના આઠ લક્ષણ જે આત્માના શ્રદ્ધા, જ્ઞાન, રમણતા આદિ જે થયા, એવા આઠ લક્ષણ જે છે એનાથી વિરૂદ્ધ, દોષો વડે જે બંધ થતો હતો એ આ ગુણ દ્વારા બંધ થતો નથી.

**'વળી આ ગુણના સદ્ભાવમાં,...'** એ આઠ ગુણ. નિઃશંકાદિ આત્માના સ્વભાવની શ્રદ્ધા આદિમાં **'ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે તોપણ તેમની (-શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે,...'** ચારિત્રમોહના કારણે કોઈ અસ્થિર શંકાદિ ભય થઈ જાય તો ધર્મીને એનું સ્વામીપણું નથી. આહાહા..! લક્ષ્મીનો સ્વામી તો નથી, શરીરનો સ્વામી ધર્મી છે નહિ. સમજાણું કાંઈ? પણ ચારિત્રમોહના લક્ષે થોડી નબળાઈથી પર્યાયબુદ્ધિમાં થયો એનો સ્વામી જ્ઞાની નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બધા આત્મામાંથી થતા ભાવ ઉત્પન્ન અને ક્ષાયિકના ભાવ...

ઉત્તર :- એ દૃષ્ટિ નથી.

મુમુક્ષુ :- એટલા બધા ભાવ ..

ઉત્તર :- એ તો આશ્રય કરવા લાયક નથી એટલું. છે તો પોતાની પર્યાય. સમજાણું કાંઈ? છે એ ધર્મ. પણ એના ઉપર લક્ષ કરવું નહિ. એમ કહેવું છે. લક્ષ (ન કરવું) એ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર જાય છે. એ છે લ્યો શેઠ. માટે લક્ષ ફેરવો એમ કહે છે લ્યો. એ તો ધીમે ધીમે સાંભળે, સમાગમ કરતાં...

અહીં તો કહે છે કે આત્મામાં ક્ષાયિક સમકિત આદિ પ્રગટ થયા હોય એની અહીંયાં વાત નથી. અહીંયાં તો શુદ્ધ સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં શુદ્ધ સ્વભાવ તરફ લીનતા કરવી એ વાત છે. સમજાણું કાંઈ? એ તો એક સમજાવવું હોય ત્યારે કહે કે ભાઈ! સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ ત્યારપછીની વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો

અંતર અનુભવ થયો, પવિત્રતાનું ભાન થયું, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો અને ક્ષાયિક સમકિત થયો પણ એનું લક્ષ એના ઉપર નહિ કરતાં સ્વભાવ ઉપર રાખવું. એ વાત છે. સમજાણું કાંઈ? કારણ કે એ ક્ષાયિક સમકિત થયો, આત્માનો આનંદ થયો. એ આનંદમાંથી નવો આનંદ નથી આવતો. એ વાત બોલવાની નથી. સમજાણું કાંઈ? એ કાંઈ કથન કરી દે અને જાણપણું થઈ ગયું માટે થાય છે એવી ચીજ નથી એ. એય.. દેવીલાલજી! આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- એ તો અંદરની વાત છે.

ઉત્તર :- હં.. એ વાત તો અંતર એક સમયમાં ભગવાન પરમાનંદ પ્રભુ, એની દૃષ્ટિનો સ્વભાવ સમીપે સ્પર્શ થયો, સ્વભાવનો સ્પર્શ થયો, અનુભવ થયો તો કહે છે કે ભાઈ! હવે ત્યાં તારું લક્ષ અને દૃષ્ટિ રાખવી. જે પર્યાય પ્રગટ થઈ એના ઉપર તારે લક્ષ કરવું નહિ. કારણ કે એ લક્ષ કરવાથી તો પ્રભુ! તને વિકલ્પ થશે. અને તારે તો બંધ પરિણામ રહિત અબંધ પરિણામ પ્રગટ કરવા છે. સમજાણું કાંઈ? તારે તો અબંધ પરિણામ પ્રગટ કરવા છે. અબંધ પરિણામ અબંધ પર્યાયમાંથી નથી આવતા. અબંધ પરિણામ કહો કે મોક્ષમાર્ગના પરિણામ કહો. ભારે વાત, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુમાં-ત્રિકાળમાં તો ખરેખર એક સમયની પર્યાયની નાસ્તિ છે. એ અનેકાંત અમૃત છે. અનેકાંત કોઈ વાતની વસ્તુ નથી. સમજાણું કાંઈ? એ કોઈ વાર્તાની વસ્તુ નથી. માત્ર જાણી લે એવી એ ચીજ નથી. આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના અસ્તિત્વનું જ્યાં ભાન થયું તો કહે છે કે એ દ્રવ્યમાં તો એક સમયની પર્યાયની પણ નાસ્તિ છે. એટલું જોર જ્યારે આત્મા ઉપર લાગે તો પર્યાય પણ લક્ષ કરવા લાયક નથી. શુદ્ધ પર્યાય એમાં છે નહિ. જે છે એની દૃષ્ટિ કરવી નહિ. આવી વાત છે.

અહીં તો હજી કહે દયા, દાન, વ્રત, ભક્તિ કરતા કરતા અમને કલ્યાણ થશે. આહાહા..! પરલક્ષી ભાવ હોય, પુણ્ય બંધાય, ભાવ આવે. પણ એ જન્મ-મરણના નાશનો ઉપાય નથી, પ્રભુ હોં. અને જન્મ-મરણના અંત આવ્યા વિના શાંતિ ક્યાંય નથી. સ્વર્ગમાં જાય તો દુઃખી, નરકમાં જાય તો દુઃખી, ઢોરમાં જાય તો દુઃખી. એ પૈસાવાળા દુઃખી. સમજાણું કાંઈ? અંતર આત્માના આનંદની દૃષ્ટિ કરવી એમાં સુખ છે. બાકી ક્યાંય સુખ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહું છે કે દુઃખી છું એનો ખ્યાલ નથી આવતો અને વાત કરે સુખની. એ વિકલ્પ ઉઠે છે એ દુઃખ છે, ભાઈ! એ દુઃખ છે. આહાહા..!

ભગવાન કહે છે કે તારે બંધરહિત અબંધભાવ કરવો છે? સુખના પંથે ચાલવું છે કે

નહિ તારે? ભાઈ! વસ્તુ ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્ય ભગવાન પૂર્ણ. આહાહા..! સમજાણું કાંઈ? એના સ્વરૂપમાં યુક્ત થઈને જે આનંદ પ્રગટ્યો, કહે છે કે એ આનંદનું પણ અધિકપણું ન માનવું. આનંદ પ્રગટ્યો એનું અધિકપણું ન માનવું. અધિક (ત્રિકાળ) વસ્તુ છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત જ એ છે ને કે ખબર નથી ચીજની. અંદરમાં આનંદના સ્વરૂપનું પહેલા અનુમાન કર્યા વિના અને અંતરના અનુભવમાં પ્રત્યક્ષપણું અનુભવમાં આવતું નથી. પહેલા શ્રદ્ધામાં એવી શ્રદ્ધા પાકી કરવી કે આનંદ જે છે એ ચીજમાં આત્મામાં છે. પુણ્ય-પાપના વિકલ્પમાં નથી, નિમિત્તમાં નથી, આબરૂમાં નથી, લક્ષ્મીમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા અનુમાનથી આત્માને આનંદમય માનીને પછી સ્વરૂપમાં જઈને અનુભવ કરવો એનું નામ અનુભવ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- ... મજા આવે છે.

ઉત્તર :- ધૂળમાંય આવતો નથી. કોણ કહે છે? પાગલ માણસ છે. આવે છે કે નહિ? રોગ રોગ થાય છે ને? સનેપાત. સનેપાતીયા નથી થતા? ૩૨ વર્ષનો જુવાન. એવું શરીર. ૨૫ વર્ષની જુવાન સ્ત્રી ઘરે હોય. ખમ્મા-ખમ્મા કરતી હોય. છોકરા ન થયા હોય. સ્ત્રીને ઘણી આશા હોય કે પતિ .. રહે. પતિને પણ એવી આશા હોય કે હું મરું નહિ. એમાં સનેપાત થઈ જાય. સમજાણું કાંઈ? આ તો અમે દૃષ્ટાંત દીધું હતું ને. જોયું હતું એની વાત કરીએ છીએ હોં. લીંબડાની. લીંબડા છે ને? લીંબડા. લીંબડા નહિ? ઢસા પાસે આવ્યું. ત્યાં અમે ગયા હતા. ૩૨ વર્ષના જુવાનને સનેપાત થયો. દાંત કાઢે આમ. સુખી છે? લોકો ઘરે બિચારા જુવાન માણસ, જુવાન બાઈ રોકકળ. મર્યા પહેલા તો રોવે શેના પણ આંખમાં આંસુ જાય. આહાહા..! સવાર નહિ પડે. દાંત કાઢે. આઠ જણા ઝાલે.,પકડે. સમજ્યાને? એ શું બળ છે? એ દાંત કાઢે છે તો સુખી છે?

મુમુક્ષુ :- એમ વાત છે?

ઉત્તર :- એવી વાત. અજ્ઞાની હું હરખમાં, આનંદમાં છું એમ મૂઢ ગાંડો થઈને માને છે. સનેપાત થઈ ગયો છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. સનેપાતમાં જેમ વાત, પિત્ત અને કફ ત્રણ રોગ વકરી જાય, વધી જાય તો સનેપાત થઈ જાય. એમ ભગવાન કહે છે કે અરે..! તને મિથ્યા શ્રદ્ધા પરમાં સુખ, પરમાં એકલા જ્ઞાનમાં સુખ, અને રાગનું આચરણ એ ત્રણેનો સનેપાત તને થયો છે. સમજાણું કાંઈ? એ સનેપાતીયો જેમ સુખી માને છે એવો તું છો. શેઠ! સનેપાતીયો છે. એય..! આહાહા..!

પાંચ-પચાસ લાખની પુંજી, પાંચ-દસ લાખના હજીરા મોટા મકાન. દસ-દસ લાખના મકાન લ્યો. સમજાણું કાંઈ? ત્યાં ગોવામાં છે ને શાંતિલાલ. દસ-દસ લાખના મકાન ત્રણ. મોટી પેદાશ એક લાખની દરરોજની. મરીને ક્યાં જશે એનું કાંઈ ઠેકાણું નહિ મળે. એના મામાના દિકરા છે. એના સગા મામાના દીકરા. સમજ્યા? દસ-દસ લાખના મકાન મોટા. ઓહોહો..! શું છે પણ? હીરા દુઃખી છે. સમજાણું કાંઈ?

જેમ મોટી ધાર પત્થરની હોય ને જેમ એમાં નોળ, કોળ રહે છે. એમ મોટા બંગલામાં નોળ, કોળ જેવો છે. નોળ સમજો છો? નોળિયા. નોળ હોય છે. ભાઈ! એ પાંચ-પચાસ હજારના મકાન અને એ ખુરશી, એ ટેબલું ને હીંડોળા ને હીંચકા પીત્તળના ઓલા વાસણ... એ દુઃખી છે. હરખ સનેપાત થયો છે તને. મિથ્યાદર્શનનો મોટો રોગ થયો છે તને. એના કારણે હું સુખી મજા છે એમ માને છે. ભાન નથી તને કે હું આત્મા આનંદમય છું. તારી શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે એ શંકાદિ જરી પર્યાય ઉત્પન્ન થાય પણ ધર્મીની દૃષ્ટિ આત્માના આનંદ ઉપર છે. આહાહા..! એ કાંઈ વાતની વાત નથી. ભાવની વાત છે. સમજાણું કાંઈ? એ પરમાત્મ પ્રકાશમાં વારંવાર કહે છે કે આ કોને શોભે? રાગ મારો નથી અને રાગરહિત છું. એ રાગ મારો નથી એવી દૃષ્ટિ કરવાવાળાને શોભે છે. સમજાણું કાંઈ? શું કહ્યું? મારો રાગ નહિ, મારું શરીર નહિ. કોને શોભે ઈ વાત? જેને રાગ રહિત આત્માની દૃષ્ટિ થઈ છે ભિન્ન પડીને, એને એ વાત શોભે છે. બીજાને એ વાત શોભતી નથી. ઘણી વાર લીધું છે, પરમાત્મપ્રકાશમાં તો ઘણી વાર લીધું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એને રાગથી પૃથક્ કરીને પોતાના સ્વરૂપનું શરણ લીધું છે એ સુખી છે. સમજાણું કાંઈ? બાકી બધા દુઃખી છે. એક ફેરી હમણાં કહ્યું ને? નહિ? 'એક સુખીયા જગતમેં સંત, દુરિજન દુઃખીયા રે.' સંત નામ સમ્યગ્દૃષ્ટિ.

એક સુખીયા જગતમાં એ સંત દુરિજન દુઃખીયા રે.
ન આવે અકળામણનો અંત એ મૂરખમાં મુખીયા રે.

સમજાણું કાંઈ? આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત દૃષ્ટિ થઈ, સંત છે એ. મહંત છે, એ મહાત્મા આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો કહ્યું. 'એક સુખીયા જગતમાં સંત દુરિજન...' દુરિજન. જેની દૃષ્ટિ વિકાર ઉપર, પ્રેમ ઉપર, વિકારની રુચિમાં પડી છે એ દુરિજન છે. એ દુઃખીયો છે. 'ના આવે અકળામણનો રે અંત.' અકળામણ અંદર ઉત્પન્ન થાય એનો એને અંત નહિ આવે.

'ના આવે અકળામણનો રે અંત, મૂરખમાં મુખીયા રે.' મૂરખના ટોળામાં મુખીયો એ છે. ભારે ભાઈ! એય.. મણિભાઈ!

અહીં એ જ કહે છે કે ભાઈ! જેને આત્માનું દર્શન થયું, આત્માનું ભાન થયું એને જરી થોડો રાગાદિ આવે છે પણ સ્વામીપણું નથી તો નિર્જરી જાય છે. કેમ કે આત્મામાં સુખ માન્યું છે, આત્મામાં આનંદ અનુભવ્યો છે. આત્મામાં આનંદ છે એવો અનુભવ સ્વાદ આવી ગયો છે. એ આનંદના સ્વાદ આગળ જે રાગાદિ છે એ સ્વાદ કલુષિત દુઃખ લાગે છે. તો એનો સ્વામી થતો નથી. એને નિર્જરા થાય છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે '**નવો બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.**' જુઓ! મુખ્યપણે પ્રધાનતાથી, હોં! સમજાય છે? ગૌણપણે સમ્યગ્દૃષ્ટિને થોડો રાગ છે એનો બંધ પડે છે. પણ મુખ્યપણે. એકાંત કોઈ લઈ જાય માટે પ્રધાનતાથી લીધું છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વથી જ મુખ્યપણે બંધ પડે છે. ગમે તેટલી ક્રિયાકાંડ કરો, સાધુ થઈ જાય, પંચ મહાવ્રત પાળે પણ એ પંચ મહાવ્રતના પરિણામ મને લાભદાયક છે એવી દૃષ્ટિ પડી છે એને જ સંસારનો બંધ પડે છે. ચાહે તો સંસારનો બાહ્યથી ત્યાગી હોય, પણ અંતરમાં સંસારને ભોગવનારો છે. કેમ કે ભગવાને સંસારતત્ત્વ એને જ કહ્યું છે કે જે પુણ્ય અને પાપ, રાગાદિ મારી ચીજ છે એવું માને છે એ જીવ સંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આમ તો ત્યાગી દેખાય ને? નગ્ન હોય, દિગંબર હોય. 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એની દૃષ્ટિ વિના એને આનંદ આવ્યો નહિ અને આનંદ વિના નવમી ગ્રૈવેયક સુધી ગયો શુક્લલેશ્યાથી. તો કહે છે કે 'મુનિવ્રત ધાર અનંતબૈર...' સંસારતત્ત્વ છે એ. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- કંઈક તો...

ઉત્તર :- કંઈક તો આ મળ્યું ને. ધૂળ મળી સ્વર્ગની. પછી પટકાશે નીચે. મિથ્યાત્વથી મુખ્ય બંધ છે. લ્યો! આટલી રાગની મંદતા કરી પણ મિથ્યાત્વ સાથે છે મોટું કર્મ બાંધે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! અંતરના અભિપ્રાયમાં શું પલટો ખાધો છે અને અભિપ્રાય ક્યાં ગયો છે એની ખબર નથી, એને ધર્મ ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

અમને તો મજા પડે છે. એક જણો કહેતો હતો મુંબઈમાં. આ મહારાજ કહે છે કે આ દુઃખી છે.. દુઃખી છે... દુઃખી. પણ અમને તો દુઃખ લાગતું નથી. અમે તો બે-પાંચ હજાર

કમાઈએ છીએ. બે હજારનો ખર્ચ થાય છે, દીકરો અનુકૂળ છે, શરીર નિરોગી છે. ધૂળમાંય નથી. હરખ સનેપાત થયો છે તને. ગાંડો થઈ ગયો છે. એય..! આહાહા..! પાગલ ગમે તે માને. માને બાયડી માને અને બાયડીને મા માને. એને ભાન છે? ગાંડો થયેલો પાગલ. એમ આત્મામાં આનંદ નથી માનતો અને જ્યાં ત્યાં આનંદ માને છે, ગાંડો થઈ ગયો છે. મિથ્યાદૃષ્ટિ છે. તને મહા મિથ્યાત્વને કારણે મુખ્ય બંધ પડે છે. સમ્યગ્દૃષ્ટિને એવો બંધ પડતો નથી. સમજાણું કાંઈ?

**'સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદય નિમિત્તે સમ્યગ્દૃષ્ટિને જે બંધ કહ્યો છે...'** શાસ્ત્રમાં કહ્યું છે ને? બંધ તો છે થોડો. **'તે પણ નિર્જરારૂપ જ...'** છે. શું કહે છે? એ આવે છે એ નાશ થવા માટે આવે છે. રહેવા માટે નહિ. દૃષ્ટિ ભગવાન આત્મા ઉપર છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ છે એવા અનુભવને કારણે રાગ થોડો છે, બંધ થોડો છે એ આવે છે એ ચાલ્યો જશે. નાશ થવા માટે આવે છે. રહેવા માટે આવતા નથી. આહાહા..!

**'કારણ કે સમ્યગ્દૃષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય છે...'** પૂર્વની મિથ્યાદૃષ્ટિપણે જે કર્મ બંધાયું હતું એ સમ્યગ્દૃષ્ટિના કાળમાં ખરી જાય છે. ઓહો..! સ્વરૂપની મહિમા અને સ્વરૂપની દૃષ્ટિ અલૌકિક ચીજ છે! સમજાણું કાંઈ? એ સિવાય કોઈ વાતમાં ક્યાંય સુખ છે નહિ. તો કહે છે, થોડો બંધ છે એ ખરી જાય છે. **'નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે; તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ હોવાથી તે આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે. જેવી રીતે-કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે...'** ઉધાર લાવ્યો હોય. **'તેમાં તેને મમત્વબુદ્ધિ નથી,...'** એ મારી લક્ષ્મી છે એમ ખતવે છે? પાંચ હજાર લઈ આવ્યા હોય કોઈના. છોકરાના લગન હોય તો દાગીનો લઈ આવે લ્યોને પાંચ હજારનો. ઘોડો ચડાવેને વરઘોડે. ગામમાં ગરીબ માણસ હોય. લઈ આવે કે ભાઈ જાવ આપણે શોભાલાલ શેઠને ત્યાંથી લઈ આવો ઓલો હાર છે એ. .. નાખવા. ઘરની મૂડીમાં નાખશે? ઘરની પુંજીમાં ખતવે? મૂરખ છે, મૂરખ હોય તો ખતવે. .. નાખે નહિ. જાળવજો ભાઈ! એનો લીધો છે. વરઘોડે ચડાવીને સવારે આપી દેવાનો છે. ધ્યાન રાખજો. જેટલા લાવ્યા એટલા આપી દેવાના. એમ માને. સમજાણું કાંઈ? મમત્વબુદ્ધિ નથી. મારા છે એમ થતું નથી.

**'વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે;...'** ત્રણ દિવસ અમારે વરઘોડો રાખવાનો હતો. વરને દાગીનો પહેરાવવો હતો. અમે તો ગરીબ માણસ છીએ. તો રાખ્યો. ત્રણ દિવસ પછી આપી દે.

..ભાઈ! '**નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન મથી, ધણીને દઈ દીધા બરાબર જ છે;...**' રાખ્યું છે એ પણ દઈ દીધા બરાબર જ છે. '**તેવી જ રીતે–જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.**' થોડો આવ્યો છે એનો નાશ થઈ જશે. હું તો શુદ્ધ આનંદ છું. મારી શુદ્ધતામાં કોઈ કર્મ ટકે એવી ચીજ હું નથી. એવી દૃષ્ટિના મહાત્મ્યમાં એને કર્મની નિર્જરા થાય છે. થોડું બંધન છે એની પણ નિર્જરા થોડા કાળમાં થઈ જશે. વિશેષ આઠ બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૫, શુક્રવાર તા. ૨૫-૦૮-૧૯૬૭**
**ગાથા-૨૩૬, શ્લોક-૧૬૨, પ્રવચન-૩૧૮**

સમયસાર. નિર્જરા અધિકાર ચાલે છે. સમ્યગ્દૃષ્ટિના સહાયરૂપ આઠ ગુણ ક્યા છે એની વ્યાખ્યા ચાલે છે. જ્યાં સમ્યગ્દર્શન થાય છે-ધર્મની પહેલી શરૂઆત. પુણ્ય-પાપની શુભ-અશુભભાવની રુચિ છોડીને સ્વભાવ શુદ્ધ ચૈતન્ય મૂર્તિની અંતર્મુખ દૃષ્ટિ કરીને આત્માનો અનુભવ કરવો, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આત્માનું ભાન કરવું અને એમાં પ્રતીતિ કરવી એનું નામ ધર્મની શરૂઆત-સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? એને નિર્જરા થાય છે એ વાત કરે છે.

સમ્યગ્દર્શનમાં આઠ ગુણ (પ્રગટ થાય છે) એની સહાયતાથી સમ્યગ્દૃષ્ટિ નિર્જરા કરે છે. આઠ ગુણની વ્યાખ્યા નિશ્ચયથી આવી ગઈ સ્વ આશ્રયની. વ્યવહારથી કહે છે. જેને પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનું અંતરમાં ભાન થયું એને નિશ્ચય શુદ્ધતા તો પ્રગટ થઈ છે. સાથે વ્યવહાર આઠ આચાર પણ એને હોય છે. જે આઠ આચાર વ્યવહાર છે એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બે લક્ષણ જુદા લઈ લે.

ઉત્તર :- બે લક્ષણ બેય જુદા.

નિશ્ચય સ્વઆશ્રય ચૈતન્યની નિઃશંકતા, નિઃકાંક્ષિત આદિ ગુણ છે એ સમકિતના આધારરૂપ ગુણ છે. એનાથી નિર્જરા થાય છે. અને સાથે તે ભાવ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેનો શુભભાવ આઠ આચાર આવે છે એનાથી પુણ્યબંધ થાય છે. સમજાણું કાંઈ? એ વાત કહે છે, જુઓ!

**'આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવા :-'** જુઓ ભાષા. વ્યવહારમોક્ષમાર્ગ. જ્યાં પોતાનો શુદ્ધ આત્મા, એની દૃષ્ટિમાં પ્રતીતિમાં અનુભવ થયો એનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ કહે છે. એનું નામ સાચો મોક્ષમાર્ગ કહે છે. પણ સાથે વ્યવહારમોક્ષમાર્ગ વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર રાગની મંદતાનો ભાવ (હોય) એને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. છે એ બંધનું કારણ. તેથી વ્યવહાર કહ્યો. અન્યને અન્ય કહે એનું નામ વ્યવહાર છે. છે બંધનો ભાવ એને વ્યવહારનય કહે કે મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

વ્યવહારમોક્ષમાર્ગ, એ પહેલા કહ્યું હતું કે આત્મામાં એક શ્રદ્ધા નામનો ગુણ છે ત્રિકાળી. આત્માની વિપરીત શ્રદ્ધા જ્યારે થાય ત્યારે એ શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય મિથ્યાત્વરૂપ હોય છે. પુણ્યથી ધર્મ થાય, પર્યાય આશ્રયે ધર્મ થાય એવી માન્યતા એ શ્રદ્ધાગુણની વિપરીત

પર્યાય છે. અને આત્મા શુદ્ધ નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ છે એવું અંતરમાં શુદ્ધનું ભાન થઈને અનુભવમાં વેદન થઈને પ્રતીતિ થઈ એનું નામ શ્રદ્ધાગુણની સુલટી પર્યાય છે. સમજાણું કાંઈ?

હવે ત્રીજી કોઈ શ્રદ્ધાગુણની પર્યાય તો રહી નહિ. છતાં એ વ્યવહાર જે રાગ છે એને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. એને વ્યવહાર સમકિત કહે છે. એ શ્રદ્ધાગુણની પર્યાય તો રહી નહિ. સમજાણું કાંઈ? કાં તો ઊલટી પર્યાય હોય અને કાં સુલટી હોય. એમાં ત્રીજી ચીજ છે નહિ. મિશ્ર પ્રકૃતિ હોય એ બીજી વાત સાધારણ છે. અંતર્મુખની વાત છે. સમજાણું કાંઈ? પણ એ સમ્યક્ થયા પછી પણ એ સૂક્ષ્મ વાત છે થોડી. અંતર્મુહૂર્તની. આ તો કાયમ રહેનારી.

પોતાનો શુદ્ધ ભગવાન આત્મા આનંદ સ્વરૂપની રુચિથી ઊલટી (રુચિ)-પુણ્ય પરિણામ જે વિકાર છે એ મારા છે એનાથી મને લાભ થાય છે, હું ખરેખર પરમાર્થે ધર્મ કરું છું. કરે છે રાગની મંદતા શુભભાવ અને માને છે કે હું ખરેખર ધર્મ કરું છું. તો ત્યાં એ મિથ્યાત્વ શ્રદ્ધા, શ્રદ્ધાગુણની વિપરીત પર્યાયની મિથ્યાશ્રદ્ધા છે. સમજાણું કાંઈ? હમણાં કહ્યું ને થોડું કે શુભ પરિણામ તો નિગોદમાં પણ નિરંતર ચાલે છે. જુઓ! સમજાણું કાંઈ? થોડી વાત કહેતા હતા ફૂલચંદજી. પણ આધાર કોઈ ન દીધો. પૂછ્યું તો ખરું એને. એ કાલે લખાણ આવ્યું છે. લખાણ બરાબર છે.

નિગોદમાં પણ એકેન્દ્રિય જીવ છે, નિરંતર. એમાં પણ ક્ષણમાં શાતા બંધાય છે, ક્ષણમાં અશાતા બંધાય છે. શાતા બંધાય છે તો શુભભાવ છે માટે શાતા બંધાય છે અને અશુભભાવ છે તો અશાતા બંધાય છે. તો શુભભાવ તો નિગોદમાં પણ એકેન્દ્રિયને અભવિને પણ હોય છે. ધન્નાલાલજી! તો એ શુભભાવ છે એ બંધનું કારણ છે. એ ધર્મનું કારણ નથી. એમ કહેવું છે. સમજાણું કાંઈ? આ પુણ્ય-પુણ્ય કરે છે ને. પુણ્ય-પુણ્ય-પુણ્ય અમારે પુણ્ય જોઈએ. શું પુણ્ય પણ ક્યા પુણ્ય તે? રાગની મંદતા હોય આ કહે છે એવી. સમજ્યા? શુભભાવ છે. જો આત્માના ભાન વિના એકલો શુભભાવ છે તો એકલું મિથ્યાત્વ સહિતનું પુણ્યબંધ પડે છે. અને આત્માના સમ્યગ્દર્શન સહિત પુણ્યબંધ હોય તો નિર્જરાની સ્થિતિમાં પુણ્યબંધ થઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે પહેલા વ્યવહાર મોક્ષમાર્ગનું શું સ્વરૂપ છે? દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા, એ સમકિત-વ્યવહાર સમકિત. વ્યવહાર સમકિતનો અર્થ શુભભાવ-રાગ. એ રાગ કોઈ શ્રદ્ધાગુણની પર્યાય નથી. વ્યવહારુ જ્ઞાન શાસ્ત્રનું. એ પણ કાંઈ યથાર્થ સમ્યગ્જ્ઞાનની પર્યાય નથી. એ પણ વિકલ્પ રાગ છે. અને પંચ મહાવ્રતના પરિણામ એ પણ શુભરાગ છે. એ કોઈ ચારિત્ર નથી. એને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવો એ નિશ્ચયની સાથે સહચર દેખીને એનું

નામ બંધનો માર્ગ હોવા છતાં વ્યવહારમાર્ગ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**જિનવચનમાં સંદેહ ન કરવો,...**' પહેલામાં આવ્યું કે નિઃસંદેહ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એમાં નિઃશંક રહેવું. સ્વભાવમાં. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ પરમાત્મા હું છું. હું સચ્ચિદાનંદ પરમાત્મા શુદ્ધ છું એવી જે અનુભવ દૃષ્ટિ થઈ એમાં નિઃશંક રહેવું એ સ્વઆશ્રય આચાર-લક્ષણ છે. અને '**જિનવચનમાં સંદેહ ન કરવો,...**' વીતરાગના વચનમાં સંદેહ ન કરવો એ શુભભાવ છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે છે. એમના વચનમાં સંદેહ ન કરવો કે શું થશે? ભગવાનનું વચન એમ છે. બીજા લોકો પણ એમ કહે છે. તો શું કાંઈ ફેર છે? એમ જિનવચનમાં શંકા ન કરવી. એ નિઃશંક સમ્યક્ આશ્રયમાં આ નિઃશંકતા વ્યવહાર કહેવામાં આવે છે.

'**ભય આવ્યે વ્યવહાર...**' જુઓ! ભય ન કરવો. એ પણ શુભભાવ છે. '**વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ,...**' કહો, સમજાણું કાંઈ? શું કરે? કુટુંબમાં રહેવું, નાતમાં રહેવું, બધા ગડબડ કરે છે. એના ભયથી ડરવું નહિ. એટલે શું? એય.. જેઠાલાલભાઈ! ... ઘર. તો એકલો પોતાને માને કે ભાઈ નહિ વાત તો એમ છે. એના ડરથી (એમ ન વિચારે કે) શું કરીએ? કન્યા નહિ પરણે, એકલા થઈ જઈશ, ડરી જઈશ. તો એને વ્યવહાર શ્રદ્ધાનું પણ ઠેકાણું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સૌની સાથે મેળ તો રાખવો ને.

ઉત્તર :- કોની સાથે મેળ રાખે? શું?

અહીં કહે છે ને '**ભય આવ્યે વ્યવહાર...**' સમકિત. વ્યવહાર સમકિત. વીતરાગનો માર્ગ વ્યવહારે જેવો માન્યો છે, નિશ્ચય તો નિશ્ચય છે જ, વ્યવહારમાં માન્યો હોય એમાં દુનિયાથી ડરવું નહિ. કે અરે..! આ લોકો નહિ માને, ભ્રષ્ટ થયો, હવે નાતમાં કોઈ દીકરી નહિ દે. દીકરા કન્યા વિનાના રહી જશે એકલા. ડર ન હોય સમકિતીને. સમજાણું કાંઈ? વ્યવહારમાં ડર નહિ. (નિશ્ચય) નિઃશંકમાં તો (ભય) નથી, વ્યવહારમાં પણ ડર નથી. ચાહે સો દેવ-ગુરુ-શાસ્ત્રની જે માન્યતા છે એને ડગાવનાર કોઈ ઈન્દ્ર-નરેન્દ્ર પણ છે નહિ. એવી શ્રદ્ધા એની હોય છે.

મુમુક્ષુ :- રાજા જેલમાં પુરે તો શું કરે?

ઉત્તર :- જાય જેલમાં. એમાં શું છે? જેલમાં શું? એય..! મણિભાઈ! શું કરવું? ભાઈ જેલમાં ગયા હતા રામજીભાઈ. લૌકિક માટે ગયા હતા. બે મહિના જઈ આવ્યા છે લૌકિક માટે. પણ આ ધર્મને માટે પ્રાણ જાય તોપણ ભય કરે નહિ.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ સિવાય કોઈ દેવ ન હો. નિર્ગ્રંથ મુનિ, વીતરાગી

ચારિત્રવંત અંતરમાં, બાહ્યમાં નગ્ન એ સિવાય કોઈ ગુરુ ન હો. ભગવાને કહેલા અનેકાંત શાસ્ત્ર, જેની વાણીમાં નિશ્ચય વ્યવહાર યથાર્થ નીકળ્યા છે એ વાણી શાસ્ત્ર. એ સિવાય બીજું કોઈ શાસ્ત્ર હોય નહિ. સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં જે આવ્યું એ વાણીથી વિરૂદ્ધ એની શ્રદ્ધા વ્યવહારે પણ હોતી નથી. ચાહે દુનિયા ફરી જાય, દુનિયા .. જાવ, દુનિયા ફરી જાવ, તો શું? સમજાણું કાંઈ? રોટલી ન મળે, સમજાણું કાંઈ? એવી શ્રદ્ધા વ્યવહારમાં પણ નિશ્ચય સમકિતીને હોય છે.

મુમુક્ષુ :- નિશ્ચય ...

ઉત્તર :- આવો વ્યવહાર હોય ત્યારે નિશ્ચય રહે. .. ... હા, પણ એ વ્યવહાર એવો હોય ને. જો ખોટો હોય તો નિશ્ચય રહી ન શકે. સમજ્યા? એ નિશ્ચય રહે પોતે પોતાને કારણે. પણ આવી અંદર ગડબડ થઈ જાય તો નિશ્ચયમાં ફેર પડી જાય. સમજાણું કાંઈ? જેમ કે મુનિપણાને યોગ્ય પંચ મહાવ્રતાદિ એવા જ વિકલ્પો હોય છે. વસ્ત્ર, પાત્ર આદિ વિકલ્પ રહે તો વ્યવહાર નથી અને વ્યવહાર ન હોય તો નિશ્ચય પણ ફરી જાય. તો નિશ્ચય પોતાથી ફરે, વ્યવહાર વ્યવહારથી ફરે. સમજાણું કાંઈ? એવી વાત છે.

‘**ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન...**’ જુઓ! વ્યવહાર જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન છે વ્યવહારુ એમાં ભય ન કરે. શાસ્ત્ર તો એમ જ કહે છે અને એમ જ છે. બીજો માર્ગ છે જ નહિ. અને વ્યવહાર ચારિત્ર પંચ મહાવ્રત. જુઓ. મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ હોય છે. ખરેખર એ ચારિત્ર નથી. ખરેખર ચારિત્ર તો સ્વરૂપમાં રમણતા છે એ છે. પણ એવા પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ જ હોય. એને વસ્ત્ર-પાત્ર લેવાનો અને આધાકર્મી લેવાનો રાગ થતો નથી. .. મુનિપણું, અંદરમાં આનંદ આવ્યો છે. તો એણે વ્યવહાર ચારિત્રમાં પણ નિર્ભય જ રહેવું. સમજાણું કાંઈ? ‘**ડગવું નહિ, તે નિઃશંકિતપણું છે.**’ લ્યો. એક બોલ થયો.

બીજો બોલ. ‘**સંસાર-દેહ-ભોગની વાંછાથી...**’ એ સંસારની વાંછા નથી ધર્મીને. હું ધર્મ કરું છું તો.. વ્યવહારમાં હોં! હજી નિશ્ચયમાં તો બીજી કાંક્ષા છે નહિ. વ્યવહારમાં પણ હું આ કરું છું તો કોઈ સ્વર્ગ મળે, કોઈ અનુકૂળતા થઈ જાય, સમજ્યા? ધર્મ કરું છું તો કંઈ પૈસા આદિની સામગ્રી મળે, સેવાચાકરી કરવાવાળા આ લોકમાં અનુકૂળ રહે એવી ઇચ્છા ધર્મીની વ્યવહારમાં પણ હોતી નથી. સમજાણું કાંઈ?

‘**સંસાર-દેહ-**’ દેહ સંબંધી વાંછા નથી કે આ દેહ આમ રહે, અરે..! અમે ધર્મ કરીએ છીએ અને રોગ શું આવ્યો શરીરમાં. સમજાણું કાંઈ? ધર્મ નથી કરતા એનું નિરોગ શરીર, મજબૂત શરીર, .. મજબૂત. અહીં ધર્મ કરીએ છીએ અને આવું શરીર. વાંછા નથી. હોય. પૂર્વનો અશાતાનો ઉદય હોય તો શરીરમાં રોગ હોય. રોગ એ કંઈ દોષ નથી અને નિરોગતા

કોઈ ગુણ નથી. શરીરની નિરોગતા એ કોઈ ગુણ નથી. શાતાનો ઉદયે હોય છે. અને અશાતાનો ઉદયે રોગ થાય.

મહામુનિ હોય. મહામુનિ જંગલમાં રહેતા હોય. આ ચક્રવર્તી લ્યોને ભાઈ, સનતકુમાર. ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી. એ પુણ્ય છોડ્યા. ૭૦૦ વર્ષ રોગ. ગળત કોઢ. અરે..! પણ આ મુનિપણું લીધું. આટલા પુણ્ય અને આટલી પવિત્રતા! એ તો અશાતાના ઉદયને કારણે હોય. સમજાણું કાંઈ? અને અધર્મી પાપી સાતમી નરકે જવાનો હોય, જુઓ તો લઠ જેવા શરીર આમ સાંઢ જેવા. સાંઢ કહે છે ને? બૈલ બૈલ. જવાનો છે સાતમી નરકમાં. શાતાના ઉદયની મુદ્દત છે. એ મુદ્દત પૂરી થતાં સાતમી નરકમાં જશે. શંકા કરે નહિ કે આમ કેમ? સમજાણું કાંઈ? હું ધર્મ કરું છું, ધર્મી છું તો શરીરમાં રોગ કેમ રહે? સમજાણું કાંઈ? એવી દેહની વાંચ્છા નથી. હોય, એની પર્યાયમાં થવાની દશા કોણ ફેરવે? સમજાણું કાંઈ?

કહે છે ને? શ્રીમદ્‌ને જ્યારે આ થયું ને? સંગ્રહણીનું દરદ. શરીર ઘણું જીર્ણ થઈ ગયું. તો કોઈ કહેતા હતા કે રોગ કેમ આવ્યો? માટે કોઈ દોષ સૂચવે છે એમાં. ધર્મીને રોગ થતો નથી એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગને ન હોય.

ઉત્તર :- એ તો વીતરાગ સર્વજ્ઞ હોય એને શરીરમાં રોગ ન હોય. પણ છદ્મસ્થ છે. શરીરમાં સાતસો વર્ષ રોગ રહ્યો સનત કુમાર. બીજા મુનિઓ જંગલમાં રહે તો દમ ચડે, શ્વાસ ચડે, વન નીચે બેઠા હોય, ઉપરથી પાણીનો ધોધ પડતો હોય તો શ્વાસ ચડે. હો, શરીરની સ્થિતિ એવી હો તો એવી બની રહે. એમાં એવી વાંછા ન કરે કે મારી પાસે કોઈ લબ્ધિ હોય તો હું રોગ મટાડી દઉં. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ વ્યવહારમાં પણ એવી ઈચ્છા ન હોય એમ કહે છે.

સનતકુમાર પાસે દેવ આવ્યા. સાહેબ! આપ ચક્રવર્તી જેવા પુણ્યવંત. આપ મુનિ થયા અને આ રોગ? હું મટાડી દઉં. દેવ કહે છે, ઔષધિથી મટાડી દઉં. ભાઈ! શું મટાડી દે? મારી અંદર અશાતાનો ઉદય પડ્યો છે એ નિર્જર્યા વિના તું શું મટાડીશ? સમજાણું કાંઈ? મારી પાસે પણ લબ્ધિ છે. હું થૂંક ચોપડું તો મટી જાય. પણ અશાતા પડી છે એ ક્યારે નીકળશે? સમજાણું કાંઈ? અમને વાંછા નથી કે રોગ મટે કે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? નિરોગીને દેખે, ગૃહસ્થને દેખે. કે મિથ્યાદષ્ટિ મૂઢ હોય. ઘણું મજબૂત શરીર નિરોગી દેખાય, પાંચ-પચાસ લાખની પુંજી હોય, છોકરો પણ સારું કમાતો હોય. આને આમ અને મારે કેમ આ? બહારની ઋદ્ધિની સાથે સમકિતને સંબંધ છે નહિ. દેહની ઈચ્છા કરતા નથી.

‘**ભોગની...**’ ઈચ્છા નથી. કહો, ભોગ મળે. ભોગમાં તો દુઃખ છે. સમજાણું કાંઈ?

ભોગની ઈચ્છા નથી. સમ્યગ્દષ્ટિને, વ્યવહારમાં ભોગ મળે, આવું પુણ્યનું ફળ મળે એવી ઈચ્છા હોતી નથી. સમજાણું કાંઈ? પુણ્યનું ફળ તો.. સમજાણું કાંઈ? કાગ વિટ સમ માનત હૈ. સમજાણું કાંઈ? 'ચક્રવર્તીકી સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ કાગ વીટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોગ.' આહાહા..! આને ઘણાં પૈસા છે. અબજોપતિ છે. કાગવિષ્ટા છે-કાગડાની વિષ્ટા. એવો ધર્મી, જેને આત્મસંપદાનું ભાન થયું છે, નિજ સંપદાની રુચિ અને પ્રતીત થઈ છે એને આવી ભોગની વાંછા હોતા નથી.

'**પરમતની વાંછાથી...**' નથી હોતી. '**પરમતની વાંછાથી વ્યવહાર મોક્ષમાર્ગથી ડગવું નહિ...**' અન્યમતિઓ આમ કહે છે, ફલાણાં આમ કહે છે એમાં કાંઈક હશે કે નહિ? આમ વિચારી પોતાના મતથી ચળતા નથી, ડગતા નથી. ઓહોહો..! વ્યવહાર પણ એનો એવો હોય છે. સમજ્યા? એક એવા સાધુ આવ્યા હતા, નામધારી. એમણે મોક્ષમાર્ગ પ્રકાશક જોયું. મોક્ષમાર્ગ વાંચ્યું ને. સ્થાનકવાસી પહેલા હતા. પછી દેરાવાસી થઈ ગયા હતા. અહીં ચોમાસામાં રહ્યા હતા. ...માં દીક્ષા લીધી હતી. પછી આમ વાત કરે, નિશ્ચયમાં એમ હોય તો પછી માંસ અને દારૂ આદિ શું નડે એને? મરી જઈશ. ભારે ભાઈ! નિશ્ચયનું જેને ભાન હોય, નિશ્ચયમાં હોય એને પરથી નુક્સાન થતું જ નથી. ચોમાસું અહીં રહ્યા હતા. પછી માંદો પડ્યો પછી આવ્યા હતા. ઓલું મોક્ષમાર્ગ વાંચ્યું. અરે..! મરી જઈશ. નિશ્ચયની જેને દૃષ્ટિ હોય પછી એમ કે માંસ હો, દારૂ હો, ગમે તે હો, પરદ્રવ્ય તો નુક્સાન કરતું નથી. આહાહા..! મરી જાઈશ. એ પરદ્રવ્યને કારણે નહિ. પણ સમ્યગ્દર્શનમાં એવો માંસ ખાવાનો, દારૂ પીવાનો પરસ્ત્રી આદિ લંપટી આદિનો ભાવ હોતો જ નથી. ભાવ તારો છે કે ભાવ પરનો છે? એવી અનીતિ કરે, કાળો કેર કરે અને અમે નિશ્ચયમાં છીએ એમ કહે. શું નિશ્ચય છે તને? સમજાણું કાંઈ? નિશ્ચયમાં હોય તો વ્યવહાર શું? કીધું, આ ઊંધું સમજ્યા વાંચીને. મોક્ષમાર્ગને વાંચીને ઊલટું સમજ્યા. નિશ્ચય હોય પછી ગમે તે વેશ હોય. નિશ્ચય હોય તો ગમે તે વેશ હોય, ગમે તે ક્રિયા હોય, ગમે તે આચરણ હોય એમાં શું નડે?

મુમુક્ષુ :- હોય જ નહિ.

ઉત્તર :- હોય જ નહિ. ભાઈ! તને ખબર નથી, બાપુ! આ તો માર્ગ ભગવાનનો છે. આ કાંઈ પોપાબાઈનું રાજ નથી. સમજાણું કાંઈ? જેને આત્મદર્શન થયું અને જેમાં ચારિત્ર અંદર પ્રગટ થયું હોય, એને વ્યવહારમાં પણ વસ્ત્ર-પાત્ર લેવાનો ભાવ નથી, આધાકર્મી લેવાનો ભાવ નથી, એવી દશા એની થઈ જાય છે. સમજ્યા? વ્યવહારમાં ગમે તેમ ચાલે તો અમારે શું? એવી દૃષ્ટિ સ્વચ્છંદીની અજ્ઞાનીની હોય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિની એવી વૃત્તિ હોતી નથી. સ્વચ્છંદી એવા હોય. નરમ-નરમ થઈ જાય. અરે..! અમારી પર્યાયમાં પામરતા

ઘણી છે. ક્યાં કેવળજ્ઞાન લેવું, ક્યાં પરમાત્મ દશા પ્રગટ થઈ. અમારી દશામાં હું ક્યાં છું? પામરતા જોવે છે. એને સ્વચ્છંદતામાં એવી વૃત્તિ થતી નથી. '**તે નિષ્કાંક્ષિતપણું છે.**' વ્યવહાર હોં! નિષ્કાંક્ષિત વ્યવહાર મોક્ષમાર્ગ.

ત્રીજું. '**અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી...**' વ્યવહાર મોક્ષમાર્ગ જ્ઞાની કરે તો આમ દુગંછા થઈ જાય એવું કરવું નહિ. '**દેવ, ગુરુ, શાસ્ત્ર,....**' હવે ચોથો બોલ. અમૂઢ-મૂઢ. એ દેવ-ગુરુ-શાસ્ત્રમાં મૂઢતા ન કરવી. આ અરિહંત સર્વજ્ઞ સાચા હશે? દેવ સાચા ગુરુ હશે? આ શાસ્ત્ર સાચા? શું છે? અને લૌકિક પ્રવૃત્તિ. આ પીપળામાં પાણી નાખે છે. આ રેડે છે ને જ્યાં ત્યાં? મૂઢ તરીકે. લૌકિક મૂઢતા. સમજાણું કાંઈ? એવું ધર્મીને હોતું નથી. પીપળે પાણી નાખે તો આમ થાશે. ફલાણું રાંદલને માનશું. શું કહેવાય? રાંદલ-રાંદલ હતી ને? રાંદલ માતા. રાંદલ છે, રાંદલ હોય છે ત્યાં તમારે ગુજરાતમાં લગ્નમાં? લગન કરે ત્યારે નહિ? એક કળશો મૂકે છે અને પછી નાળીયેર મૂકે અને ઉપર અટલસ મૂકીને બાંધી રાખે. હશે ગુજરાતમાં હશે કે નહિ? લગન વખતે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લગન થાય કે નહિ? ત્યારે અમારે ગુજરાતમાં એક અહીં રાંદલ છે. અમારું ઉમરાળા છે ને જન્મસ્થાન. ત્યાં દડવા ગામ છે. ત્યાં રાંદલ દેવી છે. તો બધા વાણિયા લગન હોય ત્યારે એક કળશો બનાવે. કળશા ઉપર... કળશ સમજ્યા? લોટા. એના ઉપર એક નાળીયેર મૂકે અને ઉપર એક લીલી દોરી બાંધે અને પછી બાયું કૂદે. ઈ ઘોડા કૂદે કહેવાય. આ બધું સાંભળેલું. આપણે કાંઈ જોયું નહોતું. એવી (પ્રથા) છે. તમારે નથી ગુજરાતમાં? અમારે અહીં દડવા નજીક ખરું ને. બહુ માને. કાંઈક બીજી રીતે હશે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ પહેલા એવી .. ઓલો માણસ છે એ બાવો હશે એ ઘણા પૈસાવાળો થઈ ગયો. બહુ માનતા આવે. માનતા ઘણી આવે. વાવની અંદર એક છે. ચારે કોર માને. એવી મૂઢતા. જો આને ન માને તો આ રોગ થાશે. આને ન માને તો આ લગનમાં ઓલી સ્ત્રી મરી જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છોકરાને ન પગે લગાડે તો...

ઉત્તર :- હા. શીતળાને ન માને તો આમ થઈ જાય. શીતળા માતા આવે છે ને? કાલે રાંધણ છઠ આવી જુઓને. આ કાલે જ આવ્યું. આ શું કહેવાય? રાંધણ છઠ નહિ પણ રાંધણ છઠ. આજે નાગ પાંચમ છે. આજે નાગને માને. નહિતર જો ન કરીએ તો

આપણે સાજા નરવા નહિ રહીએ. મૂઢ છો. સાજા નવરા તો શરીરની પ્રકૃતિ હશે એમ રહેશે. ધર્મીને એવી મૂઢતા હોતી નથી. સમજાણું કાંઈ? અમારા આ શું કહેવાય? કુળદેવ. એને ન માન્યા તો જુઓ રોગ થઈ ગયો. એવી બાયુંને બહુ મૂઢતા હોય. બાયુંને હોય, બાયું સ્ત્રીને બહુ મૂઢતા. છોકરાને માને અને મનાવે, ફલાણે માથા ફોડે જ્યાં ત્યાં. મૂઢને વ્યવહારની ખબર નહિ, નિશ્ચયની તો ખબર છે જ નહિ.

મુમુક્ષુ :- દીકરાની ...

ઉત્તર :- દીકરા-બીકરા ક્યાં હતા? કોના? એ તો પરવસ્તુ છે. દીકરો શું કરતો હતો?

મુમુક્ષુ :- ગૃહસ્થના હિસાબે કરવું પડે.

ઉત્તર :- આ ગૃહસ્થના હિસાબની વાત ચાલે છે. ગૃહસ્થી માટે શું કરવું પડે? દીકરો ન હોય તો માને જેને-તેને. દીકરો થાય તો ભાઈ, અહીં માનજે. પચ્ચીસ રૂપિયા, પચાસ, સો, બસ્સો, પાંચ હજાર દઈએ તો દીકરો થાય છે. મૂઢ છે.

મુમુક્ષુ :- મહાવીરજીમાં...

ઉત્તર :- બહુ આ મહાવીરજીમાં પણ કેટલું છે જુઓને. ઓહોહો..! કેટલું! આ મહાવીરજીમાં કેવું? આ આપણે જયપુરથી ગયા હતા. જયપુરથી ગયા હતા. પદ્મપુરી. ત્યાં ગોદિકા સાથે હતા. પાંચસો રૂપિયા આપ્યા હતા એણે. બધી માન્યતા. આવી માન્યતા તે જૈનમાં હોય? આહાહા..! એ જૈન જ ક્યાં છે? વીતરાગ માર્ગ જેમાં છે. જેને રાગની ઈચ્છા નથી, જેને પુણ્યમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? પુણ્યભાવ નવા કરે એમાં સુખબુદ્ધિ નથી. તો બીજું શું રહ્યું? ભગવાન વીતરાગ પાસે દીકરો લેવો અને દીકરી લેવા હશે કાંઈક. દીકરાને પૈસા લેવા છે. મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. સમ્યક્ નિશ્ચય તો નહિ પણ વ્યવહાર શ્રદ્ધાનું પણ ઠેકાણું નથી.

એ કહે છે, જુઓને! '**લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ-ઈત્યાદિમાં મૂઢતા ન રાખવી,...**' મૂંઝાય નહિ, ગભરાય નહિ. અંદરમાં એવી આકુળતા ન થાય કે શું છે એમાં? બધું ખોટું છે. વીતરાગ માર્ગ સિવાય ક્યાંય સાચો માર્ગ છે નહિ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે કહ્યું. એવી તો વ્યવહાર શ્રદ્ધા નિશ્ચયપૂર્વક હોય છે. સમજાણું કાંઈ? જુઓને! આ બધું કરે છે ને અત્યારે આ દેવ-દેવલાનું શું? પદ્માવતી અને ક્ષેત્રપાળ. ઓહોહો..! જૈનમાં પણ લાકડા ગરી ગયા છે ને. પદ્માવતી.

મુમુક્ષુ :- ભગવાનના ભક્ત છે.

ઉત્તર :- ભગવાનના ભક્ત તો ઈન્દ્ર છે. નથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... શક્રેન્દ્ર અત્યારે બિરાજમાન ઈન્દ્ર છે. એ તો ભગવાનનો પરમ ભક્ત ક્ષાયિક સમકિતી છે. અને એકાવતારી છે. એ તો નક્કી ચોક્કસ છે. એને પૂજતા નથી અને એને પૂજે છે.

મુમુક્ષુ :- લાભ એનાથી થાય.

ઉત્તર :- લાભ ધૂળેય થાય નહિ. મરી જાય તો પાપ કરશે, પાપ વધે. એવી માન્યતામાં રહે કે એનાથી મને લાભ થશે તો પૂર્વનું પુણ્ય હોય એ ઘટી જાય અને પાપ વધી જાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અંબાજીને માની માનીને...

ઉત્તર :- ધૂળમાંય થયા નથી એ. આ કહે છે કે અમારા મામાના દીકરાએ અંબાજી માન્યા. છે ને આ? ૪૦ કરોડ રૂપિયા. આના મામાનો દીકરો. આ છે ને ગોવામાં? કહો. પોપટભાઈ માટે એક જણો કાલે કહેતો હતો. કરોડ રૂપિયા છે. એટલા તો સાંભળ્યા નથી. બહુ ખબર નથી. તમારે માટે કહેતા હતા. ભાઈ કહે. માણસ વાતું ઘણી કરે. એ તો કહે, કરોડપતિ છે. મેં કીધું, એવું સાંભળ્યું નથી. હશે ૩૦-૪૦ લાખ. જે કાંઈ .. દસકા હશે લાખના. પણ ઓલું માણસને એમ થઈ જાય કે આહાહા..! શું થયું આ? એય.. પોપટભાઈ! આ કહે છે કે અંબાજીને માન્યું એના મામાના દીકરાએ. ૪૦ કરોડ રૂપિયા થયા. એક દિ'ની એક લાખની આમદાની છે અને આ એક અબજનું એલ્યુમિનિયમ હમણા નીકળ્યું. એલ્યુમિનિયમ. એલ્યુમિનિયમ સમજ્યા?

મુમુક્ષુ :- એને માનવા છોડી દેવા?

ઉત્તર :- ધૂળમાંય અંબાજી આવતી નથી. નિર્ધન હતો ત્યારે ક્યાં ગયો હતો? અમારા કુંવરજીભાઈને હું કહેતો. ચોપડામાં લખતા. હેદરશાહ છે ને અહીંયાં? પીર નથી અહીં? પયગંબર. દરબારની બહાર છે એક હેદરશાહનું. અને ઉપર .. શાહ છે. પીર પીર નહિ? આ શેત્રુંજય ઉપર. નીચે અમારે કુંવરજીભાઈ માને. લખે ચોપડામાં. હેદરશાહ હાજરાહજૂર. એલા મેં કીધું, રોટલા નહોતા મળતા તમારા બાપ પાસે અને મરચાનો કોથળો લઈને વેચતા ત્યારે ક્યાં ગયો હતો હેદરશાહ? ત્યારે કોઈ હેદરશાહ આવ્યો નહિ. અને આ તો પુણ્ય આવ્યું અને પૈસા મળે છે. એમાં હેદરશાહ શું કરતો હતો? પણ અમારે ભાઈ હતા ને. અમારે ખુશાલભાઈ હતા એણે કઢાવી નાખ્યું.

મુમુક્ષુ :- માને છે છતાં ભિખારી છે.

ઉત્તર :- ભિખારા ઘણાં ભિખારા છે. શું છે પણ? આવી માન્યતા જૈનને હોય? જૈન એટલે સ્ત્રી હોય આઠ વર્ષની સમકિતી કોઈ દિ' માને નહિ કોઈને. પ્રાણ જાય તોય ઈન્દ્ર

ઉપરથી ઉતરે અને ફેરવે તોપણ ચલાયમાન થતી નથી. કોણ આપે? કોણ દે? મૂઢ. સાંઈબાબા ધૂળ. આ સાંઈબાબા છે એક હમણાં. મૂઢ જેવો છે કોઈ એક સાંઈબાબો. વાણિયા ચાલી નીકળે સ્થાનકવાસી અને દેરાવાસી જૈન. વાણિયા તે શું ઢીલા છે કે ઊંધા છે?

જેને આત્મા.. ઓહો..! વીતરાગ સંપદા પ્રભુ આત્મામાં પડી છે. એવી જેની દૃષ્ટિ થઈ એને બીજી સંપદાની ઈચ્છામાત્ર થતી નથી. ઈચ્છા કેવી? આખી દુનિયા પલટી જાય, કાંઈ જોઈએ નહિ. ન જોઈએ એને બધું મળશે. સમજાણું કાંઈ? ત્યાગે એને આગે, માગે એને આઘે. એવો વીતરાગ માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? કહે છે કે મૂઢ નથી હોતો. કોઈપણ તત્ત્વાર્થમાં મૂઢ નથી થતો. અમૂઢદૃષ્ટિ, અમૂઢદૃષ્ટિ. તમારો બાવો, તમારો ઓલો સેવક એને માને છે. રામજીભાઈનો નહિ ઓલો સેવક તમારો. ઈ એને માને છે. એવું સાંભળ્યું હતું. આવ્યો હતો સાંભળવા.

મુમુક્ષુ :- પૂજા પણ કરે છે.

ઉત્તર :- પૂજા કરે. આહા..! બ્રાહ્મણ થઈને.. આ તે.. રામજીભાઈ...

મુમુક્ષુ :- વાણિયામાં પણ કરે છે ને.

ઉત્તર :- વાણિયા પણ કરે છે ને. એક વાણિયો છે ને સુંદરજી. સુંદરજી આપે છે ને એક? એ બધું રાખે. એક સુંદરજી વાણિયો પાળિયાદનો હતો. અમે જોયેલો (સંવત) ૧૯૭૫માં. ગરીબ માણસ અને બીડીયું વાળતો. હવે ત્યાં આવ્યો છે ને. સમકિતી આપે. આઠ આનામાં, રૂપિયામાં, પાંચ રૂપિયા, પચ્ચીસ રૂપિયા. આહાહા..! વાણિયા જાય. મૂઢતાનો પાર છે તે કાંઈ? તારી પાસે સંપદા પડી છે, આનંદકંદ છે. કાઢવી હોય એટલી સંપદા નીકળે એવી ખાણ છે. એવી ખાણ બીજામાં ક્યાંય નથી. એવી જેને દૃષ્ટિ થઈ એને વ્યવહારમાં એવી મૂંઝવણ કે મૂઢતા થતી નથી. સમજાણું કાંઈ?

**'ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો...'** અસ્થિરતાનો કોઈ સાધારણ દોષ થઈ જાય. સમકિતી છે, જ્ઞાની છે, મુનિ છે. સાચા હોં! કોઈ સાધારણ દોષ આદિ હોય તો એને ગૌણ કરી દે. એ જાતની પ્રકૃતિ આવી. નહિતર દુનિયામાં નુક્સાન થઈ જાય. લ્યો, આ ધર્મી. આને આમ થયું. કોઈ ધર્માત્માનો દોષ સાધારણ હોય અસ્થિરતાનો સાધારણ. એ પ્રકૃતિમાંથી આવ્યો. તો એવા સમકિતી હોય તો એ દોષને ઢાંકે. સમજાણું કાંઈ? ખુલ્લું ન કરે. ખુલ્લું કરે તો આસ્થા ઊડી જાય. એવો કોઈ ચારિત્રનો દોષ સાધારણ હોય. સાધારણ હોં! અસ્થિરતાની પ્રકૃતિ... સમજાણું કાંઈ?

**'અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. જુઓ! વ્યવહારથી વધારવું. આવે છે ને? ભાષા તો એમ આવે ને. જુઓ! કષાયની મંદતા વધારવી.

એમ કહે છે, જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- એમ જ છે ને. શ્રાવકના વ્રત છોડીને મુનિના વ્રત લે.

ઉત્તર :- હા, લેને પણ. આગળ વધે. શ્રદ્ધામાં આગળ વધે, વ્યવહારમાં, જ્ઞાનમાં આગળ વધે, રાગની મંદતામાં પણ આગળ વધે. હોય છે, ભાવ હોય છે, આવે છે. આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. જાણે કે પુણ્યબંધનું કારણ છે. હેયબુદ્ધિએ આવ્યા વિના રહેતો નથી.

'**વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો...**' વ્યવહારમોક્ષમાર્ગથી, હોં! નિશ્ચયમાં તો એ આવ્યું. દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી ચ્યુત થાય તો સ્થિર કરવો-સ્થિતિ કરવી. '**વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો...**' સમજાણું કાંઈ? ધર્માત્મા, પોતાની જેવા કોઈ જ્ઞાની ધર્માત્મા હોય તો એને પ્રેમ કરવો. વાત્સલ્ય રાખવું. 'સાચું સગપણ સાધર્મી તણું, બીજો સર્વ જંજાળ.' આવે છે ને? યશોવિજયમાં આવે છે. 'સાચું સગપણ સાધર્મી તણું રે લાલ, બીજું સર્વ જંજાળ રે ભવિકજન.' કુટુંબ ને કુટુંબમાં મિથ્યાદૃષ્ટિ હોય એના કરતાં સમકિતી ઉપર એને પ્રેમ ઘણો હોય. ધર્મીને ધર્માત્મા ઉપર વાત્સલ્ય, અંતરથી વાત્સલ્ય હોય. સમજાણું કાંઈ? જેમ ગાયને પોતાના વાછરડા પ્રત્યે પ્રેમ છે. વાછરડું કહે છે ને? બાળક ઉપર. એમ ધર્માત્મા સમકિતી જ્ઞાની હોય, ધર્માત્મા મુનિ હોય એમના પ્રત્યે એને પ્રેમ છે. એમના પ્રત્યે દ્વેષ થતો નથી. વ્યવહારમાં નથી થતો. નિશ્ચયમાં તો થતો નથી પણ વ્યવહારમાં પણ નથી હોતો. એમ કહે છે. પ્રેમ સ્થિતિ... સમજ્યા? વાત્સલ્ય છે.

'**વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો તે પ્રભાવના છે.**' દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના થાઓ. દાનમાં, તપસ્યામાં એવું કરીને વ્યવહાર મોક્ષમાર્ગની પ્રભાવના કરે. એવો શુભભાવ હોય છે. '**આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું.**' નિશ્ચયથી તો પહેલા આવી ગયું. આ વ્યવહાર હોય છે. '**અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે.**' મુખ્યતા એની નથી. ગૌણતા છે ખરી. નથી એમ નહિ. '**સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે.**' પ્રમાણજ્ઞાનમાં બેય સાથે છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે. નિશ્ચયનું કથન મુખ્ય હોય તો વ્યવહાર ગૌણ થઈ જાય, પ્રમાણજ્ઞાન સાથે નિશ્ચય અને વ્યવહાર બેનું જ્ઞાન સાથે કરે છે. '**સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.**'

'**હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દૃષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :-**'

**रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गै**
**प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन।**
**सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं**
**ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२।।**

'**શ્લોકાર્થ :- એ પ્રમાણે નવીન બંધને રોકતો...**' જુઓ! સમ્યગ્દષ્ટિ સહિત છે ને? સંવર સહિત છે. મિથ્યાત્વનો નાશ કર્યો છે, સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રગટ કર્યા છે. પોતાના શુદ્ધ સ્વરૂપના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટ કરી છે તો એનું નામ સંવર થયું. નવા કર્મને રોક્યા છે. '**(પોતે) પોતાનાં આઠ અંગો સહિત હોવાના કારણે...**' અને આઠ અંગ જે નિશ્ચય કહ્યાને ઈ હોં! નિઃશંક આદિ કહ્યાને પહેલા? એ. એ .. વાત છે. '**કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો...**' પૂર્વના કર્મનો નાશ કરે છે. નવો બંધ થતો નથી. મિથ્યાત્વથી જે બંધ થતો હતો તે થતો નથી. સમ્યગ્દર્શનમાં રોકાય છે તો નવા કર્મ આવતા નથી. જૂનો બંધ મિથ્યાત્વમાં થઈ ગયો હતો તે આઠ અંગ દ્વારા એની નિર્જરા કરે છે. કહો, સમજાણું કાંઈ?

'**સમ્યગ્દષ્ટિ જીવ પોતે અતિ રસથી...**' હવે આવ્યું. પોતે પોતાના આનંદરસથી નિજ રસમાં મસ્ત થયો. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્માના આનંદરસમાં મસ્ત સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! પુણ્ય પરિણામમાં મસ્ત નથી, પુણ્યના ફળમાં મસ્ત નથી. ધર્મી તો પોતાના આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે. સમજાણું કાંઈ? આહાહા..! જેને સ્વર્ગની ઈચ્છા નથી, ઈન્દ્રપણે થવાની ઈચ્છા નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ કોને કહે. '**પોતે અતિ રસથી...**' પોતે પોતાથી એમ કહે છે. કોઈની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? શુદ્ધતા પ્રગટ કરવામાં કોઈની અપેક્ષા નથી. જુઓ! અપેક્ષા નથી. એ તો ખરેખર તો એ પણ આવ્યું હતું ને કે કર્મબંધ પડે છે અને કર્મનો ઉદય આવે છે, એનો ઉપશમ, ક્ષયોપશમ થાય છે ને. નિશ્ચયથી પર્યાય થવામાં પરની અપેક્ષા છે જ નહિ. અહીં તો આ આવ્યું ને? ઉપશમદશા, ક્ષયોપશમની શુદ્ધ થાય છે એમાં નિજ રસમાં મસ્ત છે તો પરની અપેક્ષા છે જ નહિ. સમજાણું કાંઈ? વિકારમાં પણ નિમિત્ત... અહીં તો નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી એમ કહેવું છે.

કર્મના અભાવની અપેક્ષા સ્વભાવની અપેક્ષામાં છે જ નહિ. આહાહા..! એમ કર્મનો જે ઉદય આવે છે એ પણ પર્યાય (નિરપેક્ષ છે). અહીં રાગ કર્યો, આણે બાંધ્યા માટે અહીં આવે છે એવી અપેક્ષા છે જ નહિ. કર્મનો ઉદય પણ આત્માની અપેક્ષા વિના સ્વતંત્ર આવે છે. અને કર્મનો ઉપશમ પણ આત્માના ઉપશમભાવની અપેક્ષા રાખ્યા વિના સ્વયં પર્યાય થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- કર્મનો ઉદય..

ઉત્તર :- એના ઘરે આવ્યું. કર્મ કર્મમાં રહ્યા. અહીં તો બીજી વાત કહેવી છે, શેઠ!

કર્મનો જે ઉદય આવે છે એને કોઈ આત્માની અપેક્ષા નથી. એવી પર્યાયનો પાક થવો એ પોતાને કારણે થાય છે. એ તો ઠીક પણ ઉપશમ થાય છે એ નિરપેક્ષ પર્યાય છે. અહીં સ્વભાવનો ભાવ કર્યો માટે ત્યાં ઉપશમ થવું પડ્યું એમ છે જ નહિ. નિમિત્તથી કહે તો વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો અપેક્ષા છે જ નહિ. આહાહા..! એ જ સમયે કર્મનો ઉપશમ પર્યાયરૂપે પરિણમવાનો હતો. પોતાથી નિરપેક્ષપણે પર્યાય પરિણમી છે. અને કર્મનો ક્ષયોપશમ જે પર્યાયની થવાની લાયકાત છે, એ પરની અપેક્ષા વિના આણે પુરુષાર્થ કર્યો અને સ્વભાવ સન્મુખ થયો તો અહીંયા કર્મની પર્યાયમાં ક્ષયોપશમ થયો એવી અપેક્ષા નિશ્ચયમાં છે જ નહિ. દેવીલાલજી! આહાહા..! આ કર્મ.. કર્મ.. નાખે છે ને? વળી એ ઉપર (સ્પષ્ટીકરણ કર્યું). જ્યાં હોય ત્યાં કર્મ. હવે કર્મ શું? કર્મ પરની અપેક્ષા વિના એમાં ઉદય આવે અને એને કારણે ઉપશમ, ક્ષયોપશમ, એને કારણે ક્ષાયિક. અહીં પુરુષાર્થ કર્યો અને કેવળજ્ઞાન થયું તો કેવળજ્ઞાનાવરણીયને ક્ષય થવું પડ્યું એમ છે જ નહિ. આહાહા..! પોપટભાઈ! બધી વાતું અલૌકિક છે. સમજવું પડશે. એમાં કાંઈ બહાર પૈસા-બૈસામાં ખૂંચી જાય તો કાંઈ મળે એવું નથી એમાં. ધૂળમાંય તે કાંઈ.

મુમુક્ષુ :- મદદ તો કરે.

ઉત્તર :- ધૂળેય મદદ કરતી નથી. પાપમાં કરે-નિમિત્ત થાય. કહો, સમજાણું કાંઈ? એ પૈસા મને મળ્યા.. મને મળ્યા.. એ પાપમાં નિમિત્ત થાય.

હમણાં છોકરાને થયું હતું. જુઓને! તાવ (આવ્યો) ત્યારે કેવું બોલતો હતો. તમારો મોટો હતો ને મોટો? ટાઈફોઈડ થયો હતો. ત્યાં અમે હતા ને ત્યારે. એવા સપના આવે છે અને એવું થાય છે. હાય.. હાય... મૂંઝાઓ નહિ, ભાઈ! તમારે ઘરે આવ્યા હતા ને. એવા સપના આવતા, હવે શું થાશે? એમ થઈ ગયું. એવા આકરા સપના આવે છે. શંકા પડી ગઈ એને હોં કે આ તે મૃત્યુ થઈ જશે કે આ શું થઈ જશે? પણ એ તો આવે. એ કર્મનો ઉદય નિરપેક્ષપણે પરની અપેક્ષા વિના સ્વતંત્ર આવે. અને આ શરીરમાં રોગની અવસ્થા હોય એ પણ કર્મની અપેક્ષા સહિત આવે એમ પણ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? શરીરમાં રોગની અવસ્થા કર્મના નિમિત્તથી (આવે) એટલી અપેક્ષા નથી. એ પરમાણુની એ જ સમયે એવી જ પર્યાય નિરપેક્ષ પરની અપેક્ષા (વિના) થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ... કાંઈ સંબંધ જ નથી.

ઉત્તર :- છે જ નહિ. સંબંધ કેવો? નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ જ પૃથક્-પૃથક્ પર્યાય પોતાથી થાય છે. કર્મ. મોટું જે કર્મનું લાકડું ગરી ગયું છે ને જૈનમાં. કર્મ આમ થાય તો થાય. હવે કર્મ આમ થાય તો એને ઘરે. તારે શું છે? તું પુરુષાર્થ કરી અંતરમાં ગયો તો કર્મને જાવું પડ્યું એમ છે જ નહિ. અને કર્મની જવાની પર્યાય થઈ તો આત્માની અપેક્ષા એને છે જ નહિ. એ જ સમયે એવી પર્યાય થવાને કારણે પોતાથી થઈ છે. એવો સ્વતંત્ર સિદ્ધાંતનો જો અંદર નિર્ણય કરે તો પોતાના સ્વભાવ સન્મુખનો નિર્ણય એને થઈ જાય. મારા નિર્ણયમાં કોઈની અપેક્ષા છે જ નહિ. સમજાણું કાંઈ? અને મારા સ્વરૂપની સ્થિરતાની મસ્તીમાં પણ કોઈની અપેક્ષા છે જ નહિ. એમ કહે છે, જુઓ!

સ્વયં શબ્દ પડ્યો છે ને? જુઓ. છે ને? સ્વયં પડ્યો છે ને. ત્રીજું પદ. '**स्वयमतिरसादादिमध्यान्तमुक्तं**' આહાહા..! પોતાથી પોતાનો આત્મા આનંદમાં મસ્ત સમ્યગ્દષ્ટિ પરની અપેક્ષા વિના છે. અંદર ત્રીજું પદ છે ને. '**सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं**' છેલ્લો શબ્દ છે ને. '**स्वयमतिरस**' નિજ રસમાં મસ્ત થયો. ધર્મ કોને કહીએ? આહાહા..! ભાઈ! આત્મામાં શાંતરસ પડ્યો છે. અકષાય સ્વભાવ પડ્યો છે. વીતરાગી આનંદ પડ્યો છે, અતીન્દ્રિય સુખસ્વરૂપ પડ્યું છે આત્મામાં. એવી અંતરમાં દૃષ્ટિ થઈ તો પોતાના આનંદ સિવાય ક્યાંય બીજી એને મસ્તી હોતી નથી. ક્યાંય રુચતું નથી, ક્યાંય ગોઠતું નથી, ક્યાંય એને મજા દેખાતી નથી. કહો, સમજાણું કાંઈ?

(બહારમાં) ચક્રવર્તી જેવી સંપદા દેખાય. અરે..! મારી સંપદા આનંદ છે. કઈ સંપદાની એને ઈચ્છા હોય? પોતાનો શુદ્ધ ભગવાન આત્મા રાગની સાથે તાળું માર્યું હતું તો ખોલી નાખ્યું તાળું. સમજાણું કાંઈ? રાગ અને સ્વભાવ એકપણે માન્યા હતા તો ખજાનો બંધ હતો. નહિ, હું તો જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ધ્રુવ છું. એવી દૃષ્ટિ રાગથી પૃથક્ થઈ તો ખજાનો ખુલી ગયો. પોતાનું નિધાન પોતાની પાસે ખુલી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હોય ચોથે ગુણસ્થાને, પાંચમે હોય કે મુનિ હોય પણ નિજ નિધાન અતિ આનંદરસમાં પોતાની રુચિ જામી ગઈ છે. એમાં જ મસ્ત છે. કોઈ વિષય આદિ સામગ્રીમાં લલચાઈ જાય અને સુખબુદ્ધિ થઈ જાય, એવું સમ્યગ્દષ્ટિને થતું નથી. સમજાણું કાંઈ? ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી. સુંદર શરીર, કોમળતા અને બધી ચતુરાઈ. નહિ. મારી ચતુરાઈ, મારી શાંતિ મારી પાસે છે. ઈન્દ્ર પણ લલચાવી શકે નહિ. સમજાણું કાંઈ?

એક ધ્રુવનું નાટક જોયું હતું. ઘણાં વરસ પહેલાની વાત છે. ધ્રુવ-ધ્રુવનું નાટક નથી આવતું? અન્યમતિમાં ધ્રુવ ધ્રુવ નથી? ધ્રુવ અને પ્રહલાદ અવિચળપદ.. એ તો વાતું છે. પણ નાટક

હતું. મૂળ તો અહીં ભાવનગર. દેશમાંથી આવ્યા હતા. ભાવનગર છે મોટું થીએટર. એ વખતે આવા વૈરાગી નાટક જોવા જતાં. વૈરાગી નાટક બહુ. ધ્રુવ.. ધ્રુવ. રાજનો કુમાર. નાની ઉંમરનો જુવાન. લાકડાની ઓલી હોય છે ને એની? તાવડી. નાટકમાં હોં! પડદા હોય ને લીલા. બે પડદા પાડે. એક પડદો આમ જાય અને એક પડદો આમ જાય. એવો દેખાવ બહુ કરતા ત્યાં. પછી જોવા ગયા હતા ત્યાં બેઠો હતો રાજકુમાર. માતા ઓરમાન હતી. એ આવે છે ને ધ્રુવમાં. પછી દેવાંગના આવે છે ઉપરથી ચળાવવા, હોં! આ તો ભાન વિના પણ કેટલી અંદર... દેવાંગના ચળાવવા આવે ઉપરથી. એવું હોય ને દોરી. અને પગ બે મૂકે પાટીયું હોય લાકડાનું. અપ્સરા ઉતરી. જંગલમાં પોતે બેઠેલો. અપ્સરા ઉતરી. એવી લલચાવે. જુઓ રાજનકુમાર! અમારા શરીર સુંદર, આ કોમળ, આ ચીજ કેવી છે. નજર તો કરો. ઉપર નજર તો કરો. શું આમ બેઠા છો? સમજ્યા? બહુ લલચાવે.. બહુ લલચાવે. કાંઈક બોલો તો ખરા. એમ કહ્યું હોં! આ તો લગભગ ૬૫-૬૬ની વાત હશે. ભાવનગરમાં થીએટર છે ત્યાં નાટક જોયું હતું. મકાન મોટા. બોરીબંદર કે શું કહેવાય? બોરીબંદર છે ત્યાં. દરિયાની બાજુ.

પછી બોલે છે. બહુ જ્યારે લલચાવે છે ને. બહુ કોમળતા અને શરીરની સુંદરતા અને હાવ-ભાવ ચેષ્ટા ને કપડા આમ દેખાડે ને તેમ દેખાડે. મારી સામું જુઓ. માતા! એમ કહે છે. માતા! તમારા શરીરની ચેષ્ટા શું કહું? મારી તો એવી વૃત્તિ થઈ જાય છે, કદી મારો ભવ હોય તો આપના પેટમાં આવું. બીજું તો છે નહિ. સમજાણું કાંઈ? દેખાવ એ લોકો બહુ કરતા. આ હવે બધું ફરી ગયું. ફિલમ-બીલમ ને બધા કાળા કેર કરી નાખ્યા. ઓલું તો વૈરાગ... વૈરાગ.. વૈરાગ... એવા ભર્તૃહરીના, મીરાંબાઈના બધા એવા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વૈરાગ્ય. અમે તો બધા નાટક જોયા છે ને. વૈરાગી ઘણા જોયા છે. નરસિંહ મહેતાના, મીરાંબાઈના બધા. અમારે નિવૃત્તિ ત્યાં અમારે પાલેજમાં ઘણી ને દુકાન ઉપર. બધા વૈરાગી જોયેલા, હોં!

આમ ધ્રુવ બોલ્યો ને જ્યારે ફાટ ફાટ.. ઈન્દ્રાણી ઉપરથી ચળાવે છે ને જ્યાં. અરે.. માતા! કેટલા તારા શરીરના વખાણ તું કરે છે? અમે જાણીએ છીએ તારું શરીર સુંદર છે. બહુ સુંદર છે. પણ એમ થાય છે કે કદાચિત ભવ હોય તો તારા શરીરમાં આવીશ, બીજું તો કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? એવી તો નિઃકાંક્ષતા સમ્યગ્દૃષ્ટિ વિના મિથ્યાદષ્ટિને હોય છે. એટલો વૈરાગ્ય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ પોતાની દૃષ્ટિ જ્યાં આત્માના આનંદની પ્રતીતમાં લીધી,

આત્માનો સ્વાદ લીધો છે. આહાહા..! 'ચાખે રસ ક્યું કરી છૂટે, થુરી જન થુરી જન તોરી.' એ દેવતાના ટોળા ઉપરથી ઉતરે, પણ જે આનંદનો સ્વાદ આવ્યો છે એમાંથી કોણ ચલાયમાન કરે? સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ એટલે શું? આખા પરમાત્માનો પત્તો લાગી ગયો. સમજાણું કાંઈ?

કહે છે કે '**પોતે અતિ રસથી...**' સ્વયં પોતાની અપેક્ષાથી અતિ રસથી. આનંદમાં મસ્ત થયો. '**આદિ-મધ્ય-અંત રહિત (સર્વવ્યપાક, એકપ્રવાહરૂપ ધારાવાહી)...**' ધારાવાહી આત્મા, એમ. આદિ-મધ્ય-અંત નથી એવો આત્મા જે ધારાવાહી છે એનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? સ્વભાવ સન્મુખની એકાગ્રતા નિરંતર ચાલે છે. એને અહીંયાં કહે છે આદિ-મધ્ય-અંત રહિત. સમજાણું કાંઈ? ઓહોહો..! સમ્યગ્દર્શન અને એના વિષયનું માહાત્મ્ય લોકોએ સાંભળ્યું નથી. માની લીધું કે ભગવાનની શ્રદ્ધા (છે). પંચ કલ્યાણક એક બે ચાર કરી નાખે પાંચ-પચાસ હજાર ખર્ચીને. ઓહો..! જાવ કલ્યાણ થઈ ગયું. ધૂળમાંય નથી. એય..! જેઠાલાલભાઈ! એ કલ્યાણક કરી નાખે. જાવ. ઓલો લાખ-બે લાખ ખર્ચી નાખે. પચાસ લાખ હોય તો બે-પાંચ લાખ ત્યાં ખર્ચે. એમાં શું થયું? ધર્મ નથી. ધર્મી એમાં ધર્મ માનતા નથી. શુભભાવ આવે તો પુણ્ય બંધાય એમ માને છે. મારા આનંદમાં એનો પુણ્યનો પ્રભાવ પડે એવું કંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? મારા આનંદમાં પુણ્યનો પ્રભાવ પડે અને અસર પડે એમ છે નહિ. જુઓ! કેવું લીધું છે?

'**આદિ-મધ્ય-અંત રહિત (સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને...**' એમ. ધારાવાહી આનંદરૂપ થઈને. શુદ્ધ સ્વભાવ જ મારો આનંદ છે. એમ પોતામાં વ્યાપક થઈને '**આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને...**' એમ લીધું છે. એ તો આકાશ જ્યાં ભમે છે ને ત્યાં. આકાશનો અર્થ શુદ્ધ આત્મા એમ પણ થાય છે. એ લીધું છે ને. કળશટીકામાં એમ લીધું. ગગન એટલે આત્મા. શુદ્ધ આત્મા. જેમ આકાશમાં લેપ નથી એમ મારામાં લેપ નથી. એવો નિર્લેપ ભગવાન આત્મા એની દૃષ્ટિ રાખીને એમાં રંગભૂમિમાં અવગાહન કરીને. અંદરમાં અવગાહન કરીને.

દરિયામાં જેમ.. સમુદ્ર હોય છે ને? મોતી હોય છે ને મોતી? અવગાહન કરીને મોતી લાવે છે. સમુદ્રમાં અવગાહન કરીને મોતી લાવે છે. સમજ્યા? ડૂબકી મારીને. 'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં મોતી તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' જ્યાં અંતર આત્મા દરિયો ચૈતન્ય મૂર્તિની પ્રતીત અને ભાન થયા, એ અંદરમાં જાય તો મોતીએ મુઠીયું, આનંદની મુઠીયું ભરાય એમ કહે છે. સમજાય છે? અજ્ઞાની રાગ અને પુણ્યમાં એકાકાર થઈ શંખલા ભેગા કરે. શંખલા શંખલા હોય છે ને? તત્ત્વની દૃષ્ટિની ખબર નથી.

મુમુક્ષુ :- છોકરાઓ રમે.

ઉત્તર :- આ છોકરાઓ રમે ને.

'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં મોતી તણાણા જાય, ભાગ્યહિન કર વાવરે એની શંખલે મુઠીયું ભરાય.' તત્ત્વની દૃષ્ટિની ખબર નહિ. જ્યાં-ત્યાં પુણ્ય કર્યું ને મેં આ કર્યું, મેં આ કર્યું. એમાં રાગ-શંખલા ભેગા કરે. ભેગા સમજ્યા? ઇકઠા. જ્ઞાની તો નિજ આનંદનું એકઠાપણું કરે છે એમ કહે છે અહીંયાં. આહાહા..! શુભભાવ થઈ જાય. એકઠા નથી કરતા, સંગ્રહ નથી કરતા. પુણ્યભાવની પણ સંગ્રહબુદ્ધિ નથી. પૈસાની તો વાત નથી પણ અહીં તો પુણ્યભાવની સંગ્રહબુદ્ધિ નથી. સ્વભાવની સંગ્રહબુદ્ધિ છે.

**'આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) નૃત્ય કરે છે.'** એટલે પરિણમન કરે છે. નૃત્ય કરે છે એનો અર્થ. આહાહા..! સ્વભાવ ચૈતન્ય શુદ્ધ છે, જ્ઞાયકભાવ છે એવું આત્મામાં પરિણમન કરે છે. એ નૃત્ય કરે છે એનો અર્થ પરિણમન કરે છે. એ રાગરૂપ પરિણમન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મા એવો ને એવો છે એમ. આદિ નહિ, મધ્ય નહિ, અંત નહિ, જેવો છે તેવો છે. એનો અનુભવ કરે છે. અથવા બીજો અર્થ એક ધારાવાહી. એકરૂપ ધારાવાહી. એમાં ભંગ નહિ. એમ. એક ધારાવાહી. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ જે દૃષ્ટિમાં આવ્યો છે ધારાવાહી એની દૃષ્ટિમાં રહ્યો છે તો એની મસ્તી કરે છે બસ. કહો, રાજપાટમાં પડ્યો છે તોપણ આ મસ્તી છે. સમજાણું કાંઈ? જ્યાં રંગ લાગ્યો. રંગ લાગ્યા ત્યાંથી ખસતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, બીજા રંગમાં ભંગ થઈ જાય. બીજામાં રંગ લાગે તો ભંગ પડે. સમજાણું કાંઈ?

એક બાવો હતો. કહ્યું ને? દામનગર. બાવો હતો એક બાવો. બાવો સમજો છો? એ રજપુત હતો રજપુત. તો એક સ્ત્રીને રાખી હતી. એ પૈસા બધા ખાઈ ગઈ. પછી એનો આદર ન કરે. પછી બાવાનો વેશ પહેરે લાંબો કાળો કોટ. નામ લખ્યું માથે. બાઈનું નામ લક્ષ્મી હતું. ૮૩ની સાલની વાત છે. લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી... લક્ષ્મી.. આખા કોટ ઉપર. અને ગામમાં ફરે. કોઈ લક્ષ્મી છોકરો .. બોલે એક પૈસો દે. ઓલી બાઈનો ફજેતો કરવા. એમાં હું હતો ત્યાં. એમાં એ નીકળ્યો બાવો. અપાસરા પાસે. મેં કીધું, આ બાવો થઈને શું કરે છે આ? નામ લક્ષ્મી.. લક્ષ્મી.. લખ્યું છે આ લુગડા ઉપર. કોટ મોટો પહેર્યો છે

અને લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી... નામ લખ્યું. કારણ કે ખાઈ ગઈ બધું ને એટલે એને બહુ દ્વેષ થઈ ગયો એના ઉપર. પછી મેં એક માણસ પાસે કહેવરાવ્યું, એને કહો તો ખરા, આ શોભતું નથી. આ બાવાના વેશમાં લક્ષ્મીનું નામ માથે કોટ ઉપર, આ શું કરે છે તું આ? એય..!

મુમુક્ષુ :- વેશ લજવે છે.

ઉત્તર :- વેશ લજવે છે. આ બાઈનું નામ તારા કોટ ઉપર. આખો કોટ ઉપર લખેલું લક્ષ્મી.. લક્ષ્મી.. લક્ષ્મી... અને ગામમાં કોઈ છોકરો ઊભો રહે અને જો લક્ષ્મી વીસ વાર બોલે તો પૈસા આપે. શું કરે છે આ તું? ત્યારે એણે જવાબ આપ્યો ઓલાને કે ખત્રીનો રંગ ચડ્યો છે એ ઉતરતો નથી. એ ખત્રી હતો મૂળ તો. બાવો ખત્રી. એક તો હું ખત્રી એમાં વળી બાવો. ખત્રી હઠ અને જોગી હઠ બે ચડ્યા છે અત્યારે. એ રંગ ચડ્યો છે એ ઉતરતો નથી. આમ મહારાજ કહે છે. કીધું, મૂઢ તો એમ જ કહે ને. હવે ખત્રી.. આ રંગ.

એમ ધર્મીનો રંગ ચડ્યો આત્મા ઉપર, એ રંગ ચડ્યો એ ચડ્યો, એ રંગ ઉતરે નહિ. સમજાણું કાંઈ? ઓલા હઠમાં ઉતરતો નથી હેરાન કરાવા માટે મફતનો. આ તો બનેલું હોં! અમારે ત્યાં દામનગરમાં.

અહીં કહે છે, નૃત્ય કરે છે. પોતાના શુદ્ધ સ્વરૂપની રુચિ, દૃષ્ટિનું પરિણમન થયું, બસ! એ જ નાચવું છે આત્મામાં. બીજું કોઈ નાચવું-બાચવું છે નહિ. એને નિર્જરા થાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી...**' નિર્જરાનો ઉદય. દેખો! પ્રગટ થવું. '**તેને પૂર્વ બંધનો નાશ થાય છે. તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને,...**' જુઓ! એ આવ્યું. એ આદિ-મધ્ય-અંતની વ્યાખ્યા છે. '**ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને,...**' જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવી દૃષ્ટિ જ્યાં જામી છે. '**નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.**' '**જેમ કોઈ પુરુષ મદ્ય પીને...**' જુઓ! દારૂ પીને જેમ મસ્ત થાય, એમ આનંદ પીને મસ્ત છે. એમ કહે છે. આહાહા..! '**નૃત્યના અખાડામાં નૃત્ય કરે તેમ,...**' લ્યો. સમજાણું કાંઈ? હવે પ્રશ્ન કરે છે. પ્રશ્ન કરે છે કે નિર્જરા કેમ થાય? એ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૬, શનિવાર તા. ૨૬-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૬૨-૧૬૩, પ્રવચન-૩૧૯**

સમયસાર. નિર્જરા અધિકાર ચાલે છે. નિર્જરા નામ અશુદ્ધતાનો નાશ થાય છે અને ધર્મીને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે.

અહીં શિષ્યનો પ્રશ્ન છે. અધિકાર પૂરો થયો. તો શિષ્યે આખા અધિકારમાંથી કાઢ્યું. **'સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી એમ તો તમે કહેતા આવ્યા છો.'** આપ તો અત્યાર સુધી કહેતા આવ્યા છો કે ધર્મીજીવ, જેને આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપનો અનુભવ થયો છે અને દષ્ટિમાં આખો આત્મા પ્રતીતમાં લીધો છે. સમજાણું કાંઈ? અને જેના મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો નાશ થયો છે એને ધર્મી કહે છે, એને સમ્યગ્દષ્ટિ કહે છે. તો સમ્યગ્દષ્ટિને બંધ નથી એમ ઘણી વાર કહેતા આવ્યા છો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. ભાવાર્થ આવી ગયો છે. ભાવાર્થ આવી ગયો છે. ખબર નથી. પ્રશ્નથી છે. સવારનું કરું ને ભૂલી ગયા હોય. સવારે વખત થઈ ગયો ને.

**'એમ તમે કહેતા આવ્યા છો કે સમ્યગ્દષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી, પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં...'** શાસ્ત્રમાં તો ગુણસ્થાન ધારાવાહી ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું ગુણસ્થાન ચાલે છે. **'અવિરત સમ્યગ્દષ્ટિ વગેરેને બંધ કહેવામાં આવ્યો છે.'** શાસ્ત્રમાં તો ચોથે ગુણસ્થાને સમમ્યગ્દષ્ટિને બંધ કહ્યો, પાંચમે કહ્યો, છઠ્ઠે કહ્યો, સાતમે કહ્યો, દસમાં કહ્યો. તમે કહો છો કે બંધ નથી. આ શું છે? અને નિર્જરા થાય છે. શું છે આમાં? એટલી વિશેષતા શું છે સમ્યગ્દષ્ટિમાં કે નિર્જરા છે અને બંધ થતો નથી? એક વાત.

**'વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે...'** એ નિમિત્તથી વાત છે. કેમ કે સમ્યગ્દષ્ટિને ચોથે, પાંચમે આદિમાં દર્શનનો ઘાત છે. દર્શનગુણ કંઈ પૂર્ણ નિર્મળ થયો નથી. દર્શનઉપયોગ. સમજાણું કાંઈ? દર્શન ઉપયોગનો ઘાત છે ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને. તમે કહો કે નિર્જરા છે અને બંધ નથી. ત્યાં તો દર્શનગુણ.. શ્રદ્ધાની વાત નથી. દર્શન ઉપયોગ. દર્શન ઉપયોગ હીણો છે, જ્ઞાન પણ હીણું છે. ચોથે, પાંચમે, છઠ્ઠે જ્ઞાન તો ઘણું ઓછું છે. કેવળજ્ઞાન નથી. કેવળજ્ઞાનાવરણીયથી એ જ્ઞાનનો ઘાત થાય છે. ઘાત થાય છે. નિમિત્તથી કથન છે.

સુખ પણ નથી. સમ્યગ્દષ્ટિ પાંચમે, ચોથે, છઠ્ઠે એટલું સુખ નથી. સુખનો પણ ઘાત છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને અનંત આનંદ જોઈએ તે અનંત આનંદ નથી. તો અનંત આનંદનો ત્યાં ઘાત છે. અલ્પ આનંદ છે અને તમે કહો છો કે ત્યાં સર્વ બંધ (નથી) અને નિર્જરા છે. તો કઈ રીતે આપ મિલાન કરો છો? અને વીર્ય પણ મંદ છે. ચોથા ગુણસ્થાનમાં, પાંચમે, છઠ્ઠે વીર્ય મંદ છે. અનંત વીર્ય નથી. સમજાણું કાંઈ?

'**એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે.**' એ ગુણોની પર્યાય ઘણી હીણી અને ઘણી અલ્પ છે. અને '**ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે.**' જુઓ! ચારિત્રમોહનો ઉદય છે તો ધર્મીને, સમ્યગ્દષ્ટિને પણ રાગ તો થાય છે અને બંધ પણ થાય છે. '**જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે...**' હવે જરી પ્રશ્ન કરે છે. એવો રાગ છે, પુણ્ય-પાપનો ભાવ છે, સમ્યગ્દષ્ટિને, પાંચમા ગુણસ્થાનવાળાને, મુનિને. '**બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય?**' સમજાણું કાંઈ? રાગ વિદ્યમાન છે, રાગદ્વેષ છે, વિકાર થાય છે અને તમે કહો છો કે બંધ નથી. તો તો અમે કહીએ છીએ કે મિથ્યાદષ્ટિ અનંતાનુબંધીવાળાને પણ બંધ નથી. એમ કેમ ન કહેવાય? જેમ ચારિત્રમોહનો રાગાદિ, દ્વેષાદિ છે અને તમે કહો છો કે બંધ નથી. તો અમે તો કહીએ છીએ કે મિથ્યાદષ્ટિને અનંતાનુબંધી છે એને પણ બંધ નથી.

'**સમાધાન :- બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે;...**' અહીંયાં મુખ્ય વસ્તુ લીધી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય નિર્મળ છે એવો જ્યાં અનુભવ થયો ત્યાં મિથ્યાત્વ રહ્યું નહિ. સ્વરૂપમાં આચરણ થયું, સ્વરૂપાચરણ થયું. અનંતાનુબંધી રહ્યો નહિ. વસ્તુ જે છે એ પ્રતીત અને અનુભવમાં આવી. તો એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી છે નહિ. એ જ ખરેખર મુખ્ય બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

આત્મા અબંધ સ્વરૂપ છે એને રાગ અને બંધ સહિત માનવો એવું મિથ્યાત્વ અને રાગમાં એકત્વ થવું એ સ્વરૂપાચરણથી વિરૂદ્ધ, એ જ ભાવ બંધનું કારણ હતું. સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્યમૂર્તિ અબંધ સ્વરૂપ છે. જ્ઞાયકમૂર્તિ પરમાનંદ અબંધ. તો એમાં મિથ્યા અભિપ્રાય હતો અને રાગદ્વેષ અનંતાનુબંધીનો હતો તો સ્વરૂપની દૃષ્ટિ નહોતી અને અને સ્વરૂપમાં સ્થિરતા નહોતી. તેથી મુખ્યપણે મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી બંધ હતો. સમજાણું કાંઈ?

'**અને સમ્યગ્દષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે.**' પોતાનો ધર્મ શુદ્ધ ચૈતન્ય પ્રત્યે જ્યાં આનંદનો અનુભવ થયો ત્યાં મિથ્યા ભ્રાંતિ રહી નહિ અને અનંતાનુબંધીનો કષાય પણ

સાથે રહ્યો નહિ. સમજાણું કાંઈ? આનંદઘનજી કહે છે ને?

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે?
અબ હમ અમર ભયે ન મરેંગે. અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારણ મિથ્યાત્વ દિયો તજ.

ભગવાન આત્મા અબંધ સ્વરૂપ, એનું ભાન થતાં મિથ્યા ભ્રાંતિનો તો નાશ થયો. સમજાણું કાંઈ? તો હવે દેહ શું કામ ધરીએ? સમજાણું કાંઈ? જેમાં દેહ નથી, વિકાર નથી એવું ભાન થયું. હવે દેહ શું કામ ધરીએ? સમજાણું કાંઈ? મૂળ ચીજનો અનુભવ થયો અને મૂળ ચીજના સ્વરૂપમાં આચરણ થયું એને હવે દેહ છે નહિ. એકાદ-બે દેહ છે એની કોઈ ગણતરી નથી. સમજાણું કાંઈ?

હમણાં કહ્યું હતું પહેલું. '**ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે...**' સમજાણું કાંઈ? કહ્યું ને? '**સમ્યગ્દષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે.**' હવે ઉત્તરમાં જરી '**ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે...**' અહીં તો ચારિત્રમોહનું નિમિત્ત છે એ લીધું છે. નહિતર ખરેખર તો સુખગુણ, જ્ઞાન, દર્શન, આદિની હીણી દશા છે ને. પણ મૂળ રાગ છે ને તો સુખની શાંતિને ઘાતે છે એ અપેક્ષાએ કહ્યું. સમજાણું કાંઈ? '**ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે...**' સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને કે છઠ્ઠે જેટલો રાગ બાકી છે એટલી શાંતિ નામ સુખનો ઘાત થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખો સુખગુણ..

ઉત્તર :- ના. આખાની ક્યાં લીધી? બિલકુલ નહિ. '**જોકે સુખગુણનો ઘાત છે...**' એમ લીધું છે. સુખગુણનો ઘાત એટલે બધું સુખ એમ નહિ. અંશે ઘાત થાય છે. એનો અર્થ કે સુખગુણનો ઘાત નામ સુખ પૂર્ણ છે નહિ તો સુખગુણનો ઘાત થાય છે. સર્વથા સુખગુણનો ઘાત (થાય છે) એ પ્રશ્ન નથી અહીંયાં. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ...**' હોય છે. વળી મિથ્યાત્વ અનંતાનુબંધી સિવાય અપ્રત્યાખ્યાનાવરણી રાગાદિ થાય છે એનાથી કર્મની સ્થિતિ અલ્પ અને અનુભાગ અલ્પ પડે છે. '**બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે, તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી.**' અલ્પ-અલ્પ બંધ (થાય છે). જ્યાં અબંધસ્વરૂપ ભગવાન આત્મા... સમજાણું કાંઈ? ચૈતન્ય પરમાત્મા

આનંદકંદ શુદ્ધ, એની દૃષ્ટિ થઈ તો અબંધ સ્વભાવમાં દૃષ્ટિ અબંધ થઈ અને વસ્તુ અબંધ છે તો એને બંધ છે નહિ. થોડો બંધ છે એને અહીં ગણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ?

**'અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે;...'** સ્વરૂપથી વિપરીત માન્યતા અને સ્વરૂપમાં અણાચરણભાવ, એ જ અનંત સંસારનું કારણ છે. પછી જરી રાગાદિ ચારિત્રમોહનો રાગ રહ્યો એ અનંત સંસારનું કારણ નથી. અલ્પ સ્થિતિ, રસ છે. કોઈ એકાદ-બે ભવ થાય તો એ પણ જ્ઞાનના જ્ઞેય તરીકે રહી જાય છે. તેને પોતાના સ્વરૂપમાં ભેળવતા નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની કેટલી મહિમા છે અને સમ્યગ્દર્શનનો વિષય કેટલો મહિમાવાળો છે! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન વિના .. કરે તો એની મહિમા... શું કહ્યું સમજાણું કાંઈ?

શિષ્યે એવો પ્રશ્ન કર્યો કે, મહારાજ! આપ તો એમ કહેતા આવ્યા છો કે આત્માનું સમ્યગ્દર્શન થયું, આત્માનું ભાન થયું તો એને બંધ જ નથી અને નિર્જરા જ છે. એમ કહેતા આવ્યા છો. અમે તો એટલું સાંભળ્યું છે કે શાસ્ત્રની પરિપાટીમાં ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણની પર્યાયનો ઘાત તો થાય છે અને બંધ પણ થોડો થાય છે અને આત્માના સુખનો પણ ઘાત થાય છે. આપ કહો છો કે બંધ નથી અને નિર્જરા છે. સાંભળ તો ખરો, ભાઈ! અહીંયાં તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ભાવ એ જ અનંત સંસારનું કારણ હતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દિગંબરને હોય ને.

ઉત્તર :- દિગંબર કોને કહેવા? એક જણો કહે છે કે આપણે દિગંબરને જ ભેદજ્ઞાન હોય. દિગંબરમાં જન્મ્યા એને ભેદજ્ઞાન હોય. ભાન ન મળે કાંઈ, ભેદજ્ઞાન કેવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લઈ આવ્યા. દિગંબરમાં જન્મ્યા એટલે થઈ ગયું. હવે ભેદજ્ઞાન થઈ ગયું. હવે ચારિત્ર લ્યો. બસ વ્રત, નિયમ લઈ લ્યો. એક પંડિત કહે છે. જયપુરના છે એક. સમજાણું કાંઈ? અરે..! ભાઈ!

ભેદજ્ઞાન એટલે શું? રાગથી, વિકલ્પથી, નિમિત્તથી, સંયોગથી ભિન્ન તદ્દન આત્મા આનંદ (સ્વરૂપ છે), એવી અંતર દૃષ્ટિ થયા વિના ભેદજ્ઞાન કેવું? 'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ બાકી બુરો અજ્ઞાન. ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' ભેદજ્ઞાન એ જ્ઞાન છે. બાકી બુરો અજ્ઞાન. બાકી બધું અજ્ઞાન. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન આનંદ. એ રાગથી, વિકલ્પથી, વ્યવહારથી, નિમિત્તથી ભિન્ન એવી ચીજ અંતરમાં રાગથી ભિન્ન પાડ્યા વિના જે ભેદજ્ઞાન થાય એ કદી થતું નથી. અને ભેદજ્ઞાન થયું એ જ જ્ઞાની થયો. પછી એનું ભણતર આટલું છે કે આટલા ભણ્યા છે કે આટલો ત્યાગ કર્યો છે એના ઉપર એનું માપ નથી. સમજાણું

કાંઈ? 'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ બાકી બુરો અજ્ઞાન.' 'ભેદજ્ઞાન સાબુ ભયો...' આવે છે ને? 'સમરસ નિરમલ નીર. ધોબી અંતર આતમા, ધોવે નિજગુન ચીર.'

ભગવાન આત્મા રાગ, દયા, દાન, વિકલ્પ આદિથી પાર છે, નિર્વિકલ્પ આનંદકંદ છે. એવી જ્યાં અંતર દૃષ્ટિ અને સમ્યક્ અનુભવ થયો, ભેદજ્ઞાન થયું (હવે) શું ખામી રહી? થોડો રાગાદિ છે એ પણ ભેદ કરતા કરતા-છૂટા પાડતા પાડતા સ્થિર થઈ જશે અને વીતરાગપણું થઈ જશે. એ અપેક્ષાએ કહે છે કે ભેદજ્ઞાન થયું એને બંધ છે નહિ, નિર્જરા છે. પૂર્વના કર્મ જરી આવ્યા, રાગાદિ થયા તો નિર્જરા છે. સમજાણું કાંઈ? આહાહા..!

મિથ્યાદૃષ્ટિ સ્ત્રીનો ત્યાગ કરે, બ્રહ્મચર્ય પાળે છતાં ક્ષણે ક્ષણે રાગથી ધર્મ માને છે, દૃષ્ટિ પર ઉપર છે, સ્વભાવની દૃષ્ટિ નથી તો એ ત્યાગ કર્યો તોપણ ક્ષણે ક્ષણે અનંત સંસાર વધારે છે. અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહે, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય.. સમજાણું કાંઈ? છતાં અંદરમાં રાગથી ભિન્ન છે. મારી ચૈતન્ય મૂર્તિ પરમાત્મા હું શુદ્ધ ચૈતન્ય છું. હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એવી દૃષ્ટિ અને અનુભવ થયો એ છન્નું હજારમાં રહ્યો અને થોડો રાગ છે એ બંધને અહીંયાં ગણવામાં આવ્યો નથી. એ અનંત સંસારનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીના ભોગની વાસના અનંત સંસારનું કારણ નથી. સમજાણું કાંઈ? અને એક રાગથી મને ધર્મ થશે, એવી માન્યતા અનંત સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? લોકોને અંતર ચીજની મહત્તા કિંમત નથી અને સમ્યગ્દર્શનનું કેટલું માહાત્મ્ય છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો ખુલાસો કરે છે કે અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ અનંતાનુબંધી છે. ભગવાન આત્મા શુદ્ધને ભૂલીને અશુદ્ધપણામાં પ્રેમ કરવો, પુણ્ય-પાપના ભાવમાં પ્રેમ કરવો અને પરમાં સુખબુદ્ધિ માનવી એ જ મિથ્યાત્વ અને અનંતાનુબંધી અનંત સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ કરીને, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પણ અંદર અઠ્યાવીશ મૂળગુણનો રાગ છે એમાં અજ્ઞાનીને સુખબુદ્ધિ છે. પંચ મહાવ્રતનો રાગ આવે છે એ રાગ છે. અજ્ઞાનીની એમાં સુખબુદ્ધિ છે તો અનંત સંસારનો બંધ પડે છે. અને જ્ઞાનીને છન્નું હજાર સ્ત્રીની વાસના થઈ પણ અનંત સંસાર નથી. કેમ કે એમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? સુખ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, પરમાં ક્યાંય ત્રણ કાળમાં સુખ છે નહિ. એવો પોતાના આનંદ સ્વરૂપનું જ્યાં ભાન થયું, તો કહે છે કે એનો સંસાર અનંત છે નહિ.

**'તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે?'** સમજાણું કાંઈ? આત્માના સ્વરૂપનો અનુભવ ભાન થયું. પછી અન્ય રાગાદિનો થોડો બંધ પડે છે એની ગણતરી શું કરવી? ગણતરી

છે જ નહિ એમ કહે છે.

'**વૃક્ષની જડ કપાયા પછી...**' એવો એક વિચાર આવ્યો હતો કે મોટું ઝાડ હોય છે ને? એને નીચેથી કાપે. ઝાડ તો મોટું હોય છે ને? લીમડો જુઓને. બહુ હમણાં ઉપરથી પડતું હતું એના ઉપરથી વિચાર આવ્યો. સ્વાધ્યાય મંદિરમાં છે ને લીમડો એક. મોટો લીમડો છે. કરવત દ્વારા એક એક એક દોરી વા કાપી લે આમ નીચે. કરોંત. કરવત કરવત હોય છે ને? કરવતને શું કહે છે? આમ.. આમ.. કરે. થડ હોય ભલે ત્રણ ચાર હાથનું લાંબુ. ત્યાંથી આમ પછી આમ કરીને... આમ કરે તો ખલાસ .. અટકી જાય. આખું ઝાડ.. જરા આમ આમ કરે. સમજાણું કાંઈ? સૂકાઈ જશે થોડા સમયમાં.

એમ ચૈતન્ય ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ એ મારા છે, એમાં સુખ છે, રાગ મારું કર્તવ્ય છે એવો મિથ્યાત્વભાવ છે તો આખો સંસાર પડ્યો છે. અને એ મિથ્યાત્વને કાપી નાખ્યો તો આખો સંસાર રહ્યો નહિ. સમજાણું કાંઈ? પણ એની કિંમત લોકોને લાગતી નથી. બહાર ત્યાગ આમ કરે ને તેમ કરે, ફલાણું કરે, નગ્ન થયા, લૂગડા ફેરવ્યા. એ વિશેષ છે. વસ્તુની ખબર નથી.

ભગવાન ચૈતન્ય પરમાત્મા શુદ્ધ ચૈતન્ય બિરાજમાન છે. એનો અનુભવ એ જ ધર્મ છે. અને એના અનુભવ વિના રાગનો અનુભવ એ અધર્મ છે. ચાહે તો પંચ મહાવ્રત પાળતો હોય, બાળ બ્રહ્મચારી હોય પણ એ શુભરાગમાં અનુભવ કરે છે તો એ અધર્મ છે. સમજાણું કાંઈ? એને અનંત સંસાર વધે છે. સમ્યગ્દૃષ્ટિને એ છે નહિ. કેમ? '**આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે? વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી?**' આખું વૃક્ષ નીચેથી કપાઈ ગયું. ઉપરનો ભાગ પંદર દિવસમાં સૂકાઈ જશે.

'**માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે...**' જુઓ! અહીં તો જયચંદ્ર પંડિત કહે એનું માન્ય નથી એ લોકોને. વીતરાગ સમકિતીની વાત છે, વીતરાગ થયા પછી નિશ્ચય સમકિત થાય. અહીં તો '**સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે.**' સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે અને રાગથી ધર્મ માનનાર અજ્ઞાની છે એની અહીં વાત છે. સમજાણું કાંઈ? કોઈ વીતરાગ કેવળજ્ઞાની હોય કે શ્રેણી ચડી જાય એની વાત અહીંયાં મુખ્યપણે નથી. જુઓ! મુખ્યપણે તો આ છે.

'**જ્ઞાની થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેના દૃષ્ટાંત પ્રમાણે...**' જેમ ઝાડનું દૃષ્ટાંત આપ્યું. ઝાડ નીચેથી કપાઈ ગયું તો પંદર દિવસમાં એક મહિનામાં સૂકાઈ જશે. બધા પાંદડા-બાંદડા, ડાળી બધું સૂકાઈ જશે. અને બધા પાંદડા

તોડી નાખે. પાંદડા તોડી નાખે, ડાળ તોડી નાખે. એક મહિનામાં બધા પાછા ઊગી જશે. પલ્લવીત થઈ જશે એ ઝાડ. એમ રાગની મંદતા કરીને ત્યાગ કર્યો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા (કર્યા), પણ મિથ્યાત્વ રહ્યું છે. એમાં ધર્મ માને છે એ અધર્મ છે. તો મિથ્યાત્વનું ઝાડ મૂળ રહી ગયું તો અનંત સંસાર વધશે પાછો. એ આગળ જતાં કસાઈખાનું ખોલશે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દષ્ટિને એક આત્માનો અનુભવ થયો. રાગથી ધર્મ નહિ, પુણ્યથી ધર્મ નહિ, મારી ચીજ જ આનંદમય છે એવો અનુભવ થયો પછી થોડો સંસાર રહ્યો રાગાદિ, એનો નાશ થઈ જશે. વધશે નહિ.

બીજું દૃષ્ટાંત. '**દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો.**' નાની ઝૂંપડીમાં. '**તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ...**' ભાગ્યના ઉદયથી એને મોટું મકાન મળ્યું અને એમાં નિધાન મળ્યું. અબજો રૂપિયાનું નિધાન એમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એટલે?

મુમુક્ષુ :- ભાગ્યોદયથી મળી જાય.

ઉત્તર :- શું ધૂળ પણ મળે? એમાં આત્માને શું? આ તો દૃષ્ટાંત છે.

મુમુક્ષુ :- ભાગ્યોદયથી મળે છે ને. એમ.

ઉત્તર :- ભાગ્યોદયથી મળે એમાં શું છે? સમજાણું કાંઈ? આ તો પૂર્વનું પુણ્ય હોય તો મળે. તો પછી ઝૂંપડીમાંથી રહીને મહેલમાં આવી જાય તો ધનપતિ થઈ ગયો. એવું દૃષ્ટાંત આપે છે. ધનપતિ થઈ ગયો તો સુખી છે? દુઃખી છે. હેરાન છે હેરાન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હેરાન તો ગરીબ માણસ થાય.

ઉત્તર :- ગરીબ જ છે રાંકા. જે પરની આશા રાખે છે, પરમાં સુખ માને છે એ બધા ભિખારી છે.

મુમુક્ષુ :- .. સમ્યગ્દષ્ટિ...

ઉત્તર :- પણ ક્યાં? સાંભળો! સમજતા નથી? હજી તો એમાં ધર્મ માને છે, શેઠ! સમ્યગ્દષ્ટિ. શેઠ! કઠણ વાત છે. બહુ સમજવું પડશે. સમજ્યા? હજી તો દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા છે એની ખબર નથી. અને સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એની ખબર નથી. આ ભક્તિ-બક્તિ કરે, પૂજા કરે, પાંચ-દસ લાખ ખર્ચે તો ધર્મ થઈ ગયો. ધૂળમાં મિથ્યાત્વ છે. રાગની મંદતા થઈ અને માને કે મને ધર્મો થયો તો એ મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન ક્યાંથી આવ્યું? શોભાલાલ

શેઠ અહીંની વાત કડક છે. ક્યાં ગયા સોમચંદભાઈ? સોમચંદભાઈ આવ્યા કે નહિ? આ તમારા ભાઈની વાત કરીએ છીએ. ફઈના દીકરા ભાઈ છે ને. બધા ગામમાં રહેનાર છે. એવી વાત છે. સમજાણું કાંઈ? સોમચંદભાઈ આવ્યા છે કે નહિ? ના ઓલા સોમચંદભાઈ આપણા. રણાસણ. એ તો યાદ શું કરવા આવ્યું? કે છોડીને જોઈ હતી ને. જાતિસ્મરણવાળી દીકરીને જોઈ તમે? કે દિ'? અહીં આવ્યા ત્યારે. ઠીક. બધાએ જોઈ. ડોક્ટર-બોક્ટર મોતીલાલ. શું નામ છે એનું? છગનલાલ. સમજાણું કાંઈ?

જ્ઞાની થયા પછી, જેમ દરિદ્ર '**તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો...**' અબજોની લક્ષ્મી મળી ગઈ. સમજાણું કાંઈ? ક્યાં ગયા પોપટભાઈ? છે કે નહિ અહીંયાં? વયા ગયા? ઠીક. એનો છોકરો તો હતો અહીં દસ વાગે. નાનો છોકરો હતો. પોપટભાઈનો. નહિ? ગયા? આના મામાના દીકરા. એનો સાળો થાય. સુખી. ચાલીસ કરોડ રૂપિયા. સુખી. એક અબજનું એલ્યુમિનિયમ (નીકળ્યું). સુખી. દુઃખી છે, કોણ કહે છે સુખી?

મુમુક્ષુ :- પહેલા આપે સુખી કીધો, પછી દુઃખી કીધો.

ઉત્તર :- દુનિયા કહે છે ને. મૂઢ દુનિયા માને છે. સમજાણું કાંઈ? શ્રદ્ધાનું ઠેકાણું નથી, વસ્તુની ખબર નહિ શું ચીજ છે. માને છે કે અમે શ્રદ્ધાવાન છીએ, અમે શ્રદ્ધાવાન છીએ. કોની શ્રદ્ધા? મિથ્યા શ્રદ્ધા છે. દેહની ક્રિયા હું કરી શકું છું, દયા-દાનના પરિણામથી મને પરમાર્થ ધર્મ થશે, નિર્જરા થશે. એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? જૈનમાં જન્મ્યા છતાં મિથ્યાત્વ રહી જાય તો જન્મ-મરણ નહિ ટળે. એ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ?

'**જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો,...**' સમજ્યા? સંપત્તિવાન થઈ ગયો. '**હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે. જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જ્વળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે. આવી જ રીતે જ્ઞાનીનું જાણવું.**' એટલે શું? આવી જ રીતે એટલે શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ એ. આત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ અનંત ગુણનો પિંડ, એવો અનુભવ થયો તો મહેલ મળી ગયો. થોડો રાગાદિ કચરો રહ્યો છે એ નાશ થઈ જશે. સમજાણું કાંઈ? મહેલ મળી ગયો અબજોનો. અબજો તો ધૂળની વાતું છે. આ તો અનંત લક્ષ્મી આત્મા. મહાલક્ષ્મી જેમાં કેવળજ્ઞાન, કેવળજ્ઞાન પ્રગટ કરો તો અનંત અનંત કેવળજ્ઞાન ચાલ્યું જ આવે,

અંદરથી નીકળતું જ રહે. એવો અક્ષય અનંત આત્મભંડાર, પુણ્ય-પાપથી રાગથી ભિન્ન થઈને, દેહાદિ તો બધું ભિન્ન છે જ પણ આ તો પુણ્ય, દયા, દાન, વ્રતના વિકલ્પથી ભિન્ન થઈને અંતર અનુભવ થયો તો આનંદનો મહેલ મળી ગયો. થોડો રાગ-દ્વેષનો જરી કચરો અસ્થિરતાનો રહ્યો છે એ સ્વરૂપની સ્થિરતા કરીને નાશ કરશે. સમજાણું? અને એ પૂર્ણાનંદ ભોગવશે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પૂર્ણ આનંદ એને પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ?

જુઓ! શું કહે છે? '**મહેલનો ધણી બની ગયો,...**' એટલે જ્યારે આત્માનો રાગથી, પુણ્યથી, સંયોગથી ભિન્ન અનુભવ થયો ત્યારથી આનંદના મહેલનો સ્વામી બની ગયો. સંપત્તિવાન થઈ ગયો. એ આનંદરૂપી સંપત્તિ પોતાની છે એનો અનુભવ થયો તો સંપતિવાન થઈ ગયો. બાકી બધા ભિખારી છે. સમજાણું કાંઈ? '**હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે.**' સ્વરૂપમાં એકાગ્ર થઈને રાગનો નાશ કરે છે. એ બધો રાગ નાશ પામશે ત્યારે વીતરાગ થઈ જશે. સમજાણું કાંઈ? એ નિર્જરા અધિકાર પૂરો થયો. બહાર નીકળી ગયો.

'**ભાવાર્થ :- એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.**' બહાર નીકળી ગયો.

સવૈયા.

**સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,**
**કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;**
**પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,**
**યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.**

આખા નિર્જરા (અધિકારનો) શ્લોક એકમાં આવ્યો.

'**સમ્યક્વંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,...**' ધર્માત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપનો અનુભવ થવાથી મહંત છે. સમ્યક્વંત એ મહંત છે. આહાહા..! સમજાણું કાંઈ? મહાત્મા છે. સમ્યગ્દષ્ટિ પણ મહાત્મા છે. આહાહા..! '**સમ્યકવંત મહંત...**' પોતાના શુદ્ધ ચૈતન્યનો પરમાનંદ પ્રભુ, એની દૃષ્ટિ અનુભવમાં આવી અને રાગથી પૃથક્ થયો અને મારું સ્વરૂપ અભિન્ન અખંડાનંદ છે એવું જ્યાં વેદન થયું તો કહે છે કે '**સમ્યકવંત મહંત...**' એ જ મહંત છે. કહો, જેઠાલાલભાઈ! અને આત્માના ભાન વિના, સમ્યગ્દર્શન વિના ચાહે તો નગ્ન દિગંબર હો, અઠ્યાવીશ મૂળગુણ પાળે એ મહંત નહિ પણ પામર છે, એમ કહે છે. આહાહા..!

પોતાની નિજ ઋદ્ધિની સંભાળ કરી નથી અને આત્માની ઋદ્ધિથી વિરૂદ્ધ રાગ અને

શરીરાદિની સંભાળ કરવામાં રહ્યો એ પામર છે, ભિખારી છે, સંપત્તિવાન રહિત છે. એને સંપત્તિની ખબર નથી. આહાહા..!

**'સદા સમભાવ રહૈ...'** જ્ઞાનીને તો બધા જ્ઞેય (છે). પ્રતિકૂળ-અનુકૂળ હોય તો ક્યાંય પ્રતિકૂળને દેખીને દ્વેષ થાય કે અનુકૂળને દેખીને રાગ થાય એમ છે નહિ. પોતાની કોઈ નબળાઈને કારણે રહે એ કાંઈ પરને ઇષ્ટ-અનિષ્ટ માનીને રહેતો નથી. સમ્યગ્દષ્ટિ ઇષ્ટ અનુકૂળ છે તો રાગ થાય છે એમ છે નહિ. મિથ્યાદષ્ટિને આ અનુકૂળ છે તો મને (ઠીક છે). તો દષ્ટિ મિથ્યાત્વ છે. ચીજ અનુકૂળ-પ્રતિકૂળ છે નહિ. સમજાણું કાંઈ? મને રોગ થયો તો મને દ્વેષ થયો, મને લક્ષ્મી મળી, સ્ત્રી અનુકૂળ મળી તો મને રાગ થયો. મિથ્યાદષ્ટિ મૂઢ છે. પરને કારણે રાગ-દ્વેષ થાય છે એમ માનવું એ જ મિથ્યાદષ્ટિ છે. સમ્યગ્દષ્ટિને કોઈ ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ છે જ નહિ. અને ઇષ્ટ દેખીને ઇષ્ટને કારણે રાગ થાય છે એમ ધર્મીને હોતું નથી. અને અનિષ્ટ દેખીને અનિષ્ટને કારણે દ્વેષ થાય છે એમ નથી. એ અપેક્ષાએ સમભાવ લીધું છે. સમજાણું કાંઈ?

ચાહે તો નિંદા કરનાર હોય, પ્રશંસા કરનાર હોય એ એની પાસે રહ્યો. નિંદા કરનારને કારણે દ્વેષ થાય છે એમ ધર્મીને હોતું નથી. અને પ્રશંસા કરવાથી તેને ગલગલીયા રાગ-હરખ થાય છે એમ છે નહિ. આહાહા..! કેમ કે એ નિમિત્તથી મને રાગ-દ્વેષ થયો એ માન્યતા તો મિથ્યાદષ્ટિની છે. સમ્યગ્દષ્ટિને એવી (માન્યતા) નથી તો સમભાવ રાખે છે. ચાહે તો અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તેના પ્રત્યે એને રાગ-દ્વેષ અંદરમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,...'** જુઓ ભાષા. દુઃખ પ્રતિકૂળતાના ગંજ હોય પણ એમાં જ્ઞાનીને સમભાવ છે. અનંતાનુબંધીનો નાશ થયો છે તો ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રાખીને રાગદ્વેષ થાય છે એમ ધર્મીને હોતું નથી. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ભાઈ! શું કરે? આવી સુંદર અને અનુકૂળ ચીજ મળી તો મને રાગ થયા વિના રહે નહિ. મૂઢ છો. પદાર્થમાં ઇષ્ટ-અનિષ્ટતા છે જ નહિ. પદાર્થ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. સમજાણું કાંઈ? મકાન. ૨૫-૫૦-૧૦૦ મકાન હોય. સમજ્યા? ગલીમાં. ગલી કહે છે ને? શું કહે છે? ૫૦-૧૦૦ મકાન હોય એ મકાન તો દેખાય. એમાંથી મકાન આવ્યું તો કહે, આ મારું. એ મારું ક્યાંથી થયું?

મુમુક્ષુ :- પૈસા આપ્યા છે ને.

ઉત્તર :- પૈસા ક્યાં છે તારા? પૈસા નહિ, મકાન નહિ. સમજાણું કાંઈ? આ મારું છે એ માન્યતા મિથ્યાત્વ છે. શેઠ! આવું છે. એય.. સોમચંદભાઈ! આકરું લાગે છે ભાઈને.

૫૦ મકાન છે એક ગલીમાં. જ્યાં એનું (જોવે તો કહે), આ મારું. મારુંનું કારણ? એ

તો બધી જ્ઞેય-જાણવા લાયક ચીજ છે.

મુમુક્ષુ :- પૈસા ખર્ચીને...

ઉત્તર :- પૈસા ક્યાં પણ એના હતા તે ખરચે? આ પૈસા મારા, આ પૈસા મારા. જેમ જગતની ચીજ છે એ બધીને જાણે છે. જાણવા લાયક છે. એમાં આ મારું એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? ન્યાયથી સમજાણું? સમ્યગ્દૃષ્ટિને કોઈપણ જ્ઞેય પદાર્થ મારો છે એવી બુદ્ધિ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ લગાવે છે? કહે છે ઈ. આ ઈ કહે છે કે આ મકાન મારું, લક્ષ્મી મારી. એ વસ્તુ તો પર છે. એ તો જ્ઞાનનું જ્ઞેય છે.

મુમુક્ષુ :- પૈસા ક્યાં દરિયામાં નાખવા?

ઉત્તર :- નાખે કોણ અને લે કોણ? આહાહા..! સમજાણું કાંઈ? અને ૫૦ છોકરા એકસાથે હોય. ૫૦ ઉભા હોય. જોવે છે. એમાંથી આ મારો. ક્યાંથી મારો થઈ ગયો તને?

મુમુક્ષુ :- એને ઘરે જન્મ્યો..

ઉત્તર :- જન્મ્યો એનું ઘર ક્યાં હતું ત્યાં? ઘર ક્યાં હતા ત્યાં? ઘર તો અહીં આત્મામાં છે.

આ મિથ્યાદૃષ્ટિની માન્યતા એનો અનંત સંસાર વધારે છે. સમ્યગ્દૃષ્ટિને સ્ત્રી હોય, પુત્ર હોય પણ એ કોઈ ચીજ મારી છે જ નહિ. હું તો જાણનાર-દેખનાર છું. મારી સ્ત્રી છે, મારો પુત્ર છે એવી માન્યતા સમ્યગ્દૃષ્ટિની નાશ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? એ ચક્રવર્તીના રાજમાં દેખાય પણ ચક્રવર્તીનું રાજ જ્ઞાનનું જ્ઞેય છે. મારું છે એમ માનતો જ નથી. આહાહા..!

ભાઈ! સમ્યગ્દર્શન એટલે શું? સમજાણું કાંઈ? રાગ આવ્યો એ મારો નથી તો વળી રાગનું નિમિત્ત એ મારી ચીજ ક્યાંથી થઈ? મિથ્યા અસત્ય માન્યતા ભ્રમમાં પડેલા ભ્રમણામાં, ભગવાનને ભૂલીને ભ્રમણામાં પડેલા પરને પોતાનું માને છે. મિથ્યાત્વનો ત્યાગ થઈ ગયો. સમ્યગ્દૃષ્ટિમાં મિથ્યાત્વનો મોટો ત્યાગ થયો. અજ્ઞાનીને ક્ષણે ને ક્ષણે અત્યાગ છે. જ્યાં જોવે ત્યાં આ મારું... આ મારું.. આ મારું... એ તો અત્યાગ છે. દૃષ્ટિમાં તો મિથ્યાત્વનો અત્યાગ છે. એય.. મણિભાઈ! ન્યાય સમજાય છે કે નહિ?

આખી દુનિયા આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એવું જ્યાં ભાન થયું તો રાગથી માંડીને બધી વસ્તુ જ્ઞેય છે, જાણવા લાયક છે. અજ્ઞાનીને બધી ચીજ જાણવા લાયક નથી. એ મારું... મારું.. મારું... છે નહિ અને મારું માને છે એ વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આ વાણી મારી. વાણી તો જડ છે. ક્યાંથી થઈ તારી? એ તો જ્ઞાનનું જ્ઞેય છે. શરીર મારું. બહુ સુંદર કંઠ છે મારો. સુંદર ભાષા છે મારી. ક્યાંથી થઈ તારી? એ તો જગતની ચીજ છે. અજ્ઞાની

પ્રત્યેક પદાર્થને જ્ઞેયપણે નહિ માનીને, પોતાપણું માનીને ઈષ્ટમાં રાગ અને અનિષ્ટમાં દ્વેષ અનંતાનુબંધીનો કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈષ્ટ-અનિષ્ટ માને છે માટે. ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. એ તો જ્ઞેય છે. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં અંતર કેટલું? અનંતગણું અંતર. રાગનો કણ પણ મારો નહિ. એ પણ જ્ઞાનનું (જ્ઞેય છે). વ્યવહારું જ્ઞેય, હોં! નિશ્ચય જ્ઞેય તો પોતાનું સ્વરૂપ છે. આહાહા..! દીકરો થયો તો એ મારો તો છે નહિ, પણ એના પ્રત્યે અને કારણે ધર્મીને રાગ નથી થતો. રાગ નબળાઈને લઈને થાય છે એ પણ વ્યવહાર જ્ઞેય છે. તો દીકરો તો ક્યાંય રહી ગયો. આહાહા..!

મુમુક્ષુ :- છોકરાઓને ઘરમાંથી કાઢી મૂકવા?

ઉત્તર :- ક્યાં ગરી હતો તો કાઢી મૂકે? ગરી ગયાને શું કહે છે? ક્યાં ઘૂસી ગયો છે? દીકરો દીકરામાં છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! સમ્યગ્દૃષ્ટિ એટલે શું અને મિથ્યાદૃષ્ટિ એટલે શું?

એક પણ, પોતાના જ્ઞાયક સ્વરૂપના આનંદ સિવાય કોઈપણ રાગનો કણ અને લક્ષ્મી, શરીર, વાણી, પુત્ર મારા છે, જ્ઞેય છે એને મારું માનવું એ મિથ્યા ભ્રાંતિ છે. સમજાણું કાંઈ? સમ્મેદશિખર જાત્રા કાઢી. આ શરીર બરાબર ઠીક ચાલે છે માટે હું જાત્રા કરવા આવ્યો. નહિતર હું જાત્રા ન કરી શકત. તો શરીરને મારું માન્યું. મિથ્યાદૃષ્ટિ છે. જાત્રામાં મિથ્યાત્વનું પોષણ કર્યું.

મુમુક્ષુ :- એક તો પૈસા કાઢે, પૈસા ખર્ચ્યા અને પાછો મિથ્યાદૃષ્ટિ.

ઉત્તર :- પૈસા ક્યાં એના હતા? પગ ક્યાં એના હતા? આ તો શરીરના માટીના-ધૂળના છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી ભાઈ શરીર સારું હોય ને ત્યાં સુધી જાત્રા થઈ શકે. શરીર સારું હતું તો હું અહીં આવ્યો. હું આવ્યો. શરીરને કારણે હું આવ્યો. શરીરને મેં ચલાવ્યું. શરીરને હું અહીં લાવ્યો. એ જ દૃષ્ટિમાં વિપરીતતા (છે). એક પણ પદાર્થને પોતાનો માને છે તો અનંત પદાર્થને પોતાનો માને એવો મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય છે ત્યાં. વાત એવી છે, ભાઈ! એ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનમાં કેટલો આંતરો છે. એવી ચીજ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ... શોભાલાલ શેઠ! બધું સમજવું પડશે. વિસ્મય થઈ જાય છે કે આ શું? સિદ્ધવરકૂટમાં ગયા અને દસ હજાર ખર્ચ્યા. દસ હજાર મારા માન્યા એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૈસા બાપા! તમારા નથી. તમે કાંઈ દીધા નથી.

મુમુક્ષુ :- અમારી પાસે હોય એ આપીએ.

ઉત્તર :- એ તમારી પાસે છે નહિ. એ વાત જ ફેર. જગતની ચીજ મારી છે અને મેં આપી એ મિથ્યા ભ્રાંતિ અજ્ઞાનીની છે. પૈસા છે નહિ એની પાસે. પૈસા કોણ કહે છે? પૈસા પૈસામાં પૈસાના છે. પૈસાનો સ્વામી પૈસા અને પૈસાનો સ્વામી આત્મા, બે સ્વામી થાય? એકના બે સ્વામી? પૈસાનો સ્વામી પૈસા છે. એના સ્વસંપત્તિનો ધણી એ પરમાણુ છે. એનો ધણી બીજો છે?

મુમુક્ષુ :- આ બધી નિશ્ચયની વાત છે. વ્યવહારે...

ઉત્તર :- વ્યવહારે કઈ વાત હતી વળી? બાબુભાઈ ખુલાસો કરાવે છે. એમ કે આ તો બધી નિશ્ચયની વાત છે. પણ વ્યવહારમાં તો મારું હોય કે નહિ? બોલે એ જુદી વાત છે. એ ભાષા છે. અંતરમાં મારા ત્રણ કાળમાં માનતો નથી. સમ્યગ્દૃષ્ટિ રાગનો કણ પોતાનો માનતો નથી તો બાયડી, છોકરા, કુટુંબ, ક્યાંથી ઘૂસી ગયા અંદર? અને અજ્ઞાની બહારનો ત્યાગ કરે છે પણ અંદરમાં (દૃષ્ટિ મિથ્યાત્વ છે). કેમ કે અંતર સ્વરૂપ જ્ઞાયક છે એનું ભાન છે નહિ. તો ક્યાંક પણ પોતાપણું માન્યા વિના રહે નહિ. જ્યાં ચૈતન્ય મૂર્તિ જ્ઞાયક છે એ પોતાપણે છે એ તો માન્યું નહિ. તો પોતાપણું માનવા કોઈ રહે તો ખરું ને? રાગ મારો છે, ક્રિયા મારી છે એ માન્યા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? ભાઈ!

ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિન તણી ચરણ સેવા.<br>
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.

દેવો ભાર નહિ કે આ આત્માના ભાન વિના અંદરમાં રહી શકે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનની આજ્ઞા, ભગવાનની આજ્ઞા ચિદાનંદ સ્વરૂપ ભગવાન તું છો. સમજાણું કાંઈ? અને તારું સ્વરૂપ અમે એમ જોયું છે. ભગવાન કહે છે કેવળજ્ઞાની તીર્થંકરદેવ કે તારું સ્વરૂપ અમે કેવળજ્ઞાનમાં આમ જોયું છે. કેવું છે? કે રાગાદિથી રહિત, શરીરથી રહિત, શુદ્ધ ચૈતન્ય મૂર્તિ તારું સ્વરૂપ જોયું છે. અને તું એમ નહિ માનીને તારામાં નથી એને (પોતાનું) માને છે તો દૃષ્ટિ તારી વિપરીત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

અહીં તો રાગ પણ, સ્વભાવ શુદ્ધમાં રાગનું અધિકપણું માને તો મિથ્યાત્વ છે. અરે..! રાગનું (અધિકપણું) શું, બાહ્ય જ્ઞાનનો ખુલાસો-ક્ષયોપશમ થયો એને અધિક માને તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવની અધિકતા નહિ માનીને ક્ષયોપશમની અધિકતા માની, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિમાં ક્ષયોપશમ હોય તો અધિકપણું માનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાને કોઈને મતિ-શ્રુત-અવધિજ્ઞાન થઈ જાય છે. અને છઠ્ઠે ગુણસ્થાને મુનિને મતિ અને શ્રુત બે જ હોય છે. પણ અહીં ત્રણ જ્ઞાન થયું માટે હું અધિક થઈ ગયો, એમ સમ્યગ્દૃષ્ટિ માનતા નથી. જે સ્વરૂપમાં સ્થિરતા કરીને આનંદમાં વૃદ્ધિ થઈ એ વિશેષ અધિક થઈ ગયા. મારાથી મોટા છે. સમજાણું કાંઈ? ત્રણ જ્ઞાન થયા ગૃહસ્થાશ્રમમાં. અને કોઈને મતિ અને શ્રુત બે હોય છે આત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન સહિત ચારિત્ર. એ મોટા છે. સમજાણું કાંઈ? મને ત્રણ જ્ઞાન છે માટે હું મોટો એમ સમ્યગ્દૃષ્ટિ નથી માનતા. સમજાણું કાંઈ? અને છઠ્ઠે ગુણસ્થાને ચાર જ્ઞાન થાય. અને બારમા ગુણસ્થાને ચડીને મતિ અને શ્રુત બે હોય.

મુમુક્ષુ :- એ વધી ગયા.

ઉત્તર :- એ વધી ગયા. એમ માને છે કે ઓહો..! ધન્ય તારી ઋદ્ધિ! (મને) ચાર જ્ઞાન છે. એને મતિ અને શ્રુત બે હોય, પણ સ્વરૂપની લીનતા અને વીતરાગતા વધી ગઈ છે. એ વધી ગયો છે. અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન લેશે અને મારાથી વધેલા છે. મારાથી અધિક પૂજ્ય છે. પણ તમને ચાર જ્ઞાન છે અને એને ચાર જ્ઞાન નથી ને? એની કોઈ વિશેષતા નથી. સ્વરૂપનો અનુભવ અને સ્વરૂપમાં સ્થિરતા. બસ! એ જ વિશેષતા છે. બીજી કોઈ વિશેષતા જૈનદર્શનમાં નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, '**સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે, કર્મ નવીન બંધૈ ન તબૈ...**' સમતા છે, જ્ઞાતા-દૃષ્ટા છે. કોઈ રાગાદિ મારી ચીજ છે એમ માનતા નથી. એવો સમભાવ સમ્યગ્દર્શનમાં જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયું છે. '**દુઃખ સંકટ આયે, કર્મ નવીન બંધૈ ન તબૈ...**' ત્યારે નવીન કર્મ તેને બંધાતા નથી. અલ્પ રાગાદિની વાત અહીં ગણવામાં આવી નથી. '**પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;...**' અને પૂર્વનું કર્મ તો ભાળ્યા વિના, ભાવના કર્યા વિના એ તો અંતર સ્વરૂપમાં એકાગ્રતા કરે તો ખરી જાય છે. કર્મ ખરી જાય તો ઠીક એવી ભાવના કરતા નથી. સમજાણું કાંઈ? ભાઈ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે એ અપૂર્વ ચીજ છે. આહાહા..!

'**પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ...**' સમ્યગ્દૃષ્ટિ તો આઠ ગુણ સહિત સુદર્શન ચક્ર ધારણ કરે છે. '**પૂરણ અંગ...**' આઠ. આઠ ગુણ પૂર્ણ. નિઃશંક આદિ આવી ગયા ને? નિઃશંક, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના. આઠ. '**પૂરણ અંગ સુદર્શનરૂપ...**' સુ-દર્શન. સમ્યગ્દર્શનરૂપ '**ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,...**' નિત્ય જ્ઞાન એટલે આત્માની શુદ્ધિ વધતી જાય છે. જ્ઞાન એટલે આત્મા. આત્માની શુદ્ધિ ધર્મીને નિત્ય ક્ષણે ક્ષણે વધતી જાય છે.

**'નિજ પાયે,...'** પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદની પ્રાપ્તિ થઈ એ વધતી જાય છે. સંપત્તિ વધતી જાય છે અંદરમાં. સમજાણું કાંઈ? એટલે કહ્યું ને? એ રત્નકરંડ શ્રાવકાચારમાં છે. સમ્યગ્દૃષ્ટિ વિચાર કરે છે કે મને જે પાપ કર્મ આસ્રવ આવે છે તો મારી સંપત્તિમાં શું? અને મને આસ્રવ નથી થતો તોપણ મારી સંપત્તિમાં શું થયું? સમજાણું કાંઈ? એય.. પોપટભાઈ! મારી સંપત્તિ શુદ્ધ ચૈતન્ય પડી છે, એવો અનુભવ છે. તો પછી આસ્રવ જે આવે છે તો મારી સંપત્તિ મારી પાસે છે. એનાથી મને નુકસાન ક્યાં છે? અને આસ્રવ રોકાઈ ગયો તો સંપત્તિ મારી પાસે છે. એનાથી મારી શાંતિ છે. પરને કારણે નહિ. સમજાણું કાંઈ? બીજો એક શ્લોક આવે છે. પુત્ર...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. પાત્ર હોય તો સંપદાનું શું પ્રયોજન છે? પાત્ર ન હોય તો આ સંપદા તો મારી પાસે છે. બહારની સંપદાનું મારે કામ શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ?

બીજો એક શ્લોક આવે છે 'પુત્ર સપુત્ર તો સંચય શાનો? અને પુત્ર કપુત્ર તો સંચય શાનો?' શેઠ! આ પુત્ર જો કપુત્ર જાગ્યો તો તમારો સંચય ફૂ કરી નાખશે. લૂંટીને લઈને ખાનગી દબાવીને. અને પુત્ર જો સપુત જાગ્યો તો એ તો એના પુણ્યને કારણે મળશે. એના માટે સંચય શા માટે નિરર્થક કરે છે મફતનો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની મમતા માટે કરે છે. જરી લક્ષ્મી આટલી હોય તો ઠીક રહે. શેનો પણ સંચય? મૂઢ! એય.. મલૂકચંદભાઈ! શું હશે આ?

મુમુક્ષુ :- એને ક્યાં છે?

ઉત્તર :- એણે જુદો પાડી દીધો. એને બીક લાગીને કે આ બધું ભેગું રહેશે તો પછી ઘરનું જાશે બધું. કહો, સમજાણું કાંઈ? એય.. પોપટભાઈ!

'પુત્ર સપુત તો સંચય શાનો? અને પુત્ર કપુત તો સંચય શાનો?' હોય ઈ વયું જશે. આ સંચય કરને-આત્માનું જ્ઞાન અને આનંદ. તારી દૃષ્ટિ ત્યાં નથી અને પર ઉપર સંચય છે. આ મૂક્યું ને આ લીધું ને એ બધો મિથ્યા ભ્રાંતિનો ખેલ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પૂરણ અંગ સુદર્શનરૂપ ધરે નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,...'** જ્ઞાન એટલે આત્મા, હોં! જ્ઞાન ઓછું-વત્તું થાય એનો પ્રશ્ન અહીં નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાનની જ્યાં દૃષ્ટિ થઈ, પછી આત્માની શુદ્ધિની વૃદ્ધિ જ થાય છે. એ વૃદ્ધિ થાય છે. નિર્જરા અધિકાર છે ને? **'યોં શિવમારગ સાધિ નિરંતર...' 'યોં શિવમારગ સાધિ નિરંતર...'** મોક્ષનો માર્ગ પોતાનો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શિવમાર્ગ છે. મોક્ષમાર્ગ છે. **'સાધિ નિરંતર**

**આનંદરૂપ નિજાતમ થાયે.**’ અતીન્દ્રિય આનંદરૂપ નિજાત્માની દશા પૂર્ણ એને થશે. સમ્યગ્દૃષ્ટિને નિજાત્મ દશા પૂર્ણ થશે. મિથ્યાદૃષ્ટિને દુઃખ દશા નરક આદિ મળશે. સમજાણું કાંઈ? ચાહે તો બાહ્યથી ત્યાગી હોય પણ દૃષ્ટિમાં જ્યાં સ્વભાવનો આદર નથી અને પોતાના સ્વભાવથી વિરૂદ્ધ વિકાર અને સંયોગનો આદર જ્યાં છે, એ મિથ્યાદૃષ્ટિ છે, નિગોદમાં જશે. ગતિ એની ક્રમે ક્રમે નિગોદ છે. અહીંયાં ક્રમે ક્રમે સિદ્ધ મુક્તિ છે. સમજાણું કાંઈ? જુઓ! એ અધિકાર પૂરો થયો.

હવે બંધ અધિકાર. સાતમો બંધ અધિકાર.

**રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,**
**તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.**

જયચંદ્ર પંડિત વચનીકાકાર મંગળિક કરે છે, મંગળિક. ‘**રાગાદિકથી કર્મનો,...**’ પુણ્ય-પાપાદિ કર્મ વિકારી. આદિ કર્મમાં જડાદિ બધું. ‘**બંધ જાણી મુનિરાય,...**’ બંધનું કારણ જાણી સમ્યગ્દૃષ્ટિ જીવ ‘**તજે...**’ રાગને, કર્મને છોડી ભગવાન આત્માને ભેટે. ‘**તજે તેહ સમભાવથી,...**’ અને જ્ઞાતા-દૃષ્ટા રહી રાગને છોડી દે. ‘**નમું સદા તસુ પાય.**’ એવા ધર્માત્માના ચરણમાં હું નમસ્કાર કરું છું. એમ કહીને આ વ્યાખ્યાન કરી બંધ અધિકાર લે છે. સમજાણું કાંઈ?

‘**પ્રથમ ટીકાકાર કહે છે કે હવે બંધ પ્રવેશ કરે છે.**’ નાટકનું રૂપ બનાવ્યું છે ને આ? ‘**જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે...**’ મોટો મંચ હોય છે ને? ‘**તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.**’ લ્યો. ‘**ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે...**’ બસ. મંગળિકમાં સમ્યગ્જ્ઞાન. ‘**મંગળરૂપ કાવ્ય કહે છે :-**’

**रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्**
**क्रीडन्तं रसभावनिर्भरमहानाट्येन बन्धं धुनत्।**
**आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटयद्**
**धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं समुन्मज्जति।।१६३।।**

ઓહોહો..! એ મંગળિક મંગળિક. આ લગનમાં મંગળિક નાખે ને ઓલા? શું કહેવાય? માણેક સ્તંભ લાકડું. ચાર બાજુ લાકડું રખડવાનું હોય છે ને? ચાર બાજુ. શું કહેવાય એ લાકડું નાખે ને એ? માણેકસ્તંભ. માણેકસ્તંભ કહે છે તમારે? શું કહે છે? લાકડું નાખે ને આમ. ત્યાં પણ કાંઈક બાંધે એને. નહિ? મીંઢોળ બાંધે. નાડાછડી બાંધે. નહિ? લાકડા સાથે. આહાહા..! ભ્રમણા તે કાંઈ પાર છે. લાકડાને નાડાછડી. નાડાછડી સમજો છો? નહિ? લાલ

દોરો. લાલ દોરો બાંધે, મીંઢોળ બાંધે. એ બધું કરે માંડવો નાખે ત્યાં. આ પાપનો માંડવો નાખીએ છીએ. ચાર ગતિમાં રખડવાનો. એમ અહીં માણેકસ્તંભ નાખે છે, ચાર ગતિનો નાશ કરવાનો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ નિત્યાનંદ ભોજી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત કરીને,...**' જુઓ ભાષા. બંધ શું છે? કે રાગ જે વિકલ્પ છે એ પોતાના શુદ્ધ ઉપયોગમાં વિકલ્પની એકતા કરે છે એ મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે. આહાહા..! '**રાગના ઉદયરૂપી મહારસ વડે...**' એ રાગનો ઉદય થયો, આત્માનો નહિ. રાગ અધિક થઈ ગયો. રાગ-વિકલ્પ અધિક થયો. એની દૃષ્ટિમાં જ્યાં રાગ જ આવ્યો એ રાગના ઉદયરૂપી મહારસ દ્વારા '**સમસ્ત જગતને પ્રમત્ત કરીને,...**' મતવાલું બનાવી દીધું. એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી સાધુ ગયો, રાગના મતવાલા થઈ ગયા છે બધા. આહાહા..! આખું જગત. સમ્યગ્દૃષ્ટિ સિવાય. આહાહા..! જ્યાં ત્યાં મારું અભિમાન. રાગ મારો.. રાગ મારો.. આ રાગ મારો છે. સમજાણું કાંઈ? મેં દયા પાળી, મેં ભક્તિ કરી, મેં વ્રત પાળ્યા. રાગનું બંધન મહા મિથ્યાદૃષ્ટિને બંધ (કરે છે). '**રાગના ઉદયરૂપી મહારસ વડે સમસ્ત જગતને પ્રમત્ત કરીને, રસના ભાવથી ભરેલા મોટા નૃત્ય વડે ખેલી રહ્યો છે...**' એ રાગના રસમાં એકાકાર થઈ અજ્ઞાની રાગના રસમાં નાચી રહ્યો છે. રાગના રસમાં રાગમાં એકત્વ થઈને નાચી રહ્યો છે. નાચી એટલે પરિણમી રહ્યો છે. ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે. એને ભૂલીને બંધ.. આત્મા અબંધસ્વરૂપ છે. રાગના પુણ્યના વિકલ્પના પ્રેમમાં અજ્ઞાની બંધભાવથી નાચી રહ્યો છે. બંધથી પરિણમી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એવા બંધને ઉડાડી દેતું-દૂર કરતું, જ્ઞાન ઉદય પામે છે.**' રાગ વિકલ્પ હું નહિ. હું તો નિર્વિકલ્પ આનંદમૂર્તિ છું. એવું પોતાનું જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયે જે પ્રગટ્યું એ રાગની એકતાને ઉડાડી દે છે. રાગની એકતા ઉડાડી દે છે. સ્વભાવની એકતા કરવાથી રાગ ઉડી જાય છે. બંધનું કારણ જે રાગ પોતાના શુદ્ધઉપયોગમાં રાગની એકતા કરવી એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? રાગભાવને, વિકલ્પને, પુણ્યભાવને પોતાના ઉપયોગમાં એકત્વ કરવું એ બંધભાવ છે. એ બંધભાવ મસ્ત થઈને આખા જગતને મતવાળું બનાવી દીધું છે. પાગલ... પાગલ... પાગલ.. બનાવી દીધા છે. એ પાગલપણું અંતર સ્વરૂપના ભાનથી નાશ થાય છે. એ જ્ઞાનની મહિમા વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૮, સોમવાર તા. ૨૮-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૬૩, પ્રવચન-૩૨૦**

સમયસાર, બંધ અધિકાર છે. એનો પહેલો કળશ છે. કળશ બોલાઈ ગયું છે. થોડું વંચાઈ ગયું છે. ફરીને. પરમ દિ' વંચાણું હતું ને? ૪૮ કલાકે પાછા. જુઓ અર્થ. શું કહે છે? આ બંધ, બંધ (અધિકાર) છે. બંધ શું છે અને બંધનું સ્વરૂપ શું છે?

'**રાગના ઉદયરૂપી મહા રસ વડે...**' દારૂ વડે. '**સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને,...**' શું કહે છે? પોતાના ચૈતન્ય આનંદ સ્વરૂપમાં રાગાદિ વિકલ્પ સાથે એકતા કરીને મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે. સમજાણું કાંઈ? રાગ, મોહ.. એ રાગ શબ્દે મોહાદિ છે. મોહ જે આત્માના સ્વરૂપમાં નથી એવો રાગ, વિકલ્પ, વિકાર એની એકતાબુદ્ધિ કરીને ભાવબંધમાં મદિરા પીને જેમ જગતને ગાંડા બનાવે. ગાંડા એટલે? પાગલ. એમ જગતને પાગલ બનાવ્યું છે.

મુમુક્ષુ :- આખું જગત પાગલ છે?

ઉત્તર :- રાગના રસમાં પડ્યા છે એ બધા પાગલ છે. સમજાણું કાંઈ? શેઠ!

મુમુક્ષુ :- દારૂનો તો ...

ઉત્તર :- આ દારૂ તો અનાદિનો પીધો છે.

કેમ કે ચૈતન્ય જ્ઞાન આનંદ સ્વરૂપમાં એના સ્વભાવમાં નથી એવા પુણ્ય અને પાપરૂપી વિકાર, એની એકત્વબુદ્ધિથી મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે તો ગાંડો થઈ ગયો છે. નિજ સ્વરૂપથી વિકળ થઈ ગયો છે. નિજ સ્વરૂપની સંપદાથી ભ્રષ્ટ થઈ ગયો છે. નિજ સ્વરૂપ સંપદા બધી લુટાવી દીધી છે. સમજાણું કાંઈ? કહો, શેઠ! આ બધા શેઠિયાને પણ પાગલ કહે છે. આ તો નવમી ગ્રૈવેયકે દિગંબર બાહ્ય ત્યાગ કરીને સાધુ થયો તોપણ પાગલ છે, કહે છે. આહાહા..! કેમ કે ભગવાન આત્મા અબંધસ્વરૂપી આત્મા (છે). એ વસ્તુ આત્મા અબંધસ્વભાવી ચૈતન્ય આનંદકંદ (છે). એમાં રાગના સંબંધરૂપી બંધ. શોભાલાલજી! આહાહા..! શેઠનું નામ પણ શોભાલાલજી છે અને તમારું નામ શોભાલાલજી છે. બતાવ્યા હતા ને શેઠ? એના નાના ભાઈ છે. કહો, સમજાણું કાંઈ? કહે છે, બંધ કેવો છે?

મુમુક્ષુ :- એની વ્યાખ્યા જરા વિસ્તારથી કરો.

ઉત્તર :- બંધ કેવો છે? આ આત્મા કેવો છે એ પછી કહેશે. બંધને ઉડાવી દેનારી જ્ઞાન શક્તિ કેવી છે એ પછી લેશે. પણ અહીંયાં તો પહેલા આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત અનાકુળ આનંદની મૂર્તિ એ અબંધ સ્વરૂપી છે. એનું નિજ સ્વરૂપ અબંધ જ છે. એમાં પુણ્ય

અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ, એ રાગની એકતા કરીને મિથ્યારૂપી દારૂ પીને પાગલ થઈ ગયો છે. પોતાની સ્વરૂપ સંપદા બધી લુંટાવી દીધી છે. રાગને જ પોતાનો માને છે. પોતાનું સ્વરૂપ ચિદાનંદને એમાં લુંટાવી દીધી છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ રાગની આડમાં કહેતા હતા ને ભાષા આડ? ઓથ-ઓથ. ભગવાન આત્મા..! આ બંધ અધિકારમાં પણ કેવું કહે છે જુઓ! ભગવાન આત્મા અનાદિથી, ભાવબંધ હોં અહીંયાં. કોઈપણ શુભાદિ રાગ એને પોતાનો માનીને મિથ્યારૂપી દારૂ પીને વિકળ નામ ગાંડો થયો છે એ બંધને કારણે ગાંડો થયો છે. તેથી ભગવાન આત્મા અનંત આનંદ આદિ લક્ષ્મીને રાગની એકતાબુદ્ધિમાં બધું લૂંટાવી દીધું છે. ડાહ્યાભાઈ! આહાહા..!

જેમ કોઈએ દારૂ પીધો હોય અને એની પાસે લક્ષ્મી હોય તો બીજો લુંટી લે. સમજાણું કાંઈ? અને પદભ્રષ્ટ કરી દે. રાજાદિ હોય પણ દારૂ પીધો હોય તો પદભ્રષ્ટ કરી દે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પોતાના આનંદસ્વરૂપી નિજ સંપદાના બેભાનમાં અને રાગના પુણ્યની વિકલ્પની એકતાબુદ્ધિના દારૂમાં (સંપદા લુંટાવી રહ્યો છે). સમજાણું કાંઈ? પાછા કોઈ કાંઈ કર્મને લઈને એમ છે નહિ, હોં! એ વાત અહીંયાં નથી.

અહીંયાં તો ભાવબંધ જે છે.. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત અનંત આનંદ આદિ અનાકુળ સ્વભાવની મૂર્તિ સ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? અનંત ગુણ સંપન્ન. ફૂલચંદજી! એ આવ્યું હતું. અનંત ગુણ વળી યાદ આવી ગયું. કેટલા અનંત ગુણ? સમજાણું કાંઈ? એ કહે એક નંબર, બે નંબર, ત્રણ નંબર એમ? કીધું, હા એમ. એક, બે, ત્રણ, ચાર એવા અનંત. શેઠ! આત્મામાં એટલા અનંત ગુણ છે કે એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ એમ અનંત. અનંતને અનંતા અનંત. જેટલા આકાશના પ્રદેશ છે વ્યાપક છે ને? આકાશના પ્રદેશ અનંત... અનંત... અનંત... જેની કોઈ હદ નથી. એના જે અનંત પ્રદેશ છે એનાથી એક આત્મામાં એનાથી અનંતગુણા ગુણ છે. સંખ્યાએ, હોં! રહેવામાં નહિ. રહે તો ત્રિકાળ ભલે રહે. પણ ગણતરીમાં નંબરવાર. શોભાલાલજી! નંબરવાર સમજ્યા? એક, બે, ત્રણ, ચાર.. નંબરવાર જેવી અનંત સંખ્યા આકાશના પ્રદેશની છે એની અનંત સંખ્યાથી અનંતગુણા નંબરવાર અનંત ગુણ પડ્યા છે અંદર. એવો ભગવાન અનંત ગુણની સંપદા સંપન્ન પ્રભુ, એ રાગના વિકારની એકતાબુદ્ધિમાં રાગ મારો છે, રાગ હું છું, રાગ હું કરું છું એવી મિથ્યાત્વ બુદ્ધિમાં ગાંડો થઈ ગયો છે. આહાહા..!

.. પાગલ ભેગા પાગલને પાગલ કેમ કહે? કહો! ક્યાં ગયા સોમચંદભાઈ? પાગલ બધા ભેગામાં કોણ પાગલ કહે? બધા પાગલમાં પાગલ કહે, આ તો... પાગલ બધા ભેગા થયા હોય (એમ કહે), આ આપણામાં ડાહ્યો લાગે છે. એટલે સમજવું કે મોટો પાગલ (છે).

સમજાણું કાંઈ?

એમ અહીંયાં ભગવાન આચાર્ય કહે છે, પ્રભુ! તારી ચીજ જે આનંદ અને જ્ઞાનની મૂર્તિ અનંતાઅનંત, અનંતાઅનંત જેની સંખ્યા સ્વભાવની સંખ્યાનું પ્રમાણ શું? અને એક એક ગુણની સંખ્યાનું પ્રમાણ શું? સમજાણું કાંઈ? ફૂલચંદજી! તમે કહો છો ને? સુખ... સુખ... સુખ... સુખ... સુખ.. તો એક સુખ અનંત. એક સુખની અનંત. એ નહિ. આ તો એક એક ગુણ અનંત. એવી એક એક સંખ્યા કરતા અનંતા અનંતગુણ અને એક એક ગુણમાં સુખ... સુખ... સુખ.. સુખ... સુખ... સુખ... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ એક એક ગુણમાં પણ અનંત જ્યાં નાસ્તિ આવે નહિ એવી જ્ઞાનશક્તિ અને એવી આનંદશક્તિ. સમજાણું કાંઈ?

એક આત્મા વસ્તુ એક અને એમાં અનંતાઅનંત ગુણ. સંખ્યાએ હોં! રહેનારા ત્રિકાળ રહે છે એ જુદી વાત છે. એ તો કાળની અપેક્ષા થઈ. સંખ્યાથી અનંતાઅનંત ગુણ. એક ગુણમાં જેમ આકાશ... આકાશ... આકાશ... આકાશ.. ચાલ્યું જાય છે, ક્યાંય નાસ્તિ નથી આવતી. એમ એક એક ગુણમાં સુખ... સુખ... સુખ... સુખ... સુખ... સુખ... સુખ... સુખ... સુખ.. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ શક્તિનો અંત નથી એટલા એક એક ગુણ છે. ભાઈ રાજમલજી! આ તો લોજિકથી બેસે એવું છે કે નહિ?

એવો ભગવાન આત્મા એક રાગનો કણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો પુણ્યાદિ ભાવ એને મારો માનીને મિથ્યાદષ્ટિ પાગલ થઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આમ તો દુનિયામાં ડાહ્યા કહેવાય. લ્યો, ડાહ્યાભાઈ! એનું નામ ડાહ્યાભાઈ છે. મોટા જજ છે. અમદાવાદમાં જજ છે. ચૌદસોનો પગાર છે. નિવૃત્તિ હોય તો અંદર આત્માનો જ વિચાર કરે. ઘણી રુચિ, ઘણી રુચિ. મોટા જજ છે. અગિયાર કોર્ટના જજના જજ છે. હીરાભાઈ નાથાણી એના પણ જજ છે. પૈસાદાર છે. ઘણાં પૈસા છે. છોકરા-છોકરી. પણ આ કરે છે. નિવૃત્તિ નથી લેતા હજી. એય.. ન્યાલભાઈ!

ભગવાન આત્મા.. એકવાર કહ્યું નહોતું? ઓલા ડાહ્યાભાઈનું. એક વાંકાનેરમાં હતા ને? યાદ છે ડાહ્યાભાઈ વાંકાનેરમાં? ડાહ્યાભાઈ ધોળશાની નાટકની કંપની હતી. અમે એક ફેરી ગયેલા. (સંવત) ૧૯૬૪-૬૫ની સાલ હશે. ભરૂચ. ત્યાં ડાહ્યાભાઈની કંપની હતી. પેલા સાધુ માટે ગયેલા. ચાલો ભાઈ જોવા જઈએ નાટક, કીધું. મીરાંબાઈનું નાટક હતું. મીરાંબાઈ. બહુ વૈરાગી. વૈરાગી નાટકો બહુ હતા એ વખતે. જોવા ગયા હતા. ડાહ્યાભાઈ ગુજરવાને ટાણે... આઠ દિવસમાં ત્રણ (નાટક) પાડતા રાત્રે. એક એકમાં... તે દિ' હોં! ૬૪-૬૫ની સાલ. અને એક રાતના પંદરસો રૂપિયા ટિકીટના તે વખતે. એવી એની... બહુ હુશિયાર હતા. મેં

જોયા હતા એને. ત્યાં હતા. ટિકીટ લઈને હું ગયો હતો ને. પછી મરવા ટાણે એણે લખ્યું કે ડાહ્યા તારું ડહાપણ જાણું, આ મરતા શાંતિથી મર તો તારું ડહાપણ કહેવાય. અત્યાર સુધી નાટક તેં પાડ્યા બધા ખોટા.

એ વખતે એક રાત્રિના પંદરસો, હોં! અમે જ્યારે ટીકીટ લઈને નાટક જોવા ગયા હતા ને મીરાબાઈનું. કેટલા? પંદરસો. એવા આઠ દિવસમાં ત્રણ પાડતા. ત્રણ નાટક. સાડા ચાર હજાર રૂપિયા આઠ દિ'માં. તે દિ'. કેટલા વર્ષ થયા? સમજાણું કાંઈ? નાટક એવું બનાવે, એવું બનાવે. મીરાંબાઈનું જોવે તો આમ વૈરાગ્ય-વૈરાગ્ય. ધૂન ચડી જાય અંદર. આહાહા..! 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ. મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' ઘેલી સમજો છો? પાગલ. આ પાગલ કહે છે ને. ઓલી કહે, હું ધર્મમાં પાગલ થઈ ગઈ. એ જાતનો સત્સમાગમ. એ જાતની ભક્તિ બહુ. સમજ્યાને? ભક્તિ બહુ, હોં! બોલે ત્યાં રૂંવાટા ઊભા થઈ જાય.

ઓલા રાણા કહે છે કે હે મીરાં! ચાલ મારા રાજમાં તું રાણી. નહિ.. નહિ... 'પરણી મારા પીયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' મીંઢોળ સમજો છો? કંકણ બાંધે છે ને લગન વખતે? આમ સાંભળીને એ વખતે ધૂન ચડી જતી. 'પરણી મારા પીયુજીની સાથ...' પ્રભુ હોં! પોતે પ્રભુ માને ને. ઈશ્વર છે એને માનતા. 'બીજાના મીંઢોળ નહિ રે...' બીજો ધણી નહિ હવે.

નહિ રે બાંધું રે રાણા, નહિ રે બાંધુ રે,
પરણી મારા પ્રભુજીની સાથ, બીજાના કંકણ નહિ રે બાંધું.
ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ.

ત્યાં આ કહે, ગાંડી થઈ લાગે છે. સારી વાત છે. રાજા હતો મોટો એનો ધણી. લગન કરેલા. વિષય નહિ. ઘરે ગઈ નહિ. 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.' વૈરાગી ભાઈ! બાવા પણ બહુ કરતા હોં! પહેલાના બાવા વૈરાગી હતા. તત્ત્વની ખબર નહિ એ વસ્તુ જુદી છે.

મુમુક્ષુ :- ગુજરાતમાં એ વખતમાં હતું.

ઉત્તર :- હા મસ્ત હોં! મસ્ત. સમજ્યા? એક તો બાવો હતો એવો મસ્ત, નાની ઉંમરનો જુવાન હોં! પોપટભાઈ છે ને? આ ભગતના ભાઈ. પોપટભાઈ છે કે નહિ? લીંબડી. કસ્તુરભાઈ હતા ને? તમારે ઓલી કરતા ને ત્યાં ચાની હોટલ? એક સાધુ આવેલો જુવાન. એ કસ્તુરભાઈ કહેતા. એક સાધુ આવ્યો હોટલમાં ચા પીવા. લાવો. જુવાન સાધુ. લંગોટી પહેરેલી. પણ ન્હાવા ગયોને ત્યાં લંગોટી ભૂલી ગયો. ધૂન એટલી કૃષ્ણ... કૃષ્ણ... કૃષ્ણ... જુવાન સાધુ. લંગોટી સમજ્યાને? લંગોટી પહેરેલી હતી. લંગોટી કાઢીને ન્હાયાને તો લંગોટી ભૂલી ગયો.

એમ ને એમ આવ્યો. ભગત! ચા. અરે..! પણ મહારાજ! પણ લંગોટી. અરે..! ભગત હું લંગોટી ભૂલી ગયો, હું કૃષ્ણને નથી ભૂલતો. એ જાતની ધૂન છે ને. આ તો બીજી ચીજ, આ તો અલૌકિક આનંદકંદની ધૂન. સમજાણું કાંઈ? મને લંગોટીનો ખ્યાલ ન રહ્યો. લાવો હું લઈ લાવું. હું કૃષ્ણને નથી ભૂલતો, હોં! મારા ખ્યાલમાં ધૂન ચડી ગઈ. લંગોટી પહેરી છે કે નહિ મને ખબર નથી. એ કસ્તુરભાઈ કહેતા. પોપટભાઈ! કસ્તુરભાઈ કહેતા હોં એ. ત્યાં હતીને હોટલ. એવા વનરાવનના સાધુ કો'ક હતા.

એમ અહીંયાં આત્મા.. અહીં તો કહે છે કે ઉલટો પાગલ થઈ ગયો. રાગ અને પુણ્યના વિકલ્પના એકત્વની મસ્તીમાં પાગલ થઈ ગયો છે. પોતાના આનંદને ભૂલી ગયો. પોતાની નિજ સંપદાને લૂંટાવી દીધી. પોપટભાઈ! આ ધૂળની સંપદા નહિ, હોં! આ બધા સંપદાવાળા છે ઈ. ધૂળનાય નથી ઈ.

અહીં તો કહે છે કે આહાહા..! મહારસ. ભાષા શું છે? '**रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्**' આહાહા..! ભગવાન આત્મા આનંદની મૂર્તિ એને ભૂલીને એક વિકારના રાગમાં પ્રેમથી સુખબુદ્ધિમાં રોકાઈ ગયો, રાગભાવ જે આવ્યો એમાં સુખબુદ્ધિમાં રોકાઈ ગયો. મહારસે પાગલ થઈ ગયો. શોભાલાલજી! ભારે વાત, ભાઈ! '**મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને,...**' ગાંડો પાગલ થઈ ગયો. સમજાણું કાંઈ? અરે..! તારી નિજ સંપદા શુદ્ધ આનંદકંદ જ્ઞાયકની મૂર્તિ, જેના ગુણની સંખ્યાનો પાર નહિ અને જેના ગુણની શક્તિનો પાર નથી. સમજાણું કાંઈ? જેના ગુણની સંખ્યાનો પાર નહિ અને જેની ગુણની શક્તિનો પાર નથી. ગુણ તો ત્રિકાળી પર્યાયિરૂપ ભલે હો, પણ એની શક્તિ અનંત એક એકમાં છે. એવા ભગવાનને ભૂલીને, એક રાગ વિકલ્પ ક્ષણિક વિકાર એ મારો અને હું એ છું, એવો ભાવબંધ છે. મતવાલો બનાવી દીધો છે. સમજાણું કાંઈ? પોતાની નિજ સંપદા બધી રાગે લૂંટી લીધી છે. મારામાં છે જ નહિ. હું તો રાગ છું. રાગને કરનારો, પુણ્યને કરનારો, પુણ્યરૂપ, પુણ્યભાવ એ મારી ક્રિયા અને હું એનો સ્વામી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**રાગના ઉદયરૂપી મહા રસ વડે સમસ્ત જગતને પ્રમત્ત કરીને રસના ભાવથી ભરેલા...**' રાગનો ભાર, રાગનો બોજો વધી ગયો છે. સ્વરૂપની સંપદાની ખબર નથી. રાગ.. રાગ.. જાણે જ્યાં ત્યાં અધિકપણું એનું થઈ ગયું. રાગનું-વિકલ્પનું અધિકપણું થઈ ગયું. આહાહા..! રાગના '**રસના ભાવથી ભરેલા મોટા નૃત્ય વડે...**' રાગનું જ પરિણમન એકલું નૃત્ય રહી ગયું. બસ! રાગનો વિકાર દુઃખ. સવારમાં આવ્યું હતું ને એ? કર્મચેતના. કર્મફળ ચેતના. રાગ, દયા, દાનના વિકલ્પ એ રાગ છે, કર્મચેતના છે. અને હરખ-

શોકના ભાવ એ કર્મફળ, વિકારી ફળની ચેતના છે. મત્ત થઈ ગયો અજ્ઞાની. મારી ચૈતન્ય ઋદ્ધિ સંપદા શું છે એની ખબર નથી. સમજાણું કાંઈ? ચાહે તો ત્યાગી સાધુ થયો હો, ચાહે તો ભોગી હો કે જોગી હો. પણ જેને અંતરમાં આનંદમૂર્તિની દૃષ્ટિનું ભાન નથી અને રાગમાં હું છું અને રાગની એકત્વબુદ્ધિમાં પડ્યો છે એ બધા પાગલ છે. વિકળ છે. સ્વરૂપ ભ્રષ્ટ. રાગની એકત્વબુદ્ધિથી પોતાના નિજ સ્વરૂપથી ભ્રષ્ટ થયો છે. પોતાની નિજ સંપદા રાગની એકતાબુદ્ધિમાં ખોઈ નાખી છે. ભાઈ! સમજાણું કાંઈ? કહો, શેઠી! શેઠી તો બિચારા આવતા નથી હમણાં. વા થઈ ગયો છે. આહાહા..!

કહે છે, '**મોટા નૃત્ય...**' મોટા નૃત્ય શબ્દે? એકલું રાગનું જ પરિણમન રહી ગયું. ચાલુ સતત... સતત... સતત... સતત... જેમ ઓલા પુણી કાંતે છે ને? શું કહે છે? દોરો કાઢે છે ને? પુણી-પુણી. રૂની પુણી. એક પુરી થાય ત્યાં બીજી, બીજી ત્યાં ત્રીજી. એમ સાંધ્યા જ કરે. એમ રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... હરખ-શોક, વિકલ્પ-સંકલ્પ... વિકલ્પ-સંકલ્પ.. વિકલ્પ સંકલ્પ... વિકલ્પ તાણાવાણા તાણ્યા જ કરે. એ કહે છે.

મુમુક્ષુ :- .. કરે છે.

ઉત્તર :- કરે છે અને સમજતો નથી. જાણીને કરે છે પ્રેમથી. એની અંતર વસ્તુ છે એની દૃષ્ટિ નથી. પ્રેમ છે ત્યાં એમ કહે છે શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રેમ છે. મટતું નથી શું? પણ કરે છે ને મટતું નથી? કરે અને મટે નહિ એમ બે ક્યાંથી આવ્યા? કરે છે અને મટતું નથી. બેનો અર્થ શું? એય..! મણિભાઈ! નક્કી કરવું પડશે શેઠ! હવે વર્ષ તો ઘણાં થઈ ગયા છે. આહાહા..!

ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એની દિવ્યધ્વનિમાં એમ આવ્યું. સમજાણું કાંઈ? જુઓ! એ તો પ્રશ્ન ઉઠ્યો હતો, રાજકોટમાં. નહિ? એમ કે આ દિવ્યધ્વનિના ભગવાન નિમિત્ત કર્તા નથી. છતાં બોલવામાં શું આવ્યું? એ ઘટપટાદિ હોય છે વસ્તુ. આ બીડી હોય છે. તમારી બીડી લઈએ, શોભાલાલભાઈની. એ તો રૂપિયા લે છે. બીડીના, નહિ? રૂપિયા આવે ને રૂપિયા? રૂપિયા-પૈસા. તો એ પર્યાય જે થાય છે એ તો એને કારણે (થાય છે). પણ રાગ અને યોગના કંપનનો અજ્ઞાની કર્તા થાય છે એ પર્યાય હું લાવ્યો, મેં દીધી એનો એ નિમિત્ત કર્તા થાય છે. અજ્ઞાનીનો અજ્ઞાનભાવ યોગ અને રાગ એ પર્યાય તો તે કાળે ત્યાં થાય છે. પૈસા આવવાના હોય તે આવે જ છે. પણ હું ઉઘરાણી કરીને લાવ્યો અને મેં દીધા અને મેં લીધા. એય..! શોભાલાલજી! આજ શોભાલાલજી ઉપર ... કોઈ દાખલો તો દેવો જોઈએને કોઈને? એય.. શેઠ!

આ મેં કર્યું. આ હાથ છે ને હાથ, લ્યોને. એ પર્યાય તો એને કારણે થઈ છે. પણ જે પ્રાણી અંદરમાં રાગનો અને યોગનો કર્તા થાય છે એની દૃષ્ટિ અહીં ભાવબંધ ઉપર છે. અહીં તો એ લેવું છે. રાગની દૃષ્ટિ છે અને યોગના કંપનની દૃષ્ટિ છે એ પાગલ છે, એના યોગ અને રાગ એ પર્યાયમાં નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. જ્ઞાની પરપર્યાયનો નિમિત્તકર્તા પણ નથી. ડાહ્યાભાઈ! આહાહા..! ઉપાદાન કર્તા તો નથી (પણ નિમિત્તકર્તા પણ નથી). આહાહા..! આ તે કાંઈ વાત! વીતરાગનો માર્ગ તો જુઓ એક માર્ગ. આમ જેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર પડી છે એમાં તો રાગ, કંપન છે તો જડની પર્યાય. એ જ્ઞાનમાં નિમિત્ત આમ થાય છે. જ્ઞાનમાં નિમિત્ત આમ થાય છે. પરમાં નિમિત્ત છે એ તો જ્ઞાનીનું જ્ઞાન છે જ નહિ. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! તો આ કહે કે નહિ, દિવ્યધ્વનિ ભગવાનનું કાર્ય છે. એ આવે છે. ક્યાંક આવે છે. જ્ઞાનનું કાર્ય છે એમ આવે છે. દિવ્યધ્વનિ જ્ઞાનનું કાર્ય. પણ એ તો વ્યવહારની વાત કરી છે, ત્યાં નિમિત્ત કોણ હતું એ. વાણીની પર્યાયમાં નિમિત્ત કર્તા સમ્યગ્દૃષ્ટિ નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..!

કહે છે કે પાગલ થઈ ગયો. મારી બુદ્ધિ રાગ છે, હું રાગ છું એવું રાગનું કર્તવ્ય સ્વીકારે એ પાગલ છે. એ જ વખતે શરીર, વાણી, મન આદિની જે ક્રિયા થાય છે એ ક્રિયા તો એનાથી થાય છે. એમાં હું નિમિત્ત કર્તા છું એવું અજ્ઞાનીને લાગુ પડે છે. અમરચંદભાઈ! આહાહા..! કહો, પોપટભાઈ! સમજાય છે આમાં કાંઈ? લાદી એને મેળાએ આવે, એની મેળાએ પાકે. અને પૈસા એની મેળાએ આવે. એની મેળાએ સમજ્યા? શું કહે છે? અપને આપ. પણ પોતાની મેળે આવે ત્યાં રાગનો કરનાર અને યોગ-કંપન ઉપર જેની ભાવબંધ ઉપર દૃષ્ટિ છે, જે પાગલ છે એ પરની પર્યાયના કાળે નિમિત્ત કર્તા છું એમ માને છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગની પર્યાય પોતાની છે એમ માને છે તો દૃષ્ટિ રાગ ઉપર છે, ભાવબંધ ઉપર છે. સ્વભાવ જ્ઞાયક છે એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વાસ્તવિક વસ્તુ છે, ભગવાન! અહીં ભાવબંધથી મતવાલો થયો તો શું છે? તો જ્યાં જ્યાં રાગ થયો તો રાગમાં એકત્વબુદ્ધિ કરીને મેં રાગ કર્યો, એ રાગ કર્યો એમ માનનારો પરદ્રવ્યની જ્યાં જ્યાં પર્યાય થાય છે, એમાં નિમિત્ત તો છું ને? નિમિત્ત તો છું ને? એની દૃષ્ટિ બહાર છે. કાર્ય તો ત્યાં એનું એને કારણે થયું. પણ હું ઉપસ્થિત તો છું ને? નિમિત્ત તો છું ને? એની દૃષ્ટિ પર ઉપર છે. મિથ્યાદૃષ્ટિનો રાગ અને યોગ એનો અજ્ઞાની કર્તા થાય છે. એ જ જડની અને પરની પર્યાયમાં નિમિત્ત કર્તા એને કહેવામાં

આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ પાગલ. આહાહા..!

કેવળજ્ઞાની પરમાત્માને વાણીના કર્તા ઠરાવવા. સમજાણું કાંઈ? એ તો વાણી વખતે નિમિત્ત જ્ઞાન અને યોગ હતા એટલું બતાવવા માટે કાર્ય એનું છે એમ ઉપચારથી કથન કરવામાં આવ્યું. શું કરે? આગમમાં લખ્યું છે. પણ આગમમાં શું આશય છે? તો પછી આ લખ્યું નથી આગમમાં? આ સોમી ગાથામાં લખ્યું નથી આગમમાં? એ આગમ નથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ...

ઉત્તર :- પણ મતભેદ કેવા? કોઈપણ આચાર્યો, સંતો, દિગંબર મુનિઓ છે (એમાં) કોઈ મતભેદ છે જ નહિ. ચારેય અનુયોગમાં આચાર્યનું યથાર્થ કથન છે. સમજાણું કાંઈ? સનાતન સત્ય માર્ગનો સ્પર્શ કરીને એમની દશા પ્રગટી થઈ છે. દિગંબર મુનિ આત્મા આનંદમાં ઝુલનારા અતીન્દ્રિય આનંદમાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા. ચાહે તો નેમિચંદ્ર હો, ચાહે તો સમંતભદ્ર હો, ચાહે તો કુંદકુંદાચાર્ય હો કે ચાહે તો પૂજ્યપાદ સ્વામી હો. સમજાણું કાંઈ? બધાની એક જ વાત છે.

અહીંયાં એમ કહ્યું ૧૦૦મી ગાથામાં. ભગવાન અમૃતચંદ્રાચાર્ય ટીકા કરે છે. કહે છે કે ભાઈ! અને મૂળ પાઠમાં પણ એમ છે. મૂળમાં છે ને. ભાઈ! આ ભગવાન આત્મા.. જુઓ! અહીં તો શું કહે છે? રાગની મસ્તી થઈ છે ને મૂઢને? રાગ મારું કર્તવ્ય છે, ઈચ્છા મારું કર્તવ્ય છે, ઈચ્છા જે આવી એ જ મારું સ્વરૂપ છે અને એ જ મારું આચરણ છે. એવી મસ્તી ચડી ગઈ છે, અજ્ઞાની પાગલ થઈ ગયો છે. રાગને અને યોગને કરનારો, અરે..! સ્વરૂપ શુદ્ધ કરનારો? ભગવાન શુદ્ધ છે એનું કાર્ય તો શુદ્ધ હોવું જોઈએ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા, ભાઈ! એ તો પ્રભુ અતીન્દ્રિય આનંદમૂર્તિ છે ને. તો એનું કાર્યમાં તો અતીન્દ્રિય આનંદ આવવો જોઈએ. એ કર્તાનું કાર્ય છે. શું રાગ અને કંપન્ન એ આત્માનું કાર્ય છે? પણ જેની દૃષ્ટિ પોતાની નિજ સંપદા સ્વરૂપ ઉપર નથી અને શરીર, વાણીને અત્યારે એક કોર રાખો, અંદરમાં રાગ જે ઉત્પન્ન થાય છે ઈચ્છા... ઈચ્છા... ઈચ્છા... ચાહે તો શુભ ને ચાહે તો અશુભ, એ ઈચ્છાનું કાર્ય મારું છે એવી એકત્વબુદ્ધિ છે એને અહીંયાં મતવાલો મિથ્યાદૃષ્ટિ ગાંડો-પાગલ કહ્યો છે. અને એ પાગલ પરપદાર્થની એ સમયે આવનારી ક્રમબદ્ધમાં જે પર્યાય પરમાં થાય છે, કર્મમાં, શરીરમાં, વાણીમાં, બાહ્યમાં એ પર્યાયમાં હું નિમિત્ત કર્તા તો છું એવો અજ્ઞાનીને આરોપ આવે છે. ધન્નાલાલજી! આહાહા..!

ત્યારે હવે એ ભગવાનને કર્તા ઠરાવે. અરે.. ભગવાન! પાછા કહે, વોચ્છામી કહ્યું છે ને? કુંદકુંદાચાર્યે કહ્યું ને કે હું વોચ્છામી-હું સમયસાર કહીશ. તમને એ માન્ય નથી? પણ

અરે.. ભગવાન! પહેલી કડીમાં આવે એ લખ્યું છે. સમયસારમાં કુંદકુંદાચાર્ય બોલ્યા. એય.. દેવાનુપ્રિયા! એ એણે લખ્યું છે પંડિતજીએ. '**वोच्छामि समयपाहुडं**' હું સમયસાર કહીશ. એમ કે હું આત્માનું આત્મા કહીશ એમ કીધું છે કે નહિ? સમયસાર કહે છે. અરે.. ભગવાન! શું કરે છે તું આ? હું સમયસાર શાસ્ત્ર કહીશ. એ વાણી કુંદકુંદાચાર્યે કહી છે અને એને તમારે ખોટી પાડવી છે? અરે..! ભગવાન પણ કુંદકુંદાચાર્ય અહીં કહે છે ને ૧૦૦મી ગાથામાં.

૧૦૦મી ગાથામાં એમ કહે છે કે જે કોઈ યોગ અને રાગનો કર્તા થાય છે, જેની દૃષ્ટિ રાગની એકતામાં મસ્ત મહા દારૂ પીધો છે તેને જ પરની પર્યાયમાં નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. ત્યાં તો એ ખુલાસો કરે છે એને હું વાણીને કરું છું એમ કહે છે. પૂર્વાપર વિરોધ? ભાઈ! તને ખબર નથી. એ વાક્ય તો ત્યાં એ કાળે મારા જ્ઞાનનું ઘોલન પરિણમન ચાલે છે કે આમ હો, આમ હો, ઘોલન એ મારી પર્યાય છે. એનો હું કર્તા છું. પણ એ પણ કર્તા અને કર્મ ભેદ પાડવા એ ઉપચાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

... ચૈતન્યમૂર્તિ એ અંતરમાં ઘોલનથી જે પરિણમન થાય છે એ પરિણમનનો કર્તા આત્મા અને એ કાર્ય પોતાનું એવા એકમાં બે ભેદ પાડ્યા એ પણ ઉપચાર છે. તોપણ રાગનો કર્તા અને પરનો કર્તા તો ત્યાં છે નહિ. પણ કહે છે કે પાગલ થઈ ગયો છે. જ્યાં-ત્યાં મેં આ કામ કર્યું... મેં આ કામ કર્યું... મેં આ કામ કર્યું... હું હતો તો આ સંચો બન્યો, હું હતો તો આમ કામ થયું. હું દુકાન ઉપર હતો તો દુકાનની (સંભાળ રાખી). એય..! મણિભાઈ!

મુમુક્ષુ :- મોહ મહા મદ પિયો અનાદિ...

ઉત્તર :- મોહ મહા મદ પિયો અનાદિ. હા. ઈ. ભાઈ! તેં દારૂ પીધો છે ભગવાન! અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે તારી મસ્તી ચડી ગઈ છે મિથ્યાત્વમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તો એ સમજવું જોઈએ પહેલા. અમે આમ કર્યું, અમે આમ કર્યું. અમે લાખો રૂપિયા ખર્ચીએ છીએ ધર્મને માટે તો અમને ધર્મ નથી થતો? પાગલ છો? એય.. પોપટભાઈ! લાખ રૂપિયા તારા છે? એ તો જડની પર્યાય છે. તેં દીધા? તેં ખર્ચ્યા? એના નિમિત્તપણે તેં કામ કર્યું? ઉપાદાનપણે તો નહિ. કામ થાય છે એનો તો નહિ, પણ હું નિમિત્ત હતો માટે થયું એવી દૃષ્ટિ છે તારી બહિર ઉપર? રાગ અને કંપન્નનો કરનાર બહારમાં નિમિત્ત કર્તા થતાં મસ્ત ગાંડો પાગલ છે એમ કહે છે. ભાવબંધમાં. કાંતિભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

આ દસ દસ હજાર, લાખ-લાખનો પગાર માસિક હોય. આમ મોટા ઝભ્ભા પહેરેલા.

આ ઝભ્ભા પહેરે છે ને ગોરા? નહિ? લાંબુ લપસિંદર હોય ને લાંબું લાંબુ. આમ માથે મુગટ. રૂપાળું શરીર. ચામડી ઘો જેવી હોય, ઘો જેવી ચામડી એ લોકોની. ગોરાની ચામડી ઘો જેવી હોય. ઘો સમજ્યા? ઘો નથી સમજતા? આ ઘો નથી હોતી? જનાવર નહિ? સર્પ જેવી એક ઘો હોય છે. ચંદન ઘો. ઘોને શું કહે છે તમારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. ઘુવડ નહિ. ઘો. કેમ આ સમજતા નથી અમારા વકીલ? ઘો હોય છે ને આમ. ચંદન ઘો નાની હોય અને મોટી. ચામડુ બહુ કઠણ હોય. આ ગોરા જેટલા રૂપાળા લાગે છે ને એ ચામડી આવી ન હોય હોં! ઘો જેવી હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ કહે છે? ઠીક.

મુમુક્ષુ :- મકાન...

ઉત્તર :- હા ઈ. એ ચંદનઘો. પણ બીજી આવે છે સાધારણ. પણ એની ચામડી બહુ કઠણ હોય છે. ગોરાની ચામડી કઠણ હોય છે, હોં! સુંવાળું-બુવાળું નહિ. ધોળા દેખાય. આમ ગોરા. શું છે? પાગલ છે. સાંભળ તો ખરો. અમે આટલા પગારવાળા, આટલું કરીએ. એ જડની પર્યાય, શરીરની પર્યાય તારી છે? તેં બનાવી છે? અને એમાં રાગ થયો એ તારી ચીજ છે? રાગ તારી ચીજ છે? રાગ મારો છે, હું કરું છું તો પાગલ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

આહાર છોડવાનો (રાગ થયો), આહારનો ત્યાગ કર્યો, રાગ મંદ થયો. એ તો કહે.. એય..! કે આજ અપવાસ કર્યો લ્યો આઠમનો, ચૌદસનો. દસ જણા ઘરમાં છે એ બધા ખાય છે. મને ત્યાગ છે. શેનો ત્યાગ? આહારનો. શું આહાર ઘૂસી ગયો હતો તારામાં? મિથ્યાદૃષ્ટિ એમ માને છે કે મને આહારનો ત્યાગ છે. એની દૃષ્ટિ રાગ ઉપર છે તો એ ત્યાગની પર્યાયમાં રાગનો કર્તા થાય છે તો એનો નિમિત્ત કર્તા થાય છે. મેં છોડ્યું એવો નિમિત્ત કર્તા અજ્ઞાની માને છે. આહાહા..! ગજબ વાત છે ને. સમજાણું કાંઈ? આજે મેં આહારનો ત્યાગ કર્યો. તો આહારની પર્યાય તે સમયે ત્યાં આવવાની નહોતી. સમજાણું કાંઈ? તો મેં ત્યાગ કર્યો તો એ પર્યાયની રાગની એકત્વબુદ્ધિવાળો અને આહારના ત્યાગની પર્યાયમાં નિમિત્ત કર્તા માને છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ભારે વીતરાગ માર્ગ ભાઈ! કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આહારનો ત્યાગ કર્યો, આ બાયડીનો ત્યાગ કર્યો, સ્ત્રીનો ત્યાગ કર્યો. લ્યો. સ્ત્રીને છોડી દીધી. શું કર્યું? સ્ત્રીનો આત્મા ભિન્ન છે, એનું શરીર ભિન્ન છે. એની પર્યાય મેં છોડી. તો

શું તારામાં ઘૂસી ગઈ હતી કે મેં છોડી? તો એ પર્યાયનો જે ત્યાગ છે સંબંધ નજીકમાં, એ ત્યાગ મેં કર્યો એવી જે બુદ્ધિ છે એ રાગના કરનાર નિમિત્ત કર્તાની બુદ્ધિ છે. અમરચંદભાઈ! આહાહા..! ભારે વાત આવી, ભાઈ! આવી વાત ખુલ્લી મૂકવી પડતી હશે? આચાર્યે ખુલ્લી મૂકી છે કે નહિ? અહીં કહે છે. જુઓ. ખુલ્લી વાત (છે એમાં) વળી ગુપ્ત શું છે? ઢંઢેરો પીટીને વાતને કહે છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા નિમિત્ત રૂપે .. વાણી પોતાને કારણે નીકળે છે. વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. વાણી સ્વઆશ્રય પ્રમાણભૂત છે. સમજાણું કાંઈ? વાણી એવી છે. એની યોગ્યતા જ .. માંસ ખાવાનો ત્યાગ છે તો એના વિકલ્પમાં માંસ ન ખાવાનું આવતું હોય તો ભાષા પણ એની આવે છે. ભાષાના કાળમાં, હોં! ભાષામાં એમ આવે છે કે માંસ ખાવા યોગ્ય નથી. એ ભાષાનું પરિણમન એને કારણે એમ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એય.. નેમચંદભાઈ! નેમિદાસભાઈ! શું છે? આ બધા પાંજરાપોળનું બહુ કરે છે ત્યાં. એમ હોય? પોરબંદરમાં તો કાકા અને કાકી બહુ...

અહીં કહે છે.. હવે અહીં પાછા રસોડામાં. અહીં કહે છે, '**મોટા નૃત્ય વડે ખેલી રહ્યો છે...**' ભાષા જુઓ. મહા નાચ, મોટો નાચ ઊલટો. ઈચ્છાનો કરનાર, ઈચ્છાનો ભોગવનાર, ઈચ્છાનું સ્વરૂપ સાથે એકત્વ કરીને વેદન કરનાર મહા નૃત્ય નાચી રહ્યો છે. વિકારમાં નાચી રહ્યો છે, મિથ્યાત્વમાં નાચી રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટું પાપ છે ને મોટું.

'**એવા બંધને...**' આ બંધની વ્યાખ્યા કરી. હવે '**એવા બંધને ઉડાડી દેતું-દૂર કરતું,...**' આવ્યું. હવે સમ્યગ્જ્ઞાન આવ્યું. '**એવા બંધને ઉડાડી દેતું-દૂર કરતું,...**' એ પણ વ્યવહાર છે હોં! પોતાના જ્ઞાયક તરફ અંતર અનુભવ દૃષ્ટિ થઈ, બંધ ઉડી ગયો. બંધ છે જ નહિ. અબંધ સ્વભાવની દૃષ્ટિ થઈ તો બંધ છે જ નહિ. બંધ નથી એને બંધ ઉડાવ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**એવા બંધને ઉડાડી દેતું-દૂર કરતું,...**' કોણ? '**જ્ઞાન ઉદય પામે છે.**' બધામાં ભાષા એ છે. ઓલામાં રાગના ઉદયરૂપી મહારથ, અહીં જ્ઞાનના ઉદયને. ઉદય-ઉદય. શ્રીમદ્‌માં આવે છે, નહિ? થાય ચારિત્રનો એવું આવે છે. 'ઉદય થાય ચારિત્રનો વીતરાગ પદ વાસ'. ઉદય નામ પ્રગટ. ભાષા છે. અહીં પણ જ્યાં આત્મા નિજ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક અને આનંદને ભૂલીને રાગનો ઉદય થયો એ રાગનો ઉદય થયો. જુઓ ભાષા. રાગ પ્રગટ થયો. વસ્તુમાં છે નહિ. તે સમયે રાગને પ્રગટ કરીને રાગમાં પરિણમી રહ્યો છે એ પાગલ ભાવબંધ છે.

આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન ઉદય પામે છે.**' ભગવાન આત્મા નિજ ચૈતન્ય સ્વભાવની સન્મુખ થઈને, જે વિમુખ હતો અને રાગને પોતાનો માનીને પાગલ હતો, એ ડહાપણમાં આવે છે. ડહાપણને શું કહે છે? ચતુરાઈ. શાણાપણું.-શાણાપણું. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ ત્રિકાળ પવિત્રનું ધામ તે ચૈતન્ય ધામ પવિત્ર. એવી અંતર્મુખ જ્યાં દૃષ્ટિ થઈ તો કહે છે કે જ્ઞાન પ્રગટ થયું. એ પર્યાયની વાત છે હોં! ત્રિકાળ તો જ્ઞાન છે જ. એ આત્મા પ્રગટયો બીજી ભાષાએ એમ કહે છે. આત્મા તો આત્મા જ છે. પણ પર્યાય પ્રગટ થઈ તો આત્મા પ્રગટ થયો એમ કહે છે.

'**જ્ઞાન ઉદય પામે છે.**' આત્મા પર્યાયમાં, શક્તિમાંથી વ્યક્તરૂપ શાંતિ, શ્રદ્ધા આદિથી પ્રગટ થાય છે. રાગની એકતાબુદ્ધિને ચિરીને સ્વભાવની એકતાબુદ્ધિમાં આવ્યો તો આખો આત્મા ખીલી ગયો. જેમ કળી ખીલે છે કળી. વનસ્પતિની કળી હોય છે ને? વનસ્પતિ નહિ કળી? ફૂલની કળી હોય છે ને. પહેલી અવસ્થા કળી હોય છે. પછી ખીલે. એમ અંતર શક્તિ તો પૂર્ણ છે. પર્યાયમાં સંકોચ હતો. એ અંતરમાં જ્યારે દૃષ્ટિ થઈ તો જ્ઞાન ખીલી ગયું. એ આત્મા આખો અનંત શક્તિથી પ્રગટ થયો. જ્ઞાન ઉદય પામ્યું એનો અર્થ કે એ આત્માની પૂર્ણ સંપદા ઉપર અંતર અનુભવ દૃષ્ટિ કરવાથી જેટલા અનંત ગુણ છે એ બધા શક્તિમાંથી વ્યક્તરૂપ પ્રગટ થયા. તેને જ્ઞાન ઉદય પામ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવો ધર્મ પણ? આવો ધર્મ વીતરાગનો આવો ધર્મ હશે? એ તો કહે, નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય એટલે સાચું. અને બધા તારા વ્યવહાર. વ્યવહાર બધા ઉપચારથી કથન. આ નિશ્ચય હોય તો રાગાદિ મંદતાને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. છે નહિ એને કહેવું એ વ્યવહારનું લક્ષણ છે. છે એનો અનુભવ કરવો એનું નામ નિશ્ચયનું સ્વરૂપ છે. આહાહા..!

અરે..! વીતરાગનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જ્યાં અનંત શક્તિઓને પૂર્ણ વ્યક્ત કરી અને આજ્ઞામાં એમ આવ્યું, ભગવાન! તારી સ્વભાવ સન્મુખ તો દૃષ્ટિ કર. સમજાણું કાંઈ? તારા સ્વભાવથી વિમુખ તો અનાદિથી ચાલી આવે છે એમાં તને ક્યાં સુખ થયું? ક્યાં સુખ થયું? દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. ચાર ગતિમાં રાંક રાજા, શેઠ દુઃખી, દુઃખી, દુઃખી. સમજાણું કાંઈ? સુખી નથી? પણ આ બધું શરીર-બરીર કેવું વધી ગયું. લ્યો, પૈસા છોકરાને વધ્યા તો પોતાનું શરીર કેવું થઈ ગયું.

મુમુક્ષુ :- આકુળતા છે.

ઉત્તર :- આકુળતા ક્યાં હતી? આમાં દેખાતી તો નથી. માન્યતા. અંદરમાં આકુળતા

હોય એ બહારમાં ક્યાં દેખાય? આનંદ નથી. તો આનંદનો અભાવ છે એનું નામ આકુળતા. સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ. છોકરો કાંઈક બે-પાંચ કરોડનો આસામી થઈ જાય કે બાયડી હુશિયાર થઈ જાય કે છોડી વળી હુશિયાર થઈ જાય તો એને હૂંફ આવી જાય હૂંફ. હૂંફને શું કહે છે? ઉત્સાહ. આ મારા સાળાનો સાળો મોટો આવો થયો છે. હેં! મારા સાળાનો સાળો. લાખનો પગાર. જજ છે મોટો ત્યાં. વિલાયતમાં એનું માન છે. પણ તારે શું છે? અહીં પડ્યું છે એને તો જો હવે. ત્યાં કો'કની ચીજ તારામાં નથી એના તને શેના પોરા ચડ્યા? ગાંડો થઈ ગયો છે, કહે છે. પાગલ થયો છે, ઘેલો બન્યો છે. ઘેલો પણ ઊંધો ઘેલો. ધર્મી ઘેલો બન્યો અંદરમાં. સમજાણું કાંઈ? આહાહા..!

ગાંડા જેવા લાગે દુનિયાની દૃષ્ટિએ તો હોં જ્ઞાની. આ શું કહે છે? આ તો પાગલ (લાગે છે). તમારાથી દુનિયાને શું લાભ થયો કે તમે કહો કે અમે .. છીએ. દુનિયાને શું લાભ થયો? એક જણો સાધુ કહેતો હતો. એક સાધુ. આ બધા દિગંબર થયા તમે પણ અમને આહાર-પાણી દેવાનો અમને લાભ હોય તો તમે દિગંબર કહેવાઓ. અમને આહાર-પાણી તો દેતા નથી તમે. શોભાલાલજી! તમે દિગંબર થયા તો એનો અર્થ એવો થયો કે દિગંબર સાધુને આહાર-પાણી (આપવા). ઓહો.. મહારાજ! પધારો.. પધારો. તો તો તમે દિગંબર કહેવાઓ. હવે અમને આહાર-પાણી દેતા નથી, તમે દિગંબર શેના થયા?

મુમુક્ષુ :- આત્મા .. તો છે કે નહિ?

ઉત્તર :- ધૂળમાંય. હવે આવી તો માગણી (કરે). શું કહે? અરે.. ભગવાન! ક્યાં ગયો તું? ક્યાં માગણી કરે છે? સમજાણું કાંઈ? અંદર અમૃતરસ પડ્યો છે ને પ્રભુ ત્યાં જાને. અહીં માગે છે કે મને આપતા નથી, તમે આપતા નથી. પણ આપતા નથી એ તો આપવાની ક્રિયા હોય તો થવાની હોય તો થાય. દે કોણ ને લે કોણ? સમજાણું કાંઈ? અને ધર્મનું લક્ષણ એવું કે તમે જો બરાબર આ સાચા ધર્મને પાળનારા હો, દિગંબર અમે છીએ, નગ્ન છીએ એને આહાર-પાણી બહુ ભક્તિથી દેવા જોઈએ. પણ ભક્તિથી, વસ્તુ હોય તો ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું સમજવા જેવું છે. સાચા મુનિ તો ધર્માત્મા આનંદકંદમાં ઝુલનારા (હોય). એ દશા અત્યારે છે નહિ. સમજાણું કાંઈ? અંતરમાં જેની નિંદ્રામાં પોણી સેકન્ડ નિદ્રા. એક સેકન્ડ નિંદ્રા જો રહી જાય તો છઠ્ઠું ગુણસ્થાન નથી રહેતું. બાપુ! મુનિપણા આહાહા..! એ તે કોઈ અલૌકિક પદ છે! અમૃતના જ્યાં ઉછાળા માર્યા છે અંદરથી. નિંદ્રા પણ એટલી. એને શું થાતું હશે? આટલી બધી ઉંઘ નહિ આવે તો રોગ થાશે. છ-છ કલાક સૂતા હોય. રાતના નવે સૂવે તો સવારે સાતે ઉઠે. ગોદડું ઓઢ્યું હોય ને એય.. (સૂઈ જાય).

એમ ઓલા સૂતા હોય નિરાંતે. એ ઊંઘ ન હોય, બાપા! તું જાગવા નીકળ્યો એમાં ઊંઘ શેની? આહાહા..! સમજાણું?

કબીરમાં એમ કહે છે. કબીર એક થઈ ગયા છે એ એમ કહેતા. સમજ્યા? 'જબ જાગે તબ રોવે.' આવે છે ને? 'દુઃખીયો સબ સંસાર...' 'સુખીયો સબ સંસાર, ખાય પીકે સોવે, દુઃખીયો દાસ કબીર જબ જાગે તબ રોવે.' આ તો બધું દુકાન ઉપર મગાવ્યું હતું. પત્ર આવતું ને વાડીલાલ મોતીલાલ? એમાં એ ચોપડી આવે. કબીરના દોહા આવે છે. ભજન. તે દિ' દુકાન ઉપર મગાવતા, ત્યાં વાંચતા. 'સુખીયો સબ સંસાર...' આહાહા..! દુનિયા સુખી છે કહે છે. જેને ખાય-પી, કેરી, રોટલી, રસ-પુરી કે લાવ ચુરમાના લાડવા અને પતરવેલીયા ખાઈ સોડ તાણીને સૂવે. સુખીયો લાગે છે. 'દુઃખીયો દાસ કબીર.' એક કબીર હું દુઃખીયો છું. મારી નિંદ્રા બે ઘડી જાય ચાર ઘડી અરે..! મારો વખત ગયો. 'દુઃખીયો દાસ કબીર જબ જાગે તબ રોવે.' અરેરે..! મારો કાળ ગયો. અરે..! મારો કાળ ગયો. મારા આત્માના.. એ તો એની પરમેશ્વરની ભક્તિ આદિમાં મારો કાળ ગયો. એને એ જાતનું હતું ને. એમ ધર્માત્માને તો અંદરના જાગૃતિના કાળમાં વળી આ શું? સમજાણું કાંઈ? આત્મા અલૌકિક છે ભાઈ! કોઈ વ્યક્તિ માટે નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે.

કહે છે, '**જ્ઞાન ઉદયને પામે છે. કેવું છે જ્ઞાન?**' '**आनन्दामृतनित्यभोजि**'. રાગ અને પુણ્યના ભાવનો કર્તા થઈ વિકૃત ભાવનું વેદન કરતો એ અનાદિથી દુઃખી હતો. એ રાગનું વેદન કરીને અનાદિનો પાગલ અને દુઃખી હતો. જ્યારે આત્માનું જ્ઞાન થયું તો આનંદ લેતું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા અમૃત અતીન્દ્રિય આનંદ સ્વરૂપ એની અંતર જ્યાં દૃષ્ટિ થઈ, પર્યાયબુદ્ધિ ગઈ, રાગની એકતાબુદ્ધિ ગઈ, સ્વભાવ એકતાબુદ્ધિ થઈ તો સ્વભાવમાં જે આનંદ છે એ જ્ઞાન પ્રગટ્યું, સમ્યગ્દર્શન પ્રગટ્યું (એની) સાથે આનંદ પણ પ્રગટ થયો. સમજાણું કાંઈ? એનું નામ આત્માનો ઉદય થયો એમ કહેવામાં આવે છે. એને જ્ઞાન પ્રગટ થયું એમ કહેવામાં આવે છે.

'**જ્ઞાન ઉદય પામે છે. કેવું છે જ્ઞાન? આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,..**' ભાષા જુઓ! શું કહે છે? એ જ્ઞાન જે પ્રગટ્યું અંદરમાં સમ્યગ્દર્શન સહિત. અહીં તો એટલા બે બોલ જ્ઞાન અને આનંદની વાત વિશેષ કરે છે. પણ સાથે અનંત ગુણ છે. પણ પ્રાણીને આનંદ થવો એ જ મુખ્ય ધ્યેય છે. સમજાણું કાંઈ? દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ એ જ ધ્યેય છે. તો આત્માનું ધ્યેય અનુભવ કરવાથી દુઃખનો નાશ અને આનંદની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ?

દુઃખ તો આનંદનો વિકૃત ભાવ છે. દુઃખ તો આનંદસ્વરૂપ ભગવાન એની વિકૃત દશા

છે. એ વિકૃત દશા ઉપર જ્યારે રુચિ હતી ત્યારે દુઃખી હતો. અને જ્યારે આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ આત્મા છે એવો અંતર્મુખનો અનુભવ થયો, તો કહે છે કે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, એની સાથે આત્માનો આનંદ પ્રગટ થયો. પણ આનંદ કેવો? જ્ઞાન '**આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...**' હંમેશા આનંદનો અનુભવ કરનારું જ્ઞાન. આનંદનો જ ખોરાક જ્ઞાનનો છે. આહાહા..! ભાષા શું છે દેખો! '**आनन्दामृतनित्यभोजि**' આહાહા..! પછી ઓલો સહજ અવસ્થાનો અર્થ કર્યો છે ને? જ્ઞાતૃક્રિયા. '**પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થા...**' એ સહજ અવસ્થાની વ્યાખ્યા કરી. '**सहजावस्थां स्फुटं नाट्यद्**' શું કહે છે, સમજાણું કાંઈ?

દૃષ્ટિ પલટતાં નવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. સૃષ્ટિનો અર્થ આત્માની પર્યાયમાં પર્યાયની ઉત્પત્તિ. જે રાગની એકત્વબુદ્ધિ થઈ તો મિથ્યાદૃષ્ટિમાં વિકારની સૃષ્ટિ ઉત્પન્ન હતી. સમજાણું કાંઈ? જ્યાં સ્વભાવની દૃષ્ટિ થઈ જ્ઞાયકમૂર્તિ હું છું. શુદ્ધ ચૈતન્ય છું. તો દૃષ્ટિ થઈ, સૃષ્ટિમાં આનંદ આદિ પર્યાય ઉત્પન્ન થાય છે. દૃષ્ટિ પ્રમાણે આનંદ આવે છે. એનું નામ સૃષ્ટિની ઉત્પત્તિ. એ સૃષ્ટિની ઉત્પત્તિનો કરનાર આત્મા છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**આનંદરૂપી અમૃતનું...**' આનંદરૂપી અમૃતનું. સમજાણું કાંઈ? '**નિત્ય ભોજન કરનારું છે,...**' એ પણ નિત્ય હતું-રાગનું. સમજાણું કાંઈ? '**મોટા નૃત્ય વડે ખેલી રહ્યો છે...**' એમ લીધું હતું ને? સદા એક જ જાતનું વિકારનું (વેદન હતું). અહીંયાં વિકાર રહિત દૃષ્ટિ થઈ, શુદ્ધ ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થયું, સ્વભાવની પ્રતીતિ અનુભવ કરવાથી થઈ તો આનંદનો અનુભવ કરતું જ્ઞાન પ્રગટ થયું. આનંદનો સ્વાદ લેતું પ્રગટ થયું. એકલું જ્ઞાન પ્રગટ થાય છે એમ છે નહિ. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન થાય...

ઉત્તર :- પણ જ્ઞાનની સાથે, જ્ઞાન પ્રગટ્યું ત્યારે અનંત ગુણ અવિનાભાવી સાથે છે. એકસાથે છે. જ્યાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું, અતીન્દ્રિય આનંદનો નિત્ય અનુભવ પ્રગટ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કથનને કેટલું સહેલું કરી દીધું છે. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિને પ્રગટ કરવાની શૈલીની રચના કેટલી! સમજાણું કાંઈ? અનુભવને વાણી દ્વારા પ્રગટ કરી દીધો. વાણીમાં એટલી તાકાત છે, એમ કહે છે. આહાહા..!

'**આનંદરૂપી અમૃતનું નિત્ય...**' નિત્ય નામ કાયમ. કાયમ ભગવાન આત્માની દૃષ્ટિ થઈ તો એ દૃષ્ટિનું ધ્યેય કાયમ આત્મા ઉપર રહે છે. તો કાયમ એમાં પર્યાયમાં આનંદનું થવું, જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ ધર્મ કહે છે. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા બધી શક્તિની વ્યક્તતા

જેટલી સંખ્યાએ શક્તિ છે એટલી બધી સંખ્યા પર્યાયમાં અંશે વ્યક્તરૂપ પ્રગટ થાય છે તો સાથે આનંદ પણ આવ્યો. ઓહોહો..! એકલું જ્ઞાન હોય અને આનંદ ન આવે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી જ નથી. જુઓ તો ખરા કથનની પદ્ધતિ, શૈલી પણ.

ભગવાન આત્માની પર્યાય પ્રગટ થઈ તો જેટલા અંતરમાં ગુણ છે એ બધાની સાથે જ્ઞાન અને આનંદ સાથે પ્રગટ થાય જ છે. સમજાણું કાંઈ? અને કર્તા-કર્મ આદિ બધી શક્તિ વ્યક્ત થઈ ગઈ. આનંદની પર્યાયનો હું કર્તા. આનંદ મારું કાર્ય, આનંદ મારું કરણ, આનંદ મારું સંપ્રદાન, આનંદને લઈને મેં મને આપ્યો. સમજાણું કાંઈ? અનાદિથી રાગની ક્રિયાને પોતાની માનીને રાગનું દુઃખ પોતામાં પ્રગટ કરીને આપતો હતો. પ્રગટ કરીને આપતો હતો. અનુભવ કરતો હતો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ ચિદ્‌ઘન એ વસ્તુ. એની અંતર દૃષ્ટિ અભેદ દૃષ્ટિ એક નિર્વિકલ્પ ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ એનું નામ સમ્યગ્દર્શન. એ દૃષ્ટિની સાથે સમ્યગ્જ્ઞાન અને આનંદના અનુભવ કરતું જ્ઞાન પ્રગટ થયું છે. આહાહા..! અજ્ઞાનમાં દુઃખ લેતું અજ્ઞાનનો અનુભવ થાય છે. જ્ઞાનમાં આનંદ થતો અનુભવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ મંગળિક કરે છે બંધ અધિકારમાં પહેલા. બંધ અધિકાર શરૂ કરતાં બંધને જાણનારો જાગ્યો તો એ અબંધ સ્વરૂપમાં પછી બંધ છે જ નહિ. સમજાણું કાંઈ?

એવા ભગવાન '**પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...**' એ પણ રાગમાં નાચતો હતો. હવે અંતર શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનમાં શાંતિ, આનંદમાં એકાગ્ર થયો તો શુદ્ધતાનો નાચ પ્રગટ થયો. શુદ્ધતાનું પરિણમન પ્રગટ્યું એનું નામ નાચ પ્રગટ થયો એમ કહે છે. આત્મા શુદ્ધતામાં નાચે છે હવે. અજ્ઞાનમાં રાગ નાચતો હતો, જ્ઞાનમાં શુદ્ધતા નાચે છે. સમજાણું કાંઈ?

આ કથા કેવી! ધર્મકથા આવી? ઓલા તો એમ કહે, જુઓ! આમ કરો.. આમ કરો.. લ્યો! ખાવ, છોડી ધો, કંદમૂળ છોડો, વનસ્પતિ છોડી દો. પણ હજી રાગ મિથ્યાત્વ છોડ્યા વિના છોડે કોને? મિથ્યાત્વ છૂટ્યા વિના અવ્રત છૂટે નહિ, અવ્રત છૂટ્યા વિના કષાય છૂટે નહિ, કષાય છૂટ્યા વિના તારો યોગ પણ ક્યાંથી છૂટશે? અને એ છૂટ્યા વિના નિમિત્ત છૂટ્યું એવો અસદ્‌ભુત વ્યવહારથી પણ કથન તને ક્યાંથી લાગુ પડે? સમજાણું કાંઈ?

'**પોતાની જાણનક્રિયારૂપ...**' જુઓ! ઓલી રાગક્રિયા એ પોતાની નથી. પરભાવ ક્રિયા હતી. પુણ્યની ક્રિયા દયા, દાન, વ્રતની પરભાવ ક્રિયા હતી. એને પોતાની માનીને નાચતો હતો એ મિથ્યાત્વનો નાચ હતો. સ્વભાવની દૃષ્ટિ થઈ તો '**પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થા...**' સહજ અવસ્થા કીધી ને? કોની સહજ? પોતાની. એમ. પોતાની, '**જાણનક્રિયારૂપ**

**સહજ અવસ્થા...**' જાણન-દેખન-આનંદ એવી સહજ ક્રિયા પોતાની. જુઓ! ક્રિયા તો આ આવી. એ દેવાનુપ્રિયા! આ ક્રિયા આવી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ જ્ઞાન '**सहजावस्थां**' છે ને. અવસ્થા તે ક્રિયા છે. '**स्फुटं नाटयद्**' જુઓ! છે ને? '**सहजावस्थां स्फुटं**' એટલે પ્રગટ. '**नाटयद्**' નચાવે છે.

ભગવાન આત્મા પોતાની સંપત્તિ તરફ જ્યાં સંપદાની સંભાળમાં આવ્યો, તો સંપદાનું નિધાન ખુલ્યું. અને જ્ઞાન, શ્રદ્ધાની સાથે આનંદ આદિ ક્રિયા જે આત્માની સ્વભાવિક ક્રિયા છે, એને આત્મા પ્રગટ નચાવી રહ્યો છે. પ્રગટ વ્યક્તરૂપે પરિણમી રહ્યો છે. આહાહા..! ભાષા પણ જુદી જાતના ભાવ. નવા માણસને તો એવું લાગે આ તો બધું નિશ્ચય છે. પણ નિશ્ચય એટલે સાચું. નિશ્ચય સમજે નહિ, સમજે નહિ અને કહે, એય..! વ્યવહાર ક્યાં ગયો? ફલાણું ક્યાં ગયું? પંચ કલ્યાણક કર્યા, આમ કર્યું, આમ કર્યું. તો એને ધર્મ થાય કે નહિ? ના. કોણ કહે છે ધર્મ થાય છે? એય.. મણિભાઈ! તો કોઈ નહિ કરે. પણ કોણ કરે છે તો નહિ કરે. એ કરી શકતો હોય તો નહિ કરે એ આવે. એ સમયે થવાનું હશે તો થશે, થશે ને થશે જ. કોણ કરે છે કે રોકી દે એને? રોકી દે એનો અર્થ કે એ પણ કર્તા થયો. આહાહા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન જ્યાં થયું ત્યાં એની કેવી ઉપમા લાગુ પડે છે, એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૯, મંગળવાર તા. ૨૯-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૬૩, ગાથા-૨૩૭ થી ૨૪૧, પ્રવચન-૩૨૧**

આ સમયસાર. બંધ અધિકાર ચાલે છે. પહેલો કળશ છે પહેલો કળશ. અહીંયાં પહેલા મંગળિક કરે છે. જે બંધ છે, બંધનું સ્વરૂપ-રાગ વિકારથી એકત્વબુદ્ધિ થવી એ ભાવબંધ કહો કે એ જ બંધ છે. સમજાણું કાંઈ? આત્મા એકલો જ્ઞાનપુંજ અબંધસ્વરૂપ, આનંદસ્વરૂપ અને શુદ્ધ અનેક ચેતનાગુણ સહિત છે. એ આત્મા પોતાના જ્ઞાન ઉપયોગમાં, વિકારને ઉપયોગમાં પોતાનો કરવો અને એની રુચિ કરી એમાં રમવું, બસ! એ જ બંધ છે. એ જ મિથ્યાત્વ છે અને એ જ બંધ છે. એ જ નવા બંધનું કારણ છે. એ બંધને જ્ઞાન ઉડાવી દે છે એ કહે છે.

જ્ઞાન ઉદય થાય છે. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એમાં અંતર્મુખ થઈને જે જ્ઞાન સત્તારૂપ સ્વભાવ આનંદરૂપ છે એ પ્રગટ થાય છે. એ જ્ઞાન આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. સમજાણું કાંઈ? જ્ઞાન પ્રગટ થયું એનો અર્થ-વસ્તુ તો જ્ઞાયકસ્વરૂપ છે, એમાં એકાકાર થઈને જે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન, આનંદરૂપ પરિણમી એને જ્ઞાન પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. અથવા આત્મા પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. એ આત્મા પ્રગટ થયો એ આનંદના અનુભવ સહિત પ્રગટ થયો. સમજાણું કાંઈ? ઈ કેવો છે? કે પોતાના આનંદસ્વરૂપ જ્ઞાનની રમણતા કરતું પરિણમી રહ્યું છે.

એ '**ધીર છે,...**' જ્ઞાન પ્રગટ થયું તે ધીર છે અને ત્રિકાળી સ્વરૂપ પણ ધીર નામ શાશ્વત છે. સમજાણું કાંઈ? ધીરું જ્ઞાન છે. જ્ઞાન ધીરું શાંત જ્ઞાન છે. વસ્તુ ત્રિકાળ શાશ્વત ધ્રુવ છે એ પણ ધીર છે, શાશ્વત છે અને એની શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ એ પણ ધીર, શાંત જ્ઞાન છે. સમજાણું કાંઈ? અને '**ઉદાર છે,...**' ઉદાર. પોતાની જ્ઞાન પર્યાયમાં અનેકને જાણવાની તાકાત રાખે છે. અને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ઉદાર છે. એમાંથી જેટલું કાઢો એટલો અંદર આનંદ અને જ્ઞાન નીકળે એવો આત્માનો ભંડાર છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, અનાકુળ છે,...**' જેમાં આકુળતા નથી. એ આનંદ છે એમ કહ્યું હતું. આકુળતા નથી એવું અનાકુળ લીધું. ત્રણ વિશેષણ લીધા ને? ધીર, ઉદાર, અનાકુળ. એવી જે દશા પોતાના આત્મામાં પ્રગટ થાય છે-સમ્યગ્દર્શન... સમજાણું કાંઈ? એ ધીર છે, ઉદાર છે, અનાકુળ છે અને ઉપાધિ રહિત છે. જેમાં કોઈ રાગાદિની

ઉપાધિ નથી. નિરૂપાધિ. સ્વરૂપ જ નિરપેક્ષ જેવી ચીજ છે એવી દશા પણ નિરપેક્ષ પરની અપેક્ષા વિનાની નિરૂપાધિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જૈન ધર્મમાં તો ..

ઉત્તર :- નિરપેક્ષ જ છે. એ તો વ્યવહાર પછી જાણવા લાયક છે એ કહે છે અહીં. નિરપેક્ષ નિરૂપાધિ સ્વભાવ. રાગની, વ્યવહારની અપેક્ષા જેને નથી. સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ભગવાન, એની દૃષ્ટિ કરતાં જે જ્ઞાન અને આનંદ, ધીર અને શાંત, અનાકુળ આદિ પ્રગટ થયા એમાં કોઈ વ્યવહારની અપેક્ષા જ નથી, એમ કહે છે. ડાહ્યાભાઈ! ભારે વાત ભાઈ! આ તો વ્યવહાર વ્યવહાર કરે છે. શુભભાવ મોક્ષમાર્ગ છે, એ.. શુભભાવ મોક્ષમાર્ગ છે. લખ્યું છે ટીકામાં શું કરે? જયચંદ્ર પંડિતે લખ્યું છે. આમાં લખ્યું છે એવું કથન લખ્યું છે. જુઓ! એ શુભ-અશુભ મોક્ષમાર્ગ ને બંધમાર્ગ.

અરે.. શુભ મોક્ષમાર્ગ શું? શુભ તો સારો મોક્ષમાર્ગ છે. એ આ. શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એના અવલંબનથી શાંતિ, આનંદ, ધીર, અનાકુળતા એવી દશા પ્રગટ થઈ, એને અહીંયાં મોક્ષમાર્ગ કહે છે. એ આત્મા જેવો છે એવો પ્રગટ થયો એનું નામ મોક્ષમાર્ગ છે. જેમાં રાગ-બાગની અપેક્ષા છે નહિ. રાગ જેમાં છે નહિ અને રાગ છે માટે (જ્ઞાન) પ્રગટ થયું એમ પણ નથી. ઝીણી વાત બહુ પણ ભાઈ! એટલે માણસ ઘણું લખે છે. ઓહોહો..! એટલું લખે છે. આજેય પાછું આવ્યું છે. આ શુભભાવ તો મોક્ષમાર્ગ જ છે. શુભભાવ તો સંવર નિર્જરા જ છે. જેટલી શુભભાવમાં નિવૃત્તિ થઈને અશુભની? એટલી સંવર નિર્જરા છે. અને શુભરાગ રહ્યો જરી થોડો એ અંશ છે બંધનો. પણ એ બંધ પણ એવો નથી કે એને રોકે, ભવિષ્યમાં એને મોક્ષનું સાધન દેશે, એવો ઉત્પન્ન થાય છે. ભારે પણ! અરે..! ભગવાન! ક્યાંનું ક્યાં લઈ જાય છે. ભાઈ! આવી ચીજને આમ કરતાં ચૈતન્યનો લૂંટારો થાય છે. એ દૃષ્ટિ ચૈતન્યને લૂંટે છે. આહાહા..! ભગવાન આત્મા પોતાનું સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ એમાંથી જે સહજ દશા પ્રગટ થઈ એ જ એક જ સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ છે. શુભભાવ વચ્ચે વચ્ચે (આવે એ) સમ્યગ્દૃષ્ટિને પણ બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે ને. સઉપાધિમાં એ બતાવે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એનું ભાન થઈને પ્રગટ થયો, પરની અપેક્ષા રહિત, ઉપાધિ રહિત છે એ. સમજાણું કાંઈ? અને પાછું પ્રગટ થયું એ ઉપાધિ રહિત થયું એમ તો કહ્યું. સમજ્યા? એકલો ત્રિકાળ પર્યાયમાં ઉપાધિ રહિત હતો એમ નહોતું. પર્યાયમાં ઉપાધિ હતી, મેલ હતો એ તો કબુલ કર્યા પછી આ વાત ચાલે છે. સમજાણું કાંઈ? પહેલા તો કહ્યું ને રાગ? રાગના મહારસે દારૂ પીધો

છે. એ વાત તો પહેલા કરી.

ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે અને એ રાગ, ગમે તે પ્રકારનો રાગ-ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પ રાગ, એ રાગ એ મદિરા છે. આહાહા..! આત્માના રસ વિના રાગનો રસ એ વિપરીત રસ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જે અનાકુળ શાંત, આનંદ, જ્ઞાનરસ સ્વરૂપ છે તેનાથી રાગ ચાહે સો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, ચાહે તો દયા, દાનનો ભાવ ઉત્પન્ન થાય એ બધો આત્માનો સ્વભાવ નથી. રાગરસ છે. ભાઈ! શોભાલાલભાઈ! આહાહા..! લોકોને એવું લાગે કે જાણે આ માર્ગ... અરે..! પણ આ જ માર્ગ છે, ભાઈ! બીજો માર્ગ નથી. પ્રભુ! તારા ઉદ્ધારનો આ એક જ રસ્તો છે. આહાહા..! અંતર ભગવાન આખો ચૈતન્ય આનંદકંદ ઘોળાય છે ને. આખો પરમાત્મા બિરાજે છે ને પ્રભુ! એનું શરણ લે. એમાં જે દશા પ્રગટ થાય એ જ તને મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? એ વાદવિવાદે પાર પડે એવું નથી, ભાઈ! આ એવી વાત છે. પણ શું કરે?

અરે..! આવો વખત મળ્યો માંડ. અનંત કાળમાં નીકળે માંડ (મનુષ્ય) અવતાર (મળ્યો). એ અવતાર, અવતારના અભાવ માટે ન કરે અને અવતારને વધારવા માટે કરે એ તે કાંઈ અવતાર કહેવાય? સમજાણું કાંઈ? આવો ભવ મળ્યો અનંત કાળે, આના જેવો, એ તો કોઈ વિચાર કરે ત્યારે ખબર પડે ને. આ ક્યાં? અનંત કાળથી રઝળતા રઝળતા રખડતા એક મનુષ્યદેહ માંડ મળ્યો. એમાં વળી આ શાસ્ત્રનું સાંભળવું, આવી આર્યતા, આવી બહારની જોગવાઈ.. એમાં આ ભવમાં ભવના અભાવની વાત ન કરી, તો શું કર્યું એણે? સમજાણું કાંઈ?

શુભભાવ પણ ભવસ્વરૂપ જ છે. ભવ, એ શુભભાવ એ ભવ છે. બીજો ભવનો અર્થ શું? ઉદયભાવ એ સંસાર છે, એ ભવ છે. એનાથી રહિત ભગવાન આત્મા પોતાના ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ આમ ધ્રુવ શાશ્વત છે, એના ઉપર દૃષ્ટિ કરી, બહારની દૃષ્ટિ હટાવીને ભગવાન આત્મા અંતરમાં પર્યાયને સમાવે છે તો શુદ્ધિ પ્રગટ થાય છે. શાંતિ લઈને, આનંદ લઈને, સમાધાન લઈને વીતરાગતા પ્રગટ થાય છે. એ વીતરાગતાને રાગની અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

‘**(અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.**’ આ રાગનું ગ્રહણ કે રાગનો ત્યાગ પણ એમાં નથી. આહાહા..!

‘**ભાવાર્થ :- બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે...**’ પરિણમન કરશે. રાગનું પરિણમન, વિકારનું પરિણમન દુઃખદાયક પરિણમન. દારૂ પીને જેમ ઘેલછા થાય, એમ રાગનો રસ પીને રાગમાં ઘેલો-પાગલ થયો

છે. એનું નૃત્ય છોડીને '**જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો.**' જેવો આત્મા છે એવી પ્રગટ દશા થઈ તે એવી ને એવી રહો. એમ કહે છે. સમજાણું કાંઈ? હવે બંધની ગાથા. ગાથા છે ને પાંચ?

**जह णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि।**
**ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं।।२३७।।**
**छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।**
**सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवघादं।।२३८।।**
**उवघादं कुव्वतस्स तस्स णाणाविहेहिं करणेहिं।**
**णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो दु रयबंधो।।२३९।।**
**जो सो दु णेहभावो तम्महि णरे तेण तस्स रयबंधो।**
**णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४०।।**
**एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु।**
**रागादी उवओगे कुव्वंतो लिप्पदि रएण।।२४१।।**

નીચે હરિગીત.

**જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.**
**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.**
**બહુજાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે? ૨૩૯.**
**એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.**
**ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદષ્ટિ જે,**
**ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૦.**

કારણો? કારણો છે? બહુવચન છે. હિન્દીમાં. ઠીક.

ઓહોહો..! આ મોટી તકરાર ચાલે છે. કાયચેષ્ટાથી બંધ થાય અને કાયચેષ્ટાથી મુક્તિ થાય. આહાહા..! ભગવાન! એઈ.. રાજમલજી! અરે.. ભગવાન! શું કહે છે તું આ? સચેત જીવની ક્રિયા. શું કીધું? સચેત શરીર. સચેત શરીરથી ધાર્મિક ક્રિયા થાય. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! જડ પરપદાર્થ છે, રાગથી પણ ધર્મ નથી થતો એમાં વળી શરીરની ક્રિયા

તો સ્વતંત્ર અજીવ, એનું પરિણમન સ્વતંત્ર થાય છે. તારો તો સ્પર્શ પણ નથી. સમજાણું કાંઈ? પાઠ છે ને જુઓ! કાયચેષ્ટા. આ કાયચેષ્ટા છે એ બંધનું કારણ નથી. અને કાયની ચેષ્ટા છે એ તો વળી મુક્તિનું કારણ પણ લ્યે છે. લ્યો. પ્રવચનસાર. આહાહા..! એ પ્રવચનસારમાં આવે છે ને છેલ્લે? .. ત્યાં બંધનું કારણ. ઓલું .. અને ૪૫મી ગાથા. ત્યાં બંધનું કારણ. અને ઓલી ૪૫મી ગાથા લીધી ને ઉદય ક્ષાયિકભાવ છે. અર્હંતા પુણ્યફળા. દેખો! ભગવાનનો ઉદયભાવ ક્રિયા એ પણ મોક્ષનું કારણ છે. અરે.. ભગવાન! ભારે. ભગવાન હાલે-ચાલે છે ને? એ પણ મોક્ષનું કારણ છે. લખ્યું છે, જુઓ! લખ્યું છે એમાં. એવા બે દાખલા આપ્યા છે.

ભાઈ! એમ નથી ભાઈ! એ તો અંતર સ્વરૂપની શુદ્ધતા વધે છે. ઉદય છે એ ખરી જાય છે ભગવાનનો. એ ખરી જાય છે એને ક્ષાયિકભાવ (કહ્યો), ઉદયને જ ક્ષાયિક કહી દીધો છે. સમજાણું કાંઈ? આ તો હાલવા-ચાલવાની ક્રિયા એ પણ નિર્જરાનું કારણ છે. એમ કહે છે. ધન્નાલાલજી! આવે છે કે નહિ? પ્રવચનસારમાં નથી આવતું? અરે.. ભગવાન! આ પ્રભુ ચૈતન્ય બિરાજે છે આનંદકંદ. એ જિનબિંબ આત્મા છે. એના દર્શનથી, એના જ્ઞાનથી, એની રમણતાથી આત્માને વીતરાગતા થાય છે. સમજાણું કાંઈ? જ્યાં-ત્યાં એ દૃષ્ટાંત આપે. જિનબિંબ. આજે પણ આવ્યું છે. ઘણી વાર આપે છે. જિનબિંબના દર્શન કરવાથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય.

મુમુક્ષુ :- જિનબિંબ અને શુભભાવ...

ઉત્તર :- શુભભાવથી નિર્જરા. જય ધવલ. શુભથી નિર્જરા. અરે.. ભગવાન!

એ શુભભાવ, કાયચેષ્ટા તો જડ છે. શુભભાવ બંધનું જ કારણ એકાંત છે. સમજ્યા? એ અહીં કહેશે. રાગ, પોતાના જ્ઞાનમાં ચૈતન્ય ઉપયોગ સ્વરૂપ છે, એ ઉપયોગમાં રાગનું એકત્વ કરવું એ જ બંધનું કારણ છે. અને રાગને સ્વભાવથી પૃથક્ કરી સ્વભાવમાં એકત્વ કરવું એ જ મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ? કાયચેષ્ટા આદિ તો જડ પર્યાય છે. એ તો એનો ઉત્પાદ જડમાં જડથી થાય છે. જડના ઉત્પાદથી આત્મામાં સંવર નિર્જરાનો ઉત્પાદ થાય છે? સમયે સમયે અનંત પદાર્થ છે. ઉત્પાદ-વ્યય એનું પરિણમન સહેજે થયા જ કરે છે. કાયચેષ્ટા હો ભલે, ભગવાનની સન્મુખ જાવ અને દર્શન કરવા આમ સ્પર્શ કરે. પણ એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ? અને સ્તુતિ-બુતિ વાણીથી નીકળે એ પણ જડની ક્રિયા છે. એમાં આત્માનો મોક્ષ ક્યાં થયો? શેઠ! આહાહા..!

ભાઈ! એ તો મુક્તસ્વરૂપ છે. મુક્ત સ્વરૂપના અવલંબને શાંતિ પ્રગટ કર તો મુક્તિ થશે. અને એ શાંત સ્વરૂપમાં રાગના કણની પણ એકત્વબુદ્ધિ કરવી એ જ મિથ્યાત્વ અને એ જ એકલું બંધનું કારણ છે. કોઈ બીજી ચીજ બંધનું કારણ નથી. ભલે બંધના ભાવમાં બીજી

ચીજ નિમિત્ત હો. એ આવશે ને બંધમાં? ... એ વસ્તુના આશ્રયે ભલે અધ્યવસાય પ્રગટ થાય, પણ વસ્તુ બંધનું કારણ નથી. બંધનું કારણ તો એકલો રાગ પણ નથી અહીં તો. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદમાં રાગનું એકત્વ કરવું, પોતાની ભૂમિકા જે શુદ્ધ નિર્મળ આનંદ છે એમાં રાગનું એકત્વ કરવું એ જ ઉપયોગ ભૂમિમાં બંધનું કારણ છે. મિથ્યાત્વનો હોં! મિથ્યાત્વનો બંધ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ સાથે એકત્વબુદ્ધિ એ જ બંધનું કારણ છે.

ઉત્તર :- એક જ વાત છે. રાગ અસ્થિરતાનો એ પ્રશ્ન જ નથી. વસ્તુ જે જ્ઞાયકમૂર્તિ ચૈતન્યબિંબ છે, જ્ઞાનસ્વભાવ વસ્તુ... વસ્તુ... વસ્તુ... ઉપયોગ સ્વરૂપ જ્ઞાનાકાર સ્વભાવ, એમાં રાગનો કણ, શુભરાગનો કણ પણ પોતાના જ્ઞાયકમાં એકાકાર કરવો, એ જ મિથ્યાત્વનું કારણ છે. એ મિથ્યાત્વબુદ્ધિ છે તો મિથ્યાત્વ-દર્શનમોહના બંધનું એ કારણ છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

મુમુક્ષુ :- રાગ વસ્તુમાં...

ઉત્તર :- વસ્તુમાં રાગ નથી. વસ્તુ અબંધ છે, વીતરાગ સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. ચિદ્દ્ઘન, આનંદઘન, અકષાય સ્વભાવ પિંડ. એ વસ્તુમાં ધ્રુવ ચૈતન્યમાં રાગની એકતા સ્વભાવ સાથે કરવી, મિથ્યા અભિપ્રાય આ રાગ મારો છે, રાગ ઉપયોગમાં પોતાની ભૂમિકા, પોતાની દશા અને રાગનું એકત્વ કરવું, બસ! એ જ મિથ્યાત્વ છે અને એ જ નવા દર્શનમોહના બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ! ટીકા. ટીકા છે ને?

**ટીકા :- 'જેવી રીતે-આ જગતમાં...'** જેવી રીતે આ જગતમાં એમ સિદ્ધ કરે છે. આ એક જગત છે, વાસ્તવિક વિદ્યમાન પદાર્થ જગત છે એને સિદ્ધ કરે છે. આત્મા સત્ય છે અને જગત મિથ્યા છે એવી વાત નથી. સમજાણું કાંઈ? બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ કહે છે ને? એમ નથી. જગત છે. આખું જગત છ દ્રવ્ય રૂપ લોક આખું જગત છે. **'જેવી રીતે-આ જગતમાં ખરેખર કોઈ પુરુષ સ્નેહના (અર્થાત્ તેલ આદિ ચીકણા પદાર્થના)...'** પાઠમાં તો સ્નેહ છે. તેલ આદિ ચીકણા પદાર્થથી **'મર્દનયુક્ત થયેલો,...'** એકલું ચોપડ્યું એમ નહિ. મર્દન કર્યું છે. સમજ્યા? ચોળી ચોળીને મર્દન કર્યું છે. તેલ આદિ ચીકણા પદાર્થથી શરીરમાં મર્દન કર્યું છે.

**'સ્વભાવથી જ જે બહુ રજથી ભરેલી છે (અર્થાત્ બહુ રજવાળી છે) એવી ભૂમિમાં રહેલો,...'** તેલથી મર્દનયુક્ત આદમી. **'સ્વભાવથી...'** જોયું! સ્વભાવથી ધૂળ પડી છે ને. **'એવી ભૂમિમાં રહેલો, શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ કરતો,...'** હાથમાં તરવાર, શસ્ત્ર આમ કરે છે. સમજાણું કાંઈ? હાથમાં શસ્ત્ર હોય, તરવાર હોય, બંદુક હોય. **'અનેક**

**પ્રકારનાં કરણો વડે...**' ઇન્દ્રિયો દ્વારા. કરણો એટલે ઇન્દ્રિયો દ્વારા અથવા ઉઠ-બેસ એવી ક્રિયા કરે છે.

'**મર્દનયુક્ત થયેલો,...**' તેલ આદિ ચીકાશથી મર્દનયુક્ત થયેલો કોઈપણ પ્રાણી. સ્વભાવથી જ રજથી ભરેલી છે ત્યાં આગળ એ શસ્ત્રથી વ્યાયામ કરે છે. અને ઇન્દ્રિયોથી... આમ આમ ઇન્દ્રિયો (કરે છે). અથવા બે પ્રકારે. કરણ નામ ઇન્દ્રિય પણ છે અને ઉઠ-બેસ કરે છે. વ્યાયામ કરે છે ને? બેસે ને ઉઠે એમ કરે. એ '**વડે સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**' આહાહા..! સચિત્ત અને અચિત્ત. ભાષા તો એમ જ આવે ને. જુઓ! સચિત્તનો ઘાત કરે છે. સચિત્ત શરીરને કહે છે ને? પણ અહીં તો સમજાવવું હોય તો કેવી રીતે સમજાવે? સચેત-અચેત. અચેત એટલે એકલી લાકડી, ધૂળ આદિ અને સચેત જીવાદિ સંબંધવાળા. (એનો) ઘાત કરે.

'**વસ્તુઓનો ઘાત કરતો, (તે ભૂમિની) રજથી બંધાય છે-**' એ રજ છે એનાથી બંધાય છે, '**લેપાય છે. (ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ ક્યું છે? પ્રથમ, સ્વભાવથી જે જે બહુ રજથી ભરેલી છે એવી ભૂમિ રજબંધનું કારણ નથી;...**' એ ધૂળ બંધનું કારણ નથી. '**કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું એવા પુરુષોને જેઓ તે ભૂમિમાં રહેલા હોય તેમને પણ રજબંધનો પ્રસંગ આવે.**' તેલ મર્દન કર્યું નથી. ધૂળમાં છે તો ચોંટે ક્યાંથી? તેલનું મર્દન જ રજબંધનું કારણ છે. સમજાણું કાંઈ? જુઓ! મહાસિદ્ધાંત. લોકો તો એટલું લે છે કે, અહીં તો દેહની ક્રિયા બંધનું કારણ (કહ્યું છે). આ પરને રાખે દેહથી. જુઓ! ત્યાં સુધી લઈ ગયા. શરીર લઈ જાય, શરીર ત્યાં સન્મુખ લઈ જાય, ભગવાન સન્મુખ લઈ જાય, શરીર આમ કરે. એણે ભાષા બહુ લખી છે. સમજ્યાને?

મુમુક્ષુ :- શરીર જીવને લઈ જાય કે...

ઉત્તર :- શરીર લઈ જાય જીવને. આમ બધું લઈ જાય સામું કરે, આમ કરે.. આમ કરે... આમ કરે... કેવો શબ્દ ભૂલી ગયા. ઘણા શબ્દ છે. શરીરની ક્રિયા એવું કામ કરે છે. આ તો જડ પર્યાય કામ કરે છે? એ તો એની ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય ક્રિયા કરે છે. એનાથી એમ કે અમને ધર્મ થાય છે. ભગવાન સન્મુખ શરીર કરે છે ને. અમારે જાવું હોય તો ભગવાન પાસે લઈ જાય, જાત્રામાં લઈ જાય.

મુમુક્ષુ :- ૯૯ વખત જાત્રા કરીએ...

ઉત્તર :- હા. ૯૯ જાત્રા કરવી હોય તો શરીર ઉપર લઈ જાય. જુઓ! એને સન્મુખ લઈ જાય ભગવાન પાસે. આહાહા..! કહો, આ શરીર લઈ જતું હશે? શરીર તો જડ છે.

એ તો પોતાની પર્યાયથી ત્યાં ગતિ કરે છે. આત્મા પણ પોતાની યોગ્યતાથી ત્યાં ગતિ કરે છે. આહાહા..!

અહીં કહે છે કે જેણે તેલાદિ મર્દન ચીકાશનું કર્યું છે એ રજમાં છે અને રજ લાગે છે. તો શું રજને કારણે રજ લાગી છે? રજ જમીનમાં છે એ કારણે રજ લાગી છે? જો એનાથી લાગતી હોય તો જેણે તેલમર્દન નથી કર્યું એને તો રજ ચોંટતી નથી. સમજાણું કાંઈ?

'**શસ્ત્રોના વ્યાયામરૂપી કર્મ પણ રજબંધનું કારણ નથી;...**' આહાહા..! ભારે ખુલ્લું મૂક્યું છે ને. હાથમાં તરવાર અને બંદુક હોય એ બંધનું કારણ નથી. '**વ્યાયામરૂપી કર્મ...**' એ કર્મ એટલે કાર્ય. '**રજબંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિ મર્દન નથી કર્યું તેમને પણ શસ્ત્રવ્યાયામરૂપી ક્રિયા કરવાથી રજબંધનો પ્રસંગ આવે. અનેક પ્રકારનાં કરણો પણ રજબંધનું કારણ નથી;...**' ઇન્દ્રિયો. '**કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ અનેક પ્રકારનાં કરણોથી રજબંધનો પ્રસંગ આવે.**' ઇન્દ્રિય પણ બંધનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ સચેત-અચેત વસ્તુનો ઘાત પણ રજબંધનું કારણ નથી.

'**કારણ કે જો એમ હોય તો જેમણે તેલ આદિનું મર્દન નથી કર્યું તેમને પણ સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરવાથી રજબંધનો પ્રસંગ આવે. માટે ન્યાયના બળથી જ આ ફલિત થયું કે,...**' ન્યાયના બળથી, સમ્યક્ સત્યના બળથી, યુક્તિના બળથી એમ ફલિત થયું કે '**જે તે પુરુષમાં સ્નેહમર્દનકરણ તે બંધનું કારણ છે.**' તેલનું મર્દન ચીકાશ એ જ બંધનું કારણ છે. કોઈ બીજી ચીજ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ?

'**તેવી રીતે-**' હવે સિદ્ધાંત લે છે. પેલું દૃષ્ટાંત આપ્યું. '**મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિક કરતો,...**' બસ. એટલો પ્રશ્ન અહીં. ત્યાં આગળ વજન છે. પોતાના આનંદ જ્ઞાયક સ્વરૂપમાં રાગનો, દ્વેષનો કોઈપણ વિકલ્પ પુણ્યાદિનો, પોતામાં કરતો. મિથ્યાદૃષ્ટિ, અસત્ય દૃષ્ટિ એનું લક્ષણ પણ કહ્યું. શું? કે '**પોતામાં રાગાદિક કરતો,...**' પોતાનો જે જ્ઞાયક ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, એમાં રાગનો કણ જે સૂક્ષ્મ છે એને પોતાના સ્વભાવ સાથે 'આ રાગ મારો છે; એમ કરતો થકો. સમજાણું કાંઈ? પરની ક્રિયાની અહીંયાં વાત નથી.

રાગ-વિકલ્પ, પુણ્ય-પાપનો કોઈપણ વિકલ્પ, વિકલ્પ નામ વૃત્તિ ઉઠે છે, એને પોતામાં, વિકલ્પને પોતામાં-શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં, વિકલ્પને પોતાનો કરવો એવું મિથ્યાદૃષ્ટિપણું જ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? કેમ કે રાગાદિ સ્વરૂપમાં નથી. રાગ, ચૈતન્ય ભગવાન આત્મામાં નથી. ચાહે તો તીર્થંકર ગોત્રનો ભાવ ઉત્પન્ન થાય તોપણ આત્મામાં એ ભાવ નથી. સમજાણું

કાંઈ? તીર્થંકરગોત્ર તો જે રાગને પોતાનો માને છે એને તો તીર્થંકરગોત્ર બંધાતું જ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને તો રાગમાં એકત્વબુદ્ધિ છે જ નહિ. રાગથી પૃથક્ પોતાના જ્ઞાયક સ્વભાવમાં એકત્વબુદ્ધિ છે તો એને રાગ આવી જાય છે તો બંધ પડે છે. બંધ પડે છે. એનાથી લાભ થાય એમ નથી.

મુમુક્ષુ :- તીર્થંકર થાય એમાં લાભ છે.

ઉત્તર :- લાભ શું પણ તીર્થંકરનો? રાગથી તીર્થંકર થાય છે? કેવળજ્ઞાન રાગથી થાય છે? રાગ આવ્યો તીર્થંકર પ્રકૃતિ બંધાણી, એનાથી કેવળજ્ઞાન થાય છે? સમજાણું કાંઈ? તીર્થંકર પ્રકૃતિ બંધાણી તો ચોક્કસ થઈ ગયું ને કે ત્રીજે ભવે મુક્તિ થશે? એ તો પોતાના સ્વભાવમાંથી નિર્ણય થઈ ગયો. સમજાણું કાંઈ? એ રાગથી પ્રકૃતિ બંધાણી અને એને ખબર પડી કે હું તીર્થંકર થવાનો છું. ભગવાને કહ્યું લ્યો શ્રેણિક રાજાને. સમજાણું કાંઈ?

સમવસરણમાં ભગવાન મહાવીર પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું કે આ શ્રેણિક રાજા આ ભરત ક્ષેત્રમાં આગામી ચોવીસીમાં તીર્થંકર થશે. એઈ.. પોપટભાઈ! શ્રેણિક રાજાએ સાંભળ્યું. એને ખ્યાલ આવ્યો કે હું તીર્થંકર થવાનો છું. સમજાણું કાંઈ? તો એ રાગથી બંધ પડ્યો એનાથી કેવળજ્ઞાન થયું એમ એને છે જ નહિ. એ વખતે પોતાના સ્વભાવ સન્મુખનું જેટલું જોર છે, એટલા જોરથી એને નિર્ણય થયો. હું હવે અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ. શું કહે છે સમજાણું કાંઈ?

એ રાગ થયો અને રાગથી બંધ પડ્યો તીર્થંકર પ્રકૃતિનો. તો ભગવાને કહ્યું અને એને પણ ખ્યાલ આવ્યો કે હું ભવિષ્યમાં તીર્થંકર થવાનો છું. પણ એ તીર્થંકર થવાનો છું માટે મને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થશે એવો નિર્ણય એનાથી નથી થયો. સમજાણું કાંઈ? અંતરમાં સ્વભાવ ઉપર એટલું જોર છે કે એ જોરની કળામાં એવો ખ્યાલ આવે છે કે આ કળા અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ? આ મારી શુદ્ધ કળા આત્મામાં એકાગ્ર થાય છે એ જ કળા વધીને અલ્પ કાળમાં હું કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ. ત્યારે એ પ્રકૃતિ છે એનો પાક તે સમયે આવશે. મારા પુરુષાર્થથી, સ્વભાવની એકાગ્રતાથી જ્યારે હું કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ ત્યારે આ પ્રકૃતિ બંધાણી છે એનો પાક ત્યારે આવશે. એમાં પ્રકૃતિએ શું કર્યું અને એ ભાવે શું કર્યું આત્મામાં? એઈ..! રાજી રાજી થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

ભક્તિમાં બોલતા નથી? બહુ બોલે છે ઉપર અને નીચે. 'ષોડશ કારણ ભાવના ભાય...' પછી શું આવે છે? 'સોલહ તીર્થંકરપદ પાય, દર્શન વિશુદ્ધિ ભાવના ભાયે...' એમ આવે છે. 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાયે, સોલહ તીર્થંકરપદ પાય, પરમગુરુ હોય. જય જય નાથ પરમગુરુ હોય.' એઈ.. મણિભાઈ! ભગવાન! એમાં તો એમ કહે છે કે પોતાના સ્વરૂપમાં

એટલું જોર છે કે જે રાગ આવ્યો તીર્થંકર પ્રકૃતિનો બંધ થયો તો મારા દ્રવ્યમાં એટલી તાકાત છે કે આ દ્રવ્યમાં તીર્થંકર થવાની લાયકાત હતી, તો મારા દ્રવ્યની એટલી તાકાતમાં બીજા ભવે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીશ. બસ. સમજાણું કાંઈ? એ પોતાના સ્વભાવથી નિર્ણય થયો છે. શુભભાવ થયો અને બંધ (પડ્યો) એનાથી નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

ક્ષયોપશમ સમકિતી હોય અને પછી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. સમજાણું કાંઈ? ક્ષયોપશમ સમકિત હોય અને તીર્થંકર પ્રકૃતિ બંધાઈ જાય, ક્ષાયિક હોય અને બંધાઈ જાય. ક્ષયોપશમ હોય તો બંધાઈ જાય. પણ એટલું ત્યાં જોર છે અંદરમાં કે ઓહો..! અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થશે એવી મારા દ્રવ્યની લાયકાત છે. સમજાણું કાંઈ? જેમ બીજને જોઈને પૂર્ણ ચંદ્ર થવાનું જેમ અનુમાન થાય છે, (એમ) આ ભાવ જ એવો જોરથી ઉપડ્યો છે કે અલ્પ કાળમાં કેવળજ્ઞાન લઈને મુક્તિ પામીશ. પુરુષાર્થથી નિર્ણય થયો છે. એ રાગ આવ્યો અને એનાથી અનુમાન કરીને (જાણ્યું છે) એમ પણ નહિ. આહા..! વળી બીજી વાત ચાલી.

એ રાગ આવ્યો અને તીર્થંકર પ્રકૃતિ બંધાઈ ગઈ, એવો ખ્યાલ આવ્યો. તો રાગ અને પ્રકૃતિના બંધને કારણે એવો નિર્ણય નથી થયો. સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ સ્વભાવ વીતરાગતા થઈ એ વીતરાગભાવના જોરથી નિર્ણય થયો છે. એકાદ દેહાદિ હોય સ્વર્ગનો. પછી બીજા ભવે કેવળજ્ઞાન લઈશું. સમજાણું કાંઈ? પ્રકૃતિ અને રાગથી નહિ. શાસ્ત્રમાં એવું આવે હોં લખાણ. તીર્થંકર પ્રકૃતિ મોક્ષનું કારણ છે. એ તો નિમિત્ત છે.

અહીં કહે છે, અહીં તો શું કહે છે? કે ઓહો..! ભગવાન આત્મા, એમાં રાગનો કણ ઝીણો-સૂક્ષ્મ હોય. દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, નામ સ્મરણનો એ વિકલ્પ છે એને જ્ઞાયકસ્વભાવ સાથે જોડી દે છે, એકતા કરે છે એ જ મિથ્યાદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિપણું બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા સમજ્યાને? સંસ્કૃત ટીકા છે ને. શું છે? '**आत्मनि रागादीन् कुर्वाणः**' જુઓ! સંસ્કૃત છે જુઓ. મારે તો આદિ શબ્દ જોવો છે. '**एवं मिथ्यादृष्टिः आत्मनि रागादीन् कुर्वाणः**' અંદર ભગવાન આત્મા રાગથી, વિકલ્પથી પાર પર છે. એ પર ભિન્ન છે એવું ભાન નથી, એ જ પોતામાં પોતાના અસ્તિત્વ શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ નથી તો પોતાનું અસ્તિત્વ રાગના કણમાં પોતાનું અસ્તિત્વ માનીને રાગની સાથે એકત્વબુદ્ધિ કરે છે. સમજાણું કાંઈ? અને એ એકત્વ કરી શકે છે. શું? રાગ (સાથે) એકત્વ મિથ્યાશ્રદ્ધામાં કરી શકે છે. પરની એકતા તો કદી કરી શકતો જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

રાગની સાથે એકત્વ (અર્થાત્) આ રાગ હું છું, આ રાગ હું છું એમ ઉપયોગમાં એટલું કરી શકે છે. મિથ્યાશ્રદ્ધામાં. પર્યાયની યોગ્યતામાં. દ્રવ્ય સ્વભાવમાં એમ છે નહિ. ગુણમાં કોઈ ગુણ નથી, દ્રવ્યમાં કોઈ શક્તિ નથી. કે રાગ પોતાનો કરે પર્યાયમાં એવા કોઈ દ્રવ્ય-

ગુણ છે જ નહિ. સમજાણું કાંઈ? પર્યાયમાં-અવસ્થામાં એક ક્ષણનો કૃત્રિમ, ત્રિકાળ ભગવાન જ્ઞાયક ઉપયોગ ચૈતન્યમય એ પોતામાં રાગાદિને કરે છે. રાગ, દ્વેષ. સમજાણું કાંઈ? કોઈ પ્રશસ્ત રાગ આવ્યો કે આમ ધર્મ નથી થતો. એનાથી મને લાભ થશે. એવો દ્વેષનો કણ આવ્યો ને? એ પોતાના જ્ઞાયકમાં એકત્વ કરે છે મિથ્યાદષ્ટિ. એ મિથ્યા-અસત્યદષ્ટિ પોતાના ઉપયોગમાં જ્ઞાનાનંદપણું કરવું જોઈએ, એમ ન કરતાં રાગને પોતામાં કરે છે, પોતામાં જોડે છે, ચૈતન્ય ભૂમિકા સાથે મેલને પોતાનો માને છે એ જ મિથ્યાદષ્ટિપણું બંધનું કારણ છે. અહીં રાગ અને ચારિત્રદોષ બંધનું કારણ છે એ અહીં લેવું જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

જેમ તેલનું મર્દન. એ મર્દન જ બંધનું કારણ છે. નહિ કે ધૂળ આદિ. એમ પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન, એનો આદર ન કરતાં, એનો આશ્રય ન કરતાં પર્યાયમાં રાગનું એકત્વ કરે છે એવો મિથ્યાદષ્ટિ પોતામાં, પોતામાં એટલે જ્ઞાયક, આનંદમાં રાગાદિને પોતાનો કરતો થકો. '**સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે...**' આ લોક તો કર્મથી ભરેલો છે. જુઓ ભાષા. સ્વભાવથી કર્મ થવાને લાયક વર્ગણા ચૌદ બ્રહ્માંડમાં પડી છે. જેમ ધૂળ પડી છે શેરીમાં. શેરીને શું કહે છે? ગલી.. ગલી. ધૂળ પડી છે ને ધૂળ? તેલ મર્દનવાળું બાળક જાય તો ચોંટે. તેલનું મર્દન ન હોય તો કાંઈ ચોંટે નહિ. ચોંટે કહે છે ને? ચિપક જાય, ચિપક જાય લ્યો. તમારી બધી હિંદી ક્યાંથી અહીં આવડે? કહો, સમજાણું કાંઈ?

'**સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે...**' કર્મ થવાયોગ્ય રજ તો આખા જગતમાં પડી છે. '**એવા લોકમાં...**' એવા લોકમાં. ભાષા જુઓ! સમજાણું કાંઈ? '**કાય-વચન-મનનું કર્મ કરતો,...**' કરતો થકો એટલે? ભાષા અહીં પકડે. એઈ..! અહીં મન-વચન-કાયાની પર્યાય થવાની તે થઈ. એ થઈ એને કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સિદ્ધાંત કહેવામાં આવે એમાં પછી આ પ્રશ્ન કરે કે લ્યો! કરતો થકો ત્યાં આવ્યું કે નહિ? અજ્ઞાની કરી શકે કે નહિ મન-વચન-કાયાની પુદ્‌ગલની ક્રિયા? એ વાત જ ક્યાં છે? આ તો રાગ ત્યાં થાય છે. એ મન-વચનની ક્રિયા હોય તો એ બંધનું કારણ નથી. ત્યાં આગળ રજ પડી છે એ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિ ઉપયોગમાં રાગની એકતા કરે છે એ જ બંધનું કારણ છે. કર્મ પડ્યા છે એ બંધનું કારણ નથી.

એમ '**કાય-વચન-મનનું કર્મ...**' જુઓ! અહીં કર્મને ક્રિયા કીધી. સમજ્યા? પોતાના દેહની ક્રિયા, એનું કાર્ય કરતો થકો એ પણ બંધનું કારણ નથી. '**અનેક પ્રકારના કરણો વડે...**' ઇન્દ્રિયો દ્વારા. આહાહા..! '**સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**' વનસ્પતિનો ઘાત થાય છે. અચેતનો ઘાત થાય છે. વાંસ આદિનો ટૂકડા થાય છે. ધૂળ-

ઢેફા આદિ હોય છે ને ઘણાં, એનો ભુકકો થાય છે. અને સચેતનો પણ ભુક્કો થાય છે. વાત ભારે! ભગવાન પણ આચાર્યોએ તો ખુલ્લી વાત મૂકી દીધી છે.

'**સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાય છે.**' એ કર્મરૂપી રજથી બંધાય છે. '**(ત્યાં વિચારો કે) તેમાંથી તે પુરુષને બંધનું કારણ ક્યું છે?**' જુઓને, ન્યાયથી તો તુલનાની વાત કરે છે, લ્યો. વિચાર કરો, વિચાર કરો એમ આવ્યું ને? સમજાણું કે નહિ? સમજાણું? વસ્તુઓનો ... કરે છે એમાંથી અહીં વિચાર કરો. એમ આવ્યું ને? '**સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી;...**' સમજાણું કાંઈ? જે કર્મવર્ગણા પડી છે એ બંધનું કારણ નથી.

'**કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે...**' જુઓ! સિદ્ધ પણ લોકમાં છે અને લોકમાં ત્યાં વર્ગણા પડી છે. શું કહ્યું? સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદ પણ છે અને કર્મવર્ગણા પણ છે. (સિદ્ધના) પેટમાં. નિગોદ અહીં છે ને એ સિદ્ધમાં? તો જ્યાં સિદ્ધ છે અંતરમાં, અનંત ભવ કરનારા નિગોદ પણ પડ્યા છે. અને કર્મવર્ગણા પણ ઘણી પડી છે.

સિદ્ધ છે ત્યાં કર્મવર્ગણા છે. છે કે નહિ? નિગોદ છે ને ત્યાં? નિગોદમાં પણ જેટલી ઉપયોગમાં રાગની એકતા કરે છે એટલી કર્મવર્ગણા ત્યાં બને છે. એ વર્ગણા મિથ્યાત્વને કારણે (બંધાય છે). નિગોદમાં સિદ્ધ જ્યાં બિરાજે છે ને? જે અવગાહન હોય છે સાત હાથ કે પાંચસો ધનુષ, એમાં અંદર આત્મા બીજા નિગોદના. તો એ નિગોદ જે પોતાના જ્ઞાન ઉપયોગમાં રાગની એકતા કરે છે. (ત્યાં) દર્શનમોહની વર્ગણા છે એ વર્ગણા બંધાય છે. સિદ્ધને તો છે નહિ. વર્ગણા છે પણ મિથ્યાત્વભાવ નથી. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન હશે ત્યાં પણ કર્મવર્ગણા હશે? શેઠ! સમજાણું કે નહિ? શું કહ્યું? જવાબ ન આપ્યો. હેં..હેં.. થઈ ગયું. સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં કર્મવર્ગણા છે કે નહિ?

મુમુક્ષુ :- શું ખબર? શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- પણ આખો લોક ભર્યો છે પછી પ્રશ્ન ક્યાં છે? એ તો કહ્યું, જુઓને. એ કહે છે, જુઓ! શું? '**બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો છે એવો લોક...**' સામે શબ્દ તો પડ્યો છે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું સ્થાન શું? પ્રશ્ન છે ક્યાં? એને મિથ્યાત્વ છે નહિ માટે કર્મ વર્ગણા હોવા છતાં બંધાતા નથી. એ વાત સિદ્ધ કરવી છે. ત્યાં કર્મવર્ગણા ઘણી છે. એ સ્થાને ત્યાં કર્મવર્ગણા ઘણી છે એમ તો કહ્યું. જેમ આ રજ છે, એવી કર્મવર્ગણા તો ઘણી છે

સિદ્ધ રહે છે ત્યાં. છતાં વર્ગણા બંધનું કારણ થાય, રજ બંધનું કારણ થાય તો જેને તેલનું મર્દન નથી તેને પણ રજ ચોંટી જાય-ચિપકી જાય. પણ એમ બનતું નથી.

એમ સિદ્ધને પણ જો કર્મવર્ગણાથી બંધ થતો હોય તો એને પણ બંધ થાય. મિથ્યાત્વ છે નહિ. સમ્યગ્દર્શનનો અનુભવ છે. તેથી સંસારની ઇચ્છા નથી, વિકારનું પરિણમન નથી. સમજાણું કાંઈ? અહીં તો લોજિકથી વાત કરી છે. દેખો! જજ છે ને? આ જજ છે અમારે. ત્યાં કાયદામાં કરતા હશે ને જજ કે આનો કાયદો.. આ કાયદો... આ કાયદો.. ધન્નાલાલજી! અમદાવાદના જજ છે મોટા. ન્યાયથી આ તો છે. તારો અભિપ્રાય શું છે? એટલે કંઈ મરી જાય? તારો અભિપ્રાય શું હતો? મારવાનો હતો? ના, મારવાનો નહોતો. મને તો બચાવવાનો હતો. લાકડી મેં આમ લીધી. મને મારતો હતો. મેં આમ લાકડી કરી તો એને ત્યાં કોઈ શું કહેવાય ઈ? ગાંઠ? .. આદિ હોય એમાં વાગી ગઈ તો મરી ગયો. મારો મારવાનો ભાવ નહોતો. એમ પૂછે છે કે નહિ જજ?

મુમુક્ષુ :- એને ખૂનનો ચાર્જ ન લાગે.

ઉત્તર :- ખૂનનો ન લાગે. ખૂન ન ગણાય. ખૂની નહિ ગણાય. શું છે? ભાઈ! તારો અભિપ્રાય શું હતો? ઈરાદો શું હતો? મારો ઈરાદો તો શરીરને બચાવવાનો હતો. તરવાર ભાઈએ એમ ઉગામી અને લાકડી મારી પાસે હતી લોઢાની કુંડલી, મારા હાથમાં હતી તો મેં આમ (કર્યું). તરવાર મારી પાસે ન આવે માટે. ત્યાં એનું પેટ અહીંયાં આવ્યું તો વાગી ગઈ અને .. તો મરી ગયો. મારો મારવાનો ભાવ નહોતો.

મુમુક્ષુ :- સાવ છૂટી જાય.

ઉત્તર :- સાવ છૂટી જાય, બિલકુલ છૂટી જાય. એમ અહીંયાં અભિપ્રાય શું હતો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન્યાય તો.. આ વસ્તુ આ પડી છે. એમાં તો વળી ઠીક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અભિપ્રાય ઉપર થોડો ફેંસલો થાય? ..

ઉત્તર :- હા. બંધ છે. નહિ તો અભિપ્રાય નથી મારવાનો અને એને ફાંસી દઈ દે એમ હોય જ નહિ.

અહીંયાં ભગવાન કહે છે કે ભાઈ! તારા ઉપયોગમાં અંદર રાગની એકતા થયા વિના કર્મની વર્ગણા બંધનું કારણ થાય એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**કારણ કે જો એમ હોય તો સિદ્ધો કે જેઓ લોકમાં રહેલા છે...**' લોકમાં સિદ્ધ રહે છે ત્યાં કર્મની વર્ગણા (રહેલી છે). વર્ગણાનો અર્થ, કર્મ થવા લાયક પરમાણુનો સમૂહ. '**કાય-વચન-મનનું કર્મ પણ બંધનું કારણ નથી;...**' લ્યો, અહીં તો ચોખ્ખી વાત કરી છે

ભાઈ! ઓલા બહુ તકરાર કરે. મન-વચન અને કાયાનું કાર્ય ક્રિયા પણ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મોટો બળદ હોય, સમ્યગ્દૃષ્ટિ હોય અને ખેતરમાં સારો પાક હોય. ધન્નાલાલજી! પાક સમજો છો? આમ પાક. સાંઠા ઉગ્યા હોય સાંઠા. અમારી કાઠિયાવાડી ભાષા છે. જુવાર થાય છે ને જુવાર? ચાર-ચાર, પાંચ-પાંચ હાથ ઊંચી હોય. બળદ સમકિતી હોય. અને અંદર ખાવા જાય. કચ્ચરઘાણ થાય છે. એને કારણે બંધ નથી એમ કહે છે. કેમ કે અંદરમાં રાગની એકતાબુદ્ધિ નથી તો બંધ છે જ નહિ, એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ? શેઠ! પાક થાય છે ને ખેતરમાં? લીલોછમ પાક.

(સંવત) ૧૯૭૩ની સાલમાં બહુ વરસાદ થયો હતો. ૭૩-૭૩. છ મહિના વરસાદ, હોં! છ માસ વરસાદ. ૭૩ની સાલમાં. અમે બહાર વિહાર કરવા નીકળ્યા તો મોટા મોટા ... આ બચુભાઈના. મોટા ઝાડ, લોઠા જુવારના અને બાજરીના. એમાં મોટા બળદ હોય ને. સમકિતી હોય. પેલો હાથી નહોતો સમકિતી? ત્રિલોકમંડન હાથી. સમજાણું કાંઈ? એ તો વળી પંદર અપવાસ કર્યા ... એટલે લોકોને એમ થાય કે આહાહા..! પણ ઓલો ખાવા જાય ત્યાં હવે અપવાસ પણ ન કરે. સાંભળને!

અહીં તો કહે છે કે એવી ક્રિયા હોય તોપણ એને બંધ નથી. કેમ કે રાગની એકતાબુદ્ધિ નથી તો બંધ થતો નથી. અને એક મુનિ બહારમાં ચાલતા.. ચાલતા ચાલે છે. આમ ધ્યાન છે કે કોઈને દુઃખ ન થાય, દુઃખ ન થાય એવો જે વિકલ્પ એ વિકલ્પને પોતામાં કરે છે, બાહ્યમાં કોઈ પ્રાણીને હણતો નથી. તો મિથ્યાત્વથી એને મોટો બંધ પડે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કાય-વચન-મનનું કર્મ પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો યથાખ્યાત સંયમીઓને પણ બંધનો પ્રસંગ આવે.'** યથાખ્યાત સંયમીઓને ઇન્દ્રિયો તો છે. યથાખ્યાત સંયમ હોય છે ને? અગિયાર, બાર, તેરમે ગુણસ્થાને ઇન્દ્રિયો તો છે. સમજ્યા? એનાથી બંધ થતો નથી. મન-વચન-કાયાની ક્રિયાથી બંધન થાય તો એ ક્રિયા તો સંયમી યથાખ્યાત પુરુષાર્થવંતને પણ ક્રિયા તો છે. પણ એ ક્રિયાથી બંધ થતો નથી. આહાહા..! પરપદાર્થની પર્યાયથી પોતામાં કેવી રીતે બંધ પડે?

**'અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી;...'** સમજાણું કાંઈ? ઇન્દ્રિયો. આવી ગયું ને? **'અનેક પ્રકારનાં કરણો પણ બંધનું કારણ નથી; કારણ કે જો એમ હોય તો કેવળજ્ઞાનીને પણ બંધનો પ્રસંગ આવે.'** કેવળજ્ઞાનીને ઇન્દ્રિયો છે. યથાખ્યાત સંયમીને મન-વચનની ક્રિયા છે. કહો, સમજાણું કાંઈ? કઠણ વાત લોકોને લાગે. એ ન્યાયથી સિદ્ધ

કર્યું છે. ભાઈ! ચૈતન્ય ભગવાન એમાં રાગની એકતા કરે તો જ બંધ થાય, અન્ય કારણે બંધ થતો નથી.

**'સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી;...'** જીવ મરી જાય એના શરીરથી તોપણ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? બહુ કઠણ. સચેતમાં તો પંચેન્દ્રિય આવતા હશે કે નહિ? કે એકેન્દ્રિય એકલા હોય? સચેતમાં તો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય (બધા આવે). સમજાણું કાંઈ? પચ્ચીસ વર્ષનો રાજકુમાર હોય અને સમ્યગ્દૃષ્ટિ હોય. રાગની એકતા નથી. અને આમ લડાઈમાં ઊભો હોય. આમ હથિયાર હાથીના હોદ્દેથી નીકળતા હોય ફડાક... ફડાક.. ક્રિયા થતી હોય. હાથી આદિ લાખો મરી જતા હોય. સમજાણું કાંઈ? અને સામે માણસોની ખુવારી થતી હોય તો કહે છે કે એ ક્રિયાથી બંધ નથી. જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ રાગની એકતાબુદ્ધિ નથી. થોડો રાગ બાકી છે એને અહીં ગણવો નથી. અહીં તો રાગની એકતાબુદ્ધિ એ જ બંધનું કારણ છે. એવી સ્થિતિમાં રાગની એકતાનો ભાવ નથી. ભિન્ન ભગવાન ચિદાનંદનું ભાન છે. હું રાગ નથી. હું તો આનંદ શુદ્ધ છું. રાગની ક્રિયા છે એ તો પર છે. હું એનો સ્વામી નથી, મારાથી થઈ નથી, મારામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો વીતરાગ માર્ગ, એને સમજે નહિ અને બહારથી બધું માંડી બેસે. આમ કરે છે ને આમ ખાય છે ને આમ પીવે છે. અરે..! સાંભળ તો ખરો, ભગવાન!

આખો ભગવાન સત્ સ્વરૂપ પ્રભુ, અનંત અનંત ગુણ સમાજનો પિંડ આત્મા, એનો જ્યાં આદર ન કર્યો અને રાગનો, વિકલ્પનો આદર કર્યો તો આત્મા રાગમય છે એમ માની લીધું. બસ! એ જ બંધનું કારણ અને સંસારનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને રાગની એકતા તૂટીને સમ્યગ્દર્શન થયું એ જ મોક્ષનું કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગને ભિન્ન કરીને, સ્વભાવની એકતા કરીને ભગવાન આત્માને જાગૃત કર્યો, સમ્યક્ અનુભવ થયો તો કહે છે કે એ જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? જ્યારે મિથ્યાત્વ બંધનું કારણ છે તો સમ્યગ્દર્શન મોક્ષનું કારણ છે. આહાહા..! પછી ભલે આસક્તિ થોડી હોય પણ એ આસક્તિ બધી છૂટી જશે. એનો સ્વામી નથી, ચીકાશ નથી, પ્રેમ નથી, રસ નથી. સમજાણું કાંઈ?

પ્રેમ આવ્યું હતું વળી ક્યાંક આજ. ક્યાંક આવ્યું હતું ટીકામાં. આત્માનો પ્રેમ કર્યો છે. આત્માનો પ્રેમ. ઓલા છોકરાઓ કાલે પૂછતા હતા ને એનું આવ્યું કે આત્મા સાથે રાગ કરીએ તો? એમ કહેતા હતા. રાગ નહિ, કીધું. આત્મા સાથે પ્રેમનો અર્થ, આત્માની એકતા

કરવી એ પ્રેમ. સમજાણું કાંઈ? એ પ્રીતિ. આપણે રતિ-પ્રીતિ આવી હતી આમાં પણ આ એક આવ્યું હતું. સૂત્ર ટીકા. આત્મા .. આત્મા પ્રત્યે પ્રીતિ કરે છે, એકાગ્રતા કરે છે તો એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? પરની પ્રીતિ, રાગની રુચિ, શુભરાગની રુચિ પણ મિથ્યાત્વ છે અને આત્મામાં રાગથી લાભ થાય છે એવી મિથ્યા માન્યતા બંધનું કારણ છે. ચાહે તો સ્ત્રી, કુટુંબ છોડી દીધા હોય, બહારમાં નગ્ન મુનિ થયો હોય, અંદરમાં રાગની એકતાબુદ્ધિ છે, શુભરાગ મને લાભદાયક છે, બસ, એને બંધનું કારણ પૂરતું છે. સમજાણું કાંઈ? બંધના કારણની પૂર્તી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે સચેત-અચેત ઘાત ન હોય તોપણ બંધનું કારણ છે. '**જો એમ હોય તો જેઓ સમિતિમાં તત્પર છે તેમને...**' મુનિ મહા આનંદમાં ઝુલે છે. સમિતિથી ચાલે છે. કોઈ અપ્રયત્ન નથી. એમના દેહથી કોઈ જીવ મરી જાય તો એને પણ બંધ પડે. બંધ થતો નથી. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત દીધું છે, હોં! આગળ તો કહેશે. સમકિતીનું મુનિનું દૃષ્ટાંત દીધું છે. પછી સમકિતીને બંધ નથી એમ કહેશે આગળ. સમજાણું કાંઈ?

અંતરંગની અપેક્ષાથી તો એને પણ નિર્બંધ જાણવો. એ આવશે. ભાવાર્થની પાછળ. સમ્યગ્દૃષ્ટિ તો અંતરમાંથી નિર્બંધ છે. આહાહા..! નીચે છે ને? જુઓ! '**બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.**' છે? ધન્નાલાલજી! સમ્યગ્દૃષ્ટિ નિર્બંધ છે. અહીં દૃષ્ટાંત મુનિનું આપ્યું. કેમ કે એ જતનાથી પ્રવર્તે છે. એનું દૃષ્ટાંત આપ્યું. બહારમાં પ્રવૃત્તિમાં જતના સમ્યગ્દૃષ્ટિને નથી માટે એ દૃષ્ટાંત ન આપ્યું. બાકી અંતરની જતના કરનારા સમ્યગ્દૃષ્ટિ, એ પણ નિર્બંધ જ છે. સમજાણું કાંઈ?

'**(સચિત્ત તથા અચિત્ત વસ્તુઓના ઘાતથી) બંધનો પ્રસંગ આવે. માટે ન્યાયબળથી જ આ ફલિત થયું કે, જે ઉપયોગમાં રાગાદિકરણ...**' ભાષા જુઓ! પહેલા પોતામાં હતું ને? પોતામાં હતું. હવે આ શબ્દ આવ્યો. '**ततो न्यायबलेनैवैतदायातं, यदुपयोगे रागादिकरणं**' પોતાના જ્ઞાન વેપારમાં રાગની એકતા કરવી, બસ! એ જ મિથ્યાત્વભાવ છે અને એ જ બંધનું કારણ છે. એ જ સંસારબીજ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૨, સોમવાર તા. ૩૦-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૬૩, ગાથા-૨૩૪-૨૩૫, પ્રવચન-૩૨૨**

સમયસાર, બંધ અધિકાર છે. સંસારનું બંધન કેમ થાય છે અને એ બંધનથી મુક્તિ કેમ થાય છે, બેય વર્ણનો છે. સમજાય છે કાંઈ? પહેલા તો બંધન. મિથ્યાત્વભાવમાં કેટલી વિપરીત બુદ્ધિથી એ આત્માને અનંત કાળથી બંધ થઈ રહ્યો છે એનું આમાં વર્ણન પહેલું છે.

'**ભાવાર્થ :- અહીં નિશ્ચયનય પ્રધાન કરીને કથન છે.**' આ ગાથાઓમાં સત્યદૃષ્ટિની પ્રધાનતાએ-મુખ્યતાએ કહેવામાં આવ્યું છે. '**જ્યાં નિર્બાધ હેતુથી સિદ્ધિ થાય તે જ નિશ્ચય છે.**' નિશ્ચયની વ્યાખ્યા કરી. '**અહીં નિશ્ચયનય...**' સાચું જ્ઞાન, યથાર્થ દૃષ્ટિ એને મુખ્ય કરીને આમાં કથન છે. હવે કહે છે કે નિશ્ચય કોને કહેવું? '**જ્યાં નિર્બાધ હેતુ...**' યુક્તિથી જેમાં વિરોધ ન આવે, અવિરોધપણે જે વસ્તુની સિદ્ધિ થાય તેને નિશ્ચય કહે છે. નિર્બાધ-જેમાં કોઈ બાધા ન આવે, વિરોધ ન આવે એવા હેતુથી જે સિદ્ધિ થાય તેને નિશ્ચય કહે છે.

'**બંધનું કારણ વિચારતાં...**' આત્માને સંસારનું બંધન એનું કારણ વિચારતા '**નિર્બાધપણે એ જ સિદ્ધ થયું કે-**' વિઘ્ન વિના યથાર્થ દૃષ્ટિએ એ સાબિત થયું કે '**મિથ્યાદૃષ્ટિ પુરુષ...**' જેનો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ છે એની જેને દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? મિથ્યા નામ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ છે ચૈતન્યનું એ અબંધ સ્વરૂપ છે. એવી દૃષ્ટિ રહિત જે અસત્ય દૃષ્ટિવાન, મિથ્યાદૃષ્ટિવાન જે પુરુષ શબ્દે આત્મા-મિથ્યાદૃષ્ટિ આત્મા. પુરુષ શબ્દ વાપર્યો છે ને. પછી પુરુષ અને સ્ત્રી વળી એમાં જુદી હશે? મિથ્યાદૃષ્ટિ આત્મા '**જે રાગદ્વેષમોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે...**' આ મહા સિદ્ધાંત છે. ભગવાન ચૈતન્ય વસ્તુ આનંદ પ્રભુ, આનંદરૂપ આત્મા અને જ્ઞાનસ્વરૂપ આત્મા એ વર્તમાન જ્ઞાનના પરિણામ અને વેપારમાં, ઉપયોગ એટલે જ્ઞાનનો વેપાર, એમાં પુણ્ય-પાપ આદિ રાગ, વિકાર એને પોતાના ઉપયોગમાં એકપણે કરે છે એને અહીંયાં મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ બંધનું કારણ કહ્યું છે.

મુમુક્ષુ :- ... માને છે.

ઉત્તર :- રાગ મારું સ્વરૂપ છે એમ માને છે. રાગ-રાગ. રાગની અહીં વાત નથી. ઉપયોગમાં રાગને પોતાનો કરે છે. પોતાનું કરીને કર્તવ્ય તરીકે સ્વીકારે છે. રાગનો વિકલ્પ જે છે શુભ કે અશુભ, એ ચૈતન્યના સ્વરૂપમાં નથી. છતાં એ મિથ્યાદૃષ્ટિપણે પર્યાયબુદ્ધિમાં વર્તમાન અંશબુદ્ધિમાં અટકેલો... આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગ ચાહે તો શુભ કે અશુભ

હો, એ રાગને પોતાના જ્ઞાન વેપારમાં એકપણે કરે છે. રાગ કરે છે એમ નહિ. રાગ કરે છે એમ નહિ. પોતાના જ્ઞાનમાં રાગને એકત્વ કરે છે. સમજાય છે કાંઈ? રાગ કરે છે એમ નહિ. રાગને-વિકલ્પને, ભગવાન આત્મા નિર્વિકલ્પ વીતરાગ આનંદસ્વરૂપ છે છતાં તેના વર્તમાન જ્ઞાનના લક્ષના વેપારમાં કોઈપણ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ શુભ-અશુભ રાગ, એ રાગને પોતાના જ્ઞાનના ઉપયોગમાં મેળવીને એકત્વબુદ્ધિ કરે છે એ જ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? મિથ્યાત્વની અધમતા અને સમકિતની મહત્તા. સમજાય છે?

જે કોઈ આત્મા... પાઠમાં એમ આવ્યું હતું ને ત્યાં? પોતામાં કરે છે. એમ આવ્યું હતું. સમજાય છે? અહીંયાં ખુલાસો કર્યો કે જે કોઈ આત્મા રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો વિકલ્પ કે મિથ્યા ભ્રમણા, એ પોતાના જ્ઞાનસ્વરૂપમાં પર્યાયબુદ્ધિ હોવાથી, સ્વભાવબુદ્ધિનો આદર નહિ હોવાથી જેને અનાદિથી રાગના વિકલ્પનું કરવાપણું પોતાના ઉપયોગમાં રાગ કરે છે, જે સ્વરૂપમાં નથી તે રાગને સ્વરૂપમાં જોડે છે અને એકત્વબુદ્ધિથી ભાવ કરે છે તે મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

**'જે આત્મા રાગદ્વેષમોહભાવોને પોતાના ઉપયોગમાં કરે છે...'** રાગને કરે છે એમ નહિ. શેઠી! શું (કહ્યું)? રાગને કરે અને રાગને ઉપયોગમાં કરે એ બેમાં ફેર શું? હમણાં આઠ દિ'થી સાંભળ્યું નથી.

મુમુક્ષુ :- સમજાવો.

ઉત્તર :- રાગ થાય એ જુદી વાત છે અને રાગને પોતાના સ્વરૂપમાં એકપણે કરે છે એ જુદી વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનની મૂર્તિ પ્રભુ. એના વર્તમાન જ્ઞાનના વેપારમાં, ઉપયોગમાં રાગના વિકલ્પને કોઈપણ કારણો શુભ રાગાદિ. મૂળ તો અટક્યો છે ત્યાં ને એ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો જે વિકલ્પ ઉઠે છે એ રાગને પોતાના જ્ઞાનના વેપારમાં એકત્વ કરે છે. ધન્નાલાલજી! વર્તમાન પર્યાયમાં રાગને એકત્વ કરે છે તે મિથ્યાદૃષ્ટિનો ભાવ બંધનું કારણ છે. એકલો રાગ થાય છે એ બંધનું કારણ છે એ અહીં વાત લેવી નથી. સમજાય છે કાંઈ?

હવે જ્યાં સુધી એની દૃષ્ટિ મિથ્યાત્વ ટળે નહિ ત્યાં સુધી એને સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર હોય નહિ. વ્રત અને નિયમ ક્યાંથી આવ્યા? વાસ્તવિક આત્મા જ્ઞાનમૂર્તિ વસ્તુ ચૈતન્યદ્રવ્ય અનાકુળ આનંદ સ્વરૂપ (છે) એવી દૃષ્ટિ થઈ નથી ત્યાં સુધી ઠરવું શેમાં? એ ચીજની સત્તાનું તો ભાન આવ્યું નહિ? જેમાં ઠરવું છે એ ચીજ કોણ છે? ઠરવું કહો કે ચારિત્ર કહો. જે

વસ્તુ જ્ઞાયક ચૈતન્ય આનંદમૂર્તિ, તેજનું ધામ, શાંતિનો સાગર એવો ભગવાન આત્મા જ્યાં અંતર દૃષ્ટિમાં સત્તાનો સ્વીકાર અનુભવમાં આવ્યો નથી ત્યાં ક્યાં ઠરવું એની એને ખબર પડતી નથી. પછી આ કરવું આ દયા ને વ્રત ને વિકલ્પ એ તો બધો રાગ છે. ત્યાં એ ચારિત્ર કે દિ' હતું? સમજાય છે કાંઈ?

કહે છે કે જેણે ભગવાન આત્માના ચૈતન્ય ઉપયોગ લક્ષણ-'**उवओगलक्खणो णिच्चं**'. ભગવાને તો આત્માને ઉપયોગ લક્ષણ-જાણવા-દેખવાના લક્ષણવાળો આત્મા ભગવાને જોયો છે. એને ઠેકાણે અજ્ઞાની એના જાણવાના વેપારમાં રાગનો કણ પણ મારા ઉપયોગમાં એકત્વપણે એકબુદ્ધિએ કરે છે તે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ જ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક જ-મિથ્યાત્વ જ બંધનું કારણ છે. અને મિથ્યાત્વનો અર્થ કે રાગનો શુભાદિ વિકલ્પ જ્ઞાનમાં એકત્વપણે કરવો તે. આ વ્યાખ્યા આટલી ટૂંકી છે. જે રાગ સ્વભાવથી પૃથક્ હોવા છતાં.. એ ૧૪મી ગાથામાં કહ્યું હતું, પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની. પુરુષાર્થ સિદ્ધિ. ભગવાન આત્મા રાગ અને કર્મ અને શરીર રહિત હોવા છતાં જે તેને રાગ અને કર્મ સહિત માને તે જ ભવનું બીજ મિથ્યાત્વ છે. એનો અર્થ જ એ થયો કે રાગથી દૃષ્ટિ છોડી, વર્તમાન રાગના વિકલ્પની રુચિ છોડી, પર્યાયબુદ્ધિ છોડી અને સ્વભાવબુદ્ધિ કરે ત્યારે તે રાગ રહિત આત્મા છે એમ એણે માન્યું કહેવાય. આહાહા..! સમજાણું આમાં?

જુઓ! જે કોઈ આત્મા, ભગવાન આત્મામાં રાગનો કણ આસ્રવ નથી. એ આસ્રવને આત્મામાં એકત્વપણે કરે છે, પોતાના ઉપયોગમાં કરે છે એમ છે. રાગ કરે છે એમ નહિ, એકલો રાગ પરિણમે છે એમ નહિ. અમરચંદભાઈ! રાગની એકત્વબુદ્ધિ કરે છે, રાગની એકત્વબુદ્ધિ કરે છે. સ્વરૂપ જ્ઞાનમૂર્તિ આત્મા એમાં રાગને એકત્વ કરે છે. અર્થાત્ રાગમાં લાભ માને છે એટલે રાગમાં જ પોતાપણું માને છે. એ રાગને પોતાના ઉપયોગમાં એકપણે કરવું એ જ મિથ્યાત્વ. ઉપયોગ ભૂમિમાં રાગને પોતાપણે કરવો એ જ મિથ્યાત્વભાવ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? ભાઈ! એકલો રાગ નથી કીધો. રાગને ઉપયોગમાં એકપણે કરવો. ભગવાન ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ એ રાગ, વિકલ્પથી પાર છે. એને રાગ સહિત છું એવી એકત્વબુદ્ધિ કરવી એ જ મિથ્યાત્વભાવ અને સંસાર વર્ધક ભાવ છે. સમજાય છે કાંઈ?

'**તે રાગાદિક જ બંધનું કારણ છે.**' તે એટલે? જે પોતામાં રાગદ્વેષને કરે છે તે રાગાદિક બંધનું કારણ છે એમ. એમ છે ને અર્થમાં? જે કોઈ ભગવાન આત્મા... અહીં વાત એ છે કે સ્વરૂપ જ્ઞાનમૂર્તિ અનાકુળ આનંદ છે. એ દૃષ્ટિમાં લીધા વિના એ રાગને

દૃષ્ટિમાં લઈને પોતાના આત્મામાં રાગપણે, એકપણે માને છે તે જ મિથ્યાત્વભાવ, તે રાગાદિ ભાવ બંધનું કારણ છે. તે રાગાદિ ભાવ. એકલો રાગ એમ નહિ. રાગને પોતામાં માનીને એકપણે કરે તે રાગ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આવી વાત.

'**તે સિવાય બીજાં-બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક,...**' ભલે કર્મની વર્ગણાથી કર્મ થવાને લાયક રજકણો પડ્યા છે જગતમાં એ બંધનું કારણ નથી. સમજાય છે કાંઈ? તેલ મર્દનનો દાખલો આવ્યો હતો. '**મન-વચન-કાયાના યોગ,...**' તે બંધનું કારણ નથી. આહાહા..! '**અનેક કરણો...**' ઈન્દ્રિયો તે બંધનું કારણ નથી. '**ચેતન-અચેતનનો ઘાત-બંધના કારણ નથી;...**' રાડ નાખે કે અરર..! ચેતનની હિંસા? એ બંધનું કારણ નહિ? બીજા જીવ મરે એ બંધનું કારણ નહિ? બંધનું કારણ નહિ એમ કહે છે. કહો, જેઠાલાલભાઈ! ભગવાનનો ધર્મ તો અહિંસા ધર્મ, દયા ધર્મ છે. ભાઈ! રાગનું સ્વરૂપમાં એકપણે કરવું તે હિંસા (છે) અને રાગનું સ્વરૂપથી પૃથક્ કરીને નિર્વિકારી, અવિકારી દૃષ્ટિ ને શાંતિની ઉત્પત્તિ કરવી તે અહિંસા (છે). સમજાય છે કાંઈ? પર જીવની દયાનો ભાવ જે છે એ છે શુભ. પણ એ શુભરાગને આત્મામાં એકપણે માનવો તે મિથ્યાત્વ છે અને તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

એ '**ચેતન-અચેતનનો ઘાત-બંધના કારણ નથી;...**' સામો વિરોધ કરે છે આમાં. લ્યો! એ તો એમ કહે છે કે પરની હિંસા કરી શકતો નથી. પરની હિંસાથી બંધ છે નહિ. લાખ વાર અહીં તો શાસ્ત્ર કહે છે ને હવે તારે શું કરવું છે? અહીં તો કહે છે કે અસ્થિરતાનો થોડો જે રાગ આવ્યો ને, એ બંધનું કારણ નથી. એ રાગને પોતામાં એકપણે અનુભવવો, વેદવો, માનવો, જાણવો એનું નામ બંધનું કારણ છે. શેઠ! બહુ ઝીણી વાત છે. આ તો ગુજરાતી સમજાય એવી છે હોં. સાદી છે હવે. આ ગુજરાતી તો સાદી ગુજરાતી છે. ન સમજાય તો મૂંઝવણ ન આવે. કહો, સમજાય છે કાંઈ?

'**જો તેમનાથી બંધ થતો હોય તો...**' પહેલી વાત ઈ કે કર્મની વર્ગણાથી બંધ થતો હોય તો સિદ્ધ ભગવાનમાં કર્મની વર્ગણા છે. તો એને પણ બંધ થવો જોઈએ. બીજી વાત. સમજાય છે? મન ને વચન ને કાયાની ક્રિયાથી જો બંધ થતો હોય તો યથાખ્યાત ચારિત્રવાળાને પણ બંધ થવો જોઈએ. અને '**કેવળજ્ઞાનીઓને...**' જે કરણ નામ ઈન્દ્રિયોથી બંધ થતો હોય તો કેવળજ્ઞાનીને ઈન્દ્રિયો તો છે આમ ફાંકા બધા ઈન્દ્રિય આદિના. બંધ છે નહિ. માટે ઈન્દ્રિયો પણ બંધનું કારણ નથી. આ ઈન્દ્રિયો જડ જડ ઈન્દ્રિયો એ બંધનું કારણ નથી. દોષનું કારણ નથી. ઈન્દ્રિય દોષનું કારણ નથી. ક્રિયા જડની, મન, વચનની ક્રિયા દોષનું કારણ નથી. આહાહા..!

હવે સચેત-અચેતની હિંસા. એનાથી જો હિંસા થતી હોય તો **‘સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે.’** બધાને બંધનો પ્રસંગ લઈ લીધો. ઉપરથી. સમજાણું કાંઈ? કોને? એ અહીંથી લઈ લેવું. **‘સિદ્ધોને, યથાખ્યાત ચારિત્રવાળાને, કેવળજ્ઞાનીઓને અને સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે.’** મુનિ આત્મજ્ઞાની અંદરમાં પ્રમત્તરહિત અંદરમાં ક્રિયા કરે છે, એમાં કોઈ જીવજંતુ અંદરમાં આવી ગયું પગ નીચે. ઈંડુ સૂક્ષ્મ હોય છે આ ગરોળીનું. ગરોળી થાય છે ને? ઢેઢગરોળી. ઢેઢગરોળી સમજો છો? શું કહે છે તમારે? છીપકલી. એનું આટલું ઈંડુ હોય છે નાનું મગના દાણા જેવું. અમથું અહીં મૂકીને વઈ જાય, અહીં મૂકીને વઈ જાય, કાં તો ધૂળમાં મૂકીને વઈ જાય. મુનિએ આમ ખ્યાલ તો રાખ્યો છે પણ ખ્યાલ ન આવે કે આ ધૂળ છે કે શું? કાં ઈંડુ પડ્યું હોય ને એના ઉપર ધૂળ વળગી હોય કો’ક ચાલતા માણસની. પગની નીચે આવી જાય. પણ એ હિંસા મુનિને લાગતી નથી. કેમ કે તેને સમિતિ નામ પ્રવૃત્તિ શુભમાં છે. એને મારવાનો અભિપ્રાય નથી. માટે મરતા છતાં તેને બંધ છે નહિ.

**‘પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (-કારણોમાં) વ્યભિચાર આવ્યો.’** દોષ આવ્યો. જો એનાથી બંધ થાય, હિંસાથી બંધ થાય, પરમાણુથી બંધ થાય તો એ તો વ્યભિચાર આવ્યો. વસ્તુની યથાર્થપણે સિદ્ધિ એમાં આવી નહિ. **‘માટે બંધનું કારણ રાગાદિક જ છે...’** રાગાદિ એટલે? આ પાછું છેલ્લે. રાગની એકતાબુદ્ધિ તેને અહીં રાગ કહ્યો છે. સમજાય છે કાંઈ?

**‘અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું...’** હવે જરી ચોથા ગુણસ્થાન અને પાંચમા ગુણસ્થાનવાળાને શું? એનું કેમ ન લીધું? કેમ કે એ સમ્યગ્દૃષ્ટિ છે એને અબંધસ્વરૂપી દૃષ્ટિ તો થઈ છે. વસ્તુ જે અબંધ છે એવી દૃષ્ટિ-સમ્યગ્દર્શન થયું છે. પાંચમા ગુણસ્થાનવાળાને અબંધ સ્વરૂપ છે એવી દૃષ્ટિ ઉપરાંત થોડી શાંતિ પણ વધી છે. તો એને અબંધ પરિણામમાં કેમ ન નાખ્યા? આમાં કેમ દાખલો એનો ન આપ્યો? અને મુનિનો દાખલો આપીને એને હિંસા ન લાગે એમ કેમ કહ્યું? સમજાણું કાંઈ?

**‘અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું તેનું કારણ એ છે કે-અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી...’** બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી. **‘તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે;...’** જુઓ! સમ્યગ્દૃષ્ટિને અને પાંચમા ગુણસ્થાનવાળાને જરી રાગ થાય. કેટલો? રાગ થાય પણ કિંચિત્ બંધ થાય છે. સમજાય છે કાંઈ? ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે. થોડો બંધ. ચોથા ગુણસ્થાનવાળો લડાઈમાં ઊભો હોય છે. સમજાય છે કાંઈ?

છતાં એને રાગની વાસના અલ્પ છે એનાથી પૃથક્ આત્માનું વેદન છે. સમજાય છે? અને રાગમાં સમિતિનું પ્રવર્તન એને વિશેષ નથી જે મુનિને જોઈએ તેટલું નથી. તેથી તેને કિંચિત્ રાગનું બંધન, ચોથા ગુણસ્થાનવાળાને થોડું બંધન છે એટલું આમાં નામ ન લીધું. પણ બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ. એમ શબ્દ છે, હોં!

મુમુક્ષુ :- લોકો દેખે.

ઉત્તર :- બાહ્ય દેખે લોકો એમ સ્થિતિ. બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ.

'**માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું.**' ચોથા ગુણસ્થાનવાળો અને પાંચમા ગુણસ્થાનવાળો એને બાહ્યમાં સમિતિ નથી. મોટા ધંધા હોય વહાણના, આગબોટના, કરોડોની રાખતો હોય મોટી. સમજાય છે? શું કહેવાય? વખાર. મુંબઈની વખાર હોય છે ને મોટી? એય... દરબાર! શું હોય મોટી ઓલી? ગોદામ. હા ગોદામ-ગોદામ. એય મોટા ૫૦-૫૦.

મુમુક્ષુ :- થપ્પીઓ હોય.

ઉત્તર :- થપ્પીઓ હોય છે ને, જોઈ છે ને બધી. મજૂરો નાખે. ચડતા... ચડતા... ચડતા... ચડતા... ચડતા.. નાખે. છેક સુધી. એવા ગોદામના ધંધા હોય. તેમાં બાહ્ય સમિતિ નથી. એથી જરી રાગ થોડો છે એથી થોડું બંધન થાય છે. જુઓ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય.

'**માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ...**' ઓલી બાહ્ય સમિતિની અપેક્ષાએ વાત હતી. '**અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.**' આહાહા..! ધન્નાલાલજી! આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપ સહિત જ્યાં અનુભવમાં આવ્યો, દૃષ્ટિમાં આખી દોલત જ અનુભવમાં આવી. રાગ પણ મારો નથી એવું પૃથક્ રહી ગયો. રાગાદિ પૃથક્ રહી ગયો. જે એની પર્યાયમાં છે એ પૃથક્ રહી ગયો. તો શરીર, વાણી, મન તો પૃથક્ જ છે. સમજાય છે કાંઈ? જે એની વર્તમાન પર્યાયમાં શુભ-અશુભ રાગ છે એ પણ દૃષ્ટિએ ચૈતન્ય મૂર્તિનો અંતર અનુભવનો સ્વીકાર જ્યાં થયો (તો) એ રાગ પણ અંતર્મુખમાં સાથે ન આવ્યો. પૃથક્ રહી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ?

જેની વર્તમાન પર્યાયમાં રાગ છે એની પર્યાયમાં અનિત્ય તાદાત્મ્યરૂપે છે. અનિત્ય છે ને એ રાગ? શરીર, કર્મ તો એક સમયમાં અનિત્ય તાદાત્મ્યરૂપ પણ નથી. તદ્દન ભિન્ન-ભિન્ન. એથી એ તો કંઈ બંધનું કારણ નથી. પણ એની પર્યાયમાં જે રાગ છે જરી, એનાથી ગુલાંટ ખાઈને આમ છોડીને અંતરમાં રાગથી ભિન્ન પડીને અંતર્મુખ દૃષ્ટિ કરી છે. અંતર્મુખમાં આત્માનો અનુભવ સમ્યગ્દર્શનથી કર્યો છે, એને રાગ, ખરેખર એને રાગ જ નથી અને ખરેખર

તે નિર્બંધ જ છે. ભારે વાત, ભાઈ! કહો, સમજાય છે કાંઈ?

પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે પણ એ રાગ અને ચૈતન્યનું ભિન્નપણું તો ભાસ્યું નથી. એથી તે ભિન્નપણાના ભાસનમાં આવ્યો નથી. તેથી તે રાગના અભિન્નપણાના ભાસનમાં ઊભો છે.

મુમુક્ષુ :- અભેદ સ્વરૂપ તો દૃષ્ટિમાં આવ્યું નથી.

ઉત્તર :- આવ્યું નથી. રાગના એકપણામાં ઊભો છે. એ રાગના એકપણામાં ઊભો તે ચાહે તેટલી ક્રિયાકાંડ કરે પણ મિથ્યાત્વભાવ છે તે અનંત સંસાર ક્ષણે ક્ષણે વધતો જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મી શ્રાવક હો પંચમ ગુણસ્થાનવાળા કે ચોથા ગુણસ્થાનવાળા. અવિરતિ હોય, અવિરતિ હોં. જુઓ! વિરતિ નથી. રાગની અસ્થિરતા દૃષ્ટિમાંથી,.. દૃષ્ટિમાં આશ્રય નથી. પણ પર્યાયમાં રાગની અસ્થિરતા છૂટી નથી. છતાં એ રાગથી રહિત ભગવાન આત્માની જ્યાં સમ્યગ્દૃષ્ટિ થઈ, સમ્યક્-સત્ય દૃષ્ટિનો જ્યાં સ્વીકાર અને એકત્વ સ્વભાવ સાથે થયો તે સમ્યગ્દૃષ્ટિ અને પાંચમા ગુણસ્થાનવાળો તે અંતર દૃષ્ટિની અપેક્ષાએ તો નિર્બંધ જ છે. સમજાય છે કાંઈ?

છઠ્ઠા ગુણસ્થાનની બાહ્યની ક્રિયા કરનારો, બાહ્યની. ગુણસ્થાનનું ભાન ન મળે અંદર. વ્રત, નિયમ, તપ. 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એનો પણ અર્થ જ જુદા કરે છે. એ મુનિવ્રત એટલે કોને? અભવિને માટે કીધું છે. આરે..! શું કરે? શું કરે? દૃષ્ટિમાં આખું તત્ત્વ જ જ્યાં આદરમાં નથી. અનાશ્રય (છે), જ્યાં આત્માનો અનાશ્રય-આશ્રય જ નથી ત્યાં રાગનો આશ્રય છે ત્યાં જ એને હિતપણું મનાય છે. આહાહા..! શાસ્ત્રોના અર્થો કરવાની પણ રીત જ જુદી બદલાઈ ગઈ. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, બાહ્ય ત્યાગ નથી. એમ કીધું ને? પણ અંતરમાં રાગની એકતાબુદ્ધિનો ત્યાગ છે. મિથ્યાત્વનો ત્યાગ છે. મિથ્યાત્વનો ત્યાગ છે. હજી અવ્રતના, આસક્તિના પરિણામનો અસ્થિરતાનો અભાવ નથી. છતાં પહેલે નંબરે જે ત્યાગ થવો જોઈએ, મિથ્યાત્વ, અપ્રમત્ત, કષાય, યોગ (એમાં) મિથ્યાત્વનો જે ત્યાગ થવો જોઈએ એ ત્યાગ થઈ ગયો. એટલે ધર્મીને અબંધ પરિણામ પ્રગટ થયા. જેવું અબંધસ્વરૂપ છે એવા અબંધ નામ સમ્યગ્દર્શન પરિણામ તે અબંધ પરિણામ છે. એટલે મોક્ષના કારણરૂપ પરિણામ છે. એ પરિણામમાં અબંધપણું આવ્યું, અબંધપણાના સ્વભાવને સ્વીકારતા. તેથી તેને અંતરંગમાં કોઈ રાગાદિ છે છતાં તેને બંધ કહેવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ...**' ઓલા તો છે જ, માથે કીધા એ. મુનિ આદિ. સમજ્યા? મુનિ આદિને કીધું કે બંધ છે નહિ. આત્માનું ભાન છે, સમિતિથી

પ્રવર્તે, કોઈપણ જીવને દુઃખ દેવું નથી. એવી અંતર દશામાં રમે છે. એમાં કોઈ શરીરને કારણે જીવ મરી ગયો અથવા આમ ચાલ્યા જાય છે શાંતિથી, એમાં લીંબડાનો કોર માથે પડ્યો. આ લીંબડાનો કોર-ફૂલ-ફૂલ. એક એકમાં અનંત જીવ. અનંત જીવ. ચાલ્યા જાય છે નીચે અને મોટા લીંબડાની ડાળી મોટી હોય. એમાં પવન આવે તો.. ઘણાં મરી જાય છે ગરમીથી. બંધ નથી. એય.. ન્યાલભાઈ!

મિથ્યાત્વ જ બંધનું કારણ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! ભગવાન આત્મા અબંધ સ્વરૂપીમાં રાગનો ભાવબંધ અને એકપણે અબંધ દૃષ્ટિમાં અબંધ સ્વભાવમાં રાગ ભાવબંધને એકપણે કરવો એ સંસારનું કારણ છે. આહાહા..! દોડાદોડ કરે છે બહારની. પણ અંદરની શું ચીજ છે એની એને ખબર નથી. ધમાલ.. ધમાલ. જાણે બહારની પ્રવૃત્તિથી આમ થઈ જશે... આમ થઈ જશે. જાત્રા ને ભક્તિ ને પૂજા ને ડુંગરા ને દયા ને દાન ને ધમાલ કરી મૂકે. આમાં જાણે કલ્યાણે થશે. પણ બાપુ! એ તરફનો રાગ છે ને એ તારા અબંધ સ્વભાવમાં એકત્વપણે કરે છે ને ત્યાં મિથ્યાત્વનો બંધ ક્ષણે ક્ષણે છે. એની જતનાની ખબર ન મળે અને બહાર જતના કરવા ઊભો થાય એને ક્ષણે ક્ષણે સંસારનું બંધન થાય છે. એય.. ન્યાલચંદભાઈ!

જુઓને! ખુલ્લી વાત મૂકી છે. જયચંદ્ર પંડિતે પણ એ વાત નાખી અંદરમાં. ખરેખર ભગવાન આત્મા રાગના સંબંધ વિનાનો એટલે કે રાગના બંધ વિનાનો. સંબંધ-રાગના એકપણાના સમ્યક્ પ્રકારે બંધ વિનાની ચીજ છે. એવા ભગવાન આત્માને અંતર્મુખ દૃષ્ટિના આદર વિના, બહિર્મુખનો જે રાગ છે તે અંતર્મુખની ચીજમાં જ્ઞાનના વેપાર સાથે એકત્વ કરવું, બસ, એ જ મિથ્યાત્વ છે. એ જ સંસાર અને એ જ બંધનનું કારણ છે.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૧૬૪ છે ને?

**न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा**
**न नैककरणानि वा न चिदचिद्वधो बन्धकृत्।**
**यदैक्यमुपयोगभूः समुपयाति रागदिभिः**
**स एव किल केवलं भवति बन्धहेतुर्नृणाम्।।१६४।।**

'**શ્લોકાર્થ :- કર્મ બંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, નથી ચલનસ્વરૂપ કર્મ...**' એટલે ક્રિયા. મન-વચન-કાયાની ક્રિયા એ બંધનું કારણ નથી. આહાહા..! ઓલા કહે, નહિ બંધનું કારણ છે. બીજે ઠેકાણે કહ્યું છે. ભાઈ! એ તો વ્યવહારથી એનું જ્ઞાન કરાવ્યું. ખરેખર ચાલવાનો વિકલ્પ આવ્યો, વિકલ્પ એ પ્રમાદ છે. ક્રિયા જડની થાય એની સાથે (સંબંધ) નથી. પ્રમાદમાં આવ્યો, એ ભલે જતનાનો ભાવ છે પણ

ભાવ પ્રમાદ છે ને? આહાહા..!

મુમુક્ષુ :- સ્વભાવની દૃષ્ટિ નથી.

ઉત્તર :- દૃષ્ટિ તો છે. એની વાત નથી. દૃષ્ટિ છે છતાં મુનિને દૃષ્ટિ છે, ચારિત્ર છે. સાંભળો, જેઠાલાલભાઈ! છતાં.. આખી વાત બીજી છે. અંદર અનુભવ છે, ચારિત્ર છે. જોઈને ચાલવાનો ભાવ પ્રમત્ત નથી. પ્રમત્ત નથી એટલે મારવાનો (વિકલ્પ નથી). આમ પ્રમત્ત છે વિકલ્પ. એથી એના શરીરથી કાંઈક મરી જાય તો એણે આલોચન કરવું. એટલું એને કહેવામાં આવે.

મુમુક્ષુ :- પ્રમાદમાં છે નહિ.

ઉત્તર :- બસ આ વાત. પ્રમાદમાં આવ્યો એટલે સંબંધમાં આવ્યો એનું જોઈ લેવું. એમ કહે છે. આહાહા..! અરે.. ભગવાન! તો કહે, નહિ. એને ક્રિયા જે થઈને ઓલી દેહની .. માટે એને બંધન કહ્યું છે પ્રવચનસારમાં. સમજાણું? મૂળ તો એને આયતન કહ્યું છે ને? દોષનું આયતન. નિમિત્ત છે ને નિમિત્ત આમ એટલે આયતન શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? સ્થાન. દોષનું સ્થાન આમ જોવું.

અહીં તો કહે છે કે દૃષ્ટિની અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિને ચાહે તો લડાઈના પરિણામ હો, ચાહે તો વિષયના ભોગના પરિણામ હો. એની સાથે એકત્વ નથી અને આનંદ સાથે એકત્વ છે (તો) બંધ નથી. એ.. ધન્નાલાલજી! ભારે આકરું.

મુમુક્ષુ :- જુદો પડ્યો છે.

ઉત્તર :- જુદો પડ્યો છે અને જુદી ચીજથી અબંધ છે.

અંતર્મુખ જેનું પરિણમન વહે છે, અંતર વસ્તુ તરફનું જ્યાં પરિણમન વહે છે, ભલે રાગાદિ હો, પણ અંતર્મુખ પરિણમનમાં રાગની એકતા તો તૂટી ગઈ છે. એથી એ અપેક્ષાએ ધર્મીને સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં રહેતા છતાં બાહ્ય સમિતિનું પ્રવર્તન (હોવાથી) એ અપેક્ષાએ કહ્યો થોડો બંધ. પણ અભ્યંતરમાં તો પ્રવૃત્તિ સમિતિની સ્વરૂપમાં જ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'અનેક પ્રકારનાં કરણો...'** એટલે ઇન્દ્રિયો **'કે નથી ચેતન-અચેતનનો ઘાત.'** બંધનું કારણ. **'ઉપયોગભૂ'** આ શબ્દ છે, જુઓ! **'આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે...'** ઉપયોગભૂ એટલે ઉપયોગરૂપી ભૂમિકા. ભૂ-વસ્તુ. ચૈતન્ય ભગવાન જ્ઞાનરૂપી ભૂમિકા વસ્તુ, એમાં રાગાદિ સાથે એક પામે છે. એ નિર્લેપ ભૂમિકા, ચૈતન્ય નિર્લેપ ભૂમિકા એ રાગ સાથે એક પામે છે તે મિથ્યાત્વ અને બંધનું કારણ છે. આહાહા..! શાંતિથી જોતા નથી, શાસ્ત્રના અર્થ કરવાની રીતની ખબર ન મળે, અંતર તો જાય ક્યાંથી? હવે શાસ્ત્રના અર્થ

જ જ્યાં પોતાની દૃષ્ટિ કરવા ત્યારે એની ઊંઘાઈ અંદરથી મટે ક્યાંથી? સમજાય છે કાંઈ? ત્યારે કોઈ કહે કે આમ હશે તો બધા સ્વચ્છંદી થઈ જશે. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! આહાહા..!

જ્યાં અંતરમાં રાગના પ્રેમ ઉઠી ગયા, રાગમાં સુખબુદ્ધિ ઉઠી ગઈ, આખા સંસાર પ્રત્યે સુખબુદ્ધિ ઉઠી ગઈ, દુકાન ઉઠી ગઈ આખી. આહાહા..! સમજાય છે કાંઈ? જ્યાં દૃષ્ટિમાં પુણ્યના પરિણામમાં સુખબુદ્ધિ ઉઠી ગઈ છે અને રાગની એકતા જ્યાં તૂટી ગઈ છે અને ભગવાન અનંત ગુણનો સાગર પરમાત્મા એમાં એકતાના ભેટા અંતરમાં થયા છે એ સ્વચ્છંદી ન હોય. સમજાણું કાંઈ? એ સ્વચ્છંદી ન હોય. તને ગોઠતું નથી અંદરમાં. આવો ભાવવાળો, આવું સંસારનું બંધન ન થાય એટલે તને લાગે અરે..! એને મિથ્યાદૃષ્ટિના પાપની કેટલી મહત્તા છે એ બેસતી નથી એટલે એમ લાગે છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિની કેટલી મહત્તા છે એની એને ખબર નથી. એટલે એને આહાહા..! જુઓ! રાગ મંદ કરે છે, ક્રિયા બહાર આચરણ કરે છે ને. જુઓ. બાહ્ય આચરણ કરે છે. શ્રદ્ધા વિના કાંઈ કરે? મહિના-મહિનાના અપવાસ કરે, બબ્બે મહિનાના અપવાસ કરે એ શ્રદ્ધા વિના કરતા હશે? પણ કઈ શ્રદ્ધા? અરે..! દૃષ્ટિ તો પર ઉપર છે. આત્મા અખંડાનંદ ભગવાન છે એનો તો અનુભવ છે નહિ. અનુભવ વિનાની રાગની ક્રિયા એ બધા નગરમાં, ગામમાં ઢોર અને વગડામાં રોઝ (જેવા છે). દીપચંદજીએ કહ્યું છે ને. દીપચંદજી નથી? એ અનુભવ દૃષ્ટિ વિનાના આ ગામમાં ઢોર જેવા અને વગડામાં નગ્ન રહે તો રોઝ જેવા છે. અને અનુભવી સમ્યગ્દૃષ્ટિ પછી ઘરમાં રહો કે વનમાં રહો. સમજાય છે કાંઈ? એ ઘરમાં અને વનમાં નથી, એ આત્મામાં છે. આહાહા..!

'**ઉપયોગભૂ અર્થાત આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે...**' છે ને? ઉપયોગભૂ. '**समुपयाति रागदिभिः**' એમ. આત્માના ઉપયોગને ઉપયોગરૂપી ભૂમિકા સત્તા ધામ ભગવાન, જેમાં રાગને એકત્વ કરે છે '**તે જ એક ખરેખર પુરુષોને બંધનું કારણ છે.**' પુરુષ એટલે (આત્મા).

'**ભાવાર્થ :- અહીં નિશ્ચયનયથી એક રાગાદિકને જ બંધનું કારણ કહ્યું છે.**' રાગ એટલે એકત્વબુદ્ધિ. બસ. એને જ રાગ કહે છે.

હવે '**સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોક્ત ચેષ્ટાથી બંધ થતો નથી-એમ હવે કહે છે :-**'

**जह पण सो चेव णरो णेहे सव्वम्हि अवणिदे संते।**
**रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं।।२४२।।**

**छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ।**
**सच्चित्ताचित्ताणं करेदि दव्वाणमुवधादं।।२४३।।**
**उवघादं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं।**
**णिच्छयदो चिंतेज्ज हु किंपच्चयगो ण रयबंधो।।२४४।।**
**जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो।**
**णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं।।२४५।।**
**एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु।**
**अकरंतो उवओगे रागादि ण लिप्पदि रएण।।२४६।।**

નીચે હરિગીત. એનો એ માણસ એમ. ઓલો તેલમર્દન. એનો એ આત્મા અને એનો એ..

**જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.**
**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.**
**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે? ૨૪૪.**
**એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે,**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.**
**યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,**
**રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.**

ભાષા જુઓ. વર્તતો પાછો.

‘**ટીકા :- જેવી રીતે તે જ પુરુષ,...**’ એટલે ઓલો તેલ મર્દનવાળો હતો ને? એ રજકણમાં હતો છતાં તેને રજકણ તેલ મર્દનને કારણે લાગતા. રજને કારણે. એનો એ પુરુષ તેલમર્દન વિનાનો થઈને, એમ. એના એ ‘**સમસ્ત સ્નેહને (અર્થાત્ સર્વ ચીકાશને-તેલ આદિને) દૂર કરવામાં આવતાં, તે જ સ્વભાવથી જ બહુ રજથી ભરેલી ભૂમિમાં તે જ શસ્ત્રવ્યાયામરૂપી કર્મ (ક્રિયા) કરતો,...**’ હથિયાર, તલવાર, બંદુક આદિ હાથથી ફડાક... ફડાક... ફડાક... શસ્ત્ર, વનસ્પતિ આદિ.

‘**તે જ અનેક પ્રકારનાં કરણો વડે...**’ ઇન્દ્રિયો વડે અને ‘**તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો,...**’ તેટલી સચેત્ત-અચેત્ત વસ્તુના ઘાતમાં તે દેખાય છે. સમજાય

છે કાંઈ? તેલ મર્દનવાળો એની જે ચીજમાં સચેત-અચેતનો ઘાત થતો એટલો જ તેલ મર્દન વિનાના કારણમાં સચેત-અચેતને ઘાત થાય છે. પણ એ તેલમર્દન હોય તો ચીકાશ થાય, બંધ પડે, નહિતર બંધ પડતો નથી.

'**ઘાત કરતો, રજથી બંધાતો-લેપાતો નથી,...**' લ્યો. '**કારણ કે તેને રજબંધનું કારણ જે તેલ આદિનું મર્દન તેનો અભાવ છે; તેવી રીતે સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...**' પોતામાં રાગાદિકને. વજન અહીં છે. રાગાદિને નહિ કરતો એમ નહિ. પોતામાં રાગાદિને નહિ કરતો. ભગવાન આત્મા-જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા, એને પોતાનું સ્વરૂપ એમાં એ રાગના વિકલ્પને અંતર્મુખ દૃષ્ટિના ભાનને લઈને એ રાગને પોતામાં એકત્વ કરતો નથી. બંધની વ્યાખ્યા પણ ભારે. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દષ્ટિ, પોતામાં રાગાદિકને નહિ કરતો થકો,...**' જ્ઞાનથી રાગને પૃથક્ પાડી અને સ્વભાવમાં એકત્વ થયેલો ધર્મી, રાગ અને સ્વભાવમાં એકપણે જોડતો નથી, કરતો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ-સત્યદૃષ્ટિ-પૂર્ણ શુદ્ધ ચૈતન્યના અંતર ઉપયોગમાં પોતે રમતો, પોતાનું સ્વરૂપ જ અખંડાનંદ છે તેને પ્રગટ કરતો. રાગથી એકત્વ નહિ કરતો. સમજાય છે? '**તે જ સ્વભાવથી જ બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં તે જ કાય-વચન-મનનું કર્મ કરતો,...**' પાછું કરતો. જુઓ! કરે તો છે ને? કરતો એ તો સમજાવ્યું છે. હવે આ પકડે આમાં પાછું. જુઓ! એ કરતો કહ્યું. અહીં તો સમજાવવું છે. ઓલી ક્રિયા થાય છે ને એવી ક્રિયા આની પાસે છે. એમ.

'**તે જ અનેક પ્રકારનાં કરણો વડે તે જ સચિત્ત-અચિત્ત...**' તે જ કરણો ઇન્દ્રિયો એ લેવી બધી. અને '**તે જ સચિત્ત-અચિત્ત વસ્તુઓનો ઘાત કરતો, કર્મરૂપી રજથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગનો યોગ...**' દેખો! રાગનો યોગ, રાગનું જોડાણ. રાગ નહિ. ભગવાન ચૈતન્ય સ્વરૂપમાં રાગનું જોડાણ, રાગનું એકત્વ, રાગનો સંબંધ. સમજાય છે? તેનો અભાવ છે. ઝીણું બહુ છે, શેઠ! આ કાંઈ પેલા... નથી સમજાય એવું ઝટ દઈને આ.

આ બંધનું કારણ છે અને જેને સમ્યગ્દષ્ટિમાં રાગનો યોગ નથી, કહે છે. ઓહોહો..! ચૈતન્ય ભગવાન સ્વભાવના સંબંધવાળો આત્મા, સ્વભાવના સંબંધવાળો આત્મા તેને રાગનો સુયોગ અને સંબંધ નથી. સમજાણું કાંઈ? આહા..! ભગવાન આત્મા એને જ્ઞાનાનંદ આદિ સ્વભાવનો આત્માને સંબંધ. એમ જ્યાં અંતર દૃષ્ટિ થઈ, સ્વભાવનો સ્વભાવ સાથે સંબંધ. એને વિભાવનો સ્વભાવ સાથે સંબંધ તૂટી ગયો છે. નાતો તોડી નાખ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નાતો તોડવાની વાત છે.

ઉત્તર :- નાતો તોડ્યો, બસ. બીજું તો જેમ છે એમ છે. બધું છે એમ છે. બધી ક્રિયાઓ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સચેત-અચેતનો ઘાત જે હોય તે હો. પણ જ્યાં અંદર રાગના ઉપયોગને અંતરમાં જોડતો નથી. રાગનો યોગ કરતો નથી. એને કોઈ જાતનો બહારનો સંબંધ નથી. સંબંધ છે નહિ એને બંધન નથી એમ કહે છે અહીં. રાગનો સંબંધ કરતો નથી એને બીજાનો સંબંધ અંદરમાં છે નહિ. આહાહા..! ભારે વાતું આકરી. આવી વાત તો સ્પષ્ટ મૂકી છે આચાર્યે. કેટલો ન્યાય મૂકીને. તોય એને બેસે નહિ. આ શરીરની ક્રિયાથી ધર્મ થાય. સચેત શરીરથી ધર્મ થાય. પહેલો બોલ એ આવ્યો. પંડિતજીએ પણ ચડાવ્યા ફૂલચંદજીએ. પૂછો પૂછો કાંઈક પૂછો. શરૂઆત ત્યાંથી થાય અને પછી પાછળ ઉત્તર દેવાય. પછી મૂંઝાણા પાછળથી. ભારે કરી. ભાઈ! એમાં શું છે પણ? સમજને સત્ય શું છે. એમાં શું? પહેલા કે પછી?

વસ્તુ છે એ ચિદાનંદ ભગવાન રાગની ક્રિયા વિનાનો આત્મા છે. ભગવાન રાગની ક્રિયાનો અક્રિય સ્વરૂપ આત્મા છે. એને કોઈપણ રાગના વિકલ્પની ક્રિયાનો યોગ કરવો, બસ! એ સંસાર છે. એ રાગની ક્રિયાનો સંસર્ગ સ્વભાવ સાથે છૂટ્યો એ મુક્તિ છે.

મુમુક્ષુ :- ... કહેવાની વાત છે.

ઉત્તર :- એ વાત છે ભાઈ!

અંતર ચૈતન્ય ભગવાન એકલો જ્ઞાનનો સ્વભાવ તેમાં અંતર્મુખ થતાં બહિર્મુખનો રાગ તો છૂટો પડી ગયો. રાગની સાથે વર્તમાન પર્યાયમાં સંબંધ ન રહ્યો. દ્રવ્ય-ગુણ સાથે તો સંબંધ હતો જ ક્યાં? સમજાણું કાંઈ? વર્તમાન જે જ્ઞાન અને શાંતિની પર્યાય છે એની સાથે રાગનો સંબંધ રહ્યો નહિ. દ્રવ્ય-ગુણ સાથે તો રાગનો સંબંધ ત્રણે કાળે નથી. પણ જ્ઞાનની વર્તમાનમાં રાગનો સંબંધ જે હતો, બસ! એ સંબંધ કર્યો એ સંબંધ. રાગના સમ્યક્ પ્રકારે બંધ વિનાના સાથે રાગનો સંબંધ એ મિથ્યાત્વભાવ એ સંસાર, એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

એ સંબંધ રાગનું જોડાણ તૂટ્યું. ભાષા એમ છે ને, જુઓને! '**रागादीनुपयोगभूमिमनयन्**'. એમ છે ને? એ તો કળશમાં આવે છે. (૧૬૫) કળશમાં આવે છે. અને આ તો છેલ્લી ટીકા છે ને? '**रागयोगस्य बन्धहेतोरभावात्**' સંસ્કૃત ટીકા. '**रागयोगस्य**' રાગના સંબંધના બંધનો હેતુ તે અભાવ છે એને. એ બંધનો હેતુ જે રાગનો સંબંધ છે... ટીકા-ટીકા. સંસ્કૃત ટીકા. '**रागयोगस्य बन्धहेतोरभावात्**' રાગનો સંબંધ તે બંધનો હેતુ, તે રાગના સંબંધ વિનાનો આત્મા તેને બંધનો હેતુ રહેતો નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ઝીણી. ઓલી તો સમજાય. લીલોતરી ન ખાવી, આ રસ ન ખાવો, કેરી ન ખાવી. ન્યાલભાઈ! આવું સમજાયે ખરું.

આ ૩૦ વર્ષથી કેરી ખાધી નહોતી. લ્યો. સમજાય છે? આ જોઈને ચાલે, જુઓ! જ્યાં બેસે ત્યાં જરી લૂગડું આમ કરીને બેસે. જીવાત ન હોય. લૂગડામાં બેસે કાં મોરપીંછીથી .. ઓહોહો..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- રોટલી, દાળ ને ચોખા ત્રણ.

ઉત્તર :- બસ રોટલી, દાળ ને ચોખા ત્રણ. શાક પણ નહિ? કોને? એમ. આપણને ખબર નથી. આ ઘરની વાત જાણતા લાગે છે. કહો, સમજાય છે કાંઈ?

એ રાગનો વિકલ્પ ઉઠે છે કે આ મેં છોડ્યું. એ વિકલ્પ સાથે... છોડ્યું એ બુદ્ધિ મિથ્યાત્વ છે અને વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ કરે તે મિથ્યાત્વ છે. આમ છોડ્યું એ માન્યતા મિથ્યાત્વ છે. કારણ કે છૂટેલું પડ્યું હતું, છોડે કોણ? અને રાગ એનામાં નથી એની એકતા કરે છે એ મિથ્યાત્વભાવ છે. પર છૂટેલું છે તેને છોડું અને રાગ જુદો છે, છૂટો છે તેને યુક્ત કરવો, એનો ત્યાગ છે એનો અત્યાગ કરવો. સમજાણું કાંઈ? એ વિકલ્પ ઉઠ્યોને દયા, દાન, વ્રત, ભક્તિ એનો ત્યાગ છે સ્વભાવમાં. એને ઠેકાણે યોગ-સંબંધ કરવો. આહાહા..! પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિ. કેટલું વર્ણન છે આખું. સમજાય છે કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા જ્ઞાયકની મૂર્તિ, એમાં જ્યાં રાગનો સંબંધ જ નથી. રાગનો યોગ જ નથી. રાગનો યોગ જે બંધનો હેતુ તેનો અભાવ. ભાષા એમ છે ને? જુઓને! '**रागयोगस्य बन्धहेतोरभावात्**' સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાયક ચૈતન્યમૂર્તિના સ્વભાવનો સંબંધ છે આત્માને, સ્વભાવ સંબંધ. એ કારણે રાગનો યોગનો સંબંધ નથી કે જે રાગ બંધનો હેતુ છે તેનો અભાવ છે. માટે તેને બંધનું કારણ છે નહિ. માટે સમ્યગ્દ્રષ્ટિને બંધન છે નહિ. આહાહા..! મૂળિયું તોડ્યું. હવે પાંદડા થોડા રહ્યા એ સૂકાઈ જવાના. મૂળિયું સમજો છો? મૂળિયાં? મૂળ-મૂળ. જડ-જડ. જે ઝાડનું મૂળ કાપ્યું. હવે પાંદડા રહ્યા એ તો પંદર દિ'એ સૂકાઈ જશે. જેનું મૂળ સાજું અને એના પાંદડા તોડીને બેઠો ત્યાગ કરીને, આ કર્યું ને આ કર્યું. મૂળ સાજું છે વાંધો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નજરમાં તો ચોખ્ખું દેખાય છે.

ઉત્તર :- શું દેખાય? નજર ક્યાં અંદરમાં છે કે બહારમાં? નજર કરનારો કોણ? રાગથી પૃથક્ જે જ્ઞાન છે એ નજર કરનારો. હવે નજર કરનારો પોતે રાગથી પૃથક્ છે એમ જોતો નથી અને રાગથી એક જોવે છે તો નજર જ ખોટી છે એની. એવી નજરે જોવે કે આ છોડ્યું મૂક્યું. એ તો નજર જ ખોટી છે એની. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નજરમાં ભૂલ છે.

ઉત્તર :- નજરમાં ભૂલ. એ રાગની એકતા કરી એ નજરભૂલ. અને એ નજરે પાછું

બીજાને જોવું. જુઓ! આને છૂટ્યું, જો આણે લીધું. આણે ગ્રહણ કર્યા પંચ મહાવ્રત, આણે આ છોડ્યું. પણ શું છોડે અને શું ગ્રહે. તારી દૃષ્ટિની ખબર નથી તને. સમજાણું કાંઈ? એય.. નેમિદાસભાઈ! શું છે આ બધું? અત્યાર સુધી શું કર્યું આ બધું? જૈન છે કે નહિ? વળી એમ પ્રશ્ન કર્યો હતો એક જણે. આહાહા..! ભાષા જુઓ ભાષા. સમજાણું?

ઉપયોગભૂ કહ્યો હતો. સમજાય છે? ઉપયોગ ભૂમિકા કીધી હતી. એમાં જોડાણ. અહીં રાગના યોગનું જોડાણ. સંબંધ કીધો. નિર્મળાનંદ ભગવાન આત્મા, એને રાગનો મેલ એની સાથે સંબંધ કરવો, બસ, એ જ મિથ્યાત્વ અને બંધનું કારણ છે. મેલને નિર્મળ સાથે મેળ કરવો, સંબંધ કરવો એ જ મિથ્યાત્વ અને એ સંસાર છે. સમજાય છે? સમ્યગ્દૃષ્ટિને રાગના યોગનો સંબંધનો અભાવ છે. જે બંધનો હેતુ રાગનો યોગ સંબંધ હતો તે રાગના સંબંધનો અભાવ છે. વાત તો લોજીકથી-ન્યાયથી કરી છે, હોં! '**रागयोगस्य**' સમજ્યા? રાગમાં તેનો અભાવ છે.

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં...**' એમ કર્તા-કર્તા આવ્યું હતું ને એમાં? કરે છે.. કરે છે.. ઈન્દ્રિયોને કરે છે. '**સર્વ સંબંધ હોવા છતાં...**' હોવા છતાં એટલે? એની નજીકમાં બધા દેખાતા છતાં. રાગથી ભિન્ન પડ્યો માટે બધું એની નજીકમાં છે નહિ. જે રાગ નજીકમાં હતો એને દૂર કર્યો પછી બીજો ક્યાં સંબંધ રહ્યો? '**રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.**' પૂર્વે ભાવાર્થમાં. આનો કળશ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૧, ગુરુવાર તા. ૩૧-૦૮-૧૯૬૭**
**શ્લોક-૧૬૫-૧૬૬, પ્રવચન-૩૨૩**

આ સમયસાર, બંધ અધિકાર છે. આઠ કર્મનું બંધન મૂળ કારણ એનું શું છે એ વાત આમાં કહે છે. ૧૬૫ કળશ છે.

**लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्**
**तान्यस्मिन्करणानि सन्तु चिदचिद्व्यापादनं चास्तु तत्।**
**रागादीनुपयोगभूमिमनयन् ज्ञानं भवन्केवलं**
**बन्धं नैव कुतोऽप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवम्।।१६५।।**

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા, જેને આત્માના પુણ્ય-પાપના પરિણામ અને પરમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. ક્યાંય અનુકૂળ હોય તો ઠીક અને પ્રતિકૂળ હોય તો અઠીક એ રુચિમાં, દૃષ્ટિમાંથી બુદ્ધિ જ ઊઠી ગઈ છે. અને આત્મામાં શુદ્ધ અનુભવમાં આનંદ છે. આત્માની અનુભૂતિ-સ્વભાવનો અનુભવ તે આનંદ છે. એ સિવાય ક્યાંય આનંદ અને શાંતિ સુખ ક્યાંયથી દૃષ્ટિમાં આવતું નથી. એવા સમ્યગ્દૃષ્ટિ આત્મા. ચોથી લીટી છે.

'**તે (પૂર્વોક્ત) બહુ કર્મથી ભરેલો લોક છે તે ભલે હો,...**' કર્મ થવાને લાયક રજકણો, પરમાણુઓ હો તો ભલે હો. એ કંઈ આત્માને બંધનનું કારણ નથી. '**મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો,...**' કંપન્ન આદિ ક્રિયા મન-વચન અને કાયાની અથવા જડની, શરીરની હો તો હો. તેથી આત્માનું બંધન છે નહિ. '**પૂર્વોક્ત કરણો પણ તેને ભલે હો...**' ઇન્દ્રિયોનો વેપાર અને ઇન્દ્રિયો પણ હો.

'**ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો,...**' એમ મુનિ કહેતા હશે આમ? ચેતન અને અચેતનની ઘાત પણ ભલે હો, એમ કહે છે. એટલે કે એ થવા કાળે ચેતન અને અચેતનની હિંસા આદિ હો તો હો, એ તો એને કારણે છે. '**પરંતુ અહો! આ સમ્યગ્દૃષ્ટિ આત્મા,...**' આત્માના આનંદ સિવાય આખી દુનિયામાંથી જ્યાં દૃષ્ટિ ઊઠી ગઈ છે. સમજાય છે કાંઈ? જેને શુભભાવમાંથી પણ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. એને આત્માના અંતર અનુભૂતિના આનંદની આગળ એ સમ્યગ્દૃષ્ટિ આત્મા '**રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો,...**' એમ છે ને? '**अनयन्**' છે ને?

ભગવાન આત્મા જ્ઞાનના વેપારવાળો, જાણવાના ભાવસ્વભાવવાળો તેના જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં સમ્યગ્દૃષ્ટિ એ રાગને ઉપયોગભૂમિ નામ ઉપયોગ વસ્તુ-ચૈતન્ય વસ્તુ, એમાં એ લાવતો

નથી. રાગને તેમાં એકપણે કરતો નથી. જુઓ આ વસ્તુ. સમજાય છે કાંઈ? અનુભૂતિરૂપી આત્મા જ્યાં પ્રગટ્યો છે એવો જે સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ પરિણમન જેને છે એવા આત્માને, એ રાગાદિ વિકલ્પ જે છે એ અંતર ભૂમિમાં એકત્વપણે કરતો નથી. ભારે વાત ઝીણી, ભાઈ! જગતને અહીં સુધી આવવું એ મહા કઠણ પડી ગયું છે. અહીં હજી આ કરવું ને આનું કરવું ને આનું કરી દઉં, આનું ભલું કરવું, આનું ભલું કરવું. એના વિકલ્પની આડમાં પડ્યો તે પડ્યો પણ એવો... .... એ શરૂ કરશે હવે.

પોતાનો આત્મસ્વભાવ, જે રાગના વિકલ્પ ઉઠે છે એનાથી પાર. એવા આત્માને દૃષ્ટિમાં લઈને જે અનુભૂતિ આત્માના આનંદનો સ્વાદ આવ્યો એ ધર્મીને ક્યાંય સુખબુદ્ધિ થતી નથી. ઇન્દ્રના ઇન્દ્રાસન દેખાય તોપણ ત્યાં સુખબુદ્ધિ છે નહિ. રુચિ ઉઠી ગઈ છે, બુદ્ધિ ખસી ગઈ છે, આચરણ પરમાંથી ટળી ગયું છે. સમજાય છે કાંઈ? પોતાના આનંદ સ્વરૂપમાં રુચિનું પોષાણ છે. સ્વજ્ઞાનના પરિણતિમાં જ્ઞાન અનુભવે છે અને તેમાં સ્વરૂપની સ્થિરતાનું આચરણ જેને થઈ રહ્યું છે. સમજાય છે કાંઈ? એ આત્મા રાગ જે છે તેને જ્ઞાયક સ્વભાવના અંતર્મુખની દશામાં એ બહિર્મુખના વિકલ્પમાં એકપણે ઉપયોગભૂમિ એટલે ઉપયોગ ચૈતન્ય વસ્તુ, ચૈતન્ય વસ્તુ એમાં એ રાગના શુભરાગને પણ એકપણે કરતો નથી.

મુમુક્ષુ :- આમાં તો લાવતો નથી એમ લખ્યું છે.

ઉત્તર :- એ લાવતો નથી એટલે એ રાગ છે એને લાવતો નથી એટલે આમ કરતો નથી. અંદરમાં એકત્વ કરતો નથી. '**अनयन्**' શબ્દ છે ને. '**भूमिमनयन्**' '**उपयोगभूमिमनयन्**'. ચૈતન્યરૂપી ભગવાન આત્મામાં રાગને લાવતો નથી. લાવતો નથી એટલે મેળવતો નથી. મેળવતો નથી એટલે એકરૂપે કરતો નથી. એકરૂપે કરતો નથી એટલે તન્મય થતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એ વ્યવહારમાં જે રાગ આવે ને? વ્યવહાર ક્રિયાકાંડ મહાવ્રતાદિ .. દેવ-ગુરુ-શાસ્ત્ર ભક્તિ આદિના. એ રાગને આ ઉપયોગભૂમિ. ઉપયોગભૂમિમાં એને અહીં લાવતો નથી. એનાથી દૂર રહીને જ્ઞાનરૂપે પરિણમે છે. એમ કહે છે. આહાહા..! અંતર્મુખ જ્યાં જ્ઞાનના પરિણમનના વહન છે, પરિણમન જ્ઞાનરૂપે અંતર પરિણમ્યું છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને ધર્મી કહે છે, તેને જ્ઞાની કહે છે. સમજાય છે કાંઈ? એ વ્યવહારનો વિકલ્પ જે રાગાદિ છે એને પણ વસ્તુ જે ચૈતન્ય આનંદમૂર્તિ (છે) એને અંતર્મુખના પરિણમનમાં તે બહિર્મુખની વૃત્તિને ભેળવતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભેળવતો નથી સમજાય છે? ગુજરાતી બરાબર અમારી કાઠીયાવાડી. મેળવતો નથી. એ તો થોડી થોડી ભાષા સમજે.

'**સમ્યગ્દૃષ્ટિ આત્મા,...**' ધર્મી એને કહીએ કે જે ધર્મી એવો જે અનંત ગુણનો પિંડ

એવો આત્મા, તેની જ્યાં અનુભૂતિની દૃષ્ટિ, અનુભૂતિપૂર્વક જ્યાં દૃષ્ટિ થઈ છે એને રાગાદિ વિકલ્પને પણ અહીં લાવતો નથી તો બીજી ચીજને આ મારી છે એમ એને થાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિનો એટલો અર્થ છે કે શુદ્ધ ચૈતન્ય ભૂમિકામાં એ વિકલ્પને, રાગને પોતામાં લાવે છે, એકત્વ કરે છે. બસ, આ અધર્મ અને આ મિથ્યાદૃષ્ટિ. બહારની પ્રવૃત્તિ ક્રિયા ઘટી કે ન ઘટી એની સાથે સંબંધ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**રાગાદિકને ઉપયોગભૂમિમાં...**' એટલે ચૈતન્યરૂપી સ્વભાવમાં, ચૈતન્યરૂપી સ્થળમાં, આનંદકંદના ભાવમાં એ રાગને '**નહિ લાવતો થકો,...**' એ રાગને, અંતર્મુખના સ્વભાવમાં બહિર્મુખ રાગને નહિ મેળવતો, ભેળવતો, નહિ લાવતો. ત્યારે થાય છે શું? '**કેવળ (એક) જ્ઞાનરૂપે થતો–**' ધર્મી સમ્યગ્દૃષ્ટિ એકલો જ્ઞાન ને આનંદ ને શાંતિરૂપે જ્ઞાનરૂપે થતો, જ્ઞાનસ્વરૂપ જેવું છે તે રૂપે થતો. જુઓ! 'કેવળ' શબ્દ લીધો કે ઓલા રાગરૂપે નહિ થતો. સમજાણું કાંઈ? '**કેવળ (એક) જ્ઞાનરૂપે થતો–**' જે ચૈતન્ય સ્વરૂપ છે જ્ઞાયકમૂર્તિ, તે રૂપે જ્ઞાનને પરિણમાવતો, જ્ઞાન તે રૂપે પરિણમતું એકલું જ્ઞાનનું પરિણમન છે. '**કેવળ જ્ઞાનરૂપે થતો...**' એટલે રાગરૂપે નહિ થતો એ જ્ઞાનરૂપે થતો એમ કહ્યું છે. પણ એ જ્ઞાનરૂપે થતોનો અર્થ એક જ જ્ઞાનરૂપે થતો એમ નથી. અનંત ગુણનો પિંડ જે છે જે દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો, એ અનંતા ગુણની શુદ્ધની શક્તિના વ્યક્તરૂપે પરિણમનરૂપે થતો. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનરૂપે થતો એટલે એકલું જ્ઞાન. એકલું એટલે જેમાં રાગનો મિલાપ નથી, ભેળસેળ નહિ. સમજાય છે કાંઈ?

દૃષ્ટિ પરથી ઉઠાવીને જ્યાં અંતરમા મૂકી છે એટલે આત્માના અંતર્મુખમાં જ્યાં પરિણમન જ્યાં બદલી ગયું છે. એ પરિણમનમાં એકલું જ્ઞાન પરિણમે છે. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, આનંદ, શાંતિ-સ્વરૂપાચરણ. એ એકલું જ્ઞાન એટલે એમાં રાગનું પરિણમન, રાગનો ભેળ બિલકુલ નથી. સમજાણું કાંઈ? '**કેવળ જ્ઞાનરૂપે થતો...**' કેવળ એટલે? એકલો ... પાછો ઓલો કેવળજ્ઞાનરૂપે થઈ જતો એમ કોઈને થઈ જાય. અહીં તો સમ્યક્...

મુમુક્ષુ :- રાગથી રહિત.

ઉત્તર :- અંતર્મુખમાં રાગ નથી અને અંતર્મુખ દૃષ્ટિનું ભાન છે. આ અંતર્મુખ ચૈતન્ય તેનું જ્ઞાનમાં (ભાન થયું છે). ત્યારે પ્રશ્ન થયો હતો ને રાતે? કે આ રાગ છે એ જણાતો નથી અને રાગને એકપણે શી રીતે માને? સમજાય છે કાંઈ? એનો અર્થ એ છે કે આ જાણન... જાણન... જાણન... જે છે ને. જાણે... જાણે... જાણે... જાણે... એવું જે સત્તા હોવાવાળું તત્ત્વ, એ જાણવા જાણવારૂપે ન રહેતા, જો જાણવા જાણવારૂપે રહ્યું હોય તો એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ત્યારે એ જાણન જાણન દશારૂપી જેની દશા છે

એવો જે જ્ઞાયક, એની જે જાણનદશા એમાં જાણનદશા, દશાવાનમાં એકત્વ નથી. એથી એ પરમાં એકત્વ છે એવું અંદરમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો આત્માની અંતરની રમતુંની વાત છે.

એ જાણન જાણન જે વ્યક્તરૂપે પ્રગટ જે પર્યાય જણાય છે, જાણન અવસ્થા અસ્તિ, એ અવસ્થાનું આખું સ્વરૂપ જેનું છે એ તો જ્ઞાયક છે. કારણ કે એ તો અવસ્થા પૂરતી દશા છે બદલતી. એ બદલતી દશા, આખો આત્મા તેની અવસ્થા છે. તો જો એ અવસ્થા દૃષ્ટિ દ્રવ્ય ઉપર-સ્વભાવ ઉપર હોય તો તો તેને આનંદનો અનુભવ આવવો જોઈએ. ત્યારે એ પરિણમન જ્ઞાનનું તે અંતર્મુખ નથી તેથી તે બહિર્મુખમાં ક્યાંક રાગમાં એકત્વપણાને પામેલી દશા છે. અને તેથી તેને ત્યાં આકુળતા, આકુળતા અને આકુળતા છે.

મુમુક્ષુ :- ઘરમાં નથી એટલે બહાર હોવો જોઈએ.

ઉત્તર :- બહાર ગયો છે એટલે લક્ષ બહાર ગયું છે. અહીં જ્યારે આમ નથી (ત્યારે આમ બહાર છે). જેની દશા છે તેની તે દશા થઈ નથી. સમજાય છે કાંઈ?

જે અવસ્થા છે ને જાણન... જાણન... જાણન... જાણન... આ જાણે છે એ તો અસ્તિત્વ જે જણાય છે કે નહિ આ? એ જેની છે તેની અવસ્થા થઈ નથી. જો એની થઈ હોય તો તે અવસ્થા એકાકાર અંતર્મુખ થઈને આનંદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ? ત્યારે એનો અર્થ છે કે જે જાણન અવસ્થા જેની છે તેની તે થઈ નથી એટલે તે અવસ્થામાં રાગની એકતા છે. જેનામાં જે નથી એવો જે રાગ વિકલ્પ દ્વેષાદિ કોઈપણ. ઊંડે-ઊંડે મીઠાશ રાગની છે અને તે મીઠાશ જ્ઞાનપણે જ્ઞાનમાં એકપણે કરીને બેઠો છે. બહુ ભારે! માર્ગ બહુ અલૌકિક છે. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! રાતે નહોતા. રાતે ચર્ચા થઈ હતી ઘણી. સૂક્ષ્મ ઘણી વાત નીકળી આ સંબંધી. એક ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને રાતે. જણાતો નથી. આ જણાય તો છે આ રાગને એકપણે... એનો અર્થ?

આ જાણન-જાણન જે હોવાપણે ચીજ છે, એ જાણનની અવસ્થા એની અંતર વસ્તુ જેની છે એની જો થઈ હોય તો તો તેને આકુળતા હોઈ શકે નહિ. અને જ્યારે એ અવસ્થા જેની છે તેની થઈ નથી, તેથી તે અવસ્થા આ આખા આત્મા ઉપર થતી દશા છે. એ આમ પર ઉપર એકત્વબુદ્ધિ પડી છે એની. સમજાય છે કાંઈ? અને એને લઈને એકત્વ છે માટે સ્વભાવમાં જેની દશા છે તેનું એકત્વ નથી માટે એ રાગમાં એકત્વ છે તેમ તેનું અનુમાન થઈને તે એકત્વપણે પરિણમે છે.

મુમુક્ષુ :- નક્કી થઈ શકે છે.

ઉત્તર :- નક્કી થઈ શકે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

ભગવાન આત્મા જ્યાં પોતાના નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, જેમાં એટલો અતીન્દ્રિય આનંદ, જો આનંદથી ગણીએ તો એ આનંદ સ્વરૂપ જ છે. જ્ઞાનથી ગણીએ તો જ્ઞાનરૂપ જ છે. શ્રદ્ધાથી ગણીએ તો શ્રદ્ધારૂપ જ છે. સ્વચ્છતાથી ગણીએ તો સ્વચ્છતારૂપ જ છે. એવું આખું તત્ત્વ. એની જે અવસ્થા, એ અવસ્થા અવસ્થાયીની થઈ હોય તો અનુભૂતિ થાય અને આનંદ આવ્યા વિના રહે નહિ. અને તેથી અંતરની અવસ્થા થયેલી એ રાગને પોતામાં મેળવતો નથી. કારણ કે અંતર્મુખ જ પરિણમન જ્યાં ઢળી ગયું છે, આ વિકલ્પ જે આમ બહિર્મુખની વૃત્તિ ઊઠે છે એ અંતર્મુખના પરિણમનમાંથી આવતી જ નથી. સમજાય છે કાંઈ? તેથી એમ કહે છે. સમજાવાની શૈલી હોય એમ સમજાવે ને? એ રાગને લાવતો નથી. સમજાણું કાંઈ? એટલે કે જ્યાં દૃષ્ટિનું વલણ જ જ્યાં અંતર્મુખ થયું છે એ રાગને અંતરમાં લાવતો નથી. રાગ પૃથક્ રહી જાય છે. રાગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાનપણે જ્ઞાન પરિણમે છે પણ રાગ તેના રૂપે થતું નથી. જ્ઞાન તે રૂપે થતું નથી. બસ. સમજાણું કાંઈ?

પહેલી વાતને કેટલી ધીરજથી એણે વિચારવી જોઈએ. સમજાય છે? આ કાંઈ કોઈ બહારથી મળી જાય એવી ચીજ નથી. ઘણી ધીરજ... ઘણી ધીરજ... કેટલી ધીરજ? ઓહોહો..! ચાલતી વર્તમાન ક્ષણિક અવસ્થા, એ અવસ્થા જેની છે એવું આખું તત્ત્વ એ ઉપર વાળવું (એમાં) ઘણી ધીરજ જોઈએ. સમજાય છે કાંઈ? એમાં વળતાં એને રાગનું વલણ નામ અંતરમાં એ જ્ઞાન.. અંતર્મુખ સ્વરૂપની શક્તિ આખી છે એની દશા અંતર્મુખ વળી એમાં રાગનું આવવું થતું નથી, એને રાગ લાવતો નથી એમ કહેવામાં આવે છે. લાવતો નથી તો આ રાગ છે એને નથી લાવતો એમ છે અંદર? સમજાણું કાંઈ? ધન્નાલાલજી!

આ સ્વભાવ જ્ઞાયકમૂર્તિ અંતર્મુખ જ્યાં પરિણમન થયું દૃષ્ટિનું. અંતર્મુખ થયું. ત્યાં રાગ લાવતો નથી એટલે રાગ ત્યાં આવી શકતો જ નથી. એ તો સમજાવવાની રીત હોય એમ કહે ને. શાસ્ત્રની ભાષા હોય એમ સમજાવે. આ રાગ છે એને લાવું નહિ એમ છે ત્યાં? સમજાણું કાંઈ? વાત એ છે કે જે ચૈતન્ય ભગવાન આત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ એની જે અવસ્થા એ વસ્તુની દૃષ્ટિએ, આશ્રયે થઈ. એ અંતર્મુખ વલણમાં એ રાગ ભેગો આવતો નથી. માટે તે લાવતો નથી એમ કહેવામાં આવે છે.

તેથી તે '**(એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો,...**' ભગવાન આત્મા અંતર્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિરૂપે થતો. અહીં ભાષા એમ કહે કે આ તો ચોથા ગુણસ્થાનથી આવી વાત? સમજાય છે? કે એ ચોથા ગુણસ્થાનથી આવી વાત આવે. કોઈ કહે કે એ તો વીતરાગી દૃષ્ટિ એમ ઘણા માણસ (કહે છે). આવું ન હોય. નીચે તો વ્યવહાર શ્રદ્ધા હોય. અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ! તું ભળ્યા વિના શ્રદ્ધા ક્યાંથી થઈ? ઓહોહો..! પછી

એવી આળ નાખે છે ને. એ તો કાળલબ્ધિ હશે ત્યારે અમારે વ્રત આવશે. તેથી એ લોકો વ્રત લેતા નથી. અરે..! ભગવાન એમ ન કર. એમ છે નહિ, ભાઈ! સમજાય છે? એ લોકો નિયતિને માનનારા, કાળલબ્ધિને માનનારા, ત્યારે કેમ અમે વ્રત નથી લેતા? એ તો કાળલબ્ધિ પાકી નહિ, ભગવાને ભાળ્યું નથી માટે અમને વ્રત લેવાનો ભાવ થતો નથી. ભાઈ! એમ ન હોય. એ અંતરના વલણમાં વિશેષ ઉગ્રતા પુરુષાર્થની કમી છે માટે સ્થિરતા થતી નથી. સમજાણું કાંઈ? એ કાળલબ્ધિની વાટ જોઈને બેઠો છે કે ભગવાને દીઠું. વાટ જોઈને બેઠો એમ નથી. એ તો અંતરને જોવા બેઠો છે. ભાઈ! એને ખબર નથી. આહાહા..! એવા લખાણ લખે. માંડ વાત આવી બહાર ને ત્યાં અંદર ખળભળાટ (થઈ ગયો). ભગવાન! ખળભળાટ પણ તને નુકસાનકારક છે. એને ખબર નથી. સમજાય છે કાંઈ?

અહીં ભગવાન આત્મા ચૈતન્યના જે પુરુષાર્થની જાગૃતિ અંતર્મુખ થઈ એમાં બહિર્મુખનો ભાવ આવતો નથી તો એકલું જ્ઞાનનું જ પરિણમન એને છે. ત્યારે કહે કે જ્ઞાન જ્ઞાનની વાતું કરે છે પણ ચારિત્ર તો એમાં આવતું નથી. અરે.. ભગવાન! ભાઈ! જે જ્ઞાન છે એનું પરિણમન થયું ભેગું શ્રદ્ધા, શાંતિ, આનંદ આદિ બધું પરિણમન સાથે જ છે. ભલે સ્થિરતા થોડી હોય, સમજાય છે? એથી એને એ વખતના પંચ મહાવ્રતના વિકલ્પનો કાળ એને નથી ઓલી સ્થિરતા થોડી છે માટે. સમજાય છે કાંઈ? એ કર્મને કારણે છે કે કેવળીએ દીઠું તે દિ' થાય એમ જોઈને બેઠો છે કે કાળલબ્ધિમાં નથી માટે છે એમ નહિ. સમજાણું કાંઈ?

અંતર જોવાના વલણની સ્થિરતા ઓછી છે. એથી રાગાદિ પૃથક્પણે વર્તે છે. રાગનો અભાવ થઈને જે સ્થિરતા અંતર્મુખ થવી જોઈએ એ એની પોતાની કમી છે. અમરચંદભાઈ! આ ક્રમબદ્ધની વાત જ્યાં આવી ને ત્યાં (બોલે), એય.. આમ કહે છે. બાપા! એ ક્રમબદ્ધમાં તો અંતર્મુખ દૃષ્ટિ થઈ અને અકર્તા રાગનો થઈ, રાગને અંતરમાં લાવે નહિ અને જ્ઞાતાદૃષ્ટાનું પરિણમન થાય ત્યારે તેને ક્રમબદ્ધની દૃષ્ટિનું જ્ઞાન સાચું થાય. આહાહા..! સમજાણું કાંઈ? સવળો પણ એટલો છે, અવળાઈ પણ એટલી છે. એની અશુદ્ધતા પણ મોટી. એનું વીર્ય એનું છે ને. અશુદ્ધતા કરીને એવા તર્ક ઉઠાવે, એવા તર્ક ઉઠાવે કે સત્ય હોય તેને અસત્ય ઠરાવે અને અસત્ય હોય તેને સત્ય ઠરાવે.

કહે છે કે '**(એક) જ્ઞાનરૂપે થતો-પરિણમતો થકો,...**' ઓહોહો..! સમ્યક્ થયું ત્યાં? એ તો વીતરાગ દશા અને આઠમે ગુણસ્થાનથી હોય આ તો. ભાઈ! ત્યાં વિશેષ સ્થિરતારૂપે છે. અહીંયાં (ચોથેથી) વિશેષ સ્થિરતા નથી પણ પૃથક્ રાગથી પૃથક્ થઈ ગયેલું જ પરિણમન છે. સમજાણું કાંઈ? '**કોઈપણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો.**' ઠીક! આ કારણે હોં! જ્ઞાનરૂપે થતો એટલે કે પરિણમતો થકો. એમ. થતાની વ્યાખ્યા થઈ. કોઈપણ

કારણથી. બાહ્યના સચેત અચેત જીવનો ઘાત થાય કે આ.. સમજાય છે? ઇન્દ્રિયો ઇન્દ્રિયોના કામ કરે; ત્યાં ઓલા કહે છે ને? ઇન્દ્રિય ઇન્દ્રિયનું... એનો અર્થ કે પોતાની દૃષ્ટિ અતીન્દ્રિય આત્મા ઉપર પડી છે. તેથી ઇન્દ્રિયો-ઇન્દ્રિયો જડની પર્યાય થાય એથી આત્માને બંધન છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**(અહો! દેખો! આ સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે.)**' સમજાણું કાંઈ? ક્યાંથી ઉપરથી કાઢ્યું? ઉપરથી કાઢ્યું. અહો છે ને. છે. છે. '**युपैत्ययमहो**' છે ને? ચોથા પદમાં છે. અહો! '**युपैत्ययमहो**' છે ને? અહો! એ આચાર્ય પોતે જ (કહે છે), અહો! સમજાય છે? આશ્ચર્યકારી. એ તો ટીકામાં આવ્યું ને. પરંતુ અહો! એમ આવ્યું ને? '**આ સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે.**' આહાહા..!

'**ભાવાર્થ :- અહીં સમ્યગ્દૃષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય કહ્યું છે...**' જ્યાં સમ્યગ્દૃષ્ટિપણું (પ્રગટ થયું), જ્યાં આત્માના આખા પૂર્ણ આનંદકંદ ભગવાનને માન્યો, આખો ભગવાનનો ભેટો થઈને પરમાત્માનો અનુભવ થયો. આહાહા..! જ્ઞાનમાં આખો આત્મા સાક્ષાત્કાર થયો. મતિ-શ્રુત જ્ઞાનથી જ્ઞેય એવો પ્રભુ આત્મા જ્ઞાનમાં આખો અનુભવમાં આવ્યો. કહે છે કે એનું શું માહાત્મ્ય? એનું શું કહેવું માહાત્મ્ય? છે શેઠ? ક્યાં છે? ભાવાર્થમાં. પહેલી લીટી. અહો! સમ્યગ્દૃષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય કહ્યું છે.

'**અને લોક, યોગ, કરણ, ચૈતન્ય-અચૈતન્યનો ઘાત-એ બંધના કારણ નથી એમ કહ્યું છે.**' સમ્યગ્દૃષ્ટિનું અદ્ભુત માહાત્મ્ય છે અને આ કારણે બંધ થતો નથી એમ સાથે કહ્યું છે. લોક હો, યોગ હો, ઇન્દ્રિય હો, ઘાત હો એ બંધના કારણ નથી એમ કહ્યું છે. '**આથી એમ ન સમજવું કે પરજીવની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈ હિંસા કરવી.**' પ્રેમ થઈને હિંસા કરવાનો ભાવ કરવો અને હિંસાથી મને બંધ નથી, એમ નથી. સમજાય છે કાંઈ?

'**અહીં તો એમ આશય છે કે અબુદ્ધિપૂર્વક...**' રુચિ વિના, આકાંક્ષા-એ હિંસા કરવાના ભાવ વિના. દૃષ્ટિમાં. '**અબુદ્ધિપૂર્વક કદાચિત્ પરજીવનો ઘાત પણ થઈ જાય...**' એટલે કે દૃષ્ટિમાં એનું વિકલ્પનું એકત્વ નથી અને પરની ક્રિયાથી પૃથક્ વર્તે છે ત્યાં પરની ક્રિયા ત્યાં થઈ જાય. એમ કહે છે. સમજાણું કાંઈ? '**તો તેનાથી બંધ થતો નથી. પરંતુ જ્યાં બુદ્ધિપૂર્વક...**' રુચિપૂર્વક, પ્રેમપૂર્વક, હોંશપૂર્વક, ઉત્સાહપૂર્વક જેને ભાવ (છે), 'આ મારું' એવો ભાવ છે એની દૃષ્ટિ પરમાં છે. સમજાય છે કાંઈ? આને મારું, એવી જે વાંછા છે એના ઉપર જેની દૃષ્ટિ છે. એને તો હોંશ છે મારવાની. ક્રિયા ભલે મારવાની થાય, ન થાય એનો પ્રશ્ન નથી.

**'બુદ્ધિપૂર્વક જીવ મારવાના ભાવ થશે ત્યાં તો પોતાના ઉપયોગમાં રાગાદિકનો સદ્‌ભાવ આવશે...'** ત્યાં તો આત્મભૂમિમાં રાગનો ઉત્સાહ અને હોંશ થઈ ત્યાં ઉત્સાહમાં ગયો, એ જ્ઞાન ઉપયોગમાં રાગનું એકપણું આવશે જ. આહાહા..! સમજાય છે કાંઈ? અંદર ગલગલીયા માનના થાય અને કહે કે અમારે કાંઈ છે નહિ. મૂઢ છો. બે રીતે છેતરાઈ જાય છે. સમજાય છે કાંઈ? અંદરમાં માન મળે તો આહાહા..! એની અંદરથી મીઠાશ તો પરની છે. એને પરની મીઠાશ છે ત્યાં હિંસા થાય અને હિંસા મારાથી થતી નથી એમ કહે, (તો એ) મિથ્યાત્વ છે બધું. આહાહા..!

પોતાનો જે સ્વભાવ રાગ રહિતની દૃષ્ટિને જાળવતો નથી અને આ રાગના પ્રેમમાં પડ્યો છે અને કહે કે હિંસા થાય તો એની મેળાએ થાય, મરી જઈશ. શેઠ! આહાહા..! ત્યાં તો ઉપયોગમાં શુભભાવ આવશે. એટલે કે આનંદની હયાતીમાં જ્યારે તને એમ થઈ જાય કે 'આ ઠીક છે' ત્યાં આનંદની હયાતી ખસી જશે અને રાગની હયાતી ત્યાં થશે. રાગની હયાતી થઈને પછી તું કહે કે આમાં હિંસા થાય તો થાય. ક્યાંથી થયો પણ? એ હિંસા થઈ એમાં તારું રાગનું નિમિત્ત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'અને તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ. જ્યાં જીવને જીવાડવાનો અભિપ્રાય હોય...'** જુઓ! અભિપ્રાય એટલે? હું જીવાડી શકું છું એવો જ્યાં હજી આશય પડ્યો છે ત્યાં રાગની એકતા પડી છે. બીજાને જીવાડી શકું છું એવો જે ભાવ-બહિર્બુદ્ધિનો રાગ, એ રાગની એકતાબુદ્ધિવાળાને જીવાડી શકું છું એવું થાય છે. સમજાણું કાંઈ? **'જીવાડવાનો અભિપ્રાય હોય...'** અભિપ્રાયનો અર્થ આ કે હું એને જીવાડી શકું છું એવો જે રાગ આવ્યો ને? એ રાગમાં એકત્વબુદ્ધિ એને છે.

**'ત્યાં પણ અર્થાત્ તે અભિપ્રાયને પણ નિશ્ચયનયમાં મિથ્યાત્વ કહ્યું છે...'** લ્યો! જીવાડી શકું, બીજાને સુખી કરી શકું, બીજાને સગવડતા દઈ શકું છું, બીજાને સગવડતા દઈ શકું છું એવી જ્યાં હોંશ અંદર વર્તે છે, એ તો મિથ્યાત્વભાવ છે. એઈ.. ન્યાલભાઈ! ભારે માર્ગ ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? અંદર જ્ઞાનનો જે ઉત્સાહ અંદર સ્વરૂપમાં પરિણમન છે એ તો ખસી ગયું તને. આહાહા..! આને સગવડતા આપું, આને જીવાડું, આને આમ થાય, એમાં મને ઠીક પડે છે એ તો મિથ્યાત્વભાવ થઈ ગયો.

મુમુક્ષુ :- અંદર ગૂંચવાઈ ગયો છે.

ઉત્તર :- ગૂંચેલો જ પડ્યો છે એ તો. ભાઈ! અમારી ઓથે આવે એને બધું દેવું જોઈએ. શરણ દેવું જોઈએ, જીવાડવા જોઈએ, નિશ્રા દેવી જોઈએ, સુખી કરવા જોઈએ. એય..! જેઠાલાલભાઈ! મોટા માણસનું કામ છે કે નહિ ઈ? એય.. શેઠ! આહાહા..! ભગવાન! તું

કયા પદાર્થને સગવડતા દઈ શકે? અને એ સગવડતા હું આપું તો એને ઠીક પડશે એ બુદ્ધિ તારી મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? કહે છે કે જીવાડું આને. આને જીવાડું, એને મદદ કરું તો ટકી શકશે. સમજાય છે? એ દૃષ્ટિ તારી બહિર ગઈ. રાગની હયાતીથી પરને લાભ થશે એમ તારો સ્વીકાર થઈ ગયો. વિકલ્પ ઉઠ્યો એનાથી પરને લાભ થશે એમ તને સ્વીકાર થયો. એ તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ!

'**તે અભિપ્રાયને પણ નિશ્ચયમાં મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય?**' તો બીજાને અગવડતા દઉં એવી તો તને હોંશ વર્તે છે. અગવડતા થઈ શકે ન થઈ શકે એનો પ્રશ્ન નથી. સમજાય છે? એને હેરાન કરું. બસ! ત્યાં જ મિથ્યાદૃષ્ટિનો ભાવ પરને હેરાન કરવાની વૃત્તિ છે તે રાગની એકતા છે. સમજાણું કાંઈ? '**માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું.**' કથનને નયની વહેંચણીથી એટલે કે વ્યવહારથી કહેવાય કે આને જીવાડું પણ અંદરમાં અભિપ્રાયમાં એમ આવે કે આને જીવાડી શકું છું એવી હોંશ વર્તે તો એ મિથ્યાત્વ છે, તો મારી શકું છું એ ભાવ તો મિથ્યાત્વ છે જ. આહાહા..!

'**સર્વથા એકાંત માનવું તે તો મિથ્યાત્વ છે.**' ભાવ કરવાનો હોંશનો, હરખનો, ઉત્સાહનો પરમાં આવે અને તું કહે કે પરની ક્રિયાથી મને કાંઈ બંધન નથી, તો એ તારું છેતરવાનું છે. તું તને છેતરે છો, ભાઈ! સમજાય છે? સર્વથા એકાંત માનવું મિથ્યાત્વ છે. એ તો રુચિમાં નથી, પ્રેમ જેમાં નથી અને જ્યાં એવો રાગ આવી ગયો અને ત્યાં ક્રિયા એને કારણે થઈ, ત્યાં રાગની પૃથક્તાના હોંશના આનંદના ઉત્સાહમાં અંતર વર્તે છે. એને બંધ નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ૧૬૬.

'**હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને, કાવ્ય કહે છે :-**'

**तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां**
**तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः।**
**अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां**
**द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च।।१६६।।**

આહાહા..! '**શ્લોકાર્થ :- તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિકથી જ બંધ કહ્યો છે તોપણ) જ્ઞાનીઓને નિરર્ગલ (-મર્યાદારહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું,...**' રાગ તીવ્ર લાવે અને કહે કે અમને સ્વચ્છંદતા નથી, અમારે તો રાગ આવ્યો છે એને જાણીએ છીએ. કહે છે કે એમાં મિથ્યાદૃષ્ટિ થાય છે ભાઈ! એ નિરર્ગલ કરવાનું ભગવાને કાંઈ કહ્યું નથી. સમજાણું?

મર્યાદા રહિત, સ્વરૂપની અનુભવ દૃષ્ટિને છોડી અને શાસ્ત્રે કહ્યું કે આમ ન થાય, આમ

ન થાય, ભોગ નિર્જરાનો હેતુ (છે), એ તો પહેલેથી કહ્યું હતું ને. એમ નથી, ભાઈ! ભોગ નિર્જરાનો હેતુ નથી. ભાઈ! એ જ્ઞાનીને જે રાગ છે એ તો બંધનું જ કારણ છે, દુઃખનું કારણ છે. શુભભાવ પણ દુઃખ છે ત્યાં ભોગની વાસના તો પાપ અને દુઃખ જ છે. પણ દૃષ્ટિમાં એ રાગને એકત્વ કરતો નથી એટલી ભિન્નતાનું સ્વરૂપાચરણની સ્થિરતા વર્તે છે, એ દૃષ્ટિના જોરે તેને નિર્જરા (થાય છે) એમ કહેવામાં આવે છે. એમ જાણીને પછી (એમ માનવા લાગે કે) આપણે ભોગ ભોગવીએ તો વાંધો નથી. કંઈક કંઈક શાસ્ત્રમાં એમ છે. મરી જઈશ.

એ તો જેમ જ્ઞાન રાગથી ભિન્ન પડીને અને પરિણમન આનંદનું થયું છે એને એવો કોઈ ભાવ હોય છતાં તે ભાવ પરરૂપ જાણે છે. એમાં મીઠાશ નથી, હોંશ નથી, રસ નથી. એને એકલું જ્ઞેય બનાવવું એ રહ્યું નથી. પોતાનો આત્મા જ્ઞાનમાં જ્ઞેય બનાવીને તે રાગને પરજ્ઞેય તરીકે જાણે છે. એને ભોગ નિર્જરાનો હેતુ સ્વભાવના જોરની અપેક્ષાએ કહ્યું છે. અને આમ પ્રેમ લાગે અંદરમાં, ભોગમાં મીઠાશ લાગે એ તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આબરૂ, શ્લાઘા, નિંદા, એ બધામાં તને પ્રેમ વર્તે કે આ ઠીક થાય છે,આહાહા..! ઠીક પડે. અંદર રાગ અને દ્વેષ તો એકત્વબુદ્ધિએ ઉત્પન્ન થયો. સમજાય છે કાંઈ? અને કહે કે અમારે બંધ નથી. મરી જઈશ, ભાઈ! એમ કહ્યું નથી.

મુમુક્ષુ :- મરી જઈશ એટલે?

ઉત્તર :- મર જાયેગા. મિથ્યાદૃષ્ટિપણે મરી જઈશ. ચૈતન્યને જીવતો ન રાખતા પ્રાણની હિંસા થાય છે. ભાવમરણ. ‘ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?’ આપણે આમાં આવે છે સમયસારમાં. સમયસારમાં આવતું નથી આ સ્તુતિમાં? ‘સંસારી જીવના ભાવમરણો ટાળવા કરુણા કરી.’ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ એના જ્ઞાનનું રક્ષણ કરી, સ્વરૂપનો આશ્રય કરીને આનંદમાં રહેવું એવા ભાવપ્રાણને રાખવા માટે ભગવાને સમયસાર કહ્યું છે. સમજાય છે? ભાવમરણો ટાળવા. રાગની મીઠાશમાં એકપણે વર્તે તો ચૈતન્યની મહાસત્તાની હિંસા થઈ છે.

વિકલ્પનો, રાગનો પ્રેમ આવ્યો. સમજાય છે? અને પ્રેમે તેને લૂંટ્યો રાગને લઈને. લૂંટાઈ ગયો છે ઈ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આનંદનો પ્રેમ એને રહ્યો નથી. તેથી એ ક્ષણે ક્ષણે ક્ષણમાં ભાવમરણ થાય છે ભાઈ! તારી શુદ્ધ ચૈતન્ય જ્યોત આનંદકંદમાં ટકતું જીવતું તત્ત્વ એને રાગના પ્રેમથી તું ટકી રહ્યો છે એમ માન્યું છે તો ભાવમરણ થાય છે. સ્વરૂપની હિંસા થાય છે. એને હિંસા કહે છે. રાગની મીઠાશ વડે કરીને એકત્વ થયો એ જ મહામિથ્યાત્વની હિંસા છે. આહાહા..! સમજાણું કાંઈ?

લ્યો, આ સમકિતી પણ આવા છ ખંડના રાજ કરે છે અને ભોગવે છે. અરે..! એમ

નથી ભાઈ! એ ભોગવતો નથી. એ છ ખંડના રાજમાં પણ નથી અને એ રાગમાં પણ નથી. એને એમ કહ્યું છે કે એને બંધન છે નહિ. તું હોંશ કર, રુચિ કર, પ્રેમ કર, ઉત્સાહ વર્તે ત્યાં એકલી બહિર્દૃષ્ટિ અને તું કહે કે અમારે કાંઈ બંધન છે નહિ. સ્વચ્છંદ છે, ભાઈ! એ ચૈતન્યના મૂળ પ્રાણને ઘાત લાગે છે. સમજાણું કાંઈ?

કહે છે, એ '**નિરર્ગલ પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે.**' જ્ઞાનીઓને વાંછા વિના કાર્ય હોય છે. બિલકુલ પ્રેમ જ નથી, જ્યાં ઇચ્છા ઊડી ગઈ છે. આત્માના આનંદની ભાવના આગળ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એની મીઠાશની આગળ જગતની વાંછા બધી ઊડી ગઈ છે. મરી ગયો છે બહારથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે તે બંધનું કારણ કહ્યું નથી, કેમ કે જાણે પણ છે અને કરે પણ છે-...**' જુઓ! આ વાત છે. એ રાગ થાય એને હું જાણનારો પણ રહું છું અને પ્રેમથી કરવાનું પણ થાય છે. એમ બે એક સમયમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- જાણનાર રહે..

ઉત્તર :- જાણનાર રહે તો ભિન્ન હોય. ભિન્ન રહેતો નથી. રાગની એકતા કરે, રાગની મીઠાશ વેદે અને હું જાણનાર રહ્યો. એક ઠેકાણે બે રહે નહિ. એક મ્યાનમાં બે તરવાર હોય નહિ. સમજાણું કાંઈ? એ આપણે નિર્જરામાં આવી ગયું છે. 'કરે કર્મ સોહી કરતારા. જો જાને સો જાનનહારા. કર્તા સો જાને નહિ કોઈ, જાને સો કર્તા નહિ હોઈ.' આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપનો જાણનાર થયો એ તો પોતાને જાણે અને રાગને જાણે. પણ પૃથક્ રહીને જાણે. એનો એ આત્મા પાછો એમ કહે કે હું એકત્વ થઈને રાગને જાણું છું (તો) એમ બની શકે નહિ. આ ચશ્મા છે. પણ એ આમ ને આમ ચોંટેલો છે એટલે દેખાશે? નહિ દેખાય. જરીક આમ (દૂર રાખે તો બરાબર દેખાય). એમ રાગના ભાવબંધનથી દૂર પડ્યું જ્ઞાન તેને જાણે છે. એકપણું રાખીને માને કે મને મીઠાશ છે રાગની અને હું એને જાણું છું એ વાત જ જૂઠી છે. સમજાણું કાંઈ?

૭૨ ગાથામાં આવ્યું છે ને? કર્તાકર્મમાં આવ્યું છે. જ્યારે તને આસ્રવ વર્તે છે. તું જ્ઞાની થયો તો જ્ઞાન આસ્રવમાં વર્તે છે? કે વર્તતું નથી? જ્ઞાન આસ્રવમાં વર્તે તો છે. તો વર્તે છે આસ્રવમાં. તો વર્તેની વ્યાખ્યા એ લોકો શું કરે છે પાછી? ભાઈ! આસ્રવોના કારણોથી છૂટ્યો છે કે નથી છૂટ્યો, એમ કહે છે. ઓલા પરિણામનું નહિ. એય..! ભારે ભાઈ! એમ કે આસ્રવના જે કારણો છે ને, એનાથી છૂટ્યું છે તો જ્ઞાન કહેવાય. એ છૂટ્યું નથી તો

જ્ઞાન કહેવાય નહિ. અરે.. ભગવાન! ભારે અર્થ કરનાર તું. ધન્નાલાલજી!

ત્યાં તો એમ કહે છે કે ભાઈ! આત્મા ચૈતન્ય છે એવું જો ભેદજ્ઞાન થયું, રાગથી ભિન્ન પડ્યું તો તે જ્ઞાન જ્ઞાન છે કે અજ્ઞાન? કે ભાઈ, છે જ્ઞાન. તો જ્ઞાન છે તો રાગમાં એકપણે પ્રવર્તે છે કે ભિન્નપણે? કે એકપણે. તો એ અજ્ઞાન થયું. ત્યારે એકપણે પ્રવર્ત્યું નથી તો આસ્રવથી નિવર્ત્યું છે કે નહિ? આસ્રવથી એટલે કે રાગથી પાછો ખસીને સ્વભાવમાં આવ્યો છે કે નહિ? એમ ત્યાં કહેવું છે. સમજાય છે કાંઈ? આસ્રવના કારણો ઓલા હિંસા, જૂઠું, ચોરી છોડે ત્યારે એ ભેદજ્ઞાન કહેવાય. અરે.. ભાઈ! અરે.. ભગવાન! સાંભળ તો ખરો ભાઈ! આહાહા..!

જ્યાં રાગથી છૂટ્યો એટલે પોતાના જ્ઞાનરૂપી પરિણમનમાં રાગથી એકત્વપણું છૂટ્યું એ આસ્રવથી નિવર્ત્યો છે. સમજાય છે? અને એ રાગથી અંતર્મુખ થઈને વળ્યો નિવર્ત્યો નથી તો તે રાગમાં એકત્વ છે, તો તે ભેદજ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? ત્યારે કહે, જુઓ! આ બહારની પ્રવૃત્તિ છે ને હિંસા, જૂઠું, ધંધો છોડે તો ભેદજ્ઞાન કહેવાય. નહિતર ભેદજ્ઞાન કહેવાય નહિ. એ ખાણિયાની ચર્ચામાં આવ્યું હતું. પહેલાં પણ આવ્યું હતું. સાંભળ્યું હતું ખરું. આ બધું વંચાઈ ગયું હતું ને બે વાર.

ભાઈ! અંતરમાં નિવર્તવું છે કે બહાર? બહારની પ્રવૃત્તિ તો એના પરમાણુનો એનો યોગ હશે એમ થયા કરશે. અઘાતિનો યોગ હશે એમાં ફેરફાર નહિ થાય. એની અંતરમાં જે સ્વરૂપ છે એ અંતર્મુખ વળ્યું નથી અને રાગપણે એકત્વપણે છે તો એ ભેદજ્ઞાન નથી. અને રાગથી છૂટું પડ્યું તો એ જ્ઞાનસ્વરૂપ અંતરમાં છે. એ રાગથી ભિન્ન જ છે, રાગથી નિવર્ત્યું જ છે. એ રાગ ભિન્ન જ રહે છે. રાગ એકત્વ થતો નથી. એ રાગથી નિવર્ત્યું છે જ્ઞાન એમ કહેવામાં આવે છે. રાગના કારણો બહારથી નિવર્ત્યું છે તો એમાં હતું જ કે દિ' તે નિવર્તવું છે ને છોડવું છે? આહાહા..! શાસ્ત્રના અર્થોમાં પણ કરનાર નીકળે છે ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું સમજશે? જોડે એમાં કાંઈ બહારમાં.. આ શરીરમાં રોગ થયો લ્યો. શરીરમાં રોગ થયો અને ઘડીકમાં આમ થઈ ગયું. લ્યો. હવે એ તો નિવર્ત્યો છે. બહારમાં નથી. એટલે શું? ખાટલામાં પડ્યો હોય તો શરીર એવું થઈ જાય. આહાહા..! કાંઈપણ બોલવાની ઓલી ન મળે કે આ કરો કે આ. નિવર્ત્યું છે એ?

મુમુક્ષુ :- જડની દશા છે.

ઉત્તર :- એ તો જડની દશા છે. .. પડી છે લ્યો. પાંચ-દસ નથી રહેતા એમ ને એમ માણસો? અસાધ્ય રહે. બહારની કાંઈ હિંસા નથી.

અંતરમાં રાગની એકતાપણાની બુદ્ધિ તે જ હિંસા અને આસ્રવ છે. સમજાય છે કાંઈ? બહારની પ્રવૃત્તિ તો ઘણી હોય, જુઓને! ચોથા ગુણસ્થાન કરતા પાંચમા ગુણસ્થાનવાળાની પ્રવૃત્તિ ઘણી હોય બહારની. પણ એ તો એવો બહારની પ્રવૃત્તિના પુદ્‌ગલ પરાવર્તનના પરિણમનનું એવું ચક્ર ત્યાં એટલું આવ્યું છે. અંતરમાં એને એકત્વબુદ્ધિ છે નહિ. અને અંતરમાં રાગથી પણ છૂટો પડ્યો તો આનાથી તો છૂટો છે. એનાથી છૂટો છે. અજ્ઞાની પણ છૂટો છે. આહાહા..! એની પ્રવૃત્તિ ઘટે તો આસ્રવથી નિવર્ત્યો કહેવાય. આ કઈ જાતના લક્ષણ? સમજાણું કાંઈ?

બહારની પ્રવૃત્તિ નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે ઘણી ઘટી ગઈ હતી. કાંઈ બાયડી નહિ, છોકરા નહિ, કાંઈ નહિ. એક શરીર નભવા માટે આહાર-પાણી લેવા જાય એટલો વિકલ્પ હોય. પણ અંદરમાં એ રાગ ઉપર રુચિ અને રાગના પ્રેમના આહલાદમાં એ જ હું છું એમ માની રહ્યો છે. એ જરીએ રાગથી નિવર્ત્યો નથી. તો બહારથી અસદ્‌ભુત વ્યવહારે નિવર્ત્યો છે એવું પણ એને લાગુ પડતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ તો અલૌકિક છે! આ તો વીતરાગ માર્ગ છે. આ કાંઈ.. સમજાય છે? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયને જાણતા પર્યાયમાં આવી ગયા. ત્રણ કાળ ત્રણ લોકનું કામ નથી જાણવું એ. પર્યાયનો સ્વભાવ.. સવારમાં આવ્યું હતું ને? જાણનશીલ. જાણનશીલ પર્યાયની શીલતા, સ્વભાવતા જ એવી થઈ ગઈ કે જેમાં પૂરું... પોતાને જાણ્યો એ પૂરું જાણ્યું. પછી પરનું જાણવાનો અહીં પ્રશ્ન છે નહિ. એવું ભગવાને જાણ્યું અને એમાંથી વાણી આવી. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર. ઈન્દ્રો મોટા ૧૦૦-૧૦૦ બેઠા છે સામે. વાઘ અને સિંહ આમ.. જુઓને! સિંહનું રૂપ કર્યું છે. બહુ સારુ મૂક્યું છે. હમણાં ઓલામાં આવ્યું હતું. હમણાં આવ્યું હતું. શેમાં આવ્યું હતું એ? પત્રમાં? આત્મધર્મમાં. નહિ પહેલા આવ્યું છે, હરિભાઈનું પુસ્તક. નથી આવ્યું ભાઈ? આમ મૂક્યું છે. કેવા આમ સેંકડો સિંહ બેઠા હોય. આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિની ગર્જના નીકળતી હોય. શાંત... શાંત.. શાંત.. ઈન્દ્રો (બેઠા છે), ભગવાનની વાણી આવે છે.

ભાઈ! એ રાગ એનાથી દૃષ્ટિ ખસીને સ્વભાવ ઉપર આવી છે તો એ આત્મા આસ્રવથી નિવર્તેલો જ છે. અને એ રાગમાં એકત્વબુદ્ધિ પડી છે અને બહારથી બધું નિવર્તીને બેઠો છે તોપણ એ આસ્રવમાં પ્રવર્તે જ છે, આસ્રવથી જરીએ નિવર્ત્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, કર્મ કરે પણ છે અને જાણે પણ છે. એ '**બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી?**' આહાહા..! સમજાય છે? એકને માતા તરીકે જાણવી અને એને જ પાછી સ્ત્રી તરીકે

માનવી. એમ રાગથી પૃથક્ પડ્યાનું જ્ઞાન અને એમ કહે કે હું તો રાગને જાણું છું અને છતાં રાગની મીઠાશ વર્તે છે, એ બે એક સ્થાનમાં કેમ હોઈ શકે? સમજાણું કાંઈ? આહાહા..!

ક્યાંનો ક્યાં પણ સલવાણો છે. શાસ્ત્રના ભણીને પણ સલવાય. ધર્મને નામે આવીને પણ સલવાય. ઊંધા લાકડા એટલા ગરી જાય અંદરમાં કે બિચારાને નીકળવાનો પાર નહિ. અરે..! એના ફળ અરે..! ભવ આવવા. કોઈ જીવને પણ ભવ મળે અને એના દુઃખ મળે એ તો કાંઈ ઠીક હોય? અરે..! ભવમાં ભ્રમણ અને એ ભ્રમણમાં એને દુઃખ. એવા દુઃખના કારણરૂપ ભાવ કરે એવા દુઃખી પ્રાણી એ દુઃખને વ્હોરે છે એ. એનો કેમ તિરસ્કાર હોય? એની તો દયા હોય. અરે..! આ શું થશે? આવે છે ને ભાઈ? નહિ? પંચાસ્તિકાયમાં નહિ? જન્મ-મરણમાં પડેલો અમે દુઃખી છીએ એમ કહ્યું ત્યાં. જન્મ-મરણમાં પડેલો પ્રાણી છે.

અરે..! ચોર્યાસીના ઊંડા અવતારમાં પડેલો પ્રાણી, અરે..! આનું શું થશે? એવો દયાનો વિકલ્પ સ્વભાવથી પૃથક્ રહીને આવે છે. સ્વભાવથી રાગને પૃથક્ રાખીને આવે છે. આહાહા..! એને બંધન નથી. જાણવું ને કરવું. હું જાણું છું કે રાગ પર છે. વળી રાગની મીઠાશ પણ વર્તે છે. એક સમયમાં બે ભાવ કઈ રીતે હોય? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો ભાવ કે રાગરહિત શુદ્ધ ચૈતન્ય છું એવો ભાવ અને વળી મિથ્યાદર્શનનો ભાવ કે રાગની મીઠાશની એકતા એ એક સમયે બે કેમ હોય? સમજાણું કાંઈ?

'**બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)**' બેય એક છે નહિ.

'**ભાવાર્થ :- પહેલા કાવ્યમાં લોક આદિને બંધનના કારણ ન કહ્યાં ત્યાં એમ ન સમજવું કે બાહ્યવ્યવહારપ્રવૃત્તિને બંધનાં કારણોમાં સર્વથા જ નિષેધી છે;...**' એટલે કે નિમિત્તરૂપે ત્યાં હોય છે એને નિષેધી છે એમ છે નહિ. '**બાહ્યવ્યવહારપ્રવૃત્તિ રાગાદિ પરિણામને-બંધના કારણને-નિમિત્તભૂત છે,...**' બાહ્ય પ્રવૃત્તિ આ રાગ કરે એને નિમિત્તભૂત છે. '**તે નિમિત્તપણાનો અહીં નિષેધ ન સમજવો. જ્ઞાનીઓને અબુદ્ધિપૂર્વક-વાંછા વિના પ્રવૃત્તિ થાય છે...**' ધર્મીને રુચિ નથી, પ્રેમ નથી, હોંશ નથી, ઉત્સાહ નથી. એ વિના પ્રવૃત્તિ થાય છે. '**તેથી બંધ કહ્યો નથી, તેમને કાંઈ સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી; કારણ કે મર્યાદા રહિત (અંકુશ વિના) પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. જાણવામાં અને કરવામાં તો પરસ્પર વિરોધ છે;...**' સમજાણું? જાણનહાર રહેવું અને કરવાનો પણ રાગ થવો, બેય હોઈ શકે નહિ. આવી વાત છે.

'**જ્ઞાતા રહેશે તો બંધ નહિ થાય,...**' સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં થાય તેને સ્વને જાણતા જાણશે તો બંધ નહિ થાય. '**કર્તા થશે તો અવશ્ય બંધ થશે.**' રાગના વિકલ્પનું

પણ કર્તૃત્વ અંદર એકત્વ થશે તો જરૂર બાહ્યની હિંસા થાય, ન થાય. કર્તા થાય તો હિંસા તેને નિમિત્તમાં ગણવામાં આવે. કર્તા થાય તો ઓલી હિંસા આદિને નિમિત્ત ગણવામાં આવે. કર્તા ન થાય તો તે હિંસા આદિને નિમિત્ત ગણવામાં આવતું નથી. જ્ઞાતાદષ્ટા રહે તેને બંધ છે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૨, શુક્રવાર તા. ૦૧-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૬૭, ગાથા-૨૪૭-૨૪૮, પ્રવચન-૩૨૪**

સમયસાર, બંધ અધિકાર ચાલે છે. એનો ૧૬૭ શ્લોક. કળશ છે કળશ. શું કહે છે? માથે મથાળું. '**જે જાણે છે તે કરતો નથી...**' એટલે શું? કે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એ તો જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. એવું જેણે જાણ્યું છે, અનુભવ્યું છે અને એ રૂપે થયો છે, એ જાણે છે કરતો નથી. એ પર વસ્તુની ક્રિયા હું કરી શકું છું એ માન્યતા જ્ઞાનીની હોતી નથી.

મુમુક્ષુ :- કરતો નથી એમ કહ્યું.

ઉત્તર :- હા. કરતો નથી. એ કરતો જ નથી. પરની ક્રિયા કરતો નથી. કરતો નથી એટલે માન્યતા. અહીં તો મૂળ રાગનું કહેવું છે. કરતો નથી એટલે કે પરનું કરી શકું એવો જે રાગ, (એ) રાગને જ્ઞાની કરતો નથી એમ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રાગને કરતો નથી.

ઉત્તર :- રાગને કરતો નથી. માનતો નથી એ તો પછી એમાં આવશે અગિયારમાં. રાગ જ કરતો નથી. પરની ક્રિયા કાળમાં રાગ જે થાય તે રાગનો કર્તા જ જ્ઞાની નથી. ધર્મીની દૃષ્ટિ પોતાના ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ ઉપર હોય છે. એથી જ્ઞાની ધર્માત્મા જાણે છે. તે રાગને એટલે સ્વભાવમાં, શુદ્ધ ચૈતન્યમાં રાગને જોડતો નથી એટલે કે રાગને કરતો નથી. સમજાય છે કાંઈ?

'**અને જે કરે છે તે જાણતો નથી;...**' અને જે રાગનો વિકલ્પ છે તે કરે છે- આ મારું કર્તવ્ય છે એમ પોતાના જ્ઞાન સ્વરૂપમાં રાગના કર્તવ્યનો સ્વીકાર કરે છે તે જ્ઞાતા નથી, તે જાણનાર નથી. તે મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? '**જે કરે છે તે જાણતો નથી;...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ છું એમ જે જાણતો નથી તે રાગને કરે છે. રાગ એટલે શુભાશુભ રાગ તેને આત્મા સાથે જોડે છે. એ રાગને કરે છે. ભારે ઝીણું. આ તો સમજાય એવું છે. સવારે જરી ઝીણું હતું તો રાડ પડી હતી થોડી. પણ હવે આવ્યું ત્યારે શું કરવું?

મુમુક્ષુ :- પેલી અનેકાંતની વાત હતી.

ઉત્તર :- અનેકાંતનું હતું, સ્યાદ્વાદનું હતું. જરી ઝીણું હતું. એ તો આવતા-આવતા આવી જાય. શેઠી! સમજાય છે કાંઈ? ભાઈ! એનો આત્મા શું છે એવું એને સમજવું પડશે

ને. એની અંતરની કિંમત કર્યા વિના બહારની કિંમત ટળશે નહિ.

મુમુક્ષુ :- સવારનું કોઈને કઠણ પડ્યું?

ઉત્તર :- ઝીણું પડ્યું ઘણું. અમારે આ છોકરાઓ કહેતા હતા, ઝીણું પડ્યું. છોકરાઓ કહેતા હતા. બીજા તો કહેતા હશે. મેં કીધું થોડું, આ શું બોલે છે છોકરાઓ? ક્યાં ગયો આ જીતુ? લ્યો, એ કહેતો હતો. મેં કીધું, આ ઝીણું છે. હા, ઝીણું પડ્યું. છોકરાઓ કોલેજના ભણનારા ઝીણું કહે ત્યારે બીજાને ઝીણું લાગ્યું હશે. એમ. કહો, સમજાણું? બીજા પાસેથી તો કાંઈ સાંભળ્યું નથી. પણ વાત હતી જરી અનેકાંતની, સ્યાદ્વાદ ને વળી અનેકાંતની સિદ્ધિ. પણ એને સમજવું તો પડશે ને ભાઈ!

મારામાં રાગ નથી અને રાગમાં હું નથી એમ એણે જાણવું તો પડશે કે નહિ? કારણ કે રાગ જો મારામાં હોય તો તો રાગસ્વરૂપ જ આત્મા થઈ ગયો. રાગસ્વરૂપ આત્મા છે નહિ. એ તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. એને રાગ મારો અને રાગમાં હું, એ એકાંત દૃષ્ટિ છે. અનેકાંતપણું નથી. એ જ અહીં કહે છે બીજી રીતે.

જ્ઞાની જાણે છે કે હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું રાગનો કર્તા નથી અને પરની ક્રિયાનો પણ કર્તા નિમિત્તપણે પણ નથી. સમજાણું કાંઈ? પરપદાર્થની ક્રિયા ટાણે જ્ઞાનીની ઉપસ્થિતિ ત્યાં હોય પણ તે જ્ઞાનીની દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્ય ઉપર છે. એથી તે ધર્મી પરપદાર્થની ક્રિયા કાળે એનો નિમિત્ત કર્તા પણ છે એમ નથી. ઉપાદાન એના કાર્યનો કર્તા તો નથી પણ પરનું જીવન-મરણ, સુખ-દુઃખ થાય તે તેની પરપદાર્થમાં ક્રિયા થાય છે. એનો કર્તા જ્ઞાની, અજ્ઞાની પણ નથી. પણ અજ્ઞાની, એની દૃષ્ટિ ચૈતન્ય શુદ્ધ ઉપર ન હોવાથી, વિકલ્પ અને કંપન્ન યોગ ઉપર દૃષ્ટિ હોવાથી તેટલો તેણે ચૈતન્યને સ્વીકાર કર્યો હોવાથી તે રાગ અને કંપન્નનો કર્તા હોવાથી પરની ક્રિયા કાળે તેને નિમિત્ત કર્તા કહેવામાં આવે છે. આહાહા..! કહો, શેઠ સમજાય છે આ? બધું ઝીણું કરવું પડશે મગજ. અત્યાર સુધી આ જાડું કાંત્યું છે તે. જાડું કાત્યું છે સમજો છો? શોભાલાલજી! દોરા નથી કાંતતા દોરા? દોરા નથી કાંતતા? શું કહે છે? ચરખામાં દોરા કાંતે ને. પુણી. પુણીમાંથી દોરા બહુ પાતળા નીકળે અને કોઈક જાડા પણ નીકળે છે. આ તો પાતળા દોરા છે. શું કહે છે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બહુ એને ધ્યાન રાખવું પડે. ઝીણો દોરો પુણીમાંથી કાઢવો એને તો આમ (ધ્યાન રાખીને કાઢવો પડે). શોભાલાલજી! આ ઝીણો દોરો છે. સમજ્યાને? ૧૨૦ નંબરનો શું કાંઈ કહે છે? એણે ધ્યાન રાખવું પડે. ભાઈ! એણે પોતાને ... અનંત કાળથી સૂક્ષ્મ ભગવાન છે. ભગવાન આત્મા સૂક્ષ્મ છે, અરૂપી છે. એ સૂક્ષ્મ તો કેવો છે? કે જેને રાગ

અને દ્વેષની સ્થૂળતા, રાગ, પુણ્ય, દયા, દાનના ભાવ તે સ્થૂળ છે. એનાથી ભગવાન સૂક્ષ્મ, સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એવા ભગવાન આત્માનું જ્યાં જ્ઞાન છે એટલે ધર્મી થયો છે એ તો જગતના કાર્ય કાળે કાર્ય થાય. વેપાર, ધંધા તમારા બીડીયું વેપારનું. એનું લ્યોને, શેઠનું લઈએ વધારે ઠીક પડે. શોભાલાલ ત્યાં રહે છે ને આપણે. શું કહેવાય તમારું? કાનપુર. એ પૈસા-બૈસા આવે ને ઓલા? સવારમાં દસ હજાર, ઓલો પાંચ હજાર આપી જાય, વીસ હજાર આપી જાય, પચ્ચીસ હજાર આપી જાય. એ પરમાણુની જે ક્રિયા થાય છે એમાં, ધર્મી જો હોય તો એની દૃષ્ટિ જ્ઞાન અને આનંદ ઉપર હોય છે. એથી તેને રાગ અને કંપન્ન પર્યાયમાં હોવા છતાં તેની બુદ્ધિ ત્યાં નથી. તેથી તે ચીજો આવવાના કાળમાં તે ચીજનો નિમિત્ત કર્તા છું એ પણ જ્ઞાનીને છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એટલે જ્ઞાની આત્માનો જાણનાર ચૈતન્ય છે. ગુજરાતી સમજો છો ને થોડું થોડું?

મુમુક્ષુ :- મુંબઈમાં રહે છે.

ઉત્તર :- મુંબઈમાં રહે છે તો ગુજરાતી સમજે.

**‘જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી;....’** એટલે કે જે વિકલ્પનો રાગ એમાં જેનું જોડાણ થયું અને જે રાગનો જ કર્તા થાય તે પોતાનો અને પરનો જાણનાર રહેતો નથી. એટલે ધર્મપણે તે રહી શકતો નથી. એ અધર્મપણે થઈ જાય છે. આહાહા..! કહો. **‘કરવું તે તો કર્મનો રાગ છે,...’** અભિલાષ થવી કે આ રાગ મને ઠીક છે એ અભિલાષ તે જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્મનો રાગ છે. કાર્ય રાગ જે વિકાર છે, જડ છે, અચેતન ખરેખર રાગ, રાગ-શુભરાગ કે અશુભ એ ખરેખર અચેતન છે. એ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપમાં એ નથી અને જ્ઞાયક સ્વરૂપનું એ રૂપ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે ઉઠે છે ને શુભરાગ? એ અચેતન છે. એ ચૈતન્યના જ્ઞાનના નૂરનું પૂર એ નથી. એ અંધારું છે. રાગ એ અંધારું છે. એ અંધારાનો કર્તા થાય તે ચૈતન્યના પ્રકાશને જાણતો નથી. સમજાણું કાંઈ?

**‘રાગ છે તે અજ્ઞાન છે...’** કારણ કે રાગ છે તો અ-જ્ઞાન છે. કીધું ને હમણાં? એ રાગ જે છે તે અજ્ઞાન છે. એમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સૂર્ય ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ એનું કિરણ રાગમાં નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે તે રાગ તે અચેતન અજ્ઞાન છે. ભારે વાતું ભાઈ! અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ, હોં! ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા એમાં એ રાગ છે તે જ્ઞાનનો જેમાં અભાવ છે તે એવો રાગ તે અજ્ઞાન છે. એ અજ્ઞાન તે બંધનું કારણ છે.

**'આવા અર્થનું કાવ્ય હવે કહે છે :-'** ભારે વાત. અનંત કાળમાં એણે પોતાની ચીજ શું છે, ભૂલ કેમ થઈ છે એની પણ એને ખબર નથી. એમ ને એમ આંધળો ચાલ્યો જ જાય છે એમ ને એમ. ધર્મને નામે પણ આંધળો. જુઓ! ૧૬૭.

**जानाति यः स न करोति करोति यस्तु**
**जानात्ययं न खलु तत्किल कर्मरागः।**
**रागं त्वबोधमयमध्यवसायमाहु-**
**र्मिथ्यादृशः स नियतं स च बन्धहेतुः।।१६७।।**

આહાહા..! **'શ્લોકાર્થ :- જે જાણે છે તે કરતો નથી...'** એટલે કે હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. છે એવું જાણે છે તે રાગને કરતો નથી. કેમ કે છે એવો ચૈતન્યમૂર્તિ આત્મા, એની જ્યાં દૃષ્ટિ થઈ છે તો એમાં રાગ નથી માટે તે રાગને પોતામાં ભેળવતો નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! **'અને જે કરે છે તે જાણતો નથી.'** અને જે રાગ છે એ મારું કર્તવ્ય છે, અંધાપાને પોતાનું કર્તવ્ય માને છે એ રાગ વિનાનો ચૈતન્ય છું તેમ એ જાણવાની ભૂમિકામાં નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ?

**'જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે...'** કાંઈક કરું, રાગને કરું એવો ભાવ તો વિકારનો રાગ છે. એ ખરેખર તો અચેતનનો પ્રેમ છે. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ, એનો જેને પ્રેમ છે તેને રાગનો પ્રેમ નથી. ચાહે તો શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિનો હો તોપણ એનો એને પ્રેમ નથી. કેમ કે જે ચીજમાં નથી એનો પ્રેમ જ્ઞાનીને કેમ હોય? આહાહા..! અને અજ્ઞાની આત્મા (જેને) જ્ઞાન અને આનંદનું ભાન નથી, એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ જે રાગ જે અચેતન છે... સમજાય છે? એ રાગ કર્મરાગ છે.

બીજી રીતે કહીએ તો એ કર્મની સામગ્રીનો એ ભાગ છે. એ આત્માના સામગ્રીનો ભાગ નથી. શું કહ્યું? શુભ-અશુભ રાગ થાય છે ને. એક કોર આપણે અહીં તો કર્મ અને એકકોર આત્મા-બે લેવા છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની એ સામગ્રીમાં રાગ નથી. એના ગુણમાં નથી, એની પર્યાયમાં નથી. વસ્તુ જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ એમાં રાગ નથી, એની શક્તિમાં નથી અને તે શક્તિવાનની દૃષ્ટિ થવાથી તેની પર્યાયમાં રાગ નથી. સમજાણું કાંઈ? એ રાગ આત્માની સામગ્રી નથી એટલે આત્માની ખરેખર એ પ્રજા જ નથી અને આત્માની એ પર્યાય નથી. એમ કહે છે. એ કર્મરાગ છે. એ કર્મની પ્રજા છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ, એનાથી વિરૂદ્ધ જે કર્મ એની જાતનો એ રાગ છે. એ કર્મનો રાગ (છે). એનો જેને પ્રેમ છે તેને અચેતનનો પ્રેમ છે. તેને અજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે...'** એટલે જાણનાર, જાણનાર એવો જે આત્માનો સ્વભાવ એની પર્યાયની તો જાણવાની એની પ્રજા હોય છે. આ રાગ તો કર્મરાગ અચેતન જડનો રાગ છે. કરવું એ જડનો રાગ છે. આહાહા..! એ અભિલાષ જડની થઈ છે. રાગ પુણ્યના પરિણામની પણ અભિલાષ જેને છે એને જડની અભિલાષા છે. ચૈતન્યની અભિલાષા નથી. આહાહા..! અમરચંદભાઈ! ભાઈ! માર્ગ તો એવો છે. આ તો વીતરાગી આત્મા છે. ભગવાન આત્મા રાગ વિનાનું ચૈતન્ય સ્વરૂપ છે. વિજ્ઞાનઘન કહો કે સમરસ ચીજ કહો. એવો આત્મા એને જો કર્મનો રાગ થાય તો કહે છે કે એ કર્મરાગ છે, જડનો પ્રેમ છે, અચેતનનો પ્રેમ છે. અચેતનનો પ્રેમ તેને મુનિઓ અજ્ઞાનમય અધ્યવસાય કહે છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ (છે). એવી જ્યાં અંદરમાં દૃષ્ટિ ધર્મની થઈ એને તો રાગ મારામાં છે નહિ એટલે પછી રાગનું અસ્તિત્વ જ મારામાં નથી. મારામાં તો જ્ઞાન અને આનંદનું હોવાપણું છે. તો એની પ્રજાની સામગ્રી તો જાણવા-દેખવાની જ પ્રજા એની ઉત્પન્ન થાય. ધર્મીને. અજ્ઞાનીને સ્વ ચૈતન્યના દ્રવ્ય સ્વભાવ શુદ્ધની ખબર નથી. એથી ઓલા અશુદ્ધતાનો જે રાગ છે કર્મ એની અભિલાષા છે. ધર્મીને તો સ્વભાવ તરફના એકાગ્રતાની ભાવના છે. અજ્ઞાનીને ચાહે તો બાહ્ય સાધુ થઈને બેઠો હોય, ત્યાગી થઈને બેઠો હોય, પંચ મહાવ્રત (પાળતો હોય), પણ જેને એ રાગનો પ્રેમ છે-આ રાગ મારો છે-એમ પ્રેમ છે, એ રાગને અજ્ઞાન ભગવાન કહે છે. આહાહા..! બહુ ઝીણું પણ, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે ખરેખર કરવું તે રાગ છે. એમ કહે છે અહીં. કરવું થયું ને? ક્રિયા ઉઠીને? આ રાગ ઠીક છે, આ વિકલ્પ ઠીક છે. કરવું તે રાગ છે. અને તે રાગને કેવળીઓ, મુનિઓએ **'અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે...'** સમજાણું કાંઈ? ભગવાન સંતોએ કરું, કાંઈક કરું એવો રાગ જે છે તેને ભગવાને કર્મરાગ કહ્યો છે, એને ધર્મીનો પ્રેમ નથી, એને રાગનો પ્રેમ છે. તેને ભગવાન અજ્ઞાનમય અધ્યવસાય કહે છે. આહાહા..! **'તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદૃષ્ટિને હોય છે...'** રાગ કરું એવી કર્તવ્યબુદ્ધિ ખરેખર મિથ્યાદૃષ્ટિને હોય છે. ભારે વાતું. સમજાણું કાંઈ? **'અને તે બંધનું કારણ છે.'** દર્શનમોહ આદિ કર્મનું બંધન કારણ, રાગ વિકલ્પનું કરવું, એમાં જોડાવું, એમાં એકત્વબુદ્ધિ થવી તે અજ્ઞાનમય અધ્યવસાયને ભગવાન મિથ્યાત્વ કહે છે. એ મિથ્યાત્વ જ નવા દર્શનમોહ આદિ બંધનું કારણ છે. ભગવાનજીભાઈ! બહુ ઝીણું. હવે આ તો મોટા કંઈકના કંઈક કરતા હશે. આ તો એમ માને છે.

મુમુક્ષુ :- વ્યવહાર..

ઉત્તર :- ધૂળેય કરતો નથી. શું કરે છે? વ્યવહારે કરે શું? કહો, ભીખાભાઈ! તમારી જેવા બુદ્ધિવાળા ઓલા ૩૦ વર્ષનો પગાર અને આ હીરાલાલનો બહુ પગાર કીધો. વધારે છે. તમે જાણે આ છોકરો સાધારણ હશે એટલે એ .. તમે હુશિયાર ખરાને એટલા બધા.

મુમુક્ષુ :- ના પ્રભુ ના. ..

ઉત્તર :- શું કહેતા? શું કહેવાતા ઈ?

મુમુક્ષુ :- તલાટી સાહેબ.

ઉત્તર :- તલાટી. તલાટીમાં હાંકવું એ કાંઈ ગાડા હાંકે...? સમજ્યાને? અંદર કષાયની તીવ્રતા વિના હાંકી ન શકે એ. જ્યાં ત્યાં હુશિયાર બનાવે. નહિતર તો ચાલે નહિ. આહાહા..!

કહે છે, અરે.. ભગવાન! અહીં તો શું કહે છે? હુશિયારી શેની? રાગની? અને પરના જાણપણાની હુશિયારી એ પણ રાગનો જ પ્રેમ છે. આહાહા..! હુશિયારી સમજો છો? ...નો વિકાસ ઉઘાડ હોય ને આ? બરાબર આમ કરવું, ફલાણાને આમ કરવું, નોકરને સાચવવા. એવી બુદ્ધિથી આમ.. વ્યવસ્થિત આમ રાખ્યું, લ્યો. અમારે રાયચંદ ગાંધી હતા ને ગામમાં. ગૃહસ્થ માણસ. .. દુકાનના માણસ હોય ને બધા. રાયચંદ શેઠ દુકાને ન આવે ત્યાં સુધી એય.. લાંબા પગ કરીને ઓલું .. હોય ને? ચોપડાનું લખવાનું. એમાં સામે બેઠો હોય. જ્યાં સામે ખબર પડે, એ ગાંધી આવ્યા. શેરીના ઓલે ખૂણે. બધા કામ કરવા લાગે. માણસ રાયચંદ ગાંધી હતા નરમ, હોં! બોલે નહિ. ગૃહસ્થ માણસ. આબરૂદાર મોટા. બોલે નહિ. પણ શેરીમાં આમ આખી લાઈન હોય ને બજારમાં, ઓલે ખૂણેથી આવે દુકાનથી ઘરે ત્યાં એક જણો ધ્યાન રાખે. શેઠ આવ્યા. તૈયાર થઈને બેસી જાય સરખાઈનો. ન હોય ત્યારે લાંબા પગ નાખી ટેબલ હોય ને સામે? પડ્યા હોય નિરાંતે. એવું કાંઈક થાતું હશે કે નહિ પરને લઈને?

મુમુક્ષુ :- આપે દાખલો આપ્યો એમાં તો દેખાય છે.

ઉત્તર :- ના. ના. એ કાંઈ થાતું નથી. એ તો દેહની ક્રિયા અને જડની ક્રિયા તે કાળે તેવી જ થવાની હતી. એમાં આત્મા એનો કર્તા છે નહિ. કહો, ભગવાનજીભાઈ! .... પડે કે નહિ? મોઢા આગળ આ નોકર-ચાકર ...

મુમુક્ષુ :- એને તો કામ સરખું ચાલે છે ને.

ઉત્તર :- ધૂળેય નથી કરતો. શું કરે? ધૂળ કરે?

અહીં ઈ કહે છે કે ભાઈ! તને જો પ્રેમ થઈ ગયો ને રાગનો. રાગનો પ્રેમ, હોં! રાગનો. વિકલ્પ ઉઠ્યો દયા, દાન, શુભરાગ એનો પ્રેમ થયો તો તેને મુનિઓ અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અને એ જ મિથ્યાત્વ બંધનું કારણ છે. બસ, સંસારનું

મૂળિયું ઈ છે.

**'હવે મિથ્યાદષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :-'** સમજાણું? આ એક મિથ્યાત્વનું અંગ બતાવે છે. આમાં એક મિથ્યાત્વનો એક પ્રકાર. સમજાય છે? ૨૪૭. લ્યો, આમાં મોટું અત્યારે ચાલે છે. ઊંધાઈ.

**जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२४७।।**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ થતું નથી.

**જે માનતો-હું મારું ને પર જીવ મારે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

આહાહા..! **'ટીકા :- પર જીવોને હું હણું છું...'** જુઓ! એકેન્દ્રિય આદિ, પંચેન્દ્રિયાદિ જીવો છે ને? એને હું હણી શકું છું એવી આત્મામાં તાકાત છે જ નહિ. **'પર જીવોને હું હણું છું...'** આમાંથી કહે છે કે એ પર જીવોને હણું છું એટલે હણી તો શકે છે. પણ એનો અહંકાર ન કરવો. આવું કાઢે છે અર્થમાંથી. શી રીતે શીખવે છે કોણ જાણે? પણ પર જીવ છે એ સંયોગી (ચીજ છે). સંયોગ શરીર અને આત્મા, બેનો સંયોગ છે. એનો હું વિયોગ કરું. એને આમ હણી નાખું. પણ એ ક્રિયા શું આત્મા કરી શકે છે પરની? સમજાય છે કાંઈ?

આ વનસ્પતિ છે ને? શાક કાપે છે ને સવારમાં? મોરે છે ને મોરે છે ને? શું કહે તમારી ભાષા? આ તુરિયાનું શાક. આજે આમ બરાબર છરીથી... કહે છે કે આને કાપું છું એ હું કાપું છું એ મિથ્યાદષ્ટિની માન્યતા છે. કેમ કે એ ક્રિયા જડની જડને કારણે એમાં થાય છે. એનો શરીર અને આત્માનો ત્યાં વિયોગ (થવો),.. લોકોને આકરું લાગે છે. ભાઈ! એનો શરીર અને આત્માનો વિયોગ એ એને કારણે ત્યાં થાય છે. અજ્ઞાની માને છે કે હું આને હણી શકું છું એ જ એનો અભિપ્રાય ચૈતન્યના સ્વરૂપથી બહિર્મુખ ભાવ એવો મિથ્યા અભિપ્રાય છે. સમજાણું કાંઈ? ત્યારે કહે કે આમ કહેશો તો બીજા હણશે. પણ હણવાનો પ્રશ્ન જ ક્યાં? એમ કહે છે કે બીજા જીવને હણી શકતા નથી. આ શું કહે છે આ?

**'પર જીવોને હું...'** આ નહિ. **'હણું છું...'** પર થઈ ગઈ. બે વસ્તુ ભિન્ન છે. બીજા જીવને હું હણી શકું છું એવી જે માન્યતા છે એ મિથ્યાત્વનો અધ્યવસાય છે. કહો, શેઠ! **'અને પર મને મારે છે...'** આ શરીરની ક્રિયાને છેદે છે આ પર માટે મરી જઈશ, એમ પર જીવ દ્વારા શરીર છેદાઈને જુદું પડે એમ માને છે તે મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે, અધર્મી

છે, તેને ધર્મનું ભાન નથી. ભારે ઝીણું, ભાઈ! આખો દિ' આમાં કરતા હોય ને અમે કરતા નથી?

અહીં તો કહે છે કે એ પર ક્રિયા છે. જુઓ! ઓલા તો કેટલાક એમ કહે છે કે પરનું ન કરી શકે એમ માને તે જૈન નથી. વળી એમ કહે છે. .. આપીને. દિગંબર જૈન. એમ કહે છે, લ્યો. ઇન્દોરમાં એમ બોલાણું રાત્રીના. પર દ્રવ્યનું કરી શકે નહિ એ માન્યતા(વાળો) દિગંબર જૈન જ નથી. એય.. ધન્નાલાલજી! અરે.. ભગવાન! શું કરે છે તું આ? કોને કાઢી નાખવા છે તારે?

મુમુક્ષુ :- પોતાને કાઢી નાખવો છે.

ઉત્તર :- પોતાને. ભાઈ! આ જગતમાં જીવો અનંત છે અને એથી અનંતગુણા પરમાણુઓ છે. એની જે સમયની જ્યાં એના નિયમ પ્રમાણે પર્યાય થાય, દેહથી છૂટવાનો એનો પ્રસંગ એનો કાળ એનો બેનો હોય, બીજો કહે કે આને હણું છું અને છૂટા પાડું છું, એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એને હું જ્ઞાનસ્વરૂપ છું, ચૈતન્ય છું એની એને શ્રદ્ધા અને પ્રતીત નથી. હું એક જાણનાર-દેખનાર આત્મા છું, ચૈતન્યસૂર્ય છું. એવી એને શ્રદ્ધા નથી. પોતાના સ્વભાવની શ્રદ્ધા અજ્ઞાનીને છે નહિ. એથી અજ્ઞાની પરજીવને હણું છું એવો અભિપ્રાય કરીને અહંકાર, અધ્યવસાયનો અહંકાર હોં! ઓલો કહે કે અહંકાર ન કરવો. પણ અહં એટલે હું કરી શકું છું એ જ અહંકાર છે. અહં-કાર. ભાઈ! સમજાય છે કાંઈ? આ ૨૪૭ ગાથાના દાખલા આપે છે બેય. એમાં પણ આપ્યા છે. ખાણિયાની ચર્ચા, જયપુરની ચર્ચા. નહિ. નહિ, પરનું કરી શકે નહિ. ના, કરી શકે. એનો અધ્યવસાય અહંકાર ન કરવો એમ કહ્યું છે ત્યાં. લ્યો. અરે.. ભગવાન! ભારે ભાઈ!

અહીં તો બીજો અર્થ કરે છે. '**जो मण्णदि**' આમ છે. આમાં જે અહંકાર કરે. જે માને એમ શબ્દ છે. એમ છે કે નહિ પહેલો? પહેલો શબ્દ છે? ક્યાં છે મૂળ પાઠ? '**जो मण्णदि**' મૂળ શ્લોક. ચશ્માથી નથી દેખાતું? આ પાઠને સમજવા જેવો છે. ભાઈ! '**जो मण्णदि**' એમ શબ્દ છે. જે પરને '**हिंसामि**' હું આને હણું છું એમ જે માને છે. આ શબ્દ તો આવા છે. અને વાત પણ ન્યાયથી છે ને? પરદ્રવ્યની ક્રિયાના કાળમાં એનું કાર્ય થાય તેને આ માને કે હું હણું છું, એ કાર્યને હું કરું છું, એ વિપરીત-સત્યદૃષ્ટિથી વિપરીત દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- આજથી પર્યુષણ શરૂ થયા.

ઉત્તર :- હા. શરૂ થયા ને આજથી આ. એમ કે આવી વાતું બધી. આ ઝાઝા માણસમાં બધી એ જ સમજવા જેવી છે એને.

જે તત્ત્વ પરથી ભિન્ન આત્મા છે, એ ભિન્ન પોતે ભિન્નની ક્રિયાને કરી શકું છું એ જ ભાવ મિથ્યાદષ્ટિનો અજ્ઞાનભાવ છે. એની એને ખબર ન મળે. અનાદિથી એમ ને એમ રખડી મર્યો છે. ચોર્યાસીના અવતારમાં મરી ગયો, એમ ને એમ કરીને. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનમાં રાગનું થવું પણ જ્યાં કરવું માને તે અજ્ઞાન છે તો એમાં પરનું કરવું માને એ તો અજ્ઞાન છે જ છે. જુઓને! પહેલી વાત તો કરી અને પછી આ શ્લોક ઉપાડ્યા છે અમૃતચંદ્રાચાર્યે.

રાગનું કરવું એ માને છે તે મિથ્યાદષ્ટિનો અહંકાર અજ્ઞાનનો છે. આ તો વાત પરમાં ગઈ હવે તો. આહાહા..! સ્વભાવ શુદ્ધ ચૈતન્યના સ્વભાવથી બહાર એવો વિભાવ. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એનાથી બહાર એવો જે વિકાર રાગ. સ્વભાવથી બહાર ચીજ છે એને કરું એ પણ અજ્ઞાન છે તો આ તો આત્માથી બહાર પરવસ્તુ છે એને હણું એ તો માન્યતા મિથ્યાત્વની છે. સમજાણું કાંઈ?

‘**અને પર જીવો મને હણે છે.**’ અરે..! આ મને મારી નાખશે. કોને મારે ભાઈ? તારું આયુષ્ય શરીરનું પૂરું થયા વિના દેહ છૂટે નહિ. બીજો કોઈ મારી શકે નહિ. તાકાત નથી કોઈ ઈન્દ્ર-નરેન્દ્ર કોઈની. શરીરની સ્થિતિનું આયુષ્ય જેટલું હોય તેટલું અહીં રહે. એ સ્થિતિને ઘટાડીને મારી શકે બીજો, એવી ત્રણ કાળમાં કોઈની તાકાત નથી. સમજાણું કાંઈ? ત્યારે ઓલા કહે ઓલો દાખલો આપ્યો છે ને શાસ્ત્રમાં? આયુર્વેદનો. સમજાણું? આયુર્વેદમાં એમ કીધું છે કે આ દવા કરો તો મટે છે. આમ થાય. એ બધું ખોટું પડે. પણ ખોટું જ છે, સાંભળને! એ તો વ્યવહારથી વાત કરી. આયુર્વેદથી રોગ મટતો હોય તો તો બધા રાજા મરે જ નહિ. એની પાસે સાધન કેટલા હોય? એ તો જે સમયે દેહ છૂટવાનો તે છૂટવાનો જ. અને જે સમયે ત્યાં રોગ દેહમાં થવાનો તે થવાનો, થવાનો ને થવાનો. એને તારી લાખ દવા ઈંજેક્શન લાગુ પડે એ ફેરફાર થાય એવું છે નહિ. કહો, શેઠ! શેઠ તો બહુ દવાઓ કરે છે ત્યાં.

મુમુક્ષુ :- શેઠને ખબર છે ને અહીં તબિયત બરાબર નથી.

ઉત્તર :- નથી. પણ એની પર્યાય થવાની હોય એ થાય. દવાથી ફરી જાય તો તો મરે જ નહિ કોઈ શેઠિયા. શેઠિયા એટલે આ શરીરથી જુદો પડે. આત્મા તો ક્યાં મરે છે?

મુમુક્ષુ :- .. મારે છે.

ઉત્તર :- હા. એ બોલવામાં આવે છે. એ તો એ સમયમાં ઉપસ્થિતિ કોની હતી એનું જ્ઞાન કરાવવા માટે. વ્યવહારની બોલણી બરાબર છે, પણ એનો અર્થ એમ કે આને આણે ખરેખર માર્યો, એ મિથ્યાદષ્ટિનો અભિપ્રાય છે. આહાહા..!

મુમુક્ષુ :- શિક્ષા દે છે ને કે આને આણે માર્યો.

ઉત્તર :- હા. શિક્ષા દે છે એને લઈને નથી મારતા. આહાહા..! એ ઓલાએ કહ્યું હતું એ કહે છે. લ્યો, આને મારે અને શિક્ષા દે. અને તમે કહો છો કે મારતો નથી. શિક્ષા કોણ દે? એ તો એને પાપનો ઉદય હોય અને એવો બહાર આવી જાય તો એને શિક્ષાનું નિમિત્ત થાય. માર્યો છે માટે શિક્ષાનું નિમિત્ત થાય એમ નથી. ઘણાં ખૂનના કરનારા છૂટી જાય છે. પત્તો ન લાગે ક્યાંય વયા જાય. બાવા થઈ જાય.

મુમુક્ષુ :- એમાંથી ૨૫ ટકા સજા...

ઉત્તર :- હા. આ જજ છે. જુઓને! બધું કરે છે ને.

મુમુક્ષુ :- જજ છે?

ઉત્તર :- હા. હા. શું કીધું ૨૫ ટકા?

મુમુક્ષુ :- ૭૫ ટકા છૂટી જાય.

ઉત્તર :- છૂટી જાય. કાંઈક કોકને શંકા ન આપે, કોકનું કાંઈક ન આપે, કો'કનો બચાવ કરવાનું આપે અને કોઈની સાક્ષી બરાબર મળે નહિ. એવું થઈને છૂટી જાય ઘણાં. પાપ તો કર્યું છે એણે. પણ જ્યાં સુધી અશાતાનો પાપનો ઉદય ન આવે ત્યાં સુધી એને શિક્ષા થાય નહિ. અશાતાનો ઉદય આવે ત્યારે શિક્ષાનું થાય છે.

મુમુક્ષુ :- સિદ્ધાંત જ જુદા લાગે છે.

ઉત્તર :- વીતરાગ માર્ગની સિદ્ધાંત શૈલી જ જુદી છે, ભાઈ. એવી વાત છે. આહાહા..!

અરે.. આત્મા જ્ઞાનમૂર્તિ ભગવાન, અહીં તો કહે છે કે એને હું હણું છું એ ક્રિયા પરમાં થાય તેને માને કે આને હણી શકું છું. એ મિથ્યાત્વ છે. એ તો ઠીક પણ હણવાની ક્રિયા મારાથી થઈ નહિ. પણ હું એનો નિમિત્ત કર્તા છું એમ માનવું એ પણ મિથ્યાદષ્ટિ માને છે. એમ છે અહીં તો વાત. આહાહા..! સમજાય છે કાંઈ? એ જીવના છૂટવા કાળે બીજાના મરણ કાળે, હું એને મારી શકું છું એ તો મિથ્યાત્વ છે જ, પણ તેના મરણકાળમાં મારી ઉપસ્થિતિ હતી એટલે હું નિમિત્ત કર્તા તો છું ને? તેનો નિમિત્ત કર્તા તો છું ને? એ નિમિત્ત કર્તા માનનાર જ રાગ ને યોગને પોતાનો માને છે. માટે નિમિત્ત કર્તા છું એમ અજ્ઞાની માને છે. આહાહા..! ભારે વાત ભાઈ! એ વાત ૧૦૦મી ગાથામાં આવી ગઈ છે. આ તો જરા સ્થૂળપણે વાત. અને આમાંથી પાછું શું?

હજી આવશે જુઓ! કે '**પર જીવોને હું હણું છું અને પર જીવો મને હણે છે- એવો અધ્યવસાય ધ્રુવપણે (-નિશ્ચિતપણે, નિયમથી) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદષ્ટિ છે;...**' સમજાણું? આ પાઠ લીધો ને.

'**मूढो अण्णाणी**' એમ. '**मूढो अण्णाणी**' કીધું છે ને? મૂઢ છે. આવો અજ્ઞાની તે મૂઢ છે. તે દિ' એમ શબ્દ કહેવાઈ ગયો હતો ને? તે દિ'. સમજાણું? (સંવત) ૧૯૯૫ની સાલમાં. ભાઈ! કોઈપણ પ્રાણીને હું... ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા. સભા આવી હતી તે દિ'. કાંઈક મીટીંગ હતી મોટી. બધા માણસો આવ્યા હતા. ઓલા રેવાશંકરભાઈ નહિ? જેતપુરવાળા. બધા આવ્યા હતા. રેવાશંકરભાઈ છે ને? એ બધા આવ્યા હતા. મીટીંગ હતી કાંઈક. એમાં વ્યાખ્યાનમાં કીધેલું. ... વ્યાખ્યાનમાં આવ્યા હતા. અને એમાં આ વાત આવી. કોઈપણ પ્રાણીને હું બચાવી શકું છું, દયાનો ભાવ જે રાગ છે, એ રાગથી બચી શક્યો એ તો ઠીક પણ રાગ મારો છે અને રાગ મેં કર્યો એ હિતકર છે, મને લાભદાયક છે. એ મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે અને અજ્ઞાની છે.

મુમુક્ષુ :- મૂઢ તો ..

ઉત્તર :- મૂઢ તો અહીં આવ્યું, જુઓ! આ મૂઢ .. આ '**मूढो अण्णाणी**' એય.. શોભાલાલજી! અહીં તો ભાઈ શેઠ હોય કે ફલાણો હોય. જે હોય તે, અહીં તો સત્ય વાત આ છે. પછી યાદ કર્યા હતા એક ફેરી. એ કો'ક મને મૂઢ કહેતા હતા એ મહારાજ ક્યાં છે? અહીં તો મેં એને સીધું નહોતું કહ્યું પણ વાત આ રીતે માને છે તે મૂઢ છે. એવી સિદ્ધાંતની વાત હતી. સમજ્યા? શોભાલાલજી! પર પ્રાણીને હું બચાવી શકું છું. બીજાને.. એ પછી આવશે. જીવાડી શકું છું અને સુખી કરી શકું છું. એવો જે ભાવ, એ રાગ એથી કરી શકતો નથી પણ એ રાગ છે તે મને હિતકર છે એ માનનાર મૂઢ અજ્ઞાની છે. એને આત્માની, ધર્મની ખબર નથી. આખી દુનિયાથી વિપરીત છે, ભાઈ! સમજાણું કાંઈ? દુનિયા આખી ચાલે છે ઊંધે રસ્તે એનાથી આ માર્ગ જુદો છે.

કહે છે, આ અધ્યવસાય જેને છે તે મિથ્યાદૃષ્ટિ છે. પછી સવળું થોડું લે છે. એક પદ છે ખરું ને? '**णाणी एत्तो दु विवरीदो**' બસ, ચોથું પદ. '**જેને તે અધ્યવસાય નથી...**' એટલે કે જેને આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપનું ભાન છે એને એ અધ્યવસાય-પરને હણી શકું છું અને પર મને મારી શકે છે-એવો એને રાગ અને અધ્યવસાય હોતો નથી. તેથી '**તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.**' આ એક જ બોલની અપેક્ષા નથી. આ તો એક બોલ લીધો. આ તો એક મિથ્યાદૃષ્ટિનું એક અંગ લીધું. એમ સમ્યગ્દૃષ્ટિના અંગનો એક પ્રકાર લીધો કે જેને હું એટલે આત્મા. હું એટલે મારામાં રાગ પણ નહિ, શરીર પણ નહિ તો પરને હણું એ મારામાં છે નહિ. અને મારામાં રાગ પણ નથી અને શરીર પણ નથી તો પર મને હણે એવું મારામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ સમયસાર વાંચ્યું છે? ઘરે વાંચો છો કોઈ દિ'? બરાબર હા ન આવી. ભાઈને પૂછ્યું હતું કે ઘરે વાંચો છો તમે?

આ ભાઈ તો ત્યાં વાંચે છે બધા ભેગા થઈને. કાનપુર. પૈસા લેવા જાય ત્યાં આ પણ વાંચે. વાંચે તો ખરા આ બધા.

મુમુક્ષુ :- સત્સંગ કરવા આવે ત્યારે પૂછતા હોય તો બરાબર છે .. રીતે પૂછો એમાં શું કહે?

ઉત્તર :- એમ કહે છે, ઝાઝામાં પૂછો તો શું કહેવું? એને હા પાડવી કે ના પાડવી. એમ કહે છે. એકલા પૂછવું. પણ આ ચોપડા બીજા જોતાં આ શું કહે છે કે એમ વાંચવું તો જોઈએ કે નહિ? હેં શેઠ! જુઓ, કેવી વાત છે!

ભગવાન કુંદકુંદાચાર્ય જ્યારે જંગલમાં આમ લખતા હશે. એ વિકલ્પ ઉઠ્યો છે એ મારું કર્તવ્ય નથી. આહાહા..! હું જેમાં છું તેમાં રાગનું જ્ઞાન થાય છે. જેમાં નથી તે મારામાં જ્ઞાન, એ મારું છે તેમ એને થતું નથી. આહાહા..! અને એ કલમ લખાય છે એ ક્રિયા હું કરું છું એમ જ્ઞાની માનતો નથી. કારણ કે એ પરમાણુની તે સમયની તે પર્યાય તે પ્રકારે અક્ષરના, એક અક્ષરમાં અનંતા પરમાણુનો એક સ્કંધ, એવા અનંતા સ્કંધનો એક અક્ષર, એવા અનંતા રજકણો તે એની પર્યાય તે અક્ષરરૂપે પરિણમે છે. આત્મા તેનો કર્તા કરી શકતો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- આમાં ધર્મ..?

ઉત્તર :- આ ધર્મ કીધો ને. શું કીધું આ? રાગ હું નથી, હું જ્ઞાનાનંદ છું. પરની ક્રિયા મારી નથી, હું એનાથી ભિન્ન છું એવું ભાન કરવું એનું નામ ધર્મ છે. ધર્મ એ છે. બીજો ધર્મ ક્યો હતો? જુદો છે ક્યાંય? સમજાય છે કાંઈ? આ કહે છે ને.

'**તે અધ્યવસાય નથી તે જ્ઞાનીપણાને લીધે...**' એટલે શું? કે પરને હણી શકું છું એ અભિપ્રાય જેનામાં નથી. અને પરથી હણાઈ જાઉં એવો અભિપ્રાય છે નહિ. ત્યારે અભિપ્રાય શું છે? કે હું તો આત્મા જ્ઞાનાનંદ અને શુદ્ધ ચૈતન્ય છું. એવો જે એને અભિપ્રાય છે તે ધર્મ છે. એને ધર્મી કહેવામાં આવે છે. બાબુભાઈ કહે છે, આમાં ધર્મ શું થયો?

મુમુક્ષુ :- જીવ દયાને ધર્મ કહ્યો છે.

ઉત્તર :- જીવ દયા. આ જીવ દયા. પરની પાળી કોણ શકે? તો તો એની બાયડીને મરવા ન દે. એની વહાલામાં વહાલી તો બાયડી કહે છે ને અર્ધાંગના. અર્ધાંગના.

મુમુક્ષુ :- પોતે જ ન મરે.

ઉત્તર :- પોતે તો વળી પછી રાખે. શું થાય? આહાહા..! એમાં હોય આની ૪૦ વર્ષની ઉંમર અને ઓલાની ૩૫ વર્ષની અને મરતી હોય તો હાય.. હાય.. આમ આંસુ નાખી દે. ઓલી કહે, હવે તમારું શું થાશે? હું જાઉં છું. છોકરા ચાર. બીજું કરજો હોં, નહિતર તમે

દુઃખી થાશે. ઓલો કહે કે હાય હાય પણ આ ૪૫ વર્ષે આપશે કોણ? ભાવ થાય તો જુવાનીયા લેવા ન દે.

મુમુક્ષુ :- .. ન હોય તો શું થાય?

ઉત્તર :- એ તો લે છે બધા. આ તો પહેલાનું એવું હતું. ૪૫ વર્ષ થાય ત્યાં તો ઘરડો કહેવાઈ જતો. આધેડ. ૪૫ વર્ષ થાય. હવે તો કોણ જાણે ૬૦-૭૦ થાય તો કોણ જાણે ઘરડો નથી કહેવાતો એ. એને એમ થાય. આ તો એક નહોતો આપણે ભાઈ? નાનાલાલભાઈના હતાને ઓલા? સાળા. પગ ઓલા હતા. બૈરા ગુજરી ગયા. શું નામ હતું? ચંદુભાઈ. ત્યાં .. છોકરા.. બધા રોવે. આ પણ રોવે. પછી અમે ગયા હતાને, ત્યાં હતાને. જોડે જ હતા. ત્યારે તો નાનાલાલભાઈના મકાનમાં હતા. ત્યાં આવ્યા હતા. રોવે. નાની ઉંમર. હાય.. હાય.. હવે? મરવા શું કરવા દે છે તારી બાયડીને? જો જીવાડી શકતો હોય તો. બીજાને જીવાડી શકતો હોય તો આને તો જીવાડ. જીવાડું સમજો છો? જિંદા રખના. એટલું નથી સમજતા? જીવાડું એટલે સામાને જીવતું રાખવું.

મુમુક્ષુ :- જિંદા રખના.

ઉત્તર :- જિંદામાં હવે જીવન રાખવું એ સહેલી ભાષા છે.

આને જીવાડી દઉં બાયડીને. હવે એને નથી? એને છે કે નહિ? બૈરી હતી કે નહિ? મરી ગઈ. શું કરવા મરવા દીધી? એય.. શોભાલાલજી! કોણ રાખે ને કોણ મારે ને કોણ પાળે? લાખ રૂપિયા ધૂળ આપે તોપણ ત્યાં બચતી હશે ત્યાં ઈ? આયુષ્યની સ્થિતિની જેની હોય તે પ્રમાણે રહે, બાકી કોઈથી તે રહી શકે નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં ઈન્દ્ર નરેન્દ્ર પણ એને જીવાડી શકે, એક સમય આયુષ્ય આપી શકે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. કેટલાક એમ કહે છે, ભગવાન આવ્યા હતા અને પછી આયુષ્ય આપ્યું થોડું. કેટલાક એમ કહે છે ને? ગપ્પેગપ છે બધી. કહો, સમજાણું કાંઈ? ભગવાન આવ્યા હતા લેવા. અમારા બોટાદમાં એમ ચાલતું. ભગવાન આવ્યા હતા. પછી શેરીમાં પૂછયું કે ફલાણા? પણ ત્યાંથી આવ્યા અને હવે અહીં શેરી પૂછવી રહી? આવા ક્યાંથી કાઢ્યા? શેરી સમજો છો? ગલી.

મુમુક્ષુ :- એનું ઘર ક્યાં આવ્યું એ પૂછવું પડે?

ઉત્તર :- ઘર ક્યાં આવ્યું એ પૂછયું. આ ભગવાન કઈ જાતનો? ભગવાન આવ્યો રથમાં બેસીને આને લેવા. પછી પૂછયું એનું ઘર ક્યાં આવ્યું? એલા પણ તું આટલેથી આવ્યો ને હવે ઘરની ખબર નથી? ગપ્પો ઉડાડ્યો લાગે છે કીધું કો'કે. આવા ને આવા આંધળા માનનારા, આંધળા કહેનારા. અંધો અંધ પલાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ એ દેખે છે...

ઉત્તર :- આવ્યો. ધૂળમાં દેખતો નથી. એને ભ્રમણા છે. અહીં તો કહે છે, ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકર હોય તોપણ બીજાને આયુષ્ય આપી શકતા નથી અને બીજાનું આયુષ્ય લૂંટી શકતા નથી. આહાહા..! શું થાય? સમજાય છે?

'**ભાવાર્થ :- પર જીવોને...**' અહીં તો ભાષા આટલી ચોખ્ખી છતાં (ઊંધા) અર્થ કરે. '**जो मण्णदि हिंसामि**' હવે આમાં ચોખ્ખી વાત છે. અને '**हिंसिज्जामि य परेहिं सत्तेहिं**' પર દ્વારા હું હણાઈ જઈશ. '**मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो**' ધર્મી જાણે છે કે એની આયુષ્યની સ્થિતિ પૂરી થઈ. એટલે મરે છે. અને આ દેહની સ્થિતિ પૂરી થાય એટલે દેહ છૂટે છે. કોઈએ એને ઈંજેક્શન આપ્યું, આણે ઝેર આપ્યું એટલે એકદમ (મરી ગયો). કાંઈ વાત ખોટી બધી છે. ઝેરથી આયુષ્ય ઘટે એ ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ડૉક્ટર-બોક્ટર ઈંજેક્શન આપે ને સરખા, તો જીવાડી દેતો હશે. ઈ મરી શું કરવા જાય છે તો? એનું આયુષ્ય પૂરું થાય તો ડોક્ટર પણ ચાલ્યો જાય છે મોટા.

મુમુક્ષુ :- અહીં ઈંજેક્શન આપે ત્યાં ઓલો વયો જાય છે.

ઉત્તર :- હા. કીધું ને. અહીંયાં નહોતો ડોક્ટર આ? વૈદ્ય. ઈંજેક્શન આપતા હતા બીજાને. અહીં આવ્યા હતા. બે-ત્રણ વાર આવી ગયા હતા. આપણા વ્યાખ્યાનમાં આવી ગયા હતા. મોટો ડોક્ટર. પટણીના સાળાના દીકરા. પટણી હતા ને મોટા? પ્રભાશંકર પટણી. દિવાન રાજાના. એના સાળાના દીકરા. અહીં આવતા વ્યાખ્યાનમાં. અહીં બે-ત્રણ વાર આવી ગયા. પછી કો'કનું આમ કરતા હતા. સર્જન હતા. શું કહેવાય મોટું ઓલું દવાખાનું છે ને? હોસ્પિટલના સર્જન. એ આમ આમ કરતા હતા ત્યાં કહે, મને કાંઈક થાય છે. બસ, કાંઈક થાય એમ કહ્યું ત્યાં તો ખલાસ થઈ ગયા. ખલાસ. દેહ છૂટી ગયો ફડાક દઈને. મને કાંઈક થાય છે. એમ જ્યાં બેસવા ગયા ત્યાં ખલાસ થઈ ગયો. એની સ્થિતિ પૂરી થાય આયુષ્યની એમાં એટલો કાળ એ જીવને રહેવાની પોતાની યોગ્યતા છે. આયુષ્યનું તો નિમિત્ત છે. આમાં હજી વાંધા કાઢે છે. કર્મને લઈને તો જીવે છે ને. પરદ્રવ્યને લઈને તો જીવે છે. સાંભળ તો ખરો. બીજો કર્તા નથી. નોકર્મ કર્તા નથી એટલું સિદ્ધ કરવા એની આયુષ્યની સ્થિતિ કર્મને લઈને છે એમ સિદ્ધ કરવું છે. ભારે અર્થ કરે છે પણ. સમયસાર બહાર આવ્યું ને એટલે એવા ઊંધા અર્થ કરવા માંડ્યા. નહિતર આનો સવળો અર્થ કરે તોપણ એકેય એની શ્રદ્ધા સાચી રહેતી નથી.

'**ભાવાર્થ :- પર જીવોને હું મારું છું અને પર મને મારે છે એવો આશય (-અભિપ્રાય) અજ્ઞાન છે તેથી જેને એવો આશય છે...**' જેવો અભિપ્રાય છે. ઓલો

'**मण्णदि**' શબ્દ છે પછી પ્રશ્ન શું? જેવી એ માન્યતા છે, તે '**અજ્ઞાની છે-મિથ્યાદૃષ્ટિ છે...**' આહાહા..! ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. જ્ઞાન કોને હણવાની ક્રિયામાં જાય? કોને હણે? અને ભગવાન આત્મા એનો દેહ જે છે એ તો એનો નથી. પણ અહીં તો સિદ્ધ એવું કરવું છે. એના દેહને બીજો છૂટો પાડે, તાકાત છે કોઈની? સમજાય છે કાંઈ? જે સમયે દેહને છૂટવાનો તે સમયે છૂટવાનો, છૂટવાનો ને છૂટવાનો. તે ક્ષેત્ર, તે કાળ, તે નિમિત્ત, તે સ્થિતિ એમાં ક્યાંય ફેરફાર ન થાય. એમ જાણનાર તેને એવો આશય નથી કે મને કોઈ મારે કે હું બીજાને મારી શકું. હું તો આત્મા શુદ્ધ ચૈતન્ય છું. હું તો જાણનાર ચૈતન્ય જ્ઞાન છું. એમ જે જાણે એને ધર્મ થાય તેને મિથ્યાત્વભાવ હોતો નથી. તેને આવો અભિપ્રાય મિથ્યાત્વનો હોતો નથી. એ સમ્યગ્દૃષ્ટિ છે. લ્યો.

હવે અહીં કહે છે. જુઓ! '**નિશ્ચયનયે કર્તાનું સ્વરૂપ એ છે કે-પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે.**' શું કહે છે? નિશ્ચય નામ યથાર્થ દૃષ્ટિથી કરનારનું સ્વરૂપ એવું છે કે પોતે કર્તા એટલે સ્વતંત્રપણે કરે તે કર્તા. સ્વાધીનપણે કહ્યું ને? સ્વતંત્રપણે કરે તે કર્તા. '**જે ભાવરૂપે પરિણમે તે ભાવનો પોતે કર્તા કહેવાય છે.**' આત્મા કે પરમાણુ પ્રત્યેક જે અવસ્થાપણે પરિણમનાર છે, તે દ્રવ્ય તે પરિણમવાની પર્યાયનો તે કર્તા કહેવાય. બરાબર છે? નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો કર્તા નામ કરનારનું સ્વરૂપ એવું છે કે પોતે સ્વાધીનપણે પોતાને આધીન થઈને જે ભાવરૂપે પરિણમે, જે અવસ્થારૂપે થાય તે અવસ્થાનો પોતે કર્તા કહેવાય.

'**માટે પરમાર્થે કોઈ કોઈનું મરણ કરતું નથી.**' શું બીજાની અવસ્થા પોતે કરે છે? બીજાની અવસ્થાપણે તું પરિણમે છો? એની અવસ્થાપણે તો એ પરિણમે છે. તો એ પરિણમનાર એનો કર્તા છે. એ પરિણમનાર તું છો? સમજાણું કાંઈ? '**માટે પરમાર્થે...**' ત્યારે કહે, વ્યવહારે. વ્યવહારે બોલાય. એ નિમિત્તથી જ્ઞાન કરવા માટે જુદી ચીજ છે. '**કોઈ કોઈનું મરણ કરતું નથી. જે પરથી પરનું મરણ માને છે,...**' જે પરથી પરને હણે, મારું આને, આને મારી નાખું એમ માને છે '**તે અજ્ઞાની છે. નિમિત્તનૈમિત્તિકભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે;...**' લ્યો શેઠ આવ્યું આ. આણે આને માર્યો. એ તો વ્યવહારનું, નિમિત્તનું કથન છે. બોલાય લોકમાં એને જણાય કે આનાથી થાય. એમ થયું નથી. વ્યવહારનયના કથનો જ એવા હોય છે. એને સાચા માની લે તો મૂઢ છે. સમજાણું કાંઈ? ઉઠાવ દૃષ્ટિ પર ઉપરથી એમ કહે છે. પરના કાર્ય મેં કર્યા એ તો ઉઠાવ. પણ રાગનું કાર્ય મારું નથી. ઉઠાવ દૃષ્ટિ ત્યાંથી. ચૈતન્ય ભગવાન આત્મા ત્યાં દૃષ્ટિ કર. તને ત્યાં ધર્મ થશે. બાકી ધર્મ થશે નહિ. સમજાણું?

'**નિમિત્તનૈમિત્તિકભાવથી...**' નૈમિત્તિક એટલે ત્યાં મરણ થાય એને આ નિમિત્ત થાય બીજો. એવા ભાવથી '**કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે; તેને યથાર્થ રીતે (અપેક્ષા સમજીને) માનવું...**' જાણવું કે આ રીતે એક બોલવાની રીત છે અને જ્યાં મરે ત્યારે આવાને નિમિત્ત કહેવાય છે. એમ જાણવું. પણ એનાથી થાય છે એમ માનવું નહિ.

'**હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :-**' હવે આમાંથી કાઢે છે.

**आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।**
**आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं।।२४८।।**
**आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं।**
**आउं ण हरंति तुहं कह ते मरणं कदं तेहिं।।२४९।।**

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તું આયુ તો હરતો નથી, તે મરણ ક્યમ તેનું કર્યું? ૨૪૮.**

અહો..! વીતરાગને નાખ્યા આમાં. આહાહા..! વીતરાગને નાખ્યા કુંદકુંદાચાર્યે.

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું? ૨૪૯.**

એમાં પણ જિનવર નાખ્યા. ભાષા ટૂંકી નાખી પણ એને જિનવર નાખ્યા.

'**ટીકા :- પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના ક્ષયથી જ થાય છે,...**' જુઓ! અહીં તો સમજાવવું છે ને. ઓલો પર નથી કરતો એટલું હોં! બાકી કર્મ એનું છે એમ અહીં સિદ્ધ નથી કરવું. આરે..રે..! અહીં તો કહે, જુઓ! સ્વ આયુકર્મ કીધું. કર્મ તમે ના પાડો છો કે એનું નહિ. અહીં તો કીધું સ્વકર્મ એનું છે. આહાહા..! તકરારી તો જ્યાં હોય ત્યાં તકરાર જ કાઢે. સમજ્યાને? વાંધાવાળો હોય તો વાંધા જ કાઢે. આ તરબુચની ચીર લાવેને એનો બાપ. તરબુચ સમજો છો? તરબુચ આવે છે ને? પછી એની કોઈ લાંબી ચીર હોય આમ લાંબી તો નીચે નાની હોય, કોઈ પહોળી હોય તો ઊંચી થોડી હોય. તો જરી તકરારી હોય એ છોકરાને કહે, પહેલો બોલાવીને આવ. લઈ લે આમાંથી પહેલી પાસ કરીને. નહિતર પાછળથી તું કહીશ. પછી પાસ કરીને આપ્યું. બાપા! પણ એની ઊંચી છે. પણ તારી નીચે પહોળી છે. તેં પાસ કરીને લીધી છે.

મુમુક્ષુ :- તોય પાછો કજિયો તો કરે જ.

ઉત્તર :- તોય પાછો કજિયો કરે. પહોળી સમજો છો? તરબુચ હોય ને? નીચે લાંબુ હોય અને ઊંચે થોડું હોય. ચીર-ચીર કટકા. અને કો'કને ઊંચી ઘણી હોય અને નીચે નાની.

હોય સરખી બધી. એનો માલ સરખો નીકળે બેયમાંથી. પણ કોઈની પહોળી વિશેષ હોય. પણ બાપા! એને લાંબી. પણ તને કહ્યું હતું ને પહેલું? આ પહોળી છે એ લેવી હોય તો લે તો સરખી છે અને આ લાંબી છે તો આમ નીચે ટૂંકી છે પણ આમ લાંબી છે. ચીરો તો સરખી છે બધી. શેઠ! પણ વાંધાવાળો તો વાંધો જ કાઢ્યા કરે. એમ આ ઊંધો ઊંધા જ કાઢ્યા કરે. પણ એ તો વાંધાવાળો તો કાઢ્યા જ કરે.

અહીં કહે છે કે સ્વ આયુકર્મ. જુઓ! આયુકર્મ એને હણે છે કે નહિ? એના કારણે રહે છે કે નહિ? આયુકર્મને કારણે (રહે છે). તમે કહો કે પરદ્રવ્યને લઈને રહે નહિ. આ લખ્યું. સાંભળને. કઈ અપેક્ષાએ કહે છે? એ તો બીજો એને રાખી શકતો નથી. એનું આયુષ્યનું તેને નિમિત્ત છે અને તેટલું રહેવાની આત્માની ત્યાં યોગ્યતા છે. ભારે ભાઈ! આ બધાની તકરારું ચાલે છે હોં!

**'જીવોને મરણ...'** દેહનું છૂટવું. ખરેખર જીવને તો મરણ છે જ નહિ. આ તો દેહ અને આત્માનું છૂટવું એના સંયોગની વાતો ચાલે છે. શું થાય? **'ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના ઉપકર્મના) ક્ષયથી જ થાય છે,...'** એનું આયુ કર્મ જે છે લઈને આવ્યો છે પૂર્વે બાંધીને, એનો નાશ થાય તો દેહ છૂટી જાય. **'કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં (અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું અશક્ય છે;...'** લાખ કરે તો મરણ થાય નહિ. એની દેહની આયુષ્યની સ્થિતિ હોય એટલી રહે.

એક કહેતો હતો ને એક છોકરો. બે ભાઈઓ હતા. બે ભાઈ નાના-મોટા. પછી નાના થયો બહુ રોગ. કોઈ ઘરમાં કરનાર નહિ. સેવા કરે ઘણા વખત સુધી. પછી એકવાર એને થયું કે આને ઝેર આપી દઉં તો મરી જાય. હવે આવું અરર.. ક્યાં સુધી આવું? બે ભાઈઓ સગા હોં! દશાશ્રીમાળી વાણિયા. મોટો ઝેર લાવીને બે રૂપિયાનું આપ્યું, પીધું. મર્યો નહિ. ઝેર આપ્યું ને મર્યો નહિ. માંદો ચાલ્યો માંદો વધારે. આયુષ્ય છે એને કોણ કરી શકે? અરર..! હવે? ઓલો કાયર થઈ ગયો સેવા કરતા કરતા. ઘરમાં કોઈ નહિ. બે જણા. પછી પાંચ રૂપિયાનું લઈ આવ્યો ઝેર. આપ્યું. એ વખતે છૂટવાની સ્થિતિ હતી. ઓલું ઝેર નિમિત્ત થવાને લાયક નહોતું. સ્થિતિ પૂરી નહોતી.

અહીં કહે છે કે આયુષ્ય મરણ પરથી આયુષ્યના ક્ષય વિના ત્રણ કાળમાં કોઈ કરી શકે નહિ. 'આયુ કર્મ રક્ષા કરે પ્રારબ્ધ કરે સેવ, એ દોનો નિશ્ચય કરી ભજો નિરંજન દેવ.' આયુ હોય ત્યાં સુધી રહેશે. પ્રારબ્ધ હોય ત્યાં સુધી તેને અનુકૂળતા-પ્રતિકૂળતા મળશે. એ તારા આત્માને સંબંધ છે નહિ. એમ આત્માનું જ્ઞાન કરીને, શ્રદ્ધા કરીને પરથી મરું અને પરને મારું એ દૃષ્ટિ હોવી જોઈએ નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૩, શનિવાર તા. ૨-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૪૮ થી ૨૫૬, પ્રવચન-૩૨૫**

આ સમયસાર, બંધ અધિકાર ચાલે છે. જેને ધર્મ કરવો છે એટલે કે જેને સુખી થવું છે...

મુમુક્ષુ :- એ તો સૌને થાવું છે.

ઉત્તર :- એ થાવું છે સૌને પણ એને ભાન ક્યાં છે કે સુખ ક્યાં છે.

સુખી થવું હોય તો સુખ છે આત્મામાં. એની અંતર દૃષ્ટિ દીધે આત્માને સુખની પ્રાપ્તિ થાય. એને આ બહિર્બુદ્ધિ છોડાવે છે કે જેને આત્માનું સુખ ધર્મ છે, જ્ઞાન ચૈતન્ય મૂર્તિ છે એ આનંદ છે. એવું જેને અંતર્મુખ થઈને સુખી થવું હોય, સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય એટલે કે આત્માની શાંતિ જે અનંત કાળમાં પ્રગટ થઈ નથી એવી કરવી હોય તો એણે આ અભિપ્રાય છોડવો જોઈએ. જેને અબંધ પરિણામ પ્રગટ કરવા છે એને આ બંધભાવ છોડવો જોઈએ. એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ આવ્યા નથી? પ્રેમચંદભાઈ ભાવનગર ગયા છે. આહાહા..! શું કહે છે? કે આ ભાવ બંધનું કારણ છે એમ જેને જ્ઞાન થાય તે આત્માના સ્વભાવનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે. એ માટે આ બતાવાય છે.

'**ટીકા :- પ્રથમ તો, જીવોને મરણ ખરેખર સ્વ-આયુકર્મના (પોતાના આયુકર્મના) ક્ષયથી જ થાય છે,...**' છે ને? બીજા જીવનું કે કોઈનું મરણ દેહથી છૂટવું એ એનું જે આયુષ્ય કર્મ લઈને આવ્યો છે એનો નાશ થયે (થાય). સ્વઆયુ. ભાષા તો એમ બતાવવી છે ને? સ્વ આયુષ્ય તો એનું નથી. પણ બીજો એને કરી શકતો નથી એટલું બતાવવા એ જે આયુષ્ય કર્મ લઈને આવ્યો છે પૂર્વે એના ક્ષયથી જ થાય છે. આયુષ્ય કર્મ ક્ષય થાય ત્યારે એનો દેહનો વિલય-મરણ થાય.

'**કારણ કે સ્વ-આયુકર્મના ક્ષયના અભાવમાં...**' એ આયુષ્ય કર્મની સ્થિતિ છે એના નાશના અભાવમાં '**(અર્થાત્ પોતાના આયુકર્મનો ક્ષય ન હોય તો) મરણ કરાવું અશક્ય છે;...**' બીજો બીજાને મારી શકે નહિ. બીજો બીજાને હિંસા કરી શકે નહિ. એનું એને આયુષ્ય ક્ષય થાય નહિ તો કોઈ મારે એમ ત્રણ કાળમાં બની શકતું નથી. '**વળી સ્વ-આયુકર્મ બીજાથી બીજાનું હરી શકાતું નથી,...**' જે જેનું આયુષ્ય કર્મ છે તે બીજાથી બીજાનું લઈ શકાતું નથી. '**કારણ કે તે પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;...**' ભાષા તો અહીં સમજાવવું છે ને? આયુષ્ય કર્મનું ભોગવવું નથી. ભોગવટો તો તે સમયે પોતાની લાયકાતથી ત્યાં રહ્યો છે એને ભોગવે છે એમાં આયુષ્ય કર્મ નિમિત્ત છે. દેહમાં જેટલો

કાળ રહેવાની એની પોતાની લાયકાત છે તે લાયકાતને તે સમયમાં પોતાની લાયકાતને ભોગવે છે. કાંઈ કર્મ ભોગવાય છે એમ છે નહિ. કર્મ તો જડ છે. પણ કહે છે કે એને આયુષ્ય કર્મનો ઉપભોગ એટલે જ્યાં સુધી નિમિત્ત છે અને ત્યાં સુધી એને રહેવાની લાયકાતની યોગ્યતા છે ત્યાં સુધી એ રહી શકે અને ત્યારે કર્મનો ક્ષય થાય. '**પોતાના ઉપભોગથી જ ક્ષય પામે છે;...**' આયુષ્ય પોતાના લક્ષથી, વેદનથી ક્ષય થાય. '**માટે કોઈ પણ રીતે બીજો બીજાનું મરણ કરી શકે નહિ.**' અહીં વજન છે. કોઈ પણ રીતે. કોઈ રીતે બીજાનું મરણ એ ઉપાદાન એટલે પોતે આત્મા કરી શકે નહિ પણ એનું થવા કાળે નિમિત્ત છે એ પણ એને કરી શકે નહિ. કહો, શેઠી!

મુમુક્ષુ :- કોઈપણ રીતે આવ્યું ને?

ઉત્તર :- હા. કોઈપણ રીતે. નિશ્ચય અને વ્યવહાર કોઈપણ રીતે.

'**બીજો બીજાનું મરણ કરી શકે નહિ.**' હવે આવી તો સ્પષ્ટ વાત છે પણ ઊંધા અર્થ કરે. મારી શકે. પણ મારી શક્યાનો એણે અહંકાર ન કરવો. એમ કહે છે. પણ એ પરમાણુ જગતના શરીર છે રજકણો અને આત્મા, એનો સંયોગ એનું આયુષ્ય હોય ત્યાં સુધી રહે છે અને આયુષ્ય ક્ષય થયા વિના કોઈ એને મારવામાં નિમિત્ત થાય એ ત્રણ કાળમાં બનતું નથી.

'**બીજો બીજાનું મરણ કરી શકે નહિ. તેથી હું પર જીવોને મારું છું અને પર જીવો મને મારે છે એવો અધ્યવસાય...**' એટલે અભિપ્રાય નિશ્ચયથી '**અજ્ઞાન છે.**' મિથ્યા અભિપ્રાય છે. જેને ધર્મી થવું હોય એણે આવો અભિપ્રાય છોડી દેવો જોઈએ. સમજાણું કાંઈ? કેમ કે બહિર્મુખ મિથ્યાત્વ ભાવ છે. હું બીજાને મારી દઉં. બીજો મને મારશે? પણ તને એટલે શું? તારા આયુષ્યની પૂર્ણતા જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી બીજો મારવાને સમર્થ છે નહિ. અને થાય ત્યારે પણ બીજો મારવાને સમર્થ નથી. એ તો આયુષ્ય પૂર્ણ થયું એટલે દેહ છૂટી જાય છે. સમજાણું કાંઈ? અજ્ઞાન છે.

'**ભાવાર્થ :- જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય,...**' બીજાને હિંસા કરી શકું છું, બીજાના પ્રાણ લઈ શકું છું. અહીં તો શબ્દાર્થ ઓલાએ લીધો છે બહુ સારો. છે ને કળશમાં. પ્રાણનો ઘાત કરવો. એમ. એના પ્રાણનો ઘાત કરી શકું છું એમ માનવું તે મિથ્યાત્વ છે. મરણનો અર્થ એવો કર્યો છે, ભાઈ! ઓલા કળશમાં છે. તે દિ' આપણે લીધું હતું ને. અને આ જીવત્વમાં લેશે. પ્રાણ રક્ષા લેશે. ચાર બોલ છે. છે ને. એ વાત વ્યાખ્યાનમાં થઈ હતી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા છે ને. આ બીજો આત્મા છે એના જે દસ પ્રાણ છે. પાંચ ઇન્દ્રિય, શ્વાસ, આયુષ્ય અને મન, વચન ને કાયા. એ દસ પ્રાણને દૂર કરું, પ્રાણનો ઘાત કરું, બીજાના પ્રાણ છે એને હણી દઉં એવી તાકાત કોઈ બીજા જીવમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? (હું બીજાને હણી શકું છું) એમ જે માનનાર છે એને પોતાના ચૈતન્ય ભાવપ્રાણ હણાય છે. સમજાણું કાંઈ?

**'જીવને જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય, તો તે માન્યતા અજ્ઞાન છે.'** માન્યતા એ હોય કે આને મારી શકું, પણ એ પ્રમાણે બનતું નથી. એનું આયુષ્ય પૂરું થાય તો મરે અને ન હોય તો મરી શકે નહિ. **'પોતાથી પરનું મરણ કરી શકાતું નથી અને પરથી પોતાનું મરણ કરી શકાતું નથી,...'** આહાહા..! આ પરાશ્રય દૃષ્ટિ જ ખોટી છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? **'છતાં આ પ્રાણી વૃથા એવું માને છે તે અજ્ઞાન છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે.'** વ્યવહારથી કહેવાય એમ બોલાય. શેઠ! બોલ્યા હતા ને કાલે તમે? વ્યવહારથી બોલાય. મરે ત્યારે કહે, ભાઈ! આણે માર્યો. એ નિમિત્તથી કથન છે. નિમિત્તનું જ્ઞાન કરવા વ્યવહારનય છે. પણ એ કરી શકે છે બીજાનું મરણ કે બીજાથી આ મરે છે, દેહ છૂટે એમ છે નહિ.

**'વ્યવહાર આ પ્રમાણે છે :- પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય...'** પર્યાય એટલે દેહની પર્યાયનો નાશ થાય, નવી પર્યાય દેહની ઊપજે. અને જીવની પર્યાયનો પણ અહીં છે તે નાશ થાય અને નવી ઊપજે. એમાં **'તેને જન્મ-મરણ કહેવામાં આવે છે;...'** અહીં ઉત્પાદ થયો ત્યાં અને અહીં મરણ થયું. **'ત્યાં જેના નિમિત્તથી મરણ થાય તેના વિષે એમ કહેવામાં આવે છે કે આણે આને માર્યો, તે વ્યવહાર છે.'** નિમિત્તના કથન છે. જોડે નિમિત્ત કોણ હતું એને બતાવવા. બાકી એનાથી મરતો નથી અને એનાથી આ મરતો નથી.

**'અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે.'** નિમિત્ત નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરવાનો નિષેધ નથી. એમ. **'જેઓ નિશ્ચયને નથી જાણતા, તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે, તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય નયો માનવા.'** ૨૫૦.

**'ફરી પૂછે છે કે (મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું તે જાણ્યું; હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય...'** આ બીજાને જીવાડી શકું એ તો જીવાડી શકશે કે નહિ? આહાહા..! બીજાને મરણ ઠીક પણ બીજાની દયા પાળવાનો ભાવ એ દયા પાળી શકે કે નહિ? બીજાને જીવાડી શકે કે નહિ?

મુમુક્ષુ :- મૂળ જૈન ધર્મ છે.

ઉત્તર :- જૈન ધર્મ એ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એ કહે છે શેઠ અહીંયાં, કે ભાવ હો. પણ એથી એ જીવી શકે છે એમ ત્રણ કાળમાં નથી. તારા ભાવ હોય કે આને જીવાડું. એથી તને શુભભાવ હોય તો પુણ્ય બંધન (થાય). આત્મા અબંધસ્વરૂપ છે તેને બંધન થાય. શોભાલાલજી! લાભ થાય કહ્યું. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ તો અબંધસ્વરૂપ છે. એને રાગનું બંધન છે એ માન્યતા તે મિથ્યાત્વની છે. આહાહા..! ભ્રમ છે એને. ભગવાન ચૈતન્ય જ્યોત અનાકુળ નિર્લેપ તત્ત્વ પ્રભુ આત્મા છે. એવી એણે દૃષ્ટિ અનંત કાળમાં કોઈ દિ' કરી નથી. સાધુ થયો, ત્યાગી થયો, બાવો થયો, ક્રિયા કરી, દુનિયાને સમજાવ્યા, આમ છે ને તેમ છે પણ મૂઢ પોતાની મૂઢતા એણે છોડી નથી.

કહે છે, **'જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે?'** મારવાની હકીકતમાં તો તમે કહ્યું કે મારી શકે નહિ. અને મારે તો એ અભિપ્રાય મારી શકું એમ માને તો મિથ્યાત્વ-અજ્ઞાન છે. અને એ આત્માના સ્વરૂપને બંધનકારક છે. તો જીવવાને માટે શું છે? ૨૫૦.

**जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५०।।**
**જે માનતો-હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.**

**'ટીકા :- પર જીવોને હું જિવાડું છું...'** આ મીલના માલિકને બધા ઘણાં હોય છે ને એવા કે અમે બધાને જીવાડી દઈએ છીએ. હજારો માણસો, પાંચ-પાંચ હજાર માણસને અમે જીવાડી દઈએ છીએ. મૂઢ છે. જીવાડી શું ધૂળ દે? એનું આયુષ્ય હોય તો એ જીવે છે. બીજો જીવાડી દે છે?

મુમુક્ષુ :- પણ એને પગાર ન આપે તો રોટલા કોણ આપે?

ઉત્તર :- પગાર કોણ આપતો હતો? પગાર કે દિ' એના બાપનો હતો પૈસો? એય.. ભગવાનજીભાઈ! શું હશે આ? ભ્રમણા અજ્ઞાનીની છે બીજાને જીવાડી દઉં. બીજાને બચાવી દઉં એ ભ્રમણા અજ્ઞાનીની છે. કેમ આવ્યા નથી? નથી આવ્યા? હીરાભાઈ ક્યાં ગયા? બેઠા હશે. જીવાડવામાં એ યાદ આવ્યા. સમજાણું કાંઈ?

એકેન્દ્રિય પ્રાણીથી માંડીને પંચેન્દ્રિય પ્રાણીનું જેટલું આયુષ્ય છે ત્યાં સુધી જીવશે. એ બીજો કહે કે હું એને જીવાડી દઉં, (એ) મૂઢ છે. આત્માના જ્ઞાતા-દૃષ્ટાના ભાનને ભૂલે ગયો છે એ.

મુમુક્ષુ :- ડોક્ટર જીવાડી દે.

ઉત્તર :- ડોક્ટર-બોક્ટર મરી જાય છે ને. શું જીવાડે ધૂળ? ઇંજેક્શન-બિંજેક્શન મરી જાય. ત્યાં ઇંજેક્શન દે તો આમ થઈ ગયું હતું. નહોતું ભાઈને? પટેલને. હતાને અહીં શિવા પટેલ? આવ્યા નથી ધર્મચંદભાઈ. આવવાની તૈયારી છે. એય..! શિવા પટેલે ખાધેલું બહુ. ઓળા ખાધેલા. ઓળા-ઓળા છે ને આ શીંગના. અને કેળા ખાધેલા. .. પૈસા ધીરતાને રબારી ફલાણા-ફલાણાને. બધા ત્યાં ને ત્યાં રહી ગયા. મરી ગયા. ઓળા ખાધેલા, કેળા ખાધેલા અને સ્વાધ્યાય મંદિરની રોટલી અને દાળ. સ્વાધ્યાય મંદિરની શું, સમિતિની રોટલી, દાળ. ... એ આવ્યા અને બેઠા જ્યાં. સાજા નરવા કાંઈ ન મળે. ત્યાં હું આહાર કરીને નીકળ્યો હતો આમ. કેમ પટેલ? કહે, અંત ક્રિયા. એક અહીં પટેલ હતા. શિવા પટેલ. આ વલ્લભ પટેલ નહિ? વિઠ્ઠલ પટેલના કુટુંબમાં. ગામના હતા અને એના કુટુંબના હતા. એ અહીં રહેતા હતા. પૈસા-બૈસા ધીરતા અને માથાકૂટ ઘણી કરતા. જીથરી જાય ને આ જાય. માથાકૂટ. આંબાવાળાને આ કરે. એમાં ખાઈને આમ બેઠા. એવું કુદરતી થયું કે ખાધું ખાધું એ ન નીચે નીકળે ન ઉપર નીકળે. એકદમ શ્વાસ અહીંથી છૂટ્યો. શ્વાસ. ડુંટી શ્વાસ છે ને. ડુંટી છે ને નાભિ? ત્યાંથી શ્વાસ આમ ખસી ગયો. બસ, જમીને આવ્યા ને શ્વાસ ખસી ગયો. કાંઈ ન મળે. રોગ-બોગ કાંઈ નહિ. હું આમ ફરીને આવતો હતો. (પૂછ્યું) કેમ પટેલ! નીચે બેઠા હતા અમથા. પાટની નીચે અમથા સૂતા હતા. અમારે જીવરાજજી મહારાજ માંદા હતા ને એની સેવામાં રહ્યા હતા. કેમ પટેલ? કહે, અંત ક્રિયા. છેલ્લી ક્રિયા. શું છે પણ? શ્વાસ ખસી ગયો છે. અહીંથી શ્વાસ દોરે મૂકી દીધો. નાભિએ શ્વાસ છોડી દીધો. ન્યાલભાઈ! આ બધા વૃદ્ધો તમે કહેતા હશો કે નહિ આ? આ શ્વાસ છે ને ભાઈ આ? એ અહીંથી છૂટી ગયો. એને ખ્યાલ આવ્યો. નીચેથી શ્વાસ ચડતો ને. એણે શ્વાસે સ્થાન છોડી દીધું. શું પણ? ગમે તે હોય. કાંઈ નથી. હું ખાઈને આવ્યો છું. બીજું કાંઈ છે નહિ. ૩૬ કલાક રહ્યો. છેલ્લે બહુ દુઃખી થતાં એટલે ધરમચંદભાઈએ ઇંજેક્શન આપ્યું. હું આહાર કરવા ગયો. ઇંજેક્શન આપ્યું ત્યાં ફૂ. એ પણ મરવાના હતા જ એમાં કાંઈ (ફેર નહોતો). પણ શ્વાસ જ છેલ્લો હતો.

મુમુક્ષુ :- એમાં ઇંજેક્શનને કાંઈ સંબંધ નથી.

ઉત્તર :- ના. ના. પણ એ સ્થિતિ એવી થઈ ગઈ કે જ્યાં આપ્યું જાણે બહુ દુઃખી છે ને એટલે જરી કાંઈક (સારું) થાય તો. પણ આપ્યું ત્યાં તો ખલાસ. ૩૬ કલાક. કાંઈ તાવ બીજું રોગ નહિ, કાંઈ નહિ. ખાધેલું ન ઉતર્યું નીચે, ન નીકળ્યું બહાર. સ્થિતિ એટલી. એને કોણ કરે અને કોણ બચાવે? બચાવવાને સમર્થ ત્રણ કાળમાં કોઈ છે નહિ. લોકોને

અભિમાન કે અમે આને બચાવી દઈએ અને અમે આને જીવાડી દઈએ. કહે છે કે એ અભિમાન છોડ નહિતર બંધન થશે. આત્મા ભગવાન જ્ઞાન સ્વરૂપને નુકસાન થાય છે. સમજાણું કાંઈ?

**'પર જીવોને હું જીવાડું છું...'** કુટુંબમાં માણસો હોય, ઘણાં હોય, ૨૫-૫૦ હોય. રળનાર એક હોય તો એને એમ થાય કે હું આ બધા જીવાડું છું. મારે લઈને નભે છે. અને એની મેળે શકોરું માગે તો ભીખ માગીને પૂરું પડે એવું નથી. એમ કહે છે. કહે છે એમ. શકોરું સમજો છો? ભીખ માગવાનું હોય ને વાસણ. શકોરું. શકોરું નથી કહેતા? રામપાત્ર. એ પણ ન સમજે. મૃતિકાનું વાસણ હોય છે ને? એ બોલે ગૃહસ્થ માણસ. એલા! હું છું ત્યાં સુધી (ચાલે છે), નહિતર તમે શકોરુ માગીને ભીખ માગશો તો પેટ નહિ ભરાય તમારા. તમારામાં તાકાત શું છે? એમ ઓલા મૂઢ જીવો (બોલે).

મુમુક્ષુ :- ડાહ્યા માણસોને મૂઢ જીવો કહો છો.

ઉત્તર :- એ ડાહ્યો કે દિ' હતો? મૂરખ હતો મોટો. સમજાણું? કહ્યું નહોતું? 'સુખીયા જગતમાં સંત દુરીજન દુઃખીયા.' સંત નામ આત્મા, રાગ અને વિકલ્પ વિનાનો આત્મા, એવી જેને અંતર અનુભવ દષ્ટિ થઈ છે એ જીવ સુખી છે જગતમાં. શરીર, વાણી તો નહિ પણ અંદર પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પ જે વાસના વૃત્તિઓ ઉઠે, ઉત્થાન થાય એ ઉત્થાન શબ્દ આપણે વાપર્યો છે ભાઈ! આપણે ઉત્થાન કહીએ છીએ ને એ આમાં વાપર્યો છે. ખાણિયામાં. એ ઉત્થાન શબ્દ બે-ત્રણ જગ્યાએ વાપર્યો છે. મેં કીધું, અહીં ઉત્થાન આવ્યું આમાં. પુસ્તક આપણે મોકલ્યા હતા ને. વાંચ્યા. ઉત્થાન થાય છે એમ કરીને. વૃત્તિ ઉઠે છે દયા, દાનની એ ઉત્થાન છે. શુભ એ ઉત્થાન છે. એમ લખ્યું છે અંદર, હોં! ઉત્થાન. સમજાય છે કાંઈ?

આને હું જીવાડું, આની દયા પાળું એ વૃત્તિ ઉઠે છે એ રાગ છે. શુભરાગ છે. અને છતાં તે એનાથી જીવી શકતો નથી. એ જીવાડી દઉં એવી માન્યતા મૂઢ અજ્ઞાનીઓની છે. જેને આત્માના ચૈતન્ય જીવનની ખબર નથી. હું જ્ઞાન, દર્શન અને આનંદનું જીવન મારું છે. એવી જેને ધર્મદષ્ટિ નથી એ આ બીજાને જીવાડી શકું છું એમ માને છે.

**'પર જીવોને હું જિવાડું છું અને પર જીવો મને જિવાડે છે...'** જુઓ! આ બધા ગૃહસ્થો, શેઠિયાઓ બધા પૈસા આપીને... સમજ્યાને? આ બહાર દુકાળ-બુકાળ પડ્યો હોય તો ઉતારે છે કે નહિ? શેઠ! દુકાળ છે. આપ અમારું દુકાળુ ઉતારજો. અમને મદદ કરજો. એમ કહે છે ને શેઠ! દુકાળ-બુકાળ પડ્યો હોયને દુકાળ, તો આવે શેઠિયા પાસે. એય..! શોભાલાલજી!

મુમુક્ષુ :- આપણા દેશમાં દુકાળ છે એના દેશમાં અકાળ.

ઉત્તર :- અકાળ લ્યો. અકાળ લ્યો. ઓણ તો અત્યારે બધું સરખું છે હોં અત્યારે તો. વરસાદ-બરસાદનું. પણ સરખું ન હોય તે દિ' શેઠિયા પાસે જાય ગરીબ માણસ કે અમારો આ અકાળ છે બાર મહિનાનો એ ઉતારી દો. આપને કારણે ઉતરે. ઓલો પણ માને કે ઉતારો. જીવાડશું તમને નભાવશું. ધૂળેય નભાવતો નથી, સાંભળને! મૂઢ છો? એનું જીવન એનું જેટલું છે એટલું લઈને આવ્યો. એટલું જીવશે. તું એને જીવાડી દે એમ છો? પર જીવો મને જીવાડે છે કે આ બધા મને જીવાડે છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છે એવી જેને દૃષ્ટિ નથી. એટલે જેને સત્ય દૃષ્ટિ નથી. એને બીજાને જીવાડું, બીજાથી મારું, હું જીવું એવી દૃષ્ટિ અજ્ઞાનીઓને થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'એવો અધ્યવસાય ધ્રુવપણે (-અત્યંત ચોક્કસ) અજ્ઞાન છે. તે અધ્યવસાય જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે;...'** આકરી વાત છે. આહાહા..! બે હજાર, પાંચ હજારનો પગાર હોય તો બધાને નભાવતા હોય, જીવાડતા હોય. સાચી વાત હશે કે નહિ? આ શું તમારો છોકરો-બોકરો...

મુમુક્ષુ :- ...પણ ઝાઝા રૂપિયા હોય એને ખબર પડે ને.

ઉત્તર :- આ રહ્યા, ઝાઝા રૂપિયા એના છોકરા પાસે. ભલે એની પાસે ન હોય. ધૂળ ભેગી ઘણી (થઈ) છે એના છોકરા પાસે. ધૂળેય નથી એની કહે છે. સાંભળને! રાગ તારો નથી તો વળી પૈસા તારા ક્યાંથી આવ્યા? અને હું બીજાને જીવાડી દઉં એ મૂઢતાનો અભિપ્રાય છે. ધર્મીને એ અભિપ્રાય હોતો નથી. સમજાણું?

**'અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને...'** આ તો એક મિથ્યાત્વનું અંગ બતાવ્યું છે. અધ્યવસાય નથી એનો અર્થ કે જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. મારી ચીજ જ શુદ્ધ અને ચૈતન્ય છે એવી જેને ધર્મદૃષ્ટિ થઈ છે તે બીજાથી જીવું અને બીજાને જીવાડું એવો અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી. કહો, સમજાય છે કાંઈ? તે **'જ્ઞાનીપણાને લીધે...'** એક જ અધ્યવસાયનું કારણ નથી હોં! આ તો એક અંગ એને બતાવ્યું છે.

મુમુક્ષુ :- આ જાતનો અધ્યવસાય નથી, બીજી જાતનો અધ્યવસાય છે.

ઉત્તર :- એ તો હોય જ. જેને રાગનું, પરનું કરી શકું છું, જીવાડી શકું એને સ્વ તરફનો અભિપ્રાય નથી, એને પર તરફનો જ અભિપ્રાય છે. બધો અભિપ્રાય. આને કરી દઉં, આને જીવાડી દઉં, આને જીવાડી દઉં.

**'ભાવાર્થ :- પર મને જીવાડે છે અને હું પરને જિવાડું છું એમ માનવું તે અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે સમ્યગ્દૃષ્ટિ છે.'**

હવે એનો ન્યાય આપે છે. કે અધ્યવસાય અજ્ઞાન કેમ? બીજાને જીવાડી શકું એ ભાવ અજ્ઞાન કેમ? બીજાને હું જીવાડી શકું, પરથી હું જીવું એવા ભાવને અજ્ઞાન કેમ કહો છો?

**आऊदयेण जीवदि जीवो एव भणंति सव्वण्हू।**
**आउं च ण देसि तुमं कहं तए जीविदं कदं तेसिं।।२५१।।**
**आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू।**
**आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं।।२५२।।**

આહાહા..! જુઓ! આમાં સર્વજ્ઞ નાખ્યા. ઓલામાં જિનવર નાખ્યા હતા.

**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તું આયુ તો દેતો નથી, તેં જીવન ક્યમ તેનું કર્યું? ૨૫૧.**
**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું? ૨૫૨.**

**ટીકા :-** '**પ્રથમ તો, જીવોને જીવિત ખરેખર પોતાના આયુકર્મના ઉદયથી જ છે,...**' પહેલામાં ક્ષયથી હતું. જીવોને આયુકર્મનું બંધન જે લઈને આવ્યો છે તેટલા પ્રમાણે ઉદય એનો હોય ત્યાં સુધી એનું જીવન રહેશે. લાખ બીજા મદદ કરે, દવા કરે, મરવાનું ટાણું ન હોય અને મરી જાય અને જીવવાનું ટાણું ન હોય અને જીવે નહિ એમ બનતું નથી. '**પોતાના આયુકર્મના ઉદયથી જ છે,...**' આયુ કર્મ રક્ષા કરે. એટલે શરીરનું જેટલું આયુષ્ય છે એટલો એ રહેવાનો છે. એટલું એનું જીવન. એક સમય માત્ર પણ ફેરફાર કોઈ કરવા સમર્થ નથી. બીજો કોઈ સમયમાત્ર કરવા સમર્થ નથી.

મુમુક્ષુ :- અકાળ મરણ થાય છે ને?

ઉત્તર :- અકાળ મરણ થાય એ તો પરમાણુની યોગ્યતાની વાત. મરણ-ફરણ કેવા? સમય કાંઈ આઘો-પાછો થાતો હશે?

'**કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં...**' જ્યાં આયુષ્ય કર્મ જે બાંધેલું છે એનો ઉદય જો ન હોય તો '**ઉદયના અભાવમાં જીવિત કરાવું અશક્ય છે;...**' બીજો જીવાડી શકે એમ ત્રણ કાળમાં બની શકે નહિ. આ પરની દૃષ્ટિ છોડાવવા વાત કરે છે. પરને જીવાડી શકું, પરને બચાવી શકું, બીજાને.. સમજાય છે? જીવતર રાખી શકું. '**વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...**' શું જીવાડ્યું એણે? કહો. પોતાનું આયુકર્મ બીજાને બીજો દઈ શકે છે? તારું આયુષ્ય તું એને દઈ શકે છો?

આવે છે ને ઓલી કથામાં? બાબર અને હુમાયુ. કથામાં આવ્યું હતું ને. ગપ્પ મારે છે ને. કથામાં આવે છે નહિ? ખોટે ખોટા ગપ્પ છે. કોણ હતો? મરતો હતો ઈ? બાબર મરતો

હતો. હુમાયુ મરતો હતો. આપણને કાંઈ ઈતિહાસની ખબર નથી. હુમાયુ મરતો હતો તો ઓલો બાબર કહે કે ભાઈ! આનું આયુષ્ય આમ ફેરવ્યો ખાટલાને. મારું આયુષ્ય આને જાજો. જાતું હશે?

મુમુક્ષુ :- ગયું તો ખરું ને?

ઉત્તર :- જાય ગપ્પે ગપ્પ. જાય શું ધૂળ? એનું આયુષ્ય એટલું હતું. મૂઢ માણસ છે બધા. સમજાણું કાંઈ? એના આયુષ્યની જીવનની સ્થિતિ જ ઉદય એટલી હતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ હુમાયુ જીવતો છે અને બાબર મરી ગયો.

ઉત્તર :- એ અહીં હતું ઓલાનું. ઓલાનું નહોતું તો મરી ગયો. બીજું શું? એ તો કહેવાની વાત છે. અહીં શું કહે છે? સમજાણું?

'**પોતાનું આયુકર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...**' વૃદ્ધ માણસ કેટલાક કહે, આ મારો દીકરો મરી જાય. ભાઈ! મારા પાંચ વર્ષનું દસ તને આયુષ્ય આપું. એ જીવતો હોય તો. એમ અપાતું હશે કે નહિ? એવી વાત અનાથી મુનિની આવે છે આમાં શ્વેતાંબરમાં. અનાથી મુનિ હતા ને. ગૃહસ્થનો દીકરો હતો. રોગ થયો. પછી એને વૈરાગ્ય થાતો નહોતો એટલે એને કહે, જુઓ! બધાને બોલાવો કુટુંબને. એક માણસ આવ્યો. બોલાવો. એમ કે આ ડોસી છે ને વૃદ્ધ થઈ ગયા છે ને એનું મૃત્યુ ભલે થાઓ. તમે આને જીવાડી દો. ના ના હું સહન ન કરી શકું. પણ આ મરે છે એ બચશે. ડોસાને બોલાવ્યો વૃદ્ધને. કે આને થોડું આયુષ્ય આપો તમે, અને તમે ભલે મરી જાવ. ભાઈ સાહેબ! હું દુઃખ સહન ન કરી શકું. ઓલો ભલે મરે. એમ એનો અર્થ.

એમ બધા કુટુંબને બોલાવીને સૌની પાસેથી લઈ લીધી ઓલી. ઓલાને કહે કે જો આ તારા બધા કુટુંબીઓ. એ કહે કે અમે દુઃખ સહન ન કરી શકીએ, ભાઈ સાહેબ હોં. પણ આ છ મહિના આને રોગ રહે એ કરતા તમને રહેશે અને આનો સાજો થાશે. ભાઈ સાહેબ તમે કહો છો ને મારો દીકરો છે આ. અને દીકરો સુખી રહે તો સારું એમ કહેતા હતા ને? એય..! શોભાલાલજી! બધા છેટા પડી ગયા આઘા. ના, ભાઈ સાહેબ મારાથી થાય નહિ, અમારાથી થાય નહિ હોં! એ આપણે દેવાય નહિ. એ તો તમારે વેદવું પડશે. પણ આ સાજો થઈ જશે. પણ મારા વૃદ્ધાવસ્થા વેદાય નહિ અમારાથી. એમ કોઈએ કાંઈ ન કર્યું. આપી શકે એમ તો ક્યાં હતું? સમજાય છે? ત્યારે ઓલાને વૈરાગ્ય થઈ ગયો કે ઓહોહો..! આ સંસાર! આ સંસાર! બાયડીને કહ્યું બૈરાને. આવો. તમે નિરોગી છો આનો રોગ લ્યો અને તમારી નિરોગતા દયો, તમે રોગી થાવ છ મહિના. એનો રોગ સહન ન થાય. કહેતી

હતી ને મારો પતિ છે આ?

એક બાઈ મરી ગઈ હતી ને જેતપુરમાં. નહિ? પતિની પાછળ મરી હતી ને એક. પતિ મરતો હતો. જુવાન હતો. જેતપુરમાં. તો પતિ મરતા વખતે બાઈએ પાણી આપ્યું. પાણી આપ્યું એવું, પાણી આપે છે ને કાંઈક? તમારી પાછળ મારા પ્રાણ સમર્પણ છે. તમારી પાછળ મારા પ્રાણ આપું છું. એમ ખાનગી બોલી. બીજાને ખબર ન પડી. પછી જ્યાં અહીં મરી ગયા એટલે એકદમ (દોડી), મેડી ઉપર પડતું મૂકવા ગઈ. ગઈ ત્યાં પકડ્યા બધાએ. શું કરે છે? મેં પ્રાણ સમર્પણ આપ્યા છે. પછી થોભી રાખી. કહે, મને રહેવા દ્યો. કારણ કે એ ગયા એને વખત ઘણો થઈ ગયો એને. એ ગયા છે એને ઘણો વખત થઈ ગયો. મારા વિના મુશ્કેલ પડશે એને. પણ ક્યાં જઈશ? સાંભળને હવે મૂરખા. છેવટે બળી પછી છેવટે કોઈ નહોતું ત્યારે. પછી ડોક્ટરો દવા કરવા આવ્યા. ડોક્ટરને કહે, ભાઈ! તમે રહેવા દો. કારણ કે એને ઘણો વખત થઈ ગયો છે ગયા. મારા વિના એને નુક્સાન થઈ ગયું. મૂરખાઈ જુઓ બધી. એ ક્યાં મરીને ગયો હશે? તું ક્યાં મરીને જઈશ? તારા પરિણામ કેવા અને એના પરિણામ કેવા? ત્યાં ક્યાં ભેગા થાય એવું છે? મૂરખ જગતના આવા પ્રાણીઓ જાણે બીજાને જીવાડી દઉં અને હું પરથી જીવું.

મુમુક્ષુ :- લખાણ બહુ આવ્યા હતા છાપામાં.

ઉત્તર :- હા, આવ્યા હતા ને. છાપામાં આવ્યું હતું. છાપાવાળાને ભાન કે દિ' હતું? ઓહોહો..! સતી કેવી! આ પ્રમાણે કર્યું ને આ પ્રમાણે કર્યું. દુર્ગતિએ ગઈ છે મરીને. કોણ કોને પ્રાણ આપે અને કોણ કોનાથી જીવે? ભાઈ! તારું આયુષ્ય તો ચૈતન્યનું જેટલું લઈને આવ્યો રહેવામાં એટલું રહેશે. એ સિવાય ફેરફાર કોઈ કરી શકે નહિ.

'**કારણ કે પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે...**' પોતે પૂર્વે જે ભાવથી આયુષ્ય મેળવ્યું છે એ પ્રમાણે રહેશે. એના પૂર્વે પરિણામ જે હતા તે પ્રમાણે આયુષ્ય મેળવીને આવ્યો છે. '**તેથી કોઈપણ રીતે...**' જોયું! ઓલામાં હતું ને કોઈપણ રીતે? '**બીજો બીજાનું જીવિત કરી શકે નહિ.**' આવી તો વાત છે. ત્યાં ઓલો કહે ના, જીવાડી શકે. એ તો વાત કરી છે અહંકાર નહિ કરવા માટે. અરે.. ભગવાન! પંડિત સાક્ષરા તે રાક્ષસા. સાક્ષરા ઊંધુ મારે તો રાક્ષસા. સાક્ષરા છે ને એ? સાક્ષરા એટલે પંડિત અને આમ ઊંધુ મારો તો રાક્ષસા. અહીંથી શરૂ કરો એટલે રાક્ષસા થયા. આવા અર્થ કરે લ્યો, જીવાડી તો શકાય. પણ એનો અહંકાર કરવો નહિ.

અહીં તો ભગવાન કહે છે, ત્રણ કાળમાં એનું આયુષ્ય જ્યાં સુધી હોય ત્યાં સુધી જીવશે. તું એને જીવાડી શકે એમ ત્રણ કાળમાં એક સમય પણ જીવાડી શકાય નહિ. કહો, સાચું

હશે કે નહિ આમાં? શેઠ! તમારે તો બહુ નોકર માણસોને જીવાડવાના બહુ સાધન હોય તમારે. આ બીડીયુંમાં કેટલા માણસો! ચારે કોર આડતિયા અને કેટલા ઓલા ઓહોહો..! શેઠની ઓશિયાળુ કરીને કહે ઓહોહો..! શેઠ તમારે લઈને અમારે તો બધું નભાય છે, અમે આમ છીએ ને તેમ છે. માખણ ચોપડે. માખણ સમજ્યાને? મખ્ખન-ખુશામત. ખુશામત હોં! પછી કાંઈ છે નહિ. અંદરમાં સમજે ખોટે ખોટા હાંકે. અહીં તો અમારા પુણ્ય હોય એમ આવે છે.

અહીં કહે છે, '**હું પરને જિવાડું અને પર મને જિવાડે એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.**'

'**ભાવાર્થ :- પૂર્વે મરણના અધ્યવસાય વિષે કહ્યું હતું તે પ્રમાણે અહીં પણ જાણવું.**'

હવે '**દુઃખ-સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે :-**' ગતિ એટલે રીત. '**एषैव गति**' શબ્દ પડ્યો છે ને સંસ્કૃતમાં? પાઠ છે ને.

**जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो।।२५३।।**
**જે માનતો-મુજથી દુખીસુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

'**ટીકા :- પર જીવોને હું દુઃખી...**' એ હેરાન કરી દઉં એને. પેશાબ રહેવા ન દઉં જ્યાં હું એના વિરોધમાં પડું તો. મૂરખ છો? કાંઈ ન કરી શક. ઓલામાં શું હતું? બીજાને જીવાડું એટલે પ્રાણની રક્ષા કરી શકું. બીજાના પ્રાણની, દસ પ્રાણની રક્ષા કરી શકું. એ ત્રણ કાળમાં બનતું નથી. અને મારવામાં પ્રાણનો ઘાત કરી શકું એમ ત્રણ કાળમાં બનતું નથી.

એમ અહીંયાં દુઃખ એટલે શું? એને દુઃખ-અનિષ્ટનો સંયોગ આપી શકું. બીજા પ્રાણીને હું ઝેર આપું, તરવાર આપું, સૂતો હોય ત્યાં આ નાખું, સૂતો હોય ત્યાં ઝેર ચોપડી દઉં, જોડામાં. જોડા તો પહેરશે ખરો ને? જોડા સમજ્યા? જૂતા. ત્યાં ઝેર નાખી દઉં એટલે દુઃખી થશે. એમ બીજાના જીવને અનિષ્ટનો સંયોગ આપી શકું છું એ વાત મિથ્યાદૃષ્ટિની છે. બીજાને અનિષ્ટ સંયોગ આપી શકતો નથી. સમજાણું કાંઈ?

જુગલિયાનું આવે છે ને એ? જુગલિયો હતો. જુગલિયા હતા, જુગલિયા નહિ? બે વિરોધી દેવ હતા. જુગલિયાનું શરીર જુગલિયામાંથી લઈ ગયા અને આ કર્મભૂમિમાં લાવ્યા. કર્મભૂમિમાં લાવીને એનું શરીર નાનું કર્યું. નાનું કરી... વિરોધી દેવ હતો. નાનું કરીને પછી

માંસ ખવરાવ્યું. પછી નરકે ગયા. જુગલિયો નરકે ગયો. એવું શ્વેતાંબરમાં આવે છે. ખોટી વાત છે. એમ બની શકે નહિ. જુગલિયા એટલે કે જ્યાં ભોગભૂમિ છે ત્યાં. એનું આયુષ્ય હોય એને કોઈ ફેરવી શકે નહિ, શરીરને નાનું પણ કોઈ કરી શકે નહિ. પણ એમ કે વિરોધી હતો પૂર્વનો વેરી એટલે જુગલિયાને ત્યાંથી ઉપાડ્યો અને આ કર્મભૂમિમાં મૂક્યો. કર્મભૂમિમાં મૂકી અને નાનું શરીર કર્યું. કરીને પછી માંસ અને દારૂ ખવારાવ્યા. અને માંસ અને દારૂ ખાઈને મરીને નરકે ગયો. કહો, બરાબર હશે? દુઃખી કરી શક્યો કે નહિ? બીજાને દુઃખી કરી શકે એટલે અનિષ્ટ સંયોગ કોઈ આપી શકતું નથી.

બીજા પ્રાણીને અનિષ્ટ સંયોગ એ પરપદાર્થ છે એનું ત્યાં જવું કે આવવું ઓલાના પાપનો ઉદય હોય તો અનિષ્ટ સંયોગ જાય. એને ઠેકાણે આ કહે કે હું એને અનિષ્ટ સંયોગ આપું છું. કથામાં પણ આવે છે દેરાસરમાં. એક માણસ વિરોધી હતો સામો. પછી દેરાસર થાતું હતું અને એનું ઘર થાતું હતું. પોતાનું ઘર. દેરાસરની એક ઈંટ મૂકી દીધી ઓલાના ઘરમાં. પછી એનું સત્યાનાશ જશે હવે. આવી કથાઓ છે. એ ઘણાં વર્ષ પહેલા વાત ચાલતી હતી કે આવી કથા? આણંદજીભાઈનું લખેલું. આ કુંવરજીભાઈનું લખેલું. કુંવરજી આણંદજીને. આવી વાતું તમે માનો છો. આ શેના તમે મોટા ધર્મી થઈને ફરો છો? કોણ બારિસ્ટર નહોતો? ખુશાલ બારિસ્ટર હતો. ખુશાલદાસ કો'ક હતો એણે લખેલું. ઘણાં વર્ષની વાત છે. ૨૫-૩૦ વર્ષ પહેલાની. આવી કથાઓ? ઓલાને બિચારાને ખબર ન મળે અને પોતાનું મકાન ચણાતું હતું. એમાં દેરાસર ચણાતુ હતું ત્યાંથી એક ઈંટ લઈને ઈંટ અને ઓલાના મકાનમાં ઈંટ મૂકી દીધી. એટલે એના ઘરમાં ચણાઈ ગઈને ભેગી એટલે દેવદ્રવ્ય થયું. આના ઘરમાં ગયું તો આનું સત્યનાશ જશે. પણ એને બિચારાને ખબર નથી. કોઈનું ભૂંડુ કરીને આ પ્રમાણે ભાવ કરવાનો ભાવ એ ભૂંડું કરી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

'**પર જીવોને હું દુઃખી તથા સુખી...**' કહો, સગવડતા તો આપી શકે કે નહિ? ઈષ્ટ સંયોગ. ચાલો ભાઈ, મારે ઘરે તમે આવો. હું તમને બધી સામગ્રી આપીશ. તને સુખી કરીશ. મૂઢ છે એમ કહે છે. ભગવાનજીભાઈ! કહો, એ સંયોગ તો આપી શકે કે નહિ?

મુમુક્ષુ :- .. શેઠ આપે.

ઉત્તર :- ધૂળેય આપે નહિ. શેઠિયો શું આપે? શેઠ એના ઘરમાં રહ્યો. બીજાને શું આપી શકે?

બીજાને સુખી કરું એટલે સુખનો સંયોગ આપું. મૂઢ છે. કહે છે, પરને સુખી કરવાની તાકાત તારામાં છે જ નહિ. આવી દૃષ્ટિ છોડ અને ચૈતન્યમાં આવી જા. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાતાદૃષ્ટા થઈને જાણે દેખે. એ પરને સુખી કરી શકે એ માન્યતા મૂઢ અજ્ઞાનીની

છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકેય વાત..

ઉત્તર :- એકેય વાત ખોટી રહેતી નથી.

'**પર જીવોને હું દુઃખી તથા સુખી...**' સુખીની વ્યાખ્યા આટલી, હોં! અનિષ્ટ સંયોગ દઈ શકું છું અને અને ઈષ્ટ સંયોગ આપી શકું છું. એ ઈષ્ટ અને ઈનિષ્ટ સંયોગો તો એના પાપ અને પુણ્યને લઈને મળે છે. બીજો આપી શકે છે ઈષ્ટ અને અનિષ્ટ સંયોગ, એ ત્રણ કાળમાં વાત સાચી નથી. વાત સમજાય છે કાંઈ? કહો, જુગરાજજી! શું છે? દઈ નથી શકતા? આ તમે મોટા ગૃહસ્થ કહેવાઓ તો ઘણાંને આપતા હશો? નોકરી-બોકરી ને ફલાણું-ઢીંકણું.

અહીં કહે છે કે ત્રણ કાળમાં કોઈને અનિષ્ટ સંયોગ આપી શકે કે બીજો આને અનિષ્ટ સંયોગ આપી શકે એમ ત્રણ કાળમાં નથી. જે એના પૂર્વના પાપનો ઉદય હોય તો અનિષ્ટ થાય. અને પુણ્યનો ઉદય હોય તો ઈષ્ટ આવે. પછી સુખ-દુઃખ માનવું એ તો પછી. એની દૃષ્ટિ છે. પણ અહીં તો ઈષ્ટ અને અનિષ્ટ સંયોગ આવવા એ બીજો આપી શકે છે અને બીજો બીજાને આપીને મને અનિષ્ટતા આપી, શેઠિયાએ મને બધી સગવડતા આપી, મકાન કરાવી દીધા, પાંચ લાખ રૂપિયા આપ્યા, પરણાવી દીધો બધું કર્યું, મને સગવડતા આપી. કહો, ભીખાભાઈ! મૂઢ છે કહે છે. એ શેઠ પણ મૂઢ અને તું પણ મૂઢ.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યે...

ઉત્તર :- અહીં '**मूढो अण्णाणी**' શબ્દ તો વાપર્યો છે દરેકમાં. '**मूढो अण्णाणी**'. તને આત્મા શું છે ચીજ એનું તને ભાન નથી. આત્મા પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એની તને ખબર નથી. આત્મા ખરેખર ચીજ એવી છે કે જે રાગ કરવો એ એના સ્વરૂપમાં નથી. રાગ કરું એવી દૃષ્ટિ છે એ પણ મિથ્યાત્વ છે. એને ઠેકાણે પરને જીવાડી દઉં, સંયોગ આપી દઉં અનુકૂળ-પ્રતિકુળ, એ માન્યતા મૂઢ જીવોની ધર્મની દૃષ્ટિ નથી તેની, અધર્મ દૃષ્ટિ છે તેની એ માન્યતા છે. આહાહા..! ભગવાનજીભાઈ! શું કરવું આમાં?

મુમુક્ષુ :- માને છૂટકો છે.

ઉત્તર :- માને છૂટકો છે. એને ઠર્યે છૂટકો છે, જો ધર્મ કરવો હોય તો. સમજાણું કાંઈ? ભારે!

'**પર જીવો મને દુઃખી તથા સુખી કરે છે...**' આ મારી પાછળ વળગ્યો છે આટલા વર્ષથી. સમજ્યાને? કહે છે ને ઘણાં? મારી ખેદે પડ્યો છે. એમ કાંઈક કહે છે ને ભાષા? મારી ખેદે જ પડ્યો છે. મારું જ જ્યાં હોય ત્યાં ખોદે છે. પણ કોઈ કરી શકતું નથી.

મફતનો હેરાન શેનો થા? સમજાણું કાંઈ? **‘એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.’** હું બીજાને અનિષ્ટ સંયોગ (આપું). અનિષ્ટના પદાર્થો એને દેવા, એ તો અનિષ્ટ એને પાપનો ઉદય હોય તો તેને જાય. બીજો આપી શકે એ ત્રણ કાળમાં બને નહિ. અને ઈષ્ટનો સંયોગ પણ એનો પુણ્યનો ઉદય હોય તો એને ઈ સંયોગ મળે. પણ એ બીજો ઈષ્ટ સંયોગ આપી શકે એમ ત્રણ કાળમાં છે નહિ. મારે ઘરે આવજો, હું તમને બધી સગવડતા કરી દઈશ. મૂઢ છે કહે છે.

મુમુક્ષુ :- શું કરવું મહેમાન આવે તો?

ઉત્તર :- મહેમાન ક્યાં આવ્યો હતો એની પાસે?

આત્મા જ્ઞાન છે, આનંદ છે. એને રાગ આવે જરી પણ એ રાગ એ મારું સ્વરૂપ નથી એવી દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી અહીં લીધું. સર્વજ્ઞ એમ કહે છે, જુઓને! અર્થમાં તો આવે નહિ કાંઈ. અર્થમાં તો ન આવ્યું. સર્વજ્ઞ એમ કહે છે આવ્યું ને ઓલામાં પહેલામાં? **‘सव्वण्हू’**. જીવનમાં (આવી ગયું). સર્વજ્ઞ ભગવાન જેને એક સમયમાં ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન છે એવા પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ એની વાણીમાં એમ આવ્યું છે કે એનું આયુષ્ય હોય ત્યાં સુધી જીવશે. અને આયુષ્ય નહિ તો નહિ જીવે. તું જીવાડી શકતો નથી. એમ સર્વજ્ઞદેવ કહે છે. ત્રિલોકનાથ તીર્થંકર કહે છે. કેમ હશે આમાં? એય.. દરબાર! બધા પૈસાવાળા શેઠિયા નભાવી દેતા હશે કે નહિ? નહિ?

મુમુક્ષુ :- નોકર તો શેઠની દુકાન ચલાવી દે છે.

ઉત્તર :- ધૂળેય ચલાવતો નથી. શું ચલાવે? રાગ કરે.

મુમુક્ષુ :- ગામોગામ ફરે.

ઉત્તર :- ફર્યા ફર્યા. રાગ કરે. પરનું હરવું-ફરવું થાય અને સાયકલે જાવું એ તો જડની ક્રિયા. એ આત્મા કરી શકે? દસ-દસ ગામમાં ફર્યો ભાઈ, કાપડ માટે. લેનારા ગોતવા માટે. એ તું કર? સાઈકલને ફેરવી શકે છો? એ તો જડ છે. જડની ગતિ થવી જડને કારણે (થાય), એ તારે કારણે છે? ઓલાએ તો ત્યાં સુધી લીધું ભાઈ! સાઈકલ ઉપર ચડો. સાઈકલ પણ ગતિ કરશે અને તમે પણ ગતિ કરશો. અને તમારું ધાર્યું છે ત્યાં સાઈકલ પહોંચાડી દેશે. અને વધારે જવું હોય તો મોટર લ્યો. અને આમ જવું હોય તો બલુન લ્યો. કોણ લઈ શકે? સાંભળને! એમ કે ઝટ જવું હોય તો બલુનથી જવાય છે. ધીમેથી જાવું હોય તો મોટરથી. એનાથી ધીમે જાવું હોય તો સાઈકલથી. એનાથી ધીમે જાવું હોય તો ચાલીને.

મુમુક્ષુ :- ગાડુ રહી ગયું.

ઉત્તર :- ગાડા-બાડા ક્યાં. સમજાણું કાંઈ? ત્રણ કાળમાં એ વાત સાચી નથી. એ

પરને લઈને ચાલી શકે અને પરને લઈને ત્યાં જઈ શકે છે એ વાત વસ્તુમાં નથી. આહાહા..! ભારે વાત ભાઈ! અત્યારે લોકો નથી કહેતા કે સાધન એવા વધ્યાને મુંબઈ નજીક થઈ ગયું. એમ કહે છે ને લોકો?

મુમુક્ષુ :- થઈ ગયું ને. કાલે જ આપણે અનુભવ કર્યો.

ઉત્તર :- આજે જ કર્યો નહિ? આ જુઓને આવ્યા કે નહિ આ.

મુમુક્ષુ :- એ આવ્યા. કાલે ફોન કરીને આપણે વાતું કરી.

ઉત્તર :- વાતું કરી લ્યો.

મુમુક્ષુ :- આપણે પોતે જ કર્યું પછી બીજાને શું કહેવું?

ઉત્તર :- શું કરે? ફોન કોણ કરે?

મુમુક્ષુ :- આ રહ્યા ખીમચંદભાઈ..

ઉત્તર :- કર્યા ફોન. એ તો જડની પર્યાય. અવાજ એ તો જડની દશા છે. એ શું આત્મા જડની ભાષા કરી શકે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ લે છે? ભ્રમણા-ભ્રમણા. આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન. એ તે જાણવાનું કામ કરે કે ફોનના અને જડના કામ કરે? સમજાણું કાંઈ? જાણવાનું ન કરે તો અભિમાનનું કરે. બાકી કરે શું એ? કહે છે, પરને જીવાડું અને પરને સુખી-દુઃખી કરું અને પરથી હું દુઃખી-સુખી થાઉં એ અજ્ઞાન, ભ્રમ નિશ્ચયથી એમ છે. ધ્રુવ-નિશ્ચયથી મૂઢ છે.

**'જેને છે તે જીવ અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે; અને જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.'** જ્ઞાની એટલે? હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદ્દ્ઘન છું. હું તો દેહની ક્રિયા કરતો નથી. બીજાને દુઃખી-સુખીના સંયોગ આપી શકું એ મારામાં તાકાત નથી. કહો, સમજાણું આમાં? એને ધર્મી કહીએ. ધર્મી એટલે આત્માના આનંદ અને જ્ઞાન સ્વરૂપથી જાણનારો. એ રાગનો વિકલ્પ આવ્યો એ પણ મારી ચીજ નહિ, એ મારું કર્તવ્ય નહિ. તો બીજાને સંયોગ આપી શકું અનુકૂળ-પ્રતિકૂળ કે બીજો મને અનુકૂળ-પ્રતિકૂળ (સંયોગ) આપી શકે એમ જ્ઞાની માનતો નથી. ધર્મી એમ માનતો નથી. અને ઊંધું માને તે ધર્મી નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુનિ હોય. નામ મુનિ હોય અને આ જીવને મેં હાથ આપ્યો તો એ બચી ગયો. મેં પગ ઊંચો કર્યો તો બચી ગયો.

મુમુક્ષુ :- ઈર્યા સમિતિ તો પાળવી જ પડે ને.

ઉત્તર :- ઈર્યા સમિતિ તો ભાવ રાગ તીવ્ર ન થાય એ છે. પણ આ પગ મેં આમ

ઊંચો કર્યો તો આ બચી ગયો. આહાહા..! તદ્દન જૂઠ છે.

મુમુક્ષુ :- હાથીના...

ઉત્તર :- હાથીમાં પગમાં તો વળી પરિત સંસાર કહે છે. જીવને બચાવ્યો માટે પરિત સંસાર. ધૂળેય ન હોય. પર જીવને બચાવવાનો ભાવ તો શુભરાગ છે. અને બચાવી શકું છું એ માન્યતા તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ ચર્ચા ઘણી મૂકી હતી પહેલા એકવાર. નહિ? ઓલા ગોકુળદાસ ને? ગાંધી નહિ? ગોકુળદાસ ગાંધી. કીધું, મૂકો આ વાત. પર દયાથી સંસાર પરિત થાય અને મુનિને આહાર દીધે પરિત સંસાર નાશ થાય એ તે કાંઈ તત્ત્વ છે? તત્ત્વથી વિરૂદ્ધ છે, કીધું. કરો, શાસ્ત્રની વાત ચર્ચો. મૂક્યું હતું. કોઈ સાધુ-બાધુએ કોઈએ જવાબ ન આપ્યો. કોઈએ જવાબ ન આપ્યો. સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં આવે છે કે હાથીનો ભવ. હાથી હતો. શ્રેણિકનો દીકરો હતો .. શું? મેઘકુમાર. મેઘરત્ન નહિ, મેઘકુમાર. પછી એણે હાથીના ભવમાં એને ચારે કોર .. માંડલું કરેલું. જીવો બધા આવે. બહુ અગ્નિ લાગી તો બધા જીવો આવ્યા. તો આવતા... આવતા.. આવતા... એવી એને ખંજર લાગી હાથીને. બધા છલોછલ બેસી ગયા એક યોજનમાં. પછી પગ ઉપાડ્યો. ઓલો લોખંડવાળો. એમાં એક સસલાને ધક્કાધક્કી લાગતી હતી. સસલું. સસલું શું? ખરગોશ. એ પગ જે ઉપાડ્યું ત્યાં ગરી ગયું નીચે. ગર્યું એટલે આમ જોયું. ઓહો..! અદ્ધરને અદ્ધર રાખ્યો. અઢી દિ'. અઢી દિ' રાખ્યો એટલે ... સંસાર પરિત કર્યો એવો પાઠ છે. સંસાર ઘટાડી નાખ્યો. બિલકુલ હોઈ શકે નહિ. એ વાત જ ખોટી છે. કહો, સમજાણું આમાં? આવી વાત સાંભળી છે કે નહિ? એય... ટોળીયા! વાત સાંભળી છે કે નહિ ક્યાંય? નથી સાંભળી. જૂના માણસ છે ને સાંભળી નથી. ...

કહે છે કે એ પરની આયુષ્યની સ્થિતિ હોય તો એ બચ્યો છે અને આને ભાવ કદાચ થયો તો એ શુભરાગ છે. એ શુભરાગથી જીવના સંસારનો નાશ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. આહાહા..! એવા સાધુના દાખલા છે વિપાક (સૂત્રમાં). મિથ્યાદૃષ્ટિ હતા દાન દેનારા. વિપાક આખું છે ને? વિપાકના દસ અધિકાર ખોટા તદ્દન ખોટા બનાવેલા. મિથ્યાદૃષ્ટિ હતા અને સાધુ આવ્યા મુનિઓ. સિંહાસનથી નીચે ઉતરે છે અને આહારપાણી આપે છે. સંસાર કાપી નાખે છે આહાર દઈને. પણ પરને આહાર દઈને સંસાર કપાય નહિ. એ તો રાગ છે.

મુમુક્ષુ :- મહાવીરના પૂર્વભવમાં એમ થયું હતું.

ઉત્તર :- બધે એને છે. રેવતીને આપ્યો આહાર. બધે એ ખોટી બધી વાતું. બધી તત્ત્વની દૃષ્ટિથી વિરૂદ્ધ છે, ભાઈ! આત્મા જ્ઞાન સ્વરૂપ છે, આનંદ છે એવા સ્વભાવના આશ્રયે ગયા વિના ભવનો નાશ કદી થાય નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રો કહ્યા અને એ શાસ્ત્રો પછી ભગવાનને

નામે ચડાવ્યા. બાપુ! એમ ન હોય, ભાઈ!

આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞે કહેલો. પરમેશ્વર છે. એક સમયમાં નાનામાં નાના કાળમાં ત્રણ કાળનું જ્ઞાન (થયું) એ સર્વજ્ઞ એમ કહે છે. પરનું આયુષ્ય હોય તો એ જીવે, પરનું પુણ્ય હોય તો એને ઈષ્ટ સંયોગ મળે, પરનું પાપ હોય તો એને અનિષ્ટ સંયોગ (મળે). તું આપી શકે નહિ અને એને આપવાના ભાવ થયા એ પણ રાગ છે. એ રાગથી ધર્મ થાય (એમ) ત્રણ કાળમાં નહિ. સમજાણું કાંઈ? આકરી વાત.

જીવવાના ભાવ, જીવાડવાના ભાવ કરે એ શુભરાગ છે. જીવાડી શકું છું એમ માને તો મિથ્યાત્વ છે. એ જીવાડવાનો ભાવ આવ્યો વિકલ્પ, એ કહેશે કે પુણ્યબંધન થાશે. મિથ્યાત્વ સહિત હોં! આહાહા..! કેમ કે વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ તે જાણવાનું કાર્ય કરે કે એ તે બીજાને જીવાડવાનું કામ કરે? એ તે રાગનું કામ કરે કે તે શુદ્ધ જ્ઞાયકની વીતરાગદૃષ્ટિનું કામ કરે? વીતરાગભાવનું કામ કરે આત્મા. રાગનું કરે? એ રાગનું કરે એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છે, ભાઈ! આ ફેરી આ અધિકાર ઝાઝામાં આવી ગયો છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા ઠીક! બીજાને તો મોટો પગાર આપે તો ઘણા માણસો એમ કહે ઓહોહો..! આમ છે ને તેમ છે. બધી વાતું કરતા હશે. બીજાઓ કહે. આપને ઓથે નભીએ છીએ સાહેબ! આપની ઓથે આમ કરીએ છીએ. આપની મીઠી નજર જોઈએ. એમ બધા ચોપડે. એય..! જજ! આ પણ મોટા જજ છે ને. માખણ ચોપડે ઓલા અને ઓલો માને. મૂરખ થાય ભેગો. શોભાલાલજી! ઓલા કહે કે ઓહોહો..! સાહેબ! આપે બહુ મદદ કરી અને આપથી ઊંચા થયા. એમ જો માને તો મૂરખ છે કહે છે.

અહીં તો અધ્યવસાય જેને છે તે અજ્ઞાની છે '**જેને તે અધ્યવસાય નથી તે જીવ જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.**' એટલે કે બીજાને હું સુખ-દુઃખ કરી શકતો નથી, મને પણ જે કલ્પના થાય છે તે દુઃખરૂપ છે અને મારો આત્માનો સ્વભાવ આનંદ અને શુદ્ધ છે એવી જે દૃષ્ટિ થઈ તેને ધર્મી અને ધર્મ કરનાર કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- હું પર જીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે એમ માનવું તે અજ્ઞાન છે.**' એ મૂઢતા છે. એ ચૈતન્યના જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. અને '**જેને એ અજ્ઞાન છે તે મિથ્યાદૃષ્ટિ છે; જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે-**' તેને ધર્મી કહેવામાં આવે છે. એકલો અધ્યવસાય નહિ પણ એની સાથે બધા અધ્વસાયો જે પરની એકતાબુદ્ધિ છે એ ટળી ગઈ છે અને સ્વભાવની

અંતર ચૈતન્ય ભગવાન જ્ઞાન-દર્શન અને આનંદ છે. મારા સ્વભાવમાં તો પવિત્રતા છે, શુદ્ધતા છે. એવી જેને સ્વભાવ સાથે એકતા થઈ છે તેને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

**'હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :-'**

**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।**
**कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कह कया ते।।२५४।।**
**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।**
**कम्म च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं।।२५५।।**
**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे।**
**कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं।।२५६।।**
**जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।**
**तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।।२५७।।**

આ નાખ્યું જુઓ! કર્મને લઈને થાય છે, બીજા દ્રવ્યને લઈને.

મુમુક્ષુ :- બે પાના થઈ ગયા.

ઉત્તર :- બે પાના થઈ ગયા? હા.હા. બરાબર છે. આ ત્રણ ગાથા છે.

**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,**
**તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા? ૨૫૪.**
**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને? ૨૫૫.**
**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને? ૨૫૬.**

ભાઈ! તારી દૃષ્ટિ છે એ ચૈતન્ય ભગવાન ઉપર વાળ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ અનંત આનંદ અને જ્ઞાનનો કંદ પ્રભુ આત્મા છે એમાં દૃષ્ટિને વાળ, ભાઈ! આવી દૃષ્ટિ છોડી દે એમ કહે છે. કેમ કે બીજાને સુખી-દુઃખી કરવાની તાકાત તારામાં ત્રણ કાળમાં નથી. અને બીજાથી દુઃખી-સુખી તું થા એવું પણ તારામાં નથી. અનુકૂળ સંયોગ આવો, પણ એથી પાછું દુઃખ. સુખી છું એ માન્યતા જ મૂઢની છે. પૈસા, લક્ષ્મી, આબરૂ બધી મળે માટે સુખી છું. કહે છે કે મૂઢ છો? સુખ ક્યાં આવ્યું ત્યાં? પર તરફના લક્ષનો રાગ અને દુઃખી છો.

સુખી તો એને કહીએ કે આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ પ્રભુ, એનો અંતર આશ્રય લઈને જે શક્તિની વ્યક્તતા શાંતિની પ્રગટ કરે એ જીવ સુખી છે. સમજાણું કાંઈ? આ પૈસા-બૈસાવાળા સુખી નથી એમ કીધું અહીં તો. એય.. ભગવાનજીભાઈ! પૈસાવાળા નથી? બીજા હશે કો'ક. એઈ..! આ તમારો દીકરો સુખી છે કે નહિ? એમ કહે છે.

મુમુક્ષુ :- જરાય નહિ.

ઉત્તર :- જરાય નહિ એ માનતો હશે એમ?

અહીં કહે છે, ભાઈ! સુખ-દુઃખ તો, અહીં સંયોગની વાત છે હોં! સુખ-દુઃખ ઓલું નથી. સુખ-દુઃખનો સંયોગ આપવો એ તારી તાકાત નથી અને બીજાની તાકાત નથી કે તને સુખ-દુઃખનો સંયોગ આપે. પછી સંયોગમાં હું સુખી છું, દુઃખી છું એ માનવું તે અજ્ઞાનીની માન્યતા છે. સમજાણું કાંઈ? અને બીજાને પણ અનુકૂળ-પ્રતિકુળ સંયોગ મળ્યા એને માને કે અમને બાદશાહી છે. મૂઢ છે. હમણાં અમારે બાદશાહી છે. શું છે? ધૂળ છે? પરપદાર્થને લઈને બાદશાહી કેવી?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, જેમાં આનંદકંદનો બાદશાહ પડ્યો છે આત્મા, એની દૃષ્ટિ કરીને જે આનંદને પ્રગટ કરે તેને સુખ છે. બાકી કોઈને સુખ છે નહિ. વિશેષ અધિકાર લેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૪, રવિવાર તા. ૦૩-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૬૮-૧૬૯, ગાથા-૨૫૪ થી ૨૫૬, પ્રવચન-૩૨૬**

સમયસાર, બંધ અધિકાર છે. બંધ અધિકાર એટલે? આત્મામાં અધર્મ કેમ થાય છે? આત્માને અધર્મના ભાવ-દુઃખના ભાવ કેમ કરે છે? એનો અધિકાર છે. એના વિરૂદ્ધનો આત્મા ધર્મ કેમ કરે? અને અધર્મનો ભાવ કેમ છોડે? એ એની અંદર આવી જાય છે. અહીંયાં અધિકાર એ છે અત્યારે. ટીકા છે ને ૨૫૪, ૫૫, ૫૬ સુધી. ટીકા. ૨૫૪, ૫૫, ૫૬ની ટીકા.

'**ટીકા :- પ્રથમ તો, જીવોને...**' શું કહે છે? દરેક જીવને '**સુખ-દુઃખ...**' સુખ એટલે કે ઈષ્ટ સંયોગ, દુઃખ એટલે કે અનિષ્ટ સંયોગ. એ '**પોતાના કર્મના ઉદયથી જ થાય છે,...**' સમજાણું કાંઈ? દરેક જીવને એકેન્દ્રિય નિગોદથી માંડીને પંચેન્દ્રિય કે સ્વર્ગના જીવો હોય એને જે આ પ્રતિકૂળ સંયોગ આવે છે રોગ, નિર્ધનતા આદિ પ્રતિકૂળ, એ એના પૂર્વના કર્મને લઈને છે. અને અનુકૂળ આવે છે આ લક્ષ્મી આદિ કે શરીરની નિરોગતા એ પણ પૂર્વના કર્મને લઈને છે. સમજાણું કાંઈ? વર્તમાન પુરુષાર્થ વડે છે એ માન્યતા મિથ્યાત્વ અને મહાપાપ છે.

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- ન સમજાણું? એય.. શેઠ!

મુમુક્ષુ :- વર્તમાન પુરુષાર્થ.

ઉત્તર :- વર્તમાન પુરુષાર્થ દ્વારા અનુકૂળ સંયોગ મેળવું છું એ માન્યતા અધર્મ અને પાપ છે. કેમ કે સત્ય સ્વરૂપ એમ નથી. એને હું આ મેળવું છું એ મારો વર્તમાન પુરુષાર્થ કરું છું માટે મળે છે એ માન્યતા અસત્ય છે. પોતાના ચૈતન્યપ્રાણની હિંસા કરે છે. સમજાય છે કાંઈ? પોતાનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. જાણવું-દેખવું એ એનો સ્વભાવ છે. એમ ન માનતા મેં કાંઈક આ પુરુષાર્થ કર્યો-રાગ-એથી આ અનુકૂળ મને મળ્યું. પૈસા, નિરોગતા, સ્ત્રી, કુટુંબ, અનુકૂળ સ્ત્રી મળી, મિત્રો અનુકૂળ મળ્યા, દુકાનની અનુકૂળતા થઈ, એના માણસો અનુકૂળ મળ્યા, ઔષધ ... વગેરે અનુકૂળ મળ્યા એ બધું પૂર્વનું એનું બાંધેલું શાતા કર્મ હોય એને લઈને મળે છે. શોભાલાલભાઈ!

મુમુક્ષુ :- અમારા બધાના પુરુષાર્થ ઉડાવી દીધા.

ઉત્તર :- ક્યાં પુરુષાર્થ ધૂળમાં હતો ત્યાં? મૂઢ માને છે. એ તો કહે છે અહીં. મિથ્યાદૃષ્ટિ પોતાના મિથ્યાત્વ પાપને વ્હોરતો વેપાર કરે છે એ મિથ્યાત્વભાવનો. પોતાને દુઃખી થવાનો

એ ભાવ છે. સમજાણું કાંઈ? પ્રથમ તો '**તાવત**' શબ્દ પડ્યો છે ને એમાં? જુઓ! '**તાવત**' મૂળ વાત એ છે કે. એમ આચાર્ય ભગવાન કહે છે.

'**જીવોને સુખ-**' નામ અનુકૂળ સંયોગ. અહીં સુખની વ્યાખ્યા આમ. માનું છું કે એ અહીં પ્રશ્ન નથી. અનુકૂળ સંયોગ. પૈસાનો, શરીરનો, સ્ત્રીનો, કુટુંબનો, આબરૂનો, મકાનનો, દાગીનાનો, નોકરોનો, મિત્રોનો, ઢોરનો. ઢોર-ઢોર સમજો છો? પશુ. હાથી આદિ કે ઘોડા આદિ અનુકૂળ મળવા એ બધું એનું પોતાનું બાંધેલું કર્મ જડ છે, એના પાકના કારણે એ મળે છે. અને દુઃખ. દુઃખ એટલે પ્રતિકૂળ સંયોગ. શરીરમાં રોગનું થવું, નિર્ધનતા થવી, પ્રતિકૂળ સ્ત્રી નીકળવી, પ્રતિકૂળ દીકરો નીકળવો, પ્રતિકૂળ ઘોડો અને હાથી લીધા એ બધા વિરોધી નીકળવા. મણિભાઈ! મણિભાઈ સાંભળે છે. એ દુઃખ જે છે. દુઃખની વ્યાખ્યા અહીં સુખ-દુઃખની માન્યતા એ નથી અત્યારે. એ અનુકૂળ મળ્યું એ પૂર્વના પુણ્યને લઈને છે અને પ્રતિકૂળ મળે છે (એ પૂર્વના પાપના ઉદયને લઈને મળે છે). બીજો એને કરી શકતો નથી અહીં સિદ્ધ કરવું છે. બીજો આત્મા એને સંયોગ અનુકૂળ આપી શકે કે બીજો આત્મા એને સંયોગ પ્રતિકૂળ આપી શકે એવું ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? કહો, બરાબર હશે આ?

'**ખરેખર પોતાના કર્મના...**' પોતાનું કર્મ એટલે? પૂર્વે જે બાંધેલા કર્મો છે એના '**ઉદયથી જ...**' એના ઉદયથી જ '**થાય છે,...**' બરાબર છે આ? શું આ બધા પાંચ-સાત હજારનો પગાર છે, કહે છે કોને લઈને મળે છે? શાતાને લઈને મળે છે એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- અમેરિકા જઈને...

ઉત્તર :- ધૂળમાંય અમેરિકા ગયા નથી અને મળતું નથી.

મુમુક્ષુ :- તો અમેરિકા શું કરવા જાય?

ઉત્તર :- એ તો તમે નહોતું કહ્યું? એક ફેરી કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? શેઠ!

કહે છે કે, હેરાન થાય છે મિથ્યાત્વ ભાવથી. અને એમ માને છે કે હું આને આપું છું, અથવા હું મેળવું છું. અહીં તો પ્રશ્ન એ છે કે '**ખરેખર પોતાના કર્મના ઉદયથી જ...**' અનુકૂળ અને પ્રતિકૂળ બાંધેલા કર્મને કારણે પ્રાપ્ત થાય છે. '**કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં...**' જો એને કર્મનો ઉદય ન હોય-એના અભાવમાં '**સુખ-દુઃખ થવાં અશક્ય છે;...**' એને સુખ અનુકૂળ-પ્રતિકૂળ મળવું તે અશક્ય છે. ત્રણ કાળમાં બનતું નથી.

મુમુક્ષુ :- અશક્ય એટલે?

ઉત્તર :- અશક્ય એટલે બનતું નથી. જેમ આકાશના ફૂલ ન હોય એમ આ બનતું નથી. અશક્ય છે.

'**વળી પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...**' એટલે કોઈ એમ માને

કે હું આને અનુકૂળ થાઉં છું તો પૈસા એને આપું છું, સગવડતા આપું છું. એ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિ પાપી છે એમ કહે છે.

મુમુક્ષુ :- એક તો પૈસા જાય અને ...

ઉત્તર :- પૈસા ક્યાં પણ એના બાપના હતા? એના ક્યાં હતા? બાપના તો ન હોય. કેમ? એ તો બધું જુદું કરી નાખ્યું. એણેય જુદું કરી નાખ્યું. આ બેય બેઠા છે. કહો, સમજાણું આમાં? શું કહે છે?

'**પોતાના કર્મ...**' એટલે બીજો કોઈ એમ કહે કે મેં આને સગવડતા આપી. કહે છે કે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ અને અજ્ઞાન ભાવ છે. સગવડતા આપવી એ આત્મા આપી શકતો નથી. એનો કર્મનો ઉદય હોય તો એને સગવડતા આવે. સગવડતા આવે અને માને કે હું સુખી છું એ તો વળી મિથ્યાત્વભાવ છે. સગવડતા આવે અને હું ઠીક સુખી છું એ માન્યતા તો અધર્મ માન્યતા, મિથ્યાત્વ માન્યતા, અસત્ય માન્યતા, સત્ય માન્યતાના ખૂનની માન્યતા છે. જેઠાલાલભાઈ! આકરી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- ના ના, સરસ છે.

ઉત્તર :- સરસ છે? આપણે અહીં આવ્યું છે હોં! અહીં અત્યારે આવ્યું. સુમનભાઈ, સુમનભાઈ ક્યારે કાલે જ આવ્યા છે ને?

મુમુક્ષુ :- કાલે સવારે.

ઉત્તર :- કાલે સવારે. કહો, સમજાણું?

'**કારણ કે પોતાનું કર્મ બીજાથી બીજાને દઈ શકાતું નથી,...**' આ તો સાદી વાત છે. બીજાને પ્રતિકૂળતા મળવી એ એના કર્મને કારણે. આ કહે કે એને હેરાન કરી નાખું અને અનિષ્ટનો સંયોગ આપુ, એને મારું, પ્રતિકૂળ કરું એ માન્યતા મૂઢની, મિથ્યાત્વ નામ સત્યનું ખૂન કરનારી છે. સમજાય છે કાંઈ? કેમ કે બીજાથી પોતાનું કર્મ બીજાને દઈ શકાતું નથી. '**કારણ કે તે (પોતાનું કર્મ) પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે;...**' દરેકે પૂર્વે જે પરિણામ કર્યા હતા તેનાથી ઉપાર્જેલા પરમાણુ છે. એ બીજો એને અનુકૂળતા-પ્રતિકૂળતા આપી શકે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. સમજાણું કાંઈ? ધર્મ જેને કરવો છે એને તો આ માન્યતા છોડી દેવી જોઈશે. નહિતર એને આત્માની શાંતિ અને આત્માની સુખ દશા, સ્વતંત્રતા પ્રગટ નહિ થાય.

મુમુક્ષુ :- જેણે સોનગઢ નથી જોયું એ કઈ રીતે માને?

ઉત્તર :- સોનગઢ ન જોયું હોય તોપણ અજ્ઞાનથી માને. એમ કે ત્યાં બીજે નહોતું. આમ માને છે. અજ્ઞાનથી માને છે. અજ્ઞાન છે તો પાપ છે એમ કહે છે અહીં. શેઠ! કહો,

સમજાય છે કાંઈ?

ભગવાન ત્રણ લોકના નાથ જેણે સર્વજ્ઞપદ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. એના જ્ઞાનમાં આવ્યું અને વાણીમાં એ પ્રમાણે આવ્યું, કે કોઈ પ્રાણી બીજા પ્રાણીને અગવડતા-સગવડતા આપું છું એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ સત્યને પલટો મારીને અસત્ય ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ? '**કારણ કે પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે;...**' એ તો પૂર્વે પરિણામ જે કર્યા હતા એણે, એનાથી ઉપાર્જેલું કર્મ છે. '**માટે કોઈપણ રીતે બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ.**'

મુમુક્ષુ :- કોઈપણ રીતે એટલે?

ઉત્તર :- વ્યવહારે નહિ અને નિશ્ચયે નહિ. એમ.

મુમુક્ષુ :- નિમિત્ત તો થઈ શકે ને?

ઉત્તર :- નિમિત્ત પણ નહિ. નિમિત્ત થઈ શકે એની વ્યાખ્યા શું? એ તો થાય છે ત્યારે જ્ઞાની જાણે કે આ થયું તો હું નિમિત્ત છું એમ જાણે. પણ હું નિમિત્ત થઈ શકું માટે ત્યાં એને સંયોગ મળે છે એમ નથી. સમજાય છે કાંઈ?

નિમિત્તના બે પ્રકાર છે. ધ્યાન રાખો. જ્યાં સામાને સગવડતા-અગવડતાના સંયોગો છે એને હું આપું છું એવી જે બુદ્ધિ છે એ તો મિથ્યાદૃષ્ટિની, અજ્ઞાનીની રાગ અને કંપન્ન યોગનો કર્તા થાય તેની કે આમાં હું નિમિત્ત છું એમ અજ્ઞાની નિમિત્તકર્તા થાય છે. જ્ઞાની નિમિત્ત કર્તા નથી. તેને થાય છે તે વખતે સંયોગ, ત્યારે કહે હું આ તો નિમિત્ત છું એવું જ્ઞાન કરે છે. શું કીધું? સંયોગ મેં આપ્યા કે આને અનુકૂળતા મેં કરી આપી કે પ્રતિકૂળતા મેં કરી આપી એમ માન્યું નથી. એ એમ માને છે કે એના ઉદયને લઈને આ અનુકૂળતા અને પ્રતિકૂળતા એને મળી. હું એક અહીંયાં નિમિત્ત તરીકે જોનાર, જાણનાર છું. નિમિત્ત કીધું છે એને. આની ટીકામાં. જયસેનાચાર્યની. પણ એ નિમિત્ત કર્તા તરીકે નહિ. સમજાણું કાંઈ?

એકબીજાને રોટલી દે છે આમ. રોટલી. રોટલી સમજ્યાને? એ રોટલીની પર્યાય તો ત્યાં એના શાતાના ઉદયને લઈને જવાની જ હતી. એને ઠેકાણે આ કહે કે હું નિમિત્ત છું માટે એનો કર્તા, એનો દેનાર નિમિત્તપણે કર્તા, એ મૂઢ છે. નિમિત્તપણે કર્તા તો છું ને? હું હતો ત્યારે આમ દીધું ને મેં આને રોટલી? મેં દીધું તો કપડું આપ્યું ને? હું હતો તો આને અનાજ આપ્યું ને? હું હતો તો એને દાગીનો-પૈસા પાંચ-પચાસ હજાર આપ્યા. એમ જે માને છે તો એ વસ્તુનું સ્વરૂપ એમ નથી. એના શાતાના ઉદયને લઈને જે સંયોગો એને મળ્યા (એમાં) આ તો નિમિત્તમાત્ર હતો અને એમ માને છે કે મેં આપ્યા. મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. મોટું નવું પાપ વ્હોરે છે. ભગવાનજીભાઈ! આ છોકરાઓને કરી

દેતો હશે કે નહિ બધું સગવડતા-બગવડતા? ન કરી દે? આ બધું ભણાવ્યું-બણાવ્યું ન કરી દે? પૈસા-બૈસા આપ્યા હશે કે નહિ તે દિ'? નહિ આપ્યા હોય ત્યાં અમેરિકા ભણવા ગયા હોય તો?

મુમુક્ષુ :- આપે ના પાડી તો હવે અમારે શું કરવું? આપ કહો એમ કરીએ.

મુમુક્ષુ :- એ તો ઘરની વાત છે.

ઉત્તર :- ઘર કોનું? ઘર એટલે કોનું? ઘર કોનું? ઘર એટલે આત્મા. એ આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. એની શ્રદ્ધા કરીને જાણવા-દેખવાનું કાર્ય કરે તે ઘર છે. બાકી બધું પર છે. ઘર કીધું. આ સુમનભાઈ છોકરા છે એના? એના બાપ છે આ?

મુમુક્ષુ :- આપ ના પાડો છો.

ઉત્તર :- ધન્નાલાલજી! શું કરવું? એ તો કહે છે, ભાઈ! આહાહા..! જુઓને આમ. ક્ષણે ક્ષણે આહાહા..! એને જ્યાં અંતરમાં દૃષ્ટિ આત્મા શું .... ભાઈ! માંડ આવું મનુષ્યપણું મળ્યું છે. એને તો પરનું કરી શકું અને પરને સુખ-દુઃખ કરી શકું એ તો વાત જ્ઞાની-ધર્મીને હોતી જ નથી, પણ અંદર રાગ જરી આવે છે. અરે..! આ નહિ.. આ નહિ... પુણ્યનો રાગ આવે શુભ. અરે..! આ નહિ. સમજાય છે? આહાહા..!

દીક્ષિત થાય છે ને? જ્યારે વૈરાગ્ય હોય છે ને ત્યારે માતાને કહે હોં! રાજકુમાર હોં, રાજકુમાર. માતા! હું આ સંસારના દુઃખથી ભાગવા માગું છું. મા! મને રજા દે હોં! હું આમાં રહેવા (નથી માગતો). મણિરત્નની.. આ શું કહેવાય તમારે? લાદીયું. જેને ઘરે મણિરત્નની લાદીયું .. છે. મણિરત્નની લાદી. એક એક મણિરત્નની લાદીના લાખ-લાખ રૂપિયા એક એક લાદીના હોં! એનો માટે બંગલો. અને રાણીઓ તે પદમણી જેવી. અરે..! મા! મારો આત્મા મને અંદરમાં શોધ કરવા માટે હવે હું જાઉં છું. સમજાય છે? મને કાંઈ રુચતું નથી. મને ક્યાંય (ગોઠતું નથી). સમજાય છે? હું કોનું કરું? કોની પાસેથી હું લઉં? મારી વસ્તુ મારી પાસે છે. હું તો આનંદ અને જ્ઞાન છું. મારી પાસે ત્યાં હું શોધવા અંદરમાં જાઉં છું. હવે મને બહારની રુચિ છે નહિ. આહાહા..! સમજાણું?

એક કડી આવે છે એમાં. 'માડી મોરી રે, નહિ રે રાચું રે આ સંસારમાં. માડી મોરી રે...' માતા! તને રુદન આવતું હોય તો એક વાર (રોઈ લે) પણ હવે હું બીજી મા નહિ કરું, બા! બીજી મા ન કરું. મારે તો અવતાર વિનાની ચીજ છે એ મારે પ્રગટ કરવી છે. રાજકુમાર હોં, ઘરે રાણીઓ તે પદમણી જેવી. સમજાય છે? જેના શરીરમાંથી આમ સુગંધ નીકળે તો ભમરા ફરે. એ.. મા! મને આત્માના અંદરમાં દુઃખથી હું કંટાળ્યો છું. સંસારના દુઃખ. બહારના નહિ હોં! અંદર પુણ્ય-પાપના વિકારરૂપ ભાવ તે દુઃખ છે. પ્રતિકૂળતા એ

નહિ. અંદર શુભ અને અશુભરાગ પુણ્ય-પાપનો ભાવ થવો તે દુઃખ છે. આહાહા..! માતા! મને ક્ષણ પણ હવે ચેન પડતું નથી.

ભાઈ! તું થોડીવાર (રહે). મા! ક્યારે મૃત્યુ આવશે એની ખબર છે? દેહ ક્યારે છૂટશે મા! મને જવા દે હોં. હું મારું શોધવા જાઉં છું. ભાઈ! જા. પણ તારો માર્ગ અમને પણ હજો. એમ કહે. દીકરા! તારો માર્ગ હજો. ભાઈ! આ બધા મરીને ચાલ્યા જાય છે. તું જા... જા... માતા! અમે આત્મા આનંદ અને જ્ઞાન છીએ. અમારું જ્ઞાન સ્વરૂપ અંદરમાં એકાકાર વસ્તુ પડી છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પો રાગ ઉઠે છે, માતા! (એમાં) હણાય છે અમારો આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? એનાથી આમ વૈરાગ્ય થઈ જાય છે. જંગલમાં રાજકુમાર ચાલ્યા જાય છે. એ તે કાંઈ અમથા ચાલ્યા જતા હશે? ત્યાં દુઃખ હશે ત્યાં? ત્યાં બંગલા છે? આત્મા આનંદ સ્વરૂપ છે ને માતા! અહીં અંદર આત્મા આનંદમૂર્તિ છે ને. મારી ચીજમાં સમીપે હું જાવા માંગુ છું. એનાથી દૂર છું એ સમીપ જવા માંગુ છું. આહાહા..! મારે દુનિયાનું કામ નથી. દુનિયા દુનિયાનું જાણે. સમજાય છે?

અહીં કહે છે અરે..! કોઈ કોઈને દઈ શકે છે? માતા કાંઈ આપી શકે દીકરાને? બહુ દુઃખી હોય, બહુ દુઃખી હોય. મા! મને ચેન પડતું નથી હોં! સમજાય છે? એક ફેરી આ પોપટભાઈનો દીકરો હતો ને? ચીમન. ત્યાં આપણે ધીરાભાઈના મકાનમાં હતા ને. હેઠે હતા પોપટભાઈ નહિ? સાધુ કહેવાય, સંત કહેવાય. ગ્રેજ્યુએટ થયેલો એનો દીકરો. એવી પીડા અંદર ઉપડી એવી પીડા કોઈ. શું કહેવાય એ? એપેન્ડિક્સ. એવી પીડા હોં! અમે ત્યાં હીરાભાઈના મકાનમાં હતા. અને હેઠે ડોસી હતા એના બા. ભાઈ! શું થયું? મા! કાંઈ પૂછો નહિ, મને શું થાય છે, મારી પિડા મને ખબર છે. એટલી પીડા અંદર. વિષ્ટા અંદર એવી સલવાણી ને, પવન એવો ગોઠવાઈ ગયો અંદર, ગોઠવાણો સમજ્યા? પવન સલવાઈ ગયો અંદર. પવન. વીંટાઈ. પીડા.. પીડા... પીડા... વળ નાખે. આમ જેમ ઘાંચીનો બળદ જેમ ફરે ને એમ ફરે. એ રાગ-દ્વેષના દુઃખ છે, ભાઈ! એ સંયોગના દુઃખ નથી.

એ અહીં કહે છે કે ભાઈ! તું બીજાને સંયોગ અનુકૂળ આપ એ તારી માન્યતા દુઃખદષ્ટિની છે. ભાઈ! તને દુઃખ થાય છે એમાં. આહાહા..! શેઠ! બીજાને પ્રતિકૂળતા આપું છું એ ભાવ પણ તારી દુઃખદષ્ટિ, દુઃખી થવાના રસ્તા છે. ભાઈ! બીજાને તું પ્રતિકૂળતા આપી શકતો નથી. બીજાને અનુકૂળતા આપી શકતો નથી. શોભાલાલજી! આહાહા..!

કહે છે કે '**બીજો બીજાને સુખ-દુઃખ કરી શકે નહિ.**' આહાહા..! અરે..! એની શ્રદ્ધાના ઠેકાણા ન મળે, એના જ્ઞાનના ઠેકાણા ન મળે અને હેરાનના રસ્તા. બીજાને આમ કરી દઉં... બીજાને આમ કરી દઉં... હું આમ કરી દઉં.. રળી દઉં... પછી બધાને સગવડતા

છોકરાઓને બસ! પૈસાવાળા કરી દઉં. અને એવું વ્યાજ ઊપજે કે એને રળવું પડે નહિ. મરી ગયો સાંભળને હવે. તારી માન્યતા મિથ્યાત્વની છે. એને રહેવું કે ન રહેવું એ તો એના પુણ્યને લઈને છે. તું કરી દે એમ છે? કેમ હશે આમાં? ...ભાઈ! આહાહા..!

**'તેથી હું પર જીવોને સુખી-દુઃખી કરું છું...'** એમ જે માને છે. હું પર જીવોને સગવડતા આપીને. સગવડતા હોં એ સુખીનો અર્થ. પરજીવને સગવડતા આપી શકું છું. દાળ, ભાત, રોટલા, કપડા, મકાન આદિ અને પર જીવને હું દુઃખી પ્રતિકૂળતા આપી શકું છું, એ માન્યતા અજ્ઞાનીઓની દુઃખદાયક પાપદૃષ્ટિ છે. **'અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે.'** પાછું એમ છે. આ જીવ મને સગવડતા આપી શકે છે એવી માન્યતા અજ્ઞાનીની છે એ માન્યતા પણ પાપ માન્યતા છે. જુગરાજજી! આ બધા પૈસાવાળાને (થતું) હશે અંદર શું હશે આ? લોકો એમ માને છે હોં! આ બધા પૈસાવાળા સુખી છે. દુઃખી છે. કોણ કહે છે સુખી?

મુમુક્ષુ :- .. દુનિયા...

ઉત્તર :- દુનિયા ગાંડી છે. પાગલ દુનિયા છે. પાગલમાં પાગલવાળાને સારા જ કહે એ તો. એય.. શોભાલાલજી! પાગલ છે ગાંડા-પાગલ. સમજાય છે? ગાંડા તો માને બાયડી કહે અને બાયડીને મા કહી દે. એટલે કાંઈ પાગલને સાચું થઈ જાય?

એમ અજ્ઞાની અનાદિથી આત્મામાં મને કોઈ બીજા સગવડતા આપી શકે છે હોં! એ શેઠ સાહેબ સગવડતા આપો. તમે આપી. મૂઢ છો? ઈષ્ટનો સંયોગ મળવો એ તારા પૂર્વના કર્મના કારણે છે. એ કર્મ તેં ઉપાર્જેલા પરિણામથી છે. એ બીજો દેવા ત્રણ કાળમાં સમર્થ નથી. અહીં તો હજી એટલી વાત કરે છે. પણ એ આવ્યું માટે હું સુખી છું. એ માન્યતા પણ અજ્ઞાન, મિથ્યાત્વ અને મૂઢની છે. સમજાણું કાંઈ?

**'હું પરજીવોને સુખી-દુઃખી કરું છું અને પર જીવો મને સુખી-દુઃખી કરે છે એવો અધ્યવસાય ધ્રુવપણે અજ્ઞાન છે.'** ધ્રુવ-ચોક્કસ તે મૂઢ છે. એનો અભિપ્રાય, શ્રદ્ધા, આત્માની શાંતિનું ખૂન કરનારી છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જીવનો જેવો આશય હોય...'** ભાવાર્થ છે ને? **'જીવનો જેવો આશય...'** આશય સમજાય છે? અભિપ્રાય. **'તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય...'** તે આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતાં ન હોય **'તો તે આશય અજ્ઞાન છે. માટે, સર્વ જીવો પોતપોતાના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે...'** એટલે સુખ-દુઃખ એને મળે છે. દરેક આત્માને પૂર્વના શાતાના ઉદયને લઈને સંયોગો મળે, અશાતાને લઈને પ્રતિકૂળતા મળે. એમ તને પણ એમ. **'ત્યાં એમ માનવું કે હું પરને સુખી-દુઃખી કરું**

**છું...**' એ માન્યતા, એનો આશય છે પણ એ કરી શકતો નથી. એ આશય છે એ પ્રમાણે કરતો નથી માટે આશય ખોટો છે. આશય પ્રમાણે જગતમાં કાર્યો બનતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈવાર બને છે અને કોઈવાર ન બને.

ઉત્તર :- કોઈવાર ત્રણ કાળમાં બનતા નથી. બને શું વળી? કોઈવાર બનતું હશે? એય.. સુમનભાઈ! આ બધી અનુકૂળતા કરાવીને. આ બધા તમને ભણાવીને મોટા કર્યા એ બધું થયું કે નહિ સરખું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરી શકે ધૂળ? બોલે મીઠું મીઠું બાપુજી! બાપુજી! એમ કરે. એ ભાષાનું સાંભળવું એના શાતાના ઉદયને લઈને મળે છે. આ કહે કે હું સગવડતા આપું છું અને આમ બોલીને એને અનુકૂળતા કરું છું એ માન્યતા જૂઠી છે એમ કહે છે અહીં તો. જૂઠી માન્યતાના તો ઘર ગરી ગયા છે. એના માટે તો આ વાત કરે છે. એને સત્યની ખબર નથી. પાગલ થઈ ગયો છે પાગલ. પાગલ. ગાંડો. ઘેલો છે ઘેલછા. મિથ્યાત્વનું ઘેલછાપણું ચાર ગતિમાં રખડવા માટે છે. નરક અને નિગોદના રસ્તે પડ્યો છે એ. આહાહા..!

મુમુક્ષુ :- બીવડાવવાની વાત છે?

ઉત્તર :- બીવડાવવાની નહિ એના ફળની વાત છે. ઠીક! એનું ફળ એવું છે. કૂવામાં પડે ને મારે ભૂસકો તો હેઠે જાશે. એમ આવા અભિપ્રાય શ્રદ્ધા કરે છે કે મને બીજા સગવડતા આપી શકે છે. મને આણે અગવડતા આપી. મારી દુકાન ચાલતી હતી એમાં આ એવો નીકળ્યો એક મુનિમ (એણે) ઘરની બધી અગવડતા આપી. મૂઢ છો?

મુમુક્ષુ :- બધા રૂપિયા ખાઈ ગયો.

ઉત્તર :- ખાઈ ગયો. કોઈ ખાઈ શકતું જ નથી. કોણ રૂપિયા ખાતા હતા?

એવા તો દાખલા ઘણા સાંભળ્યા છે ને અમે? મુનિમ બરાબર કામ કરીને, ૨૫ વર્ષ કામ કરે ત્યાં સામી દુકાન માંડે અહીંથી નીકળીને. ત્યારે કહે, આ મને નડે છે. ધૂળેય નડતું નથી. સાંભળને! તારા અશાતાના ઉદયને લઈને એ સંયોગો મળ્યા. એમાં એ સંયોગો મળ્યા એથી તું દુઃખી છો એ વાત ક્યાં છે? પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખ છે એમ કોણે કહ્યું? પ્રતિકૂળ સંયોગ મને છે એમ માન્યતા છે તે દુઃખી છે. સમજાણું કાંઈ? અને અનુકૂળ સંયોગ મને છે માટે સુખી છું, એ માન્યતા પાપની છે. આહાહા..! કહો, આ બધા તમારા છ-છ લાખના મોટા બંગલા ને શું કહે? આરસપહાણના. સુખી છે કે નહિ? સંગેમરમર. સંગેમરમર. સંગ સંગ કર્યો ને મરી ગયો એમાં. આ અમે કર્યા ને આ અમે કર્યા. ભારે પણ. બંગલા

મોટા હોય અને આમ સોનાના ઓલા હીંચકા હોય અને આમ ચાલતો હોય અને માથે પંખા ફરતા હોય. આહાહા..! ખમ્મા-ખમ્મા શેઠ સાહેબ! શેઠ સાહેબ! કહે છે કે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ બધી સગવડતા તારા પૂર્વના પરિણામથી ઉપાર્જેલી છે, એમાં જો તું માન કે હું સુખી છું. તો મહામિથ્યાત્વ છે. અને બીજાએ મને આપ્યા એ માન્યતા વળી તીવ્ર મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- માન્યતા નથી કરવી પણ બનાવ તો એવો બને.

ઉત્તર :- બનતા નથી. માન્યતા શું? ઈ તો કહે છે. એમ બનતું જ નથી. એ માટે કહે છે. જુઓ! પરને સુખી-દુઃખી કરું અને આ પરને સુખી કરે છે તે અજ્ઞાન છે. એમ બનતું નથી, એનો આશય છે તે પ્રમાણે થતું નથી. આશય તદ્દન જૂઠો, અભિપ્રાય તદ્દન જૂઠો છે. ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં પ્રસિદ્ધિ કરતા હતા. એ વાત અહીં આવી છે આ. કહો, સમજાય છે કાંઈ?

'**નિમિત્તનૈમિત્તિકભાવના આશ્રયે (કોઈને કોઈનાં) સુખ-દુઃખનો કરનાર કહેવો...**' કહેવો. બોલવાની વાત જુદી છે. પણ જેવું બોલાય એવું જો માની લે તો મૂઢ છે. '**તે નિશ્ચયની દૃષ્ટિમાં ગૌણ છે.**'

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૧૬૮ કળશ છે માથે. કળશ હોં!

**सर्वं सदैव नियतं भवति स्वकीय-**
**कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम्।**
**अज्ञानमेतदिह यत्तु परः परस्य**
**कुर्यात्पुमान्मरणजीवितदुःखसौख्यम्।।१६८।।**

'**શ્લોકાર્થ :- આ જગતમાં...**' નીચે અર્થ. '**જીવોને મરણ,...**' થાય છે-દેહનો વિયોગ તે તેના પૂર્વના આયુષ્યનો ક્ષય થવાથી. બીજો કહે કે આનું મરણ કરી દઉં, મૂઢ છે. '**જીવિત,...**' એનું જીવવું થાય છે એના આયુષ્યને લઈને. બીજો એમ કહે કે હું આને જીવાડી દઉં છું. આ બાઈડીયું, છોકરાને હું જીવાડી દઉં છું, નોકરોને હું જીવાડી દઉં છું. એ મૂઢ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? બીજાને મરણ કરી શકું, બીજાનું જીવતર કરી શકું, બીજાને અનિષ્ટ સંયોગ (આપી શકું છું). મરણનો અર્થ પ્રાણઘાત. પરના પરપ્રાણ.. આ જરી જુઓ પાંચ ઈન્દ્રિયો છે ને એની સામાને? અને મન, વચન અને કાયા છે ને. આઠ ને શ્વાસ ને આયુષ્ય. એમાંથી કોઈ પ્રાણને હું હણી શકું, એ ઈન્દ્રિયને હણી શકું, એનો શ્વાસ બંધ કરી શકું એવી માન્યતા તે અજ્ઞાનીની મૂઢની છે એમ કહે છે. એને એ સંયોગ અશાતાના ઉદયને લઈને આવવાનો હતો. અને આયુષ્ય પૂર્ણ થવાનું હતું માટે આયુષ્ય

પૂર્ણ થયે મર્યો છે. કોઈના કારણે મરે છે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. આહાહા..! ભારે વાતું. ક્યાં ગયા? એકલા આવ્યા છે? શું આવ્યું? ક્યાં ગયા જયંતિભાઈ નથી આવ્યા? સાંજે આવશે. તમે બે કહેતા અને એક જ ભાળ્યાને એટલે. કહો, સમજાણું આમાં?

બીજાનું મરણ કરી શકું છું તે માન્યતા મૂઢની, બીજાને જીવાડી શકું છું એ માન્યતા મૂઢની, બીજાથી હું જીવી શકું છું એ માન્યતા મૂઢની, બીજો મને મારી નાખે છે એ માન્યતા મૂઢની છે. મરણ એટલે પ્રાણ ઘાત. જીવિત એટલે પ્રાણ રક્ષા. સામાના પ્રાણની રક્ષા પાંચ ઈન્દ્રિયોની, શ્વાસની, આયુષ્યની, મન, વચન અને કાયાની. એની પ્રાણ રક્ષા હું કરી શકું છું એમ માનનાર કહે છે કે મૂઢ મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવા ધર્મનું ભાન નથી. સમજાણું કાંઈ?

'**દુઃખ,...**' એટલે અનિષ્ટ સંયોગ અને '**સુખ-**' એટલે ઈષ્ટ સંયોગ. '**બધુંય...**' બધુંય. કેટલી ટૂંકી ભાષામાં છે. '**સદૈવ...**' સદૈવ નામ કાયમ. '**બધુંય સદૈવ નિયમથી (-ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે;...**' પોતાનું કર્મ એટલે ઓલું છે એ. અહીં તો બીજો એને કરી શકતો નથી એટલું સિદ્ધ કરવું છે. બાકી કર્મ તો એનું પણ કર્મ નથી. કર્મના નિમિત્તે એની યોગ્યતા એવી છે કે કર્મનું એને નિમિત્ત કહેવામાં આવે છે અને સુખ-દુઃખની યોગ્યતાના અંદર ભાવ છે પોતાને એ જાતના, દયા, દાન, નિમિત્ત છે અનુકૂળ આદિ. બાકી કર્મ એને સુખ-દુઃખ સંયોગ આપી શકતું નથી. એ તો બીજો નથી આપી શકતું એ બતાવવા એના કર્મને લઈને એને મળે છે અને તારા કર્મને લઈને તને મળે. અને તું કહે કે હું બીજાને પ્રતિકૂળતા-અનુકૂળતા દઉં અને બીજો મને અનુકૂળતા-પ્રતિકુળતા દે (એ માન્યતા મૂઢની છે). અનુકૂળ મિત્રો હોય, અનુકૂળ ભાગીદાર હોય, અનુકૂળ નોકર હોય તો આપણને નભાવી લે. બુદ્ધિ થોડી હોય તો નભાવી લે. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાતમાં કાંઈ નથી? ઈ કહે છે.

કીધું ને? પ્રાણઘાત, પ્રાણરક્ષા, અનિષ્ટ સંયોગ, ઈષ્ટ સંયોગ પોતાને કે પરને બધુંય સદૈવ નામ કાયમ નિયમથી નામ ચોક્કસથી એના કર્મના ઉદયથી થાય છે. '**બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે**' બીજો પુરુષ બીજાના પ્રાણઘાતને કરે છે, પ્રાણ રક્ષા કરે છે, સંયોગ અનિષ્ટ આપી શકે છે, ઈષ્ટ સંયોગ આપી શકે છે, '**આમ જે માનવું તે તો અજ્ઞાન છે**.' કહો, સમજાણું આમાં કાંઈ? કહો, સારા માણસ થાય, ઘરમાં છોકરો પાકે તો બધાને સગવડતા આપે કે નહિ? એક કર્મી પાકે તો ઘણાને અનુકૂળતા થાય.

મુમુક્ષુ :- એક ચંદનવૃક્ષ હોય ...

ઉત્તર :- હા. એક ચંદનવૃક્ષ હોય તો બધાને સુગંધ આપે. એમ એક કર્મી પાક્યો હોય કર્મનો કરનારો પાપી તો ઘણાંને સુખી કરાવે. એમ કહે છે.

મુમુક્ષુ :- ... કર્મી તો ડાહ્યો કહેવાય.

ઉત્તર :- દુનિયા ગાંડા કહે એને ડાહ્યો.

અહીં તો કહે છે કે કર્મ કરનારો એ મૂરખ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! કહે છે કે તારું સુખ તો તારી પાસે છે. આત્મામાં આનંદ છે. એની દૃષ્ટિ આપ તો તને આનંદ થાય. તો તને ધર્મ થાય. એ સુખ માટે તું અનુકૂળ સંયોગમાં સુખ માને છો. મૂઢ છો, મિથ્યાત્વી છો અસત્ય પાપને સેવનાર. અને અનુકૂળ સંયોગો કોઈએ મને આપ્યા એ પણ માન્યતા તારી મિથ્યા ઊંધા અભિપ્રાયની છે. સમજાણું કાંઈ?

'**બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે...**' બીજો પુરુષ બીજાના, પોતે પરના અને પર પોતાના. એમ. પ્રાણઘાત, પ્રાણરક્ષા, અનિષ્ટ સંયોગ, ઈષ્ટ સંયોગ '**આમ જે માનવું તે તો અજ્ઞાન છે.**' સત્યથી વિરૂદ્ધ માન્યતા છે. ભગવાને કહેલા ભાવથી વિરૂદ્ધ શ્રદ્ધા છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને આત્માનું કલ્યાણ-સુખી કરવો હોય આત્માને, દુઃખથી મુક્ત થવું હોય તો એણે આ અભિપ્રાય છોડી દેવો પડશે. કોને કરું? ક્યાં કરું? કોનાથી લઉં? કોને દઉં? હું તો મારો આત્મા સ્વતંત્ર પરથી ભિન્ન છે. મારું સ્વરૂપ તો આત્મા જ્ઞાન અને આનંદ છે. એવી અંતર દૃષ્ટિ કરે ત્યારે સુખ થાય તેને સુખી કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ફરી આ જ અર્થને દૃઢ કરતું અને આગળના કથનની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-**' ૧૬૯ માથે છે.

**अज्ञानमेतदधिगम्य परात्मपरस्य**
**पश्यन्ति ये मरणजीवितदुःखसौख्यम्।**
**कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते**
**मिथ्यादृशो नियतमात्महनो भवन्ति।।१६९।।**

ઓહોહો..! '**શ્લોકાર્થ :- આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને...**' અજ્ઞાનપણાની શ્રદ્ધા રાખીને '**જે પુરુષો પરથી પરનાં મરણ,...**' પરનો પ્રાણઘાત. હું પરનો પ્રાણઘાત કરી શકું, પર મારા પ્રાણઘાતને, મારી ઈન્દ્રિયોને, મારા શ્વાસને રોકી શકે એમ જે માને અને પરને હું '**જીવન,...**' આપી શકું રક્ષા, પરથી મને રક્ષા થાય '**દુઃખ,...**' પરને અનિષ્ટ સંયોગો આપી શકું, પર મને અનિષ્ટ સંયોગ આપે. '**સુખ-...**' પરને ઈષ્ટ સંયોગ આપું, બીજાથી મને ઈષ્ટ સંયોગ મળે, એમ જે માને '**તે પુરુષો કે જેઓ એ રીતે અહંકાર-**

**રસથી કર્મો કરવાના ઈચ્છક છે...**' અભિમાનથી હું આ કરું છું એમ અજ્ઞાની માને છે. કહો, સમજાણું કાંઈ?

'मैं कर्ता मैं किन्ही कैसी, અબ યૌં કરો કહૌ જો ઐસી.' એ શબ્દ છે મારે આમાં. સમજાણું? બંધ અધિકારમાં છે ને? આ શબ્દ છે. લ્યો, એ જ પાનું નીકળ્યું લ્યો હોં! '**मिथ्यादृष्टेः स एवास्य**' એના પછી છે. પછીનું છે ને મિથ્યાદષ્ટિ. મિથ્યાદષ્ટિ છે ને ૧૭૦? આના પછીનું. એમાં છે. જુઓ!

मैं कर्ता मैं किन्ही कैसी,
અબ યૌં કરો કહૌ જો ઐસી
એ વિપરીત ભાવ હૈ જામૈં,
સો બરતે મિથ્યાત્વ દસામેં.
मैं कर्ता मैं किन्ही कैसी,

મેં જગતને અનુકૂળતા દીધી, મેં પૈસા પેદા કર્યા, પૈસા કરીને મેં દાનમાં ખર્ચ્યા. એવું જે પર ક્રિયાનું અભિમાન કરે છે. મેં કર્યું એ. 'मैं कर्ता मैं किन्ही कैसी,...' હજી હું કરું છું. 'અબ યૌં કરો કહૌ જો ઐસી.' હજી પણ હું આમ કરીશ બધાનું. આમ કરીશ. 'એ વિપરીત ભાવ હૈ જામૈં, સો બરતે મિથ્યાત્વ દસામેં.' કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... તો નહિ જાય ને?

ઉત્તર :- કોનું .. હતું? કોણ આપી શકતું હતું? આ કહે છે કે આવું માનીને પછી પૈસાવાળા ગરીબને નહિ દે તો? એમ કહે છે. દઈ શકે છે કોણ તે નહિ દે? સમજાય છે કાંઈ? અને લઈ શકે છે કોણ કે લે? આહાહા..! આવું અજ્ઞાનને પામીને મિથ્યાદષ્ટિ આત્માના ધર્મને નહિ જાણનારા, આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એવી શ્રદ્ધાના અભાવને લઈને મિથ્યાદષ્ટિ કર્મ કરવાના ઇચ્છક છે. '**(અર્થાત્ હું આ કર્મોને કરું છું એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની-...**' શું કર્મ કરવાની એટલે? '**મારવા-જિવાડવાની, સુખી-દુઃખી કરવાની-વાંછા કરનારા છે) તેઓ નિયમથી મિથ્યાદષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.**' એ આત્માના હણનારા છે. લ્યો, આ હિંસા. ભારે ભાઈ! છે પાઠમાં છે, હોં! '**आत्महनो भवन्ति**' એ આત્માના હણનારા છે. બીજાને હણતા નથી. બીજાને હણી શકતા નથી. પણ બીજાને હણી શકું છું, બીજાને જીવાડી શકું છું, બીજાને મારી પ્રાણ ઘાત કરી શકું છું, બીજાને સુખ-દુઃખ આપી શકું છું એવી માન્યતાવાળા આત્માની હિંસા કરે છે. પોતાના આત્માનો ઘાત કરે છે. શેઠ! છે એમાં? શું છે છેલ્લું? '**પોતાના આત્માનો...**' ક્યાં છે? બોલતા કેમ નથી?

મુમુક્ષુ :- પોતાના આત્માનો ઘાત કરે છે.

ઉત્તર :- એ. બસ વાત એ.

બીજાને મારી શકે કે જીવાડી શકવાનો પ્રશ્ન નથી. બીજાને આપી શકે કે લઈ શકે એ પ્રશ્ન છે નહિ. તમે બીજા પાસેથી એને મળે કે ન મળે એ પ્રશ્ન અહીં છે નહિ. એ માને છે કે મેં આને દીધું, મેં આને આમ કર્યું, મેં આને આમ કર્યું, મને આમ મળ્યું, આનાથી આમ મળ્યું. એવી જેની માન્યતા (છે) તે આત્માના હિંસા કરનારા છે. એ પોતાની હિંસા કરનારા છે. એ આત્મઘાતી છે. આહાહા..! રાડ નાખે છે ને. લ્યો, આત્મઘાતી મહાપાપી.

મુમુક્ષુ :- એ...

ઉત્તર :- એ વળી બીજો. પણ અહીં એ છે. ઓલો વળી મરે ત્યારની વાત છે. આ તો મરે છે અહીં. ઓલો મરે ત્યારે એમ કે ઝેર ખાઈને મરે ને તો આત્મઘાત કરે ઈ મહાપાપી છે, એમ. આ પણ ઈ છે. આહાહા..!

ભગવાન આત્મા એ જાણનાર-દેખનાર ચૈતન્ય સૂર્ય છે ને. એને આમ મનાવવું, એને આમ માનવું, મેં આને આમ કર્યું, મેં આવી ક્રિયા કરી, મેં શરીરને સારું રાખ્યું, બીજાને સગવડતા આપી નહિતર મરી જાત. બચી ગયો ક્ષયમાંથી. આ મેં બચાવી દીધો, મેં આને મારી નાખ્યો, એનાથી હું બચી ગયો, મને આણે બચાવી લીધો.

મુમુક્ષુ :- કેટલાયને જીતાડી દીધા છે.

ઉત્તર :- જીતાડી દીધા હશે આ. ઓલા લખતા હતા ને. એલા તમે ત્યાં તો કરતા હતા બધું. અને હવે કરતા કરતા નથી? આ કર્યું નહિ અત્યાર સુધી? આ બધા કેસો ચલાવ્યા હતા કે નહિ? સામાવાળાએ લખ્યું છે. ત્યાં ચલાવ્યા નથી? તમે કાંઈ કર્યું નથી? લ્યો! કોણ કરે ધૂળ? સાંભળને હવે. એ વખતે રાગ કર્યો હતો રાગ. અને રાગને લઈને માને કે હું આને (જીતાડું છું). એનું જીતવું હોય તો થયું. પણ રાગને લઈને માને કે હું કાંઈક કરું છું. વાણી બોલું છું કે આ થાય. એ બધી માન્યતા છે. વાણી કોણ બોલે અને શરીરને કોણ હલવે? આહાહા..!

જુઓને! આ જુવાનજોધ જેવા શરીર ચાલ્યા જાય છે. ક્ષણમાં દેહની સ્થિતિ પૂરી થઈ જાય.

મુમુક્ષુ :- ડોક્ટરનો દાખલો છે ને.

ઉત્તર :- એ જ કહું છું ને. સવારનો બિચારો જુઓ. કણબીનો છોકરો ૧૬ વર્ષનો. ૧૬-૧૭ વર્ષનો. પાપ કરતો કરતો મરી ગયો, લ્યો. ઓલું છાંટતો હતો હતો. દવા. આપણે અહીં આવ્યું હતું ને? ઓલું વિમાન નહોતું આવ્યું? હેલિકોપ્ટર. અહીં આવ્યું હતું. છાંટતું હતું. ઓલી મસી થઈ ને ઝીણી મસી? જીવાત જીવડા થાય ને ઝીણા કાળા? એને ઓલા

શીંગ ઉપર પડે બહુ થાય. જથ્થા પડ્યા હોય, જથ્થા, હોં! માણેકચંદભાઈ નથી? વયા ગયા. .. લેવા ગયા. ઓલા ઉપર હોય ને બહુ સેંકડો હજારો. એક એક શીંગ ઉપર. એ ખાઈ જાય. એટલે આ છાંટે. ઓલું આવ્યું હતું અને આ છોકરો એના ખેતરમાં છાંટતો હતો. .. એમાંથી હાથમાં જરી ડાઘ એનો રહી ગયો હતો. પાણી પીધું. ઝેર ચડી ગયું. મરી ગયો રાતે કાલે. અહીં મડદું લાવ્યા હતા દેરાસર પાસે દવાખાને. એ તો સ્થિતિ તે કાળે પૂરી થવાની જ હતી. એમાં એને આવડ્યું નહિ અને ઝેર ખાધું માટે મર્યો એ વાત પણ વ્યવહારના નિમિત્તનું કથન છે. આહાહા..!

અહીં તો વૈરાગ્ય તો જુઓ! આવો મનુષ્યનો દેહ. ક્યાં કરે અને શું કરે છે? આહાહા..! આવા પરિણામ કર્યા અને વળી પાછો જઈને ક્યાં અવતરશે? આત્મા તો નિત્ય છે, ભાઈ! પાછા ક્યાં અવતાર? કેવા સંયોગો? આ જુઓને! આવા મનુષ્યદેહ મળ્યા એમાં જો આત્મકલ્યાણનો રસ્તો ન લીધો (તો) ક્યાંય રખડવાના આરા નહિ આવે. સમજાણું કાંઈ?

કહે છે, જે કોઈ આત્મા બીજાના આત્માને હું મારી શકું, જીવાડી શકું એટલે પ્રાણઘાત કરી શકું, પ્રાણની રક્ષા કરી શકું. આ ઇન્દ્રિયોને મેં આમ કરી એને જાળવી રાખીને. નહિતર ફૂટી જાત અને મરી જાત. મેં એને જાળવી રાખી અને કાં એની ઇન્દ્રિયો મેં ફોડી નાખી. કાં મારી ઇન્દ્રિયો આણે ફોડી નાખી. એ માન્યતા આત્માનો ઘાત કરનારી છે, કહે છે.

ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. જ્ઞાનસ્વરૂપ છે એ કરે શું? જાણવાનું કામ કરે. એને મૂકીને તું બીજાને મારવાની ક્રિયા કરી શકે અને રાગ પણ કરી શકે એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**आत्महनो भवन्ति**' એમ કહ્યું ને? આત્માના હણનારા છે. અરે..! ભગવાન! કોને હણ્યો? ભલે બીજાને જીવાડવાનો ભાવ (આવે), હું જીવાડી શકું છું, બીજાને સગવડતા આપી શકું છું. કહે છે કે એ પરના કર્તાપણાનો ભાવ (થાય છે એમાં) ભગવાન આત્માની શાંતિ ત્યાં હણાઈ જાય છે. એ આત્માનું ત્યાં મરણ થાય છે. આત્મા હણાઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આરે આરે..! ભારે આકરું કામ.

મુમુક્ષુ :- બચવાનો ઉપાય છે.

ઉત્તર :- આ ઉપાય છે, બાપા! બીજું કાંઈ છે નહિ. મરી જઈશ નહિતર ક્યાંય. આહાહા..! આવો મનુષ્યદેહ મળ્યો. થોડા કાળ રહેવું છે. એમાં તો કેટલાયને ૩૫-૪૦-૫૦-૬૦ તો નીકળી ગયા. હવે જઈને ઉતારા બીજે કરવા છે. પણ કયે ઠેકાણે કરવા એના પરિણામના ઠેકાણા ન મળે. આહાહા..! ધર્મ તો એક કોર રહ્યો પણ મારા આત્માના પરિણામ, હવે ગતિ કઈ થશે? અહીંથી ઉતારા ક્યાં? આ તંબુ તૂટ્યા ભેગા ઉતારા ક્યાં (થશે)? ખબર

ન મળે, વિચાર ન મળે.

એક ફેરી કહ્યું હતું ઘણાં વર્ષ પહેલાં. ઓલા આવે તમારે ઉઠમણું શું કહેવાય એ? ઉઠમણું આવે ને ત્યાં જામનગરમાં હતા ને શેઠ નહોતા ઓલા વલમજી શેઠ? એના ભાઈ હતા. જગજીવન. પછી વાત કરી, જો ભાઈ! (સંવત) ૧૯૮૨ની સાલની વાત છે. ૮૨ની. ૪૧ વર્ષ થયા. આ લોકો આયુષ્યની ૫૦-૬૦-૭૦ નું કે ૧૦૦ વર્ષનું દેખીને ૨૦ વર્ષથી વિચાર કરે કે ૮૦ વર્ષ સુધી મને કાંઈ અગવડતા ન થાય, સગવડતા થાય એવું બધું કરી લઉં. પણ આ દેહ છૂટ્યા પછી જ્યાં જશે ત્યાં... કારણ કે આત્મા તો એનો એ છે. અને જ્યાં જશે ત્યાં દેહ જે મળ્યો એ જિંદગી ત્યાં રહેવાનો. પછી એકેન્દ્રિયમાં ગયો કે ઢોરમાં ગયો કે દેવમાં. તો એ પછી દેહ મળ્યો એનો વિચાર પરિણામથી કર્યો છે કોઈ દિ' એણે? આ જીવનનો વિચાર કર્યો. સો વર્ષ સુધી મને કંઈ પણ સગવડતા ન જાય, અગવડતા ન થાય. પણ પછીનો એક સમય પછી તડકામાંથી છાંયે. જેમ તડકો. તડકો સમજો છો ને? ધૂપ. તડકામાંથી નીકળીને છાયામાં આવે. તડકો અને છાયો. ભાઈ ભાષા ગુજરાતી સહેલી છે પણ જરી. તડકો અને છાયા. ત્યાંથી નીકળીને.. એમ આ ભવ છૂટ્યો ભેગો બીજો ભવ છે. અને એ ભવ પહેલે સમયે મળશે જિંદગી રહેશે. એનો વિચાર કર્યો? નાસ્તિ છે આ તો. હજી તો ભવ ક્યાં જશે એની ખબર નથી. અને ખબર નથી નહિ પણ આ ભવમાં આ શરીર મળશે, પછી એમાં કેવું મળશે અને ક્યાં મળશે એની પણ ખબર નથી. આ સગવડતા કરી લ્યો મરતા સુધીની, જીવે ત્યાં સુધી. પણ પછી તું છો કે નહિ? મરી ગયા પછી ત્યાં તું છો કે ત્યાં કોણ બીજો આવે એવું છે?

મુમુક્ષુ :- ... પછી ગોળણ ગાડા.

ઉત્તર :- એ ગોળણ ગાડા ભરે. મરી જઈશ. પાણી ઉપર માથેથી ચાલ્યું આવતું હોય. અમારે ત્યાં થાતું ઉમરાળામાં. મોટી નદી છે ને કાળુભાર. મોટી નદી. વીસ ગાઉ ઉપર પાણી આવે. કારિયાણા છે ને? કારિયાણા? અહીં કાંઈ ન હોય. છોકરા રમતા હોય દસ દસ વર્ષની ઉંમરના. મોટા મોટા આવડા કાંઈક થાય છે. ... છે ને? શું કહેવાય આપણે? કોઠા-કોઠા. કોઠા મોટા નથી થતાં? આવડા કોઠા થાય છે ભાઈ, નદીને કાંઠે. પડ્યા હોય ને રવિવારનો દિવસ હોય. રમવા નીકળ્યા હોય. સામે હોં! સામે કાંઠે. અને નદી મોટી. પાણી ઉપરથી ઘોડાપુર આવે. ઘોડાપુર સમજ્યા? આખું દળ એકદમ. આખું દળ ચારે કોરથી ભેગું થઈને. માથેથી વૃદ્ધો રાડું પાડે. એય.. છોકરાઓ વયા આવો. છોકરાઓ નીકળી જાઓ. કેટલાક મૂરખ જાણે કે હવે ક્યાં આમાં શું છે? અહીં દેખાતું નથી. પણ આ ચાલ્યું આવે. ગોળણ ગાડા ભરે, થાવું હોય થાશે. હમણા મરી જઈશ. થાશે શું? ન્યાલભાઈ! બાપુ! તને ખબર નથી

ભાઈ! આયુષ્ય પૂરું થવા આવે છે. એ આયુષ્યની સ્થિતિ પૂરી થવાને સન્મુખ જા છો, ભાઈ! તું જાણે કે.. કહે છે ને? ડોશી જાણે કે મારો દીકરો મોટો થયો. અહીં કહે છે, મરણના આયુષ્યની નજીક ગયો. જેટલું આયુષ્ય લઈને આવ્યો (એ પૂરું થવા આવ્યું). શોભાલાલજી! આહાહા..! અરે.. ભાઈ! તારું તત્ત્વ શું છે? ભાઈ! આવો આત્મા. એને કરવાના સાધનો તો આ મનુષ્યપણામાં છે. સમજાણું? એ જો આત્માનું સાધન ન કર્યું અને ગયો મરીને (તો) ચોર્યાસીના અવતારમાં ક્યાંય આરા નથી.

અહીં તો આચાર્ય દેવ કરુણાથી વાત કરે છે હોં! અરે..! ભાઈ! તને એમ માન્યતા નથી થતી કે હું તો એક આત્મા છું ને. અને હું તો એક જાણનાર-દેખનાર છું ને. એ જાણનાર-દેખનાર પરનું શું કરે? પરમાં થાય તેને જાણે કે આમ થયું. અને શરીરમાં કાંઈ થાય તો એમ જાણે કે આમ થયું. પણ પરે એમાં શરીરમાં કર્યું એમ કેમ જાણે? સમજાણું કાંઈ?

જ્ઞાનમાં જ્ઞાનનો સ્વભાવ છે. એ વસ્તુ જ પોતે ચૈતન્ય સૂર્ય છે. આ દેહમાં કાંઈક થાય છે તે જાણે. મેં આ દેહમાં કાંઈ આવડ્યું નહિ માટે આ રોગ થયો અને બીજાએ મને પ્રતિકૂળતા આપી માટે આ રોગ થયો એમ જ્ઞાની માનતો નથી. આહાહા..! તેથી એને પર પ્રત્યેના ઈષ્ટ-અનિષ્ટમાં રાગદ્વેષ થતો નથી. સમજાય છે કાંઈ? આને તો જ્યાં હોય ત્યાં મેં કર્યું, આ કર્યું. 'મૈં કર્તા કિન્હી રે કૈસી, કરે કર્મ સોહી કરતારા.' મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું. કહો, સમજાણું? આ શાસ્ત્ર મેં બનાવ્યા, આ મેં ઉપદેશ કર્યો ત્યારે જગતના જીવો એને લઈને પામ્યા. અરે..! એ વાત પણ ખોટી છે. આહાહા..! ભારે વાતું ભાઈ! શેઠ! આ તો અગમનિગમની વાતું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી નિમિત્તની વાતું. એ નિમિત્તની વાતું. એનો સંયોગ એવા કાળે એવા યોગો ત્યાં હતા, જીવની લાયકાત એને બતાવનારા શબ્દો છે. બીજાથી પામી જાય તો બધા ભગવાન પાસે ઘણા ગયા હતા તો ઘણા બધા પામી જ જાય. અને ભગવાન પાસે અવતાર પણ અનંત વાર થયો છે. અનંત વાર થયો છે. પોતાની જાતને જાળવવાને સંભાળ ન કરે. અરે.. હું તે કોણ છું? હું તે શરીર છું? વાણી છું? મન છું? કર્મ છું? રાગ છું? એ તો ચૈતન્ય મૂર્તિ છે, જ્ઞાનસ્વરૂપ છે. એવું ભાન કરવાને તૈયાર હોય તો એને ભગવાનની વાણી નિમિત્ત થાય. તો નિમિત્ત કહેવાય. નહિતર નિમિત્ત પણ કોનું કહેવું?

અહીં તો '**आत्महनो**' ઉપર વજન વધારે છે ને. આહાહા..! કહે છે, મેં બીજાને લાભ આપ્યો. મને બીજા લાભ આપે છે, હું બીજાને અલાભ આપી શકું છું, બીજો મને અલાભ આપે છે, બીજો મારી નિંદા કરે છે, હું એની નિંદા કરી શકું છું, બીજાની હું પ્રશંસા વાણી

દ્વારા કરી શકું છું, બીજો મારી વાણી દ્વારા મને પ્રશંસા કરે છે એ બધી માન્યતા આત્માને હણનારી છે. સમજાણું કાંઈ?

'**તેઓ નિયમથી મિથ્યાદષ્ટિ છે,...**' ચોક્કસ એ અજ્ઞાની છે. આહાહા..! '**પોતાના આત્માનો ઘાત કરનારા છે.**' પોતાના આત્માની શ્રદ્ધામાં વિપરીત માન્યતાથી આત્માની ત્યાં દશા હણાઈ જાય છે. ઘાત છે, ભાવપ્રાણનો ઘાત છે. ઓહોહો..! ઓલો તો કહે કે મેં આને જીવાડી દીધો, મેં આને પાણી આપ્યું, આને આમ મરતો હતો બચાવ્યો, મેં બચાવ્યો. અહીં કહે કે એ ભાવ તારા આત્માના પ્રાણનો ઘાત કરનારા છે. અરર..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કેમ કે તું કરી શક્યો નથી અને કરી શકું છું એ માન્યતા અસત્યની છે. એટલે આત્માનો સત્ય સ્વભાવ ત્યાં હણાઈ જાય છે. ઓહો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કરવું પણ અહંકાર ન કરવો.

ઉત્તર :- કરી શકતો નથી. કરે શું ધૂળ કરે? કરવું પણ આસક્તિ ન કરવી. એમ કહે છે ને? એઈ..! શશીભાઈ! કરવું ખરું પણ આસક્તિ ન કરવી. અને કાં કર્યાનું ફળ ભગવાનને સોંપી દેવું. અહંકાર ન કરવો. વાત જ ખોટી છે. ભાઈ! તને ખબર નથી.

આ શરીરના રજકણો આમ ચાલે એ તારાથી નહિ. વાણી નીકળે એ તારાથી નહિ, આંખ આમ ફરે એ તારાથી નહિ, ભાઈ! તને ખબર નથી. એ જગતના જડ પદાર્થનો તું તો જાણનાર છો. કરનાર નથી. આહાહા..! કરવું પણ અહંકાર ન કરવો. પણ કરી શકતો જ નથી. આહાહા..! કહો, એય.. મનસુખભાઈ! સાંભળ્યું કે નહિ આ? શેઠ કરતા હતા ને બધું? નહોતા કરતા? એ તો કહેતા હતા કે મેં આ બધું રાખ્યું, મેં આ કર્યું છે. દુકાનનું બરાબર બેસાડ્યું સરખું. બીજા કંઈક ભાંગી ગયા ત્યાં પાલેજમાં. દુકાનો કંઈક ભાંગી ગઈ અને કંઈક તૂટી ગયા. અને કુંવરજીભાઈની દુકાન આમ સરખી રહી. ચડતી ગઈ. દેગડી ચડતી ગઈ. ધૂળમાંય નથી. આહાહા..!

કહે છે કે આવું માનનાર ખરેખર '**પરને મારવા-જીવાડવાનો અને સુખ-દુઃખ કરવાનો અભપ્રાય કરે છે તેઓ મિથ્યાદષ્ટિ છે. તેઓ પોતાના સ્વરૂપથી ચ્યુત થયા થકા,...**' દેખો! હું એક જાણનાર-દેખનાર આત્મા છું એમ ન રહેતા આનું કરવું, એનાથી મારામાં થાય, એ પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો છે. '**રાગી, દ્વેષી, મોહી થઈને પોતાથી જ પોતાનો ઘાત કરે છે, તેથી હિંસક છે.**' લ્યો, આ હિંસક. આહાહા..! પરને જીવાડું એવું માને એ હિંસક. હવે વિશેષ '**આ અર્થને ગાથા દ્વારા કહે છે :-**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૦)), સોમવાર તા. ૦૪-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૦, ગાથા-૨૫૭ થી ૨૬૧, પ્રવચન-૩૨૭**

આ સમયસાર, બંધ અધિકાર ચાલે છે. અનાદિથી અજ્ઞાની પોતાના વિપરીત અભિપ્રાયથી, જે જગતમાં પોતાથી નથી બનતું એને બને છે એમ માને છે, એ જ મિથ્યા અભિપ્રાય અને સંસારમાં રખડવાનું કારણ છે. એ વ્યાખ્યા વિશેષ કહે છે.

૨૫૭ અને ૨૫૮.

**जो मरदि जो य दुहिदो जायदि कम्मोदएण सो सव्वो।**
**तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा।।२५७।।**
**जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदएण चेव खलु।**
**तम्हा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा।।२५८।।**

**મરતો અને જે દુખી થતો-સૌ કર્મના ઉદયે બને,**
**તેથી 'હણ્યો મેં, દુખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૭.**
**વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**'મેં નવ હણ્યો, નવ દુખી કર્યો'-તુજ મત શું નહિ મિથ્યા ખરે? ૨૫૮.**

અહીં ભાષા સંયોગની છે.

**ટીકા :- 'જે મરે છે...'** એટલે શું? કાંઈ આત્મા મરે છે એમ નથી. આત્માને જે આ શરીરનો સંયોગ છે એનો વિયોગ થવો તેને મરણ કહે છે. **'અથવા જીવે છે,...'** એને પણ જે આ શરીરનો સંયોગ છે એમ રહે છે એને જીવે છે એમ કહેવામાં આવે છે. **'દુઃખી થાય છે...'** એટલે કે એને પ્રતિકૂળ સંયોગ સાંપડે છે. કોઈપણ પ્રાણીને પ્રતિકૂળ સંયોગ સાંપડે છે એને દુઃખી (કહે છે). એટલો અર્થ છે અહીંયાં. **'અથવા સુખી થાય છે,...'** સુખી એટલે અનુકૂળ સંયોગ સાંપડે છે. એની વ્યાખ્યા સુખી થાય છે એમ છે. સુખી માને છે એ અત્યારે પ્રશ્ન નથી. સમજાય છે કાંઈ? ભાષા તો એવી છે. આ બધી સંયોગની ભાષા છે.

જે કોઈ પ્રાણી એને શરીરનો સંયોગ છે તેનો વિયોગ થાય છે એટલે મરે છે. એમ. એને શરીરનો સંયોગ છે તે રહે છે એ જીવે છે. દુઃખી થાય એટલે જેને પ્રતિકૂળ સંયોગ અનિષ્ટ મળે છે તે દુઃખી છે એમ કહે છે અત્યારે. એ દુઃખી છે એમ નહિ. પણ એને દુઃખનો સંયોગ મળે છે અને જેને ઇષ્ટ સંયોગ મળે છે **'તે ખરેખર પોતાના કર્મના ઉદયથી**

**જ થાય છે,...**' તે તે જીવના પૂર્વના બાંધેલા કર્મને કારણે આયુષ્ય હોય તો તે જીવે, આયુષ્ય ન હોય તે મરે. અશાતાના ઉદય હોય તો પ્રતિકૂળ સંયોગ આવે, શાતા ઉદય હોય તો અનુકૂળ આવે. એ એના કર્મને કારણે આવે છે.

'**કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં તેનું તે પ્રમાણે થવું...**' એના કર્મના ઉદય વિના તે પ્રમાણે મળવું, જીવવું, ઈષ્ટ-અનિષ્ટનો સંયોગ, પ્રાણઘાત, પ્રાણ રક્ષા, ઈષ્ટ સંયોગ, અનિષ્ટ સંયોગ એ એના કર્મના અભાવમાં તે થવું અશક્ય છે. '**માટે મેં આને માર્યો,...**' મેં આને માર્યો. મેં આની હિંસા કરી એ અભિપ્રાય મિથ્યાત્વ છે. શેઠી! શું છે? મેં જીવાડ્યો, મેં આને જીવનદાન આપ્યું, અભયદાન આપ્યું. લ્યો. કહો, શેઠી! શેઠ! આ શેઠ તો બહુ કરતા હશે આ બધાને. પૈસા-બૈસા આપીને જીવાડતા હશે કે નહિ?

કહે છે કે મેં આને જીવાડ્યો, આટલા નોકરોને, આટલા માણસોને, આટલાને જીવતર મેં કર્યું. એવા માનનારા મૂઢ, મિથ્યા અભિપ્રાયવાળા છે. એ સર્વજ્ઞના જ્ઞાનને જાણતા નથી કે તે કાળે તેનું મૃત્યુ, જન્મ કે સુખ-દુઃખનો સંયોગ તેને આવવાનો એ તો ભગવાને જોયો છે. એના કર્મના કારણે. એમાં આ માને કે મેં આને જીવાડ્યો, માર્યો કે સુખી-દુઃખી કર્યો એ અભિપ્રાય, માન્યતા સત્યથી વિરૂદ્ધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ આપતો હતો? ધૂળ? કોણ આપે છે? બે હજાર ક્યાં એના હતા? એ તો જડની અવસ્થા છે. એય.. શેઠ! ત્યાં પણ કહ્યું હતું. બધી વાત નહોતી થઈ ત્યાં (સંવત) ૨૦૧૩માં? ઓલા કહે, પાંચ હજાર આપો, આ કહે, ત્રણ હજાર, વળી કહે અગિયાર હજાર એમ કાંઈક ચાલતું હતું. એવું સાંભળ્યું હતું ત્યારે. શોભાલાલજી! હતા તમે? ૧૩મી સાલમાં નહિ? આ કહે પાંચ હજાર. ત્યારપછી વર્ણીજી કહે અગિયાર હજાર હળવે હળવે સાગરમાં જતા થઈ જશે. એવું સાંભળતો હતો. હું તો બેઠો હતો ત્યાં.

અહીં કહે છે કે ભાઈ! એ સંયોગ બીજાને અનુકૂળ મળવા એ તો એના કર્મને કારણે છે. બીજો કહે કે હું આને અનુકૂળતા આપું છું, એ વાતમાં માલ એકેય દોકડો સાચો નથી. કહો, સમજાણું? અને આને મેં દુઃખી કર્યો, મેં એને પ્રતિકૂળ સંયોગ આપ્યા, ઝેર આપ્યું ને મરી ગયો, સહન કર્યું ને આમ થયું, મેં દુઃખી કર્યો. એ માન્યતા પરને દુઃખી કરી શકે એ ત્રણ કાળમાં કોઈ કરી શકતો નથી. અને સુખી કર્યો. મેં અનુકૂળ સંયોગ એને આપ્યા. '**એવું દેખનાર અર્થાત્ માનનાર...**' ખરેખર મૂઢ અને '**મિથ્યાદષ્ટિ છે.**' એને ધર્મની દષ્ટિની ખબર નથી. આહાહા..!

'**ભાવાર્થ :- કોઈ કોઈનું માર્યું મરતું નથી,...**' બીજાના મરણને કોઈ કરી શકતું

નથી. '**જિવાડ્યું જીવતું નથી,...**' બીજાના જીવાડવાના અભિપ્રાયથી કાંઈ બીજો જીવતો નથી.

મુમુક્ષુ :- જિવાડ્યું જીવતો નથી એ વાત બરાબર છે. ...

ઉત્તર :- ત્યારે માર્યો મરતો નથી. બે એક જ છે. બીજાનું મૃત્યુ થાય દેહનો વિયોગ તે એને કારણે થાય છે. આને કારણ થાય છે? એનું આયુષ્ય પૂર્ણ થયું તો થાય છે. ઘણાં બચાવવા માગે. સમજાય છે? પણ બચતા નથી.

કહ્યું ને ત્યાં એક ફેરી? વીંછીયામાં બન્યું હતું એક ફેરી. તળાવ હતું ને તળાવ. પાણી સૂકાઈ ગયું. બહુ માછલા, મગર, બહુ માછલા. વિંછીયાવાળા શેઠિયાઓને બોલાવ્યા. વિંછીયા. પ્રેમચંદભાઈને એ બધા હશે કે નહિ તે દિ'? ક્યાં હશે ખબર નહિ. બધાને બોલાવ્યા. આલો ખાચર હતા દરબાર. બોલાવ્યા. જો ભાઈ! આ તમારે લઈ જવા હોય તો લઈ જાવ. નહિતર હું તો ખાતરમાં નાખીશ. ખાતર સમજ્યા? ખાત-ખાત. કારણ કે લાખો માછલા. પાણી સૂકાઈ ગયું. બહુ થોડું પાણી રહ્યું. ખદબદ એકલા માછલા. મગરમચ્છ નાના નાના. તો દરબાર કહે, જો ભાઈ! તમારે લઈ જવા હોય તો લઈ જાવ કોઈ રીતે. નહિતર હું તો ન્યાંથી ઉપાડીને ગાડામાં નખાવીને ખાતમાં નાખીશ. ખાત સમજ્યા ને? ખાતર કરીશ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખેતરમાં જ ચાલે. જીવતા નાખે ને મરી જાય. મરીને પછી ગંધાય ને સડો થાય. આ શેઠિયા કહે ભાઈ! એમ અમે માલ ન નાખવા દઈએ. પછી મોટા ટીપ પાણીના ભરી ભરી. ટીપ હોય ને ટીપ પાણીના મોટા? ગાડામાં લઈ અને માછલાને નાખ્યા. નાખીને પછી કૂવા હતા, પાણીના કૂવા. એમાં નાખ્યા મહાજન લોકોએ. પણ જેવા નાખ્યા એવા ત્યાં મરી ગયા. પાણી પ્રતિકૂળ પડ્યું.

મુમુક્ષુ :- ન બચાવી શક્યા.

ઉત્તર :- ન બચાવી શક્યા. દરબારથી તો ત્યાં એને કહ્યું કે ભાઈ! અમે તો લઈ જશું. અમે ખાતરમાં.. વાણિયા બેઠા અમે આવું ન જોઈ શકીએ. લઈ ગયા જ્યાં કર્યું. પછી હાહાકાર. જેમ કૂવામાં નાખ્યા, નાખ્યા ભેગા મરી જાય, નાખ્યા ભેગા મરી જાય. ખલાસ. એ પાણી જ પ્રતિકૂળ પડ્યું. પાણી સમજ્યાને? જળ. મરી ગયા. એથી જીવાડવાનો ભાવ છતાં આયુષ્ય નહોતું તો જીવાડી શક્યા નહિ. કહો, સમજાય છે કાંઈ? અને મારવાનો ભાવ હોય છતાં એનું આયુષ્ય પૂરું ન થાય એને કોઈ મારી શકે નહિ. આયુષ્યની દોરી લંબાવી શકે કે એક સમયની ઘટાડી શકે, બીજો ત્રણ કાળમાં કાંઈ કરી શકે નહિ. કહો, સમજાણું? તેથી જે મારવા-જીવાડવા આદિનો અભિપ્રાય કરે, શ્રદ્ધા કરે, માન્યતા કરે, પરિણામ કરે તે તો મિથ્યા-

જૂઠી દૃષ્ટિવાળો પાખંડી છે. આહાહા..!

મુમુક્ષુ :- ગાડાના ગાડા ભર્યા છે.

ઉત્તર :- ગામના ગામ ભર્યા છે. અનાદિથી એમ ને એમ છે. દૃષ્ટિ જેની વિપરીત છે. હું તો એ આત્મા છું. કરું કોને? શું કરું? એની પર્યાય તે કાળે થાય, તે ક્રમસર થાય છે એને હું કરું કેમ? અને તે પર્યાયને રોકું કેમ? એવું જેને ભાન નથી એ પરની ક્રિયાનો કર્તા થાય છે. કહો, ધન્નાલાલજી!

મુમુક્ષુ :- આ તો મુનિ થવા વખતની વાત છે.

ઉત્તર :- આ તો ત્રિકાળની વાત છે. મુનિ થવાની વાત ક્યાં છે? એ દુનિયા એમ કહે છે. દુનિયા એમ કહે છે.

એક આજ ક્રમબદ્ધનો લેખ આવ્યો છે આમાં. અમરચંદજી છે ને. ક્રમબદ્ધ. ક્રમ જ છે. ક્રમબદ્ધ જ હોય. અહીં તો વાંચ્યું ને પછી (લખ્યું છ). દરેક ક્રમબદ્ધ છે. જડ અને ચૈતન્યનું જે સમયે જે થાય તે નિયત જ છે. ભગવાનના જ્ઞાનમાં બધું નિયત જ ઝળકી રહ્યું છે. બધું લખ્યું છે. પણ જરીક પાછો પોતાનો દાખલો (આપ્યો છે કે), ભગવતી સૂત્રમાં... એમ કરીને નાખ્યો દાખલો. ભગવતી સૂત્રમાં એમ કે ગોશાળાના ભવ ભગવાને કહ્યા છે તે આવે છે ભગવતી ૧૫માં સૂત્રમાં. ગોશાળો કહ્યું ને. ગોશાળો-બોશાળો કાંઈ નથી. જૈનદર્શનમાં છે નહિ પણ એનામાં નાખ્યું છે. એમ કે દાખલો આપ્યો છે. ભગવતી સૂત્રમાં ગોશાળાનો મોટો અધિકાર અમારે ત્યાં ચાલતું હતું બધું ને. ૭૨ની સાલથી ચર્ચા ચાલતી હતી. ગોશાળાના ભવ.. ભગવાને કહ્યું છે કે જુઓ! ગોશાળો મરી ગયો ત્યારે તો મિથ્યાદૃષ્ટિ તરીકે મરી ગયો. પણ પછી ભવિષ્યમાં એ મોક્ષ જવાનો છે એમ લખ્યું. આવા આવા ભવ કરી એકેન્દ્રિયમાં જશે, મરશે નરક (જશે), પછી છેવટે આ પ્રમાણે કેવળ પામશે અને મોક્ષ જશે. ત્યારે જુઓ ભગવાને એનું દીઠું, કે આ પ્રમાણે થશે. ફેરફાર થશે? એમ કરીને એણે દાખલો આપ્યો. સમજાણું કાંઈ?

પણ ખરેખર તો ભગવાને જે દીઠું એવું જેણે માન્યું છે એની દૃષ્ટિ તો આત્મા ઉપર જાય એમ વાત છે. આ મૂળ મુદ્દો રહી જાય છે. સમજાય છે કાંઈ? ભગવાને જે ક્રમબદ્ધ જ્યાં કીધું છે સર્વવિશુદ્ધ અધિકારમાં આચાર્યે, ત્યાં તો અકર્તાપણું સ્થાપ્યું છે. એ સિદ્ધ કરવું છે. જે જગતની ચીજ છે પોતા સિવાય કે પોતે, જે એના ક્રમસરના નિયમમાં જે દશા થાય છે એ થાય તેને કરવું શું? ન થાય તેને કરવું શું? એટલે પોતે જ્ઞાયક ચૈતન્ય છે, હું શુદ્ધ જાણનાર-દેખનાર આનંદ છું એવી દૃષ્ટિ થતાં તેને ક્રમબદ્ધનું ફળ યથાર્થ આવે છે. નહિતર તો બોલકો થઈને સ્વચ્છંદી થશે. અમરચંદભાઈ!

સર્વવિશુદ્ધ અધિકારમાં એમ લીધું. ઘણીવાર કહ્યું છે એ. '**अकर्तृत्वं आख्याति**' અકર્તાપણું કહે છે. કોની પર્યાય કરે? ભાઈ! જડ અને ચૈતન્ય બધા સ્વતંત્ર તેની વર્તમાન અવસ્થાએ થઈ રહ્યા છે એને હું શું કરું? અને મારી અવસ્થા પણ ક્ષણે ક્ષણે અનંત ગુણનું પરિણમન થઈ રહ્યું છે. થયું છે એને કરવું શું? થાય છે તેને છોડવું શું? એનો અર્થ જ છે કે આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ ક્રમબદ્ધવાળાની ત્યાં ઢળી જાય છે. ઢળતા તે રાગનો અને પરનો અકર્તા થાય છે. એનું નામ ક્રમબદ્ધનો સાર જ્ઞાતા અને દૃષ્ટા છે. આ સાર આવ્યા વિના ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કર્યા કરે.. સમજાય છે?

એવા દાખલા તો ઘણાં આપ્યા છે કે જો ભાઈ અતિમુક્ત કુમારને આમ હતું, ફલાણું આ હતું. આવે છે ને ઓલું? અતિમુક્ત કુમારે કહ્યું હતું. એમાં આવે છે. આ શ્રીકૃષ્ણની માતા હતા ને? દેવકી. એ દેવકીના લગન થતા હતા. એમાં આવે છે. લગન થતાં ને ત્યારે એ બાઈ એને... એમાં અતિમુક્ત કુમાર સાધુ એક આવ્યા. આવ્યા એટલે આણે મશ્કરી કરી આની. કે જો આ કેવા? એટલે અતિમુક્ત કુમારનો લેખ એવો એમાં આવે છે. કે આ તું મશ્કરી કરે છે પણ યાદ રાખ કે આ જેનું માથુ ચોળે છે એના લગન થાય છે ને? એનો દીકરો તારા ધણીને મારી નાખશે. ઓલા કંસને.

મશ્કરી મુનિની મશ્કરી કરી. મુનિને એમ જરી આવી ગયું. લગન થતા હતા દેવકીના. કૃષ્ણની માતાના. એટલે એમાં લગનનો મહોત્સવ અને એ પાછા ગરાસિયા ખરાને આમ તો. અને ઓલી હતી કંસની .. આ પ્રમાણે મશ્કરી કરી. લ્યો, આ સાધુ જુઓ! રાજકુમાર નાગા અને ચાલી નીકળ્યા છે. સમજાય છે ને? આ લગન થાયને જુઓ, આ વસ્તુ (છે). એમ. મશ્કરી કરી એટલે એનાથી થયું કે યાદ રાખ, જેના લગન કરવાની તું હોંશમાં છો એનો દીકરો તારા ધણીને મારી નાખે છૂટકો. તારા કંસને મારી નાખશે. મુનિનું વચન ફર્યું અને ઘણો બચાવ કર્યો. બચાવ ઘણા કર્યા કૃષ્ણને મારી નાખવાના.

ત્યાં જન્મ્યા ક્યાં? કેમ કર્યું? બહુ કર્યું છે એણે. દેવકીને જો દીકરો થાય એને મને બતાવવો. મારે ઘરે લાવવો. સમજ્યાને? પણ આને જ્યાં થયો. અને વાસુદેવ એના પિતાજી હતા ને વાસુદેવ? એને એકદમ લઈ ગયા. હાથમાં લઈ, લઈ ગયા બહાર. દ્વારકાની બહાર. ઓલી નદી હતી મોટી. વચમાં મોટી નદી હતી. ગોકુળ સામે હતું. વચ્ચે મોટી નદી. પણ આ પુણ્યશાળી પુરુષ છે ને? શ્રીકૃષ્ણ. એ જ્યાં આમ ગયા ત્યાં નદીએ માર્ગ આપી દીધો. નદીએ માર્ગ આપી દીધો. રસ્તામાં અંધારું તો એક બળદ દેવ થઈને આવ્યો. પુણ્યશાળી છે ને!

શ્રીકૃષ્ણ નાના છે. વાસુદેવ છે. જન્મનો પહેલો દિ' થયો છે. જ્યાં આમ લઈ જાય

છે. અંધારું ઘોર, દરવાજા બંધ, પોતે બળદેવ અને શ્રી કૃષ્ણના પિતા. તો એક દેવ બળદ થઈને આવ્યો. શીંગડા ઉપર બત્તી. ચડાવ્યા બે. ખાનગી લઈ જવા. કોઈને ખબર ન પડે. દરવાજો આવ્યો તો દરવાજો ફટ ખુલી ગયો. શ્રીકૃષ્ણનો પગ અડ્યો જ્યાં અંદર તો દરવાજો ખુલી ગયો. પુણ્ય છે ને. જ્યાં નદીમાં જુઓ તો બે પુર પાણી. કારણ કે ચોમાસાનો જન્મ હતો. બે પુર પાણી. શું કઈ નદી કહેવાય એ? યમુના નદી. આપણે આવી હતી ને? આ આગ્રા નથી? આ કાંઠે જમુના અને ઓલે કાંઠે ગોકુળ. હમણાં ગયા હતા ને ત્યાં. એટલે ત્યાં પાણી પણ જ્યાં શ્રીકૃષ્ણને લઈ ગયા, (ત્યાં) બે પાણીના કટકા.

દેવ આવ્યો દેવ. ચાલ્યા ગયા અંદર. આ રીતે પાછું તપાસ કરી કંસે. કોણ લઈ ગયું? ક્યાં ગયો? કહે, ક્યાંય નથી. એ તો એક દીકરી જન્મી હતી એમ કહીને.. પછી પણ મારવાનું ઘણું કર્યું છે. પણ જે બનવાનું છે એને કોઈ ફેરવવા ત્રણ કાળમાં સમર્થ નથી. ઘણાં પુરુષાર્થ કર્યા. એ કૃષ્ણને લાવ્યા કંસની સામે. એને ખબર પડી કે કો'ક પુરુષ છે જાગી ઉઠ્યો છે. જ્યોતિષે કહ્યું, તમને મારનારનો જન્મ થઈ ગયો છે. અને ઉછરે છે કોઈક ઠેકાણે. કાંઈ નામ નહિ. અમુક ઠેકાણે ઉછરે છે. બહુ તપાસ કરી પણ ચાલ્યું નહિ. અંતે પછી આવે છે લડાઈ કરવા. બધાને બોલાવે છે. એમાં કૃષ્ણની નાની ઉંમર છે. અને ભરવાડનું રૂપ છે ને. ભરવાડને ઘરે ઉછર્યા છે ને. મોરપીંછીનો મુગટ છે. યુવાન અવસ્થા નાની. આવે છે. પછી ખબર પડે છે.

વાસુદેવને બધા બેઠા છે સભામાં. એને ઈશારો કરી દીધો કે જો ઓલો કંસ છે. એ તને મારી નાખવા માટે બોલાવ્યો છે. ઈશારો કર્યો. ઉછળ્યો. ઉછળ્યા ભેગો એને ઝાલ્યો. કંસનો ચોટલો ઝાલીને પછાડ્યો ફડાક દઈને. રાજ સભા હોં! રાજાઓ હજારો રાજા. એમાં કંસનું ચાલે એટલું (જોર કર્યું). મારી નાખ્યો. થવાની પર્યાય ભગવાને પહેલેથી (જોઈ છે). મુનિએ કીધી હતી. ફરે નહિ.

જે બનવાની પર્યાયના સંયોગો બનવા એ બનવાના. કોઈથી માર્યો મરે નહિ. એનું આયુષ્ય જ પૂરું થવાનું હતું ત્યાં. શ્રીકૃષ્ણે માર્યા એ વાત છે નહિ. એણે માર્યા નથી. એ તો નિમિત્તથી વાત છે. એની આયુષ્યની સ્થિતિ પૂરી થવાની હતી. એય.. શોભાલાલજી! સ્થિતિ પૂરી થઈ. છતાં બીજો કહે કે મેં આને મારી નાખ્યો. મૂઢ છો. શું તારી અવસ્થાના તારા પરિણામ ત્યાં કામ કરતા હશે? એની અવસ્થા ત્યાં મરવાની દેહની છૂટી થવાની છે. મોટો રાજા હતો. આમ મોઢું ફાટીને પડ્યો છે. જાણતા હતા. વાસુદેવ છે. માર્યે છૂટકો, મારી નાખ્યે છૂટકો. વાસુદેવને કોઈ મારી શકે નહિ.

એમ અહીંયાં કહે છે, કોઈનું માર્યું મરે નહિ, કોઈનું જીવાડ્યું જીવે નહિ. સમજાણું કાંઈ?

રાવણને (ત્યાં) લેવા આવ્યા સીતાજીને. સીતાજીને લેવા આવ્યાને રામ અને લક્ષ્મણ? વિભીષણે કહ્યું, બંધવ! છોડી દ્યો સીતાને. એને ખબર નહિ કે આ બળદેવ વાસુદેવ છે. બળદેવ-વાસુદેવ છે. તમે ન જાણો કે વિદ્યા મને આટલી આવડે છે એટલે. મોટો વિદ્યાનો જાણનાર. ત્રણ ખંડ સાધેલા. દેવો વશ જેને રાવણને. દેવો વશ જેને. કહે છે, કોણ મારનાર છે? રામચંદ્ર, લક્ષ્મણ બળદેવ-વાસુદેવ છે. વિભિષણ કહે છે કે શાસ્ત્રમાં મેં વાંચ્યું છે, શાસ્ત્રમાં લખાણ છે કે બળદેવ વાસુદેવ પ્રતિવાસુદેવને મારે છૂટકો. આ સ્થિતિ ભગવાનના શાસ્ત્રમાં કહી છે માટે તમે છો પ્રતિવાસુદેવ, એ છે વાસુદેવ. અરે..! એ શું કરવાનો છે?

રાવણે બહુ અપમાન કર્યું વિભિષણનું. વિભિષણ ચાલી નીકળ્યા એને છોડી દઈને. તારું થાવું હોય તો થાય, હું તો રામ પાસે જાઉં છું. પછી ટાણા આવ્યા ત્યારે રાવણને મારી નાખ્યા લક્ષ્મણે. જે અવસ્થા ત્યાં થવાની એને કોઈ કરી શકે કે એને કોઈ રોકી શકે એમ ત્રણ કાળમાં છે નહિ. અજ્ઞાનીને અભિમાન થાય છે. એ તો પછી એને એમ થયું છે. લક્ષ્મણથી રાવણ મર્યા. ઘરે ગયા છે મંદોદરી પાસે. રામચંદ્ર અને લક્ષ્મણ બેય હોં! અરે.. બા! બહેન! માતા! આ અમે નથી, આ તો અમારી પદવી છે ને એ પ્રમાણે બન્યું છે. આ જગતનો મોટો ત્રણ ખંડનો ધણી હતો. અમારી સામે ઊભો રહે એવો એ એક જ હતો. પણ સ્થિતિ આવી છે. અમારી પુણ્ય પ્રકૃતિ એવી છે અને આ સ્થિતિ આમ જ બનવાનું હોય એટલે એમાં શું થાય? પછી એને સ્મશાનમાં.. શું કહેવાય તમારે એ? સ્મશાનયાત્રા. રામ-લક્ષ્મણ સાથે સ્મશાન (ગયા). મહાપુરુષો છે ને! ઉત્તમ પુરુષો છે. શલાકા પુરુષો છે. સાથે સ્મશાનમાં ગયા. બાળે છે તો તળાવને કાંઠે બેસે છે રામ-લક્ષ્મણ. અમે કાંઈ મારવાના નહોતા. પણ હવે આ પ્રમાણે એની સ્થિતિ જ એવી અને અમારું નિમિત્ત જ એવું અમારું. અમે પુણ્યવંત પ્રાણી છીએ. બળદેવ-વાસુદેવ છીએ. એમાં બીજું થાય નહિ. માટે આ બન્યું છે. માતા માફ કરજે. સમજાણું કાંઈ? એ મારી શક્યા છે નહિ. એની સ્થિતિ જ એટલી પૂરી થવાની હતી. ધર્મી જીવો એમ થાય તો માને છે કે મેં આને માર્યા નથી. શોભાલાલજી! ભારે વાત, ભાઈ! એ નિશ્ચયનું વચન એટલે સાચું વચન છે કે બીજાને જીવાડી અને મારી શકું એ માન્યતા મિથ્યાત્વનું વચન છે.

**'અહીં વ્યવહારનય ગૌણ છે.'** બોલવામાં આવે. ઓલામાં લખ્યું છે આ કે જે બોલવામાં આવે એમ માની લે તે મૂઢ છે. એમ લખ્યું છે ભાઈ! આમાં કળશમાં. બોલવામાં આવે. એમ છે ક્યાંક. સમજ્યાને? શેમાં હશે આ? કળશ કેટલામો ચાલે છે આ? એ ક્યાંક છે એવું. એમ કે આ પ્રમાણે બોલવામાં આવે એમ માને તો મિથ્યાદષ્ટિ છે. આ જુઓ! (સમયસાર કળશટીકા) ૧૬૮ કળશ છે ને. **'આ જગતમાં જીવોને મરણ, જીવિત-પ્રાણરક્ષા, દુઃખ-**

**અનિષ્ટ સંયોગ, સૌખ્ય-ઈષ્ટપ્રાપ્તિ એવા કાર્યને કરે છે. ભાવાર્થ આમ છે કે અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેણી છે....**' અજ્ઞાની મનુષ્યોમાં એવી કહેણી છે કે '**આ જીવે આ જીવને માર્યો, આ જીવે આ જીવને જીવાડ્યો, આ જીવે આ જીવને સુખી કર્યો, આ જીવે આ જીવને દુઃખી કર્યો'-આવી કહેણી છે. ત્યાં એવી જ પ્રતીતિ જે જીવને હોય તે જીવ મિથ્યાદષ્ટિ છે.**' કહેવામાં આવ્યું પણ માની લે એમ (તો) એ મૂઢ છે, અજ્ઞાની છે. એને પાપના ભાવની ખબર નથી. '**એમ નિઃસંદેહ જાણજો.**' નિઃસંદેહ જાણજો કે બીજાને મેં સુખી કર્યો, દુઃખી કર્યો એ કહેવામાં આવે છે. પણ અંતરમાં માને (તો એ) મિથ્યાદષ્ટિ મૂઢ જીવ. કહો, સમજાણું કાંઈ? '**સંશય કાંઈ નથી. શા માટે જાણવું કે મિથ્યાદષ્ટિ છે?**' શા માટે જાણવું કે મિથ્યાદષ્ટિ છે. એમ. કહો, સમજાણું કાંઈ?

'**હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-**' શ્લોક છે ને ૧૭૦.

**मिथ्यादृष्टेः स एवास्य बन्धहेतुविपर्ययात्।**
**य एवाध्यवसायोऽयमज्ञानात्माऽस्य दृश्यते।।१७०।।**

**શ્લોકાર્થ :-** અસત્યદષ્ટિ '**મિથ્યાદષ્ટિને...**' જેની દષ્ટિમાં સત્યતા નથી અને અસત્યની દષ્ટિ જેને છે. '**જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે...**' એને અજ્ઞાનસ્વરૂપ એવો અધ્યવસાય. એની વ્યાખ્યા કરી. '**જે પરિણામ મિથ્યા અભિપ્રાય સહિત હોય (-સ્વપરના એકત્વના અભિપ્રાય...**' શું કહ્યું? આને જીવાડી શકું એ સ્વપરની એકતાબુદ્ધિ છે. આને મારી શકું એ સ્વપરની એકતાબુદ્ધિ છે. આને (ઈષ્ટ) સંયોગ આપી શકું એ સ્વપરની એકતાબુદ્ધિ છે. એમ આને અનિષ્ટ સંયોગ આપું એ પણ સ્વપરની એકતાબુદ્ધિ છે. બે ભિન્ન છે એનું એને ભાન નથી. કહો, શેઠી! આ છોકરાઓ-બોકરાઓ તો કરતા હશે કે નહિ બાપને સારું? જીવાડીને મદદ કરે એવું કરતા હશે કે નહિ?

મુમુક્ષુ :- ભાવ કરે, બીજું શું કરે?

ઉત્તર :- ભાવ કરે. આહાહા..!

રાગ આવે છતાં એ તો જ્ઞાનીને રાગ હોય છતાં એ રાગનો કર્તા નથી. પરનો કર્તા તો નથી પણ રાગનો પણ કર્તા ધર્મી નથી. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! ધર્મદષ્ટિ જરી અપૂર્વ છે. ધર્મદષ્ટિ એટલે ધર્મ એટલે? આહાહા..! ભગવાન આત્માનો 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' ભાઈ! તું આત્મા છો ને. જ્ઞાન સ્વરૂપ છો, આનંદ સ્વરૂપ છો એવી દષ્ટિ કર, એવી શ્રદ્ધા કર, પરને મારી શકું, પરને જીવાડું શકું એ અભિપ્રાયને છોડી દે. એ પરનું કાંઈ કરી શકવા સમર્થ છે નહિ. આ રળી શકે તો ખરો કે નહિ પૈસા? અનુકૂળ બુદ્ધિવાળો હોય એ. કહો, એ તો ખરું

કે નહિ? શોભાલાલભાઈ! બુદ્ધિવાળો ડાહ્યો માણસ હોય તો...

મુમુક્ષુ :- જૂઠી માન્યતા છે.

ઉત્તર :- જૂઠી માન્યતા છે? માન્યતા એવી છે. માન્યતા જૂઠી છે. પૈસા રજકણો એને કારણે આવે. એને ઠેકાણે આ માને મૂઢ કે મેં બરાબર વ્યવસ્થા રાખી માટે આ પૈસા આવ્યા. કહે છે કે અસત્ય દૃષ્ટિ છે ભાઈ તારી. મિથ્યાદૃષ્ટિનું પાપ તને લાગે છે. આહાહા..! લાભ થાય છે મિત્યાત્વ ભાવનો.

મુમુક્ષુ :- લાભ થાય છે ને.

ઉત્તર :- એ મિથ્યાત્વ ભાવનો લાભ છે ને ઈ? નુકસાનનો પણ લાભ છે ને? આહાહા..!

મિથ્યાદૃષ્ટિને આ અજ્ઞાન અધ્યવસાય છે તે સ્વપરમાં એકતારૂપ છે. અથવા વિભાવિક હોય તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. '**(મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય-એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.**' નિશ્ચય અભિપ્રાય ખોટો એવા અર્થમાં પણ અધ્યવસાય વપરાય છે. '**વિપર્યયસ્વરૂપ હોવાથી, તે મિથ્યાદૃષ્ટિને બંધનું કારણ છે.**' અજ્ઞાનીને પરને જીવાડું, મારું, સુખી-દુઃખી કરું, સંયોગ આપું. સમજાય છે? નાનાથી આને મેં મોટા કર્યા, આને મેં ઉગાર્યા, આને મેં જીવાડ્યા એ મૂઢ પરદ્રવ્યની ક્રિયાનો કરનાર થાય છે. એ માન્યતામાં મિથ્યાત્વભાવ પાપનું કારણ છે.

'**ભાવાર્થ :- જૂઠો અભિપ્રાય તેજ મિથ્યાત્વ, તે જ બંધનું કારણ-એમ જાણવું.**'

'**હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :**' ૨૫૯ ગાથા.

**एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्ते त्ति।**
**एसा दे मूढमदी सुहासुहं बंधदे कम्मं।।२५९।।**
**આ બુદ્ધિ જે તુજ-'દુખિત તેમ સુખી કરું છું જીવને',**
**તે મૂઢ મતિ તારી અરે! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.**

'**ટીકા :- પર જીવોને હું હણું છું,...**' ભાષા તો આવી ચોખ્ખી છે છતાં એવું કહે છે કે એ તો અહંકાર કરે તો પાપ છે. કરી તો શકે. ભગવાન! આ શું કરે છે? સમજાણું? ક્રમબદ્ધની પર્યાયને તો મારીને ભુક્કો વાળે છે. ક્રમબદ્ધપર્યાય તો નિયતિવાદ. તમે નિયતિવાદીઓ. એમ કહે છે ભાઈ ફૂલચંદજીને. એમાં લખ્યું છે. તમે નિયતિવાદીઓ. તમારે પુરુષાર્થ હોય નહિ. ત્યારે આણે કહ્યું, તમે નિમિત્તવાદીઓ તમારે પુરુષાર્થ હોય નહિ. કારણ કે તમારે નિમિત્તથી થાય એટલે તમારા પુરુષાર્થથી તમારું કાર્ય થાય નહિ. નિમિત્ત આવે તો અમે પુરુષાર્થ કરી શકીએ ધર્મનો. સારા નિમિત્ત આવે તો કરી શકીએ. પણ તારા દ્વારા પુરુષાર્થ

થાય એ તારે રહેતું નથી. માટે નિમિત્તવાદીઓને પુરુષાર્થ ન હોય એ વાત બરાબર છે. પણ નિયતિવાદીને તો નિયતનું જ્યાં નક્કી કર્યું એને તો પુરુષાર્થ હોય જ. આહાહા..! પુરુષાર્થ વિના નિયતનું નક્કી શી રીતે કર્યું? સમજાણું કાંઈ? એ નિયતિવાદીઓ! એમ કહીને કહ્યું છે. ફૂલચંદજીને કહ્યું છે, હોં!

ફૂલચંદજી કહે, ભાઈ! તમે અમને નિયતિવાદીઓ કહો છો. પણ ભાઈ! અમે નિયત એકલા નથી માનતા. અમે પાંચેય સમવાયને સાથે માનીએ છીએ. ભાઈ! ત્યારે જ એણે નિયતને એક અંગને માન્યું ક્યારે કહેવાય? કે પાંચેય અંગોને સાથે માને તો નિયતને માન્યું કહેવાય. એકલું નિયત માનીને સ્વચ્છંદ કરે અને પુરુષાર્થ સ્વભાવ સન્મુખ ન કરે અને નિયત માને એ તો એકાંત મિથ્યાદષ્ટિ છે. એણે માન્યું છે જ ક્યાં? સમજાણું કાંઈ?

કહે છે, '**પર જીવોને હું હણું છું, નથી હણતો,..**' હવે નહિ મારું તને, હોં! જા. માટે તું ઉગરી જઈશ. એ મૂઢ છે. કહો, સમજાણું કાંઈ? '**દુઃખી કરું છું, સુખી કરું છું...**' એમ આવે છે ને? શબ્દમાં આવે છે. ઓલામાં આવે છે. શ્રીકૃષ્ણ જ્યારે દ્રૌપદીને લેવા જાય છે ને? દ્રૌપદીને લઈ ગયો છે ને ઓલો રાજા? પ્રદ્યુમન બહાર લઈ ગયા છે. લવણ સમુદ્રની બહાર દ્રૌપદીને ઉપાડી ગયા છે. પોતે લેવા જાય છે કૃષ્ણ અને પાંચ પાંડવો. નદીમાં લેવા જાય છે. લઈને જ્યારે જાય છે. એટલે અહીં તો બહુ .. છે ને. પાંચ પાંડવો સાથે લડવા ગયા પણ ન પહોંચી શક્યા. શ્રીકૃષ્ણ જબ્બર. જ્યાં શંખ ફૂંક્યો ત્યાં માણસો ચાલ્યા ગયા. પછી હાથમાં બાણ લીધું અને ટંકાર કર્યો ત્યાં ત્રીજો ભાગ ચાલ્યો ગયો. રાજા કહે કે મારી નાખ્યા. હજી તો એકલો સામો આવે છે આ. બે ભાગ ગયા. એમાં તો હું ન્યાય ઉતારતો, મિથ્યાત્વ ગયું ત્યાં એક ભાગ નાશ થઈ ગયો બંધના કારણો. બીજું અજ્ઞાન ગયું તો નાશ થયો. હવે અસ્થિરતાનો થોડો ભાગ થોડો રહ્યો તો વયો જશે એની મેળાએ. ભાઈ! એમ ઉતારતા ત્યાં.

લડાઈમાં આવ્યાને પોતે શ્રીકૃષ્ણ? આમ શંખ ફૂક્યો છે ત્યાં એના કરોડો માણસ હતા એમાં ત્રીજો ભાગ ચાલ્યો ગયો. એમાં પછી હાથમાં જ્યાં ટંકાર લીધો રણકાર અંદર વાગ્યો, એના અંદર ઝણકાર (લાગ્યા), આ તે કેટલું બળ આનું! ભાગ્યો ત્રીજો ભાગ. પછી રહ્યો બાકી ત્રીજો. એની મેળાએ વયા ગયા. પ્રદ્યુમન ને પછી (દ્રૌપદી) પાસે આવે છે. હે માતા! ઉગાર હવે. મારી નાખશે આ. જુઓ! ઉગરવાનો આરો એક. બાયડીના લૂગડા પહેર. મારી નાખશે ઓલો શ્રીકૃષ્ણ. બળદેવ છે, ઉત્તમ પુરુષ છે. દંતવાક્ય છે. વાણી નીકળી એ નહિ ફરે એવો એ છે. શું કરું? ઓઢ ચુંદડી. એય.. શોભાલાલજી! ચુંદડી સમજો છો કે નહિ? ઓઢણી. સાડી-ઓઢણી. બીજા લૂગડા તો ભલે તારી પાસે રહ્યા. પણ ઓઢણી તો ઓઢ.

ઓઢણી લઈને આવ. મોઢા આગળ કરજે મને. શ્રીકૃષ્ણ છે, સિંહ છે વાસુદેવ. લેવા આવ્યા છે મને. મારા ભાઈ થાય છે. ચાલ્યો ભાઈ. શ્રીકૃષ્ણ જોવે છે આમ આવે છે. પણ સ્ત્રીના કપડા ને, ઉત્તમ પુરુષો હાથ ન નાખે. મા! હે રાજન! મારીશ નહિ. પણ ફરીને આવું કરીશ નહિ, હોં! આવી મારી બહેન કહેવાય દ્રૌપદી. એને તું આ ખંડની બહાર લાવ્યો. નથી મારતો એમ બોલ્યા વળી પાછા. નથી મારતો હોં તને. એમ કહ્યું. પણ એ તો નથી મારતો, નથી મરવાનો. સમજાણું કાંઈ? એને કહે છે કે હું નથી હણતો. એમ કહે ને? હવે તને નથી હણતો. પણ એ હણાવાનો હતો જ નહિ. હણાવાની યોગ્યતા હોય તો હણાયા વિના રહે નહિ. આરે..રે..! ભારે ભાઈ! હું હણું છું કે નથી હણતો એ બેય માન્યતા તારી જૂઠી છે.

'**દુઃખી કરું છું, સુખી કરું છું એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદષ્ટિને છે,...**' જેની ઊંધી માન્યતા છે એને આવી સ્વ-પરની એકતાબુદ્ધિનો અભિપ્રાય છે. કારણ કે બે જુદે જુદી ચીજ, એ જુદો જુદાનું કાંઈ કરી દે છે, લાવી દે છે, એ માન્યતા જ મૂઢ અજ્ઞાનીની છે. કહો, સમજાણું કાંઈ? કહો, આ છોકરાઓ માટે રાખે, પૈસા-બૈસા રાખે ત્યારે ઠીક રહે. એ માન્યતા કેવી હશે? એય...! શેઠ! આમ દસ-દસ લાખના મોટા બંગલા હોય લ્યો આરસપહાણના. દીકરાઓને કહે, તમારે હવે કરવું નહિ. અમે બધું કરી દઈએ. ધૂળેય કરતો નથી કહે છે. સાંભળને! માન્યતા તારી જૂઠી છે. આહાહા..! પણ એવું તો રહે કે નહિ થોડું? ન રહે? એઈ...!

મુમુક્ષુ :- ના, ના પ્રભુ! ના.

ઉત્તર :- શું ના? તમારો ઓલો રળાઉ થયો છે એટલે તમારે ના. હવે શું કહો છો તમે હવે? અહીં તો કહે છે કે કાંઈક પરના માટે રાખ પૈસા એ માન્યતા જ જૂઠી છે તારી. એ પૈસાનું રહેવું એ તો જડની ક્રિયા. પરનું રહેવું હોય તો થાય. તારાથી ત્યાં રહે અને તું ટાળવા માગ તો ટળી જાય એમ છે નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- હળવે હળવે ...

ઉત્તર :- હળવે હળવે ઉતરવા માટે હળવે હળવે કહીએ છીએ ને આપણે ક્યાં...?

એ આણે નાખ્યું છે જરી. જડનું આમ થાય ને? જડમાં ક્રિયાવર્તી શક્તિ નથી? બધું આપણું વાંચ્યું લાગે છે. જડમાં ક્રિયાવર્તી શક્તિ છે કે નહિ? ક્રિયાવર્તી શક્તિ છે કે નહિ? એમ લખ્યું છે હોં! પરમાણુ પણ પોતાની ક્રિયાવર્તી શક્તિથી આઘાપાછા જાય. બીજો કહે કે હું આ પૈસા-નોટ આપું છું. એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. આરે..! ભારે વાતું ભાઈ! એઈ..! સુમનભાઈ! આમાં ક્યાં પોગવું આમાં? આ તેલ-બેલને સાફ કરવું એ બધું કરે છે કે નહિ? શું કરવા તમને રાખ્યા છે? જનરલ મેનેજર રાખ્યા છે તમને ત્યાં. શેઠને કહે કે, પરનું કાંઈ

કરી શકતા નથી. તે કાળે તે પરમાણુની તે પર્યાય ત્યાં થવાની હોય તેને કાળે થાય. બીજો કહે કે મેં આનું કર્યું, એમ માન્યતા તે તદ્દન અજ્ઞાન છે.

મુમુક્ષુ :- બધાય .. મૂરખ.

ઉત્તર :- મૂરખના મુખિયા. મૂરખના મુખિયા નહોતું આવ્યું સવારમાં? ન્યાલભાઈ આવ્યું હતું કે નહિ? આહાહા..!

'એક સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા'. જેણે... આત્મા રાગ અને પુણ્ય-પાપમાં આકુળતાથી ભિન્ન છે. મારી ચીજમાં પુણ્ય-પાપના રાગ ઉઠે છે એ દુઃખ છે એનાથી હું ભિન્ન જુદો છું. એવું જેણે જાણ્યું અને માન્યું છે તે એક જીવ સુખી છે. સમજાય છે કાંઈ? એ દેડકામાં રહ્યો, દેડકામાં જીવ. પણ જેણે આત્માની દૃષ્ટિનો અનુભવ કર્યો છે, એ સુખી છે. પાણી નથી એની પાસે સંઘરવાનો દાણો નહિ. એક દાણા સંઘરવાનું સાધન નથી દેડકા પાસે. દેડકો સમજો છો? મંડુક, મંડુક, મેઢક. પણ જેણે આત્માને પરથી ભિન્ન અનુભવ્યો કે હું શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે એ હું નહિ. હું તો એનાથી જુદો આનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું. એવા સ્વભાવની શ્રદ્ધાનું વેદન કર્યું છે. કહે છે કે એ જીવ સુખી છે.

અને આ છ ખંડનો રાજા, જેને ઘરે છન્નું હજાર પદમણી જેવી સ્ત્રીઓ, એક એક દિવસના અબજો રૂપિયાના અબજોના અબજોની પેદાશ. નવ નિધાન ઘરે અને સોળ હજાર દેવ જેની સેવા કરે. કહે છે કે જેને આત્માની અંતર દૃષ્ટિ નથી એ અકળામણમાં દુઃખીયા છે. અકળામણમાં પડ્યા છે. આકુળતામાં પડ્યા છે. એમ હશે? રમણીકભાઈ! આ બધા શું આ બધા તમને કહે છે ને સુખી-સુખી? એમ ઘણાં કહે છે. લ્યો! સગાવ્હાલા બહુ કહે છે, સુખી છે. ચાર ભાઈઓમાં સંપ બહુ, પૈસા ઘણાં. સુખી છે એમ વાતું કરે માણસ.

મુમુક્ષુ :- એ તો બહારની દૃષ્ટિથી.

ઉત્તર :- બહારની દૃષ્ટિથી વાત કરે પણ એ સુખ ખોટી જ વાત છે. કહો, સમજાણું આમાં? કાંઈ સુખ નથી. બાપા! તને સુખ તે ક્યાં હોય? સુખ પરમાણુમાં હોય? સુખ શરીરમાં, ધૂળમાં હોય? એના કટકા કરે એમાં ક્યાંય સુખ છે? આહાહા..! સુખ નામનો ગુણ અને શક્તિ-સત્ત્વ ત્યાં રહ્યું છે. સુખ નામનો.. કોઈ સુખ છે ને? છે ને? તો એ છે ક્યાં છે? આહાહા..! ભાઈ! આનંદનું સત્ત્વ એનો ધરનાર સત્ તો આત્મા છે. એની દૃષ્ટિ અને જ્યાં સુધી એનો આશ્રય ન લીધો ત્યાં સુધી ગમે તેટલા તારા વિકારી ભાવ પુણ્ય-પાપના હો કે અનુકૂળ સામગ્રી હો. ભગવાન તો એમ કહે છે કે ભાઈ! દુઃખમાં મૂરખમાં મુખિયો. સમજાય છે કાંઈ? એ મૂરખમાં અને દુઃખમાં અગ્રેસર. સમજાણું?

કહે છે, '**તે જ પોતે રાગાદિરૂપ હોવાથી તેને શુભાશુભ બંધનું કારણ છે.**' લ્યો સમજાણું? રાગાદિરૂપ હોવાથી આને મારું, આને જીવાડું, આને સુખી-દુઃખી સંયોગ આપું, સારા નરસા આપું, મેં આને જીવાડી દીધો, મેં આને ઉગારી દીધો, મેં આને અનુકૂળ સંયોગ આપ્યા, પ્રતિકૂળ આપ્યા. એવી માન્યતા શુભાશુભ બંધનું કારણ છે. જુઓ! હવે અહીં શુભાશુભ લીધું, હોં! સંયોગમાં આપ્યા સુખના સંયોગ તો શુભભાવ છે ને. શુભભાવ છે અને આને આપું છું. એ મિથ્યાત્વ સહિત પુણ્યનું બંધન છે. મિથ્યાત્વ સહિત પુણ્યનું બંધન. શુભાશુભ લીધું ને? ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- મૂળમાં છે.

ઉત્તર :- છે ને પાઠ જ લીધો છે ને. '**सुहासुहं बंधदे कम्मं**'. બીજાને પૈસા આપીને આને સુખી કરું છું, એનો સંયોગ મેં આપ્યો એને એવા ભાવ બીજાને સુખી કરવાના, છે શુભ, પણ એની સાથે કરી શકું છું, આને દઈ શકું અને સુખી મેં કર્યો એવી ક્રિયા છે એ મિથ્યાત્વની છે. એ મિથ્યાત્વ સહિત એને શુભબંધન થાય છે. અને આને મારી શકું છું, દુઃખી કરી શકું છું. એ મિથ્યાત્વ સહિત પાપબંધન છે. સમજાણું કાંઈ? લ્યો! શુભ બંધાય છે કહે છે એને. શુભ તો બંધાય છે એમ કીધું. પાગલની પાસે પદમણી.

એમ અહીં કહે છે કે ભાઈ! તને આને જીવાડું, આને સુખી કરું એવો ભાવ છે એ છે શુભ, પણ એ કરી શકું છું, મેં આને સુખી કર્યો, મેં આને પૈસા દીધા, મેં આને આ કર્યું એ માન્યતા તારી મિથ્યાત્વ છે અને એમાં પુણ્ય બંધાય એ ભવિષ્યમાં તને અનુકૂળ કેટલાક સંયોગ આપશે, પણ મૂઢ પાગલ થયેલો છે એમાં અનુકૂળ સંયોગ આવશે. સમજાણું કાંઈ? કહ્યું ને શુભાશભ બંધ? શુભબંધ થશે. ભવિષ્યમાં પૈસા-બૈસા મળશે. ઓલો પુણ્ય ભાવ છે ને શુભ? પાછો મિથ્યાત્વભાવ છે એટલે પાગલ થયેલો, ગાંડો-ઘેલો થયેલો પાગલને પદમણી એવું છે, તને થાશે. અનુકૂળ સામગ્રી મળશે પણ તારી દૃષ્ટિ તો પાગલ છે. મેં પુણ્ય કર્યા હતા તો અમને મળ્યા. અમે બીજાને આમ કર્યું તો અમને મળ્યા. એવી તારી પાગલ દૃષ્ટિમાં અનુકૂળતા રહેશે. લે. ત્યાં પણ પાછો મિથ્યાત્વભાવ નવો સેવીને ચાલ્યો જઈશ. આ શુભભાવ કરીને ચાલ્યો જઈશ.

આવે છે ને પરમાત્મપ્રકાશમાં? પુણ્યથી વૈભવ બહારનો (મળે). એ વૈભવથી અહંકાર (થાય કે) અમને વૈભવ છે. અમે સામગ્રી બધી ભેગી કરીએ છીએ. ત્યાંથી નરક. પુણ્યથી વૈભવ. છે, પરમાત્મપ્રકાશમાં છે. યોગીન્દ્રદેવ. પૂર્વના પુણ્યથી વૈભવ અને વૈભવથી અભિમાન થશે. તને અભિમાન થશે. અમે આમ ધ્યાન રાખ્યું, અમે આમ કર્યું માટે અમે પેદા કરીએ છીએ. અમે બરાબર સાવધાનીમાં રહીએ છીએ. એ તમને આવડત નથી. એય..!

મુમુક્ષુ :- આવડતની ચીજ છે.

ઉત્તર :- આવડતની ચીજ છે એમ!

મુમુક્ષુ :- કેવી આવડત હશે?

ઉત્તર :- હા. એ કહે છે હોં! પણ એના મામા. મથુરભાઈ છે કે નહિ? એ કહે છે ઓલા શાંતિભાઈ કે અમને બરાબર આવડ્યું છે, અમે કર્યું છે, અમે હિંમત કરી માટે પૈસાવાળા થયા છીએ. એય.. મથુરભાઈ! આ તમારા ભાઈ. એમના કાકાના ભાઈ. આમના મામાના દિકરા થાય. એ પણ મામાના દીકરા થાય. આમના ભાઈ છે કાકા એમના ભાઈ થાય. શાંતિલાલ. આના ભાઈ છે ત્યાં નોકર. લાખ રૂપિયા આપે છે બાર મહિને. આમના ભાઈને. નોકરી કરે. પૈસા વધી ગયા ને. ૪૦ કરોડ રૂપિયા. ૪૦ કરોડ. કડ ભાંગી જાય એવું છે.

મુમુક્ષુ :- બોજો ઉપાડીને?

ઉત્તર :- મમતા કરીને. ૪૦ કરોડ. એક લાખની પેદાશ એક દિ'ની. શાંતિભાઈને એક લાખની. વળી હમણાં નીકળ્યું સાડી અઠ્યોતેર લાખની જમીન લીધી એમાં એક અબજનું એલ્યુમિનીયમ. મમતા.. મમતા... મમતા.. મમતા.. દુઃખી... દુઃખી... દુઃખી.. સમજાણું કાંઈ? શોભાલાલજી! ભારે આ. આ માપ જ કોઈ જુદી જાતનું લાગે છે. દુનિયા જેને સુખી કહે, એને જ્ઞાની કહે દુઃખી. બરાબર હશે? હવે બધા તમને એમ કહે તમારા બાપને આ બધા પૈસાવાળા સુખી છે.

કહે છે કે '**રાગાદિરૂપ હોવાથી...**' રાગાદિ એટલે? બીજાને આપ્યું, કોઈ રાગની મંદતા હોય છે અને મિથ્યાત્વ સાથે છે. મેં આને આપ્યું, મેં આને આપ્યું તો સારું થયું, ન આપત તો ન થાત. એવી પરપદાર્થની ક્રિયાનું જેને અંતરમાં અભિમાન છે એને શુભરાગ હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. અશુભરાગ હોય તો મિથ્યાત્વ સહિત પાપ બંધાય. '**તેને શુભાશુભ બંધનું કારણ છે.**' આ એટલું વધાર્યું હવે. સામાન્ય વાત હતી એમાં થોડું વધાર્યું. .. જરી નવું નવું લેતા જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થ :- મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે.**' લ્યો.

મુમુક્ષુ :- શુભભાવનો અહંકાર બતાવવો છે.

ઉત્તર :- હા, અમે કરીએ છીએ. અમે કરીએ છીએ. આ અમે આ કર્યું તો અમને આમ મળ્યું અને તમે આ ન કર્યું તો તમને ન મળ્યું. એ જ મૂઢ છે. મળે કોને અને મેળવે કોણ? તારા અભિપ્રાયમાં ઊંધાઈ છે. એ ઊંધાઈનું તને મોટું પાપ લાગે છે.

**'હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે-ઠરાવે છે...'** '**बन्धहेतुत्वेनावधारयति-**' '**બંધનું કારણ છે એમ નિયમથી કહે છે :-**' ૨૬૦ અને

૨૬૧. એ અધિકાર તો જરી હર વખતે પર્યુષણમાં બીજો લેતા. પણ આ પણ અધિકાર છે તો એવો જ તે. આ જરીક એવો છે કે સ્થૂળ નથી, ન્યાય સમજાય એવો છે બહુ સૂક્ષ્મ એવો નથી. સમજ્યા? અને આ બધું ઓલું ભક્તિનો લેતા. .. ન લીધો.

મુમુક્ષુ :- .. ઊભું રાખે.

ઉત્તર :- ઊભું રાખ્યું ને. વ્યવહારના જે પુણ્યભાવ થાય અને એને લઈને મેં બીજાને બચાવ્યો, માર્યો છે એ મિથ્યાદષ્ટિ છે એ વ્યવહારના ભાવો. આહાહા..! એ જગતમાંથી છૂટો પડ્યા વિના એનું કલ્યાણ થાય એવું નથી. દષ્ટિમાંથી હોં દષ્ટિએ. બાકી છૂટો જ છે. ક્યાં ગરી ગયો હતો ક્યાંય? આહાહા..!

મુમુક્ષુ :- માન્યતામાં ગરી ગયો.

ઉત્તર :- માન્યતામાં જ્યાં હોય ત્યાં હું.. હું... હું... હું... 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર જેમ ઓલું કૂતરું હેઠે ચાલે અને તાણે. બાયુંમાં કેટલીક એવી બાયું હોય ને ઘરમાં. બળુકડી બહુ હોય ને એ બહુ કરે. એનો ધણી બણી હુશિયાર હોય. અમે કર્યું. અમે કરીએ છીએ. તમને શું આવડે છે?

મુમુક્ષુ :- બધો ઘરનો વહીવટ કરે ને.

ઉત્તર :- ધૂળેય કરતી નથી. શું વહીવટ કરે? ધૂળ કરે? કહો, સમજાણું કાંઈ? એય.. નેમિદાસભાઈ! હુશિયાર બાયું કરતી હશે કે નહિ? હળવે હાથે હોય તો રાંધણું સારું થાય. એવું એ કહે છે. ઠીક! આ પણ ઠીક!

મુમુક્ષુ :- હળવે હાથે આમ આંજણ આંજે તો..

ઉત્તર :- હળવે હાથે કરે છે ને શું કહે? .. બહુ દુઃખે. અમુક બાયુંનો અમુક જાતનો હાથ હોય. ઓહો..! નહિતર આમ ... જડનું કાંઈ કરી શકતો નથી. મૂઢ. હળવો હાથ કેવો? હાથ જ તારો નથી ને. સીમેન્ટ નથી આવતી? સીમેન્ટ નહિ, શું કહેવાય એ? .. બહુ આંખ દુઃખે તો સીમેન્ટનું ભરણ ભરે. આંખમાં ભરણ ભરે. એ હળવો હાથ હોય બાઈ હોં! કોળી હોય પણ બહુ હળવી હોય. હળવે. એક ડોશી હતી અમારે ઉમરાળામાં. આંખમાં ઓલું કરી.. ખબર ન પડે. ઉમરાળામાં અમારા ઘર પાસે એક ડોશી હતી. હળવે હાથે ભરે. એ માને કે હું બહુ હળવે હાથે કરું છું. ધૂળેય કરતી નથી, સાંભળને! એ તો શરીરની ક્રિયા છે. એ તું કરી શકે છો? સમજાણું કાંઈ? આહાહા..!

૨૬૦-૨૬૧.

**दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते।**
**तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६०।।**

જુઓ આવ્યું હવે. શુભાશુભ લઈને હવે ફેરવ્યું.

**मारिमि जीवोवेमि य सत्ते जं एवमज्झवसिदं ते।**
**तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि।।२६१।।**

નીચે હરિગીત.

**કરતો તું અધ્યવસાન-'દુખિત-સુખી કરું છું જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.**
**કરતો તું અધ્યવસાન-'મારું જિવાડું છું પર જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.**

એક એક ગાથામાં ફેર પાડે છે હોં વિશેષ સ્પષ્ટ કરીને.

મુમુક્ષુ :- પહેલા એકલું બંધ કીધું હતું.

ઉત્તર :- આ શુભાશુભ ભેદ કહી દીધો. પુણ્ય તો અમે બાંધશું ને? પુણ્ય તો અમે બાંધશું ને? એને માટે કહે છે. પુણ્ય બાંધશું એટલે શું? પરને સુખી કરીને અમે પુણ્ય તો બાંધશું ને? પુણ્ય બાંધુ એટલે કરવાનો જે કરી શકું એ મિથ્યાદષ્ટિ સાથેનું પુણ્ય છે એ તો અઘાતિમાં શરીર આદિનો ફેર પડશે પણ તારી દશામાં ફેર પડશે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**ટીકા :- મિથ્યાદષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો...**' ભાષા જુઓ! '**રાગમય અધ્યવસાય છે...**' દર્શનમોહને લઈને જન્મતો એમ નહિ.

મુમુક્ષુ :- દર્શનમોહથી શું જન્મે એ તો .. છે.

ઉત્તર :- પણ કર્મને લઈને વિકાર થાય ને? એ રાડું પાડ્યા કરે છે ને. સોનગઢવાળા કહે છે કે વિકાર પોતાથી થાય, શાસ્ત્ર કહે છે, કર્મથી થાય. ચાલો ચર્ચા કરીએ. આ શું શાસ્ત્ર છે આ? રાજકુમાર છેલ્લો કયો? રાજકુમારને? રાજેન્દ્ર. એ તો કહે, ત્રણ વાર મેં સમયસાર વાંચ્યું. ફરીને. અહીં બહુ ચર્ચા થઈ હતી ને કે વિકાર પોતાથી થાય. ત્રણ વાર વાંચ્યું. નક્કી કર્યું છે કે, વિકાર કર્મથી થાય. ધૂળેય નથી, સાંભળને! કર્મથી કીધું છે એ તો સ્વભાવની દૃષ્ટિમાં નથી એ અપેક્ષાએ કહ્યું. અહીં કહ્યું શું? જેની દૃષ્ટિ ઊંધી છે તેને '**અજ્ઞાનથી જન્મતો રાગમય...**' ભાષા જુઓ. એ સ્વરૂપના ભાન વિના ઊલટા પુરુષાર્થથી ઉત્પન્ન થતો વિકારી ભાવ. એ અધ્યવસાય છે, એકત્વબુદ્ધિ છે. સમજાય છે? '**તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું.**' સમજાણું કાંઈ?

'**અજ્ઞાનથી જન્મતો રાગમય...**' ભાષા છે ને? '**ज्ञानजन्मा रागमयोऽध्यवसायः**' એકત્વબુદ્ધિ છે. બીજાને સગવડતા આપી શકું, ભાઈ! મારાથી કોઈ સુખી થતું હોય તો ભાઈ થા લે. એમ કહે. સમજાય છે? આ શરીરના સંયોગથી સુખી થતો હોય તો થા.

થાતો હશે? શરીર જ તારી ક્રિયા નથી અને શરીર તારું નથી અને શરીરની જે ક્રિયા થાય એ તો સ્વતંત્ર જડને લઈને છે. એને ઠેકાણે શરીરનો સંયોગ આપીને હું સુખી કરું બીજાને એ મિથ્યાદૃષ્ટિનો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો વિકાર છે. આહાહા..! સમજાણું? એમ બરાબર નક્કી કરવું. એમ કહે છે. ત્યારે કહે, નક્કી કરવું.

**'પુણ્ય-પાપપણે બંધનું બે-પણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો...'** પુણ્ય-પાપપણે બંધનું બેપણું હોવાથી, એકમાં પુણ્ય બંધાય, બીજાને જીવાડવાનો ભાવ અને બીજાને સુખી કરવાનો ભાવ છે પુણ્ય. પણ કરી શકું છું એ માન્યતા મિથ્યાત્વ સહિતનું પુણ્ય છે એને. અને બીજાને દુઃખી કરું છું એવો જે ભાવ પાપ અને બીજાને મારી શકું છું એવો ભાવ પાપ તે મિથ્યાત્વ સહિતના પાપનો ભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આસમાન-જમીનનો ફેર છે.

ઉત્તર :- આસમાન-જમીનનો ફેર પડ્યો. એકને પુણ્ય બંધાણું અને એકને પાપ બંધાણું એમ કહે છે. પણ પુણ્યની સાથે મિથ્યાત્વનું પાપ મોટું છે એ કહે છે.

મુમુક્ષુ :- ભેદ ન કરવો એમ કહ્યું.

ઉત્તર :- આ પુણ્યબંધન થયું અને પાપબંધન થયું-બેમાં એક સારું અને એક નરસું એમ છે નહિ. બેયમાં એક જ ભાવ મિથ્યાત્વનો છે. આહાહા..! સમજાણું કાંઈ? મનુષ્યોને સુખી કરીએ, આપણે બનતું ભાઈ પહેલા કુટુંબને સુખી કરવા, પછી નાતને સુખી કરવા, પછી દેશને સુખી કરવા, પછી આખી દુનિયાને સુખી કરવી. એમ માને છે ને કેટલાક આ? આ બધા સુધરેલાઓ અત્યારના દેશની સેવા કરનારા. શું કહેવાય? પંચશીલ. એય..! શેઠ! પછી એવું કાંઈ હોય ત્યારે શેઠને મોઢા આગળ બેસાડે ત્યાં પૈસા-બૈસા દેવા લેવા હોય તો. આવો આવો .. દેશમાં.. આપણે બીજાનું ભલું કરી દઈએ. વ્યવહારથી બોલાય છે તેમ માને, બોલાય એમ માને તો મૂઢ છે.

મુમુક્ષુ :- આપો આધાર.

ઉત્તર :- આહાહા...! આધાર આપવો પડ્યો જુઓને સ્પષ્ટીકરણ. બીજાને મેં આમ કર્યું, ભાઈ! ધ્યાન રાખજો. અમારા ઉપર મહેરબાની કરીને ધ્યાન રાખજો સાહેબ! આપ મોટા પુરુષ છો એમ કરીને માન કરે. મૂઢ ધૂળેય રાખે. ઓલો મીઠાશ વેદે પાછો હોં! ઓલો કહે ત્યાં તો (પોરો ચઢે). મૂઢ છો? અજ્ઞાની! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો વિકાર છે તારી પાસે તો. આકરું ભારે કામ, હોં! રમણિકભાઈ! શું આમાં કરવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક વાર આ ભક્તિ ચાલે છે ને આ? એના માટે તો આ ભક્તિ ચાલે

છે. આ ૩૩મું વર્ષ ચાલે છે પર્યુષણનું. આ ૩૩મું પર્યુષણ છે. હવે સાંભળે કે નહિ બધું સવાર ને સાંજ આ તત્ત્વ શું છે એ. પુણ્યની વાત ચાલતી હતી.

મુમુક્ષુ :- આજે મેં બહુ સિફારીશ કરી.

ઉત્તર :- બહુ સિફારીશ ચાલતી નથી. માને છે. ચાલતી નથી, માને છે.

રામજીભાઈએ એક ફેરી ત્યાં ઓલાને સલાહ આપી હતી તો પકડ્યા હતા એને. સલાહ કેમ આપી તમે? તોફાન ચાલતું હતું ને? છોકરાઓનું ચાલતું હતું ને. .. ઘરે જાય. ગયા નહોતા પછી ઘરે જાય સલાહ કેમ આપી? ભાઈ! મારે ઘરે આવે તો... એ સલાહ તો ભાષા છે જડની. એ જડની ભાષા મેં કરી એ વાત પણ સાચી નથી. આહાહા..! ગજબ વાત! ભાઈ, સારામાં જીભ તો સારી વાપરી જોઈએને. એમ કહે છે ને? એય..! મલૂકચંદભાઈ! ભાઈ, સારામાં જીભ તો સારી વાપરી. બાયડીયું વાતું કરે નવરી બેઠી. સારી જીભ તો વાપરવી. શું જીભ પણ તારી ક્યાં છે? આ તો જડ છે. વાપરે ક્યાં? જેઠાભાઈ! મૂઢને ભાન ન મળે કે શું કરી શકું છું કે નથી કરી શકતો. સત્ય વસ્તુ શું છે અને અસત્ય શું છે એનો ખ્યાલ નથી.

કહે છે, પુણ્ય-પાપના બંધનના કારણનો ભેદ ન ગોતવો. એકમાં પુણ્ય જીવાડું અને સુખી કરું એમાં પુણ્ય બંધાય. મારી દઉં, દુઃખી કરું એમાં પાપ બંધાય. (બંધનના) કારણમાં ફેર છે માટે આમ છે એમ શોધવું નહિ. બધામાં મિથ્યાત્વનો અધ્યવસાય એક જ છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું જેઠાભાઈ સમજાણું? ભાઈ! આમાં પુણ્ય બંધાણું અને આમાં પાપ બંધાણું માટે કારણમાં ફેર છે કે નહિ? ના. ના. બેયમાં મિથ્યાત્વરૂપી ભાવ અધ્યવસાય એક જ છે. આહાહા..!

ભાઈ! જન્મ, જરા, મરણના દુઃખ એને ટાળવા છે એને આ બધી સંભાળ કરવી જોઈશે. ચોર્યાસીના અવતારમાં ભાઈ! તારું કોઈ શરણ નથી. દુઃખી રળવળતો, ટળવળતો હોય. કુટુંબ ૨૫-૫૦ કહળ્યું ભેગું થયું હોય. લ્યો, શું કરે? આહાહા..! ભાઈ! તને શું થાય છે? શું કરીએ? પૈસા ખર્ચીએ, વૈદ લાવીએ. બાપા! બીજું શું કરીએ? વૈદો પણ છેલ્લે ખાનગી કહી જાય. હવે કાંઈ નથી હોં, અત્યારે નાડ જાય છે. નાડ જાય છે. બસ! ધ્યાન રાખજો રાતે. એમ કે એમ ને એમ મરી ન જાય. નહિતર ઠપકો મળશે તમને. એ મરી ગયો પણ અમે હતા નહિ હાજર. એમ બને છે ને ઘણે ઠેકાણે? ઉજાગરા ઘણા કર્યા હોય અને તે દિ' બરાબર ઊંઘમાં આવી જાય તો તે વખતે મરશે તો પૂછશે લોકો. નહિ .. તો અમારી આબરૂ જશે. કયે સમયે મરી ગયો આ? કે ભાઈ! ખબર નહોતી, અમે ઊંઘમાં હતા. સમજાય છે શોભાલાલજી? નથી સમજતા? આ ભાષા આટલી સાદી પણ નથી સમજતા? આ તો

બહુ સાદી ભાષા છે. આ તો સાદી ભાષા ચાલે છે. સામો મરી જાય છે ત્યારે જાગતો હોય છે ને માણસ. ધ્યાન રાખે એને કહેવાય. અને જો ધ્યાન ન રાખે અને ઊંઘી ગયો હોય ત્યારે બીજો પૂછે માણસ કે મરી ગયા ત્યારે જાગતા હતા કે નહિ? ખબર નથી. આ તો ઊંઘમાંથી ઉઠ્યો પછી આમ જોયું ત્યાં મરી ગયો. અરે.. આવું! આ ધ્યાન પણ ન રાખ્યું તમે? અહીં કહે છે કે ધ્યાન-બ્યાન રાખી શકે પરનું માટે બચે એવું છે નહિ. અજ્ઞાની જીવાડવા અને સુખી કરવાનો ભાવ થાય છે તો એને મિથ્યાદષ્ટિનો પરનું કરી શકું છું માને એ મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે. સમજાણું કાંઈ?

આ પૈસા દેવામાં પણ એમ છે, હોં! પૈસા મારા હતા અને હું આને આપુ છું એ જ મિથ્યાત્વભાવ છે. અજીવતત્ત્વ મારું છે. તારું અજીવતત્ત્વ ક્યાંથી આવ્યું? એ તો જડ તત્ત્વ છે, પર છે. એમાં રાગ મંદ કરીને કાંઈક પુણ્ય બંધાય પણ મેં આને આપ્યું એવી એની પોરસ છે દૃષ્ટિમાં તો મિથ્યાદષ્ટિનું પાપ એની સાથે થોડું પુણ્ય (બંધાય). અને બીજાને મિથ્યાદષ્ટિનું પાપ અને અશુભભાવનો અહંકાર હોય કે બીજાને દુઃખી કરી દઉં. નથી દેવું એને પાપીને કાંઈ. એવા અશુભભાવ સહિતનો મિથ્યાત્વ બેયને બંધનું કારણ સરખા છે કહે છે. બેમાં કાંઈ ફેર નથી.

'**કારણ કે એક જ આ અધ્યવસાય દુઃખી કરું છું, મારું છું એમ...**' લ્યો! અધ્યવસાય એક હોં! ત્યારે ઓલો કહે છે ને કે અધ્યવસાયનો અર્થ અહંકાર કરવો. અહીં તો એકત્વબુદ્ધિ છે. અધ્યવસાયની વ્યાખ્યા એકત્વબુદ્ધિ છે. '**દુઃખી કરું છું, મારું છું એમ અને સુખી કરું છું, જિવાડું છું એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે...**' બેયને બંધ થાય એમાં કાંઈ વિરોધ છે નહિ. '**(અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ-બન્નેનો બંધ થવામાં કોઈ વિરોધ નથી.)**' અધ્યવસાય એકત્વબુદ્ધિ છે. મેં સુખી કર્યો, મેં સગવડતા આપી, મેં આને અગવડતા આપી એ મિથ્યા અધ્યવસાય એક જ જાતનું પાપનું બંધનું કારણ છે. વચ્ચે શુભાશુભ પરિણામની અહીં ગણતરી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેયમાં મિથ્યાત્વ જ બંધનું કારણ.

ઉત્તર :- આહાહા..! મિથ્યાત્વ તે જ બંધનું કારણ, એ અધ્યવસાય એક જ બંધનું કારણ. પરદ્રવ્યની એકતાબુદ્ધિનો અભિપ્રાય કે મેં આને કર્યું, દીધું, લીધું એવો જે અભિપ્રાય એ એક જ બંધનું કારણ છે. એ જ મિથ્યાદષ્ટિને નવા આઠ કર્મબંધનું કારણ છે. વિશેષ ભાવાર્થમાં કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧, મંગળવાર તા. ૦૫-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૬૦ થી ૨૬૪, પ્રવચન-૩૨૮**

આ સમયસાર, બંધ અધિકાર છે. ૨૬૧ આદિ ગાથા છે ને? એનો ભાવાર્થ છે. ૨૬૦ અને ૨૬૧ ગાથા. એનો ભાવાર્થ. શું કહે છે? અહીં એમ સિદ્ધ કરવું છે અને એમ છે કે એક આત્મા, આત્મા સિવાય પરપદાર્થનું કાંઈ પણ કરી શકતો નથી. સમજાય છે કાંઈ? અહીં તો શરૂઆતમાં એક એક અંગ બતાવ્યું છે. પણ પછી આગળ લઈ જશે બધું. એક એક અંગ બતાવ્યું છે. બીજાને... જુઓ! ભાવાર્થ છે ને?

'**ભાવાર્થ :- આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે.**' શું કહે છે? કે આત્માને ભૂલીને હું બીજાને જીવાડી શકું છું, મારી શકું છું, સુખી-દુઃખીનો સંયોગ આપી શકું છું એવો જે પરદ્રવ્યની એકતાબુદ્ધિનો અભિપ્રાય એ જ સંસાર અને બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? '**તેમાં, જિવાડું છું, સુખી કરું છું...**' બીજા જીવને હું જીવાડી દઉં છું કે સંયોગ પ્રતિકૂળ નહિ અનુકૂળ આપું છું કે એની પ્રાણ રક્ષા પરની હું કરું છું '**એવા શુભ અહંકારથી ભરેલો...**' શુભના એકત્વબુદ્ધિથી ભરેલો અધ્યવસાય તે જ પાપનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

'**અને મારું છું, દુઃખી કરું છું...**' શુભ અહંકારથી ભરેલો અધ્યવસાય-બીજાને જીવાડી દઉં, સુખી કરી દઉં, હું છું તો સુખી થાય ને. સગવડતા આપી શકું ને, બીજાને જીવાડી શકું એવો જે અભિપ્રાય તે પુણ્યબંધનું અને મિથ્યાત્વસહિત શુભબંધનું કારણ છે. '**અને મારું છું, દુઃખી કરું છું...**' એ અશુભ અહંકાર. બીજાને મારી શકું છું કે દુઃખી પ્રતિકૂળ સંયોગ આપીને હેરાન કરુ છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ એ છે. અહંકાર છે ને. જુઓ! અહંકાર. હું કરું છું એનો અર્થ એ છે. હું આને દુઃખી કરી શકું છું એટલે પ્રતિકૂળ સંયોગ આપી શકું છું.

આ તો એવી વાત છે કે જેને આત્મા પરથી ભિન્ન છે એવું જેને ભાન કરવું હોય એને કહેવામાં આવે છે. ભાઈ! તું જુદો છો ને. તારું તત્ત્વ જુદું. એ જુદાં જુદાનું કરે તો બે જુદા રહેતા નથી. સમજાણું કાંઈ? તું અને આ શરીર, વાણી, મન અને અનંત આત્માઓ અને અનંત રજકણો એ બધા તારાથી જુદા છે. એ જુદાનું આ જુદો કરે એમ થાય તો બે જુદા રહેતા નથી.

મુમુક્ષુ :- બે એક થઈ જાય.

ઉત્તર :- બે એક થઈ જાય. સમજાય છે કાંઈ?

હું બીજાને જીવાડી શકું, સુખી કરી શકું, મારી શકું, દુઃખી કરી શકું એવો જે અધ્યવસાય પર અને સ્વ બેની એકતાબુદ્ધિનો અભિપ્રાય છે. એ અભિપ્રાય તદ્દન જૂઠો છે.

'**અહંકારરૂપ મિથ્યાત્વભાવ તો બન્નેમાં છે;...**' કહો, સમજાણું? '**તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે.**' એમાં ફેર નથી. બીજાને જીવાડી શકું એટલે પ્રાણ રક્ષા કરી શકું બીજાની. સ્ત્રીની, કુટુંબની, બીજા એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. એવા જીવોના પ્રાણ નામ પાંચ ઈન્દ્રિયોની રક્ષા કરી શકું અને એના આયુષ્યને રાખી શકું, એના શ્વાસને રાખી શકું, એના બળને રાખી શકું એ અભિપ્રાય મિથ્યાદૃષ્ટિનો શુભ મિથ્યા અભિપ્રાય છે.

મુમુક્ષુ :- બાયડીને બચાવવાનો ભાવ?

ઉત્તર :- બાયડીને બચાવે કોણ? બાયડી ક્યાં એની હતી? બાયડીનો આત્મા જુદો, એનું શરીર જુદું. એ તો પરપદાર્થ જગતની ચીજ છે. એને હું બચાવી શકું અને હું એનો પતિ છું અને એ મારી પત્ની છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની મૂઢની છે એમ કહે છે.

મુમુક્ષુ :- એના બચાવવાના ભાવ શુભ છે?

ઉત્તર :- એ તો એને બચાવવામાં પાપને માટે બચાવે છે, એ તો અશુભ છે. ત્યાં ક્યાં શુભ હતો? ત્યાં તો રાગ અશુભ છે. ભગવાનજીભાઈ! બહુ આકરી વાતું, ભાઈ આ તો, કહે. આ છોકરા માટે રળી દે એ શુભભાવ છે કે અશુભ? એમ કહે છે. એની દયા કરવા માટે રળે છે કે નહિ? ના, ના. છોકરા માટે રળવાનો ભાવ એ પાપ છે અને એની સાથે આને સુખી કરી શકું એ મિથ્યાત્વનું પાપ છે. સમજાણું કાંઈ? મિથ્યા નામ અસત્ય માન્યતા. જે કાંઈ જગતના તેના અભિપ્રાય પ્રમાણે થતું નથી એને થતું થાય છે એમ માને છે, તદ્દન જૂઠો અભિપ્રાય છે. શ્રદ્ધા-આશય તદ્દન જૂઠો છે.

મુમુક્ષુ :- કાંઈ ભલું નથી?

ઉત્તર :- કોને ભલું કહેવું? કોનું ભલું? બાબુભાઈએ તમારા માટે કર્યું છે આ મકાન-બકાન? પાપ પરિણામ છે એના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈને માટે નહિ. એના પરિણામ પાપના છે કે હું આ કરું તો પિતાજીને સગવડતા મળે. એ મકાન કર્યું મેં એ માન્યતા જ મિથ્યાત્વ છે એમ કહે છે અહીં. શેઠી! મકાન તો પરમાણુ છે એ તો અજીવ પદાર્થ છે. અને અજીવ પદાર્થ મેં કરી આપ્યું બીજાને

એ માન્યતા તદ્દન ઊંધી મિથ્યાદષ્ટિની મહાપાપવાળી દષ્ટિ છે.

ભાઈ! આ તો ધર્મની વાત છે. જેને આત્માને ધર્મ કરવો હોય એને આવો અભિપ્રાય છોડી દેવો જોઈશે. જ્યાં-ત્યાં હું કરું... હું કરું... હું કરું... મકાન મેં બનાવી દીધા અને આ ઓરડી મેં બનાવી દીધી, સગવડતા આપી દીધી, પાંચ-પચાસ માણસ રહે, નિરાંતે રહે અને આ કરે ને એય.. પાછા વાતું એવી કરે. શોભાલાલજી! ત્યાં કરે. હવાપાણી રહે, .. છે, ત્યાં એક કૂવો છે, પાણી કરી આપ્યું, હવે નિરાંતે બિચારા ખાય. તેં કર્યું છે એ? જુગરાજજી!

મુમુક્ષુ :- દુનિયાથી જુદી વાત છે.

ઉત્તર :- દુનિયાથી જુદી વાત છે અહીંયાં. ભગવાન પાસે જુદી વાત છે. સમજાય છે?

કહે છે કે અહંકાર છે એ કરી દઉં છું આને, એ પરદ્રવ્યની ક્રિયા મેં કરી એ મિથ્યાત્વનો અભિપ્રાય છે. સમજાય છે કે નહિ? એઈ.. જયંતિભાઈ! તમારે તો આ છોકરા નથી તોપણ હેરાન હેરાન થઈ જાય છે. છોકરા માટે કોઈ કરતા નથી હોં! પાછું વાત (ઈ છે). કરે છે એના મોટા ઊંધા અભિપ્રાય અભિપ્રાયમાં. પરનું કરી શકતો નથી.

'**તેથી અજ્ઞાનમયપણે બન્ને અધ્યવસાય એક જ છે.**' બીજાને સગવડતા આપું કે દુઃખી કરું, પ્રતિકૂળ સંયોગ આપું કે અનુકૂળ આપું. જીવાડું-પ્રાણ રક્ષા કરું કે પ્રાણને હણું એ અભિપ્રાય તો અજ્ઞાનમય એક જ જાતનો છે. કહો, શેઠ સમજાય છે?

મુમુક્ષુ :- કરવું તો પડે.

ઉત્તર :- કરવું પડે છે નહિ માને છે. કરે શું ધૂળ? એ શેઠ એમ બોલ્યા હતા એક ફેરી. હુકમચંદજી આવ્યા હતા ને હુકમચંદ શેઠ? અહીંયાં આનું મુહૂર્ત થયું આનું? ૨૦૦૨ની સાલ, માગશર સુદ ૧૦. ત્યારે અહીં મુહૂર્ત થયું તો શેઠ આવ્યા હુકમીચંદજી. બીજી વાર આવ્યા, ત્રીજી વાર આનું ઉદ્‌ઘાટન હતું. ત્યારે બોલ્યા હતા કે અહીં તો વાત થાય પણ કરવું તો પડે છે ને. શું કરવું પડે છે? આવી ને આવી વાતું છે. એય.. શેઠ! તમે કીધું હતું એવું કીધું હતું એણે લ્યો. કરી શકતો નથી અને કરવું પડે છે એવા ભાવ એનો થાય છે, હું કરું, મિથ્યા અભિપ્રાય છે. શોભાલાલજી! ત્યારે એ શેઠ તે દિ' બોલ્યા હતા. આ શેઠ આજે બોલ્યા. તે દિ' એમ બોલ્યા હતા હોં!

મુમુક્ષુ :- ચાલે છે ને.

ઉત્તર :- ચાલે છે ને. એમ કે તમે ભલે (કહો) પણ આપણે કરવું તો પડે ને. પણ શું કરી શકો છો તમે? પરના રજકણનું કરી શકો? તમે કરો રાગ અને કાં કરો દ્વેષ. એ સિવાય તમે કરી શકો છો બીજું એ વાત છે નહિ. માટે તો અહીં વાત કરે છે કે ભાઈ! તું પરનો કર્તા ન થા. કેમ કે તું કરી શકતો નથી. પરનો કર્તા ન થા. કેમ કે તારાથી તે

કાર્ય તારું નથી. તારે જો સવળી દૃષ્ટિ કરવી હોય અને આત્મા ઉપર આવવું હોય તો હું તો પરથી ભિન્ન છું. મારું મારાથી બીજાનું થાય એવું મારા સ્વરૂપમાં જ નથી. સમજાય છે કાંઈ? અને આત્મામાં રાગાદિ થાય એ પણ ખરેખર વિકાર અને પર ભાવ છે. એની જ્યાં સુધી દૃષ્ટિ વિકાર ઉપર રહેશે અને એ વિકારને હું કરું છું, એ મારું કાર્ય છે ત્યાં સુધી દૃષ્ટિમાં મિથ્યાત્વભાવ છે. એને ધર્મભાવ નથી. વાત તો એવી છે, બાપુ! ઝીણી વાત છે. જગતથી આખી દુનિયાથી ઊંધી છે. ઊંધાથી ઊંધી છે.

એ અજ્ઞાનમય અધ્યવસાય એક જ બંધનું કારણ છે. '**માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે...**' શું કહે છે? મેં સુખી કર્યો અને જીવાડ્યો. એવું પુણ્યનું કારણ જુદું છે, દુઃખી કર્યો અને માર્યો પાપનું કારણ જુદું છે એમ વિચારવું નહિ. '**અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે.**' ચાહે તો જીવાડું, પ્રાણની રક્ષા કરું કે સુખનો સંયોગ આપું અને ચાહે તો પ્રાણનો ઘાત કરું કે પ્રતિકૂળ સંયોગ આપું એ અભિપ્રાય જે છે આશય એ એક જ પ્રકારનું અજ્ઞાન છે. બે દ્રવ્યની એકતાબુદ્ધિનો અભિપ્રાય છે તે ભિન્ન છે છતાં તું માને છે કે હું કરી શકું, તારા આત્માને મોટો અપરાધ થાય છે. કરી શકતો નથી, હોં! કરવું પડે છે એમ નહિ.

મુમુક્ષુ :- એમ માનવું ને કે હું કરી શકતો નથી?

ઉત્તર :- કરી શકતો નથી. કરે શું? ધૂળ કરે? હમણાં આવશે બધી ઘણી વાતું.

મુમુક્ષુ :- કરી શકતો નથી (એમ માન્યા) પછી તો કરવું ને?

ઉત્તર :- આ બધા જેઠાલાલ બહુ .. જેઠાલાલ સંઘવી બહુ કહીને પછી બહુ કહ્યું હતું. તે દિ' ૬૦ લાખ કહેવાતા ને? કહેવાતા. નીકળ્યા, જે હોય ઈ નીકળ્યા. પણ એ તે દિ' કહે, ૬૦ લાખ રૂપિયા. ત્યારે તો અમે ધ્યાન રાખતા. એ વિના કાંઈ આ બધું રખોપું થાતું હશે? અથવા એમ તમે કહો કે આ ન થાય. તો અમે દુકાને બેસીને માનશું કે આ નહિ થાય. પછી દુકાન ચલાવીએ તો? જેઠાલાલ સંઘવી. કહો, સમજાણું કાંઈ? પણ અમે બેસીએ અને (કરીએ તો)? કરી શકતો નથી પછી પ્રશ્ન ક્યાં આવ્યો આ? માનવું એમ કે અમે કરી શકતા નથી અને પછી દુકાન ચલાવવી અમારે.

મુમુક્ષુ :- એ તો...

ઉત્તર :- એ તો .. કાંઈ ગપ્પે ગપ્પ મારે છે. જેવા અજ્ઞાનીઓ ગપ્પ મારે એવા ગપ્પ માર્યા છે એણે. એને ભાન કે દિ' છે? આપણે માનવું એમ કરી શકું. આવા તે અજ્ઞાન. એક રજકણને, આંખની પાપણને હું ફેરવી શકું છું એ માન્યતા સત્યના ખૂન કરનારી છે. સમજાણું કાંઈ? એમ છે, શેઠ! શું આટલા આટલા વર્ષ ન્યાં ગાળ્યા તો આવું સાંભળ્યું

નથી, લ્યો.

મુમુક્ષુ :- આ વાત ચાલતી નહોતી ત્યાં.

ઉત્તર :- આ વાત ચાલતી નહોતી એમ કહે ત્યાં. એ તો એણે કહ્યું, શેઠે કહ્યું નહિ? આહાહા..!

**'આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું-એમ હવે કહે છે :-'** ૨૬૨.

**अज्झवसिदेण बंधो सत्ते मारउ मा व मारेउ।**
**एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स।।२६२।।**

નીચે હરિગીત.

**મારો-ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,**
**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.**

આ તો ઊંધી ભૂલ શું થાય છે એ પહેલી સમજાવે છે. એમ સમજે તો એ ભૂલ ટાળી અને આત્મા જ્ઞાનાનંદ છે તેની દૃષ્ટિ કરે. તો તેને ધર્મ થાય. સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં આત્મા હું કરું... હું કરું... હું કરું... આનું મેં કર્યું, મેં કર્યું તો આમ મળ્યું, મેં કર્યું તો આમ મળ્યું.

મુમુક્ષુ :- એ તો વ્યવહારનયે...

ઉત્તર :- વ્યવહારનયે કરી શકતો નથી. બોલાય છે. બોલાય છે એમ માને છે એ મૂઢ મોટો પાપી છે. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બતાવ્યું હતું નહિ એમાંથી? બોલાય છે એ તો બોલવાની રીત જુદી હોય છે ભાષાની. પણ એ બોલાય છે એમ માની લે કે હા. ભાઈસાહેબ! આપ આવ્યા અને આપે આ બધું કર્યું અને આ બધી સામગ્રી કરી તો અમને સગવડતા મળી. સમજાય છે? એમ બોલ્યો તો ઓલાએ માની લીધું કે હા, મેં કર્યું છે.

મુમુક્ષુ :- શેઠે મારી કદર કરી.

ઉત્તર :- શેઠે કદર કરી. ધૂળેય કદર કરી નથી. એય.. શેઠ! આ બીજી વાત છે ભાઈ, બીજી જાતની. આહાહા..!

એની ટીકા. એની ટીકા છે ને ૨૬૨. ૨૬૨ની ટીકા. ગાથા બોલી ગયા. હરિગીત થઈ ગયું.

**'ટીકા :- પર જીવોને પોતાના કર્મના ઉદયના વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (-ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત્ ન થાઓ,-'** બીજાને મારી શકું એવો

તારો અભિપ્રાય એ બીજાના આયુષ્યના પ્રાણ કદાચિત્ જાય અને કદાચિત્ ન જાય, પણ તારા અભિપ્રાયમાં છે કે આને મારું છું એ અભિપ્રાય જ બંધનું કારણ છે. '**હું હણું છું એવો જે અહંકારરસથી ભરેલો હિંસામાં અધ્યવસાય...**' હું મારું છું આને. બરાબર છેદું છું, નુકસાન કરું છું. પરવસ્તુની પર્યાય-અવસ્થાને હું કરું છું. પરની અવસ્થાને હું મારું છું, એને હું હણું છું. એ અધ્યવસાય, હિંસાનો અધ્યવસાય તે જ ખરેખર બંધનું કારણ છે. '**કેમ કે નિશ્ચયથી પરનો ભાવ એવો જે પ્રાણોનો વ્યપરોપ...**' જુઓ! નિશ્ચયથી ખરેખર પરનો ભાવ એટલે પર પ્રાણીની હિંસાની પર્યાય એના '**પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે...**' પરની ક્રિયાનું પરથી થવું તે અશક્ય છે. સમજાણું કાંઈ? આત્મા અને સામી ચીજ બીજી એ પરના પ્રાણનો નાશ એ પરથી થવો અશક્ય છે. કોઈ દિ' એમ બનતું નથી.

'**ભાવાર્થ :- નિશ્ચયનયે બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી;...**' નિશ્ચય એટલે ખરી દૃષ્ટિએ, સત્યના સિદ્ધાંતે બીજાના પ્રાણનો ઘાત બીજો કરી શકતો નથી. સમજાય છે કાંઈ? આ લીલોતરી હોય છે ને? આ છરી વડે આમ કરે ને આમ? કહે છે કે એ કાપી શકતો નથી. એ ક્રિયા જડની જડમાં થાય છે અને લીલોતરી આમ જુદી પડે છે એ પર્યાય એની એનાથી થાય છે. આ કહે કે હું આ કાપું છું. એ મિથ્યા અભિપ્રાય, અજ્ઞાન બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? અર્થાત્ તે પરથી કરી શકાતું નથી.

'**કર્મના ઉદયની વિચિત્રતાવશ કદાચિત્ થાય છે, કદાચિત્ નથી થતો.**' આનું આયુષ્ય પૂરું થાય તો મરે, ન હોય તો ન પણ મરે. તારા અભિપ્રાયને કારણે ત્યાં મરી જાય એવું કાંઈ નથી. '**માટે જે એમ માને છે-અહંકાર કરે છે કે હું પર જીવને મારું છું,...**' અહંકાર એટલે હું કરી શકું એવો અહંકાર હોં! '**તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે.**' સત્યથી તદ્દન વિપરીત છે. વીતરાગ પરમેશ્વરે કહેલા માર્ગથી તદ્દન વિપરીત એનો માર્ગ છે. '**તે અધ્યવસાય જ હિંસા છે-પોતાના વિશુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત છે,...**' જુઓ! પોતે જ્ઞાતા આનંદ જ્ઞાનમૂર્તિ, એવા ચૈતન્યના શુદ્ધ ભાવપ્રાણરૂપી જીવન એને બીજાને મારું એવો અભિપ્રાય અને જીવાડું એવો અભિપ્રાય શુદ્ધ ચૈતન્યપ્રાણનો ઘાત કરે છે. એ પોતાનો ઘાત પોતે કરે છે. પરનો ઘાત કરી શકતો નથી.

'**અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે...**' વ્યવહારમાં બોલાય એમ કે આણે આને માર્યો. નિમિત્તથી બોલાય એમ પણ છતાં એ ગૌણ છે. '**માટે તે કથન કથંચિત્ છે એમ સમજવું; સર્વથા એકાંતપક્ષ તો મિથ્યાત્વ છે.**'

'**હવે, (હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :-**' હવે શ્લોક.

**एवमलिए अदत्ते अबंभचेरे परिग्गहे चेव।**
**कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पावं।।२६३।।**

નીચે હરિગીત

**એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે,**
**જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.**

જરી શાંતિથી સાંભળવું હોં આ. ઝીણું આવશે એટલે શાંતિથી સાંભળવું. ઉપોદ્ઘાત પહેલા થાય છે. બીજી ગાથા.

**तह वि य सच्चे दत्ते बंभे अप्परिग्गहत्तणे चेव।**
**कीरदि अज्झवसाणं जं तेण दु बज्झदे पुण्णं।।२६४।।**

લ્યો, પાપ અને પુણ્ય બે ભેગું લીધું.

**એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે,**
**જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.**

પુણ્યબંધન થાય છે એટલે ઓલો રાજી રાજી થાય. પુણ્યબંધ છે.

મુમુક્ષુ :- આ તો મિથ્યાત્વ સહિતનું પુણ્ય.

ઉત્તર :- એ તો મિથ્યાદૃષ્ટિ પાગલ થઈને પુણ્ય બાંધે છે.

'**ટીકા :- એ રીતે અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...**' હું બીજાની હિંસા કરી શકું છું, એ કરી શકતો નથી છતાં તે માન્યતા તેમ જૂઠી અને પાપનું કારણ છે. '**તેમ અસત્ય,...**' હું અસત્ય બોલું છું. ભાષા જે જૂઠાની છે તે હું બોલું છું. ભાષા, અસત્ય બોલવાની ભાષા જડની છે, આત્માની નથી. જૂઠા બોલવાનો વિકલ્પ એનો હો, પણ હું જૂઠું બોલું છું, આ વાણી દ્વારા હું જૂઠું બોલું છું. એ વાણીનો કર્તા થાય છે તે મૂઢ છે એમ કહે છે. ભારે વાત, ભાઈ! શેઠ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય આ જુઓ! અસત્ય બોલું છું, હું જૂઠું બોલું છું. એવી જે ભાષાની પર્યાય એ હું કરું છું, હું બોલ્યો. મેં બરાબર ધ્યાન રાખ્યું, જૂઠું એવું બોલ્યો કે સામાને છેતરી ગયો. સમજાય છે કાંઈ? એ ભાષા છે, ભાઈ! ભાષાનું બોલવું એ તારો અધિકાર નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! ભાષા આત્મા કરી શકતો નથી એમ કહે છે. એ જડ છે.

મુમુક્ષુ :- ભાવ કરી શકે છે.

ઉત્તર :- ભાવ. છતાં એમ બોલે કે એનું લક્ષ ત્યાં છે ભાષા ઉપર. હું જૂઠું બોલું. બરાબર કેળવીને, વિચારીને એવું જૂઠું કેળવું બોલું કે સામાને ઘા ખાઈ જાય. .. એને ખબર ન પડે કે આ જૂઠું છે. એવી રીતે બોલું. મૂઢ છો? ભાષા જડની છે. કોણ કરી શકે? ભારે

વાતું આકરી ભાઈ! સમજાણું કાંઈ?

'**તેમ અસત્ય, અદત્ત,...**' એમ (હું) કોઈની ચીજ લઈ શકું છું, આ લઈ શકું છું એ માન્યતા મિથ્યાદષ્ટિનો અભિપ્રાય છે. ન્યાલભાઈ! બીજાની ચીજ લઈ શકતો નથી. એ તો જડ અવસ્થા છે. એને લઈ શકે, છોડી શકે એ વસ્તુમાં ક્યાં છે?

મુમુક્ષુ :- પરિગ્રહ છોડવાની વાત આવે છે.

ઉત્તર :- પરિગ્રહ એટલે અભિપ્રાય, મમતા છોડવાની વાત છે. પરિગ્રહ તો પરવસ્તુ છે. એની સાથે શું સંબંધ છે? એના તરફનું લક્ષ એવો જે મમત્વભાવ, એને આત્માના ભાનથી છોડ. એમ કહેવાની વાત છે. પરવસ્તુ તો છૂટેલી પડી છે. સમજ્યાને? ક્યાં ગરી ગઈ હતી અંદર? લીધી હતી કે દિ' તે છોડે એ? આહાહા..!

અહીં તો કહે છે કે જેમ હિંસા પરની કરી શકતો નથી છતાં માને તે મિથ્યાશ્રદ્ધા છે. એમ જૂઠું બોલી શકતો નથી. એ તો ભાષા જડની છે. ભારે વાતું, ભાઈ! ભાઈ! આ તો અનેક તત્ત્વોવાળું જગત છે. જગતમાં એક જ તત્ત્વ તું જ છો એમ નથી. એ ભાષાના રજકણો છે, ભાઈ! પરમાણુ છે. શબ્દવર્ગણા જે પરમાણુ ભાષા એમાંથી શબ્દ થાય છે. એને ઠેકાણું હું ભાષા આમ બોલું, આમ બોલું, તાણીને બોલી શકું, હળવે બોલી શકું, જોરથી બોલી શકું, ધીમેથી બોલી શકું, એવી ભાષા કરું કે બીજાને .. પડી જાય.

એક જણો કહેતો હતો. બોઘાણી નહોતા? ઓલા બે ભાઈઓ. રાજકોટ. પ્રભાશંકર બોઘાણી, ક્રિપાશંકર બોઘાણી. પ્રભાશંકર આસ્તિક કહેવાતા અને ક્રિપાશંકર નાસ્તિક કહેવાતા. બે હતા. પહેલાની વાતું છે, (સંવત) ૧૯૭૮ની સાલની. પછી એક ફેરી બોઘાણી આવ્યા. અહીં છાપ સારીને એટલે એ પણ આવ્યા, નાસ્તિક કહેવાતા ઈ. પાતળું શરીર હતું બોઘાણીનું. આ ... પ્રભાશંકર તો ઓલું કરતા. ચિત્ર કરતા. બેય આવ્યા. કહે, મહારાજ! વ્યાખ્યાન તમે આવું આવું આપો. જોરથી દેવું વ્યાખ્યાન. બોલે હોં. આમ (કરે), એવું જોર કરે. એમાં ભાઈ! એમ ભાષા ન બોલાય. ત્યારે શું? જોરથી કહેવું. નહિ, તમારે આમ કરવું જોઈએ, ફલાણું કરવું જોઈએ. રાડ પાડીને બોલે. શું છે આ બોઘાણી? શરીર સરખું હતું પાતળું પણ એવું જોર કરે. તો સામાને અસર પડે. નહિતર અસર પડે નહિ. શેઠ! અહીં તો ઘણાં મળી ગયા છે ને એવા. ૭૭ની સાલમાં પહેલા જ્યારે ગયેલા ને રાજકોટ ત્યારે. આમ એવું જોરથી બોલે.

ભાઈ! વાણીની જોરની ક્રિયા એ જડની કોણ કરે? આત્મા કરે? એ અવાજ થાય છે એ જડથી, આત્મા એનો કર્તા નથી. ભાન નથી હું તે કોણ છું? હું તે જ્ઞાન છું કે હું તે જડની ક્રિયાનો કરનાર છું? કહો, દરબાર! તમારો તો અવાજ મોટો જબરો નીકળે.

કહે છે, એ જૂઠું બોલું છું હું. ભાઈ! તને ભાન નથી. એ પરમાણુની પર્યાય છે. અજીવ તત્ત્વને હું કરું, તો તો અજીવતત્ત્વનો અભિમાની મિથ્યાદષ્ટિ થયો. એમ '**અદત્ત,...**' બીજાનું લઈ શકું છું, જો પૈસા લઉં છું, આ લઉં છું, આ લીધું, આ લીધું. નજરને ગુમાવીને અને નજરને આમ કરીને મેં લઈ લીધું. એ લઈ લીધુંની જે ક્રિયા છે એ મેં કરી એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. (કારણ કે) પરવસ્તુ એનાથી લઈ શકાતી નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોર્ટમાં તો બધા હોય, એ બધું એના ભાવ પ્રમાણે કરે બહાર. કોર્ટવાળાને શું છે ત્યાં? તો તો એમ કે સાબિત થાય નહિ ગુનો કાંઈ. વ્યવહારની વસ્તુ છે બધી.

'**અબ્રહ્મચર્ય...**' ધ્યાન રાખો ધીરેથી. આ શરીરની વિષયની ક્રિયા વખતે શરીરની જે ક્રિયા થાય એ હું કરું છું, તે મિથ્યાદષ્ટિનો અભિપ્રાય છે. આહાહા..! આ તો માટી જડ છે. એ દ્વારા હું વિષય લઉં છું, હું ભોગ લઉં છું, મારી શરીરની ક્રિયા હું આમ કરું છું, એ રીતે વિષય લઉં છું. એવી શરીરની ક્રિયા મેં મારા કરવાથી થાય છે, હું કરું તેમ શરીર વળે છે. હું કરું તેમ મારા શરીરના અવયવો કઠણ, નરમ આદિ થાય છે. એ માન્યતા મિથ્યાદષ્ટિ મૂઢની છે. પરદ્રવ્યની એકતાબુદ્ધિ કરી.

મુમુક્ષુ :- સ્વચ્છંદી થઈ જશે.

ઉત્તર :- કરે છે કોણ તે સ્વચ્છંદી થઈ જાય? એક રજકણ પણ ફેરવી શકતો નથી તો કરે કોણ? બાપુ! માર્ગ તો આવા છે, ભાઈ! સમજાય છે કાંઈ? આ રજકણે રજકણ પરમાણુ છે. એનું આમ હલવું, ગતિ થવી, ચેષ્ટા થવી, ઇન્દ્રિયોની ચેષ્ટા થવી એ બધી જડની દશા છે. એ આત્મા એમ માને કે મેં આ કરી છે, એ દેહની ક્રિયાના વિષયની ક્રિયા મેં કરી છે, એ જડને પોતાનું માને છે તે મિથ્યાદષ્ટિ છે. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરી શકે નહિ તો પછી કરે એમ ક્યાં લેવું? આ હીરા-માણેક લઈ શકતો નથી, દઈ શકતો નથી, આમ આમ કરી શકતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો પરિગ્રહમાં આવશે.

ઉત્તર :- નહિ. એ પછી આવશે. પણ આ તો હવે આવશે એ.

અહીં શરીરની ક્રિયા, આ પરમાણુ જડ તત્ત્વ, જડનું દ્રવ્ય જુદું, જડના ગુણ જુદા, જડની અવસ્થા આત્માથી જુદી. આહાહા..! એ અવસ્થાને હું કરું છું. ભાવ તારો હો, વિષયનો રાગ. પણ આ ક્રિયા હું કરું તે જડની સાથે તારી એકત્વબુદ્ધિ છે. આહાહા..! વીતરાગનો

માર્ગ એટલે પરમ સત્યનો માર્ગ કાંઈ વિચિત્ર જાત, જગતથી જુદી જાત છે. એમ કોઈ માનીને કહે કે આ જડની ક્રિયા થાય છે મારે શું? પણ અભિપ્રાય તારો છે કે હું આ કરું છું એ માન્યતા તારી જૂઠી છે. આહાહા..! ઈન્દ્રિયો ઈન્દ્રિયોનું કામ કરે છે એમ કરીને મૂઢ પાછો વિષય સેવે ઓલો મિથ્યાત્વભાવને, ભાવ સેવે, મિઠાશ સેવે ભોગની. સમજાય છે? પરસ્ત્રીના લંપટપણા, ભોગની વાસનાની તીવ્રતા સેવે, દેહની ક્રિયા દેહ કરે. મરી જઈશ. ત્યાં પોપાબાઈના રાજ નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જડની અવસ્થા તું કરી શકતો નથી. પણ એ વખતે તારો ભાવ જે વિષયનો છે એ તો તારો કરેલો છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! પર્યુષણમાં આવી વાત આવી. આ તો સહેલી વાત મૂકી અત્યારે. કોઈ દિ' સાંભળ્યું નથી. નિશાળે ચડ્યો નથી. ધૂળમાં એકડો માંડ્યો નથી કોઈ દિ'. હવે એને ભાન ન મળે કે આ શું છે અને શું થાય છે? આંધળે આંધળા ચાલ્યા જાય એમ ને એમ. અંધો અંધ પલાય. દેખાડનારા આંધળા અને ચાલનારા આંધળા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સાંભળ્યું નથી. તમારી લાયકાત નથી માટે સાંભળવા મળ્યું નથી. શેઠ! એમ છે. જુઓ! કહે છે. છે એમાં, જુઓ!

'**અબ્રહ્મચર્ય,...**' અબ્રહ્મચર્ય છે ને શબ્દ? અબ્રહ્મ નામ દેહની ક્રિયા જે વિષયની થાય એ જડની છે. ભાઈ! તારો ભાવ છે પાપનો ભોગનો એ તારામાં પણ એ ભાવ થયો માટે શરીરની ક્રિયા થાય છે એ વાત તદ્દન જૂઠી છે. અરે..! એને અજીવતત્ત્વને અજીવ તરીકે જાણવાનો સ્વભાવ છે એણે એમ ન માન્યો. અજીવ અજીવની પર્યાય, અજીવનું દ્રવ્ય, અજીવનો ગુણ અને અજીવની પર્યાય અજીવરૂપે છે, મારા રૂપે નહિ એમ એણે જ્ઞાનમાં જાણવું જોઈએ. એને ઠેકાણે એ અજીવની પર્યાય મારાથી થઈ છે એ અજીવતત્ત્વનો જે જાણનાર રહેવો જોઈએ એને ઠેકાણે કરનાર થાય છે એ મિથ્યા શ્રદ્ધા, મિથ્યા અભિપ્રાય અને મિથ્યા અધ્યવસાય છે. આહાહા..! સમજાણું?

'**અને પરિગ્રહ...**' એ પરિગ્રહ આ પૈસા રાખી શકું છું. ધ્યાન રાખીને પરિગ્રહ રાખી શકું છું. એ હુશિયાર માણસ છું રાખી શકું છું. એ મેળવતા આવડ્યું અમને, ભોગવતા આવડે અમને, રાખતા આવડે અમને. મૂઢ છો? એઈ..!

મુમુક્ષુ :- બીજાની હુશિયારી કહેવાયને.

ઉત્તર :- હુશિયારી કે દિ' હતી ધૂળમાં? કહો, સમજાણું કાંઈ?

એમ કે એવું મગજ અમારું છે ને. વ્યવસ્થિત કામ અમે સાહસ પણ એવું કરીએ. હિંમતભર

આવા કામ કરીને પરિગ્રહ આમ સચવાણા. નહિતર સચવાતા હશે? કહો, સમજાણું કાંઈ? એઈ..! ક્યાં ગયા અમારે મનસુખભાઈ? જુઓ! અહીં એમ કહે છે. કુંવરજીભાઈ એમ કહેતા. પરિગ્રહ રાખી શકીએ છીએ, અમે રાખીએ છીએ. હું જીવીશ ત્યાં સુધી કરીશ અને બધાને કરાવીશ એમ કહેતા હતા. ધૂળમાંય શેઠ નથી. કોણ શેઠ હતો કોનો? અરે..અરે..! ભારે ભાઈ! કહે છે કે એક પણ પાઈ કે પૈસો, લાખ કે કરોડ કે અબજ કે ધૂળ એ લક્ષ્મીને હું રાખી શકું છું, મેં મેળવ્યા છે, હું રાખું છું અને હું બરાબર એનો સદુપયોગ કરી શકું છું.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિ સાથે સંબંધ રાખે...

ઉત્તર :- મિથ્યાદર્શન સાથે સંબંધ રાખે છે આ ઊંધી શ્રદ્ધાવાળો. જેને આત્માની દૃષ્ટિ સમ્યક્ કરવી હોય એણે આ દૃષ્ટિ એણે છોડવી જોઈશે. પરિગ્રહને હું રાખતો નથી, હું મેળવતો નથી, મેં રાખ્યા નથી, મેં વ્યાજ ઉપજાવ્યા નથી, મેં એને રાખીને બરાબર વાપરી શક્યો નથી. માણસ એમ કહે ને બરાબર સદુપયોગ કર્યો. બાપા! પરિગ્રહ તો જડ છે ને. ભાઈ! એ તો અજીવ છે ને. એ અજીવ જગતના તત્ત્વો છે. જગતના પદાર્થ છે. એ પદાર્થનો સ્વામી એ પદાર્થ છે. તું વળી સ્વામી ક્યાંથી થયો? એકના બે ધણી? એય..! આહાહા..!

ભાઈ! ધર્મ કરવો હોય, જેની દૃષ્ટિ સુધારવી હોય એણે આ વાત છોડી દેવી પડશે. મેં આ કર્યું, પરિગ્રહ મેં સાચવ્યા, અમે સાહસ કર્યું હતું ત્યારે આ પૈસા મળ્યા. સાહસ કરતા આવડે છે ક્યાં બીજાને? ધૂળમાંય નથી સાહસ. ક્યાં ગયા મથુરભાઈ? છે કે નહિ? એના ભાઈની વાત કરી, આજે મગજમાં આવી. શાંતિલાલે પહેલા જમીન લીધી હતી એવડી. સાહસ કર્યું હતું ત્યારે અત્યારે કરોડો રૂપિયા (થયા). ૪૦ કરોડ ને એમ કહેવાય છે ધૂળના. સમજાણું કાંઈ? અને હમણાં સાડી અઠ્યોતેર લાખની જમીન લીધી એના અબજ નીકળશે. એ સાહસ આવડે ત્યારે નીકળેને? અહીં કહે છે કે મૂઢ છો.

મુમુક્ષુ :- હાથ વડે ખોદે એટલે નીકળે...

ઉત્તર :- ખોદે કોણ અને હલાવે કોણ અને લાવે કોણ? ભાઈ! પરદ્રવ્યનો તું ધણી છો? એ તો પરવસ્તુ છે. આહાહા..! ભારે વાતું! એય..! ટોલિયાજી! શું હશે આ? તમારે નહિ ઓલા મકાન કરાવ્યા નાના ને ઓરડી કરી તો મહિનાની બે હજારની પેદાશ છે એને. ધંધો મૂકી દીધો. વ્યાજ ભાડુ આવે મહિને બે હજાર. લ્યો, એ આવડત છે. આવડે છે ત્યારે એ થયું છે કે નહિ? આવડત વિના થયું હશે? એ જમીન અમુક લીધી, પછી એના નાના નાના ઓલા પાડવા કે ભાઈ આપણે પ્લોટ પાડવા. એટલી મળે નહિ મુંબઈમાં તો. બે બાજુ પાટિયા નાખી દે અને આપી દે. જાવ. એના પાંચ-પાંચ દસ હજાર રૂપિયા આવે લ્યો. ૨૦-૨૦ હજાર, ૪૦ હજાર, ૫૦ હજાર, લાખ રૂપિયા એય.. ભગવાનજીભાઈ! ૪૦

હજાર મહિને ભાડાના આવે છે તમારે ઝવેરભાઈને. કહો, મહિને ૪૦ હજાર. ન્યાં આફ્રિકામાં. કોને લઈને કોણ આવે અને કોણ જાય? ભારે વાતુ ભાઈ! શેઠ! આ તમે મોટા શેઠિયા કહેવાઓ છો. બહુ પૈસા આવે છે. આજ તો ત્યાં સલવાણા છે કાનપુરમાં જાય ને. ઢગલા આવે રૂપિયા. ૨૫-૨૫ હજાર રૂપિયા, લાખ-લાખ. એક દિ'માં કેટલા કેટલા? એમ કો'ક કહેતું હતું હોં! આપણે તો સાંભળેલી વાતું છે. આપણે ક્યાં જોયું છે? કેટલા એક મહિનામાં આવે?

મુમુક્ષુ :- લાખ, સવા લાખ.

ઉત્તર :- લાખ, સવા લાખ રૂપિયા લ્યો. એક દિ'ના કે મહિનાના?

મુમુક્ષુ :- અઠવાડિયાના.

ઉત્તર :- અઠવાડિયાના લાખ, સવા લાખ લઈ આવે. ઈ લાવતા હશે ને? આવું છે આ. બાપુ! જો તારે સત્ય જોઈતું હોય, આ દુઃખને ટાળવું હોય તો આ અભિપ્રાય એણે છોડી દેવો પડશે. અહીં ભગવાન દુઃખથી છોડાવવાની વાત કરે છે. ભાઈ! તારી એ માન્યતા દુઃખ દૃષ્ટિ છે. એ દુઃખમય ભાવ છે તારો, ભાઈ! કેમ કે એ સત્ય નથી. સમજાણું કાંઈ?

'**પરિગ્રહમાં પણ જે (અધ્યવસાય) કરવામાં આવે,...**' એકત્વબુદ્ધિ. મેં રાખ્યા. અને તે આવડવું જોઈએ. જુઓ! પૈસા છે ને બીજાને આપીએ તો વ્યાજ ઉપજે. મકાનમાં નાખી દીધા હોય તો નિરાંતે ઉપજ્યા કરે. એમ કેટલાક ડોઢ ડાહ્યા આવ્યા હોય. બીજામાં આપીએ વળી આઠ આના (મળે). અત્યારે તો વધી ગયું લાગે છે. રૂપિયો, સવા રૂપિયો આવે. પહેલા છ આના હતું સાધારણ. અત્યારે તો દોઢ ટકા થઈ ગયા. દોઢ ટકો, લ્યો! પણ એમાં દોઢ ટકા ઉપજે નહિ. મકાન-બકાનમાં નાખ્યા હોય તો ભલે પૈસા ઓછા ઉપજે પણ સચવાઈ તો રહે મૂડી. એય.. મણિભાઈ!

મુમુક્ષુ :- ઓલો તો આપે, નહિતર ન પણ આપે.

ઉત્તર :- ઓલા પૈસા બીજાને આપ્યા હોય તો ન આવે. આઠ આના આપ્યા, બાર આના. ખાઈ ગયો તો? મકાન કાંઈ વયા જાય? એ મકાન કરીએ તો પૈસા રહે. એ આવડત જોઈએ. મૂઢ છો. મકાન કોણ કરે અને કોણ ખર્ચે? એય.. શોભાલાલજી! આ તો બધું પોકળ ખુલે છે આ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. કાંઈ કરી શકતો નથી જડનું, કાંઈ પરનું. એમ કહે છે. આ શરીરનું હાલવું એ આત્મા કરી શકતો નથી.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? આ આંગળી ચાલે છે એ આત્માથી નહિ.

મુમુક્ષુ :- શરીર ખોટું પડે ત્યારે.

ઉત્તર :- ખોટું જ છે અત્યારે. આત્મા સત્ છે અને આ ખોટું છે એના હિસાબે. આની અપેક્ષાએ સત્ છે, આની અપેક્ષાએ અસત્ છે. એની પર્યાયથી સત્ છે. એનું કાર્ય એ કરે છે. આત્માથી આંગળી ચાલે અને ભાષા નીકળે એ ત્રણ કાળમાં નહિ. આહાહા..! પરદ્રવ્ય ખબર નથી, પરદ્રવ્યની ખબર નથી. પરદ્રવ્ય વસ્તુ છે કે નહિ? ખરેખર તો તારા જ્ઞાનની પર્યાય અનંત જેવા છે, જે રીતે છે તેને જાણવાનો સ્વભાવ છે. પણ જે રીતે નથી તે રીતે માનવું એ તો મિથ્યાદષ્ટિનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ? કેટલાકને વળી બાયું બાયુંને સોંપે કામ. કે ઈ બરાબર સાચવી શકશે. આપણે નહિ સાચવી શકીએ. આદમી કહે. હા, હા. કેટલાક એવા હોય. આપણે આદમી છીએ, એને સોંપો ભાઈ. લેવા જઈશું તો ઝટ નહિ દે તો એ સંઘરી રાખશે. એ અભિમાની મૂઢ હશે તો સંઘરી રાખશે એમ માનશે. કે અમને સોંપ્યું ત્યારથી અમે ધ્યાન રાખ્યું છે અને બરાબર રાખ્યું છે. જુઓ! ખરચવા દેતા નથી ધણીને પણ. ધણીને મરજી થાય તોપણ (કહે), નહિ. એટલું નહિ ખરચાય. ઠીક! કહો, સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! એવું બધું હોય છે જગતમાં ઘણાંને. આહાહા..! મારા હાથમાં નહિ રહે, ભાઈ. હું તો એવો માણસ છું ને. એટલે બાઈને સોંપી દઉં. આ મકાન એને નામે નોંધી દઉં, જાવ. હવે પછી મારે કરવું હોય તોપણ હું નહિ કરી શકું. એટલે મેં આમ કર્યું માટે બાયડીયું રાજી થશે, અને ઓલી માને એમ કે મેં રાખ્યું. મૂઢ છે. સાંભળને હવે. કોણ રાખે જડને અને કોણ છોડે જડને અને કોણ વાપરે જડને? જેઠાલાલભાઈ! આરેરે..! ભારે વાત, ભાઈ! આવી વાતું તો વીતરાગ સિવાય ક્યાંય સાંભળવા મળે એવી નથી. વીતરાગના માર્ગ સિવાય, સત્યના માર્ગ સિવાય ક્યાંય એ વાત સાંભળવા મળે એવી નથી. ગોટેગોટા ઊંધા કરીને પરિગ્રહમાં... સમજ્યા? અધ્યવસાય.

'**તે બધોય પાપના બંધનું એકમાત્ર કારણ છે; અને જે અહિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે...**' હવે સવળું. આ બીજાની દયા પાળી શકું એવો અધ્યવસાય તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, બંધનું કારણ. '**તેમ જે સત્ય,...**' એમ સત્ય બોલું છું. સત્ય વક્તા થાવું. હું તો ભાઈ સત્ય વાત કહીશ, મારે કોઈની ઓલી નહિ રહે. હું તો સત્ય કહીશ. શું કહીશ? ધૂળ? સત્ય તો ભાષા છે.

મુમુક્ષુ :- બીજા...

ઉત્તર :- એ તો ભાવમાં જૂઠાપણું ન કરવું એમ છે. ભાષા બોલવી એ કાંઈ આત્માનો અધિકાર છે? આહાહા..! સમજાણું કાંઈ? શેઠી! આ અધિકાર એવો આવ્યો આજ. એ સત્ય

બોલું છું હું. હું સાચો માણસ છું, ભાઈ! એમ ઘણાં કહે છે કેટલાક. આપણે તો સાચા માણસ છીએ ભાઈ, હોય એ કહી દઈએ.

મુમુક્ષુ :- ખોટા માણસ કોણ?

ઉત્તર :- ખોટા એમ કે મનમાં ગોપવી રાખે અને ખોટા બોલે એનું નામ ખોટા. આપણે તો મનમાં હોય એ વાત કહી દઈએ, સત્ય વાત કહી દઈએ. મૂઢ, પણ ભાષા જ તારી નથી તો શું કહે તું?

'જીવ અને અજીવ બંને, ચૈતન્ય અને જડ બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' અને આ જ્યાં ત્યાં (અભિમાન કરે). હવે એને ધર્મ કરવો નથી અને પાપ આવા કરવા છે. સમજાણું કાંઈ? સત્ય હું બોલી શકું છું. એ અભિપ્રાય મિથ્યાત્વ છે. ભાષા કોણ બોલે? ભાઈ!

'**દત્ત,...**' મેં પરનું ન લીધું. હું લઈ શકું છું, પરનું મેં ન લીધું.

મુમુક્ષુ :- દીધું તો ...

ઉત્તર :- પણ નથી લીધું એ જ તારો મિથ્યાત્વભાવ છે. કે દિ' લઈ શકતો હતો તે નથી લીધું એમ કહે છે? ભગવાનજીભાઈ! માર્ગ આવો છે આ. આહાહા..!

'**બ્રહ્મચર્ય,...**' શરીર વડે મેં બ્રહ્મચર્ય રાખ્યું, શરીરની ક્રિયા વડે વિષય થયો નથી મારી જિંદગીમાં. મેં કર્યો નથી. એ શરીરનું બ્રહ્મચર્ય રહ્યું શરીરથી, ક્રિયા ન થઈ એ મેં કરી છે. મિથ્યાદૃષ્ટિ છે કહે છે. એ વાત છે, બાપા! ભાઈ! મેં શરીરને અડવા (નથી દીધું). આ લોકો નથી કહેતા કે મન જાય તો ભલે જાય પણ કાયા જવા દેશો નહિ. કાયા જવા દે, ન જવાનો તારો અધિકાર જ નથી. ભારે વાતું, ભાઈ!

મુમુક્ષુ :- મન પર...

ઉત્તર :- મન ઉપર પરિણામ કરો એ તમારા ભલે. પણ તમે જાણો કે આ શરીરની ક્રિયા વિષયની મેં થવા ન દીધી. મેં શરીરને રોકી રાખ્યું બ્રહ્મચર્ય માટે. એ દેહની ક્રિયાનું અભિમાન મિથ્યાદૃષ્ટિને હોય છે. આહાહા..! આકરી વાતું, ભાઈ! સમજાણું કાંઈ? જુઓ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના માર્ગમાં જડ અને ચૈતન્યની ભિન્નતાના ભાનની વ્યાખ્યા છે આ. આહાહા..!

જે આ દેહ છે, શરીરની ક્રિયા વિષયની થાય એને કારણે હોં! આત્માને કારણે નહિ. ભાવ કરે. પણ ભાવ વિષયનો કર્યો અને બ્રહ્મચર્યનો કર્યો ભાવ શુભ. એથી શરીરની ક્રિયા બ્રહ્મચર્યની અટકી છે એમ નથી. શોભાલાલજી! બહુ વાતું બાપા, આ તો કો'ક દિ' કો'ક દિ' સાંભળવા મળે એવી છે આ તો. આ તો ટાકણે આ અધિકાર ચાલતા-ચાલતા આમાં આવી ગયો છે. મેં કીધું, આ રાખો હવે. વરસો વરસ તો બપોરે બીજું લઈએ છીએ. સાંભળે

તો ખરા આ.

અરે..! ભાઈ! તું જુદો છો ને આત્મા. એ શરીરની ક્રિયા મેં થવા ન દીધી, બ્રહ્મચર્ય પાળ્યું શરીર દ્વારા. શરીરની પર્યાય થવાની નહોતી અને તેં કરી છે એવી? એ થવાની નહોતી માટે એમ થઈ છે. તેં રાખી માટે થઈ છે એમ છે નહિ. ગજબ વાતું ભાઈ! આહાહા..! અરે..! આવા મનુષ્યદેહમાં એ સત્ય અસત્યના વિવેક નહિ કરે તો એના શરણા ઉદ્ધાર ક્યાં? સમજાણું કાંઈ?

શરીરની ચેષ્ટા વિષયની થાય એ તો જડની પર્યાય છે. અને ન થઈ એ જડમાં નહોતી થવાની માટે ન થઈ. એને ઠેકાણે કહે કે મેં થવા ન દીધી એવો મિથ્યાદષ્ટિનો અભિપ્રાય તે પાપનું કારણ છે. ભારે વાતું, ભાઈ! ગાથા તાકડે આ આવી અત્યારે. સાંભળે તો ખરા ભાઈ! જડ અને ચૈતન્ય બે જુદા છે ને ભાઈ! આ દેહની જે અવસ્થા થાય ક્ષણે તે તે અવસ્થા તે દેહથી થાય છે. આત્માથી નહિ. એવું જેને ભાન થાય તે દેહની ક્રિયાનો સ્વામી થાય નહિ તેથી ચૈતન્યનો સ્વામી થાય. હું તો આત્મા જ્ઞાન છું. રાગ થાય છે એનો પણ હું સ્વામી નથી. કેમકે વિકાર છે. વિકારનો સ્વામી, વિકારનો સ્વામી થાય તે આત્માને વિકાર માન્યો છે એણે. આ શરીરનો સ્વામી થાય તો આત્મા જડ છું એમ માન્યું છે એણે.

આમ બોલે છે ને અજીવને જીવ માને તો મિથ્યાત્વ. એમ ભાષા આવે. બોલે બહુ ગડિયામાં ઓલા પડિક્કમણામાં આવે છે ને. જીવને અજીવ માને તો મિથ્યાત્વ, અજીવને જીવ માને તો મિથ્યાત્વ. તો આ શું કહે છે આ? દેહની ક્રિયા જે ચેષ્ટા થાય એ જડની, વિષયની હોય. ભાવ તારો. આ થાય એનાથી. એના ઠેકાણે મેં કર્યું એ માન્યું એ મિથ્યાદષ્ટિનો અભિપ્રાય છે. મેં આ શરીરને રોકી રાખ્યું વિષયથી. શરીરને રોકી રાખ્યું એ પર્યાય મેં કરી છે. મૂઢ છો. સમજાય છે કાંઈ? અલખ પ્યાલા છે ભાઈ આ. તેં સત્ય કોઈ દિ' સાંભળ્યું નથી ભાઈ! ધર્મને નામે ઢોંગ કર્યા છે. પણ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું છે? કામભોગ બંધ કથા. એણે ઈચ્છાને ભોગવવી એવી વાર્તાઓ સાંભળી છે. પણ પરથી ભિન્ન અને રાગથી ભિન્ન ભગવાન આત્મા એની વાત એણે અનંત કાળમાં રુચિથી સાંભળી નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**બ્રહ્મચર્ય અને અપરિગ્રહ...**' નગ્ન થયો, મેં પરિગ્રહ છોડી દીધો છે, મારે બાયડી નથી, મેં છોકરા છોડ્યા, મકાન છોડ્યા, આ છોડ્યું, આ છોડ્યું. મૂઢ! પરના છોડવાનો અભિપ્રાય માને છે તે મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? અમે તો ઘણું છોડ્યું. જુઓ! અમારે ત્રણ દ્રવ્ય ખપે, બીજા ખપતા નથી લ્યો. સમજ્યાને? એક સાધુ હતો ભાઈ! ત્રણ ખપતા. આ ઘણા વર્ષની વાત છે હોં! ૬૦ વર્ષ પહેલાની, ૬૫ વર્ષ પહેલાની. ઉત્તમચંદ કરીને ..

સાધુ થયેલો. જોયા છે તમે? રોટલી, ઘી અને સાકર ત્રણ ખપે છે. અને વ્હોરવા જાય અને શેઠાણી હોય બિચારી થોડું ઘી આપે. નાખ આંખમાં ભર આંખમાં. જોયું છે કે નહિ ઘરે તારી માને ઘરે? આ રોકડ શેઠ નગરશેઠ હતા. એના વહુ હતા દિવાળીબેન બિચારા. એને બરાબર બોલે આવું હોં. ગામમાં નગરશેઠ અને દિવાળીબહેન બહુ ઓલા એના ઘરે. પિયરમાં ભાળ્યું છે કે નહિ નાખતા? આંખમાં આંજળી જેવું આ? શું કહેવાય આ ઓલું આંખમાં કરે ને આ?

મુમુક્ષુ :- ભરણ.

ઉત્તર :- ભરણ ભરે. આંખમાં ભરણ ભરવું ઘી જેવું છે. ખબર નથી તને? ત્રણ ખપે છે મને. આહાહા..! આ તો નાની ઉંમરમાં જોયેલું હોં! બહુ નાની ઉંમરમાં. ઘણી નાની, ૧૨-૧૩ વર્ષની ઉંમર હશે, ૧૨-૧૩ વર્ષની. તે દિ' જોયેલું. રોકડ શેઠની દુકાને .. ધમાધમ. આવાને આવા પાગલ. ઉમરાળાવાળા બધા પગે લાગે મહારાજને. મહારાજ! મહારાજ! મહારાજ-મહારાજ આવો આવો લઈ જાવ. મહારાજ કેવો એ? સમજાણું કાંઈ?

અહીં છે ને, અમારે મીઠું ખપતું નથી, રસ ખપતો નથી, આટલી ચીજ ખપતી નથી, આ ખપતી નથી પર ચીજનો ત્યાગ છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

મુમુક્ષુ :- પરને...

ઉત્તર :- પણ પરને ક્યાં ગ્રહ્યું તે ત્યાગ કર કે આને છોડ્યું.. મેં છોડ્યું... છોડ્યું. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ ગાથાઓનો અર્થ પણ બરાબર આજે આવ્યો, જુઓ! ભાદરવા સુદ એકમ, મંગળવાર.

ભાઈ! તું તો આત્મા છો ને નાથ! ચૈતન્ય છો પ્રભુ! એ ચૈતન્યને ભૂલ તો રાગ-દ્વેષ કર, પણ બીજાની ક્રિયા કર અને અટકાવવી એ કાંઈ તારા અધિકારની વાત છે? સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે અપરિગ્રહ. અમે આટલા દ્રવ્ય છોડ્યા. એ દ્રવ્ય કે દિ' તારામાં ગરી ગયા હતા તો તેં છોડ્યા? મારે આટલા દ્રવ્ય ખપે. સવારે નથી કરતા ઓલા ચૌદ બોલનું શું કરે છે? કાંઈક કહે છે ને?

મુમુક્ષુ :- ચૌદ નિયમ ધારે.

ઉત્તર :- ચૌદ નિયમ ધારે. એ બધી એને ખબર હોય, ક્રિયાકાંડ બહુ કરે છે ને એ. સવારમાં ચૌદ. ચોપડી અંગીકાર કરે. એક જણો કહેતો હતો મારે ચોપડી અંગીકાર કરવી. તને ભાવનું ભાન નથી ને. ચોપડીમાં બાર વ્રત અંગીકાર કર્યા ચોપડીમાં.

કહે છે કે એક રજકણથી માંડીને કોઈપણ ચીજ-આ દૂધ હું છોડું છું, મારે એનો પરિગ્રહ નથી, એ પરિગ્રહ મેં છોડ્યો છે. આ મેં છોડ્યું છે... આ મેં છોડ્યું. એમ પરના ત્યાગનો

અભિપ્રાય, અભિપ્રાયમાં છે એ મિથ્યાદષ્ટિનો અધ્યવસાય છે. રાડ નાખે. એય.. ન્યાલભાઈ! આવું સાંભળીને રાડ નાખે હોં! અપાસરામાં જો કીધું હોય.

મુમુક્ષુ :- યમ, નિયમ.

ઉત્તર :- 'યમ નિયમ સયંમ આપ કિયો પુનિ ત્યાગ વૈરાગ અથાગ લહ્યો.' પણ આ બધા આવા યમ. ઓલા તો વ્રત, રાગનો મંદ ભાવ હોં!

આ તો કહે છે કે મેં આ ચીજો દૂધ છોડ્યું, રસ છોડ્યો, આ છોડ્યું... આ છોડ્યું... આ છોડ્યું... આ મારે ખપે નહિ ને આ ખપે. પરમાણુ ખપતા હશે તને? મારે ત્રણ દ્રવ્ય ખપે. બીજું કાંઈ ખપે નહિ. ઝાઝા રાખે કોઈક લ્યોને. રોટલી, ઘી, શાક. સાત-આઠ-દસ. બીજા ખપતા નથી. દસ ખપે છે ને? દસ ખપે છે ને? મિથ્યાત્વ ખપે છે.

મુમુક્ષુ :- એક પરમાણુ ખપે તો થઈ રહ્યું.

ઉત્તર :- એક પણ પરદ્રવ્ય મને ખપે છે એવી માન્યતા છે તે પરિગ્રહનો ત્યાગ મેં કર્યો એ મિથ્યાદષ્ટિ છે. ભારે વાતું, ભાઈ! છે શબ્દ? ક્યાં છે ઈ?

**'સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં પણ (અધ્યવસાય) કરવામાં આવે,...'** એટલે એકત્વબુદ્ધિ કરવામાં આવે. મેં આ છોડ્યું, મેં આ મૂક્યું, મેં આ દેહની ક્રિયા છોડી, મેં આ કરી નહિ, ભાઈ! દેહની ક્રિયા અને પરનું છોડવું તારામાં છે જ કે દિ'? '**તે બધોય પુણ્યના બંધનું એકમાત્ર કારણ છે.**' મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પરની એક્ત્વબુદ્ધિમાં મિથ્યાત્વ સહિતનું પુણ્ય બંધાય. સમજાણું કાંઈ? કહો, આ વાંચ્યું છે કે નહિ તમે આ? ભીખાભાઈ! વાંચ્યું નથી ત્યાં મુંબઈમાં? શું કહેવું આમાં? વાંચ્યું હોય તો કહે શું કહેવું?

અહીં તો કહે છે, ભગવાન આત્મા તો પરદ્રવ્યથી ભિન્ન છે. એક એક રજકણથી, દેહની ક્રિયાથી, દેહની-જડની કોઈપણ વર્તમાન સત્તા, કાર્યરૂપી અવસ્થાથી ભગવાન જુદો છે. એને જુદો ન માનતા કોઈપણ પરમાણુની કે કોઈપણ શરીરની કે કોઈપણ પૈસાની-લક્ષ્મીની આ પર્યાય મેં રાખી કે આને મેં છોડી, એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! મોટું પાપ પહેલું છોડાવે છે. પહેલું આ પાપ તો છોડ. આ છોડ્યા વિના તને ત્યાગ-બાગ આવશે ક્યાંથી સાચો? સમજાણું કાંઈ? મિથ્યાત્વના પાપની ખબર ન મળે અને ખબર વિના ત્યાગ કરે શેનો? અમે કરી શકીએ છીએ... અમે કરી શકીએ છીએ... જુઓ! આ તમે બધા ખાવ લ્યો. આજ મારે લાડવો અને દૂધ નથી ખાવું. લ્યો. સમજાણું?

પહેલા એમાં રિવાજ હતો ગામમાં મરેને કો'ક. નાના ગામડામાં રિવાજ હતો ભાઈ. ગામડામાં કો'ક મરે તો વાણિયો દૂધ ન ખાય. એવો રિવાજ ગામડામાં હોં! નાગનેશમાં સાંભળ્યું હતું.

નાગનેશ. એય. છોટાભાઈ! નાગનેશ-નાગનેશ. વાણિયો ખાવા બેઠો હોય, મડદું નીકળે તો દૂધ ન ખાય. દૂધ ન ખાય. ખબર છે? એવો રિવાજ હતો પહેલો.

મુમુક્ષુ :- આપણે પણ મરવું જ છે ને...

ઉત્તર :- આપણે મરવું છે, બાપા! ભગવાનજીભાઈ! બધી વાતની ખબર હોય. નાની ઉંમરમાં બધી એક એક વાતની ખબર છે. ખાવા બેઠો હોય અને મડદું નીકળ્યું કો'ક બીજાનું હોં કો'કનું.

મુમુક્ષુ :- પોતાનું તો ક્યાંથી નીકળે?

ઉત્તર :- પોતાનું એટલે ઘરનું કોઈ. એમ. ઘરમાંથી કોઈનું મડદું નહિ. બાપુ! આપણે મરવું છે ને ભાઈ! આજ દૂધ નહિ ખાઉં. પણ એ પાછું દૂધ ન ખાવાનું અભિમાન. સમજાય છે? અમે આમ ખાતા નથી, અમે આમ લેતા નથી, અમે આમ દેતા નથી. કહે છે કે એમાં એકલું મિથ્યાત્વ સહિતનું પુણ્ય બંધાય એ ભાવમાં. ઓલો શુભભાવ તો છે ને જરી. પણ મિથ્યાત્વ સહિતનું પુણ્ય છે. મહાપાપ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ જ બંધનું કારણ છે. આ એક જ વાત કરવાની છે. વિશેષ વાત કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૨, બુધવાર તા. ૦૬-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૬૩ થી ૨૬૫, પ્રવચન-૩૨૯**

સમયસાર. અધિકાર બંધનો ચાલે છે. આ આત્મા પર જીવનું જીવન કરી શકતો નથી. પણ ત્યારે કરી શકતો નથી ત્યારે કરવું શું અમારે? એમ માણસને પ્રશ્ન થાય. મલૂકચંદભાઈ! એમ પ્રશ્ન થાય ને? લ્યો. કોઈનું જીવ કરી શકે નહિ, કોઈને મારી શકે નહિ. શરીરનું કરી શકે નહિ, વેપારના ધંધાની ક્રિયા કરી શકે નહિ.

મુમુક્ષુ :- વળી શાસ્ત્રમાં આવે કે દાન દેવું, મુનિને દાન દેવું.

ઉત્તર :- એ દાન દેવાની વાત એ તો રાગ મંદ કરવાનો એને ભાવ આવે. એ ભાવ આવે. એ ભાવ આવે એથી ઓલી ક્રિયા થાય છે એમ નહિ. અહીં તો ભાઈ વાત એવી છે જરી.

જેને આત્મા સિવાય બીજાનું જીવન-મરણ કરી શકું નહિ એવો જો અભિપ્રાય થાય તો પરનો ઉત્સાહ ભંગ પડી જાય. જ્યાં હોય ત્યાં હું કરું છું, હું કરું છું, એવો ઉત્સાહ છે તેને ઘા પડે. આહાહા..! સમજાય છે? આ ગાથાઓ આવીને. પ્રશ્ન થાતો હોય મલૂકચંદભાઈને ઘરે. પૂનમભાઈ કરતા હોય. પ્રશ્ન તો થાય ને. આ બધું આવ્યું ત્યારે કરવું શું? એને (એમ કહેવાય કે) આ ન કરે... આ ન કરે.. આ ન કરે.. આ ન કરાય.

મુમુક્ષુ :- પણ શું કરવું એ તો બતાવો?

ઉત્તર :- પણ પહેલું નક્કી તો કરે કે આત્મા બીજાના જીવનને ટકાવી રાખવું એ આત્મા પ્રાણ રક્ષણ કરી શકતો નથી. એટલું નક્કી કરે તો એના અભિપ્રાયમાં પરનું કરું એવી બુદ્ધિ છે એ ઉપર ઘા પડે. ઘા પડે તો હોંશ ઘટી જાય એની. સમજાય છે કાંઈ?

પરને સુખી કરી શકું છું સગવડતા આપીને એમ માન્યતા છે, એ માન્યતા જો છોડે તો બીજાને નભાવું, સુખી કરું છું એ માન્યતા ઉપર ઘા પડતા એ માન્યતા પર ઉપરથી ખસી જાય. અને પરને દુઃખી કરી શકું, હેરાન કરી શકું છું, એવી વાણી બોલી શકું છું, એવું જે માન્યતામાં હોય... પરને શું કરી શકે? એમ જો અભિપ્રાય થાય તો પરના ઉત્સાહ જે આમ શરીરનું આમ બોલું, વાણી આ બોલું, આ કરું-એ અભિપ્રાય ઉપર ઘા પડતા એની શ્રદ્ધા મોળી પડી જાય પરના કાર્ય માટેની. કાર્ય માટે એટલે કરું એને માટે મોળી પડી જાય. સમજાય છે કાંઈ?

બીજાને સુખી-દુઃખી, લાભ પહોંચાડી શકું, બીજાને નુકસાન કરી શકું, શસ્ત્રોને ઉપાડીને

શસ્ત્રની ક્રિયા હું કરી શકું એ વાત તદ્દન મિથ્યાદષ્ટિએ માનેલો અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરોપકાર.

ઉત્તર :- પરોપકાર કોણ કરી શકે?

એક ભાવ હો કે હું કાંઈક રાગ મંદ કરું. દયા, દાનના ભાવ, શુભના ભાવ, દાનના ભાવ કરવા. પણ એ ભાવની મર્યાદા પોતાના શુભભાવ કરે તેટલી છે. એ ભાવ આવ્યો માટે ઓલી ક્રિયા કરી શકું છું દેવાની પરમાણુને, મંદિર બનાવી શકું છું, એ વાતમાં કાંઈ માલ નથી. શેઠી! સમજાણું કાંઈ? આ મન, વચન, કાયા ત્રણ છે ને અહીં જોડે? આ જડ માટી. એનું પણ હું હલન-ચલન હું કરી શકતો નથી એમ જો માને તો એના પ્રત્યેનો ઉત્સાહ ભંગ પડી જાય. આ તો અમે આ શરીરને રાખીએ, અમે આમ મનને કરીએ, વાણી આમ બોલીએ. એને આત્મા ઉપર આવવાનો અવસર મળતો નથી.

મુમુક્ષુ :- વધારે સૂક્ષ્મ

ઉત્તર :- આ થોડી થોડી કરી એને. એ ભાઈ મલૂકચંદભાઈ કહેતા હતા. પૂનમચંદભાઈએ પૂછયું હશે, આ ન કરવું. પણ ત્યારે કરવું શું અમારે? અને સવારમાં ક્રમબદ્ધનું પૂછયું હતું. વાત સાચી. બે પ્રશ્ન તો પૂછે છે ને. એટલું તો થયું કે નહિ અંદર. એક જણાએ એમ કીધું. પૂછે છે ખરું આ.

મુમુક્ષુ :- અહીં આવ્યા તો એવા વિચાર આવ્યા. મુંબઈમાં ન આવે. લ્યો.

ઉત્તર :- ધૂળમાં ત્યાં ક્યાં આવે? ત્યાં તો હા..હો..હા..હો..હા.. થાય ત્યાં. એય.. જયંતિભાઈ! આ તમારા ભાઈની વાત કરીએ છીએ.

અહીં કહે છે કે ભગવાન ત્રણ લોકના નાથ આ કહે છે. શું કરવા કહે છે? કે તારી શ્રદ્ધામાં એમ રહે કે હું આ મનનું કરું, વાણીનું કરું, દેશનું કરું, કુટુંબનું કરું, પૈસા મેળવું, આ કરું, આ કરું. શેઠ! આ વેપાર-ધંધા કરી શકું. આંગળી હલાવી શકે નહિ. થડે બેઠી શકવાની ક્રિયા એ આત્માની નથી. એ જડ શરીર એને કારણે બેસે અને એને કારણે ઉઠે.

મુમુક્ષુ :- બેસે તો છે.

ઉત્તર :- કોણ બેસે છે? માને છે કે અમે આને બેસાડ્યો. એ તો મૂઢ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ શરીર તો જડ છે. જડ ત્યાં બેઠું, રહ્યું એ પોતાની યોગ્યતાની પર્યાયથી રહ્યું છે. ઉઠે તો એની પર્યાયથી. આત્મા એને ત્યાં બેસાડી શકે અને હલાવી શકે એ વાત મહા મિથ્યાદષ્ટિ માને છે. એમ જો માન્યતા થાય કે આ તો શરીરને પણ ન કરી શકું એ પર વસ્તુ છે. જગતના તત્ત્વો છે. જેમ હું છું એમ પણ એ તત્ત્વ છે. તો એ તત્ત્વની

દશાનો કર્તા તે તત્ત્વ છે. તે તત્ત્વનો હું કર્તા નથી. તો એની દૃષ્ટિ બહારથી સંકેલાઈ જાય. અંદરથી સંકેલાઈને આત્મા કોણ છે એને જોવા માટે ભાવ કરે. ત્યારે હું છું કોણ? કે આ પરનું કરી શકું નહિ ત્યારે હું શું કરું? સમજાય છે કાંઈ?

શત્રુ ને મિત્ર માને કે આ મારો શત્રુ, આ મારો મિત્ર. બધી પાખંડ મિથ્યાદશા છે. જગતમાં કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર પણ નથી. સમજાણું કાંઈ? આ એને અનાદિની મિથ્યાશ્રદ્ધા જગતમાંથી નવરો થવા દેતી નથી. મેં આ કર્યું... મેં આ કર્યું.. મેં આ કર્યું.. એય.. શોભાલાલભાઈ! મેં આમ હતું તે આમ કર્યું, મેં આમ હતું તો વ્યવસ્થા આમ કરી ધ્યાન રાખ્યું. એય.. શેઠ! જુઓ! પહેલેથી બીડી-બીડીનું કર્યું કોણે? તમે કર્યું હશે કે નહિ બધું?

મુમુક્ષુ :- શરૂઆત તો એમ જ થાય ને.

ઉત્તર :- એ વાત જ ખોટી છે, કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ખોટી છે? એમ જો થાય તો પરપદાર્થના કાર્યથી દૃષ્ટિ હટી જાય. અને હટીને હું શું કરું છું ત્યારે મારામાં? હવે હું શું કરું છું મારામાં? કે એ કરે છે પરિણામ. શુભ અને અશુભ પરિણામ. હવે શુભ અને અશુભ પરિણામ કરે છે એમ જો વિચારવા જાય કે પરનું કરતો નથી અને આ પરિણામ કરું છું તો એ પરિણામનું ફળ શું? સમજાય છે કાંઈ? પરને માટે કાંઈ નથી કરી શકતો. હવે હું કરું છું શું? કે પરિણામ, ભાવ. શુભ અને અશુભભાવ. ત્યારે એ શુભ-અશુભભાવનું ફળ શું? કે શુભ-અશુભભાવ વિકાર છે, એનું ફળ બંધન છે, એનું ફળ દુઃખ છે. એમ નક્કી કરે તો શુભાશુભ પરિણામથી મારી ચીજ જુદી છે એવો નિર્ણય કરવાનો એને અવકાશ અને પ્રસંગ મળે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... આવ્યો નહિ.

ઉત્તર :- આ ટીકામાં થોડું થોડું તો કહીએ છીએ ભાઈ! અમારા મલૂકચંદભાઈ (કહેતા હતા). શું પણ ત્યારે આ જીવાડી શકે નહિ, મારી શકે નહિ, બાયડી-છોકરાને રાખી શકે નહિ, બાયડી-છોકરાને રાજી કરવાનો ભાવ કરે, પણ એથી રાજી થાય નહિ. અને રાજી થાય તેમ માને તે મિથ્યાત્વ પાપને સેવે છે. ત્યારે કરવું શું એણે?

એમ છે કે એ પહેલું નક્કી તો કરે કે હું એક તત્ત્વ છું, વસ્તુ છું. એવી બીજી પણ એક ચીજો છે. બીજા આત્માઓ છે, બીજા રજકણો છે એ જગતના તત્ત્વો છે. એ જગતના તત્ત્વોની અવસ્થાના કાર્ય એ તત્ત્વ કરે છે. એ હું નથી કરતો. એ નથી કરતો એમ જો માને તો એની દૃષ્ટિ આખા સંસારના કાર્યથી ઉઠી જાય. ત્યારે હું શું કરું છું એમાં દૃષ્ટિ આવે એને. સમજાણું કાંઈ? એના પરિણામ જોવાનો એને અવસર આવે. પરિણામમાં શું

થાય છે ત્યારે આ હું કરું છું? પરિણામમાં તો શુભ-અશુભ ભાવ થાય છે. સમજાય છે? એ તું કરે છો. અને શુભ-અશુભભાવ તો વિકાર છે, વિકાર તે દુઃખરૂપ છે. દુઃખરૂપનો કર્તા (થતાં) એના ફળ વર્તમાન દુઃખ અને ભવિષ્યમાં પણ દુઃખ છે. ત્યારે મારે કરવું શું હવે? સમજાય છે કાંઈ? એક વાત.

એક વાત કે આત્મા સિવાય કોઈ પરમાણુ માત્રની આંખની પાંપણ ફેરવી શકે નહિ એમ નક્કી થાય તો એની શ્રદ્ધા આમ વિસ્તાર પામી છે ઊંધી કે આમ કરું.. આમ કરું.. આમ કરું એવી શ્રદ્ધા ખસી જાય. બીજું. મારા સિવાય પર ચીજમાં સુખ અને શાંતિ ત્રણ કાળમાં નથી. જેમ એનો હું કર્તા નથી, તેમ એમાં મારું સુખ નથી. નવનીતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ આત્મા અહીં. અને એનું સુખ પરમાં હોય? પરમાં એ છે? આ આત્મા પરમાં છે? પરમાં છે કે એનું સુખ ત્યાં હોય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં પણ? આનું સુખ ત્યાં હોય? આ ત્યાં છે કે આનું સુખ ત્યાં હોય?

મુમુક્ષુ :- એમાં શું વાંધો છે ત્યાં હોય તો.

ઉત્તર :- પણ ત્યાં હોય શેનું પણ? એનું એનામાં હોય. ન્યાય સમજાય છે?

આત્મા પોતાના ક્ષેત્રમાં છે અસંખ્ય પ્રદેશ. અને એની દશાના વર્તમાન ભાવ પૂરતો અને ત્રિકાળ પૂરતો. હવે એનામાં એ છે. હવે એને અહીં શરીરમાંથી, પૈસામાંથી, શરીરમાંથી, ધૂળમાંથી સુખ છે એ માન્યતા ભ્રમ અજ્ઞાન છે. એ ભ્રમ ઉપર જો ઘા પડે તો એને આત્મામાં આનંદ છે એમ નજર કરવાનો એને અવસર મળે. એ એને કરવાનું છે. શેઠી!

મૂળ અનાદિનો આંધળો જ એમ ને એમ ચાલ્યો જાય છે. કાંઈ આત્મા મારું શું થશે અને મારું શું થશે અને શું થાય છે? કોઈ દિ' વિચાર જ કર્યો નથી. સમજાણું કાંઈ? શ્રીમદ્દે કહ્યું નહિ? 'હું કોણ છું ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' સોળ વર્ષે કહે છે પોકાર ઉઠીને.

> કોના સંબંધે વળગણા છે રાખું કે પરહરું?
> એના વિચાર વિવેક પૂર્વક શાંતભાવે જો કર્યા
> તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા.

સોળ વર્ષે કહે છે. અહીં તો કેટલા વર્ષ થઈ ગયા. ૪૫, ૫૦, ૬૦, ૭૦ કેટલાકને. ૮૪, ૮૫ થાશે ડોસાને. આને ૮૬, આને ૮૫, આને ૮૪ લ્યોને બધા. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! તું ક્યારનો કેવડો ક્યાં છો? તું ક્યારનો કેવડો ક્યાં છો? હું અનાદિનો

આનંદ સ્વભાવવાળો એમાં હું છું. સમજાણું કાંઈ? આહાહા..! અહીં.. અહીં.. અહીં.. એમ કરીને દૃષ્ટિની વિપરીતતાથી દુઃખી થઈ રહ્યો છે.

એથી આચાર્ય મહારાજ કહે છે, ભાઈ! તું બીજાને રળી શકે, પૈસા ભેગા કરી શકે, પૈસા રાખી શકે, પૈસા વાપરી શકે એ તારા અભિપ્રાયમાં ભલે માન, પણ એ વાત છે નહિ. એમ હોય તો એની દૃષ્ટિ અનંત પદાર્થ ઉપરથી કર્તાપણાની ઉડી જાય અને એમાં સુખ છે એવી માન્યતા છે એ ઉડી જાય. સમજાય છે કાંઈ? વાત તો આ છે. માટે આ સમજાવે છે. કહો, શેઠી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ ક્રિયા કરવાની છે.

ઉત્તર :- આ કરવાની છે અંદર. એના પરિણામ શું છે તે જોવા અને એ પરિણામ જ્યારે પુણ્ય અને પાપના વિકારરૂપે છે. પરનું તો કરી શકતો નથી, પરને લઈને પરિણામ થયા નથી, પરિણામ પોતાથી થયા છે-ભાવ. એ ભાવ છે એ તો વિકારી દુઃખ છે. આ ભાવ તો અનાદિથી કરતો આવે છે. તો હવે એને કાંઈ સુખ લેવું છે કે નહિ? એવા પરથી કર્તૃત્વબુદ્ધિ ઉડી જતાં, પરથી નવરો થતાં અભિપ્રાય જોવાને, પરિણામ જોવાને નવરો થાય. અને પરિણામને જ્યારે જોવે કે આ તો પરિણામ મારા સ્વભાવથી વિરૂદ્ધના છે. શુભ અને અશુભ. સમજાય છે? પ્રશસ્ત અને અપ્રશસ્ત. વિશુદ્ધ, સંક્લેશ અને વિશુદ્ધ. એ શું છે? એ તો પરતરફના લક્ષવાળા છે. એ તે સુખ છે? એમાં સુખ છે? એ કરવા જેવા છે? એ સુખ છે? એ રાગ છે. એ તો ખરેખર કરવા જેવા નથી. જો કરવા જેવા હોય તો તો દુઃખ છે એમાં. દુઃખને કરવા જેવું છે? સમજાણું કાંઈ?

એ પરિણામ થાય એ દુઃખ છે. દુઃખને કરવા જેવું છે? ત્યારે શું કરવું છે તારે? દુઃખી થાવું છે? જેને સુખી થવું હોય એટલે ધર્મ કરવો હોય. ધર્મ એટલે સુખી થવું. ધર્મ કાંઈ એવી ચીજ નથી કે સુખ ન મળે અને ધર્મ થાય. ધર્મ થાય અને સુખ ન મળે એમ ન હોય. શેનું સુખ? આત્માનું. બહારમાં ક્યાં ધૂળમાંય હતું. એ તો વાત કરી પહેલી. દૃષ્ટિ ઉઠાવી લે બહારથી. બહારમાં કાંઈ માલ નથી. જ્યારે તારે સુખ જોઈતું હોય તો આત્મામાં દૃષ્ટિ કરવી પડશે. પરનું અભિમાન છોડી.. સમજાય છે? પરના કર્તાપણાનો અભિપ્રાય મૂકી, પરિણામને જોવા નવરો થા, તો પરિણામ દુઃખરૂપ તને લાગશે. પર તરફના વલણવાળા છે, એ આદરણીય છે નહિ. તો આદરણીય પછી શું? એ પરિણામ વિનાની ચીજ જે શુભાશુભ વિનાની ચીજ છે એ ચૈતન્ય આનંદ મૂર્તિ તેને આદરવામાં એની દૃષ્ટિ આવશે. એ વિના દૃષ્ટિ આદરવામાં આવશે નહિ. સુમનભાઈ! કહો, સમજાણું કે નહિ આમાં?

હવે ૨૬૪ ગાથા સુધી થઈ ગઈ. ૨૬૪. ૨૬૫.

મુમુક્ષુ :- આજે ..

ઉત્તર :- ઠીક પડ્યું? ઠીક. આ પૂનમભાઈને લઈને વધારે વિસ્તાર કર્યો. અમારા આ મલૂકચંદભાઈએ પૂછયું હતું. પૂછયું હતું કે નહિ?

૨૬૫ છે ને એના ઉપર ઓલું છે. સમયસાર છે ને? મથાળું છે. જુઓ! '**વળી બાહ્યવસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે એવી શંકા ન કરવી.**' છે? શું કહે છે? કે બીજો જીવ મરે માટે અહીં બંધ થાય, બીજો જીવે માટે અહીં બંધન થાય, બીજાને લાભ-અલાભ થાય તો અહીં બંધન થાય, દેહની ક્રિયા થાય તો આત્માને બંધન થાય એમ હશે? કાંઈ એમ નથી.

'**બાહ્ય વસ્તુ તે બીજું પણ બંધનું કારણ હશે...**' એટલે શરીરની ક્રિયા થાય, બોલવાની ક્રિયા થાય. સમજાય છે? પૈસો રહે ઘરમાં, મકાન રહે, પૈસો જાય એવી ક્રિયા આત્માને એને બંધનું કારણ એ ક્રિયા હશે? '**એવી શંકા ન કરવી. (અધ્યવસાય તે બંધનું એક કારણ હશે અને બાહ્ય વસ્તુ તે બંધનું બીજું કારણ હશે એવી પણ શંકા કરવી યોગ્ય નથી;...**' બાહ્ય ચીજ બંધનું કારણ નથી. તારો અધ્યવસાય-આને હું કરી શકું છું, આને હું છોડી શકું છું, આને જાળવી શકું છું, આની રક્ષા કરી શકું છું. એવો તારો અધ્યવસાય ભાવ તે એક જ બંધનું કારણ છે. એ સંસારની વૃદ્ધિનું કારણ એક ભાવ છે તારો. બહાર કારણ નથી. એમ કહે છે. આહાહા..!

'**અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે,...**' જુઓ! અધ્યવસાય. પોતાનો આત્મા પરથી ભિન્ન છે એવું ભાન જ્યાં નથી. હું ચૈતન્ય છું, મારા તત્ત્વને અને પર તત્ત્વને કાંઈ સંબંધ નથી. એમ ન માનતા મારા તત્ત્વથી બીજા તત્ત્વના કાર્ય કરું છું એવો જે અધ્યવસાય, એ અધ્યવસાય જ એને બંધનું કારણ છે. પાપનું કારણ અને નવા પાપ બંધનનું કારણ એ અધ્યવસાય એક જ છે. બીજી બાહ્યની ચીજ એને બંધનનું કારણ થાય, બીજો જીવ મરી ગયો, પૈસા રાખ્યા, પૈસા રહ્યા એ આત્માને બંધનું કારણ છે એમ નથી. સમજાણું કાંઈ?

'**આવા અર્થની ગાથા હવે કહે છે :-**' ૨૬૫.

**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होदि जीवाणं।**
**ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि।।२६५।।**

નીચે હરિગીત.

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.**

એનું જ્ઞાન તો કરે, પહેલી સમજણ તો કરે, સમજણમાં યથાર્થતા તો લાવે. સમજણમાં યથાર્થતા ન લાવે ત્યાં સુધી સ્વભાવ સન્મુખ થઈ શકે નહિ. બહારમાં ભટક્યા ભટક (કરે છે). આનું કરું.. આનું કરું... આનું કરું... સમજાણું કાંઈ? આગળ તો ઘણી ગાથા લેશે હજી બંધ-મોક્ષ. બીજાનો મોક્ષ કરી દઉં, બીજાનું બંધન કરી દઉં. સમજ્યાને? બીજાને સમજાવીને મને લાભ થઈ જાય. મૂઢ છો. સાંભળને હવે.

મુમુક્ષુ :- કોર્ટમાં ઘણાંય સમજી ગયા.

ઉત્તર :- સમજી ગયા, એ ધૂળેય સમજ્યા નથી. રામજીભાઈને લઈને ઓલા બધા સમજ્યા હશે જજ, નહિ? એમ હશે? એને લઈને. કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે, બીજા પ્રાણીને એની અવસ્થાને હું કરું, અને એને મારે કારણે થાય એ તારો અભિપ્રાય તદ્દન મિથ્યા છે. એવી હોંશ ન કરીશ કે હું આટલું સમજાવું તો આ સમજશે, સમજી જશે. એવી હોંશ ન કરીશ. એ સમજશે એની યોગ્યતાથી. શેઠ! ભાઈ! આ તો માર્ગ આખો પરથી નિરાળી ચીજ છે. સમજાણું? કહે છે...

'**ટીકા :- અધ્યવસાન જ બંધનું કારણ છે;...**' અધ્યવસાય સમજ્યા? એકત્વબુદ્ધિ. સ્વ-પરની એકત્વબુદ્ધિ. આત્મા ભિન્ન અને પર ભિન્ન (છે). એમાં બીજાના કાર્ય કરી શકું એવો જે અધ્યવસાય એક જ બંધનું કારણ છે. મિથ્યાત્વ જ બંધનું કારણ છે. અહીં ભાઈ મિથ્યાત્વ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! મિથ્યાત્વ તે બંધન અને સમ્યગ્દર્શન તે મુક્તિ. સમજાય છે કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ અનંત ગુણનો પુંજ પ્રભુ, એની જ્યાં અંતર અનુભવદૃષ્ટિ થઈ, સમ્યક્ થયું, વસ્તુ મુક્ત છે. દૃષ્ટિ મુક્તના અબંધ પરિણામે પરિણમી છે. એને સંસાર છે નહિ. એ ભલે રાજપાટમાં દેખાય પણ અંદર સંસાર નથી. ઉદયનો પણ જ્યાં આદર નથી, સ્વભાવનો જ્યાં આદર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠો હોય. ક્યાંય એને મીઠાશ નથી. સમ્યગ્દૃષ્ટિને ક્યાંય મીઠાશ નથી. રુચિ ઉડી ગઈ છે બધેથી. મસાણમાં મડદું જેમ હોય અને મડદાને પાલીસ લાકડાથી બાળો. પાલીસ સમજો છો કે નહિ? પોલીશ કરીને. બરાબર રંગીને બાળે તો ઓલું મડદું ખુશી થાતું હશે?

એમ અહીંયાં ધર્મીને આત્માની દૃષ્ટિ થાય છે, આનંદ સ્વરૂપ છું આત્મા. કોઈનો કર્તા નથી અને મારી શ્રદ્ધા, જ્ઞાનને કોઈ બીજું કરાવી શકતું નથી. ભગવાન પણ મારી શ્રદ્ધા-જ્ઞાનને કરાવી શકતા નથી, ભગવાનની વાણી કરાવી શકતા નથી. કહો, સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ આત્મા ઉપર થતાં એને ક્યાંય બીજેથી સુખ મળે એવી દૃષ્ટિ હોતી નથી. અનુકૂળના ઢગલા પડ્યા હોય (તો) જ્ઞેય છે, એમાં ક્યાંય સુખ નથી. પ્રતિકૂળતાના ગંજ પડ્યા હોય

એ દુઃખ નથી. મારામાં જેટલો રાગ થાય તેટલું દુઃખ છે. મારો સ્વભાવ તે સુખરૂપ છે. ધર્મીને આવી દૃષ્ટિ હોય છે. કહો, સમજાણું કાંઈ?

**'અધ્યવસાય જ બંધનું કારણ છે;...'** શું કહે છે? આ શરીરની ક્રિયા થઈ, વાણીની થઈ, આ પુસ્તક બંધાણા, પુસ્તક લખાણા એ મેં લખ્યા, મેં કર્યા એવો જે અધ્યવસાય, બસ! એ એક જ બંધનું કારણ છે. બંધ એટલે સમજાય છે? નવા આવરણનું આ એક જ કારણ છે. બીજા નિમિત્તોમાં જે કાંઈ વર્તે લખાણમાં, બોલવામાં, શરીરમાં, બીજાના મરણમાં, બીજાના જીવનમાં, લક્ષ્મીના ઢગલામાં, આવવા-જવામાં એને કારણે આત્માને કાંઈ જરીએ બંધન છે નહિ. આહાહા..!

**'અધ્યવસાય જ બંધનું કારણ છે;...'** એમ નક્કી કરે કે મારા આત્મામાં પરપદાર્થનું હું કાંઈ કરી શકું અથવા પરથી મારામાં કાંઈક થાય એવો જે અધ્યવસાય એ જ આત્માને સંસારના બંધનનું કારણ છે. રખડવાનું એક કારણ છે એમ કહે છે. બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. એ બીજાનું જીવન-મરણ થાય, બીજાને લાભ-અલાભ થાય, શસ્ત્રો ઊંચા-નીચા થાય. હજારો શસ્ત્રો આમ પડતા હોય માથે. સમ્યગ્દૃષ્ટિ જીવ છે. રાજકુમાર હોય. ૨૫ વર્ષનો જુવાન. જેને અબજોની પેદાશ દિવસની હોય. રાજ ઉપર કોઈ ચડી આવ્યું અને વૃત્તિ વિકલ્પ ઉઠ્યો અને હાથીના હોદ્દે જઈને આમ લડાઈની ક્રિયામાં બાણ દેખાય છે પડતા. એ બાણનો પણ કર્તા નથી, ઓલો વિકલ્પ ઉઠ્યો એનો પણ કર્તા નથી.

મુમુક્ષુ :- ત્યારે છે શું એ?

ઉત્તર :- એ એનો જ્ઞાતા-દૃષ્ટા રહીને આત્માનો આનંદ વેદે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાનીને મેં આમ કર્યું, રાજાને જીતાડી દીધો, એને આમ કર્યું મેં, ભગાડી દીધો. એવી કળાબાજ કરીને.

મુમુક્ષુ :- એ સામગ્રી...

ઉત્તર :- હા સામગ્રી-બામગ્રી જુઓને અત્યારે બોમ્બ કરે છે. આવા ભેગા કર્યા માટે આમ કર્યું. મૂઢ છો હવે. સામગ્રી ક્યાં તારી હતી? તારા ઘરેથી ક્યાં આવી હતી? તારા ઘરમાં છે તો સામગ્રી બહાર આવે? એ તો બધી જડની સામગ્રી. બધા બોમ્બ-બોમ્બ હથિયાર ને બથિયાર બધા. એ હથિયારના હાલવાની ક્રિયા આમ આમ થાય એને હું કરું છું એમ માને છે તે અધ્યવસાય કરે છે અને તે અધ્યવસાયથી બંધન કરે છે. એ અધ્યવસાય બંધનું કારણ, ભેગા હથિયારમાં આમ થયું એ બંધનું કારણ એમ નથી. સમજાય છે કાંઈ?

મને સ્ત્રીથી સુખ મળે છે, પૈસાથી સુખ મળે છે. એવી જે માન્યતા મિથ્યાત્વ, એનું (નામ) સંસાર છે. એ સ્ત્રીની ક્રિયા થઈ, સમજાય છે? એ ક્રિયાથી આત્માને બંધન થાય

(એમ) ત્રણ કાળમાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુના સિદ્ધાંતો જે સત્ય છે એને નહિ સમજે ત્યાં સુધી એને આત્માનું શરણ આવશે નહિ. અને પરનું શરણ છોડશે નહિ અને સ્વનું શરણ લેશે નહિ. રખડી મર્યો અનાદિથી એમ ને એમ. આહાહા..! સમજાણું?

મનુષ્ય મરીને ભાન વિનાના જીવો પાછા મરીને જાય નિગોદમાં. નિગોદમાં. તત્ત્વનું આરાધન નથી. આત્મા શું છે તેનું આરાધન નથી. અને એકલો વિકાર અને પુણ્ય-પાપના વિકલ્પ અને પરનું કરું એવું આરાધન છે. એને તો તત્ત્વની અવસ્થા હીણી થઈ જશે. એને સરવાળે તો નિગોદ છે. એ નિગોદના રસ્તે પડ્યા છે. જેઠાલાલભાઈ! આહાહા..!

જેણે ભગવાન આત્માને પરના કાર્ય હું કરી શકું છું એવા અભિપ્રાયથી નિવર્ત્યો છે અને પોતાના પરિણામમાં જે પુણ્ય-પાપ થાય છે એનાથી પણ મારું આ સ્વરૂપ છે, મને લાભ (છે) એનાથી નિવર્ત્યો છે. અને પ્રવર્ત્યો છે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં. એને સરવાળે મુક્તિ છે. સમજાણું કાંઈ?

ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ સુધી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં રહ્યા. છ લાખ પૂર્વ. સમ્યગ્દષ્ટિ (છે), આત્માનું ભાન છે. અમે આત્મા આનંદ અને જ્ઞાન છીએ. રાગ એ નહિ, શરીર નહિ, સ્ત્રી કાંઈ અમારું છે નહિ. છ લાખ પૂર્વ. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. કેટલામાં? એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, એક કરોડ નહિ, હજાર કરોડ નહિ, લાખ કરોડ નહિ, ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ (વર્ષ)) એક પૂર્વમાં જાય. એવા છ લાખ પૂર્વ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં અને છ ખંડમાં રહ્યા. પાપ રાગનો અલ્પ છે. કેમ કે અંદર રાગ અને પરથી ભિન્ન આત્માના ભાનમાં પડ્યો છે ઈ. સમજાણું કાંઈ? અને એ પાપ કેટલું? અલ્પ. અંદરના ધ્યાનમાં આવ્યા અંતર્મુહૂર્તમાં ઉડાડીને કેવળજ્ઞાન.

અજ્ઞાની અનંત કાળમાં ત્યાગી થયો, બહાર છોડ્યું, આહાર છોડ્યો, આ મૂક્યું પણ આત્માની ચીજમાં રાગ જ નથી અને પરનું કરવું એવો અભિપ્રાય જ નથી. એવી ચીજને જાણ્યા વિના એ ત્યાગી નગ્ન થાય તોપણ એ ખરેખર મોક્ષમાર્ગે નથી. આવે છે ને રત્નકરંડ શ્રાવકાચારમાં? ગૃહસ્થો મોખમગ્ગો ગૃહસ્થાશ્રમમાં પણ જો પરની ક્રિયા હું નહિ, રાગ મારું સ્વરૂપ નહિ, પરમાં સુખ નહિ, આત્મા આનંદસ્વરૂપ છે એવી જો દૃષ્ટિનો અનુભવ થાય અને ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ તે મોક્ષને માર્ગે છે. અને અણગાર થઈને, સાધુ થઈને પણ જો રાગની ક્રિયા મારી છે, પરની ક્રિયા કરી શકું, શરીર ચાલે, એમાંથી મને આમ જતના થાય શરીરની એનાથી મને લાભ થાય છે. એનાથી મને પુણ્ય બંધાય છે. અને પુણ્યનો ભાવ દયા-દાનનો એ મારું કર્તવ્ય છે એમ માને તે બધા સાધુ નામ ધરાવનારા પણ નિગોદને પંથે છે. આરે.. આરે.. ભારે! સમજાણું કાંઈ? ખબર નથી શું તત્ત્વ છે? શું કરી શકે છે? ક્યાં રહ્યું છે?

એમાં શું છે?

અહીં કહે છે કે અજ્ઞાનીનો એક અધ્યવસાય બંધનું કારણ છે. આ કરું, આ આને કરું. ઓલી ચીજ બંધનું કારણ બિલકુલ નથી. ભલે એ અધ્યવસાયમાં એ ચીજ નિમિત્ત છે. અધ્યવસાય પરિણામમાં, આલંબનમાં એ નિમિત્ત છે. પણ એ બંધનું કારણ નથી, બંધનું કારણ એના પરિણામ છે એકલા.

મુમુક્ષુ :- બે કારણ થયા ને?

ઉત્તર :- બે કારણ છે જ નહિ. આ એક જ કારણ છે. જુઓને! અહીં તો ચોખવટ કરી. કહો, સમજાણું કાંઈ?

**'અધ્યવસાન જ બંધનું કારણ છે;...'** હજી સમજણ જ ન મળે. નવ તત્ત્વો એમ કહે, નવ કહે અરે..! બે. નવ નહિ પણ બે. જીવ અને અજીવ. હવે બે તત્ત્વ કહે અને એ જીવ અજીવની ક્રિયાનું કાંઈક કરે, (એમાં) બે તત્ત્વ ક્યાં રહ્યા? આહાહા..! એય.. શેઠ! આ બધું સમજવું પડશે, હોં! અત્યાર સુધી બધા ગોળા ગાળ્યા છે ને બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ થાય. વાત તો એવી છે. આ પૈસા-બૈસા દે માટે આમ થઈ જાય અને પછી ધર્મ-બર્મ થશે એમ નથી હોં કાંઈ માલ. કો'કે કીધું હોય તોપણ નથી. ૧૦-૧૦ હજાર આપ્યા, ૨૦-૨૦ હજાર આપ્યા માટે એમાંથી થઈ જશે કાંઈક. રાગ મંદ કર્યો હોય છે એટલું પુણ્ય થાય. રાગ એમાં મંદ કર્યો હોય તો પુણ્ય થાય. પણ એનાથી ભવકટિ- ભવનો અભાવ થાય, એવા આખા કરોડો આપી દે તોપણ ભવનો અભાવ ન થાય. એ અજીવતત્ત્વ છે. અને અજીવતત્ત્વનું જવું-આવવું એ અજીવતત્ત્વને કારણે છે. એમાં ક્રિયાવર્તી નામની શક્તિ છે. એ તો ઓલાએ નાખ્યું છે હમણાં. અમરનું. નાખ્યું છે, આપણું નાખ્યું બધું ક્રિયાવર્તી ને બધું નાખ્યું છે.

મુમુક્ષુ :- એમાં ક્યાં ક્રિયાવર્તી હતું?

ઉત્તર :- ક્યા હતો ક્રિયાવર્તો?

મુમુક્ષુ :- એ તો જેનામાં ક્રિયાવર્તી છે એ માનતા નથી.

ઉત્તર :- એને પણ માનતા નથી. દિગંબરમાં તો ચોખ્ખી સ્પષ્ટ વાત છે. શાસ્ત્રો દિગંબરના સત્ય શાસ્ત્ર છે અને એના કહેનારા સંતો પણ સત્ય હતા. હવે એને પણ સમજતા નથી એના કહેલાને. કહો, સમજાણું કાંઈ?

**'અધ્યવસાન...'** ભગવાન આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ છે એને ભૂલી જઈને, એ તો પર દ્રવ્યનો સાક્ષી છે. આત્મા સિવાય જડાદિમાં જે થાય એનો જાણનાર-દેખનાર છે. એટલા

ઉપરાંત જ્યારે કરું છું એવો અભિપ્રાય છે એ એને બંધનું કારણ છે. જોડે બીજી ચીજ એને બંધનને કારણ છે એમ છે નહિ. ઝાઝા પૈસા છે માટે બંધનું કારણ વધારે છે એમ નથી. થોડા પૈસા છે માટે થોડું બંધનું કારણ છે એમ નથી. શરીર મોટું આઠ મણનું, બાર મણનું હોય માટે બંધનું કારણ છે એમ નથી. અને નબળું જીર્ણ શરીર હોય માટે બંધનું કારણ ઓછું છે એમ નથી. બાહ્ય ચીજ બંધનું કારણ નથી. કહો, રમણીકભાઈ! કહો, હવે આમને ૮૪ છે, ત્યાં ૨૨૪ છે એનું. અહીં ૮૪ શેરનું છે આ. ઓલાને ૨૨૪ શેરનું છે. શરીર હોં! આત્મા તો ક્યાં છે? આત્મા તો બીજો છે. ૨૨૪ શેર. તમારી પાસે જુઓ તમે બે જણા બેઠા એની કરતા ઓછું હશે એનું. શરીર હોં! આત્મા-ફાત્મા નહિ. શરીરના રજકણોનું માપ. પણ એ નાનું કે મોટું રજકણનું માપ આત્માને બંધનનું કારણ, દુઃખનું કારણ, પાપનું કારણ એ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

તેમ એ શરીર નિરોગી અને લક્ષ્મી અનુકૂળ માટે આ સુખના કારણ છે એમ બિલકુલ નહિ. વિષયો શું કરે? આવે છે ને પ્રવચનસાર? ભાઈ! વિષયો શું કરે? ભાઈ! એ તો પરચીજ છે. તું કલ્પના કરે છે કે મને આમાં સુખ છે. એ તો તારી કલ્પના-ભ્રમણાની ભેરી વગાડે છે તું. સમજાય છે? પરવસ્તુ શું કરે? તું પરિણમે છો એમાં આ ઠીક છે, આ સુખ છે, આ પ્રતિકૂળ છે. એ કલ્પનામાં તું પરિણમે છો. એ તને સુખ-દુઃખ લાગે છે. પરવસ્તુને કારણે છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

હજી પર પદાર્થ અને સ્વ બે જુદા છે. જુદો જુદાનું કરી શકે નહિ એમ નક્કી કર્યા વિના પોતે જુદો (છે-એ) અંદરમાં જાણી શકશે ક્યારે? સમજાય છે કાંઈ? અરે..! એમાં થોડા વખત રહ્યા. ક્યાં જાવું છે? દેહની સ્થિતિ પૂરી થઈને સન્મુખ થયા ઘણાં. સન્મુખ તો બધાય છે ને? ભાઈ! આહાહા..! એ આંખ મીંચાણી, બાપા! ક્યાંય પત્તો નહિ ખાય તારો હોં! ચોર્યાસીના અવતારમાં. સમજાણું? રાડ નાખે. અરર..! હાય.. હાય..! ભવનો ત્રાસ છે, લ્યો. ચંદુભાઈ બોલતા હતા એક ફેરી. ચંદુલાલ શિવલાલ. હોં! ઘા ખાતો હતો અંદર. એક આપણા પ્રવિણભાઈ આવે છે ભાવનગરવાળા. નહિ? પ્રવિણભાઈ એમ બોલે, અરેરે.. આહાહા..! ક્યાં જશું? ક્યાં અવતાર? ત્રાસ છે. કયે ઠેકાણે..? આત્માનો જ્યાં આગળમાં નિર્ણય ન આવે ત્યાં સુધી આ ક્યાં અવતાર અને આંખ મીંચાણી સાધન નહિ રહે. નિમિત્તના સાધન નહિ રહે. પાંચ ઈન્દ્રિયો અને આ મન ને.. ભાઈ! એને ચાર ગતિના દુઃખનો ત્રાસ આવવો જોઈએ. સમજાણું કાંઈ? ક્યાંય પણ ભવ કરવો એ દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ? ભવ કલંક છે. એમ જ્યાં સુધી નિર્ણય ન કરે ત્યાં સુધી ભવના અભાવવાળું આત્મતત્ત્વ એનો એને નિર્ણય નહિ થાય. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે પ્રભુ આત્મા તો. એને ભૂલીને પરના કાર્ય કરું, પરને અનુકૂળ, પ્રતિકૂળ થાઉં, પરની નિંદા કરું, પરની પ્રશંસા કરું એ વાણી જડ છે. એ મેં નિંદા કરી, મેં પ્રશંસા કરી અથવા એ બીજો જીવ મારી નિંદા અને પ્રશંસા કરે છે, એમ માનનાર બે દ્રવ્ય જુદા છે તેમ એ માનતો નથી. સમજાણું કાંઈ?

'**બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી,...**' દેખો! એક જ કારણ છે. આહાહા..! '**કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન...**' બંધનું કારણ તો પરમાં એકત્વબુદ્ધિ મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... એવો જે અધ્યવસાય '**તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે...**' શું કહે છે? તારી ઊંધી માન્યતા એ જ બંધનું કારણ છે. એ બંધના કારણમાં બીજી ચીજનું કાર્યક્ષેત્ર કેટલું? બીજી ચીજનું કાર્યક્ષેત્ર કેટલું? કે નિમિત્તપણે થાય તેટલું. બંધપણાને કારણપણે થાય એમ નહિ. અધ્યવસાયનું નિમિત્ત થાય. કારણ કે અધ્યવસાય વિકાર છે એ કાંઈ સ્વને આશ્રયે થાય નહિ. પરનો આશ્રય થાય એટલે એને વિકલ્પ ઉઠે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એનો જો આશ્રય કરે તો તો સમ્યગ્દર્શ-જ્ઞાન-શાંતિ એમાં પ્રગટ થાય અને જેટલો પરદ્રવ્યનું લક્ષ કરે એટલા તો શુભાશુભ વિકલ્પો વિકાર જ ઉઠે. એ વિકાર બંધનું કારણ (છે). એમાં બીજી ચીજનું એટલું હેતુપણું કે નિમિત્તપણું થવું તે. '**બાહ્ય વસ્તુને ચરિતાર્થપણું છે...**' '**અધ્યવસાન તેના કારણપણાથી જ...**' નિમિત્તપણે. '**(બંધનું કારણ જે અધ્યવસાન તેનું કારણ થવામાં...**' કારણ એટલે નિમિત્ત, હોં! '**બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે, તે કાંઈ બંધનું કારણ થતી નથી).**' આહાહા..!

મુમુક્ષુ :- એનું ક્ષેત્ર ત્યાં પૂરું થઈ ગયું.

ઉત્તર :- એની મર્યાદા ત્યાં છે એમ કહે છે. કાર્યક્ષેત્ર એટલે? કે અહીં અધ્યવસાય કર્યો પરિણામ એમાં એ નિમિત્ત થયું. નિમિત્ત કારણ. બસ એટલું. પણ એ ચીજ બંધનું કારણ છે (એમ નથી). શરીરની ચેષ્ટા થઈ, વિષયની, પૈસાનું આવવું, વાણી બોલાણી એ બધી ચીજ પર. અહીં અભિપ્રાય કર્યો એમાં એ પરચીજ નિમિત્ત કારણ તરીકે, નિમિત્ત કારણ તરીકે થઈ એટલું એનું કાર્ય. પણ આ ચીજથી બંધન થાય એમ છે નહિ. તો પરની ચીજને લઈને બંધન ન થાય તો પરચીજને લઈને મુક્તિ થાય એવું તો ત્રણ કાળમાં છે નહિ.

મુમુક્ષુ :- બંધનમાંથી મુક્તિ કાઢી?

મુમુક્ષુ :- ... કોઈનું કરવું કે નહિ?

ઉત્તર :- કરી શકતો નથી. પછી કરવું શું? વળી આ ખુલાસો કરાવે છે. એય..! એમ

કે કાંઈ કરી શકતો નથી તો કરવું કે નહિ કાંઈ? પણ કરી શકતો નથી પછી કરવું ક્યાં રહ્યું?

મુમુક્ષુ :- જે થઈ શકતું હોય એ કરવું.

ઉત્તર :- શું કરી શકે છે? કરી શકે પરિણામ. લ્યો! શેઠ પૂછતા હતા ને? પણ કરવું તો પડે ને? શું કરે પણ? કરી શકતો જ નથી. સમજાણું કાંઈ? બીડીનું ખોખું આમ આમ અને બીડીના રૂપિયા લઈ શકે એ લઈ શકતો નથી એમ કહે છે. શોભાલાલભાઈની માથે છે બધું.

મુમુક્ષુ :- એ તો હવે આવે તો છે.

ઉત્તર :- કોણ કહે છે આવે છે?

મુમુક્ષુ :- રૂપિયા.

ઉત્તર :- પરિણામ આવ્યા એની પાસે. લાખ, સવા સવા લાખ ને કેટલી બીડીનો કાનપુરમાં મોટો ઢગલો પૈસાનો થાય. શોભાલાલ શેઠ, શોભાલાલ. એ કહે છે કે આત્માને કારણે નહિ. એમાં જે પરિણામ થયા હતા કે આ હું છું માટે આ બધું આવે છે ને મેં ધીર્યું હતું ને. આહાહા..! આ તો દાખલો હોં! એ તો બીજાને માટે સૌને સમજવાનું છે. આ તો મોટાનો દાખલો આપાય. કોઈ સાધારણ માણસ હોય તો કહે ભાઈ, જો અમે આટલું આટલું મેળવ્યું. આટલું રાખ્યું તો રહ્યું, નહિતર રહેત નહિ ભાઈ. લ્યો. સમજાય છે? આટલું રાખ્યું તો રહે, નહિતર તો આમ વયું જાત અને ફલાણું થાત. પાણી એવું આવ્યું હતું ને. આટલું વળી બારણું બંધ કરી દીધુંને રાખ્યું રહ્યું, નહિતર વયું જાત બધું. કેટલીક બાયું એવી હોય. જુઓ! તમારાથી રહેશે નહિ. મને સોંપો એ ચીજ. નહિતર વઈ જશે. મને સોંપો તો હું ફુદડી નહિ જવા દઉં. મૂઢ છો? ફુદડી ક્યાં છે. એય.. જેઠાલાલભાઈ! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- સાચવવાની તાકાત છે.

ઉત્તર :- એ જ કહું છું ને. ઓલો મૂઢ એવું બોલે. તમારા હાથમાં નહિ રહે હોં! આ દાગીનો અને ફલાણું. મને સોંપી દો. તો ફૂદડી નહિ જવા દઉં.

મુમુક્ષુ :- મોટા કુટુંબમાં એક જણો એવો હોય જેને સાચવતા આવડે.

ઉત્તર :- હા, એ મૂઢ મોટો એવો હોય એક એ માને. એવું છે. ભાઈ! મોટો મૂઢ.

કુંદકુંદાચાર્ય તો મૂઢને અજ્ઞાની જ કહે છે પાછા. મૂઢ! મૂઢાઈ ગઈ છે તારી બુદ્ધિ કે પરનું કરી શકું અને પરને રાખી શકું એવી તારી માન્યતા! સમજાણું કાંઈ? કેવા માણસો હોય છે લ્યો! અમને સોંપો કામ તો કાંઈ તમારું બગડશે નહિ લ્યો. અમને સોંપ્યું હોય તો તમારે એય..! બાદશાહી. લ્યો. મૂરખ છે મોટો. પરની રક્ષા કરે કોણ? પરને સાચવે કોણ? અને પરના વ્યાજ ઊપજાવે કોણ? એવા ડાહ્યા માણસ હોય ને કેટલાક? કે આપણે

પૈસા એવા ઠેકાણે દઈએ કે પૈસા પણ રહે અને વ્યાજ પણ ઉપજે. એવી રીતે ગોતી આવે શેઠિયાને. પૈસા જાય અને વ્યાજ ઉપજ્યા કરે. ટાણું આવે ત્યારે પૈસા વયા જાય તો એ શું કરવું?

મુમુક્ષુ :- વિચાર તો કરવો પડે ને?

ઉત્તર :- એ જ કહે છે કે વિકલ્પ હો. પણ એને લઈને આ થાય છે એમ માન્યું છે તે અધ્યવસાય મિથ્યાત્વ છે. આવી વાત ભારે વાત. આહાહા..! એ મિથ્યા અભિપ્રાય એક જ બંધનું કારણ છે. ઓલી ચીજ બંધનું કારણ નથી. કહો, શેઠ! આ અધિકાર ઠીક આવ્યો છે.

મુમુક્ષુ :- પર્યુષણમાં તો આવો જ અધિકાર હોય ને. ઈ વિના આત્માનું પર્યુષણ થાય કે દિ'?

ઉત્તર :- આટલા પર્યુષણમાં કોઈ દિ' બે અધિકાર સાથે લીધા નથી. બપોરે ભક્તિ હોય કે એવું હોય.. એવું હોય છે. શ્રાવકના વ્રત કે એ આવે છે ને? ઉદ્યોતન. આ ફેરે તો કીધું ચાલતો અધિકાર જ લેવો. એમ ને એમ. ચાલે છે એ ચાલવા દયો. સવારે કળશટીકા અને અત્યારે સમયસાર. આહાહા..!

ભાઈ! પહેલી સમજણ તો કરે, એના જ્ઞાનમાં સત્ય શું છે? અસત્ય શું છે? કરી શકાય છે અને શું કરી નથી શકાતું એવો નિર્ણય તો કરે. એ નિર્ણય વિના એનું વીર્ય કામ શું કરશે? સમજાય છે? જ્યાં હોય ત્યાં ઉત્સાહિત થઈ જશે. ઉત્સાહિત થશે કે આમ કર્યું છે, મેં આમ કર્યું છે, મેં આમ કર્યું છે. સમજાણું કાંઈ? અમારે ગયા મનસુખભાઈ. એ કુંવરજીભાઈ એમ કહેતા અમે આમ કર્યું, અમે આમ કર્યું.

મુમુક્ષુ :- કર્યું હતું ને.

ઉત્તર :- ધૂળેય કર્યું નથી. ઘણું કહ્યું હતું એને. અહીં ઠપકા કેટલાય આપ્યા હતા. ધૂળેય નથી. એ તો પરમાણુને રહેવાનું હતું તો રહ્યા. એમ કે ગામમાં ઘણાની દુકાનો ઉથલાઈ ગઈ અને કુંવરજી જાદવની દુકાન રહી.

મુમુક્ષુ :- .. આબરૂ વધતી રહી.

ઉત્તર :- વધતી રહી પણ કોને લઈને? જડને લઈને કે આત્માને લઈને? એ... મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- હુશિયારીને લઈને.

ઉત્તર :- હુશિયાર ધૂળેય નથી. એ માટે તો અહીં ઘા પડે છે.

અહીં કહે છે, બાહ્ય વસ્તુનું ચરિતાર્થ નામ નિમિત્તપણું એટલું કે કારણપણે હો. પણ એ વસ્તુ બંધનું કારણ નથી. કહો, સમજાણું આમાં?

**'અહીં પ્રશ્ન થાય છે કે-જો બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો (બાહ્યવસ્તુનો પ્રસંગ ન કરો,...'** એ પદાર્થનો પરનો સંગ ન કરો, પરવસ્તુ છોડો, પરવસ્તુના સંગમાં ન જાવ, પરપદાર્થ તમને હિતકારી નથી માટે એની નજર કરો નહિ. એમ શું કરવા કહેવામાં આવે છે? **'બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો,...'** બાહ્ય વસ્તુને છોડો, બાહ્ય વસ્તુનો સંગ કરશો નહિ, આ શું કરવા કહો છો? કહો, સમજાય છે કાંઈ? **'બાહ્ય વસ્તુનો પ્રસંગ ન કરો,...'** દેખો! સમજાય છે કાંઈ? નવ વાડે બ્રહ્મચર્ય પાળો, સ્ત્રીનો સંગ ન કરો એમ આવે કે નહિ? બહુ જે ચીજ લલચાવનારી હોય એના સંગમાં ન જાવું.

મુમુક્ષુ :- પ્રલોભન ન થાય.

ઉત્તર :- ના ના. એ નિમિત્ત છે એનું લક્ષ છોડાવવા બાહ્ય ત્યાગ કહેવાનો છે. એ સંબંધીનો જે અધ્યવસાય છે એ છોડાવવા બાહ્ય છોડ એમ કહેવા માગે છે. એના તરફનું વલણ છોડાવવા એ છોડ એમ કીધું. એ છોડ ક્યાં, એ તો છૂટેલી જ પડી છે. સમજાણું? મૂલચંદભાઈ! મૂળ તત્ત્વની ખબર ન મળે અને માણસને ધર્મ કરવો છે. ભાન ન મળે અને ધર્મ કરવો. સમજ્યાને? ચાલી નીકળ્યા બધા આ કરીએ, પોષા કરીએ, પડિક્કમણા કરીએ. ધૂળેય નથી સાંભળને! મિથ્યાત્વ કરે છે.

મુમુક્ષુ :- એટલું તો કરે છે.

ઉત્તર :- કરે છે ને એ કોણે ના પાડી? આહાહા..!

ભગવાન આત્મા એમાં તો પરના ગ્રહણત્યાગનો પણ અભાવ છે. પરનું ગ્રહવું અને ત્યાગવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. ભાઈ! તને ખબર નથી. આત્મા રજકણને ગ્રહે કે રજકણને છોડે એવો તો જેનામાં ગુણ નથી. પરના ત્યાગ ગ્રહણ રહિતનો ગુણ છે. આવી ખબર ન મળે અને આ મેં છોડ્યું, આ મેં છોડ્યું, આ મેં છોડ્યું. (એમાં) સમકિત છોડ્યું (અને) મિથ્યાત્વને ગ્રહણ કર્યું (છે). ન્યાલભાઈ! ભારે આકરી વાતું. ..

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

સમજાય છે કાંઈ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ...' ભગવાન તો એમ ફરમાવે છે કે ભાઈ! તારો શાંત અને આનંદરસ તો તારામાં છે ને પ્રભુ! તેં કોઈ દિ' નજર કરી નથી અને એ વાત સાંભળતા પણ તને મીઠાશ આવી નથી. આ ભગવાન આત્મા છે, ભાઈ! તું પ્રભુ છો. તારામાં પૂર્ણ પ્રભુતા પડી છે. સમજાય છે કાંઈ? તારી પ્રભુતા પુણ્ય-પાપમાં ન હોય. તારી પ્રભુતા પુણ્ય-પાપના બહારના આબરૂ અને અણાબરૂમાં ન હોય. આહાહા..!

ભગવાન! તારી પ્રભુતા તો તારામાં છે. ભાઈ! આહાહા..! પણ તું કોણ છો? એ પોતે તો જાણે પામર. આ બીજી શક્તિવાળું તત્ત્વ બધા શક્તિવાળા. પૈસા સુખ આપે, બાયડી સુખ આપે, આ સુખ આપે, આ સુખ. એના સુખના દેનારા ઘણાં અને પોતે સુખ દેનારો નહિ.

મુમુક્ષુ :- કો'ક વાર એને એ દુઃખદાયક પણ કહે.

ઉત્તર :- એ તો માને. એ તો પછી માને. વળી અનુકૂળ ન નીવડે તો. છોકરો મારે બાપને. લાવો પૈસા...

મુમુક્ષુ :- છાતી માથે ચડીને માગે.

ઉત્તર :- છાતી પર ચડે રાતે. હાય.. હાય.. સમજાણું? લાવો. પૈસા છે આટલા. જાણીએ છીએ કે તમારી પાસે છે. તમે ખોલો નહિ. મહિના પાંચસોનો ખર્ચ ગુંજાનો જોઈશે. કહો. લાવો. ખરચ નહિ. ખરચ .. નહિ. ખરચ અને દુકાનનો ધંધો જે ખાવા-પીવાના એ નહિ. ગુંજાના વાપરવા જોઈશે. એય..!

એક શેઠનો છોકરો હતો. શેઠ પૈસાવાળા માણસ. તે દિ' તો દસ લાખ તો ઘણા કહેવાતા હતાને તે દિ'? હવે આ બધી ધૂળ વધી ગઈ છે બહારની. એ છોકરાને ૨૫-૫૦ મોકલે મહિને. ભણતો હતો કોલેજમાં. પછી મોકલે નહિ તો લખ્યું, બાપા! અમે ગરીબ ઘરે નથી અવતર્યા હોં. એય..! ઘરે ઘોડાગાડીયું છે, ઘરે ઘોડા છે. ગરીબ ઘરે નથી અવતર્યા. આ કાકા ભેગા છે એને ન ગોઠે તો તમારે ખાતે લઈને મહિને બસ્સો જોઈશે. ૬૦ વર્ષ પહેલાની વાત છે, ૫૫ વર્ષ પહેલાની. સમજાણું કાંઈ? મહિને બસ્સો ગુંજાના જોઈશે. નાની ઉંમરનો હતો. હુશિયાર હતો બિચારો. મરી ગયો અત્યારે. પરણીને છ મહિને મરી ગયો. મોટા ગૃહસ્થ. બબ્બે મહિના જેના લગનના, લાડકા લાડુ, મોટા મકાન, મોટા ગૃહસ્થ માણસો. પરણ્યા અને છ મહિને મરી ગયો. પણ એના બાપને એમ લખેલું હોં. છોકરામાં .. બાપા! કાકા ભેગા ત્રણ. બે ભાઈઓ અને બધું ભેગું. દસ લાખ રૂપિયા. તે દિ' ૪૦ હજાર, ૫૦ હજારની ઉપજ બાર મહિને. તે દિ' તો ક્યાં (પૈસા) હતા. બધા ભિખારા જેવા સાધરણ હતા ને. એટલે કહે, બાપુ! બસ્સો મોકલો મહિને. જો કાકાને ઠીક ન પડે.. એય.. શોભાલાલજી! કાકાને ઠીક નહિ પડે કે આવો છોકરો આવું હોય? તમારે ખાતે લઈને આપો. ભલે જુદા આપણે પડ્યા નથી અને ખતવીને લ્યો. બસ્સો જોઈશે. ગરીબ ઘરે નથી આવ્યા.

એ ઉપરાંત બીજું કહ્યું હતું એણે. એ ઉપરાંત. તે દિ' તો રૂપિયા રોકડા હતા ને? બાપા! ખબર નથી સો પચાસ હજાર જ્યારે કોથળિયું આવે ત્યારે આપણે ઓરડામાં અમે મૂકવા જઈએ છીએ. મજૂરને ન જવા દે શેઠિયા. તે દિ' તો રોકડ હતું ને રોકડ? મજૂરને ખબર

પડે કે અહીં પૈસા છે તો કો'ક દિ' લૂંટે. એટલે એ મજૂર કોથળી ઉપાડી લે હજાર-હજાર રૂપિયાની. પચાસ કોથળી આવે, સો આવે. એ મકાનની બહાર રાખે. એ છોકરાઓ જે ઘરના હોય એ ઉપાડીને ઓલા ક્યાંક મૂકવી હોય ખાનગી પટારામાં ત્યાં એ લે. કડીયું અમારી કામ કરે છે ત્યાં. એય.. નવનીતભાઈ! એવું લખ્યું હતું. છોકરો હતો એવો જરીક હોં! અને શરીર જુઓ તો મોટું દરબાર જેવું. સુંવાળો અને રૂપાળો. પણ આયુષ્ય થોડું, છ મહિને મરી ગયો. છ મહિને. સમજાણું? જુઓ! એ પૈસાની કોથળિયું ઉપાડીને અમે મૂકવા જઈએ છીએ ત્યાં. કારણ કે તમને વિશ્વાસ લોકનો ન હોય અને અમારો વિશ્વાસ, અમે તમારા. એ બધું કરવામાં કમર અમારી તૂટે છે. માટે બસ્સો મોકલજો અમને.

મુમુક્ષુ :- પછી બાપાએ મોકલ્યા પણ ખરા.

ઉત્તર :- મોકલ્યા. પછી શું કરે? એય..! પણ એ બધા સ્વાર્થને માટે છે. એને માટે નથી. એ તો પોતાના પરિણામનું સમાધાન કરવા માટે છે. ઓલો જાણે આનાથી મળ્યું, મેં આને આપ્યું, એ માન્યતા તદ્દન અધ્યવસાય ખોટો છે એમ કહે છે.

મુમુક્ષુ :- બાપાએ મોકલ્યા એ છોકરાને .. નહિ?

ઉત્તર :- ના. ના. એ સુમનભાઈને ભણાવ્યા એ સુમનભાઈને માટે નહિ. તમારા પરિણામમાં સખ નહોતું આવતું કે આટલાને ભણાવું છું. શેઠ! આ તો બાપ-દીકરા વચ્ચે માંડી. દરેકને એમ છે ને. ભાઈ! કોઈને માટે કોઈ પરિણામ કરે છે? અને એ બંધનું કારણ છે? છોકરો બંધનું કારણ છે? અહીં તો ના પાડે છે. બાયડી બંધનું કારણ છે? તારા પરિણામનું નિમિત્ત થાય એટલી એની મર્યાદા. પણ એ બંધનું કારણ થાય એ વાતમાં જરીએ દોકડો ભગવાન કહેતા નથી. ભગવાન નથી કહેતા અને તું માન તો એનાથી અધિકો થઈ ગયો તું ઊંધો. અધિકો થયો ઊંધો. સમજાણું કાંઈ? ગાથા પણ એવી આવી વળી તાકડે.

**'(બાહ્ય વસ્તુનો પ્રસંગ ન કરો, ત્યાગ કરો એમ) બાહ્યવસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે? તેનું સમાધાન :- અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્યવસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે.'** મહાસિદ્ધાંત. એના સંબંધીનો જે અધ્યવસાય તને પરિણામ થાય, એ પરિણામનો નિષેધ કરાવવા માટે પરનો નિષેધ કહેવામાં આવે છે. પરના નિષેધને ખાતર પરનો નિષેધ નથી. તારું તેના તરફ લક્ષ જાય છે ને અને એના પરિણામ તને થાય છે એમાં એ નિમિત્ત થાય છે. તે અવલંબન છોડાવવા પરનો ત્યાગ કર એમ કહેવામાં આવે છે. ખરેખર તો પર સંબંધીનો અધ્યવસાય છોડાવવા માટે પરનું આલંબન છોડ એમ કહેવામાં આવે છે. આમાં એ પ્રશ્ન મૂક્યો છે. સમજાણું કાંઈ?

આજ તો હવે ઓલું છે ને આલોચના. પરમ દિ' તો વળી શેઠ આવશે ને. એનું કાંઈક

લેવું પડશે. કાલ તો આલોચના છે ને. કાલે સંવત્સરી જેવી આપણે અહીં કરી નાખો. સવારે વ્યાખ્યાન છે, બપોરે આલોચના છે અને સાંજે સવંત્સરીનું પડિક્કમણું. કારણ કે પરમ દિ' ઉદ્‌ઘાટન થાય ને એટલે એ સવારે પણ વ્યાખ્યાન થાય. કદાચ પા કલાક મોડા આવે તો મોડું કરવું પડે સવારનું. અને બપોરે પણ પરમ દિ' શાસ્ત્ર જ વાંચવું પડશે. આલોચના ને. અમથી સવંત્સરી છે ને શ્વેતાંબરની તો કાલે.

મુમુક્ષુ :- અમથો આપણે પહેલો દિવસ છે ને.

ઉત્તર :- અને આપણો દિવસ પરમ દિ'નો પહેલો છે. પરમ દિ'નો. પરમ દિ' એટલે ત્યારથી શરૂ થાય છે દસલક્ષણી. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે, બાહ્ય વસ્તુને છોડવાનું જે કહીએ છીએ એનો આશય એ બાહ્ય વસ્તુનું લક્ષ કરીને તને જે પરિણામ થાય છે, એનું લક્ષ છોડાવવા માટે બાહ્ય વસ્તુને છોડવી એમ કહેવામાં આવે છે. બાહ્ય વસ્તુ બંધનું કારણ બિલકુલ નથી. તારી માન્યતા અને તારા પરિણામ જે થાય તે જ સંસારના બંધનના કારણ છે. એ માટે પરવસ્તુ છોડવાનું આ કારણ કહે છે. સમજાણું?

**'અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી...'** શું કીધું? બાહ્ય વસ્તુ, અધ્યવસાનમાં બાહ્યવસ્તુ આશ્રયભૂત છે. બાહ્યવસ્તુ તારા પરિણામને આશ્રય-નિમિત્ત છે. તેથી **'બાહ્ય વસ્તુનો આશ્રય કર્યા વિના અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી...'** નિમિત્તના લક્ષ વિના અધ્યવસાય ઉત્પન્ન થાય નહિ. **'જો બાહ્યવસ્તુનો આશ્રય કર્યા વિના પણ અધ્યવસાન ઊપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા વીરજનની પુત્રના સદ્‌ભાવમાં (કોઈને) એવો અધ્યવસાય ઊપજે છે...'** કહો, એક દીકરો હોય શુરવીર, એનો બાપ પણ શુરવીર હોય. એનો દીકરો કહે આને મારું. પણ હોય એને મારવાનો હોય ને? વાંજિયાના પુત્રને મારવાનું થાય? આ વાંઝણીના પુત્રને મારું છું. વાંઝણીને પુત્ર જ ન હોય.

એમ પરિણામમાં બીજી ચીજ નિમિત્તરૂપે થાય છે. જો નિમિત્ત ન થાય તો અધ્યવસાય થાય નહિ. એનું લક્ષ ન જાય તો અધ્યવસાય થાય નહિ એમ કહે છે. આમ લક્ષ જાય માટે અધ્યવસાય થાય છે. એ અધ્યવસાય છોડાવવા પરવસ્તુ છોડ એમ કહેવામાં આવે છે. અને પછી આત્માનું અવલંબન લે. જ્ઞાનાનંદ ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એનું આલંબન લે ભાઈ! એનાથી તને શાંતિ મળશે, ધર્મ થશે. બાકી બીજે ક્યાંય ધર્મ અને શાંતિ થશે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૪, ગુરુવાર તા. ૦૮-૦૯-૧૯૬૭**
**ગાથા-૭૨, પ્રવચન-૩૩૦**

આ સમયસાર. ૭૨ ગાથા ચાલે છે. કર્તાકર્મ અધિકાર છે. અનંત કાળ સંસારમાં પરિભ્રમણ કરતા કરતા ચોર્યાસીના અવતાર કરી ચાલ્યા ગયા. જ્યાં સુધી આત્મા અને વિકારનો-પુણ્ય-પાપનો જે ભાવ છે અને આત્મા શુદ્ધ આનંદકંદ છે, અને વિકારભાવ જે છે એ પુણ્ય-પાપનો વિકલ્પ જે આસ્રવ છે એનાથી જ્યાં સુધી ભિન્ન પડીને પોતાના સ્વરૂપની દૃષ્ટિ અનુભવ ન થાય ત્યાં સુધી એનું પરિભ્રમણ ચોર્યાસીના અવતારમાં એક પણ ભવ ઘટતો નથી.

મુમુક્ષુ :- એક પણ ન ઘટે?

ઉત્તર :- એક ઘટે નહિ.

મુમુક્ષુ :- પુણ્ય...

ઉત્તર :- પુણ્ય એ તો શુભરાગ છે. પુણ્ય એટલે શું? સમજાય છે? એક પુસ્તક આપજો ભાઈ એને. અહો..! જેને અહીંયાં તો આત્મા

અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન.
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

મુમુક્ષુ :- અભિમાન એટલે શું?

ઉત્તર :- અભિમાન એટલે કે હું કાંઈક જાણું છું, હું સમજું છું. પણ વાસ્તવિક તત્ત્વના ભાન વિના એવા અભિમાનથી ચોર્યાસી લાખમાં અનંત કાળથી રખડ્યો. નરક અને નિગોદના ભવ પણ અનંતા કર્યા છે. નીચે નરક છે સાત. એક એક નરકના અનંતા અનંતા ભવ કર્યા છે. એવા સ્વર્ગના ભવ પણ પુણ્યને કારણે જ્યારે પુણ્યભાવ કર્યા હતા તો એને કારણે અનંત ભવ સ્વર્ગના પણ કર્યા અને નરકના પણ અનંત ભવ કર્યા.

મુમુક્ષુ :- સ્વર્ગના તો વધારે છે ને.

ઉત્તર :- નરકના ભવ અનંત કરતાં સ્વર્ગના ભવ અનંત અસંખ્યગુણા અનંત (કર્યા છે).

મુમુક્ષુ :- પુણ્યનું ફળ?

ઉત્તર :- હા. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળ જ્ઞાની ભગવાન જેને એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં એક સમય સૂક્ષ્મ કાળમાં ત્રણ લોક જાણ્યો એવા પરમાત્મા પરમેશ્વર ફરમાવે છે કે, હે આત્મા! તેં અનંત કાળમાં મિથ્યાત્વભાવને કારણે સમ્યગ્દર્શનના અભાવને કારણે પાપ કર્યા તો નરકમાં અનંત વાર ગયો. અને પુણ્ય કર્યા તો સ્વર્ગમાં અનંતા ભવ નરકના અનંત

કરતા અસંખ્યગુણા અનંતા ભવ સ્વર્ગના કર્યા.

મુમુક્ષુ :- એનો અર્થ થયો ને કે શુભભાવ..

ઉત્તર :- શુભભાવ અનંત વાર થાય છે. શુભભાવમાં તો નિગોદમાં પણ થાય છે. નિગોદ એકેન્દ્રિય જીવ છે અને આ લીલોતરી આ શું કહેવાય? હરિકાય-વનસ્પતિ. એમાં પણ શુભભાવ તો કાયમ થાય છે. શુભ-અશુભ, શુભ-અશુભ તો કાયમ થાય છે. કેમ કે શાસ્ત્રમાં, ભગવાનના મુખેથી એવી વાત ચાલી છે કે શાતાવેદનીયનું બંધન, એની સ્થિતિ અંતર્મુહૂર્તની છે. બંધનનો કાળ. પછી અંતર્મુહૂર્ત પછી અશાતા બંધાશે. અને અંતર્મુહૂર્ત પછી શાતા બંધાય. અંતર્મુહૂર્ત પછી અશાતા બંધાય. એમ નિરંતર શાતા-અશાતા.. શાતા-અશાતા નિરંતર બંધાય છે. એવું સર્વજ્ઞ પરમેશ્વરનું કથન છે.

એ શું થયું? એકેન્દ્રિય જે નિગોદ છે બટાટા, આ ઈયળ, કીડી, મકોડા, આદિ એમાં પણ એવા અશાતાના પરિણામ બંધાય છે. જ્યારે અશાતા પાપની હોય છે તો અશુભભાવ થાય છે. અને અંતર્મુહૂર્ત પછી શાતા બંધાય જ છે એને. શાતા બંધવામાં શુભભાવ છે. અને પછી અંતર્મુહૂર્તમાં અશાતા જ બંધાય છે. એમાં અશુભ છે. પાછી શાતા બંધાય છે, શુભ છે. એમ શુભ-અશુભ... શુભ-અશુભ.. નિગોદના ભવમાં પણ અનંત વાર કરતો આવ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાન કેવળજ્ઞાની એમ કહે છે કે એક સમયમાં ત્રણ કાળ જાણ્યા તો ચાર ગતિમાં પ્રાણી રખડ્યો. એમાં વધારે અને ઓછા ભવ શેમાં કર્યા એવું ભગવાનના જ્ઞાનમાં આવ્યું. તો સૌથી ઓછા ભવ મનુષ્યના કર્યા. કર્યા અનંત, કર્યા અનંત. અનંત કાળના પરિભ્રમણમાં અનાદિ કાળની આદિ નહિ એ કાળમાં મનુષ્યના અનંત ભવ કર્યા, પણ એ અનંત ભવની સંખ્યા મનુષ્ય કરતા નરકના અનંત ભવ અસંખ્યગુણા અનંત કર્યા. એક મનુષ્ય ભવ, અસંખ્ય નારકીનો ભવ. એક મનુષ્ય ભવ, અસંખ્ય નારકીના ભવ. એવા અનંત મનુષ્યની સંખ્યા કરતા અસંખ્યગુણી સંખ્યા નરકની ભગવાનના જ્ઞાનમાં ચાર ગતિમાં રખડનારા જીવની, ભવની સંખ્યા ભગવાને જોઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને નરકના જે અનંત ભવ છે એનાથી સ્વર્ગના ભવ, એક નરક ભવ અને અસંખ્ય સ્વર્ગના. એક નરકનો એક અસંખ્ય સ્વર્ગનો, એક નરકનો, એક અસંખ્ય સ્વર્ગનો. એવી અનંત સંખ્યા નરકની એનાથી સ્વર્ગની અસંખ્ય ગુણી સંખ્યા ભગવાને જોઈ છે. કાંઈ ખબર નથી, કદી વિચાર્યું નથી હું શા માટે રખડું છું, રજળું છું કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તમે વળી શેની વાત કરો છો?

ઉત્તર :- આ શેની વાત કરે છે? આ રખડનારા આત્માની વાત ચાલે છે. શેઠી! કોની

વાત ચાલે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ?

શ્રીમદ્દે કહ્યું નહિ પહેલા? સોળ વર્ષમાં. શ્રીમદ્ રાજચંદ્ર. સોળ વર્ષની ઉંમર. સાત વર્ષની ઉંમરમાં પૂર્વ ભવનું જાતિસ્મરણનું જ્ઞાન હતું. જાતિસ્મરણ-પૂર્વ ભવનું જ્ઞાન. અને સોળ વર્ષે કહ્યું, મોક્ષમાળા લખતા હતા. તો લખતા લખતા જ્યાં ૬૬મો પાઠ આવ્યો. ત્યાં લખવાનો ખડિયો હતો એ ઢોળાઈ ગયો. આ શું? હું આ લખું છું. તો એ પાઠ લખતા લખતા ગદ્ય લખતા હતા, (એમાંથી) પદ્ય લખ્યું. પૂર્વના સંસ્કાર, પૂર્વ ભવના બહુ સંસ્કાર લઈને આવ્યા હતા. હમણાં ૫૭માં ગુજરી ગયા. ચૈત્ર વદ પાંચમ, ૧૯૫૭. બહુ શક્તિ હતી પૂર્વ ભવની. ગૃહસ્થાશ્રમમાં હતા, મોતીનો વેપાર હતો. આત્મજ્ઞાન હતું. એક ભવ કરીને મોક્ષ જવાના છે. સમજાણું કાંઈ? એ સોળમા વર્ષે કહેતા હતા.

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,<br>
બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,<br>
તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.

સોળ વર્ષે. અરે..! ભવભ્રમણ ન ટળ્યું તો શું કર્યું એણે? શું કર્યું તેં? ભવભ્રમણનો ભાવ જે મિથ્યાત્વ છે એ મિથ્યાત્વ ટાળ્યા વિના તેં શું કર્યુ આ જગતમાં?

બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,<br>
તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.<br>
સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે,

ગુજરાતી છે. શેઠ શાહુજી થોડું સમજે છે. સવારમાં કહેતા હતા, ગુજરાતી કહો કે હિન્દી કહો.. સુખ પ્રાપ્ત કરતા સુખ (ટળે છે). સોળ વર્ષની ઉંમર છે. પૂર્વ ભવનું જ્ઞાન હતું. અત્યારે પણ જાતિસ્મરણ છે. ઓલી છોકરીનું જોયું નહોતું આપણે શાહૂજી? જયપુરમાં નહોતી નાની છોકરી? એ હમણાં આવી હતી હમણાં. આપણા ભાઈને છે ને વજુભાઈ? વજુભાઈ. એના દિકરાની દિકરી છે. આપણે પંડિતજી છે ને? એમના મોટા ભાઈ છે. મોટાભાઈની દિકરાની દિકરી. એ સાથે બેઠા છે. એમના દિકરાની દિકરી છે. અઢી વર્ષે બોલી હતી. અઢી વર્ષે, કે ફઈબા, મારી મા છે, પૂર્વ ભવની બા છે. મારા પૂર્વ ભવના પિતા છે, મારા કાકા છે. અમારા પંડિતજીએ બહુ પરીક્ષા કરી હતી. અમારા પંડિત તો ઘણાં હોંશિયાર છે ને. એના ભાઈના દિકરીની બહુ પરીક્ષા કરી. એવી પરીક્ષા કરી કે રાજુલ! અહીં રાજુલ નામ છે. ત્યાં ગીતા (હતું). તને જુનાગઢ લઈ જાય તો શું તારા કાકાને ઓળખીશ? તારા પિતાને

ઓળખીશ? તારી માતાને ઓળખીશ? શું તું ગીતાને ઓળખી શકીશ? ગીતા નામ હતું ને? આ કહે, ગીતાને ઓળખીશ શું? ગીતા આ રહી. આ અમારે પંડિતજીએ પૂછયું પહેલા. શું તું ઓળખીશ? .. ગીતા શું? ગીતા તો આ રહી. એના માતા-પિતા છે ત્યાં. ગીતા ત્યાં નથી. શેઠ! હમણાં આવી હતી અહીં. ચાર દિવસ પહેલા. આવી હતી, દેખાડી હતી. સમજાણું કાંઈ? તો એવા ભવનું ભાન શ્રીમદ્‌ને થયું હતું.

સોળ વર્ષે કહ્યું કે અરે..! ભવનો નાશ કર્યા વિના તેં કર્યું શું? દયા, દાન, વ્રત, આદિના પરિણામ તો અનંત વાર કર્યા. એનાથી તને પુણ્ય થાય તો સ્વર્ગાદિ મળે. સમજાણું કાંઈ? અને શુભને કારણે આ ધૂળ મળે પાંચ-પચાસ કરોડ કે આ ... ઈ. એમાં જન્મ-મરણનો અંત આવવાની ચીજ નથી. સમજાણું કાંઈ? 'તોયે અરે! ભવચક્રનો આંટો નહિ...' જરી સૂક્ષ્મ વાત છે. બહુ દૃષ્ટાંત દેવા હોય તો નાની ઉંમરમાં બહુ તાકાત હતી એમની. ભાઈએ એમ કહ્યું ને કે એક આંટો ન ચડ્યો. એક આંટો ન ચડ્યો. સમજ્યા? એક આંટો. એક આંટાનું દૃષ્ટાંત કેવું આપ્યું છે એણે? એવી શૈલીથી દીધું છે.

'તોયે અરે ભવ ચક્રનો આંટો નહિ...' આંટો-ફેરો. કેમ? ફેરફુદરડી ફરે છે ને માણસ? ચક્કર મારે છે ને ચક્કર? એ ફુદરડી ફરતા ફરતા જો ઊભો રહેવા જાય તો (ઊભો) ન રહી શકે. પડી જાય. નીચે પડી જાય. થોડી થોડી ગુજરાતી આવી જાય. શાહૂજી કહે, થોડું ગુજરાતી (સમજાય છે). કહો, સમજાણું કાંઈ? ફુદરડી ફરતા ફરતા ફરતા જો ઊભો રહી જાય તો પડી જાય. પણ આમ ફુદરડી ફરતા ફરતા જો આમ ચક્કર ફર્યો હોય અને એક આમ (ઊંધુ) મારી તો ઊભો રહી જાય. શું કહ્યું સમજાણું? આમ ફુદરડી ફરતો હોય. આમ ફરતા ફરતા જો ઊભો રહી જાય તો પડી જાય. પણ આમ ફરતો હોય અને આમ એક ચક્કર મારી દે તો ઊભો રહી જાય, પડે નહિ.

એમ અનાદિ કાળથી પોતાના આનંદ જ્ઞાતા જ્ઞાયક સ્વરૂપના ભાન વિના મિથ્યા શ્રદ્ધા-દેહની ક્રિયા હું કરું છું, પાપની ક્રિયા મારી ચીજ છે, પુણ્યથી મને ધર્મ થશે, એમ મિથ્યાદૃષ્ટિપણે ભવચક્રના આંટા ચોર્યાસીના અનંત કર્યા. એક આંટો જો ટાળ. ટાળ સમજ્યા? ગુલાંટ ખા. ગુલાંટ ખા. જેમ ફૂદરડી ફરતા ફરતા એકવાર ઊંધો ફરે. એમ અનાદિ કાળથી મિથ્યાત્વભાવ હતો એનાથી એક ગુલાંટ ખા કે હું આ જ્ઞાયક ચિદાનંદ છું. એમ દૃષ્ટિ કર તો અનંત ભવ તારા ટળી જશે. એક આટામાં અનંત ભવનો નાશ થઈ થશે. સમજાણું કાંઈ? શેઠી! તમને તો શ્રીમદ્‌નું બહુ પ્રિય છે.

'સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો.' સોળ વર્ષે હોં. અરે.. ભગવાન! આ પરમાં સુખ છે, શરીરમાં સુખ છે, ઈન્દ્રિયમાં સુખ છે, લક્ષ્મીમાં સુખ છે, આબરૂમાં

સુખ છે અને પુણ્ય-પાપના ભાવ થાય એમાં સુખ છે, એ સુખ છે એવી માન્યતાથી તારું સુખ નાશ પામે છે. સમજાણું કાંઈ? આત્મા ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવો જોયો. અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ.. સમજાણું કાંઈ?

જેમ સુરણની ગાંઠ હોય ને? સુરણની ગાંઠ નથી હોતી? સુરણ. આવી ગાંઠ. સુરણકંદ હોય ને? જ્યાં હોય ત્યાં એકલો રસ જ ભર્યો છે. એમ આત્મા અરૂપી આનંદની ગાંઠ છે. દેહ પ્રમાણે ભગવાન અતીન્દ્રિય આનંદની ગાંઠ છે. એના ભાન વિના, એમાં આનંદ ન માનતા શુભ-અશુભ ભાવ થાય છે (એમાં સુખ માને છે). એ અધિકાર ચાલે છે અહીં. શુભ-અશુભભાવ જે છે એ દુઃખરૂપ છે, એ આસ્રવ છે, બંધનું કારણ છે. એમાં સુખ માનીને ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ? એકવાર તો ગુલાંટ ખા. અરે..! મનુષ્યપણામાં થશે પછી નહિ થાય. ભાઈ! ચાર ગતિમાં રખડતા રખડતા માંડ થોડો વખત મળ્યો. એમાં ૨૫-૫૦-૬૦ વર્ષ તો ચાલ્યા ગયા. થોડા રહ્યા થોડા. સમજાણું કાંઈ? એમાં જો આત્માની વાત, વાસ્તવિક દર્શન-રુચિ અને વાસ્તવિક શ્રદ્ધા ન કરી તો એના જન્મ-મરણનો આંટો એક પણ ટળશે નહિ. સમજાણું કાંઈ? એ વાત અહીં કહે છે ૭૨ ગાથામાં. જુઓ દેખો! ૭૨ છે. બહત્તર કહે છે ને તમારે?

મૂળ શ્લોક. કુંદકુંદાચાર્ય મહારાજનો શ્લોક.

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**

૭૨ ગાથા છે. નથી એમાં? ગુજરાતી છે? દ્યોને ભાઈ!

નીચે એનું હરિગીત બનાવ્યું છે. મૂળ શ્લોક છે કુંદકુંદચાર્ય મહારાજનો. નીચે હરિગીત બનાવ્યું છે અમારા પંડિતજીએ. હિંમતભાઈએ નીચે અક્ષરસઃ હિન્દી છે ને?

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

'**ટીકા :- જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે;...**' શું કહે છે? ટીકા છે ને ટીકા? જળમાં શેવાળ છે-એ કાઈ છે, એ જળમાં મેલ છે. થોડી ઝીણી વાત છે. અનંત કાળથી એણે પોતાનું સ્વરૂપ અને વિકાર શું છે એનું ભેદજ્ઞાન એક સમયમાત્ર કર્યું નથી. અને એક સમય ભેદજ્ઞાન કરે તો જન્મ-મરણ રહે નહિ. સમ્યગ્દર્શન થતાં જ એને ખાત્રી થઈ જાય કે હું અલ્પ કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધપદને પામીશ. સમજાણું કાંઈ?

કહે છે, પહેલા દૃષ્ટાંત આપે છે. '**જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક...**' એ શેવાળની પેઠે. હિન્દીમાં પેઠે કહે છે ને? શેવાળકી ભાંતિ-શેવાળની પેઠે '**આસ્રવો**

**મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' શું કહે છે? ભગવાન! સાંભળ તો ખરો. આ શરીર, વાણી, મન તો પર રહ્યા. પ્રભુ! પણ તારામાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થાય છે તેને અહીંયાં ભગવાન આસ્રવ કહે છે. આસ્રવ-જે પરિણામથી નવા આવરણ આવે એ પરિણામને આસ્રવ કહે છે. જે પરિણામ પુણ્ય અને પાપના વિકલ્પની જે વૃત્તિ ઉઠે છે એ મેલ છે. એ આસ્રવ શેવાળની માફક મેલપણે અનુભવાય છે. આહાહા..!

જીવને પરનો અનુભવ ત્રણ કાળમાં નથી. શરીરનો, સ્ત્રીના શરીરનો, પૈસાનો, આબરૂનો અનુભવ તો ત્રણ કાળમાં કદી નથી. કેમ કે એ તો પરચીજ જડ છે. એને અનુભવમાં આવનારી ચીજ કઈ છે? શુભ અને અશુભ રાગ. અનુભવમાં-વેદનમાં આવનારી ચીજ શુભ અને અશુભભાવ. પરનો તો અનુભવ થતો નથી આ તો માટી-ધૂળ છે. શરીર, માંસ, હાડકા, ધૂળ છે. પૈસા ધૂળ છે. આબરૂ, કીર્તિ, મકાન એ તો પરપદાર્થ છે, એ જડ છે. એમાં આત્માનો અભાવ છે અને ઈ છે એમાં આત્માનો અભાવ છે. તો આ આત્મા એનો અનુભવ કરી શકે એમ ત્રણ કાળમાં નથી. ફક્ત પરપદાર્થને દેખીને અનુકૂળ-પ્રતિકુળતાનો વિકલ્પ ઉઠાવે છે શુભ-અશુભરાગ એનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? એ અનુભવ મેલ છે. આહાહા..!

'**જળમાં શેવાળ,...**' મળ, મેલપણે અનુભવાય છે. એમ ભગવાન આત્મામાં શુભ અને અશુભરાગ મેલ છે, મળ છે, અશુદ્ધતા અશુચિ છે. આહાહા..! હવે એ ક્યાં ભાસે એને? શરીરની અશુચિ લાગે આમાં કાંઈ હાડકામાં લોહી નીકળે. આ લોહી સમજ્યા? ખુન આદિ.

મુમુક્ષુ :- પરસેવો થાય.

ઉત્તર :- પરસેવો થાય એની ગંધ આવે. આ તો હાડકા છે.

પણ અહીંયાં તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે જે કહ્યું, એમ અહીંયાં કુંદકુંદાચાર્ય કહે છે, ભગવાન! સાંભળ તો ખરો એકવાર. તારા પરિણામમાં જે આસ્રવ નામ શુભ અને અશુભ રાગ થાય છે, ભગવાન! એ જળમાં જેમ શેવાળ છે, એમ ભગવાન આત્મામાં એ આસ્રવભાવ મેલ છે. સમજાણું કાંઈ? માટે તે અશુચિ છે. એ પુણ્ય-પાપના ભાવ મેલ છે તેથી તે અશુચિ છે. આહાહા..! એવું તું જ્ઞાન કર એમ કહે છે. આહાહા..! નવરાશ પણ ફુરસદ ક્યાં? ..ભાઈ! આ જગતના ધૂળના કામ આખો દિ'. કામ કરતો નથી પરના હોં! એક ફૂદડી ફેરવી શકે નહિ. આંખની પાપણ પણ ફેરવી શકતો નથી. રાગ અને દ્વેષ, શુભ અને અશુભ, સંકલ્પ-વિકલ્પ કરે. બસ. સંકલ્પ-વિકલ્પ કરે. એને કરે અને એને ભોગવે. પરની ચીજને કરતો નથી અને પરને કદી ભોગવતો નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાણું કાંઈ? કેમ કે જે પોતાથી ભિન્ન છે એ ભિન્નની દશા ભિન્ન આત્મા કરી શકે એમ ત્રણ કાળમાં બની શકે નહિ. સમજાણું કાંઈ? એ કહે છે.

તેણે શું કર્યું? શુભ-અશુભભાવ કરીને તારા અનુભવમાં મેલ આવ્યો. મેલ. સમજાણું કાંઈ? '**અને ભગવાન આત્મા...**' એ સવારમાં કહ્યું હતું કે ૭૨મી ગાથામાં અમૃતચંદ્રાચાર્ય ભગવાન કહે છે. જુઓ! એમાં આવ્યું. પુણ્ય-પાપના ભાવ,.. અહીં તો કહે છે કે જ્ઞાન કરી, સમજણ કરી અંદર શ્રદ્ધામાં વાત લે કે શુભ અને અશુભભાવ જળમાં શેવાળની જેમ મેલ, મળ, અશુચિ, અપવિત્ર છે.

'**ભગવાન આત્મા...**' જુઓ! અહીં તો અમૃતચંદ્રાચાર્ય મહારાજ... મૂળ ટીકા છે સંસ્કૃત. જુઓ અંદર. '**भगवानात्मा तु**' સંસ્કૃત ટીકા છે. '**भगवानात्मा तु**' અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલમાં વસનારા પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ જેવું સ્વરૂપ કહ્યું એવા ચારિત્ર, આનંદના ચારિત્રનો અનુભવ કરીને (કહે છે). ચારિત્ર એવી ચીજ નથી. એ તો અંતર અતીન્દ્રિય આનંદનો ઉગ્ર અનુભવ થાય એનું નામ ચારિત્ર છે. એવા અતીન્દ્રિય આનંદનો અનુભવ કરીને જગતને કહે છે.

કહે છે કે '**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ...**' (છે). એ પુણ્ય અને પાપના ભાવ મળ છે, મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે. મારો આત્મા અતિ સદા નિર્મળાનંદ ચૈતન્યમાત્ર સ્વભાવરૂપ, ચૈતન્યમાત્ર સ્વભાવરૂપ અનુભવાય છે. જુઓ! આ ભેદજ્ઞાન. બહિર્લક્ષ કરીને શુભ-અશુભભાવ જે મેલરૂપ વેદનમાં આવે છે, એને (છોડી)અંતર્મુખ દેખ. તારો ભગવાન તારી પાસે અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવ અનુભવાય છે. એ જ્ઞાનનું વેદન કરવું. એ પુણ્ય-પાપના આસ્રવનો ખ્યાલ કરીને એ મેલ છે, હું એનો જાણનાર (છું). મને જાણતાં એને જાણનાર એવો હું જ્ઞાયક ચૈતન્ય છું.

'**અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે...**' કોણ શુચિ છે? ભગવાન આત્મા. '**(-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે).**' એમ જાણવું. એમ લેવું. ઉપર '**णादूण**' શબ્દ પડ્યો છે ને પહેલા. એવું અંતરમાં ભેદજ્ઞાન થવાથી તને આત્માનો અનુભવ થશે અને સમ્યગ્દર્શન થશે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! અનંત કાળમાં કર્યું નથી અને એ કરવું એને ઘણું કઠણ પડે છે. કદી અભ્યાસ પણ નહિ, અભ્યાસ પણ નહિ. એ વાત સાંભળવા મળતી નથી.

આ ભગવાન આત્મા ચૈતન્યઘન નિર્મળાનંદ પ્રભુ ધ્રુવ અનાદિઅનંત વસ્તુ અને પાણીમાં ઉપર જેમ શેવાળ-કાઈ હોય છે એ મેલ છે પુણ્ય-પાપનો આસ્રવ. એ આસ્રવને પોતાનો માની મિથ્યાદૃષ્ટિપણે અનંત વાર અનંત ભવ કર્યા. એકવાર એ આસ્રવ મેલ છે અને હું નિર્મળ છું એમ જાણીને આસ્રવથી, અભિપ્રાયથી આસ્રવથી નિવર્તીને, શ્રદ્ધામાં આસ્રવથી નિવર્તીને શ્રદ્ધાને આત્મના સ્વભાવ સન્મુખ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન છે.

એનું નામ ધર્મ છે. ભારે વાત ભાઈ! ભાવનગરથી આવે છે ને ભાઈ? આવ્યા હતા ને. તમારે ત્યાં આવ્યા હતા, મને ખબર છે. .. ગયા હતા. ત્યાં ભગવાનનું મંદિર છે ને તમારે? આ ભગવાનનું મંદિર અહીં આ કહે છે, હોં! આવ્યુંને જુઓ.

ભગવાન! તારું સ્વરૂપ તો અહીં પડ્યું છે ને નાથ! તને ખબર નહિ. તને તારી કિંમત નહિ, તને તારું માહાત્મ્ય નહિ અને પુણ્ય-પાપના વિકલ્પના મેલનું માહાત્મ્ય, એ જ તારી દૃષ્ટિ મિથ્યાત્વ અને એ જ સંસારમાં રખડવાનું કારણ છે. આવું મનુષ્યપણું મળ્યું પણ સત્ સાંભળવા મળે નહિ. અને સાધારણ વાત માનીને જિંદગી ચાલી જાય. જિંદગી ચાલી જાય. ૫૦, ૬૦, ૭૦ નકામા. બરાબર હશે? કેમ ડોક્ટર કેમ હશે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ... કરતા નથી કોઈનું. કોણ કરે? આ બધા ડોક્ટર બેઠા. જુઓને! ઘણાં છે. ... બીજા હતાને ઓલા ભાઈ ક્યાં ગયા? છબીલભાઈ. ગયા? બસ. કામ બહુ હોય ને.

અહીં કહે છે.. આહાહા..! ભગવાન! પરમેશ્વર ત્રિલોકનાથની વાત લાવ્યા. સંદેશો લાવ્યા ભગવાન પાસેથી. કુંદકુંદાચાર્ય મહારાજ પરમાત્મા પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. આવીને કહે છે કે, અરે.. પ્રભુ! ભગવાન તો એમ સંભળાવે છે અને અમને પણ એવું ભાન છે કે શરીર, વાણી તો પ્રભુ અજીવ તત્ત્વ છે. શરીર, વાણી, કર્મ તો અજીવતત્ત્વ છે. તો અજીવતત્ત્વમાં આત્મા નથી, આત્મામાં અજીવ નથી. એક (વાત). બીજું, પુણ્ય-પાપનો ભાવ આસ્રવતત્ત્વ છે. તો આસ્રવ તત્ત્વમાં આત્મા નથી અને આત્મામાં આસ્રવતત્ત્વ નથી. કારણ કે ભિન્ન તત્ત્વ છે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ.

ભગવાન એમ ફરમાવતા હતા કે હે જીવ! તારો આત્મા શુદ્ધ ચિદાનંદ અતિનિર્મળાનંદ ચૈતન્યમાત્ર વસ્તુનો સ્વભાવ જે નિર્મળાનંદ છે એની ઉપર જે આ પુણ્ય-પાપના મેલ થાય છે એની રુચિ છોડીને નિવર્ત. છે ને એમાં? '**तदो णियत्तिं कुणदि जीवो**' ચોથી લીટી છે ચોથી લીટી. મૂળમાં છે. વાત તો સરળ છે પણ લોકોને અભ્યાસ નથી. આ અભ્યાસ કરવાની રુચિ નથી. અંદર આ મારી જરૂરિયાતની ચીજ છે અને જરૂરિયાત જેને જાણે ત્યાં વીર્ય પુરુષાર્થ છોડ્યા વિના રહે નહિ. જેની જરૂરિયાત લાગે ત્યાં વીર્યની ગતિ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એમ પોતાના આત્માનું કાર્ય કરવાની જેને રુચિ અને જરૂરિયાત લાગે એનું વીર્ય સ્વભાવ સન્મુખ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભાઈ! જન્મ-મરણની ગાંઠ ગાળવી છે. અને જન્મ-મરણની ગાંઠ ન ગળે ત્યાં સુધી કોઈ સ્વર્ગ મળે તો ત્યાંથી પાછો નરકમાં જશે ઢોર પશુમાં. આઠમા સ્વર્ગનો દેવ

છે ભગવાન કહે છે. આઠમા સ્વર્ગના હોં. જેની સ્થિતિ અઢાર સાગરોપમની સ્થિતિ. અઢાર સાગરોપમ દેવની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમની મર્યાદા, એક પલ્યોપમમાં અસખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવી અઢાર સાગરોપમની સ્થિતિમાં અનંત વાર ગયો. ત્યાંથી પડીને પશુમાં ગયો. કેમ કે આત્મા પુણ્ય-પાપના આસ્રવથી ભિન્ન છે એવા ભાન વિના એણે પુણ્યભાવ કર્યા. તો એ કરવાથી સ્વર્ગમાં ગયો. પણ મિથ્યાત્વભાવને કારણે એ પુણ્ય ઠીક છે, મારી ચીજ આનંદ છે એવા ભિન્ન ભાન વિના મિથ્યાત્વને કારણે પુણ્ય હતું તો સ્વર્ગમાં ગયો અને ત્યાંથી પડ્યો નીચે.

'ફેર પીછો પટક્યો, દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' શું કીધું સમજાણું કાંઈ? એક સજ્ઝાય આવે છે શ્વેતાંબરમાં. આ તો દુકાન ઉપર પણ અમે તો વાંચતા હતા ને ત્યાં દુકાન ઉપર. નાની ઉંમરમાં પણ. આ બધું વાંચેલું પહેલા ઘણું ઘણું. હજારો લાખો બધા શ્લોકો. ત્યાં આ એક વાત આવી હતી. દુકાન ઉપરની વાત છે હોં! (સંવત) ૧૯૬૬-૬૭ની વાત છે. ૧૯૬૫-૬૬. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' સમજાય છે? આપણે આમાં આવે છે. પણ આ તો શબ્દ સ્વાધ્યાયમાં આવે છે. ચાર સજ્ઝાયમાળા આવે છે મોટી શ્વેતાંબરમાં. ચાર સજ્ઝાય માળા. મોટી સજ્ઝાય બધી. દુકાન ઉપર તો નિવૃત્તિ હતી, ઘરની દુકાન હતી. એટલે વાંચતા હતા. ઘણું વાંચેલું પહેલું બહુ વાંચેલું. એમાં આ 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો.' (આવ્યું હતું). એટલે શું?

આત્મા પુણ્ય અને પાપના આસ્રવ રહિત ચિદાનંદ સ્વરૂપ છે એવા અનુભવ વિના તેં દ્રવ્યસંયમ દયા, દાન, વ્રતાદિ પાળ્યા. એનાથી ગ્રૈવેયક મળ્યું. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' પણ મિથ્યાદર્શનનો નાશ ન કર્યો અને સમ્યગ્દર્શન પ્રગટ ન કર્યું. તેથી ત્યાંથી પશુમાં ગયો. પાટણીજી! આહાહા..! ઝીણી વાત છે. આ તો ઘણો વિચાર કર્યો હતો પહેલા. બહુ વિચાર કરતા હતા ને. નાની ઉંમરમાં ઘણું વાંચતા હતા. નાની ઉંમરથી જ હોં. ૧૭ વર્ષની ઉંમરથી. આ તો અત્યારે ૭૮ થયા. ૭૦ ને ૮. ૮૦માં ૨ ઓછા ચાલે છે. પહેલા ૧૭ વર્ષની ઉંમરથી ઘણું વાંચેલું. તો એમાં અધ્યાત્મ કલ્પદ્રૂમ આવે છે શ્વેતાંબરમાં. એ પણ જોયું. એમાં અંદર આ આવ્યું કે આત્માના સમ્યક્ ભાન વિના મુનિવ્રત લઈ લીધા, સાધુ થયો. સમજાણું કાંઈ? પુણ્યના પરિણામ પ્રગટ કર્યા, વ્રતાદિ લીધા પણ પુણ્ય પરિણામથી ભિન્ન ભગવાન આત્મા છે અહીં કહે છે, એનાથી નિવર્ત્યો નહિ. નિવર્ત્યા વિના અંતરના સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થતો નથી. '**तदो णियत्तिं कुणदि**'.

અહીં તો કુંદકુંદાચાર્યની તો છેલ્લામાં છેલ્લી વાત છે. જેમાં જન્મ-મરણ ન રહે એવી વાત છે. જન્મ-મરણ રહે તો એક ભવ સ્વર્ગનો થશે પછી તરત પશુનો થશે. અને અંતે

નિગોદમાં જશે. બટેટા એક શરીરમાં અનંત જીવ છે, અનંત જીવ છે. જ્યાં સુધી મિથ્યાત્વનો નાશ નહિ કરે તો નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે કે ભગવાન આત્મા...! મેળવણી કરે છે. કોઈ મેળવણી કરે ને સારી-નરસી ચીજની? મેળવણી સમજો છો? આ આવી છે અને આ આવી છે. એમ કહે છે. પુણ્ય-પાપનો ભાવ અશુચિ છે અને હું જ્ઞાનાનંદ શુચિ પવિત્ર છું. એમ બેને મેળવીને અંદરમાં પુણ્ય-પાપના ભાવમાંથી અભિપ્રાયને હટાવીને પોતાના શુદ્ધ જ્ઞાન નિર્મળાનંદમાં અભિપ્રાય કરે છે એને સમ્યગ્દર્શન થાય છે. પણ પહેલા ખ્યાલ હોય નહિ, સમજણ નહિ, શ્રદ્ધા નહિ, વિચાર નહિ, શું કરે અને શું કરવાનું છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે).**' છેલ્લે છે. આમ જોઈને આસ્રવના તફાવતને જાણે છે. છેલ્લે છે. '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' એ બધામાં લઈ લેવું. ભગવાન આત્મા શુભ-અશુભ રાગ મેલથી વિકલ્પની વૃત્તિનું ઉત્થાન થાય, જે જન્મ-મરણનું કારણ છે એનાથી ખસીને, એ રાગથી ખસીને અંદર જ્ઞાતા સ્વભાવ ઉપર જઈને પોતાના જ્ઞાયકમાં એકાકાર થાય છે તો પુણ્ય-પાપના આસ્રવથી અભિપ્રાયથી, શ્રદ્ધાથી, આશયથી તે આસ્રવથી નિવર્તીને સ્વભાવ સન્મુખ થાય છે તો એને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ છે. શેઠ!

બીજો બોલ. ચોથી લીટી છે ને? ચોથી કહે છે. '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' ચોથી લીટી છે એમાં. શું કહે છે? આસ્રવ નામ પુણ્ય અને પાપનો ભાવને જડ સ્વભાવપણું હોવાથી. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- જડ સ્વભાવ?

ઉત્તર :- હા. આ શરીર જડ છે, માટી, ધૂળ છે એમ નહિ. પણ પુણ્ય-પાપનો ભાવ થાય છે ને રાગ? એ રાગ છે એ જડ છે. જડ કેમ? કે ચૈતન્ય નૂર છે આત્માનું ચૈતન્યનો પુંજ પ્રભુ છે. એના ચૈતન્યનું કિરણ પુણ્ય-પાપના રાગમાં આવતું નથી. શાંતિથી સમજવું. ભગવાન આત્મા ચૈતન્યનો સૂર્ય છે, ચૈતન્ય પુંજ છે, વિજ્ઞાનઘન છે. એનાથી વિપરીત જે શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય છે, ભગવાન આચાર્ય કહે છે કે એ પુણ્ય અને પાપના ભાવ બે મળીને આસ્રવ કહે છે. એ '**જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે...**' શું કહે છે? ધ્યાન રાખજો જરી. રાગ છે એ રાગ પોતાને નથી જાણતો. રાગ બીજાથી જણાવા યોગ્ય છે. જ્ઞાન આત્મા એને જાણે છે કે આ રાગ છે. અને રાગ પોતાને નથી જાણતો અને રાગ સાથે રહેલા ચૈતન્યપ્રભુને પણ નથી જાણતો. આહાહા..! સમજાણું કાંઈ?

ભારે વાત ભાઈ!

એક જણો પૂછતો હતો, પણ આ દેખાય નહિ ને શી રીતે કરવું? વાત સાચી. પણ કદી અભ્યાસ કર્યો નથી. જોતો નથી અંદર ભગવાન આત્મા? આ જ્ઞાનસ્વરૂપ જેના નેત્રમાં જ્ઞાન છે. અને પરલક્ષી રાગ જે ઉત્પન્ન થાય છે, પરલક્ષી શુભ અને અશુભભાવ. પોતાના (સ્વભાવના) લક્ષે ઉત્પન્ન થનારા ભાવ રાગ ન હોય. પોતાના સ્વભાવના લક્ષે ઉત્પન્ન થાય તો શાંતિ ઉત્પન્ન થાય છે. શોભાલાલજી! ભારે વાત ભાઈ! શેઠિયા માટે આવું હશે? શેઠિયા કોને કહેવાય? એ વળી યાદ આવી ગયું. એ રહી ગયું? આ પુસ્તક મળ્યું તમને? નથી મળ્યું. વળી આ આવ્યું.

સરદાર શહેરમાં દિપચંદ શેઠિયા છે. ત્યાં આપણે આવ્યા હતા. જયપુરમાં. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ રૂપિયા એના મામા પાસે હતા. ૬૦ લાખ. એ એને દેતા હતા. લે ભાઈ. ૪૦ વર્ષ પહેલાના ૬૦ લાખ. મામા! હું શું કરું? મારી પાસે બે-ત્રણ લાખ છે. એ વખતે. હવે તો ઘણાં થઈ ગયા. કારણ કે હવે તો પૈસા છે ને ઘણાં લોકો પાસે. માગણ પણ ઘણાં છે. માગણ એટલે માગે છે ઘણાં. એમ. વધારે જોઈએ.. વધારે જોઈએ.

એક વાર અહીં દરબાર આવ્યા હતા. ભાવનગર દરબાર છે ને? ભાવનગર દરબાર. કૃષ્ણકુમાર. ગુજરી ગયા હવે. અહીં આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળવા અહીં નજીક છે તો આવ્યા હતા. એ અને નિર્મળકુમાર બેય આવ્યા હતા. આપણે આ (સંવત) ૧૯૯૭ની સાલમાં મંદિર થયું ને? (ત્યારે) બેય આવ્યા હતા. એને કહ્યું કે દરબાર! થોડું માગે એ અલ્પ માગણ, વધારે માગે એ મહામાગણ. માગણ સમજો છો? અમારે પાંચ લાખ જોઈએ. તું નાનો માગણ છે. અમારે પાંચ કરોડ જોઈએ તો મોટો ભિખારી છે તું. દરબાર કહે એમ? કહ્યું, એમ છે જુઓ. કૃષ્ણકુમાર આવ્યા હતા ને? કરોડની ઊપજ છે એને. દરબાર છે. પણ નરમ માણસ છે નરમ છે. સાંભળે. આ શું? કીધું, વાત એવી છે. અહીં તો જેને અલ્પ તૃષ્ણા છે, અલ્પ જોઈએ તે નાનો ભિખારી છે, જેને વધારે જોઈએ એ મોટો ભિખારી અને જેને કાંઈ ન જોઈએ તે બાદશાહ આત્મા. અહીંયાં શેઠે લખ્યું છે. ભાઈને આપો. ૧૩મે પાને છે. ૧૩મું? ૧૩માં છે, ૧૩માં. એણે બનાવ્યું છે. સરદારશહેરવાળા એણે એ બનાવ્યું છે. ૧૩મે પાને છે.

મુમુક્ષુ :- વાંચો.

ઉત્તર :- હા. વાંચીએ છીએ ને. ૧૬મી લીટી. બહુ શાંત છે. નિવૃત્તિવાન છે. ગૃહસ્થ છે. અને એકાંતમાં ધ્યાન કરે છે. ઘણાં વિચારે છે. તો એનો નાનો દીકરો ગુજરી ગયો હતો. એના દિકરાનો દિકરો નાનો અઢી વર્ષનો. તો કહે, રડવું નહિ. હું કહું તે ભક્તિ ગાઓ. આ ભક્તિ છે. આ દીકરો મરે તો સ્ત્રી નથી રોતી? કે મારા પેટ. તો અહીંયાં કહે છે જુઓ!

‘ગુણી જન...’ ૧૬મી ગાથા છે. ‘ગુણીજન સંભાળે સોહી છે શેઠ.’ કારણ કે એની ઓળખ શેઠિયાની છે. ઓળખ સમજો છો? જેમ આ શાહૂજી. ઓળખ-ઓળખ શેઠિયાની. તો મોટા ગૃહસ્થ છે, કુટુંબ છે. એનો અઢી વર્ષનો દિકરો હતો એ ગુજરી ગયો. ત્યાં પડ્યો હતો. ગૃહસ્થ બધા રોવા આવતા હતા. એની માને કહે છે, બોલ. આપણે રોવાનું હોય નહિ. ‘ગુણીજન સંભાળે સોહી છે શેઠ.’ કોને? ગુણીજન આત્મા. અનંત આનંદકંદ ગુણીજન તેને ‘સંભાળે સોહી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી.’ એ બીજા અનુચર નામ રાંકા-ભિખારી છે. એને અનુચર-પાછળ પાછળ ચાલનારો નોકર. અનુચર. અનુસરીને ચાલનાર. અનુચર શબ્દ કાઢ્યો છે.

‘ગુણીજન સંભાળે સોહી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.’ આપણે અહીં સ્ત્રીઓ રોવે ને ત્યારે કહે ને મારા પેટ. આમ રોવે છે. તમારે હિન્દીમાં કાંઈક હશે. અહીં અમારે ગુજરાતીમાં એમ રોવે. મારા પેટ.. મારા પેટ.. કરીને રોવે. અરે..! પેટ કે દિ’ તારું હતું? તારું તો જ્ઞાન છે. એ રાખો તમારી પાસે. પાંચ અને છ. સમજાણું કાંઈ? આ તો યાદ આવ્યું. એણે ઘણું સરસ બનાવ્યું છે. હજારો પુસ્તક બનાવ્યા છે. બહુ ... અન્યને અનુચર જાણજો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એની જે સંભાળ કરે એ શેઠ છે. બાકી વિકાર અને પરની સંભાળ કરે એ અનુચર છે. એય.. શેઠી! રડવું નહિ. રડવું નહિ. આપણે તો અહીં ગાયન ગાઓ. દીકરાનું મડદું મળ્યું હતું. એવું ગાયન રચ્યું છે. બહુ અધ્યાત્મનો અભ્યાસ કર્યો. ઘણાં અભ્યાસી છે. એકાંતમાં રહે છે. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ દેતા હતા એ ન લીધા તો વૈરાગ્ય કેટલો હશે? તમારા અત્યારે રૂપિયા બે આનાનો થઈ ગયો છે. બરાબર છે કે નહિ? એવો વૈરાગ્ય. ૬૦ લાખ ન લીધા. શું કરું? મામા! મામાને દુઃખ થયું. મામા! એ દેનારા મળશે. સમજ્યા? ના પાડનારા નહિ મળે. મફતમાં ... તારા ૬૦ લાખ શું? એ તો પુણ્ય.. નોકર છે, ચાકર છે. એ પુણ્યની દાસી છે લક્ષ્મી. પુણ્ય હોય તો ત્યાં આવે. એમાં શું ચીજ છે? પાટણીજી!

ભગવાન આત્મા. આહાહા..! એક ફેરી કહ્યું હતું. નાનાલાલભાઈ છે ને આપણા? તમારા ભાઈ એય..! નાનાલાલભાઈ. (સંવત) ૧૯૯૬માં ગયા હતા ને જાત્રા કરવા. ત્યારે નાનાલાલભાઈ સાથે હતા. પાલીતાણા અને ગિરનાર. પહેલા ગિરનાર ગયા હતા ને. ત્યારે ઉપર બહુ કોતરણી કરી છે. કોતરણી ઝીણી-ઝીણી. કોઈએ કહ્યું કે કોતરણી એવી કરી છે. જેટલી કોતરણી કરીને આપે એટલી ચાંદી આપે. ચાંદી. ત્યાં જોવા ઊભા રહ્યા. ઝીણી... ઝીણી... ઝીણી... એ બોલે કે ઓહોહો..! બહુ કોતરણી કરી છે! પૈસા બહુ ખર્ચ્યા. પછી એક સૂત્ર ત્યાં હતું. .. સમજાણું કાંઈ? વદ અમાસ. ત્યાં વદ ચૌદસે મોટો મેળો થયો ને ભાઈ મોટો? શિવરાત્રી.

મોટો મેળો થાય જૂનાગઢ. ઘણા બાવા થાય ભેગા. અને અમારે અમાસે ચડવું હતું અમાસે. મહાવદ અમાસ. તમારી ફાગણ વદ અમાસ કહેવાય. એ ઉપર ચડ્યા તો એટલું કહ્યું, નાનાલાલભાઈ! તમને એ મહિમા લાગે છે. એક સૂત્ર કહું, કીધું. દેખો. પૈસો ખરચે ખૂટે નહિ પણ વગર ખરચે પુણ્ય ખૂટે ખૂટી જશે. એટલું કહ્યું હતું. ભાઈ! તમારા મોટા ભાઈને. નાનાલાલભાઈને આટલું કહ્યું. ૯૬ના મહા વદ અમાસ. ત્યાં ગિરનાર ઉપર. પૈસો ખરચે ખૂટે નહિ, આ પુણ્ય ખૂટે વગર ખરચે ખૂટી જશે. પૂર્વનો જો પુણ્યબંધ છૂટી ગયો તો વગર ખર્ચે લક્ષ્મી ચાલી જશે. એમ ખરચે ખૂટે એ વાત કહે છે એ વાતમાં માલ નથી. શેઠ! નાનાલાલભાઈને ત્યારે કહ્યું હતું. ઘણાં વર્ષ થઈ ગયા. ૯૬માં.

અહીં આચાર્ય કહે છે કે પુણ્ય-પાપના પરિણામ તો થાય છે. અને એનાથી લક્ષ્મી પણ મળે. પ્રતિકૂળતા પણ આવે. એ આસ્રવ મારી ચીજ નથી. આહાહા..! એ જડ સ્વભાવ છે. '**તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-)**' જુઓ! એક અલૌકિક વાત. ભગવાન આત્મા જ્ઞાનના નૂરનું પૂર. જ્ઞાનના નૂરનું પૂર. અને પુણ્ય-પાપનો વિકલ્પ રાગ. એ રાગ પોતાને નથી જાણતાં, એ રાગ બીજા દ્વારા જણાવા લાયક છે. રાગથી ભિન્ન ભગવાન એને જાણે એ આત્માનો રાગ છે. સમજાણું કાંઈ? અને આત્મા કેવો છે? જુઓ!

'**માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...**' કોણ? પુણ્ય અને પાપ. આસ્રવ. એ વિકલ્પ એ પોતાને નથી જાણતા, બીજો એને જાણે છે તેથી એ પુણ્ય-પાપના ભાવ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવનું નૂર પૂર. એનાથી ભિન્ન જે રાગ છે એ ચૈતન્યથી વિપરીત સ્વભાવવાળો છે.

મુમુક્ષુ :- અંધારુ છે.

ઉત્તર :- અંધારું છે. પુણ્ય-પાપનો ભાવ રાગ છે, રાગ અચેતન છે. ચૈતન્યના પ્રકાશનો અંકુર એમાં નથી, અંધારું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે...**' આત્મા તો જુઓ, ભગવાન આત્મા તો જાણનાર-દેખનાર હું, આ રાગ આંધળો છે, આંધળો છે. હું એને જાણું છું. એ મને નથી જાણતો અને હું મને અને પરને જાણું છું. એવું મારું જ્ઞાન સદા વિજ્ઞાનઘન હું છું. એમ જાણીને પુણ્ય-પાપ આસ્રવથી અંતરમાં અભિપ્રાયમાંથી અંશ વિકારદૃષ્ટિથી ખસીને અંતર્મુખ દૃષ્ટિમાં આવે છે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. ત્યારથી ધર્મની શરૂઆત સંવર-નિર્જરા થાય છે. ત્યારથી જન્મ-મરણના અભાવનો ઢંઢેરો પીટાય છે. મારામાં હવે જન્મ-મરણ નથી. હું અલ્પ કાળમાં કેવળજ્ઞાન

પ્રાપ્ત કરીને મુક્ત થઈ જઈશ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

ત્રીજો બોલ. '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી...**' શું કહે છે? શુભ-અશુભભાવ, ભગવાન! એ તો આકુળતાનું કારણ છે. આકુળતા ઉપજાવનારા છે. કેમ કે એ તો દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- પુણ્ય દુઃખરૂપ? શુભભાવ?

ઉત્તર :- શુભભાવ પુણ્ય છે. શુભ એ રાગ છે. રાગ એ આકુળતા છે અને આકુળતા એ દુઃખ છે. પુણ્યનો અર્થ આ પૈસા મળે એ નહિ હોં! ઓલા શુભભાવ થાય એ. નવા શુભભાવ જે થાય કે અશુભભાવ જે થાય એ આકુળતા છે. કેમ કે એ રાગ છે. એ કષાય છે, એ આકુળતા છે-દુઃખ છે.

ભગવાન આત્મા એ આકુળતાથી ખસીને હું નિરાકુળ આનંદસ્વરૂપ છું એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી આસ્રવથી અભિપ્રાયમાં અંતર્મુખ થઈ બહિર્મુખથી ખસે છે, અંતર્મુખ દૃષ્ટિ કરે છે એનું નામ ભેદજ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત. ભાઈ! આ રસ્તો લીધા વિના ત્રણ કાળમાં કોઈનો ઉદ્ધાર નથી. અને આ રસ્તો આ ભવમાં ન લે તો પછી બીજા ભવમાં આવું મળશે નહિ. આવો અવસર વારંવાર નહિ મળે. 'વીજળીને ઝબકારે મોતીડા પરોવી લ્યો.' એ વીજળીનો ઝબકારો આવે, મોતીને પરોવી લો, નહિતર ખલાસ થઈ જશે. આવો મનુષ્ય ભવ. ૨૫, ૫૦, ૬૦, ૭૦ વર્ષ થયા. અનંત અનંત કાળમાં આ કાળની મુદ્દત કેટલી?

કહે છે, હે આત્મા! ભગવાન! તું વિચાર તો કરને નાથ! આહાહા..! ભગવાન તરીકે તો બોલાવે છે. પાટણીજી! એ દીકરાને સુવડાવેને? શું કહેવાય? ઝુલામાં? પારણામાં. તો એની માતા કહે, મારો દીકરો ડાહ્યો છે ને આવો છે એમ કહે તો સૂઈ જાય. કેમ કે અવ્યક્તપણે એને પ્રશંસા પ્રિય છે. મારો દીકરો આવો છે ને આવો છે એમ વખાણ કરે છે ને. અમારે તો અહીં બોલે છે. મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસીને ન્હાયો. એવું અમારે ગુજરાતમાં બહુ બોલે છે. અને મોસાળમાં જાય ને ટોપરા ને ખારી શીંગ ભરીને લાવે. એવું બધું ગાય. એટલે ઓલો છોકરો સૂઈ જાય. આ તો સાંભળેલું છે. આપણે ક્યાં ત્યાં.. કો'ક કહેતા હોય ને સાંભળેલું હોય. ત્યાં ઓલો છોકરો સૂઈ જાય. કેમ કે અવ્યક્તપણે પણ (પ્રશંસા પ્રિય છે). એની પ્રતિકૂળતા નિંદા કરો તો નહિ સૂવે. .. સમજ્યા? ..

એમ અહીં ભગવાન આચાર્યો સંતો જગતને જગાડે છે. એની માતા સૂવાડે છે આ જગાડે છે. અરે..! આત્મા તું ભગવાન આનંદકંદ છો ને નાથ! આ વિકાર પરિણામ છે એ તો દુઃખરૂપ છે ને પ્રભુ! સમજાણું કાંઈ?

એક નાટક જોયું હતું. ભાઈ ઘણાં વર્ષ પહેલા. અનસુયાનું નાટક આવે છે. અનસુયા અને નર્મદા. ભરૂચને કાંઠે નર્મદા નદી છે ને અને અનસુયા નદી. બે બહેનો હતો. બહુ નાટક મોટું. પાલેજથી જોવા ગયા હતા. અનસુયા બાળકને આમ ઝુલાવતી હતી. પછી વડોદરામાં નાટક હતું. શુદ્ધોસી બુદ્ધોસી એમ કહેતી હતી. નાના હોં! નાની ઉંમરમાં. શુદ્ધોસી, બુદ્ધોસી, બ્રહ્માસી. શુદ્ધ છો, બુદ્ધ છો, બ્રહ્માનંદ છો. નાના બાળકને (કહેતી હતી). વિશ્વામિત્રનું નાટક હતું. અનસુયા અને વિશ્વામિત્રનું એક મોટું નાટક આવે છે. તે દિ'ની વાત છે, (સંવત) ૧૯૬૭-૬૬ની. મોટું નાટક હતું વડોદરામાં થીએટરમાં. ત્યાં પાલેજ નજીક ખરું ને. દુકાનનો માલ લેવા જઈએ. ત્યાં રાતે નવરા હોય તો જોતા જઈએ. આમ એને શીખવતા હોં! શુદ્ધોસી, બુદ્ધોસી, બ્રહ્માસી. બ્રહ્માનંદ તું છો, શુદ્ધ છે, બુદ્ધ છે. પહેલા સંસ્કાર નાખતા હતા એવા. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય કહે છે કે અરે..! તારા આત્મામાં સંસ્કાર તો નાખ કે પુણ્ય અને પાપના ભાવ બહિર્મુખની વૃત્તિ ઉઠે તે આકુળતાને ઉત્પન્ન કરનારી છે. એમાં તારી બુદ્ધિ હિતરૂપ છે તો મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવનું મોટું પાપ છે. ખબર નથી. ભગવાન આત્મા... શું કહે છે જુઓ! '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે;...**' આહાહા..! બીજી કોઈ બાહ્ય ચીજ દુઃખનું કારણ નથી. એને શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય છે એ, આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે એનાથી ઊલટો ભાવ શુભ-અશુભભાવ છે, તો આનંદથી ઊલટું એ સુખ છે. આહાહા..! કદી સાંભળ્યું નથી, કદી રુચ્યું નથી, કદી રુચિ કરી નથી. શું કરવાનું હતું અને શું કરીને ચાલ્યો ગયો? આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ જગત પાસે પોકાર કરે છે. અરે.. ભગવાન! જુઓને! અહીં ભગવાન તરીકે તો બોલાવે છે. પ્રભુ! કોણ કહે છે? જુઓ! '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે,...**' દેખો! આનંદ શુદ્ધ બુદ્ધ ઘન આત્મા, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...' શ્રીમદ્‌નું વાક્ય છે આત્મસિદ્ધિનું. આત્મસિદ્ધિ એમણે ૨૯મા વર્ષે બનાવી.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

નાની ઉંમરમાં આત્મજ્ઞાન થયું હતું. ગૃહસ્થાશ્રમમાં હતા. ભાન હતું.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

એ વિચાર-જ્ઞાનની ક્રિયા અંદરમાં જોડ તો પામી શકે. બીજી કોઈ એની ક્રિયા છે નહિ.

આહાહા..! કહો, શેઠી! ૨૯ વર્ષે. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. બસ! ૩૩ વર્ષ અને ૪ માસે દેહ છૂટી ગયો. સ્વર્ગમાં ગયા છે. એક ભવ કરીને મોક્ષ જવાની તૈયારી છે. એટલી તાકાત હતી. ભલે ગૃહસ્થાશ્રમમાં હતા. સમ્યગ્દર્શનની એટલી માહાત્મ્ય દશા છે. લોકોને એની કિંમત નથી. સમજાણું કાંઈ? રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે કે ગૃહસ્થાશ્રમમાં પણ સમકીત હો તો મોક્ષમાર્ગી છે. પણ ત્યાગી હોય, મિથ્યાદૃષ્ટિ છે, પુણ્યમાં ધર્મ માને છે, વ્યવહાર ક્રિયામાં ધર્મ માને તો એ સંસાર માર્ગે-નિગોદના પંથે પડ્યો છે. રત્નકરંડ શ્રાવકાચાર, સમંતભદ્રાચાર્ય. છે શ્લોક છે. ... છે. શબ્દ છે. સમજાણું કાંઈ?

એ અહીંયાં આચાર્ય મહારાજ કહે છે. ભગવાન! પુણ્ય-પાપના ભાવ વૃત્તિ ઉઠે છે એ દુઃખરૂપ છે. જેમ પાણીમાં ઉપર તેલ હોય. તેલ સમજો છો તેલ? ચીકાશ. ઉપર ઉપર તરે છે. અંદર ભળી નથી જતું. એમ આત્મા ભગવાન આનંદમૂર્તિ, એમાં પુણ્ય-પાપના તેલ સમાન ચીકાશ દુઃખરૂપ ઉપર ઉપર રહે છે. અંદરમાં પ્રવેશતી નથી.

**'ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...'** જરી ઝીણી વાત છે. રાગનું કારણ પણ આત્મા નહિ અને રાગથી આત્માની દશા થાય એવો આત્મા નથી. સીધો ભગવાન આત્મા આનંદકંદનું ભાન કરીને દુઃખના પરિણામથી ખસે છે અને આનંદમાં આવે છે તો એને અનુભવ સમ્યગ્દર્શન થાય છે. આ કળાથી થાય છે. બીજી કળા એમાં છે નહિ. એમ કહીને આ ત્રણ બોલમાં (આસ્રવો) અશુચિ, જડ અને દુઃખ (રૂપ છે એમ કહ્યું). ભગવાન શુચિ, ચૈતન્ય અને સુખ. એમ ત્રણનું ભેદજ્ઞાન કરવું એ જ મનુષ્યપણામાં જીવનું કર્તવ્ય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૭, રવિવાર તા. ૧૦-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૧-૧૭૨, ગાથા-૨૬૮-૨૬૯, પ્રવચન-૩૩૨**

બંધ અધિકાર છે. એમાં ૧૭૧ કળશ છે.

**अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः।**
**तत्किञ्चनापि नैवास्ति नात्मात्मानं करोति यत्॥१७१॥**

શું કહે છે? અનાદિથી આત્મા પોતાના શુદ્ધ આનંદ જ્ઞાનસ્વરૂપના ભાન વિના, સ્વઆશ્રય ચૈતન્ય શુદ્ધ છે એના ભાન વિના પરાશ્રય વસ્તુમાં દરેકમાં પોતાપણે માની અને મિથ્યા અધ્યવસાય કરે છે.

**'શ્લોકાર્થ :- આ નિષ્ફળ (નિરર્થક) અધ્યવસાયથી...'** પોતે ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવો સ્વઆશ્રય ભાવ ન કરવાથી, અનાદિથી એને પોતાના સ્વભાવથી ભિન્ન અને સ્વભાવથી વિરૂદ્ધ એવા ભાવમાં પોતાપણું માની નિરર્થક અધ્યવસાય-એકત્વબુદ્ધિ કરે છે. જે વસ્તુ એકત્વ અંદરમાં થતી નથી. સમજાણું કાંઈ? ગાથાનો ખુલાસો કરશે. **'નિષ્ફળ અધ્યવસાયથી મોહિત થયો થકો...'** ગાંડો-ઘેલો થઈ ગયો છે-મોહિત. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ આનંદ છે એનો એને અનાદિથી સ્વઆશ્રયનો ભરોસો નથી. એથી એ પરમાં કંઈ પણ હું કરું છું પરનું અને પરથી મારામાં થાય છે એવી પરપદાર્થની સાથે એકત્વબુદ્ધિ-પરાશ્રયબુદ્ધિ કરે છે. એ બુદ્ધિ અધ્યવસાય મિથ્યાત્વ છે અને એનાથી નવા કર્મનું આવરણ થાય છે.

**'આત્મા પોતાને સર્વરૂપ કરે છે,...'** ભાષા શું છે? જુઓ! છે તો ભગવાન સર્વને જાણનાર-દેખનાર. આત્માનું સ્વરૂપ તો બધાને જાણવું-દેખવું (છે). એને ઠેકાણે જાણવા-દેખવાના સ્વભાવને ભૂલી, મારા સિવાય જેટલી પર ચીજ છે એ બધી મારી છે અને હું એ છું એવી માન્યતામાં પરને પોતારૂપ કરવાની માન્યતા કરે છે. **'એવું કાંઈ પણ નથી...'** જગતમાં એવા કોઈ પરપદાર્થ કે વિભાવ નથી **'કે જે-રૂપ પોતાને ન કરતો હોય.'** સમજાણું કાંઈ? એ વાત વિશેષ લેશે ટીકામાં.

**'ભાવાર્થ :- આ આત્મા મિથ્યા અભિપ્રાયથી...'** જૂઠી શ્રદ્ધાથી **'ભૂલ્યો થકો ચતુર્ગતિ-સંસારમાં જેટલી...'** વિકારી અને શરીરાદિની અવસ્થાઓ થાય **'તે સર્વરૂપ પોતાને થયેલો માને છે;...'** એ રૂપે હું થયો છું એમ માને. પણ હું એક આત્મા આનંદ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છું એવી એને દૃષ્ટિ અનાદિની નથી. **'પોતાના શુદ્ધ સ્વરૂપને નથી ઓળખતો.'**

ભગવાન આત્મા પવિત્ર ચિદાનંદ સ્વરૂપ છે એના ઉપર નજર અંતર્મુખ કરતો નથી. બહિર્મુખની દૃષ્ટિમાં પરને પોતાના માની અને ખોટા અધ્યવસાયથી દુઃખી થઈ રહ્યો છે.

'**હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :-**' ગાથા-૨૬૮-૨૬૯.

**सव्वे करेदि जीवो अज्झवसाणेण तिरियणेरइए।**
**तेवमणुए य सव्वे पुण्णं पावं च णेयविहं।।२६८।।**
**धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।**
**सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं।।२६९।।**

નીચે હરિગીત.

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.**
**વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

'**ટીકા :- જેવી રીતે આ આત્મા...**' આ આત્મા. '**ક્રિયા જેનો ગર્ભ છે...**' એટલે કે '**હિંસા આદિના અધ્યવસાનો...**'થી. હિંસાના અધ્યવસાયમાં હણવું, જીવાડવું, મારવું એવા અભિપ્રાયથી ભરેલી ક્રિયા છે. બીજાને જીવાડી શકું, બીજાનો ઉપકાર કરી શકું, હું પરોપકારી છું. (મેં ઘણાં) પરોપકાર-પરના ઉપકાર કર્યા છે. એવી જે ક્રિયા નામ હણવું, જીવાડવું એવા ભાવ જેના પેટમાં છે-અધ્યવસાય. એ '**પોતાને હિંસક કરે છે,...**' બીજાને હણી શકું છું એવી માન્યતાથી પોતાના આત્માને હિંસાનો કરનાર છું એમ માને છે. સમજાય છે કાંઈ? બીજાના જીવને હું હણી શકું છું, મારી શકું, પ્રાણઘાત કરી શકું છું. બીજાના પ્રાણો પાંચ ઈન્દ્રિય, મન-વચન અને કાયા, શ્વાસ, આયુષ્ય, એને હું પ્રાણઘાત કરી શકું, એવી માન્યતામાં, એ માન્યતા દ્વારા હું પરનો હિંસાનો કરનારો છું એમ અધ્યવસાયથી પોતાને હિંસક છું એમ કરે છે. સમજાય છે કાંઈ?

'**(અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે)...**' હું પરની દયા પાળી શકું છું, પરને ન મારી શકું છું, પરને જીવાડી શકું છું એ અભિપ્રાય મિથ્યાત્વનો તદ્દન અજ્ઞાન છે. અહિંસક માનીને હું પરને જીવાડનારો, પરનો ઉપકાર કરનારો છું. એમ માનીને મૂઢ પોતાને દયાના કરનારો એટલે રાગનો કરનારો પરને જીવાડનારો હું, એમ પોતાને અહિંસક મિથ્યાદૃષ્ટિપણે માને છે. અહિંસક માનવું એ તો બરાબર નથી? મિથ્યાદૃષ્ટિ, હું પરને જીવાડી શકું, પરને ઉગારી શકું છું એવા ભાવથી પોતાના આત્માને પોતે જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ છે, એમ પોતાના સ્વરૂપને ન કરતા હું પરને જીવાડીને અહિંસક છું, હું અહિંસક પરને નહિ મારનારો હું અહિંસક

છું એમ મિથ્યા અધ્યવસાયથી પરને જીવાડનાર એવો હું છું એમ મિથ્યા અભિપ્રાયમાં અહિંસકપણે આત્માને માને છે. એ મિથ્યાત્વભાવ છે. ભારે વાત! કહો, સમજાણું કાંઈ? આ પરોપકાર કરનારા મોટા માણસો બધું કરતા હશે કે નહિ આ? નથી કરતા? કહો, શેઠ! આ મોટા આપણે રહ્યા શેઠ. એને જ પૂછીએને.

મુમુક્ષુ :- હવે નથી કરતા, પહેલા કરતા હતા.

ઉત્તર :- પહેલા કરતા નહોતા, શેઠ! માનતા હતા. કરી તો શકતો જ નથી. પરનું જીવન કે પરને જીવાડવું એ આત્મા ત્રણ કાળમાં કરી શકે નહિ.

મુમુક્ષુ :- ગરીબ માણસોને મદદ તો કરે ને.

ઉત્તર :- ત્રણ કાળમાં મદદ કરી શકે નહિ. મદદનો અર્થ શું? સમજાય છે કાંઈ? એ બધા બોલો આમાં આવી ગયા. બીજાને સુખી કરી શકું છું એ આવી ગયા છે. સમજાય છે? બે બોલ લીધા હતા અહીં તો. હવે અહીં તો નવા નાખવા છે ને એટલે વધારે. બીજા જીવને, હું ગરીબોને સગવડતા આપી શકું છું. મોહનભાઈ! શું હશે? આપી શકે નહિ? આ તમારા બાપ બહુ માનતા હતા. પહેલા કહેતા હતા. ખબર છે? અ તો અત્યારે સાંભળતા નથી. એનું લક્ષ બીજે છે. ક્યાંય લક્ષમાં વિચારમાં ચડી જાય છે. એ કાંઈ અહીં ધ્યાનમાં નથી સાંભળવામાં. સાંભળવાનું કાંઈ નથી. ચડી ગયા છે વિચારમાં. ઘણા વિચારો એને બહારની ધુન હોય છે. જુઓ! અત્યારે આટલું બોલ્યા તો એને કાંઈ ખબર નથી. ક્યાં ગયા? વાસુદેવ નથી આવ્યા? દુકાન ઉપર (હશે). કહો, સમજાય છે કાંઈ? જુઓ! અહીં બેઠા પણ એને ધુન બીજી છે. બીજે વિચારમાં છે. અમારે ફાવાભાઈ હતા ને એ આમ ચડી જતા વિચારે.

અહીં કહે છે.. આહાહા..! પણ સલવાણો છે ને અનાદિથી. સલવાણો એટલે શું? સલવાણો એટલે શું? રોકાઈ ગયો. માન્યતામાં એકમેક થઈ ગયો. એક થતો નથી. બીજાને સગવડ કરી દઉં, બરાબર મદદ કરી દઉં, એ પરના પદાર્થને હું અનુકૂળ જીવાડી દઉં, રક્ષા કરી દઉં એ માન્યતા મૂઢ જીવની (છે). પોતાના ચૈતન્ય મૂર્તિને ભૂલી આવા પર આશ્રયભાવમાં એકત્વપણું માને છે. એમ પરને દુઃખી કરી શકું છું, પરને લાભ પહોંચાડી શકું છું, બીજાને અલાભ કરી શકું છું, શસ્ત્ર વડે કામ કરી શકું છું, બીજાની નિંદા કરી શકું. બીજાની નિંદા કરી શકું એમ કરીને નિંદક પોતે થાય છે.

મુમુક્ષુ :- કોણ કોને નિંદક બનાવે?

ઉત્તર :- આ નિંદક થાય છે ને કીધું ને. પરની નિંદા કરી શકું છું એમ કરીને પોતાના આત્માને નિંદક છું એવા અભિપ્રાય નામ નિંદકપણે પોતાને માને છે. એમ બીજાની પ્રશંસા કરી શકું છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રશંસા કરી શકું છું એ ભાષા જડની છે. પણ એમ માને હું પ્રશંસા કરી શકું છું એ પ્રશંસક થાય છે. પ્રશંસક એટલે? જ્ઞાતા-દષ્ટા છે એને ઠેકાણે પ્રશંસક અભિપ્રાયમાં માને છે. સમજાણું કાંઈ?

'**તેવી જ રીતે...**' અહીં બધું કહી દીધું. '**અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,...**' ઓલા સુખી-દુઃખી (સાથે) મેળવીને. '**તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક (-નારકી) કરે છે,...**' શું કહે છે? ઘણા ભાવ પાપના કર્યા હોય ને હિંસા, જૂઠું, માંસ ખાવાના ભાવ, મરીને નરકમાં જાય જીવ. અહીં તો એવી સ્થિતિ ઊભી કરી છે કે જે જગતના પદાર્થોમાં ચાર ગતિપણે ગયો એ પણ સિદ્ધ કરે છે અને એ ચાર ગતિમાં જ્યાં નરકમાં ગયો ત્યાં પોતે આત્માને હું નારકી છું એમ માને છે. નારકી છું. આ દુઃખ,... '**ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક કરે છે,...**' પાંચસો ધનુષનો દેહ સાતમી નરકમાં. પહેલી નરકમાં પોણા હાથ ધનુષનો દેહ એ ઊપજે ત્યાં એમ જ (માને કે) અમે આ છીએ. અરે..! અમે આ છીએ. અમે મરી ગયા. કોણ મારે છે? બસ! પોતે જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યની સ્વઆશ્રય દૃષ્ટિ છોડી પરાશ્રય દૃષ્ટિમાં પોતાપણું અનાદિથી માને છે. એ જ મિથ્યાત્વભાવ સંસારમાં રખડવાનું કારણ છે.

'**નારકી કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી...**' હું પશુ છું. એ અવતાર પશુનો મળ્યો (એમાં માનવા લાગ્યો કે) હું પશુ છું. એવા '**પોતાને તિર્યંચ કરે છે,...**' છે નહિ એ. એ તો જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય છે. જાણનાર-દેખનાર ભગવાન આત્મા છે એને હણી નાખી અને હું એક પશુ છું. વાંદરો છું, હાથી છું, ઘોડો છું, કીડી છું, મકોડો છું. ભલે નામ ન આવડતું હોય પણ એ જે આકાર અને શરીર મળ્યું હોય એ છું એવું એની દૃષ્ટિમાં અધ્યવસાયમાં હોય છે. પણ હું એનાથી ભિન્ન આનંદકંદ છું. શુદ્ધ ચૈતન્ય છું, જ્ઞાતાદૃષ્ટા જગતનો છું એવી દૃષ્ટિ અજ્ઞાનીએ અનાદિથી કરી નથી. કહો, સમજાણું કાંઈ? કહો, આ બીડીયુંના વેપાર કરનારા કહે કે હું બીડીનો વેપાર કરનારો છું. શોભાલાલભાઈ ઉપર .. એઈ..!

મુમુક્ષુ :- બીડીનું કરતા હોય તો ઈ કહેવાય, વકીલનું કરતા હોય...

ઉત્તર :- આ વકીલ. આ વકીલ થાય કે હું વકીલ કરનારો છું, વકીલાત કરનારો છું. એમ જ બોલે કે નહિ? એય.. કનુભાઈ! આ જજ રહ્યા.

મુમુક્ષુ :- કોઈ એમ કહે હું ઈજનેર છું.

ઉત્તર :- ઈજનેર પણ નથી અને વકિલ પણ નથી. અહીં તો એ કહે છે.

વકીલાત કરનાર એવું માને કે હું વકીલાત કરી શકું છું, બીજાને આમ કરી શકું છું, કાયદો આમ કાઢી શકું છું. પણ વાણી તારી નથી, વિકલ્પ તારો નથી, કોને કરી શકે તું? સમજાણું કાંઈ? બસ! વકીલાત કરે (એમ માને કે) અમે વકીલ છીએ. ... શું ભાષા મોટી હોય છે ને કાંઈક? સોલિસીટર ને શું એવું બધું? બેરીસ્ટર અને સોલિસીટર ને બધા અમે આવા છીએ. વકીલ છીએ. સો રૂપિયા, પાંચસો મૂકો પહેલા, પછી વાત. અમે વકીલ છીએ. અમે ઉઘરાણીએ ન આવી શકીએ. વેપારી તો ઉઘરાણીએ આવે. પણ અમે ઉઘરાણીએ નહિ આવીએ. પહેલા મૂક પછી વાત. અમે વકીલ છીએ. પણ વકીલ હતો કે દિ' તું? ભ્રમણા છે અજ્ઞાનીની, કહે છે.

ચૈતન્ય સૂર્ય ભગવાન આત્મા ચૈતન્યનો પૂંજ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા છે. એને એવો ન માનતા આવો માને તે મિથ્યા અભિપ્રાયથી મહાસંસાર વધારે છે. એમ કહે છે. કહો, શેઠી! અમે ઝવેરી છીએ. ઝવેરાતના વેપાર કરનારા છીએ. પણ ઝવેરાતનો વેપાર કરે કોણ? એ તો માને છે મફતનો. ઝવેરાત જડની છે. ઝવેરાત જડ છે. એનો વેપાર ક્રિયા જવું, આવવું એ તો જડથી થાય છે. અમે બરાબર આમ ઓળખી શકીએ. ઝવેરાતને આમ કરી શકીએ, આમ કરીએ. ભગવાન! તું તો જગતનો જાણનાર ભિન્ન છો ને. આ ઝવેરાતનો કરનાર એવો ક્યાંથી માન્યો? આહાહા..! આ જુઓ અધર્મની દૃષ્ટિ અનાદિની આવી અજ્ઞાનીની પરાશ્રયમાં ઊભી છે. તેથી તે સ્વાશ્રયનું અવલંબન લઈ શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'તિર્યંચ કરે છે, ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે,...'** મનુષ્ય થયો તો મનુષ્ય છીએ. પુરુષ થયો તો કહે, પુરુષ છીએ, સ્ત્રીનો દેહ (હોય) તો કહે, સ્ત્રી છીએ. પણ સ્ત્રીનો દેહ તો જડ-માટી છે. એમાં સ્ત્રી તું ક્યાંથી થઈ ગઈ? પુરુષનો દેહ હોય તો પુરુષ થઈ ગયા, હીજડાનો દેહ (હોય) તો પાવૈયા અમે થઈ ગયા. પણ ક્યાં પાવૈયા-હીજડા? બાપુ! તું તો ભગવાન છો ને. આહાહા..!

જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સૂર્ય એ તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો છે. એને અંતરમાં સ્વાલંબી દૃષ્ટિ કર્યા વિના અનાદિથી આવી પરાવલંબી દૃષ્ટિ કરીને પરિભ્રમણ કરે છે. અમે સ્ત્રી, શું કરીએ ભાઈ? અમે તો પુરુષને આધીન. પુરુષ મોઢા આગળ કહે એમ કરીએ. મૂરખ છે ને આ? મૂરખનો અગ્રેસર કહેવાય. અમે સ્ત્રી શું કરીએ? અમારા હાથમાં છે? સમજાણું? એવી ભાષા કાંઈક બોલે છે. અમે તો શેઠના ચાકર ભાઈ-નોકર. ચિઠ્ઠીના ચાકર કહે લ્યો. એમ કહે છે ને? ચિઠ્ઠીના ચાકર. અમને ચિઠ્ઠી આપે એમ કરીએ. અમારે તો ભાઈ પતિ કહે એમ કરવું. અમે નોકર-ચાકર છીએ. મૂઢ છો? ભગવાન આત્મા વળી પત્ની કેવી ને સ્ત્રી કેવી?

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ વળી જુદી વાત છે. એ તો વળી દેહની સ્થિતિ સરખી કરી અને બીજો લેવા માગે એ તો દેહની સ્થિતિમાં .. એમ કહેવા માગે છે. એમ અહીં નથી. સમજાણું કાંઈ? દેહની સ્થિતિ, સ્ત્રીનો દેહ ભિન્ન છે, પુરુષનો દેહ ભિન્ન છે. પણ એ દેહરૂપે હું છું એમ માને છે એ વાત છે. એથી કરીને એમ નથી કે સ્ત્રીનો દેહ હોય તો ત્યાં કેવળજ્ઞાન થઈ શકે. કારણ કે દેહમાં કાંઈ ફેર નથી. ના પાડતા હતા તમે કે દેહ તો ગમે તેવો હોય. એમ નહિ. સ્ત્રીનો દેહ હોય અને આત્મામાં તાકાત કેવળજ્ઞાન લેવાની હોઈ શકે જ નહિ. સાધ્વી થવાની તાકાત જેનો દેહ સ્ત્રીનો છે એને અંદરમાં સાધ્વી થવાની તાકાત હોઈ શકે નહિ. એ દેહને કારણે નહિ. અમરચંદભાઈ! પણ એ એમ જ માને કે અમે સ્ત્રી છીએ, શું કરીએ? પરાધીન. ચિઠ્ઠીના ચાકર છીએ અમને તો હુકમ કરે એ કામ કરીએ. સમજાણું કાંઈ?

ભગવાન કહે છે કે ભાઈ! ભૂલ્યો છો તું. ભાઈ! તારી જાત તો ચૈતન્ય છે ને નાથ! તું તો જાણનાર-દેખનાર પ્રભુ છો. આ શું તું કરે છે? આ શું તને ભ્રમ ઉઠ્યો છે આ? અમે સ્ત્રી છીએ, અમે પુરુષ છીએ. સમજાય છે? ઓલો કહે, અમે બાળક છીએ, ઓલો કહે, અમે યુવાન છીએ, બીજા કહે, અમે તો વૃદ્ધ થઈ ગયા હવે. પણ કોણ વૃદ્ધ થાય? વૃદ્ધ એ તો દેહની સ્થિતિ છે, યુવાન દેહની સ્થિતિ છે, બાળક દેહની સ્થિતિ છે. અમે યુવાન છીએ. અમે આમ કામ કરી શકીએ યુવાનના. નથી કેટલાક કહેતા? કે આ પોણો સો વર્ષનો માણસ, ૮૦ વર્ષનો પણ જુવાન જેવું કામ કરે છે લ્યો. કહે છે કે નહિ એમ? જવાહરલાલને કહેતા કેટલાક, જુવાન જેવું કામ કરે છે. પણ કોણ યુવાન હતો? સાંભળને! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા. સમજાણું? કોઈને કાપડનો ધંધો હોય તો કહે, અમે કાપડીયા છીએ. તમાકૂનો ધંધો હોય તો અમે તમાકુને શું કહે છે? બીડીવાળા અને તમાકુવાળા કાંઈક કહે છે ને? બીડીવાળા અને તમાકુવાળા. તમાકુવાળા. પણ તમાકુવાળા તો તમાકુ હતી કે દિ' તારામાં? કહો, આ રમણીકભાઈને વળી પાટા. પાર્ટસ-પાર્ટસ-પાર્ટસ. અમે મોટર પાર્ટસના વેચનારા છીએ.

મુમુક્ષુ :- બનાવનાર અને વેચનાર બેય હોય.

ઉત્તર :- બનાવનાર પણ હોય કોઈ વળી પાછા. અમે બનાવનારા છીએ. ભાઈ! તું કોને બનાવે? ભગવાન! તું તો તારા જ્ઞાનસ્વરૂપની રચના કરીને જ્ઞાતા-દૃષ્ટા અને શાંતિની રચના કર એ તારું સ્વરૂપ છે. પરની રચના કરી અને થાય તેને હું કરું એ મિથ્યાશ્રદ્ધા છે.

એ પરાવલંબી દૃષ્ટિ તને સ્વદૃષ્ટિમાં આવવા દેતું નથી. સ્વ આલંબિત દૃષ્ટિ થવા દેતું નથી. એવી મહા વિઘ્નકર્તા એ દૃષ્ટિ છે તને, ભાઈ! સમજાણું કાંઈ?

'**મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે, ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે,...**' દેવ થાય જ્યારે પુણ્યથી. એને એમ થાય કે અમે દેવ છીએ. સિંહાસન ઉપર બેસી હુકમ કરનારા. લાખો દેવના અમે લાડા સ્વામી છીએ. ભગવાન! તું દેવનો સ્વામી દેવ ક્યાંથી આવ્યો? તું તો દેવાધિદેવ ચૈતન્યમૂર્તિ આનંદકંદ છો ને. એવા આત્માને ભૂલીને આવું માનવું એ મહા મિથ્યાત્વભાવ અને સંસારમાં રખડવાનું કારણ છે. સમજાણું કાંઈ? જુઓ! ઓલા બાકી રહ્યા હવે.

'**ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે...**' અમે પુણ્યશાળી છીએ. કહો, શેઠ! છ-છ લાખ રૂપિયાના સંગેમરમરના મકાન. શું કહેવાય એ? સંગેમરમર કહે છે ને? આરસપહાણ અમારે કહે છે. એમાં બંગલામાં રહેનારા. ત્રણ માળ. માથે આમ પંખા ફરે. અમે પુણ્યશાળી છીએ. પુણ્યશાળી છો ને? આત્મા નહિ ને? મૂઢ છો. આહાહા..! સમજાય છે કાંઈ? પુણ્ય અને પુણ્યના ફળ એ તો પરવસ્તુ છે. એને પુણ્યશાળી હું છું (એમ માને છે). આત્મજ્ઞાનશાળી છું, ચિદાનંદ સ્વરૂપ છું. મારું સ્વરૂપ તો આત્મા શુદ્ધ ચૈતન્ય છે એ હું છું. એમ ન માનતા પુણ્યશાળી છું. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાદૃષ્ટિ અધ્યવસાયમાં એકત્વબુદ્ધિ પરની કરે છે. કહો, બરાબર હશે? એય..! આ પુણ્યશાળી ગયા તમારા. અમે પુણ્યને લઈને રળ્યું. લ્યો ઠીક! એક ફેરી એમ કહેતા હતા ચંદુભાઈ કે તમે આમ ઉતર્યા અને હું આમ ઉતર્યો. એક ફેરી એમ કહેતા હતા. બેય ભાઈઓ થાય ને કાકા-ભાઈના? તમે આમ ઉતર્યા અને હું આમ ઉતર્યો રળવા. પણ ધૂળેય રળી શકતો નથી. કોણ રળે? રળવું સમજો છો ને? કમાવવું. એ તો ભાષા થોડી શીખી લેવી. રળવું અમારી ગુજરાતી ભાષા છે. રળવું એટલે કમાવવું. પૈસા અમે કમાયા. અમે પૈસાનું ધ્યાન રાખ્યું. મૂઢ છો? પૈસા તું કમાઈ શકે? આત્મા તો જ્ઞાનસ્વરૂપ આનંદ છે. અહીં '**सव्वे करेदि**'. બધાને જાણનાર છે. જાણનાર એવો આત્માને ન માનતા બીજાનું આવું કરનાર એમ માને છે એ મિથ્યા અભિપ્રાય છે. દુઃખી માન્યતા છે એમ કહે છે.

'**ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે;...**' અરે..! ભાઈ! અમે તો પાપી છીએ. એમ નથી કહેતા ઘણાં? પાપી નથી તું ભગવાન છો. પાપી કોણ તને કહે? સમજાણું કાંઈ? ભાઈ! અમે તો નિર્ધન માણસ. પચ્ચીસ રૂપિયા માંડ કમાઈએ. ઘરના ત્રણ માણસ. માંડ માંડ રોટલો અને છાશ પૂરા કરીએ. રોટલો અને છાશ સમજ્યા? છાશ સમજ્યા? મઠ્ઠા. રોટલો અને છાશ. બાપા! તમારે ઘરે ચોખા, દાળ, ભાત

અને તુરની દાળ અને કુલથાના ચોખા (હોય). તમારે કુલથા નથી કહેતા? બાસમતી ચોખા, ઘઉંની રોટલી. બાપા! તમે પુણ્યશાળી. અમે તો પાપી છીએ. અરે.. મુરખ! પાપી નથી સાંભળને. તું તો મહા ભગવાન છો અંદર, તને ખબર નથી. આહાહા..!

સમ્યગ્દષ્ટિ પોતાને ભગવાન માને છે દ્રવ્યદષ્ટિએ. સમજાય છે કાંઈ? પોતાના સ્વરૂપમાં પરમાત્મ સ્વરૂપ છું, ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ છું, હું તો ભગવાન જ છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એવી દષ્ટિમાં સમકિતી પોતાને પરમાત્મા વસ્તુએ માને છે. પર્યાયમાં પામરતા છે એ પણ જાણે છે. અજ્ઞાની તો એ પામર જ છું એકલું માને છે. અને અમે પાપી છીએ શું થાય? રળતા આવડતું નથી, કમાતા આવડતું નથી. સમજ્યાને? હાથ મોળા પડી ગયા, શરીર જીર્ણ થઈ ગયું. શરીર જીર્ણ તો જડ થયું. એમાં તું ક્યાં જીર્ણ થઈ ગયો? સમજાણું કાંઈ?

અમે વિદ્વાન છીએ. લ્યોને. એ પણ મૂરખ છે કહે છે. વિદ્વાન કેવો? જ્ઞાનના ઉઘાડ કાંઈક થયા એટલે અમે વિદ્વાન. એટલે મૂઢ દશા એ અધ્યવસાય એકત્વબુદ્ધિ છે. પરના ઉઘાડની એકત્વબુદ્ધિ એ પણ મિથ્યાત્વભાવ છે. અમે મૂરખ છીએ. મૂરખ છો કે ભગવાન છો? મલૂકચંદભાઈ! સલવાણા છે ક્યાંકના ક્યાંક હોં બધા, ધર્મને નામે અને ..ને નામે.

**'વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય)...'** છે ને એક જગતમાં. ભગવાને કેવળજ્ઞાનમાં ધર્માસ્તિકાયનો પદાર્થ જોયો છે. આ ચૌદ રાજુલોકમાં ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જણાણા છે. પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માના જ્ઞાનમાં છ દ્રવ્ય દેખ્યા છે સત્‌રૂપે. એમાં ધર્માસ્તિ નામનો એક પદાર્થ જોયો છે ભગવાને. એ ધર્માસ્તિકાયનું જ્ઞાન કરતાં એને વિકલ્પ ઉઠે અને માને કે હું તો ધર્માસ્તિ જ છું. અને ધર્માસ્તિનો વિકલ્પ ઉઠ્યો તે હું છું. એમ માનનાર ધર્માસ્તિને પોતા રૂપે કરીને મિથ્યાદષ્ટિ થાય છે. આ તો ધર્માસ્તિની ગતિ છે. પરમેશ્વર સિવાય, સર્વજ્ઞ સિવાય ધર્માસ્તિનું તત્ત્વ કોઈ ત્રણ કાળમાં જાણી શક્યું નથી.

એ જૈન પરમેશ્વર અનાદિથી હોય છે, ત્રિકાળ જ્ઞાની હોય છે. એમણે છ દ્રવ્ય જોયા એમાં ધર્માસ્તિ અને અધર્માસ્તિ બે તત્ત્વો જોયા છે-દ્રવ્ય જોયા છે. એ સર્વજ્ઞ સિવાય બીજે હોય નહિ. પણ સર્વજ્ઞના વાડામાં આવીને પણ... એમ કહે છે અહીં તો જુઓને! એ ધર્માસ્તિકાયના તત્ત્વને વિચાર કરતાં વિકલ્પ ત્યાં ગયો એકલો, તન્મય એકાકાર થઈ ગયો તો ધર્માસ્તિ છું એમ એ માને છે. પણ હું એનાથી-ધર્માસ્તિ તત્ત્વ અને એનો વિકલ્પ એનાથી ભિન્ન છું. એમ અજ્ઞાની અજ્ઞાનમાં માનતો નથી. જુઓ, ક્યાં સુધી લીધું. ધર્માસ્તિકાય એટલે ધર્મરૂપ. ધર્મ એટલે ધર્માસ્તિ તત્ત્વ દ્રવ્ય હોં. ધર્મ એટલે આ ધર્મની વાત નથી.

**'જાણવામાં આવતા...'** જુઓ! ભાષા એમ લીધી છે ને? **'જાણવામાં આવતો...'**

એમ. ધર્માસ્તિ. '**જાણવામાં આવતા અધર્મના અધ્યવસાનથી...**' એટલે અધર્માસ્તિકાય છે. જડ-ચૈતન્યની ગતિ થવામાં ધર્માસ્તિનું નિમિત્ત છે. જડ-ચૈતન્યની ગતિ સ્થિર થાય તેમાં અધર્માસ્તિનું નિમિત્ત છે. એ અધર્માસ્તિકાયનો વિચાર કરતા હું જ્ઞાયક છું એ ભૂલી જઈને આ અધર્માસ્તિકાય લક્ષમાં આવ્યું તેથી મને જ્ઞાન થયું એમ માનનારા અધ્યવસાયને અધર્માસ્તિકાયને પોતાનું માને છે. કહો, સમજાણું?

'**જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે,...**' શું કહે છે? આ નિગોદના અનંત જીવ છે. નિગોદ સમજ્યા? બટાટા, શક્કરકંદ, આલુ. અનંત જીવને આમ ખ્યાલમાં લેતા એ અનંત જીવનો જે વિકલ્પ ઉઠ્યો એની સાથે એકતાબુદ્ધિ કરે છે કે નિગોદ છું હું. હું પરજીવ છું એમ માને છે. અરે..! દેવ અને ગુરુ એ પર છે. પણ એને જાણતાં જે વિકલ્પ ઉઠે છે એ મને આનાથી લાભ થશે, આ દેવ અને ગુરુ છે એનાથી મારા આત્મામાં સમ્યગ્દર્શન થશે. એમ માનનારા દેવ-ગુરુને પોતાના એકત્વ વિકલ્પમાં કરે છે તે અધ્યવસાય મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અન્ય જીવના અધ્યવસાનથી...**' અનંત નિગોદના જીવ છે અનાદિઅનંત છે. એ જાણવાલાયક છે. પણ જાણવામાં પોતાનું જ્ઞાન કરીને જાણવામાં આવે તો તે જાણ્યા કહેવાય. પણ એકલા નિગોદના જીવ અનંત છે, મારે દયા પાળવા જેવી છે અને આને મારવા જેવા નથી એવો જે વિકલ્પ છે એમ કરીને અન્ય જીવરૂપે હું છું એમ અધ્યવસાયમાં માને છે. સમજાણું કાંઈ? જુઓ! છએ દ્રવ્ય લીધા છે. એક કાળ નથી લીધો. '**અન્ય જીવના અધ્યવસાનથી...**' બીજા જીવનું લક્ષ કરવા જાય છે તો રાગ થાય છે અને એ રાગને પોતાનો માને છે. એ રાગને પોતાનો માનનારા એ પરજીવને જ પોતાનો માને છે. કહો, સમજાણું? કહો, આ પત્ની છે એ તો પોતાની ખરી કે નહિ? આ અર્ધાંગના શરીર છે એનું ખરું કે નહિ? એ પુદ્‌ગલમાં આવી ગયું. અર્ધાંગના કહેતા નથી ઘણાં? અડધું અંગ. અડધું મારું અને અડધું એનું, એમ બે થઈને એક થાતા હશે? મૂરખ છે મોટો અહીં તો કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન! તું તો ચૈતન્યબિંબ છો ને. જગતના પદાર્થોને તને જાણતા તું તેને જાણ એવો તું છો. એકલો પરને જાણ એવો તું નથી. સમજાણું કાંઈ? તત્ત્વોની ખબર ન મળે અને માને કે અમે ધર્મ કરીએ છીએ. '**જાણવામાં આવતા પુદ્‌ગલના અધ્યવસાનથી પોતાને પુદ્‌ગલરૂપ કરે છે,...**' શરીર પુદ્‌ગલ આદિ દેખાય, લક્ષ્મી આદિ દેખતાં, બસ! આ બધું અમે કરીએ છીએ, આ બધું અમે કરીએ છીએ, મકાન અમે કરીએ છીએ, આ ફલાણું અમે કરીએ છીએ, વાણી અમે કરીએ છીએ, શરીરને અમે ચલાવી શકીએ છીએ, કર્મના રજકણને

અમે બાંધીએ છીએ. એવો જે અભિપ્રાય તે પરને કરી શકતો નથી, માન્યતાથી એમ કરે છે કે હું શરીરને હલાવી શકું છું. કહો, સમજાણું? પુદ્ગલના કામ હું કરી શકું છું. પુદ્ગલના કામ હું કરી શકું, હું આ રાંધી શકું, રોટલી વણી શકું, દાળ-ભાત કરી શકું, કહો! આ વેપાર પરનો કરી શકું, આ નોટું ગણીને આપી શકું. શેઠ! નોટ, નોટ હોય ને નોટ? લ્યો, આ સો-સોની નોટ. એક હજાર. આ હજાર-હજારની નોટ દસ, દસ હજાર. આ સોની નોટ એક લાખ. કહે છે, ભગવાન! એ તો પુદ્ગલ છે. એનું કામ તારાથી બિલકુલ થતું નથી. છતાં આનું કામ હું કરું છું. એનો અર્થ કે પુદ્ગલને પોતાનું માને છે. આહાહા..! સમજાણું કાંઈ? ચારે કોરનો ભરડો લીધો છે એને. પોતાને ભૂલી અને જગતના અનેક પદાર્થમાં ખુંચાઈ ગયો, ઘૂંચી ગયો. આ.. આ... આ.. અરે.. ભગવાન! પણ આ.. આ.. તો એને ઘરે રહ્યા. આ તારામાં ક્યાં આવી ગયા? આહાહા..! સમજાણું?

'**પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે,...**' કર્મનો વિચાર કરે ને કર્મનો? ભગવાને આમ પ્રકૃતિ કીધી છે ને એનું આમ બંધાય ને એનો આમ સંચય થાય, હું આવા પરિણામ કરું તો એમાં થાય, આવા પરિણામ કરું તો એમાં આમ થાય. એ બધું પુદ્ગલને પોતાનું માને છે. આત્મા કર્મ તો બાંધે કે નહિ? કર્મ ન બાંધે? ત્યારે રખડે છે શું કરવા? એ જડની પર્યાયને હું કરું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. એ તો પોતાના ભાવને કરે. પરને શું કરે? એ ભાવને મિથ્યાત્વને પણ ક્યાં સુધી કરે? સ્વભાવની દૃષ્ટિ કરતો નથી ત્યાં સુધી. ભેદજ્ઞાન કર્યા પછી રાગનો પણ કર્તા આત્મા નથી. પરનો કર્તા પુદ્ગલ તો આવ્યો ક્યાંથી કર્મબંધન? ભેદ-રાગથી ભેદ પડ્યો આત્મા ચિદાનંદ ભગવાન છે એવી સમ્યગ્દૃષ્ટિ થતાં, ધર્મી થતાં એ રાગ-દયાના પરિણામ થયા એનો પણ એ કર્તા નથી. આહાહા..! ઓલા તો કરે.. કરે.. એમ લખ્યું છે, જુઓ. નહિ, કરી શકે છે. પરનું કરી શકે નહિ એમ માને એ દિગંબર જૈન નથી. એમ બોલાણું છે ઇન્દોરમાં.

મુમુક્ષુ :- એ સાંભળ્યું નહિ.

ઉત્તર :- સાંભળે કોણ? ત્યાં પચાસ માણસ ભેગા થયેલા. પંડિત ઘણાં હતા. પરદ્રવ્યનું કરી શકે નહિ (એમ માને) તે દિગંબર જૈન નથી. એમ કરીને આક્ષેપ કરવો હતો અહીં. આ લોકો કહે છે કે પરદ્રવ્યનું (કરી શકે નહિ). પણ આ લોકો નહિ, ભગવાન કહે છે. સાંભળને તું. પરની પર્યાય તેની સ્વતંત્ર તે કાળે થાય એને તું શું કરી શકે? સમજાય છે કાંઈ? એનો ઉત્પાદ-વ્યય તે તે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યયના પ્રવાહથી જે પર્યાય થાય એને બીજો કહે કે હું આ પ્રવાહને કરું અને એ પ્રવાહને રોકી શકું એ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? દરેક દ્રવ્યમાં, દરેક વસ્તુમાં સમય સમયમાં પર્યાય એટલે ઉત્પાદ-વ્યય. નવી અવસ્થા

ઊપજે, પુરાની જાય. જડ અને ચૈતન્યમાં. એ પર્યાયને હું કરું છું, મારાથી આ થઈ એ પરને એકત્વ માનનારો મિથ્યાદષ્ટિ મૂઢ છે. એ મિથ્યાત્વથી ગાંડો થયેલો નિગોદમાં જવાને લાયક છે. એમ કહે છે. ગાંડો સમજ્યા? પાગલ. આ ગાંડો અમારી કાઠિયાવાડી ભાષા છે.

'**લોકાકાશના અધ્યવસાનથી...**' જુઓ! લોકાકાશ છે ને ચૌદ આ (રાજુ) લોક? જગતમાં લોકાકાશ છે. આકાશના બે ભાગ છે. એક અલોકાકાશ બહાર અને એક લોકાકાશ આટલામાં. બે થઈને એક દ્રવ્ય છે. લોકાકાશનો વિચાર કરતાં, બસ! જાણે હું આમાં જ રહેનારો છું. આમાં જ રહેનારો છું. મારા અસંખ્ય પ્રદેશમાં આનંદમાં રહેનારો છું એમ નહિ, આકાશમાં રહેનારો છું. એમ માનીને આકાશને પોતાની કલ્પનામાં પોતાપણે માને છે. જે ઘરમાં રહે, ઘર હોય ને પોતાનું ઘર? ત્યાંથી એને નીકળવું કેટલું કઠણ પડે છે? ના. ના. આ મારા ઘર. આ મારું ઘર. ઘર કે દિ' હતું તારું? ઘર તો અહીં છે તારું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યાજબી છે ઈ? દહેગામમાં ઘર નહિ? આહાહા..! પણ એ મેડીબંધ મકાન અને એ બારણા કરાવ્યા હોય ઊભા રહીને. ન્યાલભાઈ! છે ને? પોતાની સગવડતા જોતા હોય ને. અહીંથી પવન આવશે, અહીં આ આવશે. સામે માણસનું મકાન છે ત્રણ માળનું ત્યાંથી ઘોંઘાટ ન આવે માટે બારીઓ આ બાજુ રાખો, ફલાણું બધો વિચાર કર્યો હોય. માનેલી વાત છે કહે છે. ભાઈ! એ તો એના પરમાણુની પર્યાય તે કાળે ઉત્પાદ-વ્યયથી પરિણમી રહી છે એને મેં બનાવી અને એ પુદ્ગલને જ પોતાનું માને છે. આહાહા..!

એમ લોકાકાશ. લોકનો આકાશ છે અરૂપી એનો વિચાર કરતા એકમેક થઈ જાય આકાશના વિચારમાં. પણ એ તો જાણવામાં આવે છે. કેમ કે પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એને જાણતા જાણવામાં આવે. એને ઠેકાણે આ જ હું છું, એને લઈને મને જ્ઞાન થયું એમ માનનાર મિથ્યાદષ્ટિ છે. એમ અલોકાકાશ. અલોકાકાશ છે ને ખાલી ભાગ? ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી.. અંત નહિ. એનો વિચાર કરતાં ત્યાં વિચારમાં વિકલ્પમાં અટકી ગયો. વિકલ્પમાં અટકી ગયો એ અલોકાકાશને જ પોતાનું માને છે. અલોકાકાશના વિકલ્પથી પણ ભિન્ન છું, ચૈતન્ય ભગવાન છું એવી એ સ્વઆશ્રય દૃષ્ટિ કરતો નથી. પરાશ્રય દૃષ્ટિ પરાવલંબી દૃષ્ટિમાં રખડે છે.

'**(આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)**' અહીં તો બધું લીધું. પાછો સર્વનો શબ્દ છે ને મૂળ? કોઈ ચીજ બાકી નથી કે મારી એણે ન માની હોય. એમ કહે છે. શોભાલાલજી!

મુમુક્ષુ :- સંસારના...

ઉત્તર :- સર્વ દ્રવ્યને પોતાના માને છે. દીકરા, દીકરી, છોકરા, બચ્ચા, મકાન, પૈસા, દુકાન, પોતાનો કોટ, કપડા બધાં.. આ કપડું મારું. સમજાણું? કપડું કે દિ' તારું હતું? એ તો જડ છે. આ ટોપી મારી, આ દાગીનો મારો. દાગીનાને શું કહે છે? ઝેવર. સમજાણું?

રસ્તામાં એક ફેરી ટોપી નાની ઉંમરમાં હતા ને.. ટોપી.. બાળકને કાંઈ.. ટોપી .. તો ટોપી પડી ગઈ હેઠે. પાછળથી કોઈ .. બાઈ નીકળી હશે ચારણ તો એણે લઈ લીધી. જ્યાં અમે ઉતારો ત્યાં ગામમાં ગયા ત્યાં એ છોકરાને પહેરાવીને નીકળી. આ વાત તો.. સમજાય છે? ૫૭ની સાલની વાત છે. ૫૭. સંવત્ ૧૯૫૭. .. છે ને? આમ પડી ગઈ હતી. પછી ઓલું હતું તો.. ઘણી બે-ત્રણ ગાઉ છેટે. પણ એ બાઈ ત્યાં નીકળીને અને એમાં એ ટોપી (જોઈ). ... આ તો આપણી ટોપી, આ પડી ગઈ એ. ટોપી ક્યાંથી આવી પણ? મમતા છે ને? ઓલા છોકરા .. લઈ લીધી. લીધી હતી? તો બાઈએ કીધું, હા મને મળી છે બહારથી. અમારી નથી આ. મળી છે તો અમને બહારથી. કીધું, અમારી છે. કહો, એ સાચી વાત હશે કે નહિ ટોપી એની? કોની ટોપી, કોના ટોપા? આહાહા..!

'**ભાવાર્થ :- આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે...**' એ બધા અભિપ્રાયો અજ્ઞાન છે. '**તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું.**' એ ખરું સ્વરૂપ એનું નથી. '**તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.**'

'**હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે :**' કળશ છે ને ૧૭૨.

**विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा-**
**दात्मानमात्मा विदधाति विश्वम्।**
**मोहैककन्दोऽध्यवसाय एष**
**नास्तीह येषां यतयस्त एव।।१७२।।**

આહાહા..! '**શ્લોકાર્થ :- વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી)...**' ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ સિવાય જેટલો વિકલ્પ દયા, દાનનો, શરીર, વાણી, મન ને છ દ્રવ્યો બીજા, બધાથી '**ભિન્ન હોવા છતાં...**' એ તો બધાથી જુદો છે. પોતાનું હોવાપણું રાગથી, શરીરથી, કર્મથી, બીજા જીવાદિ છ દ્રવ્યથી તદ્દન જુદો આત્મા છે. એમ '**હોવા છતાં આત્મા જેના પ્રભાવથી...**' કોના પ્રભાવથી? ઓલા અધ્યવસાય હોં! મોહ. '**પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય-**' દેખો! એકતાબુદ્ધિ. જ્યાં ત્યાં એકતાબુદ્ધિ. હું કર્યું, મેં કર્યું, મારાથી થયું. મેં આ પાંચ-પાંચ હજાર માણસની અંદર ભાષણ આપ્યા. સમજાય છે? આમ પૈસા

ખરચાવી દઈએ. અમારી પાસે પૈસા ન હોય. પણ કરોડોપતિ પાસેથી અમે પૈસા કઢાવી શકીએ, દાનમાં આપી શકીએ. દાનમાં કઢાવીએ. શેઠ! શેઠ આવા પૈસાવાળા હોય એને જરી ચડાવીએ તો પૈસા કઢાવીએ. ધૂળેય ન કઢાવ. સાંભળને હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉપદેશ જડ છે. કોણ કરે છે? દેખાય છે તો એને કારણે દેખાય છે. એમ કહે છે કે ઉપદેશ દેતા તો દેખાય છે. આ જયપુરમાં સોળ લાખ ખરચ્યા. સોળ લાખ ખર્ચ્યા. ત્યાં ભાઈ શું કહેવાય? ગોદિકા. એણે લખ્યું છે મારું નામ અંદર થોડું કે મહારાજનું ઓલું.. આપણને તો ખબર પણ નથી. જરી ભાઈ અમને સૂચના મળી હતી કે કોઈક.. ટોડરમલનો સ્મૃતિ હોલ થાય. આપણને તો ખબર પણ નથી. થયા પછી તો ખબર પડી. ગોદિકા છે. એય..! ખબર છે કે નહિ? આપણને તો ખબર પણ નથી. એ તો કહેવા આવ્યા ત્યારે ખબર પડી. પણ એને બહાર પાડવાનું. અમે તો મહારાજ.. ટોડરમલજીનું સ્મૃતિનું કાંઈક થવું જોઈએ એવી સૂચના મળી હતી અમને કરવાનો ભાવ થયો, એમ કરીને.. આ તો એક વાત છે. એ તો ત્યાં થવાનું હતું તો થયું છે. કોઈની સૂચનાથી થાતું નથી. આહાહા..! કહો, શેઠી! ઉપદેશમાં તો દેખાય છે. શેઠી કહે છે, લ્યો. સોળ લાખ અગિયાર દિ'માં ખર્ચ્યા. એય.. શેઠ! ગોદિકાજીએ. એને કીધું, હરામ છે. તમે કાંઈ કરતા નથી હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્તથી કહ્યું કે એ ક્રિયામાં કોણ નિમિત્ત હતા? કે ભાઈ ગોદિકા પૂરણચંદ. થયું છે એનાથી? બિલકુલ નહિ. મેં સોળ લાખ ખર્ચ્યા અને મેં આ કર્યું. મૂઢ છે કહે છે અહીં તો. મિથ્યા અભિપ્રાય સેવનાર છે. એય.. શેઠ! આવી વાત છે અહીં તો. એને કહ્યું હતું હોં! બે વાર કહ્યું, જુઓ! તમે કાંઈ કર્યું નથી હોં! આ સોળ લાખ ખર્ચ્યા. એ ત્યાં બનવાનું હતું એ બન્યું છે. પૈસા જવાના હતા એ ગયા છે. તમે તો એમાં રાગ શુભ કર્યો એટલી વાત છે. એ શુભરાગ કર્યો માટે આ થયું છે એમ છે નહિ. આહાહા..! શુભરાગ થયો ને? શુભરાગ. માટે પાંચ લાખનો હોલ બને છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી. એ તો તેની પરમાણુની પર્યાયથી તે કાર્ય બને અને બીજો કહે કે મારાથી બને છે, એ બે દ્રવ્યને એક માને છે. પોતાને જુદો માનતો નથી. પાટણીજી હતા, આ બેય હતા ભેગા. ગોદિકામાં પણ. ગોદિકામાં એક શેઠી હતા અને આના ભાઈ હતા. મહેન્દ્રભાઈ હતા. શેઠી તો વૃદ્ધ થઈ ગયા. અને નેમીચંદભાઈ ત્રણ જણા હતા ગામમાં લ્યો. અહીં તો કહે છે, ત્રણેયે કાંઈ કર્યું નથી.

મુમુક્ષુ :- ત્રણે ભેગા થઈને દીપાવ્યું કેટલું બધું!

ઉત્તર :- દીપાવે શું? શેઠ આવ્યા હતા કે નહિ ત્યાં? નહોતા આવ્યા. નહિ? શોભાલાલજી આવ્યા હતા. હા, ઈ આવ્યા હતા. ખબર છે.

એ તો એ સમયે એ બનવાનું હોય છે ને તે બને છે. બીજો પ્રાણી એમ માને કે મેં આ પ્રમાણે બનાવ્યું અને બની શક્યું છે, એ પરમાં એકત્વબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ માને છે. એવી વાત છે આ. સમજાય છે કાંઈ? વરઘોડો જુઓ તો અઢાર હાથી. અઢાર હાથી. રથયાત્રા ભગવાનની નીકળી તો અઢાર હાથી. અઢાર ઘોડા અને અગિયાર ઊંટ. ત્રીસ હજાર, પચ્ચીસ-ત્રીસ હજાર માણસ. એ વખતે એ પરમાણુની અને જીવની પર્યાય તે કાળે થઈ છે એ બીજાથી થઈ નથી. એય.. ન્યાલભાઈ! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- વ્યવહાર..

ઉત્તર :- વ્યવહારનો અર્થ શું પણ? એ તો બોલવાની રીત છે. એ બોલે તેમ માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે કામ બાપા!

ભાઈ! ધર્મ તે ચીજ કોઈ મામુલી નથી. સમજાય છે કાંઈ? એટલા સોળ લાખ ખર્ચ્યા ને મંદિર કર્યું માટે ધર્મ થયો એ હરામ છે કહે છે. એને લઈને ધર્મ છે નહિ. એમાં શુભભાવ થયો હોય એ પુણ્ય છે. એમાં પણ પુણ્ય પરિણામવાળો હું છું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં આચાર્ય મહારાજ કહે છે. જુઓ!

**'આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય-'** એકત્વબુદ્ધિથી જ પરને પોતાનું માને છે. બસ, એટલું. પર પોતાનું થાતું નથી. છે ને? **'આત્મા જેના પ્રભાવથી...'** જેનું એટલે અધ્યવસાય. **'જેનું મોહ જ એક મૂળ છે...'** મિથ્યાત્વ જેનું મૂળ છે. મોહ મિથ્યાભ્રાંતિ. મેં આ કર્યું... મેં આ કર્યું... મારાથી આ થયું, મેં બીજાને દોર્યા, રૂપિયા રાખતા આવડ્યા. એય..! પ્રાણજીવનભાઈ! રૂપિયા રાખતા આવડે કે નહિ? ન ખર્ચે અને રૂપિયા રાખતા આવડે કે નહિ? ઓણ ખર્ચી નાખે તો ઘટી જાય. પ્રત્યક્ષ દેખાય છે, લ્યો. ઘરની મૂડીમાંથી જાય. પચ્ચીસ લાખ હોય એમાંથી બે લાખ ખર્ચ્યા અને ત્રેવીસ લાખ થઈ જાય. કોણ ખરચે? કહે છે. સાંભળને. એ તો પૈસાની એ ક્રિયા ત્યાં થવાની હોય- જવાની હોય એ જાય અને રહેવાની હોય એ રહે. શું પરની પર્યાયને આત્મા કરી શકે છે? એ કરી શકું છું એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! ભારે કામ આકરું.

આ પાંચ પચાસ લાખ મેં ખર્ચ્યા માટે આ બધી ધર્મની પ્રભાવના થઈ અને આ બધા મકાનો થયા એવી માન્યતા છે તે મિથ્યા અધ્યવસાય છે એમ કહે છે. પાટણીજી! ભાઈ! તું તો જ્ઞાન છો ને ભાઈ! તારી દશામાંથી નીકળીને કટકો પણ કાંઈ પરને આપ્યો છે તેં?

તેં તારો એક અંશ બીજાને આપ્યો છે કે તું એનું કામ કરી શકે? અને તે લેનારા તારી પાસે કાંઈ લીધું છે? તે ઉત્પાદ-વ્યયથી પરિણમી રહ્યા છે. એ જગતના પદાર્થ પોતાથી ઉત્પાદ-વ્યયથી પરિણમ્યા. એણે તારી પાસેથી લીધું છે તે પરિણમ્યા છે? ભગવાનજીભાઈ! ભારે વાતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો આ બંધ અધિકારમાં વાત કરે છે.

ભાઈ! તને ખબર નથી. તારા સિવાય બીજું આખું ચક્કર ચાલે છે એ જગતના એના પદાર્થથી ચાલે છે. અને જ્યાં ત્યાં ધણી થવા જા છો એ મિથ્યા અધ્યવસાય છે. છોડ સ્વાવલંબી થવું હોય તો. પરાલંબી તારી દૃષ્ટિ છે એ મૂર્ખાઈ ભરેલી છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

'**જેમને નથી તે જ મુનિઓ છે.**' આહાહા..! હવે કહે છે. જેને પરમાં મેં કર્યું એવી એકત્વબુદ્ધિ નથી તે મુનિઓ એટલે સમ્યગ્દૃષ્ટિ. હું તો જ્ઞાનસ્વરૂપ છું. મેં તો પરનું, શરીરનું, વાણીનું, બહારના મકાનનું, મંદિરનું કાંઈ કર્યું નથી. હું એનો કર્તા નથી. થનારને કર્તા શું? અને કર્તા હોય એ પરને કરે શું? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! મોટા પંડિતોને ખટકે છે આ વાત. આચાર્યે તો સ્પષ્ટ મૂકી દીધી ચોખ્ખી.

એક આ જીભનું ફરવું આમ થાય એ તારું કાર્ય નથી. હું અંદર છું માટે આ જીભનું સંચાલન થાય છે આમ, કહે છે કે જડને પોતાનું માનીને એકત્વ અધ્યવસાય તેં કર્યો છે. સમજાણું કાંઈ? ભાઈ! આત્માની દૃષ્ટિ થવી એમાં અનંતો પુરુષાર્થ છે. આખા આત્મા સિવાય અનંત પદાર્થ રાગથી માંડીને બધુંય એ મારામાં નથી. મેં કર્યા નથી, મારાથી થયા નથી, હું તો મારા ચૈતન્ય સ્વરૂપમાં છું. એ મારી સ્થિતિ છે. એવી દૃષ્ટિ હોય તેને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે.

'**જેમને નથી તે જ મુનિઓ છે.**' એટલે સમકિતી છે. મુનિઓ શબ્દ વાપર્યો છે ને ત્યાં? '**यतय**' શબ્દ છે ખરો ને? '**यतय**' .. એમ છે ને? એ એણે આત્માની જતના કરી છે. યતિ એટલે જયણા-જયણા-જતના કરનાર. જતના સમજો છો? સંભાળ. યતિ કહે છે ને? આ યતિ નથી કહેતા? આ જતિ છે. એ મૂળ શ્લોકમાં છે. ૧૭૨. '**नास्तीह येषां यतयस्त एव**' યતિ નામ સંભાળ કરનાર જતિ. કોણ? કે જે ભગવાન આત્મા હું ચૈતન્ય મૂર્તિ છું એવી અંતર દૃષ્ટિ કરી છે અને આ એકત્વબુદ્ધિ પરની સાથે રાગથી માંડીને પર સાથે નથી તેને આત્માની સંભાળ કરનારો યતિ, યતના કરનારો, જયણા કરનારો, સમકિતી કહેવામાં આવે છે. નવરંગભાઈ! ઓલી જયણા ગઈ. ઓલામાં પાણી ગળવાની જયણા ક્યાં

ગઈ? '**यतय**' છે ને એમાં? '**यतय**' છે ને? ૧૭૨. '**नास्तीह येषां यतय**' એમ શ્લોક ૧૭૨નું ચોથું પદ છે. આહાહા..! એક સરવાળો મૂક્યો.

જેટલા બોલો કહ્યા તેમાં જેની એકત્વબુદ્ધિ નથી. એકલો ભગવાન આત્મા હું તો ચિદાનંદ જ્ઞાન, દર્શન આનંદ છું. એ પરની એકત્વબુદ્ધિથી જે કાર્ય માન્યું છે એ હું છું નહિ. હું તો ચૈતન્યમૂર્તિ આત્મા છું. એવી જેની દૃષ્ટિ છે તેને સમ્યગ્દૃષ્ટિ, તે આત્માની સંભાળ કરનારો, તે જયણા કરનારો, પોતાના ચૈતન્યપ્રાણની રક્ષા કરનારો કહેવામાં આવે છે. અમરચંદભાઈ! ભારે! આમ પરનું કરું એ ચૈતન્યના પ્રાણનો ઘાત કરનાર છે. પોતાના હોં! પરનું કાંઈ કરી શકતો નથી. સમજાણું કાંઈ?

'**यतय**' તે સંતો છે, તે ધર્માત્મા છે એમ કહે છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા... એ આઠ વર્ષની બાલિકા શરીરની દશામાં હોય. પણ આ આત્માનું ભાન (થયું છે) અને પરનું કર્તાપણું ટળી ગયું છે અને અકર્તાબુદ્ધિ પ્રગટી છે તો કહે છે, એ પણ એક મહાત્મા છે. મહાત્મા છે. સમજાણું કાંઈ? અને બાળક થઈ ગયેલો મહાત્મા દિગંબર સાધુ. અંદરમાં એકપણ પરની ક્રિયા મેં કરી છે, પરને ઉપદેશ મેં આપ્યો છે, શરીરથી તપસ્યા હું કરું છું, દયા-દાનના પરિણામ એ મને ધર્મ છે એવો માનનારો... કહો, સમજાય છે? મૂઢ અને ચાર ગતિમાં રખડનાર છે. દૃષ્ટિ ફેરે સૃષ્ટિ છે. વસ્તુ સાંભળી નથી. કેટલાક બિચારા કહે, આ શું છે આ? બસ! થઈ રહ્યું? આખો દિ' કરીએ ને કરતો નથી? કરે છે કે દિ'? માને છો.

મુમુક્ષુ :- કથની...

ઉત્તર :- કથની કોણ? કથની કથનીમાં ગઈ. જડની જડ ક્રિયા કરે એમાં આત્માની પ્રેરણા પણ છે નહિ. હવે ઓલા કહે કે ના. ઈચ્છાની પ્રેરણા વિના ભાષા ન નીકળે. કહો, પ્રેરણા વિના એક અહીં ઢેફું પડ્યું હોય કે આ લાકડું લ્યો. આમ પ્રેરણા વિના આઘું ન ખસે.

મુમુક્ષુ :- ... આઘુ ખસ્યું.

ઉત્તર :- ધૂળેય નથી ખસ્યું. એ તો એને કારણે ખસ્યું. પ્રેરણા કોની? આંગળીની? ઈચ્છાની? બિલકુલ નહિ. એની પર્યાયને કાળે તે ખસીને એનામાં ક્રિયાવતી નામનો ગુણ છે (તેથી ખસ્યું છે). એ હવે નાખ્યું છે ઓલાએ-અમરજ્યોતિ. એક સ્થાનકવાસી સાધુ છે ને. અમરચંદ. નાખ્યું છે અહીંનું બધું. ક્રમબદ્ધ થાય છે. ક્રમબદ્ધ. જે સમયે જે પર્યાય ત્યાં થવાની તે જ થાય છે. કેમ કે આ પુદ્ગલનું? કે પુદ્ગલમાં ક્રિયાવતી શક્તિ છે. આપણે અહીં નાખ્યું છે ને? નવરંગભાઈ! એક છે સ્થાનકવાસી સાધુ. છે ને તમારે ત્યાં? શું કહેવાય?

સોભાગભાઈ. રામજીભાઈના સાળા. ..ના સાળા. એ ત્યાં જાય છે. એને ગુરુ માને છે. બાકી બધું સરખું માને પછી હોં. ભગવાન પાસે કપડું હતું. એ કપડાનો અડધો ભાગ એક આવ્યો.. આવે છે ને કલ્પસૂત્રમાં. બ્રાહ્મણને આપ્યો અડધો ભાગ. વળી કહે કે એ તો જૈનદર્શનની કરુણાનું હૃદય છે એમાં. વળી એક કોર એમ કહે. એક કોર ક્રમબદ્ધ કહે. ક્યાંય મેળ ન મળે. સમજ્યા? કો'કનું ઉધાર લઈ લઈને .. કરે.

અહીં કહે છે કે ભાઈ! એક સ્વરૂપે ભગવાન ચિદાનંદ છું. હું તો રાગનો કણ દયા, દાનનો પણ કરનારો હું નથી. તો પરની દયા કરું અને પરને ઉપકાર, પરોપકાર હું કરું છું એ ત્રણ કાળમાં જ્ઞાની માનતો નથી. આહાહા..! જગતથી ભારે આકરું કામ. જગતથી ખસી જાવું. ખસી જાવું. કહે છે કે જગતથી ખસ્યો તે જ્ઞાની છે. આત્માથી ખસ્યો અને પરનું માને છે તે મૂઢ છે. આહાહા..! સમજાણું?

'**વિશ્વથી ભિન્ન હોવા છતાં...**' એક કોર વિશ્વ આખું આત્મા સિવાય બધી ચીજ. '**આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે...**' કરે છે નો અર્થ માને છે લેવું હોં. વિશ્વ કાંઈ કરી નથી નાખતો. વિશ્વરૂપ કરે છે એની વ્યાખ્યા? માને છે કે હું આ છું... આ છું.. આ છું... આ છું... આ છે તો આ થાય.. આ થાય... '**એવો આ અધ્યવસાય કે જેનું મોહ જ એક મૂળ છે...**' ભ્રમણા મૂળ છે. '**તે જેમને નથી...**' જેણે આત્મા પરનો, રાગનો પણ કર્તા નથી, હું તો જ્ઞાનાનંદ ચૈતન્ય શુદ્ધ છું એવી જેની દૃષ્ટિ છે તેને જ્ઞાની મહાત્મા, ધર્માત્મા કહેવામાં આવે છે.

'**આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી–એમ હવે ગાથામાં કહે છે :–**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૮, સોમવાર તા. ૧૧-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૦, પ્રવચન-333**

**एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।**
**ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।**
**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ટીકા :-** આ શું કહે છે? **'આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે...'** અધ્યવસાન એટલે પરમાં એકત્વબુદ્ધિ. ભેદજ્ઞાનનો અભાવ. આત્મા પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સંગથી ઉત્પન્ન થયેલા વિકારના ભાવથી ભિન્ન છે. એવું જ્યાં ભેદજ્ઞાન નથી એને પર સાથેની એકત્વબુદ્ધિ વર્તે છે. એથી એ બંધપણાના પરિણામને ઉત્પન્ન કરે છે. **'આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી...'** શું કહે છે? એ વિશેષ કહેશે, હોં! **'શુભાશુભ કર્મબંધનનાં નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે :-'**

**'હું (પર જીવોને) હણું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન છે...'** હું, એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. એને ઠેકાણે પરને હણું છું એવો જે અધ્યવસાય એ મિથ્યાત્વભાવ છે. **'હું (પર જીવોને) હણું છું ઈત્યાદિ...'** ઈત્યાદિમાં બધું આવી ગયું ને અંદર? બીજાને જીવાડી શકું છું, મારી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું, લાભ-અલાભ કરી શકું છું, શસ્ત્ર લઈ શકું છું. ઈત્યાદિ જે એકત્વબુદ્ધિ. પરદ્રવ્યની પર્યાયમાં આ આત્માની એકત્વબુદ્ધિ તેને અધ્યવસાન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

ત્યારે કોઈ પ્રશ્ન કરે. એ ઘણાં વર્ષ પહેલા એ પ્રશ્ન આવ્યો હતો. અહીંયાં આવ્યો હશે. ઘણાં વર્ષ પહેલા એક હતા ને ભાઈ ઓલા કાલાવડવાળા. બેચરભાઈ. ત્યારે કો'ક દુઃખી થતું હોય, મરતું હોય તો અમારે બેસી રહેવું? પ્રશ્ન તો થાય ને. ન સમજાય ત્યાં સુધી. ઘણાં વર્ષ પહેલા. હજી તો શરૂઆત જ એને હતી. પછી તો એને સમજાણું. કાલાવડવાળા હતા. લ્યો, આ તો કહે પરને આપણે જીવાડી શકીએ નહિ. ત્યારે ઓલો મરતો હોય ત્યારે આપણે ઊભા થઈને એને બચાવવો કે નહિ? એવી વાત છે, ભાઈ! ધીરો થઈને, ધીરો થઈને સમજ. ભાઈ! આ તો તત્ત્વ છે. એવો વિકલ્પ આવે. આ જીવને આ દુઃખ ન થાય એમ વિકલ્પ આવે. પણ દેહની ક્રિયાનું થવું એ વિકલ્પને કારણે થાય એમ છે નહિ. આ

વાત શું થાય? જગતને તત્ત્વની બેની એકતાબુદ્ધિ જ્યાં છે. કહો, શેઠી! શું કરવું હવે? ભૂખે મરતો હોય એને અમારે આહાર દેવો કે નહિ? લ્યો, એ રામજીભાઈને પૂછતા હતા એક. થોંડા રહેતા. અમારે ઘરે મહેમાન આવે એને ચા પાવી કે નહિ? એ કહો. એય.. શોભાલાલજી! એ લક્ષ્મીચંદભાઈ હતા.

ભાઈ! એ.. બહુ કરે. .. ઘણા વર્ષનો. સમજાય છે? ૭૯ની સાલથી અમારે પરિચય. ૭૯. ભગવતી કાખમાં લઈને આવે. આવ્યા હતા એક ફેરી. અમરેલી હતા ને અમરેલી? ભગવતી સૂત્ર વાંચે. ભગવતી છે ને? પ્રશ્ન ઘણાં કરે એ વખતે. ભગવતી સૂત્ર છે શ્વેતાંબરમાં મોટામાં મોટું. ૧૬ હજાર શ્લોકનું પુસ્તક અને સવા લાખ શ્લોકની ટીકા. ૭૯ હોં. કેટલા વર્ષ થયા? આ ગુજરી ગયા ને બે વર્ષ થયા. પણ એ પૂછતા હતા. પછી એકવાર બહુ ચર્ચા થઈ. ભાઈ! જુઓ!

આ અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ ભિન્ન ભિન્ન છે જગતની ચીજ. તો એક દ્રવ્ય બીજાનું કરવું એ શી રીતે બને? કેમ કે દરેક પદાર્થમાં વર્તમાન એનો ઉત્પાદ વ્યયના પરિણામ થયા વિના એ દ્રવ્ય રહેતું નથી. ઉત્પાદ એટલે નવી પર્યાય થયા વિના એ દ્રવ્ય હોય નહિ. કારણ કે એ ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે. તો દરેક પદાર્થ આ પરમાણુ શરીરના કે બીજાના, એની વર્તમાન અવસ્થાનો ઉત્પાદ એનામાં ન થાય તો એ દ્રવ્ય રહે નહિ.

મુમુક્ષુ :- દ્રવ્યનું લક્ષણ..

ઉત્તર :- દ્રવ્યનું લક્ષણ એ છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. હજી એટલા સૂત્રની ખબર ન મળે.

પ્રત્યેક આત્મા અને પરમાણુ, અનંત રજકણો અને અનંત આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નવી પર્યાયનો ઉત્પાદ કર્યા વિના રહે તો એ તત્ત્વ જ રહી શકે નહિ. હવે જે નવી પર્યાયનો ઉત્પાદ એમાં થાય એને બીજો કરે શું? કારણ કે બીજો પણ પોતાની નવી પર્યાયના ઉત્પાદને કરે છે. શેઠ! સમજાય છે? આહાહા..! એટલે વિકલ્પ આવે એ વાત જુદી છે ઉત્પાદમાં. પણ એ શરીરનું હલાવવું કરી શકે (એમ નથી). ભાઈ! શરીરની ઉત્પાદની પર્યાય એનાથી થાય. પણ મેળ એવો થાય કે ઓલો ભાવ આવ્યો અને શરીર ચાલે. એટલે આ શરીર મારે લઈને ચાલ્યું. એ શરીર સાથે એકત્વબુદ્ધિ છે. મિથ્યાત્વભાવ છે. સત્યને અસત્ય માને છે. વીતરાગનું દર્શન, વસ્તુ દર્શન છે ઈ. પરમાત્મા સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વ એ સત્ તત્ત્વ છે. જ્યાં હજી પહેલી વાતને સમજે નહિ.

ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. પ્રત્યેક વસ્તુ પોતાની ધ્રુવતા રાખીને સમયે સમયે સેકન્ડના અસંખ્ય ભાગમાં બદલી રહી છે, થઈ રહી છે, નવી અવસ્થાનું કાર્ય થઈ રહ્યું છે. કાર્ય

ન હોય તો એ દ્રવ્ય રહી શકે નહિ. કેમ કે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. કાર્ય વિનાનું દ્રવ્ય હોય નહિ. તો હવે કાર્ય વિનાનું દ્રવ્ય ન હોય તો બીજો કાર્ય કરે શી રીતે એનું? શેઠી! પણ આ અમારે મહેમાન આવે તો ચા પાવી કે નહિ? લ્યો, પ્રશ્ન હતો એમનો. જુઓ! આ પ્રશ્ન કરે છે ને. બેચરભાઈએ પણ પ્રશ્ન કર્યો હતો તે દિ'. લ્યો, ત્યારે બેસી રહેવું અમારે? પહેલા શરૂઆતમાં. પછી તો એને ખ્યાલ આવી ગયો. આ વાત જ વીતરાગના માર્ગની લોકોને ખ્યાલમાં આવી જ નથી. સાંભળી નથી. કરી દઉં, પરનો ઉપકાર કરી દઉં. ધૂળેય કરતો નથી. સાંભળને હવે. સમજાણું કાંઈ? રાગ આવે એને પોતાને કારણે. તે એને કારણે નહિ. છતાં રાગ આવતા એ શરીરની ક્રિયા .. બચાવવા માટે જાય કે ન જાય એ (જડ) જડની ક્રિયાને કરે છે. અમરચંદભાઈ! શું થાય? આમ જીવ અને અજીવ જુદા કહે અને વળી કહે કે અજીવની પર્યાયને હું કરું. જીવને જુદા માને, અનંત જીવ છે. વળી એ જ જીવ કહે કે હું આના જીવની દશાને કરું. એ એકત્વબુદ્ધિ છે. એ અહીં કહે છે જુઓ!

'**હું (પર જીવોને) હણું છું...**' એની અવસ્થાને હું વ્યય કરું છું. સામાના જીવની, શરીરનો સંયોગ છે ને? એનો વિયોગ હું કરું છું. એની પર્યાયનો વ્યય હું (કરું છું). પણ વ્યય તો એને કારણે એમાં થાય છે. એને હું કરું છું એ જ અધ્યવસાન મિથ્યાત્વભાવ છે. અને હું જીવાડું છું. એ તો એના આયુષ્ય અને એના આત્માની જે સ્થિતિ યોગ્યતા છે એ પ્રમાણે ત્યાં રહેશે. એને ઠેકાણે હું જીવાડું છું, હું સુખી કરું '**ઈત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને,...**' કેવા? એકત્વબુદ્ધિવાળા અજ્ઞાનીને '**જ્ઞાનમયપણાના લીધે...**' હવે કહે છે જુઓ! ભગવાન આત્મા તો કેવો છે? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. જ્ઞાનમય સ્વરૂપ છે.

એને લીધે '**સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો...**' શું કહે છે? કેવો છે આત્મા? કે જ્ઞાનમયપણાને લીધે સતરૂપ. '**સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)**' ખરેખર તો આત્મા જ્ઞાન છે, તો જ્ઞાનની પર્યાયમાં અવસ્થા જે થાય તે કોઈના નિમિત્ત વિના, હેતુ વિના જ્ઞાનની જ્ઞપ્તિ ક્રિયા થાય. એ જાણવાની ક્રિયા આત્મામાં થાય. અહેતુક. સત્‌ને હેતુ શો? છે એને હેતુ શો? છે એને કારણ શું?

જ્ઞાનમય ભગવાન આત્મા, એની પર્યાય, એની અવસ્થા સતરૂપ, અહેતુક. કોઈ હેતુ નહિ. સ્વયંસિદ્ધ જુઓ! '**જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.**' જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. જુઓ એ સિદ્ધાંત. ભાઈ! તારી ક્રિયા આત્માની તો એ છે કે જ્ઞાનગુણ જે ત્રિકાળ છે એની જ્ઞાનની પર્યાયનું પરિણમવું, ઉત્પાદરૂપે થવું, જ્ઞપ્તિ જાણવાની

ક્રિયારૂપે પરિણમે એ સત્ અહેતુક જ્ઞપ્તિ જેની એક આત્માની ક્રિયા છે. એ ક્રિયા એની છે. સમજાય છે?

**'એવો આત્મા...'** ભાષા જુઓ! એવો આત્મા. વસ્તુ જ્ઞાનમય, ગુણ જ્ઞાન અને એની પર્યાય જ્ઞાન અવસ્થા. સમયે સમયે જ્ઞાનગુણ જે છે એ પર્યાયપણે થાય. જ્ઞાનગુણ છે એ ગુણમય ત્રણ છે. જ્ઞાનની અવસ્થાનું ઊપજવું, પૂર્વની અવસ્થાનું ટળવું અને ધ્રુવપણે રહેવું. એવો **'જ્ઞાનમયપણાને લીધે...'** જ્ઞાનમયપણું આત્માને લીધું છે. **'સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...'** એ તો જાણવાની ક્રિયાવાળો આત્મા છે. એને આત્મા કહીએ. આહાહા..! **'એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...'** આને હણું છું એવો જે વિકલ્પ, અધ્યવસાય અને આ જ્ઞાનમય જાણવાની ક્રિયા બે જુદી છે એમ અજ્ઞાની જાણતો નથી.

મુમુક્ષુ :- ફરીથી.

ઉત્તર :- ફરીથી.

છે એમાં જુઓ. પહેલા શું કીધું? આને હણું છું, સુખી-દુઃખી કરું છું પર વસ્તુ. એની પર્યાયને હું કરું છું એવો જે બે પદાર્થની એકતાબુદ્ધિનો અધ્યવસાય એ જીવને છે તે જીવ કેવો છે? કે જ્ઞાનમયપણાને લીધે. વસ્તુ તો જ્ઞાનમય આત્મા છે. ચૈતન્યના પ્રકાશનું પૂર નૂર છે. ચૈતન્ય એની.. સત્ અસ્તિરૂપે અહેતુક-કોઈના નિમિત્ત વિના એટલે સામો જે સુખી-દુઃખી કે જીવન-મરણ છે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે એમ નહિ. જ્ઞાનની પર્યાય, હોં!

એ **'અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે...'** જાણવું એની પર્યાય છે. જાણવું એની એક પર્યાય. સામે સગવડતા મળે કે અગવડતા સામાને મળે, મરે કે જીવે એને જાણવાની અને પોતાને જાણવાની જ્ઞપ્તિ ક્રિયા પોતાની છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! વીતરાગનું કહેલું તત્ત્વ લોકોને બિચારાને ખબર ન મળે. વાડામાં પડ્યા. શેઠ! ભગવાને છ દ્રવ્ય કહ્યા છે કે નહિ? છ વસ્તુ. નવ તત્ત્વ. તો જીવ અને અજીવ જુદી જુદી ચીજ છે. અને જીવો પણ અનંત જુદે જુદા છે. તો કહે છે કે તારું સ્વરૂપ શું? કે તારું સ્વરૂપ તો જે ક્ષણે જગતમાં કાંઈ જીવન-મરણ આદિ એની પર અવસ્થામાં થાય તે ક્ષણે તારી જાણવાની ક્રિયારૂપે પરિણમ. તે પણ સામી ચીજ છે માટે નહિ. જ્ઞપ્તિ ક્રિયા-જાણવાની ક્રિયારૂપે થવું એવો આત્મા. સમજાણું કાંઈ?

એને **'અને રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો...'** આને હણું એવો જે રાગ એ આદિ, બચાવું એવો રાગ એવી રાગની **'ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે...'** એ રાગને અને જ્ઞપ્તિ ક્રિયાના ભેદને નહિ જાણતો હોવાને લીધે. ખરેખર તો એને

હણું છું એવો જે રાગ. રાગનું અહીં જ્ઞાન જ્ઞપ્તિપણે પરિણમે એવો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી આત્મા કેવો છે એની ખબર ન મળે એને. અને અમે આત્મા માનીએ છીએ. શું માને? ધૂળ?

કહે છે કે આત્મા એવો છે કે જે રાગ થયો ને આને બચાવું, આને જીવાડું આદિ શુભ-અશુભરાગ, એને જાણવાની ક્રિયા થાય પોતામાં પોતાને કારણે એને કારણે નહિ. એવી જાણનક્રિયારૂપ જે પર્યાય તે અહેતુક, સત્ અને અસ્તિપણે છે. સમજાણું કાંઈ? એ ક્રિયા અને રાગ-આને મારું, આને જીવાડું, આને છોડું, આને કરી શકું એવો જે રાગ એ બેની ભિન્નતા ન જાણતો બે એક નથી, બે ભિન્ન છે. આહાહા..! સમજાય છે કે નહિ?

ચૈતન્ય ભગવાન અને દ્વેષ ઉદયમય એવી હનન ક્રિયા. જુઓ! એ જ્ઞપ્તિ ક્રિયા અને રાગાદિની ક્રિયા. એનો વિશેષ. વિશેષ નામ '**તફાવત; ભિન્ન...**' નહિ જાણવાને લીધે. એ જાણવાનું ભાન જ ન મળે એને. ગાફેલ થઈને એમ માને છે કે હું આ રાગને કરું છું, આને હણું છું, આને જીવાડું, આને મારું. એવા રાગની ક્રિયા અને તે જ ક્ષણે જ્ઞાનમય જ્ઞપ્તિની ક્રિયા બે જુદી છે છતાં બેને જુદી ન જાણતા, બેના તફાવતને-બેની ભિન્નતાને ન જાણતા.. '**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,...**' આને હણું એવો જે વિકલ્પ રાગ એનાથી એને જાણવાની ક્રિયા જ્ઞપ્તિ એ રાગથી ભિન્ન છે. એવા રાગથી ભિન્ન એવો આત્મા તેનું અજ્ઞાન હોવાથી. એટલે જાણવાની ક્રિયા તે હું છું, રાગ તે હું નહિ એવું આત્માને નહિ ભાન હોવાથી આત્માનું અજ્ઞાન છે. એના જાણવાની ક્રિયા એ મારી એમ એનું અજ્ઞાન છે એ નહિ. હું તો આ છું. હું રાગ છું, પરને કરી શકું છું, હણી શકું એવો જે ભાવ એ આત્માના જ્ઞપ્તિ ક્રિયા અને સ્વભાવનું અજ્ઞાન છે એને. સમજાણું કાંઈ?

અહીં તો કર્મની વાત પણ લીધી નથી. ફક્ત રાગ પોતે કરે છે, દ્વેષ પોતે કરે છે. અહીં જ્ઞપ્તિ ક્રિયા પણ પોતે કરે છે એમ બે હોવું જોઈએ ભિન્ન. આમ જ્ઞાનસ્વરૂપ ભગવાન એ ચૈતન્યની ક્રિયા તો જ્ઞાનમય થાય. એ જ ક્ષણે ઓલા રાગની ક્રિયા થાય એને અને જ્ઞપ્તિ ક્રિયારૂપ આત્માનું અજ્ઞાન હોવાને લીધે આત્મા પોતે જ્ઞાન સ્વરૂપ છે તેનું અજ્ઞાન હોવાને લીધે '**તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...**' કહો, સમજાય છે કાંઈ? બહુ થોડામાં આચાર્યે ટીકા કરી છે ગજબ!

અમૃતચંદ્રાચાર્ય સત્‌ને પ્રસિદ્ધ કરવામાં.. આત્મખ્યાતિ નામ છે આનું. આત્મ પ્રસિદ્ધિ તો ભગવાન આત્મા એ જ્ઞાનની પર્યાય, જ્ઞાનની પર્યાય-જ્ઞપ્તિ પર્યાય-જાણવાની ક્રિયાની અવસ્થા-તે સત્ છે, અહેતુક છે અને એ પોતાનો પર્યાય છે. એવું ન જાણતાં, એનું ન જાણતાં, એમ ન જાણતાં રાગને વિકલ્પને પોતામાં એકત્વ માનતો, આત્મા રાગ વિનાની

જ્ઞપ્તિ ક્રિયાવાળું તેનું અજ્ઞાન હોવાને લીધે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બંધનું કારણ બતાવે છે?

ઉત્તર :- આ અજ્ઞાન છે એ નવા બંધનું કારણ છે. એમ કહે છે. આ અજ્ઞાન. એ અજ્ઞાન સમકિતીને હોતું નથી. પછી મુનિની વાત કરશે. મુનિ કહો કે સમકિતી. સમ્યગ્દષ્ટિને એ રાગ અને જ્ઞપ્તિ ક્રિયાનું ભાન ભિન્ન હોય છે. રાગ તે હું નહિ, હું તો જાણવાની ક્રિયાવાળો, એવું ભેદજ્ઞાન હોય છે. રાગથી ભિન્ન, રાગથી ભિન્ન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ ધાર્મિક ક્રિયા છે પણ એની ખબર ન મળે. ધાર્મિક ક્રિયા ક્યાં થતી હશે. સમજાણું કાંઈ?

એ ભિન્ન આત્માનું અજ્ઞાન છે. '**ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...**' રાગનો વિકલ્પ ઉઠ્યો કે આને સુખી કરું, દુઃખી કરું એવો જે રાગ અને જાણવાની જ્ઞપ્તિ ક્રિયા, બેની એકતાબુદ્ધિને લઈને તે મિથ્યાદષ્ટિ છે. એને આત્માની શ્રદ્ધા છે નહિ. તારણ સ્વામીએ બહુ કહ્યું છે એવું હોં! પણ તમને કાંઈ ખબર જ ન મળે. એમ ને એમ શેઠિયા થઈને ફરે પણ સમજવાની કાંઈ દરકાર નહિ. એય.. શોભાલાલજી! ઘણું કહ્યું હતું એને એક ફેરી. ચોપડામાં લખી રાખ્યું છે એણે. મોટો ચોપડો છે ને? .. તમને આપ્યો હતો ને? ત્યાં અમે આવ્યા હતા ચૈત્યાલયમાં. તો એમાં બધું ખતવી નાખ્યું છે ઊંધું કેટલુંય. કહ્યું હતું એણે. કે આ લોકાશે મુક્તિ નહોતા માનતા માટે એવા છે. ઓલા કબીરમાં કહે.. અરે..! કબીર ને લોકાશા સાથે તારણ સ્વામીને ક્યાં મેળવો છો? તમે ઊંધું ક્યાં માર્યું બધું આ? લખ્યું છે કે નહિ? બતાવ્યું હતું એમને. તારણ સ્વામી તો જૈનની પાક્કી દષ્ટિવાળા હતા. અને ઓલા તો બધા ઊંધી દષ્ટિવાળા હતા.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાદષ્ટિ.

ઉત્તર :- ગૃહીત મિથ્યાદષ્ટિ કબીર આદિ. એની સાથે તમે મેળવ્યું. તમારા ચોપડામાં લખ્યું છે. એમાં નાખ્યું છે એમાં. બતાવ્યું હતું ને? એય.. શોભાલાલજી! ચૈત્યાલયમાં. તારણ સ્વામી તો પાક્કા જૈન. પાક્કા જૈન સર્વજ્ઞ પરમાત્માની માન્યતાવાળા. અને આ લોકો કબીર.. કોઈ સર્વજ્ઞની ખબર નહિ. લોકાશા તો બહારની ક્રિયાકાંડના માનનારા. એની સાથે ખતવી નાખ્યું. તમને ઓલું સારું લાગ્યું.

મુમુક્ષુ :- પ્રતિમાને નથી માનતા ને. ઈ બે વાતનો મેળ આવ્યો એટલે.

ઉત્તર :- એટલે મેળવી દીધા છે. બતાવ્યું હતું એક ફેરી. આવું .. પણ કાઢી નાખે. છપાઈ ગયા પુસ્તક હવે શું કાઢવું? સમજાણું? પોકાર કરે છે. હું તો જૈન છું, વીતરાગી

દૃષ્ટિવાળો હું જૈન છું. સમજાય છે? એ વાત જૈન સિવાય ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. ત્યાં સુધી કહે કે લોકરંજન માટે તું પુણ્ય પરિણામથી ધર્મ મનાવી દે. લોકરંજન, જનરંજન છે. માટે તારી ઉપદેશ કથા મૂઢ મિથ્યાદૃષ્ટિ નિગોદમાં જઈશ. શેઠી! ખબર છે? નિગોદ અંદરથી ઉપાડશે. તારણ સ્વામી. જનરંજન-લોકોને ઠીક પડે એવી વાત કરીને લોકોને પ્રસન્ન કરવા માગે છો. નિગોદમાં જઈશ. મિથ્યાત્વનું ફળ તો નિગોદ છે. આહાહા..! ખબર ન મળે. શું ચીજ છે? આ શું સર્વજ્ઞ કહે છે, વીતરાગમાર્ગ શું છે.

કહે છે, સત્ અહેતુક જાણવાની ક્રિયા એ આત્મા સ્વરૂપ છે. એવો આત્મા ન માનતા એને રાગવાળો કે આ રાગની ક્રિયાવાળો માને છે એ અશ્રદ્ધા છે આત્માની એને. આત્માની શ્રદ્ધા છે નહિ. મિથ્યાદર્શન છે. '**અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી...**' જુઓ દેખો! એ રાગ જ છું હું એવું રાગનું જ આચરણ અજ્ઞાનીને છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના, મહાવ્રતના પરિણામ છે એ મારું આચરણ છે એમ માનીને રાગથી ભિન્ન આત્માને એ જાણતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**ભિન્ન આત્માનું અનાચરણ...**' અનાચરણ. એટલે? કે આ હું જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એની શ્રદ્ધા, શાંતિ આદિ નિર્મળ એની ક્રિયા વીતરાગી ક્રિયા હોય. આત્માની તો વીતરાગી ક્રિયા (હોય). તે આત્મા. એમ ન માનતા આને હું જીવાડું એવો જે રાગ એની સાથે એકત્વ કરીને માને છે તે આત્માની અશ્રદ્ધા મિથ્યાદર્શન છે.

મુમુક્ષુ :- બહુ સારી વાત.

ઉત્તર :- બહુ સારી વાત? લ્યો આ સારી વાત કહે છે. આ જૂના માણસ કહેવાય. આ જ સત્ય વાત છે. શેઠી! આહાહા..! કહો, પાટણીજી! કેવી વાત કરે છે સ્પષ્ટ. આમ દીવા-સૂર્ય જેવી વાત છે.

ભગવાન આત્મા આમ ચૈતન્યના પ્રકાશનો પૂર-પુંજ એવો ભગવાન એની જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા, ઠરવાની ક્રિયા એ ક્રિયા આત્માની. વીતરાગી પર્યાય તે આત્માની. એને ઠેકાણે રાગ ને હણું ને મારું એવો જે વિકલ્પ, એને એકત્વ માનીને આત્મા આવો છે એમ એને શ્રદ્ધા છે નહિ. મિથ્યાદર્શન છે. કહો, છોટાભાઈ! આ તો સાદી ભાષા છે. ગુજરાતી જરી કઠણ પડે હિન્દીવાળાને. પણ ભાષા સાદી છે. એમાં કોઈ ગૂઢ નથી. જરી ધ્યાન રાખેને તો પકડાય.

મુમુક્ષુ :- બે જાત...

ઉત્તર :- હા. એક આ માનનારો અને એક આત્મા શ્રદ્ધા વીતરાગી શ્રદ્ધાની ક્રિયામાં એ માનનારો. આહાહા..!

અરે..! આ કાળ મળ્યો આવો. આહા..! એકવાર તો એમ થઈ જાય, અરે..! પણ આ ક્યાં જઈશ? ક્યાંય કીડી, કાગડા, કૂતરા અવતાર ચોર્યાસીના ભાઈ! માથે મોટો બોજો (છે). એ જો અંતર દૃષ્ટિ અને અનુભવ ન કર્યો, અને આ આત્માની આ રીતે પ્રતીત, અનુભવ ન થાય, ક્યાં ભવ અને કયે ઠેકાણે જશે? ભાઈ! એને એમ લાગે જરીક આ મળ્યું થોડું આમ-આમ. પણ એમ નહિ રહે. આ સામગ્રી લૂંટાઈ જશે. અંદર જાણવાની યોગ્યતા, શ્રદ્ધાની યોગ્યતા આદિ બધી વઈ જશે. જો વાસ્તવિક આત્માનું આ રીતે (ભાન ન કર્યું તો). આમ ભીડ પડી છે જાણે મને દુઃખની. એમ લાગે અંદર. આ શું? આ શું? અરે..! આ છૂટું તત્ત્વ કેમ નજરે પડતું નથી? સમજાય છે? એમ એની ઝંખના અંદર થવી જોઈએ.

આ કાંઈ બહારથી એમ ને એમ સાધારણ બાહ્ય પ્રવૃત્તિ કરે અને મળી જાય એવી ચીજ નથી. તેથી તો આ કહે છે કે ભાઈ! તારી તો સત્ અહેતુક જાણવાની, શ્રદ્ધવાની, ઠરવાની, આનંદની, શાંતિની-ચારિત્રની એવી ક્રિયા તે આત્માની છે. એ પર્યાય, તે પર્યાયવાળો તે આત્મા. એવી અવસ્થાવાળો તે આત્મા. એમ ન માનતા. આ રાગને કરું છું, આ રાગ તે હું છું એવી ક્રિયાની સાથે આત્માની ક્રિયાને ન જાણતો, આત્માની અશ્રદ્ધા કરતો મિથ્યાદૃષ્ટિનો અધ્યવસાય નવા દર્શનમોહના બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અચારિત્ર છે. બહારમાં પંચ મહાવ્રતની ક્રિયા દેખાય. નગ્ન હોય. પણ જેની અંદરમાં એ રાગનો વિકલ્પ ઉઠ્યો છે એને અંદર પોતાના આત્મા સાથે એકત્વ માને છે-આ મને લાભદાયી છે-કહે છે કે અચારિત્ર્યો છે. શેઠ! આહાહા..! એ એક બોલ થયો. બીજો બોલ. એક અંદર રહી ગયો છે ટીકામાં એક બોલ રહી ગયો છે. એ રહી ગયો છે એટલે ઉતાર્યું છે જુઓ. નીચે છે.

'અહીં સંસ્કૃત ટીકાની અમને મળેલી હસ્તલિખીત તેનું .. માં એક વાક્ય રહી ગયું લાગે છે.' અમારે પંડિતજીએ સ્પષ્ટ કર્યું. આ હિંમતભાઈ, ઓળખો છો ને? પંડિતજી. એણે આ લખ્યું. સ્પષ્ટ એણે કર્યું. 'જેનો ગુજરાતી અનુવાદ લગભગ નીચે પ્રમાણે થાય છે.' સંસ્કૃત ટીકામાં એક વાત રહી ગઈ છે. નીચે. '**વળી હું નારક છું.**' હું નારકી છું. હું નારકી છું. હું નારકી છું એ તો ઉદયભાવ, વિકૃતભાવ છે. એવો જે નારકી છું એવો આત્માનો એકત્વબુદ્ધિ ભાવ એ મિત્યાત્વ ભાવ છે.

મુમુક્ષુ :- મનુષ્ય તરીકેની ફરજ...

ઉત્તર :- ફરજ, ફરજ.. મનુષ્ય કે દિ' હતો એ? આહાહા..!

ભાઈ! ધર્મની દૃષ્ટિ એ બહુ અલૌકિક વાત છે ભાઈ! આપણે મનુષ્યે મનુષ્યના કર્તવ્ય કરવા, મનુષ્યની ફરજ બજાવવી. પણ તું મનુષ્ય એટલે શું? શરીર તો નહિ પણ મનુષ્યની

ગતિનો ઉદય એ આત્મા નહિ. આહાહા..! ઉદયભાવ જે વિકૃતભાવ એ આત્મા નહિ. આત્મા હોય તો છૂટો પડે નહિ. આ તો શરીર દળ જડ છે તદ્દન જુદું. એને સાથે તો કાંઈ સંબંધ છે જ નહિ. પણ એની પર્યાયમાં એની ભૂલથી થયેલો જે ઉદય રાગ-મનુષ્યગતિનો ભાવ એ આત્મા છે એમ માનનારા, આત્માને જ્ઞાનસ્વરૂપ છે એમ માનતો નથી. સમજાણું કાંઈ?

'**નારક છું અથવા મનુષ્ય છું, દેવ છું, પશુ છું, પુરુષ છું વગેરે.. એ અધ્યવસાનમાં મિથ્યાત્વ છે તે અધ્યવસાનવાળા જીવને જ્ઞાનમયપણાને લીધે સતરૂપ હેતુ જ્ઞાયક જ જેનો એક ભાવ છે.**' જુઓ! આત્મા તો જ્ઞાયક જાણનાર એવો જ જેનો એક ભાવ છે. જાણનાર... જાણનાર... જાણનાર... એવો એક તેનો સ્વભાવ છે. એવા સ્વભાવવાળા આત્માને ન માનતો હું તો મનુષ્ય છું, તિર્યંચ છું, નારકી છું, એમ જે માને છે એ પોતાના સતરૂપ-જ્ઞાયકભાવ સતરૂપ છે ત્રિકાળી. અહેતુક-દ્રવ્ય છે એને હેતુ નથી. ઓલી પર્યાયને હેતુ નથી તો વળી દ્રવ્યને હેતુ તો ક્યાંથી લાવ્યો? એ જ્ઞપ્તિ ક્રિયા છે એને હેતુ કોઈ નથી. આહાહા..! ભારે વાત!

આત્મામાં પોતાની જે જ્ઞાનની પર્યાય-હું જ્ઞાન છું એવું પરિણમન, હું શુદ્ધ છું એવું શ્રદ્ધાનું પરિણમન, હું શુદ્ધ છું એવી ચારિત્રની પરિણતિ અંદર નિર્વિકારી પર્યાય એને કોઈ હેતુ નથી એમ કહે છે. ઓલો રાગ આવ્યો વ્યવહારનો માટે અહીં જ્ઞાન એનું થયું, રાગ આવ્યો માટે એની શ્રદ્ધા થઈ, રાગ આવ્યો માટે એનું ચારિત્ર થયું એમ નથી. નિરપેક્ષ પોતાની જ્ઞપ્તિ ક્રિયા એની ચારિત્રની દશા શ્રદ્ધા-જ્ઞાનની નિરપેક્ષ થાય છે. ભારે વાત ભાઈ!

એમ અહીં જ્ઞાયકભાવ. ગતિની સામે લેવું છે ને. પહેલું ક્રિયા સામે લેવું હતું. રાગની ક્રિયા. અહીંયાં '**જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' જાણવું... જાણવું... જાણનાર... આનંદમય એકરૂપ જેનો સ્વભાવ છે. એવો ભાવ '**એવા આત્માનો...**' '**એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો...**' એ તો કર્મના નિમિત્તથી થયેલો આમાં વિકારી ભાવ. જનિત થયેલો એટલે કે એનો ઉપાધિ ભાવ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

આજે ચર્ચા આવી છે બે મોટી. એ જ્યાં હોય ત્યાં બેય જણાએ માંડ્યું છે. ઓલાએ માંડ્યું, અજીતકુમારે માંડ્યું છે. નહિ, કર્મને લઈને થાય. સોનગઢના વિદ્વાનો એમ માનતા નથી. માટે કરો ચર્ચા. કર્મને લઈને રાગ થાય. આયુષ્ય કર્મને લઈને જાય બીજે, નરકમાં પણ નરકગતિને લઈને જાય. એવું કહ્યું અજીતકુમારે. અને આ ઓલાએ લખ્યું છે તમારો રાજેન્દ્ર. સમાજ સેવાની ફરજ છે અમારી. લાઓ વિદ્વાનો તો અમે ચર્ચા કરીએ. તમે કહો છો કે નિમિત્તથી નૈમિત્તિક ન થાય, પણ નિમિત્તથી નૈમિત્તિક થાય તો એને નૈમિત્તિક કહેવાય. નિમિત્ત નૈમિત્તિક

સંબંધ. તમને નાખ્યા છે. વાંચ્યું છે તમે? જૈન ગેજેટ. ક્યારે વાંચ્યું? હજી આજે આવ્યું છે. આજ આવ્યું છે.

નેમિચંદ પાટણીએ નિમિત્ત નૈમિત્તિક સંબંધનું લખ્યું છે એ ખોટું છે બધું. નિમિત્તથી થાય તો નૈમિત્તિક કહેવાય. અરે..! સાંભળને! એ તો કહેવાની વાત છે. થાય છે તો પોતાથી. વિકાર પણ પોતાથી થાય. પોતાથી સમજ્યાને? અપનેસે. અને સમ્યગ્દર્શન-જ્ઞાન પણ પોતાથી સ્વયં થાય. એ બીજી ચીજ તો નિમિત્ત છે. એ નિમિત્ત બોલે છે પણ નિમિત્તથી નૈમિત્તિક થાય એ માનતા નથી. માટે ખરેખર નિમિત્ત માનતા નથી. જાવ. ઓલા બિચારાનું.. બેયને. જગમોહનલાલ, ફૂલચંદજી. બે સોનગઢના વિદ્વાનો કહેવાય. સોનગઢપક્ષી. પણ હવે બધી ચર્ચા થઈ. એ જ લખ્યું છે. આમાં એવો ઉત્તર આપ્યો છે જયપુર ચર્ચામાં. પણ એ વાત ખોટી છે. લાવો ચર્ચા કરીએ.

અરે..! ભગવાન! મૂળ વાંધા સૌને એ છે કે કર્મને લઈને આત્મા ગતિમાં આવે, કર્મને લઈને વિકાર થાય. કર્મને લઈને નરકગતિમાં જાય. પણ એમ છે જ નહિ. તારી ભૂલને લઈને રખડે છો. વળી ભાવકલંકમાં એમ આપ્યું ભાઈ એમાં. ભાવકલંકનું આપ્યું પાછું. જુઓ! નિગોદમાં ભાવકલંક .. મોહ વિના ભાવકલંક પૂરા હોય નહિ. લ્યો ઠીક! પાઠ આ છે. ભાવકલંક પ્રચુર. નિગોદમાં બટાટા, શક્કરકંદ, નિગોદ લીલ-ફુગ છે ને કાય? એમાં જીવ રહ્યો છે એ ભાવકલંક પ્રચુર. પોતાના ભાવના કલંકની પ્રચુરતાને લઈને ત્યાં રહ્યો છે. એવો પાઠ છે. એનાથી.. એવો અર્થ કર્યો જુઓ! પ્રચુરતા ક્યાંથી પણ આવી? આત્મામાં ક્યાં હતી? કર્મને લઈને આવી છે એ. આવા અર્થ કરે શું થાય? આવી આવી ચર્ચા. મૂળ તો સૌ હુશિયાર છે. કર્મને લઈને વિકાર થાય ત્યાંથી નિમિત્તનું લાકડું ગરી ગયું છે.

અહીં તો કહે છે, કર્મોદય જનિતનો અર્થ આત્મજનિત વિકારભાવ નથી. ઉપાધિભાવ છે. એ ઉપાધિમાં કર્મનું નિમિત્ત હોય છે. એમ કહે છે. **'નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે...'** ભગવાન આત્મા જાણનાર જ્ઞાયકભાવને અને આ નારકાદિ ઉપાધિ ભાવને બેને ભિન્ન ન જાણતો, બેને એક માનતો એવો અજ્ઞાની **'અજ્ઞાન હોવાથી...'** **'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી...'** જાણનાર છું, ગતિનો ભાવ એ મારો નથી. એમ ભિન્ન આત્માનું જેને જ્ઞાન નથી તે અજ્ઞાનને લીધે **'તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે...'** હું મનુષ્ય છું, નારકી છું, દેવ છું, પુરુષ છું, સ્ત્રી છું, એવો જે ઉપાધિનો ભાવ તેને આત્મા સાથે મેળવીને માને છે તે મિથ્યાદર્શન મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.'** રાગથી

ભિન્ન સ્વરૂપમાં આચરણ થવું જોઈએ એને ઠેકાણે રાગનું આચરણ કરનારો હોવાથી અચારિત્ર છે. અમરચંદભાઈ! આ તો સીધી વાત છે પણ હવે એને કોઈ દિ' સર્વજ્ઞ પરમેશ્વરે શું કહ્યું છે એની દરકાર જ ન મળે. આ બધા શરીરના ઓલા ભાષણ કરનારા નીકળે અંદર ફૂંકે આડાઅવળા. આ આમ થાય, આમ થાય, ફલાણું કરીએ, ઢીંકણું કરીએ. માર ગપ્પેગપ્પા. શેઠી! શરીરની ક્રિયા કાંઈક મજબૂત હોય તો અપવાસ કરી નાખે પાંચ-પચાસ. શરીર સારું હોય તો. બુદ્ધિનો ઉઘાડ હોય તો આવા ગપ્પ મારે.

ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. તું તારી કલ્પનાથી માન એમ અહીં ચાલે નહિ. .. સમજાણું કાંઈ? .. બિરાજે છે મહાવિદેહમાં. (મહાવીર) ભગવાન તો મોક્ષ પધાર્યા. આ તો અરિહંતપણે બિરાજે છે તીર્થંકરદેવ. એમના મુખમાંથી નીકળેલી આ વાત છે. એ આ કુંદકુંદાચાર્ય ત્યાંથી લાવ્યા અને વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ બીજો બોલ થયો.

હવે ત્રીજો. '**આ ધર્મદ્રવ્ય જણાય છે...**' હવે જરી ઝીણી વાત છે પાછી જુઓ ધ્યાન રાખજો, હોં! આ ધર્માસ્તિકાય છે ને એક જગતમાં? ભગવાને જોયેલો એક ધર્માસ્તિકાય નામનો પદાર્થ છે અરૂપી. એ શાસ્ત્રમાં વાંચેને ત્યારે એનું લક્ષ ત્યાં જાય. આ ધર્માસ્તિ. એને હું જાણું છું, એને જાણું છું. એટલે એના તરફનું જ્ઞાન તે મારું નહિ. એના તરફનું જ્ઞાન એ એનું નહિ ખરેખર. છતાં એના તરફનું જ્ઞાન તે મારું છે એમ માને તે ધર્માસ્તિકાય પોતાને માને છે. ફરીથી.

મુમુક્ષુ :- આ તો જરા ઝીણું છે.

ઉત્તર :- ઝીણું છે. મેં કીધું ને પહેલું ઝીણું છે. છે ને. ત્રણ મીંડા પછી છે. '**આ ધર્મદ્રવ્ય જણાય છે...**' આ જણાય છે. ખરેખર તો જણાય છે જ્ઞાનની પર્યાય. જણાય છે તો જ્ઞાન જણાય છે એને. પણ આ જણાય છે એમ બુદ્ધિ-એકત્વબુદ્ધિ થાય છે એ અજ્ઞાન અને મિથ્યાદર્શન છે. ભારે વાત ભાઈ! '**ઈત્યાદિ...**' એટલે? આ અધર્માસ્તિ જણાય છે. અધર્માસ્તિ. અરે..! આ જીવ જણાય છે. નિગોદના અનંત જીવ છે ને. અરે..! દેવ-ગુરુ છે આ. આ દેવ-ગુરુ જણાય છે, આ દેવ-ગુરુ જણાય છે. ખરેખર તો તે ક્ષણની પોતાની જ્ઞાનની પર્યાય જણાય છે. એને ઠેકાણે આ જણાય છે એમ જે માને છે તે મિથ્યાદર્શન, અજ્ઞાન છે. શેઠી!

ફરીથી. ભગવાન આત્મા એનું તો જ્ઞાન એનું રૂપ છે, જાણવું એનો ગુણ છે. જાણવું એનું રૂપ છે, જાણવું એનું સ્વરૂપ છે. પોતે પોતાને જાણવું એનું એ રૂપ છે. એને ઠેકાણે આ પુદ્ગલ જણાણા, આ શરીર જણાણું. આ કર્મ જણાયા. સમજાય છે? આ ભગવાનની

મૂર્તિ જણાણી. આ ભગવાન બિરાજે, આ ભગવાન જણાય છે. એમ માનનાર પોતાની જ્ઞાનની પર્યાય જણાય છે એમ માનતો નથી.

મુમુક્ષુ :- જરા કઠણ પડે એવું છે.

ઉત્તર :- કઠણ છે ભાઈ, આકરું કઠણ છે.

સ્વપરપ્રકાશકનું જ્ઞાન એ પોતાની પર્યાય છે. એ પરને લઈને નથી. પરને લઈને જણાયું નથી. ખરેખર પરને જાણતો જ નથી. પર તો ભિન્ન છે જીવ. દેવ પર છે, ગુરુ પર છે, સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત્ પર છે. આ જિનવાણી પણ જડ અને પર છે. એમ કોઈ માને કે આ જિનવાણીને હું જાણું છું. તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. કેમ કે જિનવાણી જડ પર છે અને અહીં જ્ઞાન છે સ્વ. એ પોતાથી જ્ઞાન થયેલું છે. એ પોતાથી પોતાને કારણે થાય છે. એવું જ્ઞાનસ્વરૂપ છે. એમ ન માનતા આને હું જાણું છું, એ પરપદાર્થમાં એકત્વબુદ્ધિ છે. આહાહા..! રાડ નાખી જાય એવું છે. શેઠી! આ જિનવાણી છે ને, એમાં જ્ઞાન ભર્યું છે બધું. ભગવાનનું જ્ઞાન એમાં ભર્યું છે વાણીમાં. વાણીમાં ભગવાનનું જ્ઞાન છે? મૂર્તિમાં છે ભગવાનનું જ્ઞાન? આમાં વાણીમાં જ્ઞાન ભર્યું છે એમ માનનારા મૂઢ (છે). શોભાલાલજી! અહીં તો ભાઈ (આવી વાત છે).

પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તે પોતે પોતાને જાણે છે. વાણીને લઈને નહિ અને વાણીને નહિ. વાણીને લઈને નહિ અને વાણીને નહિ. વાણીમાં ક્યાં જ્ઞાન હતું? વાણીમાં જ્ઞાન છે એ તો જડ છે. જિનવાણી જડ છે, અચેતન છે, પુદ્ગલની પર્યાય છે. શેઠ! પ્રતિમા પણ અચેતન છે. એ તો નિક્ષેપ છે ભગવાન નિક્ષેપ છે. એ તો પોતાને શુભભાવમાં નિમિત્ત (થાય છે). શુભભાવ થાય એમાં નિમિત્ત કહેવાય છે. એમ જિનવાણી પણ પોતે પોતાથી જ્ઞાન કરે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી અહીં જ્ઞાન થાય છે અને એમાં જિનવાણીમાં ભગવાનનું જ્ઞાન એમાં ભર્યું છે. એ તો જડની પર્યાય છે. ત્યાં ક્યાં ભગવાનનું જ્ઞાન ભર્યું છે? એ તો જડનો ભાવ છે એમાં તો. સમજાણું કાંઈ? ભારે વાત.

આ વાણી છે ને સમયસાર આદિ બધા (શાસ્ત્ર). વીતરાગની વાણી હોં! એ વાણી છે એ તો પુદ્ગલની પર્યાય છે. એ આત્માની છે? અને આત્માની પર્યાય જડની પર્યાયમાં આવતી હશે? એ જડનો સ્વભાવ છે. સ્વપરની કથા કહેવાનો જડનો સ્વભાવ છે. આત્માને લઈને નહિ. આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે, વાણીનો સ્વપર કથા કહેવાનો સ્વભાવ છે. પણ એમાં સ્વપરનું જ્ઞાન નથી. લોકોને એમ થાય કે જુઓ, જિનવાણી હોય. કેટલું .. વાણી હોય તો એમાંથી.. પણ વાણી તો જડનો પર્યાય છે, એ તો પુદ્ગલની પર્યાય છે. પરમાણુ જડ રજકણની પર્યાય છે અક્ષરો. એમાં આત્મા નથી અને આત્માનો કોઈ ભાવ

એમાં અડ્યો પણ નથી. અડ્યો નથી સમજ્યા? છુઆ નહીં કાં સ્પર્શ્યો નહિ. થોડું હવે અહીંનું થઈ જવું. તમે ઘર તો કર્યું છે અહીં. તો ગુજરાતી થઈ જવું થોડું. એય.. શેઠ! મકાન શું કરવા કર્યું અહીંયાં? શેઠને બિચારાને વિચાર હતો હોં! હુકમીચંદજીને કે છેલ્લી સ્થિતિ મૃત્યુ મારું સોનગઢ હોય. એ બિચારા પહેલા કહી ગયા હતા. શેઠ હુકમીચંદજી. પણ પછી વિદ્વાનોએ પંડિતોએ ઘેરી નાખ્યા. ત્યાં જશે તો આપણું કોઈનું નહિ રહે. હુકમીચંદજી. પહેલા આવ્યા હતા ને. છેલ્લી ભાવના (ભાવી હતી) કે અરે..! મારી છેલ્લી સ્થિતિ સોનગઢમાં હોય તો સારું. ત્યાંના પંડિતોએ એવો ઘેરો કે ત્યાં જવા ન દેવું.. ત્યાં જવા ન દેવું. સોનગઢ જાશે તો આપણા બધાના રોટલા ચાલ્યા જશે. આહાહા..!

ભાઈ! તારા સત્‌ની તને ખબર નથી. અહીં કહે છે. ઓહોહો..! કહે છે કે '**તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે...**' છે ને નીચે? '**આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.**' એ જ્ઞાન જ જેનું એકરૂપ છે. એનું પોતાનું જ્ઞાન એકરૂપ છે. પરને લઈને નહિ, પરને લઈને જણાતું નથી. ખરેખર પરને જાણતો પણ નથી. શું કીધું? આ જ્ઞાન ભગવાન આત્મા એ જ્ઞાન પરને લઈને નહિ. સમજાય છે? પરમાંથી આવતું નથી અને પરને ખરેખર જાણતું નથી. આહાહા..! ભારે વાત ભાઈ! વીતરાગના માર્ગની શ્રદ્ધા થવી, લોકો કલ્પનાથી માનીને બેસે અને આ ભાન વિના એના પરિભ્રમણ કોઈ દિ' ટળે એવા નથી. આહાહા..!

ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ મહાવિદેહ ક્ષેત્રમાં ફરમાવે છે. એ કુંદકુંદાચાર્ય આઠ દિ' ગયા. અહીં તો એમની પાસે જ્ઞાન હતું, બધું હતું. પણ વિશેષ ત્યાં જઈને ઘણું નિર્મળ થયું. પછી આવીને પોકાર જગત પાસે કર્યો છે. ભગવાન આમ કહે છે હોં! જિનવર, હમણાં નહોતું આવ્યું? જિનવર એમ કહે છે કે તું બીજાને આયુષ્ય આપી શકતો નથી તો તું કેમ બીજાને જીવાડે? ભગવાન એમ કહે છે ને ભાઈ! આહાહા..! સર્વજ્ઞ પ્રભુ કહે છે કે બીજાને સુખ-દુઃખ તું ન આપી શકે ને ભાઈ! કેમ કે બીજાના કર્મ તું આપી દે છે એને? આ લે કર્મ શાતા. એના કર્મને લઈને સુખ-દુઃખના સંયોગ મળે. તું શું દઈ દે? એમ ભગવાન સર્વજ્ઞદેવ કહે છે. એમ કહ્યું છે. પણ લોકોને કાંઈ અંદર.. ભિન્ન ચીજ શું છે અને એકતા કેમ માની રહ્યો છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખરેખર પરને નથી જાણતો, પોતાને જાણે છે. પરને જાણે તો પરમાં તન્મય થઈ જાય-એકમેક થઈ જાય.

'**જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો...**'

હું જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છું એવા આત્માનો અને આને હું જાણું છું, આને હું જાણું છું-પરદ્રવ્યને જાણું છું એવા ભાવનો એકત્વબુદ્ધિનો એ જુદાપણાના અભાવને લઈને. જુઓ! '**જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' જ્ઞેય. એ જ્ઞેય છે પર તો. '**જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' એ જ્ઞેય પર છે. એનું જાણવું થાય એ પણ ખરેખર પરનું છે. એ પોતાનું નથી. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ ભગવાન ચૈતન્યનો સૂર્ય છે. ચાહે તો સ્ત્રીનું શરીર હો, પુરુષનું હો, પશુનું હો. ભગવાન તો જ્ઞાનમય આત્મા છે અંદર. એ જ્ઞાનમય ભગવાન આત્મા પોતે પોતાનું જ્ઞાન. રૂપ એમ કીધુંને ભાઈ? જ્ઞાન તો એનું રૂપ છે. નહિ કે પરને લઈને એનું રૂપ છે. અને પોતે પોતાને જાણવાનું એનું રૂપ છે. સ્વયં પોતે પોતાને જાણે, પરને લઈને નહિ અને પરને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ અને પર્યાય.

મુમુક્ષુ :- સ્વયં...

ઉત્તર :- સ્વયં એ બીજું. એ પોતામાં નહિ. સ્વજ્ઞેયની વાત નથી અહીં. પરજ્ઞેયની વાત છે.

મુમુક્ષ :- પરપદાર્થની વાત.

ઉત્તર :- પરપદાર્થની વાત અહીંયા છે.

'**જ્ઞેયમય...**' કોણ? '**એવાં ધર્માદિક રૂપ...**' જ્ઞાનરૂપ લેવું છે ને? જ્ઞાન જેનું રૂપ છે. તો ધર્માદિક જેનું રૂપ છે એમ કીધું સામું. સામે સામે લીધું છે ને બેય? ઓલામાં એમ કહ્યું હતું કે જ્ઞપ્તિ જેની ક્રિયા છે અને રાગદ્વેષ ઉદયમય હનન આદિ ક્રિયા છે. એમ બે ક્રિયા લીધી છે સામે સામે. અને ઓલામાં એમ લીધું કે જ્ઞાયક જેનો ભાવ છે અને કર્મોદય ભાવનો વિશેષ એનો ભાવ છે. કર્મોદયજનિત નારક આદિ ભાવ છે. એક કોર જ્ઞાયકભાવ છે અને એક કોર આ ભાવ છે. એક કોર જ્ઞપ્તિ ક્રિયા છે, એક કોર હનન ક્રિયા છે. એક કોર જ્ઞાનરૂપ છે અને એક કોર આ રૂપ છે ધર્માસ્તિ આદિ. ત્રણેમાં શબ્દો જુઓ. જ્ઞપ્તિ ક્રિયા વાપરી ત્યારે સામે હનન ક્રિયા કહી. અહીં જ્ઞાયકભાવ કીધો તો નારકી આદિનો ભાવ ભિન્ન એને કહ્યો. અહીં જ્યારે જ્ઞાનરૂપ કહ્યું ત્યારે જ્ઞેયરૂપ સામે કહ્યું. એમ કહ્યું. સમજાણું કાંઈ?

'**જ્ઞેયમય એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે...**' આહાહા..! સર્વજ્ઞદેવ પણ આ જ્ઞાનમાં પરજ્ઞેય છે અને પરજ્ઞેયનું જ્ઞાન પોતામાં પોતાથી જાણતા થાય છે. પોતાને પોતાના જાણવામાં થાય છે. એને જાણતા જ્ઞાન થાતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ તો છે ને, ભાઈ! અરે..! એણે ચાર ગતિના દુઃખ સહન કર્યા છે. અરે..! એક ઈયળ

જેવું જનાવર આવડું નાનું. એના ઉપર પથરો (પડે). અડધી લાંબી અને અડધા ઉપર પથરો પડે બે શેરનો. પથ્થર સમજો છો ને પથ્થર? ઈયળ સમજ્યા? કીડા. આટલી લાંબી ઈયળ હોય. અડધામાં પાંચ શેર પથ્થર પડે ઉપર. આની કોર અડધું અને આની કોર અડધું. આમ ટળવળ.. ટળવળ... આહાહા..!

મુમુક્ષુ :- નીકળવા માટે.

ઉત્તર :- નીકળવા માટે. હાય. હાય. હવે? થઈ રહ્યું. ન્યાં ને ત્યાં સૂકાઈ જશે. ત્યાંથી નીકળશે નહિ. પાંચ શેરનો પથરો મોટો પડ્યો છે. આવી પીડામાં તેં અનંત ભવ કર્યા ભાઈ! તને ખબર નથી. એક મિથ્યાદર્શનને લઈને. સમજાય છે કાંઈ?

એકવાર કહ્યું નહોતું? ઊંટનું. રાણપુરથી નાગનેશ જતાં. રાણપુર છે ને આ? નાગનેશ જતાં. મલૂકચંદભાઈનું નાગનેશ. બે ગાઉ. રસ્તામાં એક ઊંટ પડેલું. ઊંટ. ઊંટ સમજો છો? ઊંટીયું. જુવાન ઊંટ. ઘણાં વર્ષ થયા. (સંવત) ૧૯૭૪ની સાલ, ૭૬ની સાલ. એક ઊંટ હતો ઊંટ જુવાન. પગ ભાંગી ગયો. વાડ હતી વાડ ખેતરની. ત્યાં બહાર પડ્યું હતું. આપણને કોઈ દિ' ખબર નહિ. આ ઊંટ આવું જુવાન અહીં કેમ પડ્યું છે? કોઈએ કહ્યું, એનો પગ ભાંગી ગયો. પગ. ત્યારે હવે? કે આમ ને આમ સૂકાઈ જશે અહીં. કોઈ ઘાસ નહિ, પાણી નહિ. જંગલમાં હતું. કોણ દેવા જાય? એનો પગ ભાંગ્યો એટલે ખલાસ. ચાલી શકે નહિ. અહીં નીચલો પગ ભાંગે. ત્યાં પગ ભાંગે નહિ. આ નીચલો પગ છે ને એનો આમ નીચે હોય ને પગ? આમ ચાલે છે ને? એમ ખટક-ખટક તૂટી ગયો. હેઠલો, હેઠલો. હોં! આ ભાંગે નહિ એને. નીચલો ભાગ હોય ને એના.. પગ નથી જોયા એના? એનો પગ આડો હોય આમ. સીધો ન હોય. એમાંથી સહેજ તૂટી ગયો નીચેથી. ખલાસ. એની પખા તો થાય જ નહિ. એમ ને એમ. મેં પહેલું વહેલું જોયેલું. મેં કીધું, આ શું ઊંટ આવો? કોઈ લઈ જતું નથી. આ જંગલમાં કેમ પડ્યો છે? એનો પગ ભાંગી ગયો. બે છૂટા નીચેથી. આપણા આ બે કટકા થઈ જાય ને નીચે? પગથળી. બસ એ. હવે? સૂકાઈ જશે. નહિ આહાર, નહિ પાણી, નહિ છાયો અને એકલો તડકો. જંગલમાં. બસ! મરી જશે સૂકાઈને. કોણ લે એને? એ બચવાનો તો નહિ. હવે એને આપે ઘાસ કોણ? પાણી કોણ આપે? આવા આવા બાપા, મિથ્યાત્વને લઈને અનંતા ભવ કર્યા છે. સમજાણું કાંઈ? પણ આ જગતની બહારની સ્થિતિ દેખીને અંદરમાં રાગાદિને દેખીને એ મારી ચીજ છે (એમ માને છે). આહાહા..!

એ રાગાદિ મારી ચીજ છે. નારકી આદિ હું છું. સમજાય છે? હનન ક્રિયા આદિ હું છું એમ માનીને મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની મિથ્યાચરણમાં પડ્યો, નવા બંધનને કરે છે. કેવા બંધન? કે દર્શનમોહના બંધન. સમજાય છે? એને મુખ્ય બંધનનું કારણ કહ્યું છે.

**'ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે,...'** શું? કે હું ધર્માસ્તિને જાણું છું, આને જાણું છું, આને જાણું છું એકલું પરલક્ષી. એવો જે અધ્યવસાય તે અજ્ઞાન છે. **'ભિન્ન આત્માનું અદર્શન હોવાથી તે મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.'** નવા દર્શનમોહના કર્મ બંધાય એમાં આ અધ્યવસાય મિથ્યાત્વનો નિમિત્ત છે. લ્યો, આમ તો ભાષા લીધી છે એની. સમજાણું કાંઈ? આમ લાગે ત્યાગી બહારમાં નવમી ગ્રૈવેયકે જનાર પંચ મહાવ્રત પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, સ્ત્રીનું સેવન ન કરતો હોય, હજારો રાણીને છોડી હોય. અંદરમાં અંદર સ્વરૂપ જે જ્ઞાયક છે એના ભાન વિના રાગનો વિકલ્પ ઉઠે તેની એકતાબુદ્ધિમાં પડ્યો છે તો મિથ્યાદષ્ટિ છે. અમે મનુષ્ય છીએ માટે મનુષ્યને યોગ્ય કાંઈક કર્તવ્ય કરવું જોઈએ. એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. આહાહા..!

અનંત વાર જિનદીક્ષા લીધી. શ્રીમદ્ લખે છે. અનંત વાર શાસ્ત્રના જાણપણા કર્યા, પણ વાસ્તવિક આત્મા પરથી ભિન્ન છે એનું ભાન કર્યું નહિ. આહાહા..! **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા છે એ રાગ ને નિમિત્ત ને પરથી ભિન્ન પોતાના સ્વરૂપનું ભાન કરીને મુક્તિને પામ્યા છે. અને જે કોઈ બંધનને પામ્યા છે તે તેના અભાવથી. રાગ અને પરની ક્રિયાથી ભિન્ન છે એનો અભાવ. ભેદજ્ઞાનના અભાવને લઈને બંધનને પામ્યા છે. એક જ વાત છે. સમજાણું કાંઈ?

**'માટે આ સમસ્ત અધ્યવસાનો...'** ત્રણે પ્રકારના કહ્યા ને? હણું છું, આને જિવાડું છું એવો અભિપ્રાય. એને જ્ઞાન-જ્ઞપ્તિ ક્રિયા સાથે એકત્વ માનીને અને આ નારકી છું, માણસ છું એવો અભિપ્રાય. એ જ્ઞાયકભાવ સાથે એકત્વ માનીને અને ધર્માસ્તિ આદિ પુદ્ગલ છે, આ જીવ છે. અનંતા નિગોદના જીવ છે, લ્યોને. અનંતા સિદ્ધ છે. એને જાણતાં એનું જ્ઞાન, એનું જ્ઞાન એનાથી થયું છે એવી એકત્વબુદ્ધિ તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણ છે. એનાથી નવા કર્મ બંધાય છે. કેવા? કે દર્શનમોહના. સવળી વાત લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૯, મંગળવાર તા. ૧૨-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૦-૨૭૧, પ્રવચન-૩૩૪**

આ સમયસાર, બંધ અધિકાર. ૨૭૦ ગાથા. એનો બીજો ભાગ છે. આ અધિકાર છે એ ઉપરથી લીધો. પાઠમાં છે એ હવે બતાવશે. પાઠમાં છે કે આવા પરનો અધ્યવસાય જેને નથી તે જ્ઞાની છે-તે ધર્મી છે. એવો પાઠ છે મૂળ શ્લોકનો. પણ એમાંથી અમૃતચંદ્રાચાર્યે અસ્તિમાંથી નાસ્તિ કાઢી. હવે મૂળ શ્લોકનો અર્થ હવે આવે છે. ૨૭૦ નો. '**एदाणि**' નથી એમ છે ને? '**जेसिं अज्झवसाणाणि एवमादीणि। ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति।।२७०।।**' હવે અર્થ એનો આવે છે.

પહેલામાં આ છે અર્થ એનાથી નાસ્તિરૂપ અર્થને અસ્તિમાંથી કાઢ્યો. જેને આ આત્મા હું બીજાને જીવાડું, મારું એવો જે વિકલ્પ છે એ મિથ્યાત્વ છે. એ અધ્યવસાય પરની એકત્વબુદ્ધિને ઉત્પન્ન કરે છે. આ પાઠમાં તો એમ લીધું છે કે એ નથી કરતો આવું એ સમ્યગ્જ્ઞાની છે. આમ કરે છે એ મિથ્યાજ્ઞાની છે એમ એમાંથી કાઢ્યું. સમજાણું? જે કોઈ આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપથી ભ્રષ્ટ થઈ અને આ પર જીવને જીવાડું-મારું આદિનો અધ્યવસાય (કરે છે) અથવા હું નારકી-મનુષ્ય આદિનો અધ્યવસાય કે હું પરને જાણું છું એવો જે અધ્યવસાય. એમાં જે એકત્વબુદ્ધિ કરે છે એ મિથ્યાત્વ ભાવને પામતો નવા કર્મને નિમિત્તરૂપે ભાવ થાય છે.

હવે સવળું લે છે. '**માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...**' છે? શોભાલાલજી! બરાબર છે? ભાઈ શેઠિયાઓ બધા ધ્યાન રાખે ક્યાંથી ચાલે છે આ. '**માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...**' આવા અધ્યવસાનો હોતા નથી '**તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો),...**' અથવા જ્ઞાની છે. અહીં મુનિની પ્રધાનતાથી વાત કરે છે. બાકી આવા અધ્યવસાયો નથી તે જ્ઞાની અને ધર્મી છે. શું?

'**સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,...**' શું કહે છે? આત્મા જ્ઞાનની પર્યાય-જાણવાની જે ક્રિયા-એ સત્‌રૂપ છે. અસ્તિરૂપ છે, અહેતુક છે. આત્મા જાણે, શ્રદ્ધે, માને એવી સ્થિરતાનો ભાવ વીતરાગી પર્યાય વર્તમાનમાં જ્ઞપ્તિરૂપે જે થાય તે ક્રિયાને કોઈ હેતુ નથી. આ રાગાદિક પર છે તો આ ક્રિયા થાય છે એમ નથી. એ પોતે જ્ઞાયક ચૈતન્યમૂર્તિનો આશ્રય લઈ અને જે જાણવા-દેખવાની, શ્રદ્ધવાની ક્રિયા થાય તે જ્ઞપ્તિ ક્રિયા કહેવામાં આવે છે કે જેને ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ક્રિયા લાગે છે.

ઉત્તર :- આ ક્રિયા છે કે નહિ આ? એય..! એ તો આપણે ૬૯-૭૦માં આવી ગયું.

આત્મામાં.. અહીંયાં જે આ દેહાદિની ક્રિયા થાય છે એ તો જડની છે, જડમાં છે, જડની છે, જડને લઈને થાય છે. આ દેહ ચાલવો, વાણી થવી એ બધું જડમાં જડની અવસ્થાથી થાય છે. આત્માને લઈને આત્મામાં, આત્માથી આ થતું નથી. હવે જે રાગ-દ્વેષના ભાવ થાય છે, પુણ્ય-પાપના શુભ-અશુભ રાગ, એ પરલક્ષી થયેલી વિકારી ક્રિયા છે. સમજાય છે કાંઈ? શુભ-અશુભ ભાવ જે થાય તે પરલક્ષે થયેલી વિકારી ક્રિયા છે. બીજી ભાષાએ કહીએ તો તે અધર્મની ક્રિયા છે.

અને ધાર્મિક ક્રિયા-જે ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા, પોતાનું લક્ષ કરીને જે દૃષ્ટિ કરીને જે પર્યાય જ્ઞાનમાં જાણવાની, શ્રદ્ધવાની, ઠરવાની, આનંદની વગેરે થઈ તે ક્રિયાને અહીંયાં જ્ઞપ્તિ ક્રિયા કહેવામાં આવે છે. એ સ્વભાવિક ક્રિયા છે. એ ધાર્મિક ક્રિયા છે. એ મોક્ષમાર્ગની પર્યાયરૂપ ક્રિયા છે. સમજાય છે કાંઈ? ભારે. મગજમાં બેસવું કઠણ પડે. આ માથું .. છે ને. આ માથું આ તો જડ છે. આ શરીર તો જડ છે. એની અવસ્થા થાય છે આમ આમ એ તો બધી જડની જડમાં થાય છે. એ તો આત્મામાં છે જ નહિ. હવે પરને લક્ષે પુણ્ય-પાપ, દયા-દાન, ભક્તિ, પૂજા, તપ એવો વિકલ્પ ઉઠે છે એ વિકારી ક્રિયા છે. વિભાવિક છે, ઉપાધિવાળી છે, મેલવાળી છે, એ આત્માની ક્રિયા નથી. આત્માના ભૂલથી ઉત્પન્ન થયેલી આત્માની ક્રિયા નથી. એમ. સમજાણું કાંઈ? મંડાણો બરાબર. અહીં આપણે એ જ મંડાવવું છે ને.

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યના સૂર્ય સ્વરૂપ ભગવાન આત્મા છે. એને અંતરમાં લક્ષ કરીને જે કાંઈ ક્રિયા જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની થાય તે પર્યાય અહેતુક છે. એ સત્ છે, સત્ છે, અહેતુક છે. એનું કોઈ કારણ નથી કે ભાઈ ત્યાં રાગ, દયા, દાનના વિકલ્પ વ્યવહાર રત્નત્રય હતો રાગ તો આ જ્ઞપ્તિ ક્રિયા થઈ એમ નથી. સમજાય છે કાંઈ?

'**જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...**' હયાતી ધરાવતા નથી એટલે કે જેમને આ રાગની એકતાબુદ્ધિ નથી, પરની ક્રિયા હણું, બીજાને જીવાડી શકું એવો જેને અભિપ્રાય નથી '**તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો),...**' ધર્માત્મામાં જ્ઞાનીમાં પ્રધાન જ્ઞાની એ છે. '**સત્રૂપ...**' એ જ્ઞાનની ક્રિયા. શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અવલંબે જે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે, શ્રદ્ધારૂપે થાય, શાંતિરૂપે થઈ એ ક્રિયા પર્યાય છે. એ સત્રૂપ છે, અહેતુક છે, કોઈ એનું કારણ નથી કે વ્યવહાર હતો તો આ ક્રિયા થઈ એમ નથી. અમરચંદભાઈ! આહાહા..! શું કહ્યું? શું કહ્યુંનો અર્થ ક્યા કહા? તમારે સમજી જવું થોડું.

આત્મામાં જે ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ છે એનો અંતર આશ્રય લઈને જે જ્ઞાનની પર્યાય શ્રદ્ધા,

શાંતિ, ધાર્મિક ક્રિયા થાય તેનો કોઈ હેતુ નથી-કોઈ બીજું કારણ નથી. કે આ દયા, દાન, વ્રતના પરિણામ કર્યા, કષાય મંદ કર્યો તો આ જ્ઞપ્તિ ક્રિયા થઈ એમ નથી. જ્ઞપ્તિ-જાણવાની ક્રિયા. આત્મા જાણનાર ચૈતન્ય સૂર્ય તેને જાણવાની ક્રિયા. તેને થવાની, તેને શ્રદ્ધવાની, તેમાં ઠરવાની એવી પર્યાયને જ્ઞપ્તિ ક્રિયા કહેવામાં આવે છે. આહા..! મૂળ જૈન તત્ત્વ જે છે એ આખું અત્યારે લોકોને ખ્યાલમાં નથી. હજી એને ખ્યાલમાં આવતા આવતા એને મુશ્કેલ પડી જાય, અંદર પરસેવો ઉતરી જાય કે આ શું કહે છે આ? શોભાલાલજી! જૈનમાં જન્મ્યા ઘણા વર્ષથી. લ્યો.

અહીં પરમાત્મા સર્વજ્ઞદેવ જે કહે છે એ સંત મુનિ કુંદકુંદાચાર્યે કહ્યું છે. એની ટીકા અમૃતચંદ્રાચાર્યે જે છે તેમ કરી. ભાઈ! ધાર્મિક ક્રિયા તારે કોને કહેવી અને કેમ થાય છે? એને પરનો હેતુ નથી. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ એનું લક્ષ કરીને, એને શ્રદ્ધીને, એમાં ઠરીને જે જ્ઞાનની ક્રિયા થાય એ ક્રિયા સત્ છે, અસ્તિ છે, અહેતુક છે, કોઈ નિમિત્ત બહારના રાગના હેતુ વિનાની થયેલી છે. એ જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. એને ધાર્મિક ક્રિયા અને એ ધર્મ કરનાર એને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

બીજો બોલ. '**સતૂરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...**' કેવો છે ભગવાન આત્મા? એક જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... આત્માનો જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, જાણનાર ભાવ. એ કેવો છે? સતૂરૂપ છે, અહેતુક છે. એ દ્રવ્યના ભાવને કોઈ હેતુ નથી. ત્રિકાળ એકરૂપ. અહીં તો પર્યાયને હેતુ નથી તો દ્રવ્યને હેતુ તો શેનો હોય? આહાહા..! તેથી પર્યાય પહેલી નાખી છે. સમજાણું કાંઈ? જેવી વસ્તુ છે જ્ઞાયકભાવ અહેતુક સત્ છે. સત્ છે તેને કોઈ કારણ હોઈ શકે નહિ. તો એની પર્યાયમાં પણ સત્ છે એને કોઈ કારણ હોઈ શકે નહિ એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? નિર્દોષ ક્રિયાની વાત છે, ધર્મ ક્રિયાની વાત હોં. રાગની વાત અત્યારે આમાં છે નહિ. જોકે રાગ થાય એ પણ નિશ્ચયથી તો પરની અપેક્ષા વિના નિરપેક્ષ કર્તાથી અંદર થાય. એ તો રાડ નાખે છે લોકો અત્યારે સાંભળીને.

આ તો ધાર્મિક ક્રિયા જેને કહીએ (એની વાત છે). ધર્મ કરનારો એવો આત્મા. એને પોતાના અંતરના લક્ષ વડે, અંતરની શ્રદ્ધા દ્વારા રાગ ને પુણ્ય-પાપથી પૃથક્ પડીને વર્તમાન દશા સ્વભાવને આશ્રયે જે પ્રગટે તે પર્યાયને-અવસ્થાને જ્ઞપ્તિ ક્રિયા, ધાર્મિક ક્રિયા, શ્રદ્ધા ક્રિયા, ચારિત્રની ક્રિયા, સમ્યગ્જ્ઞાનની ક્રિયા એને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને ભગવાન આત્મા ત્રિકાળ. આ વળી પર્યાયની પહેલી વાત લીધી. જે પર્યાયમાં ગોટા છે એની પહેલી લીધી.

દ્રવ્ય-ગુણ અને પર્યાય સિદ્ધ કરવા છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય એ ત્રિકાળી જ્ઞાયકભાવ, ગુણ જ્ઞાનરૂપ ભાવ અને વર્તમાન દશા તે પર્યાય-તે અવસ્થા તે જ્ઞપ્તિ ક્રિયા. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? સત્રૂપ ભગવાન આત્મા કાયમી અહેતુક. વસ્તુને હેતુ શું? અને જ્ઞાયક જ જેનો એક ભાવ છે. રાગાદિ, શરીરાદિ, કાંઈ એનો એકેય ભાવ નથી. એક ત્રિકાળ જ્ઞાયકભાવ છે. બે બોલ થયા.

ત્રીજું. '**સત્રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...**' એ ગુણની વાત કરી. પહેલી પર્યાયની કરી, બીજી દ્રવ્યની કરી, ત્રીજી ગુણની રૂપની કરી. કહો, અમરચંદભાઈ! ત્યાં વાંચો છો ને બધા? તમે વાંચો છો ત્યાં શોભાલાલજી ને બે ચાર ભેગા થઈને. આજ કોઈ પૂછતું હતું સવારમાં. તમે નહોતા સાથે આવ્યા. પછી ગયા પછી કોઈ પૂછતું હતું. મેં કીધું, બધા વાંચે છે ત્યાં. તમારું નામ દીધું હતું ભેગું. તમે આવ્યા હતા ને આજે? જંગલ. અમે સવારે જંગલ જઈએ છીએ ને. સવારે આવ્યા હતા ને. ... પછી પ્રશ્ન થયો હતો. કોઈએ કહ્યું હતું કે આ લોકોને કાંઈ .. શોભાલાલજી .. ચાલે છે. અમરચંદભાઈ વાંચે છે ને બધા ભેગા (થાય છે). બે-ચાર જણા કેટલા થાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મેં બે-ચાર કહ્યા. બહુ આવતા નથી. પણ શોભાલાલજી ત્યાં પૈસા ઉઘરાવા જાય ત્યારે મહિનો મહિનો રહે છે. ઉઘરાવવા સમજ્યા? ત્યાં સાંભળે છે, ત્યાં ચર્ચા ચાલે છે. શું કહે છે સમજાય છે?

પહેલી પર્યાય લીધી. નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય, સમ્યક્ શાંતિ ધર્મની પર્યાય. એ પર્યાય આત્માના અવલંબે થયેલી માટે જ્ઞપ્તિ ક્રિયા છે. એને ધર્મ ક્રિયા કહે છે. એ પરના હેતુ વિના ઉત્પન્ન થયેલી, આત્માને કારણે થયેલી પણ પરના હેતુ વિનાની થયેલી. અને વસ્તુ સત્ જ્ઞાયકભાવ છે ત્રિકાળ એકલી. સત્રૂપ, અહેતુક કારણ વિનાની ચીજ જ્ઞાયકભાવ છે. બે વાત. ત્રીજું. સત્રૂપ, અહેતુક જ્ઞાન જેનું એક રૂપ છે ત્રિકાળ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જેનો ગુણ છે. જ્ઞાન જેનો (ગુણ છે). દ્રવ્ય જ્ઞાયક, પર્યાય જ્ઞપ્તિ, જ્ઞાન જેનું રૂપ છે (એ ગુણ થયો).

'**એવા ભિન્ન આત્માને...**' દેખો! આવો જે આત્મા છે '**(-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા,...**' આવા આત્માને અંતરમાં જાણતા થકા. જ્ઞપ્તિ ક્રિયાવાળો આત્મા તેને જાણતા થકા. ભાઈએ એમ લીધું. એમ લીધું ને અહીં? જ્ઞપ્તિ ક્રિયા છે એવો આત્માને જાણતા થકા, ત્રિકાળ જ્ઞાયકભાવ છે એવો જાણતા થકા, ત્રિકાળ જ્ઞાનરૂપ છે એવું જાણતા થકા. ભારે વાત. '**સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...**' એ જ્ઞપ્તિ જેની ક્રિયા

શ્રદ્ધા આદિ એને શ્રદ્ધતા થકા. શું કહ્યું સમજાણું કાંઈ? શરીરાદિ હો, ચાલો એની ક્રિયા એ (કરે). આત્માને કાંઈ લેવા દેવા નહિ. રાગ પુણ્ય, પાપ દયા-દાનના હો એને આત્માને કાંઈ સંબંધ નથી.

ભગવાન આત્મા પોતાના અંતર સ્વભાવના અવલંબે થયેલી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની ક્રિયા. સમજાય છે? એને જાણતો થકો. એમ ભાષા છે ને? ભાઈ! એઈ..! એને જાણતો થકો. પર્યાયને પર્યાયરૂપે, દ્રવ્યને દ્રવ્યરૂપે, ગુણને ગુણરૂપે જાણતો થકો. પાટનીજી! આત્મા.. જુઓ! આ ધર્મની સમ્યગ્દર્શનની ક્રિયાની વાત ચાલે છે. ભારે વાત, ભાઈ!. ભગવાન આત્મા ચૈતન્યનું નૂર, જ્ઞાયક પૂર, જ્ઞાયક સૂર્ય. એવો અનંત ગુણનો પિંડ આત્મા, એનું અવલંબન કરીને, અંતર આશ્રય કરીને જે ક્રિયા પર્યાય થઈ, સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિની પર્યાય થઈ તેવા આત્માને જાણતો. અને જ્ઞાયકભાવ છું તેવા આત્માને જાણતો. ત્રિકાળ જ્ઞાનરૂપ છું તેવા આત્માને જાણતો.

‘**સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...**’ એવી જ્ઞપ્તિ ક્રિયા જાણવા-દેખવાની, જ્ઞાયકભાવ ત્રિકાળ અને જ્ઞાનરૂપ ગુણ તેને શ્રદ્ધતો થકો. સમજાણું કાંઈ? દ્રવ્યની શ્રદ્ધા કરતો થકો એમ નથી લીધું. ભાઈ! શું કીધું? ધ્યાન રાખો. જ્ઞપ્તિ ક્રિયા છે, જ્ઞાયકભાવ છે અને જ્ઞાનરૂપ છે. એવો જે આત્મા તેને જાણતો થકો, તેને શ્રદ્ધતો થકો, એમાં અનુચરણ આચરણ કરતો થકો. સમજાણું કાંઈ? અનુચરતા છે ને? ભારે વાત ભાઈ! કથન પદ્ધતિ કોઈ ગજબ! આત્મખ્યાતિ છે આ ટીકાનું નામ.

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એનું જ્ઞાનરૂપ જ્ઞાયકભાવ દ્રવ્ય. જ્ઞાયકભાવ દ્રવ્ય. જ્ઞાન જેની શક્તિ. જ્ઞાનમાં બધા ગુણો (આવી ગયા). જ્ઞાનપ્રધાન વાત ચાલે છે અને અહીંયાં જ્ઞાનમાં બધા ગુણો સાથે છે. અને એની વર્તમાન અવસ્થા જાણવાની સ્વભાવને, શ્રદ્ધવાની સ્વભાવને, ઠરવાની સ્વભાવમાં. શાંત, આનંદ આદિ જે અનંત ગુણની નિર્મળ પર્યાયરૂપ પરિણતિ દશા, એને જ્ઞાયકભાવ દ્રવ્યને, જ્ઞાનરૂપ ગુણને એ ત્રણેને એમ જાણતો થકો, એને માનતો થકો, એમાં ઠરતો થકો. ભારે વાત.

‘**અનુચરતા થકા,..**’ જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે થઈ ગયું. અંતરની રમતુંની વાત છે. જે બહાર બુદ્ધિમાં જ્યાં પડ્યા છે અનાદિથી, એના અંતર્મુખમાં ભગવાન આત્માની કઈ ક્રિયા છે એની એને ખબર નથી. આ તો કાં તો પરોપકાર કરી દઈએ, બીજાને આવો ઉપદેશ કરીને આમ કરી દઈએ, કાં તો દયા પાળી દઈએ, દયાની મંડળી કરો, ઢીંકણું કરો, પછી એના અગ્રેસર થાય. શું કહેવાય? મંડળ-બંડળ કરતા હશે ને કાંઈક? જીવદયા મંડળ, પરોપકાર મંડળ, સમાજ સેવા મંડળ, સેવા સમાજ મંડળ. સેવા સમાજ વળી કોઈ સેવક સમાજ મંડળ.

એવા કંઈક કંઈક કરે. અમે કાંઈક કરીએ છીએ એમ અજ્ઞાની માને છે. આહાહા..!

એ વિકલ્પ બધો છે એ તારું સ્વરૂપ જ નથી. એ વિકલ્પથી એમ માને છો કે આનું કરું છું એ મિથ્યાત્વભાવ છે. આત્મા જ્ઞાયકભાવની સાથે એકત્વ થઈને જે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, સ્વને જાણતા જે જ્ઞાન પર્યાય પ્રગટી, સ્વરૂપમાં ઠરતા જે ચારિત્ર પ્રગટ્યું એવો આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો તેને જાણતા, શ્રદ્ધતા, ઠરતા થકા તે જીવ ધર્મી થઈને ધર્મરૂપે પરિણમ્યો છે. આહાહા..! ભારે આકરી વાત. સવારે પણ ઝીણી આવી અને આ અત્યારે પાછી એવી આવી. સવારે .. કલાક આવ્યું હતું ઓલું. સત્ ધર્મનું. પોણો કલાક પછી બીજું ચાલ્યું.

સત્ સ્વરૂપ છે એ તો સત્ સ્વરૂપ આત્મા સત્સ્વરૂપ છે. આત્મા જ્ઞાયકભાવરૂપ સત્સ્વરૂપ છે, જ્ઞાન જેનું રૂપ છે, રાગ ને પુણ્ય ને શરીર એનું રૂપ નથી. એ તો કુરૂપ છે. કુરૂપ એ રૂપ છે જ નહિ ખરેખર. વસ્તુ, એની શક્તિ નામ જ્ઞાનગુણ. એક જ ગુણ લીધો છે. એમાં બધું આવી ગયું. પરમભાવ. અને એની વર્તમાન પરિણતિ જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એવો જે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ આત્મા, એને જાણતો, શ્રદ્ધતો અને ઠરતો. '**સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી...**' એવો જે ભગવાન આત્મા સ્વચ્છ, નિર્મળ. લ્યો, સ્વચ્છત્વશક્તિ નાખી. સ્વચ્છત્વશક્તિ છે ને? એ સ્વચ્છત્વશક્તિ કેટલામી છે? ૧૧મી. ૪૭ શક્તિમાં છે ને. સ્વચ્છત્વશક્તિ, પ્રકાશશક્તિ ૧૨. ૧૧મી છે. સ્વચ્છત્વશક્તિ ૧૧મી છે. એઈ.. નટુ! આ હમણાં શક્તિ લાવ્યો હતો ને. ૧૪ શક્તિ છપાણી છે. ૨૦૦ પાના થયા. ૧૪ શક્તિમાં ૨૦૦ પાના.

સ્વચ્છ. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એવો પરમાત્મા પોતે, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જ્ઞાયકભાવ અને ગુણ, એને જાણતો, શ્રદ્ધતો થકો, '**સ્વચ્છ અને સ્વચ્છંદપણે...**' જોયું! સ્વચ્છંદ. અહીંયાં સ્વચ્છંદ ગુણના અર્થમાં છે. આ સ્વચ્છંદી થયો આત્મા. પોતાના અભિપ્રાયે ચાલે છે અંદરમાં, કહે છે. સ્વચ્છંદ તો દોષના અર્થમાં આવે છે બહારમાં કે આ સ્વચ્છંદી થયો. આ તો સ્વચ્છ અને સ્વચ્છંદ. અહીંયાં સ્વચ્છંદ છે ને પાછો બીજો અર્થ છે. સ્વચ્છંદપણે. સ્વતંત્રને સ્વતંત્રપણે એને અહીં સ્વચ્છંદપણે કહેવામાં આવ્યું છે. બિલકુલ નિમિત્ત અને રાગની અપેક્ષા વિના ભગવાન આત્મા પરના આલંબન વિના ભગવાન ચૈતન્ય સ્વરૂપ, એની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિમાં રમતો એ સ્વચ્છ અને સ્વચ્છંદપણે પ્રગટ થતો ઉદયમાન થયો. '**(અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન)...**' જ્યોતિ થઈ અંદરથી.

'**એવી અમંદ...**' અમંદ. ધીરી ન પડે એવી છે. અમંદ. '**અંતર્જ્યોતિ...**' ભગવાન આત્મા એને.. સમજાણું કાંઈ? '**અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી...**' મિથ્યાજ્ઞાન, મિથ્યા શ્રદ્ધા, મિથ્યા આચરણનો અભાવ હોવાથી '**(અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી**

**જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી)....**' અત્યંત અભાવ હોવાથી પરરૂપે, વિકારરૂપે નહિ થતી હોવાથી. આ કારણે એ ચૈતન્ય જ્યોતિ '**શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.**'

ફરીને. ભગવાન આત્મા જ્ઞાયક જેનો ભાવ છે, વસ્તુ છે. જ્ઞાન જેનું રૂપ છે અને જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની એવી નિર્મળ જેની જ્ઞપ્તિ નામ ક્રિયા છે. એને જાણતો, શ્રદ્ધતો, અનુચર આચરતો અને સ્વચ્છ અને સ્વચ્છંદપણે પર્યાય પ્રગટ થતી અંતર જ્યોતિ ભગવાન આત્મા. સ્વચ્છ અને સ્વચ્છંદપણે સ્વાધીનપણે પ્રકાશમાન એવી. અહીં સ્વાધીન થઈ ગયો. પેલા કહે, સિદ્ધ પણ સ્વાધીન અને પરાધીન છે. કથંચિત્ પરતંત્ર અને કથંચિત્ સ્વતંત્ર. પણ નીકળ્યા છે ને! એક જણો કો'ક કહેતું હતું. સનાવતના. એવા લાગે ને પ્રશ્ન તો ઠેકાણા વિનાના. આ પ્રશ્ન.. એવું છે. પણ હવે શું થાય? એ લોકોને ઠીક લાગે છે અને લખાણ કરનારા મદદ આપે છે ઘણાં અજીતકુમાર જેવા. અજીતકુમાર, ઓલો રાજેન્દ્રકુમાર. ભાઈ! આ તો વસ્તુ છે સ્વતંત્ર છે ને. એનું દ્રવ્ય સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર અને પર્યાય સ્વતંત્ર. એમ અહીં સિદ્ધ કરવું છે. અત્યારે વિકારની વાત નથી. વિકાર પણ સ્વતંત્ર છે. પણ અત્યારે એનું કામ નથી.

અહીં તો ભગવાન આત્મા જ્ઞાયકભાવ સ્વરૂપે સત્ સ્વતંત્ર, જ્ઞાનના ગુણરૂપે સત્ સ્વતંત્ર અને તેની પર્યાયમાં-અવસ્થામાં, પર્યાય એટલે અવસ્થા એ પણ જાણવા-દેખવાની, શ્રદ્ધવાની, શાંતિની પર્યાયરૂપ સ્વતંત્ર, સ્વચ્છ અને સ્વચ્છંદપણે અંતર્જ્યોતિ પ્રગટ થતી, એ જ્યોતિ અજ્ઞાન અને મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્રપણે નહિ પરિણમવાથી. '**જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.**' ભગવાન આત્મા.. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ જ્ઞાનરૂપ જાણવા-દેખવાની અંતરની ક્રિયામાં, પર્યાયમાં એને જાણતો-દેખતો-ઠરતો સ્વચ્છપણે-સ્વચ્છપણે, નિર્મળપણે, સ્વચ્છંદપણે પોતાની સ્વતંત્રતાપણે સ્વાધીનપણે દશા પ્રગટ કરતો અંતર્જ્યોતિને પ્રગટ કરતો નવા કર્મને ધર્માત્મા બાંધતા નથી. એવા ધર્માત્માને નવું કર્મ બંધાતું નથી. મુનિની પ્રધાનતા લીધી છે પણ સમ્યગ્દષ્ટિ એમાં લઈ લેવા. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? આટલા પેરેગ્રાફમાં અડધો કલાક તો કાઢ્યો હવે આમાં.

કેટલીક બાયું કહે, અમને સમજાય નહિ. પણ ન સમજાય શું? આત્મા છે પરમાત્મા છે ઈ. બાઈ કે દિ' હતો? આત્મા બાઈ પણ નથી, પુરુષ પણ નથી, હીજડો પણ નથી, કીડી-મકોડો કાંઈ નથી. આ દેહના આકાર-ફાકાર આત્મામાં નથી. લે. આ તો બધા હાડકાના આકાર, જડના પુદ્ગલના છે. એમાં તારામાં ક્યાં ગરી ગયા હતા? આહાહા..! ભગવાન

ચૈતન્ય જ્યોત પરમાત્મસ્વરૂપ અખંડાનંદ ભગવાન આત્મા, જેમાં પુણ્ય અને પાપના વિકલ્પો પણ નથી તેને આત્મા કહેવામાં આવે છે. આહાહા..!

એવો આત્મા દ્રવ્યરૂપે સ્વતંત્ર, ગુણરૂપે સ્વતંત્ર અને પર્યાયરૂપે સ્વતંત્ર. એવા ત્રણરૂપ આત્માનું એકરૂપ તેને જાણતા-દેખતા-ઠરતા સ્વચ્છપણે તે પર્યાય અંતર્જ્યોતિમાંથી પ્રગટ થતી, નવા કર્મને બાંધવાનું નિમિત્ત થતી નથી. એટલે કે નવા કર્મ એને બંધાતા નથી. માથે કહ્યું હતું ને? '**માટે આ સમસ્ત અધ્યવસાનો બંધના નિમિત્ત છે.**' અહીં નિમિત્ત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** હવે ચાલતી ભાષામાં જરી જયચંદ્ર પંડિત (સ્પષ્ટ કરે છે). ઓલી ઊંડી ભાષા લાગે ને ટીકાની જરી, (એટલે) ચાલતી ભાષા કરે છે. ચાલતી. '**આ જે અધ્યવસાનો છે...**' એકત્વબુદ્ધિ. '**હું પરને હણું છું...**' ભાવાર્થ છે ને ભાવાર્થ? હું આને હણું છું, આને જીવાડું છું, સુખી-દુઃખી આને કરું છું, આને મેં સગવડતા આપી, હું આનો પરોપકાર કરું છું એવો જે અધ્યવસાય તે મિથ્યાત્વભાવ છે. '**એ પ્રકારનાં છે, હું નારક છું એ પ્રકારનાં છે...**' હું માણસ છું, નારકી છું, દેવ છું એવો આત્માને માનવો એ અધ્યવસાય મિથ્યાત્વ છે.

'**તથા હું પરદ્રવ્યને જાણું છું...**' હું તો પરદ્રવ્યને જાણું છું એવી એકત્વબુદ્ધિ. હું પરદ્રવ્યને જાણું છું. સ્વદ્રવ્યનું જાણવું મૂકી દે અને આને જાણું છું એમ એકલો એકાંત માને છે. એ વિકલ્પ લીધો છે ટીકામાં. પરદ્રવ્ય આને જાણું છું એવો વિકલ્પ, એવો અધ્યવસાય તેને માને છે કે હું ધર્મ દ્રવ્યને જાણું છું એમ લીધું છે. '**જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો,...**' શું કહે છે? જ્યાં સુધી આત્માનો ને રાગાદિકનો એટલે પરને હણું છું એવો ભાવનો. '**આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો...**' હવે બીજા બોલનો. આત્માનો નારક, મનુષ્ય આદિ ભાવોનો અને આત્માનો ને '**જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય,...**' એ ત્રીજો બોલ. સાદી ભાષામાં કહ્યું છે. પણ માણસને દરકાર ન મળે, ગરજ આત્માની ક્યાં છે? અરે.. શું થશે મારું? ચોર્યાસીના અવતાર. આંખ મીંચીને ક્યાં જઈશ ભાઈ? જો આ દૃષ્ટિનો આ અનુભવ અને જ્ઞાન ન કર્યું તો એના આરા ક્યાંય ચોર્યાસીના આરામાં નથી. અહીં ગમે તેવા પુણ્ય બાંધે, રખડીને મરશે ચાર ગતિમાં. નરક અને નિગોદના ભવ છે. ...લાલભાઈ! બીક બતાવાતી હશે આ? આહાહા..! સંતોએ માર્ગ સરળ કરી નાખ્યો છે.

કહે છે, '**જ્યાં સુધી...**' જ્યાં સુધી શબ્દ પડ્યો છે ને? '**આત્માનો ને રાગાદિકનો,...**' પુણ્ય વિકલ્પ કર્યો કે આને મારું કે જીવાડું એવો વિકલ્પ. એનો ભેદ ન જાણે. આત્માનો

અને મનુષ્યાદિ કર્મોદયજનિત પર્યાયનો ભેદ ન જાણે, '**આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે.**' ત્યાં સુધી પ્રવર્તે છે. શું? અધ્યવસાય. સમજાણું? '**આ અધ્યવસાનો છે તે હું પરને હણું છું એ પ્રકારનાં છે, હું નારક છું એ પ્રકારના છે તથા હું પરદ્રવ્યને જાણું છું એ પ્રકારનાં છે. તેઓ, જ્યાં સુધી આત્માનો...**' એમ. તેવો અધ્યવસાય ક્યાં સુધી હોય? આને હું મારું છું, જીવાડું છું, આને હું મનુષ્ય છું અને આને હું જાણું છું એવો અધ્યવસાય જ્યાં સુધી છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે...**' એ પુણ્યાદિનો વિકલ્પ, મનુષ્યાદિનો ઉદયભાવ અને પરને જાણવાનો વિકલ્પાદિ. એનું ભેદજ્ઞાન નહિ થવાને કારણે '**મિથ્યાજ્ઞાનરૂપ છે,...**' એ અધ્યવસાય મિથ્યાજ્ઞાનરૂપ છે. '**મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે.**' તે ધર્માત્મા જ્ઞાની છે. આહાહા..! સમજાણું કાંઈ? .. મૂકી છે ને? શું આવ્યું પાઠમાં? પાંચમું. એક, બે, ત્રણ, ચાર, પાંચ. મુનિકુંજરો. '**त एव मुनिकुञ्जराः**' મુનિકુંજર નામ મુનિમાં હાથી જેવા. કુંજર એટલે હાથીને? મુનિની પ્રધાનપણે વાત કરી છે. તે જ્ઞાની હાથી જેવા છે. મલપતા હાથી જેમ કોઈથી ડરે નહિ. એ કૂતરા ભસે તોપણ સામું જોવે નહિ.

'**તે અધ્યવસાનો જેમને નથી...**' એટલે કે પરને જીવાડું, મારવાનો અભિપ્રાય જેને નથી. મનુષ્યાદિ છું એવો જેને અભિપ્રાય નથી, પરને જાણું છું એવો પણ જેને એકત્વબુદ્ધિનો અભિપ્રાય નથી. '**તેઓ આત્માને સમ્યક્ જાણે છે,...**' એ આત્માને સારી રીતે જેવું છે એમ જાણે છે. એ આત્માને સમ્યક્ પ્રકારે શ્રદ્ધે છે '**અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.**' એને કર્મનું બંધન છે નહિ. પહેલેથી ઉપાડ્યું છે. સમ્યગ્દૃષ્ટિને પણ અભ્યંતરની દૃષ્ટિએ બંધન છે નહિ.

મુમુક્ષુ :- શરૂઆતમાં છે.

ઉત્તર :- હા, શરૂઆતમાં ખુલાસો કર્યો હતો. આહાહા..! માણસને હજી એ રીતની ખબર ન મળે, સાંભળ્યું ન મળે અને કલ્પનાથી ઘોડા માંડ્યા હોય કે આમ થાય ને આમ થાય. હવે એને અહીં આવવું, હઠીને પાછળ આવવું ભારે આકરું. અને મનાવનારા પણ એવા, માનનારા પણ એવા. જહલો જોગી અને માલી મકવાણી બે ભેગા થઈ ગયા. એક ફેરી કહ્યું હતું. જમશેદપુરમાં. એમ આત્માની ખબર ન મળે ધર્મની એને કહે કે આ દયા, દાન, ફલાણાથી ધર્મ થાય. ઓલા કહેનારા પણ એવા એને મળે. કહેનારા ઉપદેશક એવા

મળે અને સાંભળનારને રુચતું હતું. બે થઈ ગયા ભેગા. રોતા હતા અને પીયરીયા મળ્યા. એમ કહે છે ને અમારે કાઠિયાવાડમાં. એક તો રોતી હતી અને એમાં એનો કોઈ ભાઈ કે મા-બાપ આવ્યા તો મોટી પોક મૂકે. સમજાય છે કે નહિ? બાઈ રોતી હોય ને બાઈ? એમાં કોઈ .. બહાર નીકળ્યું રાતે બહાર. એમાં કોઈ ભાઈ મળી ગયો. કેમ બેન? મૂકે પડતી સરખાઈની. એક તો જાણે રુચે છે જગતને રાગથી ધર્મ થાય ઈ અને એમાં કહેનારા એને મળે બરાબર વાત હા. પરોપકાર કરે તો આશીર્વાદ મળે. પરોપકાર જેવી જગતમાં સેવા... સેવા... સેવા.. જનસેવા.. એય.. શું આવે છે એ? સેવા ધર્મ પરમ ગહનં, યોગીનામ પણ ગોચરમ. માર ગપ્પા. સેવાનામ ગહનો ધર્મ. પરની સેવા કરવી, બાપા! એ તો દરિદ્ર નારાયણ છે. બધા આત્માઓ નારાયણ છે.

ઓલાએ ક્રમબદ્ધ નાખ્યું એમાં પાછું આ નાખ્યું. અમરચંદે. ક્રમબદ્ધ નાખ્યું એક કોર. અને એક કોર દરિદ્ર નારાયણ આવ્યા એને ભગવાનના ભેટા થયા. માટે દાન આપ એને. મૂરખ છે સાંભળને હવે. કોણ દ્રવ્ય આપી શકે ને દઈ શકે? તો આત્માનું ચિહ્ન છે. નારાયણનું એને કે દિ' ભાન છે. એ તો રાગ અને દ્વેષવાળો આત્મા છે એમ માનનારો અધર્મી અજ્ઞાની છે. અને એનું તું કરી શું શકે? સમજાય છે કાંઈ? સેવા કરવી સેવા. ધૂળનીય સેવા કરતો નથી. આત્માની સેવા કોઈ દિ' તેં કરી નથી. પરની સેવા કરી શકે છે? રાગ થાય તને રાગ. અને એ રાગથી મને લાભ થાય તો મિથ્યાત્વની સેવા કરી છે તેં. એય..! શું હશે? એ અમારે વકીલ છે તો એને હા પડાવવી જોઈએને પાછી.

'**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.**' સમજાય છે કાંઈ? આ બધા અભિમાનીઓ આ હું કરું, સેવા કરું ને મિથ્યાદૃષ્ટિ અભિમાની છે એમ કહે છે. એ આત્માના ખૂન કરનારા છે. એય.. શોભાલાલજી! ઘાત કરનારા છે. આત્મહનો ભવંતિ. એ આવે છે. અમૃતચંદ્રાચાર્યમાં. એ આવી ગયું છે પહેલું. બીજાની સેવા કરી શકું, બીજાને જીવાડી શકું, બીજાને મારી સગવડતા આપું છું એમ માનનારાએ આત્માને હણી નાખ્યા છે. આત્માને હણનારા છે. પોતાના આત્માનો ઘાત કરે છે, અંદરથી ઘા મારે છે. મિથ્યાત્વની શ્રદ્ધા દ્વારા આત્માના પ્રાણને લૂંટી નાખે છે. એય..! આ દુનિયા સાથે મેળ ખાવો આકરો. એય.. શેઠ!

હવે જરી પ્રશ્ન થાય છે કે આપ '**અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો,...**' અધ્યવસાય... અધ્યવસાન... અધ્યવસાન... '**તે અધ્યવસાન શું છે?**' સમજાણું? બીજાને જીવાડી શકું એ અધ્યવસાય મિથ્યાત્વ, બીજાને સગવડતા આપું અધ્યવસાય મિથ્યાત્વ, નારકી પોતાને માને મિથ્યાત્વ, મનુષ્યપણું પોતાને માને તો મિથ્યાત્વ, પરની સેવાનો કરનાર પોતાને

માને તો મિથ્યાત્વ, અધ્યવસાય. ઈ શું છે પણ અધ્યવસાય તમે વારંવાર કહ્યા કરો છો?

'**તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું.**' હોં. એમ શિષ્ય નરમથી પૂછે છે. તમે અધ્યવસાન કહો છો એ વાત મને બરાબર ખ્યાલમાં આવતી નથી. '**આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે :-**' પહેલા ઘણે ઠેકાણે આવી ગયું છે, હોં!

મુમુક્ષુ :- બહુ મોડું પૂછયું.

ઉત્તર :- ના ના બધું સાંભળ્યા પછી પૂછયું છે. મોડું ક્યાં? એ ગાથા ૧૯૦ આદિ ઘણી આવી છે. ૨૪૭, ૨૬૦, ૨૭૦ બધી ઘણી આવી ગઈ છે. તમે આ પૂછો છો કે અધ્યવસાય થાય. આમ બીજાને જીવાડું એ અધ્યવસાય, બીજાને મારું એ અધ્યવસાય, મનુષ્ય છું એમ માને એ અધ્યવસાય, બીજાને એકલો જાણું છું એવો વિકલ્પ તે અધ્યવસાય. શું પણ અધ્યવસાય? એ અધ્યવસાય એટલે શું? એમ શિષ્યે પ્રશ્ન કર્યો. એનો ખુલાસો વધારે સ્પષ્ટ વાત કરે છે. ઘણાં બોલો નાખવા માટે. એકલા અધ્યવસાયમાં ઘણા બોલો નાખવા. આ ગાથા છે.

**बुद्धि ववसाओ वि य अज्झवसाणं मदी य विण्णाणं।**
**एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो।।२७१।।**

નીચે હરિગીત.

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

શું કહે છે?

'**ટીકા :- સ્વ પરનો અવિવેક હોય...**' હું એક જ્ઞાયક છું અને આ રાગાદિ અને પરની ક્રિયા ભિન્ન છે એ બેનો અવિવેક એટલે કે '**(અર્થાત્ સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય)...**' સ્વપરનું જુદાઈનું જ્ઞાન ન હોય '**ત્યારે જીવની અધ્યવસિતિમાત્ર...**' '**(એકમાં બીજાની માન્યતાપૂર્વક) પરિણતિ;...**' નીચે નોટ છે. '**(મિથ્યા) નિશ્ચિતિ; (ખોટો) નિશ્ચય હોવો તે.**' અધ્યવસાય કહેવામાં આવે છે. શું કીધું? ફરીને.

મુમુક્ષુ :- પહેલા અધ્યવસાનને..

ઉત્તર :- પહેલી વ્યાખ્યા અધ્યવસાન કરીને એને નામ આપવાના છે ને. નહિ તો પાઠમાં તો બુદ્ધિ, અધ્યવસાય આદિ છે. પણ અધ્યવસાયના નામ કહેવા છે ને?

આ આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે અને રાગ અને પર વસ્તુ ભિન્ન છે. એવું બેનું જેને ભિન્નતાનું ભાન નથી, અવિવેકી છે, વિવેક નથી કે રાગ અને પર ક્રિયા ભિન્ન અને મારી

ચીજ ભિન્ન છે. એવો જેને વિવેક નથી, અવિવેકી છે. એ અવિવેક વખતનો છે ત્યારે જીવની અધ્યવસિતિ જે નિશ્ચય છે, એકમાં બીજાની માન્યતાપૂર્વક દશા છે, આને જીવાડું, આને મારું. એવો સ્વ અને પર. બે જુદા છે એનું ભાન નથી. તેથી પરમાં એકત્વબુદ્ધિ એની છે. એવી દશાને અધ્યવસાન કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**(અર્થાત્ જેને અધ્યવસાન કહ્યું તે જ) બોધનમાત્રપણાથી બુદ્ધિ છે,...**' શું કહે છે? એ પરને જીવાડું-મારું અને બચાવું, આને સુખી કરું, આ હું મનુષ્ય એવો જે એકત્વ અધ્યવસાય તેને બુદ્ધિ કહેવામાં આવે છે. બુદ્ધિ એટલે તે સંબંધીનું જ્ઞાન આમ રોકાઈ ગયું છે. એ મિથ્યાત્વ સંબંધીનું બોધનમાત્ર બુદ્ધિ કહેવામાં આવે છે. એ અધ્યવસાયને જ બુદ્ધિ કહેવામાં આવે છે. કેમ કે એ સંબંધીનું એકત્વબુદ્ધિનું જ્ઞાન કરે છે એ. સમજાય છે? એકત્વબુદ્ધિ એટલે પરને આ કરું.. આ કરું.. એવું એકત્વબુદ્ધિનું જ્ઞાન-બોધ કરે છે. બોધ એનો તે કરે છે. આત્માનો બોધ નથી, ભિન્ન છે એનું ભાન નથી. એનું જ્ઞાન ત્યાં રોકાણું છે બુદ્ધિમાં એવા અધ્યવસાયને જ બુદ્ધિ કહેવામાં આવે છે. આચાર્યે પણ કેવી વાત લીધી છે!

'**બોધનમાત્રપણાથી...**' એકલું પરને, એકલું પરને. એ બુદ્ધિ ત્યાં રોકાણી છે. બુદ્ધિ ત્યાં રોકાણી છે. આને જીવાડું, આને મારું, આનો ઉપકાર કરું, આનાથી ઉપકાર લઉં, આ હું માણસ છું, એવો જે અભિપ્રાય એમાં જે બુદ્ધિ રોકાણી છે એ અધ્યવસાયને જ બુદ્ધિ કહેવામાં આવે છે. કારણ કે બોધન-ત્યાં જ જ્ઞાનને એકલું જાણવા રોક્યું છે એણે. એ મિથ્યાત્વનું જ્ઞાન છે એમ કહે છે. એ બુદ્ધિ અધ્યવસાય મિથ્યા છે એમ કહે છે. એ બુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ છે એમ કહે છે. બહુ ક્ષયોપશમ હોય ને ઉઘાડ? પછી બહુ ડહાપણ કરતો હોય જાણે વ્યાખ્યાન, ભાષણ ને. એકત્વબુદ્ધિની જે વાત કરે છે એની બુદ્ધિ મિથ્યાત્વ બુદ્ધિ અધ્યવસાન છે એમ કહે છે. અમરચંદભાઈ! આહાહા..! ભાષણો આમ પાંચ-પાંચ હજાર, વીસ-વીસ હજારમાં (આપે). ઓહોહો..! એની બુદ્ધિ. વાહ! શું બુદ્ધિ! કહે છે, એ બુદ્ધિ તારી અધ્યવસાયની બુદ્ધિ કહેવામાં બોધન-ત્યાં મિથ્યાત્વની બુદ્ધિ છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે તો એ અધ્યવસાયને આઠ બોલે વર્ણવીને.. આ જ્ઞાનમાં એમ તું માન. છે ને? ટીકા છે, સંસ્કૃત ટીકા છે. '**બોધનમાત્રપણાથી બુદ્ધિ છે,...**' ટીકા છે. સંસ્કૃત ટીકા છે.

'**વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે,...**' કામમાં લાગ્યા રહેવું, ઉદ્યમી હોવું તે, નિશ્ચય હોવે તે. શું? પુરુષાર્થ કર્યો એણે, હું આનું કરું, આનું કરું એવો રાગનો. એને વ્યવસાય મિથ્યાત્વનો વ્યવસાય કહેવામાં આવે છે. વેપાર તો કર્યો એણે. જુઓ! આ માણસ નવરો રહે છે? કેટલો વ્યવસાયી છે. કેટલા માણસના કામમાં પડ્યો છે. કહે છે કે એ વ્યવસાયને અમે અધ્યવસાય કહીએ છીએ અને એ અધ્યવસાય-વ્યવસાયને અમે મિથ્યાત્વ કહીએ છીએ.

એ મિથ્યાત્વનો વેપાર કરે છે. જુઓ! આ વ્યવસાય નથી આવતું તમારે? આ બહુ વ્યવસાયી માણસ છે ને. જરીએ નવરો નથી. ચોવીસ કલાકમાં ત્રણ કલાક ઊંઘે છે. ખાવાનું પણ સાદુ ખાય છે. પણ જગતના પરોપકારના કામમાં વ્યયસાયે પડ્યો છે. એ પરોપકારના કામ કરું છું એ માન્યતા વ્યવસાયવાળાની મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- જીવદયા મંડળીનું કામ કરે..

ઉત્તર :- એ જીવદયા મંડળીનો વિકલ્પ છે કે હું આ કરી દઉં છે એ મિથ્યાત્વભાવના વ્યવસાયમાં પડ્યો છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ માનતો હતો? આ શેઠિયાને મોઢા આગળ સ્થાપે. ક્યાંક એવું કરે ને. આવો ભાઈ શોભાલાલભાઈ બેસો તમે. ઓલા રૂપિયા-બુપિયા લેવા માટે. પ્રમુખ ઠરાવો.

મુમુક્ષુ :- અધ્યક્ષ કરો.

ઉત્તર :- અધ્યક્ષ કરો. અગ્રેસર નામ આપે. અમારા મંડળના અધિપતિ છે. શું કરો છો તમે? મંડળની વ્યવસ્થાના કામ કરીએ છીએ. મિથ્યાત્વ છે. કોઈ પરદ્રવ્યની ક્રિયા કરી શકતો નથી ત્રણ કાળમાં. તારો મિથ્યાત્વનો વ્યવસાય છે એમ કહે છે. ભગવાનજીભાઈ! આ તમે ત્યાં મોટા તો તમને નાખે અંદરમાં. પૈસા આપવામાં.. નાખો ૨૦, ૪૦, ૩૦ લાખ રૂપિયા એની પાસે છે. નાખો થોડા આમાં. પૈસા આપે આપણને.

અહીં તો કહે છે કે પરનું કાંઈ કરી શકું છું એવો જે અભિપ્રાય મિથ્યાત્વનો તેને વ્યવસાય કહેવામાં આવે છે. એ મિથ્યાત્વનો વ્યવસાય છે. નવરો થતો નથી મિથ્યાત્વના વેપાર વિના. આહાહા..! ભારે! જેઠાલાલભાઈ! આ શું આવું હશે? આવું ખુલ્લું કરી નાખ્યું હશે? આ તો '**વ્યવસાનમાત્રપણાથી...**' વ્યવસાનમાત્ર છે ને નીચે? '**કામમાં લાગ્યા રહેવું તે;...**' કામમાંથી નવરો ન થાય.

મુમુક્ષુ :- ૪૮ કલાકનું કામ અને ૨૪ કલાકનો દિવસ હોય.

ઉત્તર :- હા. ૧૮ કલાક. કહેતા હતા નાનાલાલભાઈ. ૧૮ કલાક કામ કરતા. ૬ કલાક માંડ ખાઈ-પીને સૂતા. ૧૮ કલાક કામ કરે. નાનાલાલભાઈ હતા ને. ... છ મહિને માંડ ૨૫ રૂપિયાનો પગાર મળ્યો. પછી ઓલા બે .. થયા. પૈસા થયા હતા ને પછી? ત્રણ ભાઈ વચ્ચે કરોડ રૂપિયા. જે હોય. .. જે હોય એ.

મુમુક્ષુ :- બે ખડના પુળા ભેગા થયા.

ઉત્તર :- ખડના પુળા એમ બોલતા. બે પુળા ભેગા થયા એમ કહેતા. નાનાલાલભાઈ નહિ? જસાણી. બે પુળા ભેગા થયા. પહેલા હતું કે દિ'?

અહીં કહે છે, એ લખવાના વ્યવસાયમાં, બોલવાના વ્યવસાયમાં, પરનું કામ કરું એવા ભાવના ભાવમાં એકલો ભાવ છે અધ્યવસાયનો તેને મિથ્યાત્વનો વ્યવસાય કહે છે. એ.. કનુભાઈ! આ અમારે જજ રહ્યા લ્યો. ઓળખો છો? હીરાભાઈના દિકરા છે. જજ છે અમદાવાદમાં. મોટા જજ આવ્યા હતા પહેલા. નહોતા? ડાહ્યાભાઈ! આખા અગિયારના જજ. અમદાવાદમાં આખા ૧૧ મોટી ઓફિસના બધા મેજિસ્ટ્રેટ એમાં મોટા. આવ્યા હતા ને. હમણાં રહી ગયા ચાર દિ'. બહુ નરમ માણસ બહુ નરમ. બહુ આત્માર્થી. બિલકુલ કાંઈ અંદર નહિ હોં. ચૌદસોનો પગાર. આત્માનો બહુ .. જિજ્ઞાસા. બહુ .. આવ્યા નહોતા ડાહ્યાભાઈ? ચાર દિ' રહ્યા. ઘણા વર્ષથી... બિલકુલ નવરા થાય એટલે બસ... આ વાતે બેઠેલી બહુ. સમજાણું કાંઈ?

એ '**મનનમાત્રપણાથી મતિ છે,...**' બહુ મેં વિચાર કર્યો છે કે આને આમ જીવાડવો, આને આમ મારવો, આને આમ ઉગારવો, બહુ મનન કર્યું. તારું એ મનન બધો મિથ્યાત્વભાવ છે. એય..! રાજમલજી! મનનમાત્ર છે ને આમાં. '**मननमात्रत्वात्परिणामः**' મનન કરવું લ્યોને. બહુ મનન કર્યું છે ભાઈ! સમજ્યાને? બહુ મનન કર્યું છે એટલે શું પણ? ખોટું ને? બહુ મેં વિચાર કર્યા છે આને આમ જીવાડવા, આને આમ મારવા, આને આમ રોકવા, આને આમ હથિયાર દેવા, આને આમ કરવું, આને આમ કરવું. આને .. આમ દેવી, આને આમથી ઉગારવા, એને આમ રોગની દવા દેવી. ખૂબ મનન કર્યું છે મેં. એ મનનને મિથ્યાત્વભાવ કહે છે. એ અધ્યવસાય છે એ પરનું કરી શકું છું એવા અભિપ્રાયથી મનન કર્યું છે. એ અધ્યવસાયને અહીંયાં મિથ્યાત્વનું મનન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એવો દાખલો એક આપે છે. એક હતો અમારે ત્યાં બોટાદમાં એક માણસ હતો. એ હંમેશા દાતણ કરવા બેસે દાતણ. ત્યાં ભેંસો નીકળે, ભેંસો. ભેંસો હોય ને મોટી ભેંસ સમજો છો? ભેંસુ નીકળે. એ ગૌશાળા છે. ..ભાઈની ભેંસુ. ત્યાં છે ને ડેલો? નીકળતી. એટલે દાંતણ કરતા તો છ મહિના સુધી જોયું કે આ ભેંસ છે એના શીંગડા કેવા છે. આમ બરાબર ગોળ છે. આમ માથું નાખે તો રહે નહિ સરખું? છ મહિના વિચાર કર્યા. પછી એકવાર તો આપણે જોવું હવે નક્કી. ભેંસનું આમ જ્યાં ધણ નીકળ્યું. ભેંસનો .. કાઠી હતો ગૃહસ્થ. ડેલામાંથી. ત્યાં આણે .. નાખ્યું માથું ઓલા શીંગડા બરાબર સરખા. અને ભેંસ ભડકી. અને ઓલો દોડે. એલા પણ વગર વિચારે? છ મહિના વિચાર કર્યા હતા. વગર વિચારીને કર્યું છે કાંઈ? એ વગર વિચાર્યું આ કર્યું તેં? આ .. માથું તૂટી જશે હમણાં. એ છ મહિના વિચાર કર્યો. પણ આવા વિચાર? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- બોટાદમાં બનેલું છે.

ઉત્તર :- આ બનેલું છે, હોં! ત્યાં. અમે ત્યાં છાશ લેવા જતા. બાઈ બિચારી કાઠિયાણી અમારે તો નિર્દોષ પાણી લેવાના ને. પાણી-બાણી અમારે માટે કરેલા નહિ લેતા. જુઓ! અમારે તો છાશ જ વ્હોરવી છે. છાશ સમજ્યાને? મઠ્ઠા. છાશ જોઈતી હોય તો વાણિયામાં મળે નહિ ગાય તો ત્યાં અપાસરા .. છાશ બહુ ભરેલી હોય. અધમણ-અધમણ, મણ, બબ્બે મણ. લેવા જઈએ તો બાઈ કહે, પધારો. દસ શેર. છાશ અને રોટલો. પાણી-બાણી ઊનું કરેલું હોય ને અમારે માટે હોય તો અમે લેતા નહિ. પાણીનું બિંદુ. ઊનું કરેલું હોય તો પાણીમાં હિંસા, એ તો મહા. એક બિંદુમાં અસંખ્ય જીવ મરે. ભાઈ, આ અમારે ન ચાલે. એ ક્રિયા એ વખતે કરતા ને એવી? વહોરવા જતાં ત્યાં બિચારા બહુ આગ્રહ કરતા. એમ આ વગર વિચાર્યું એક જણે એની ભેંસના શીંગડામાં નાખ્યું માથું.

એમ આ કહે છે કે બહુ મેં મનન કર્યું હતું. શેનું? આ દેશનું કેમ થાય? કુટુંબનું કેમ થાય? ફલાણાનું કેમ થાય? બધી કળા મેં ગોતી છે. એ ઊંધે ગરી ગયો, કહે છે. કો'કના શીંગડામાં. કો'કનું કરવા મથ્યો એનું મનન? સમજાણું કે નહિ?

એ મનન. મતિ, મતિ. અમારી મતિ બહુ કામ કરે છે. શેમાં? આનું કેમ કરવું? આનું કેમ કરવું? બહુ ઘોલન કાઢે છે. રાતે ઉઠીએ તોપણ બાર વાગે નિંદ્રા ઉડી જાય તો આનું આમ કરવું, આનું આમ, સવારે આનું કરવું.. આનું કરવું. એલા! પરના કરવાની મતિ તારી મિથ્યાત્વની છે. ભગવાનજીભાઈ! ભારે આકરી વાત.

મુમુક્ષુ :- જગતે ઊંધું...

ઉત્તર :- ઊંધું કર્યું છે. આ માટે તો સમજાવે છે. બાપુ! આ મતિ તારી ખોટી છે. એ અધ્યવસાય મહા બંધનનું કારણ છે. મોટી બેડીમાં પડે છો ભાઈ, તને ખબર નથી. બે ભિન્ન-ભિન્ન પદાર્થ અને બીજા પદાર્થનું કાંઈ કરું, બીજા પદાર્થથી મારામાં થાય, તને અવિવેક છે. એ અવિવેકનું મનન છે તે મતિ તારી મૂઢ મતિ છે. એય..! એલ.એલ.બી.નું ભણતર... એ બહુ ભણ્યા છે. બહુ ભણતા. .. કહો, સમજાણું કાંઈ? આના કાયદા જીતવા અને કાયદામાં આમ કરવું, ફલાણું આમ થાશે. એ બધું મનન મિથ્યાત્વ છે એમ કહે છે. કહો, મૂલચંદભાઈ! ઓહોહો..! હવે વિશેષ બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૦, બુધવાર તા. ૧૩-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૩, ગાથા-૨૭૧, પ્રવચન-૩૩૫**

સમયસાર. ૨૭૧ ગાથા. શું કહે છે? કે આ આત્મા જે જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ છે. એને ભૂલી અને જે આત્મા એમ માને કે આ જીવને બચાવી શકું છું, મારી શકું છું એટલે કે બીજાના પ્રાણનો ઘાત કરી શકું છું, બીજાના પ્રાણની રક્ષા કરી શકું છું, બીજાને ઈષ્ટ સંયોગ આપી શકું છું, બીજાને અનિષ્ટ સંયોગ દઈ શકું છું. એવો જે અભિપ્રાય તેને અહીંયાં અધ્યવસાય-સ્વ-પરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય-કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કેમ કે એ કરી શકતો નથી અને માને છે માટે તેને અધ્યવસાય (કહે છે). સ્વ-પરના વિવેકની જેને ખબર નથી, એવું જેને ભેદજ્ઞાન નથી એ એમ માને છે.

અજ્ઞાની એમ માને છે કે હું પરને જીવાડી દઉં, પ્રાણ રક્ષા કરી દઉં આદિ. તેમ હું મનુષ્ય છું, હું નારકી છું, એ માન્યતા પણ પરદ્રવ્યની આત્મામાં એકતાબુદ્ધિનો અધ્યવસાય છે. એમ હું પરદ્રવ્યને જાણું છું તન્મય થઈને. એમાં આ મારું જ્ઞાન છે, એમાં મારું જ્ઞાન છે, એને હું જાણું છું. એવી જે બુદ્ધિ તે પણ સ્વપરની એકતાબુદ્ધિનો સદ્‌ભાવ છે. ભેદજ્ઞાન નથી. એને અધ્યવસાય, મિથ્યાત્વના પરિણામને અહીંયાં અધ્યવસાય કહેવામાં આવે છે. ચાર બોલ આવ્યા.

મુમુક્ષુ :- પરને જાણું છું..

ઉત્તર :- પરને જાણું છું ક્યાં? ખરેખર પોતાનું જ્ઞાન છે. પોતાનું જ્ઞાન છે અને પરને જાણું છું એવો વિકલ્પ કરીને એકત્વ થાય છે એ જ મિથ્યાત્વ અને અધ્યવસાય એકત્વબુદ્ધિનો છે. ઝીણી વાત છે ભાઈ! દુનિયાને વીતરાગનું તત્ત્વ પરમેશ્વર સર્વજ્ઞદેવ પરમાત્મા, જેણે અનંત પરપદાર્થ અને સ્વ ભિન્ન ભિન્ન ભાળ્યા છે. એને ઠેકાણે કોઈ એમ માને કે હું આનું કરી દઉં અને એનાથી મારામાં થાય, એ માન્યતા તદ્દન મિથ્યાત્વનો અધ્યવસાય છે. એ છોડાવવા માટે આ સમજાવે છે.

અધ્યવસાય. ચાર બોલ ચાલ્યા છે આઠ બોલમાં. એને અધ્યવસાય કહીએ. એને બોધનમાત્રથી બુદ્ધિ કહીએ. એકલો મનુષ્ય જ છું. પરને જીવાડી શકું, મારી શકું એવી બુદ્ધિનો ભાવ તેને મિથ્યાત્વનો અધ્યવસાય કહેવામાં આવે છે. એ બુદ્ધિ દુર્બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? એમ '**વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે,...**' એ વેપાર થયો અંદર અભિપ્રાયમાં. આને હું કરી શકું છું. સુખી-દુઃખી કરી શકું, મનુષ્યાદિ (છું), એવો જે વ્યવસાય-એ અધ્યવસાય-

તે મિથ્યાત્વભાવ છે. અને '**મનનમાત્રપણાથી મતિ છે,...**' એમ માનવું એવી જે મતિ એ પણ મિથ્યાત્વભાવ છે. મતિમાં એમ આવ્યું જ્ઞાનમાં એને કે આને હું કરું છું એવી મતિ તે મિથ્યાત્વભાવનો અધ્યવસાય છે. ચાર બોલ આવ્યા છે. કાલે. ચાર રહ્યા.

'**વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે,...**' એ વિજ્ઞપ્તિ એટલે પરનું કરી શકું એવી જે જ્ઞાનની વિશેષ દશા તે અધ્યવસાયને અહીંયાં વિજ્ઞાન કહેવામાં આવે છે. આ વિજ્ઞાન કરે છે ને બીજા? બીજાનું આમ કરી દઉં, આમ ઉડાડી દઉં, આ શું કહે છે? રોકેટ ઉડાડી દે છે.

મુમુક્ષુ :- રોકેટ.

ઉત્તર :- રોકેટ ઉડાડી દે છે. આનું આણે આમ કર્યું, આમાં આમ કર્યું. એ વિજ્ઞાન પરનું કરું છું એ માન્યતા મિથ્યાત્વરૂપી વિજ્ઞાન અધ્યવસાય છે. કહો, છે ને?

'**વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન છે,...**' એ વિજ્ઞાન છે મિથ્યાત્વ. આ બીડીની કળા વાળી શકું છું, બીડીના ભુંગળા આમ કરી શકું છું. એય.. શેઠ! તમારી કેવી બીડી કહેવાય? બાળ બીડી? શું કહેવાય?

મુમુક્ષુ :- એ તો નોકરો કરે છે.

ઉત્તર :- નોકરો કરે પણ આ માને કે આ કરે છે એ મિથ્યાત્વ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ વિજ્ઞાન છે. એ બુદ્ધિ જોઈએને એટલી? આમ પાંદડુ આમ કરવું, આમ નાખવું, આમ કરવું પછી આમ કરીને બધી કળા છે ને? એ વિજ્ઞાન છે કે આ હું કરું છું એ વિજ્ઞાન અધ્યવસાય મિથ્યાત્વનો છે. એમ કહે છે. કહો, જેઠાભાઈ! કહો, લખવાના ચોપડામાં પણ હુશિયારી હોય એ વિજ્ઞાન કામ કરે કે નહિ? ઓડિટર તરીકે કામ કરે બરાબર આમ હોય, આનું આમ હોય. એ વિજ્ઞાન આ કામ કરું છું, એ માન્યતા વિજ્ઞાન મિથ્યાત્વભાવ અને અધ્યવસાય છે. એય..! આત્મા પોતાની સત્તામાં હોવા સિવાય પરસત્તાનું કોઈપણ કાર્ય કરી શકું એવી માન્યતા તે મિથ્યાત્વ અને અધ્યવસાય છે.

મુમુક્ષુ :- પોતાનું કામ એ.

ઉત્તર :- પોતાનું કામ ઈ-પોતે રાગ કરે અને રાગનો અભાવ કરે. એ પોતે પોતામાં કરે. સમજાણું કાંઈ?

'**ચેતનામાત્રપણાથી ચિત્ત છે,...**' એ પરનું કરી શકું એવું જે ચિત્ત એટલે મન એ મિથ્યાત્વનું મન છે. એ અધ્યવસાય મિથ્યાત્વભાવનું ચિત્ત છે. ચિત્ત ચોંટ્યું હતું એમ નથી કહેતા? મારું ચિત્ત એમાં બરાબર ચોટ્યું હતું. આમ કરું.. આમ કરું... આ કરું... એ મિથ્યાત્વનું ચિત્ત ચોંટેલું છે અજ્ઞાનમાં. એમ કહે છે. શોભાલાલજી! કદી સાંભળ્યું નથી આવું. બરાબર છે. '**ચેતનામાત્રપણાથી ચિત્ત છે,...**' ચેતી ગયો, ત્યાં ચિત્ત ચોંટી ગયું. ચિત્ત એવું ચોંટ્યું

કે બરાબર આનું આમ કરી દઉં, આની રક્ષા કરી દઉં, આને જીવાડી દઉં, આને મારી દઉં, આને હેરાન કરી દઉં, આને રળાવી દઉં, કમાવી દઉં. આપણે ભાઈ મોટા ગૃહસ્થ માણસ, થોડુંક બીજાને કમાવી દઈએ. આપણે કમાઈએ અને બીજાને કમાવી દેવું થોડું. એમ હશે કે નહિ? આ બધા વડોદરાના તમારા બધા ઓલા આડતિયા.

મુમુક્ષુ :- બધા આડતિયાને કમાવવા..

ઉત્તર :- આ ઝાઝું કમાય તો થોડું તો એને કમાવા દેવું કે નહિ? હું કમાવી દઉં છું આને એટલું. બાર મહિને ૨૫ હજાર, ૧૦ હજાર. કહે છે કે એવું જે ચિત્ત ચોંટ્યું છે તેને મિથ્યાત્વભાવ અને અધ્યવસાય કહે છે. શેઠ! ઘરનો દાખલો આપે તો જરી એને સમજાય, ખ્યાલ આવે ને કે આ (આમ છે).

'**ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે,...**' સાતમો બોલ. એ ચેતન ત્યાં ભાવરૂપે પરિણમ્યો કે આનું આ કરવું, આનું આમ કરવું, આનું આમ કરવું. ચેતન ત્યાં ભાવમાં ભવન થઈ ગયો એનો એકાકાર. બુદ્ધિ. એને ભાવ કહે છે. એ અધ્યવસાયને જ ભાવ કહે છે. અને એ ભાવને મિથ્યાત્વ કહે છે. સમજાય છે કાંઈ? '**ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ છે.**' એને પરિણામ કહે છે. અધ્યવસાયને પરિણામ કહે છે. પરિણમ્યો એને હું આમ કરી દઉં, આનું આમ કરી દઉં, હું માણસ છું, હું પશુ છું, દેવ છું, બોલી શકું છું, ચાલી શકું છું એવા જે પરિણામ એ બે દ્રવ્યની એકતાબુદ્ધિના પરિણામ તેને મિથ્યાત્વનો અધ્યવસાય કહેવામાં આવે છે. જગતને તત્ત્વ વીતરાગનું સમજવું... આઠ બોલ થયા.

'**(આ રીતે આ બધાય શબ્દો એકાર્થ છે.)**' એ આઠેયનો ભાવ તો એક જ છે. એકાર્થ. સ્વપરની એકબુદ્ધિનો અભિપ્રાય તેના આઠ નામ છે. કહો, સમજાય છે કાંઈ? કહો! શું હશે આમાં? કનુભાઈ! આ જજ થઈને કાંઈ કરતા હશે કે નહિ? ખુરશી ઉપર બેસીને બધું સરખું ન કરે? મલૂકચંદભાઈ! જુઓ! કેટલું આચાર્યે આઠ બોલ કરી અને ભિન્ન ભિન્ન રીતે એના પરિણામ કઈ જાતનું કામ કરે છે સ્વપરની એકતાબુદ્ધિનો, એને અધ્યવસાય અને મિથ્યાત્વ કહેવામાં આવે છે. છોડી દે મિથ્યાત્વભાવ એમ કહેવા માગે છે. સ્વપરની એકતાબુદ્ધિને છોડ નહિતર તને આત્માનું મહા નુકસાન થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ આત્માની અંદરમાં સ્વરૂપમાં દૃષ્ટિ કરવી ઈ. ઈ કહેશે હમણાં. કહેશે.

'**ભાવાર્થ :- આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના પરિણામ છે.**' જુઓ! વિકારી અધ્યવસાયના પરિણામ છે. બાયું હુશિયાર હોય ને દાળ-ભાત કરવામાં, પકવાન કરવામાં, શેરો કરવામાં, મેસુબ કરવામાં. લ્યો, કો'કને આવડે નહિ

બડથોલ જેવી બાયુંને. અને હુશિયાર હોય તો આમ કેવો આમ જાળીવાળો મેસુબ કરે. મેસુબ સમજો છો? મેસુબ નથી સમજતા? મેસુર. ચણાના લોટનો થાય ને. એક શેર (લોટ) અને ચાર શેર ઘી. શક્કરપારા. ઘઉંના થાય ને? ઘઉંના શક્કરપારા થાય છે. એક શેર ઘઉં અને ચાર શેર ઘી. એને શક્કરપારા કહે છે. બહુ હુશિયાર હોય એ કરી શકે. સાધારણ કરી શકે નહિ. સાચી વાત હશે?

મુમુક્ષુ :- આપે પહેલા કીધું તો ખરું.

ઉત્તર :- કુંભાર એમ કહે કે હું વિચિક્ષણ છું તે ઘડાની વિચિત્ર પરિણામથી ઘડાની ક્રિયા હું કરું છું. આવ્યું છે ને? ઘડો સારો બનાવવામાં હું મારી કળા એમાં વાપરું છું માટે સારો બને છે. એ માન્યતા બે દ્રવ્યની એકતાનો અધ્યવસાય મિથ્યાત્વ છે. કહો, સમજાય છે કાંઈ? બુદ્ધિની કળા કાંઈ વાપરે ત્યારે કાંઈ કામ આવે ને સારામાં-પરમાં?

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ તીર્થંકર ભગવાન પાસે ગયા હતા. સીમંધર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો હતું. વિશેષ નિર્મળતા કરીને આવ્યા. આ વાત કરે છે. ભાઈ! ભગવાન તો આમ કહે છે. માથે આવી ગયું છે. જિનેશ્વર આમ કહે છે, સર્વજ્ઞ આમ કહે છે કે તું બીજાને જીવાડી શકે તો તારું આયુષ્ય તું એને આપી શકે છો? તું જીવાડી શકે છો? તું એનું આયુષ્ય હરી શકે છો? તેને મારી શકે છો? સમજાણું કાંઈ? એમ જિનવર કહે છે એમ આવ્યું હતું માથે.

'**આઠ નામોથી કહ્યા તે બધાય ચેતન આત્માના...**' આઠેય અધ્યવસાયના એકત્વબુદ્ધિના પરિણામ છે. '**જ્યાં સુધી સ્વપરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે.**' હું સત્ય બોલું છું. લ્યો. હું બોલું છું. આ ભાષા જડ છે. એને ઠેકાણે હું બોલું છું એ માન્યતા મિથ્યાદષ્ટિનો અધ્યવસાય છે. એ આવી ગયું છે બધું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ચાલું છું, બોલું છું...

ઉત્તર :- ચાલું છું, બોલું છું, ખાઉં છું, પીઉં છું, લઉં છું, દઉં છું, ગણતરી.. આપીને પૈસાની નોટું આપું છું, ગણતરીથી લઉં છું. એવી ક્રિયા હું કરું છું. એ બધી સ્વ અને પરની એકતાબુદ્ધિનો અધ્યવસાય મિથ્યાત્વ છે. પંડિતજી! ભારે આકરી વાત પણ. સમજાય છે કાંઈ?

ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવે ભિન્ન ભિન્ન પદાર્થ દેખ્યા. એક પદાર્થ બીજાનું કરે તો તે પદાર્થ નકામો હતો? કાર્ય વિનાનો હતો? તે પદાર્થ તેના ઉત્પાદ-વ્યય વિનાનો હતો? કે તે ઉત્પાદ-વ્યયનું કાર્ય બીજો કરે? એટલે બીજાના ઉત્પાદ-વ્યયનું કાર્ય આત્મા કરે એમ

માનનાર બે દ્રવ્યની એકતાબુદ્ધિવાળો મિથ્યાત્વભાવ અધ્યવસાય છે. સમજાણું કાંઈ? કહો, શું હશે? નટુ! આ દુકાને બધું તને સોંપ્યું છે ને. બધું કામ સરખું કરે છે કે નહિ?

મુમુક્ષુ :- ધ્યાન રાખવું કે ન રાખવું?

ઉત્તર :- રાખવું કે ન રાખવું? હવે શું કરવું આમાં? રાખી શકે છે? એમ તો કહે છે. ધ્યાન રાખવું એટલે પર્યાય પોતામાં થઈ છે. એ ધ્યાન. એમાં પરનું કાર્ય કરી શકે એ ક્યાં આવ્યું એમાં? નેમિચંદભાઈ! આ નેમિચંદભાઈ પણ હુશિયાર કહેવાતા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ નહિ ઓલું હતું ત્યાં સુધી એમ કહેવાતું. મિલ હતી અને ફલાણું હતું એટલે જાણે હુશિયાર. કાંઈ કરી શકે કે નહિ આત્મા? મિલનું, ગાંધીના ધંધાનું, લખવાનું. એ કહે છે કે પરદ્રવ્યની ક્રિયા એને કારણે જડમાં જડની થાય. અજ્ઞાની માને કે હું આને કરું છું તે અધ્યવસાય મિથ્યાત્વભાવ છે. એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ફરમાવે છે. એ કુંદકુંદાચાર્ય તે કહે છે. સંતો, દિગંબર સંત મુનિ.

હવે શ્લોક બહુ સારો આવ્યો છે. ગાથા બહુ સારી બધી (આવી).

**'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે...'** આચાર્ય પોતે કહે છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત હતા. ભગવાન કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા મહા સંત મુનિ મહા. બે હજાર વર્ષ પહેલાં ૪૯ સંવત્ લગભગ. પછી એક અમૃત ચંદ્રાચાર્ય દિગંબર સંત (થયા). અત્યારથી ૯૦૦ વર્ષ પહેલા. ભગવાન કુંદકુંદાચાર્ય પછી હજાર વર્ષે. અમૃતચંદ્રાચાર્ય મહા સંત દિગંબર ભાવલિંગી અમૃત આનંદના અનુભવમાં ઝુલનારા. એ આચાર્ય એમ કહે છે કે **'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યા છે...'** ભગવાને. છે શેઠ? ક્યાં છે?

મુમુક્ષુ :- અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે...

ઉત્તર :- બરાબર છે. બરાબર છે.

અમૃતચંદ્રાચાર્ય સંત મુનિ ભાવલિંગી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝુલવાવાળા છે. ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. આનંદકંદમાં અનુભવ (આવે) અને ક્ષણમાં વિકલ્પ ઉઠે. એવી દશામાં કહે છે, ભગવાને જ્યારે પરનું કરી શકું નહિ એમ કહ્યું અને કરી શકે એવો ભાવ અધ્યવસાય છે, એ અધ્યવસાય છોડવાનો કહ્યો, એ અધ્યવસાય ત્યાગવા યોગ્ય કહ્યા. ત્યાગવા યોગ્ય કહ્યાને? પરનું કરી શકું છું એ અભિપ્રાય છોડી દે.

**'તેથી એમ સમજાય છે...'** હવે અમૃતચંદ્રાચાર્ય કહે છે, અમને તો એમ લાગે છે કે **'ભગવાને વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે...'** હા, હા. ટીકામાં છે ટીકામાં. આ કળશમાં

છે જુઓ! એમ કંઈ અદ્ધરથી નથી મારે દલીલ નક્કી કરવાની. એ વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે. ખરેખર વ્યવહારનયનો જ ત્યાગ કરાવ્યો છે એના વિષયને છોડાવીને. '**અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે.**' અમૃતચંદ્રાચાર્ય કહે છે, ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એમ જ્યારે ફરમાવે છે કે પરનું જીવન-મરણ તારા અધિકારની વાત નથી માટે તે અભિપ્રાય છે એ છોડી દે.

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धनन्ति सन्तो धृतिम्।।१७३।।**

ઓહોહો..! શું અમૃતચંદ્રાચાર્ય! સંતો, મુનિઓ, દિગંબર મુનિઓ શાસ્ત્રની રચનામાં નિમિત્ત થયા. મહા અલૌકિક વાતું કરી છે. સમજાય છે કાંઈ? એક શ્લોક, આ એક લ્યો તો આખો નિકાલ કરી નાખે એવું છે. એ આ પાઠમાં જ છે હોં! ઓલું વ્યવહારનું. જુઓ!

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धनन्ति सन्तो धृतिम्।।१७३।।**

'**धृतिम्**' '**धृतिम्**'નો અર્થ સ્થિર છે ને? સ્થિરતા. આનંદ. મૂળ તો આનંદ છે. ધીરજ કર. આનંદનો અનુભવ કર. એમ કહે છે. શું કહે છે હવે સાંભળો.

'**શ્લોકાર્થ :- આચાર્યદેવ કહે છે કે :- સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે...**' એટલે કે આ આત્મા સિવાય પરપદાર્થનું કોઈપણ કાર્ય કરી શકું છું એવો જે અધ્યવસાય '**સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ...**' વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વરે '**પૂર્વોક્ત રીતે...**' પૂર્વે કહી એ રીતે. પરનું મરણ કેમ કરી શકે તું? એના આયુષ્યના નાશ વિના? એનું જીવન કેમ કરી શકે? એના આયુષ્યની સ્થિતિના અભાવ વિના? સ્થિતિ હોય તો પ્રાણ રહેશે. સ્થિતિનો અભાવ હશે તો મરણ થશે. તું શું કરી શકે? સમજાણું કાંઈ? એમ ભાષા બોલવાની પર્યાય, ભાષાની પરમાણુની પર્યાય થશે તો ભાષા થશે. તું ભાષા કરી શકે? ભાષા ધ્વનિ છે-જડ જડ. પરમાણુની પર્યાય, પરમાણુ પદાર્થ છે. અનંત પરમાણુનો સ્કંધ એની ધ્વનિ આ પર્યાય ઉઠે છે. આત્માથી છે? આત્મા એને કરી શકે છે? આત્મા કર્તા અને વાણી કર્મ એમ છે?

કહે છે કે ભગવાને જ્યારે આત્મા સિવાય બીજા બધા પદાર્થોની પર્યાયનું કર્તવ્ય તેં માન્યું છે એ અધ્યવસાયને છોડાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! શોભાલાલભાઈ! સીધી

વાત છે? આહાહા..! ભાઈ! તું તારી સત્તામાં અને તારી સિવાયના બીજા આત્માઓ અને બીજા પરમાણુઓ એ એની સત્તામાં. એના સત્તાના કાર્યમાં તું કાંઈ કરી શકે એ માન્યતા તારી તદ્દન મિથ્યાદષ્ટિની છે. એમ '**જિન ભગવાનોએ પૂર્વોક્ત...**' એટલે ચાલ્યું આવે છે. '**ત્યાગવાયોગ્ય કહ્યાં છે...**' એ અધ્યવસાય સ્વપરની એકત્વબુદ્ધિ એ તારી માન્યતા જૂઠી છે, પરનું કાંઈ કરી શકતો નથી. માટે તે અધ્યવસાયને ત્યાગવા યોગ્ય કહ્યા છે. છોડ અભિપ્રાય.

'**તેથી અમે એમ માનીએ છીએ...**' જુઓ! હવે અહીં સિદ્ધાંત છે આખો. ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ કહે છે. '**તેથી અમે એમ માનીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.**' આહાહા..! જેટલો પરાશ્રય ભાવ દયા, દાન, વ્રત, પરિણામ, શુભાદિ આવે એ બધો વ્યવહાર તે ભગવાને શ્રદ્ધામાંથી છોડાવ્યો છે. છોડ વ્યવહાર પરના આશ્રયનો ભાવ તને લાભદાયક છે નહિ. આહાહા..! ભારે વાતું, ભાઈ! ધીરેથી સમજજો. ધીરેથી સમજજો હોં! આ વાત તો અનંત કાળે એણે લક્ષમાં લીધી નથી.

ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે કે તારો આત્મા મનુષ્ય છે એમ નથી. છતાં તું માને છે કે મનુષ્ય છું એ એકત્વબુદ્ધિ અધ્યવસાયની પર સાથે તારી છે. ભાષા બોલી શકું છું એ જડની સાથેની તારી એકત્વબુદ્ધિ છે. એવા અધ્યવસાયને છોડ. એમ ભગવાને છોડવાનું કહ્યું છે. મૂલચંદભાઈ!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કીધું ને. નિમિત્તથી કહ્યું એ તો. કોણે કર્યું? હોય એને છોડવાનું હોય કે ન હોય એને છોડવાનું હોય?

ખરેખર તો જુઓ તો આ અધિકાર આગળ આવશે હવે. મોક્ષમાર્ગ જે છે એ તો ખરેખર શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ દૃષ્ટિ-જ્ઞાન અને શાંતિ થાય એ એક જ મોક્ષમાર્ગ છે. વચ્ચે જે રાગનો ભાવ આવે, જેને વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ રાગ છે. વ્યવહાર છે. પંચ મહાવ્રતનો ભાવ એ રાગ છે. શાસ્ત્રનું જ્ઞાન એ પર તરફનો વિકલ્પનો રાગ છે. એ રાગ છે તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવો એ નથી તેને કહેવો એ વ્યવહાર છે. એ વ્યવહારને અહીં શ્રદ્ધામાંથી છોડાવે છે. આહાહા..! અમરચંદભાઈ! ભારે! આહાહા..!

પરનું કરી શકું એ અભિપ્રાય તો છોડાવ્યો. એ તો તારી વાત ખોટી. પણ આચાર્ય કહે છે કે અમને તો એમ લાગે છે કે ભગવાને જ્યારે પરને છોડાવ્યો, એકત્વબુદ્ધિ જ્યારે છોડાવી તો મને તો એમ લાગે છે કે પરાશ્રયથી થતો જેટલો ભાવ વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વિકલ્પ જે ઉઠે છે તે ભગવાને પરાશ્રય જાણીને તેને છોડાવ્યો છે. આહાહા..!

ભારે કઠણ. જુઓ.

ભગવાને જ્યારે **'જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ...'** સંતો એમ કહે છે કે અમે એમ માનીએ છીએ. મુનિ કહે છે કે અમે એમ માનીએ છીએ **'કે પર જેનો આશ્રય છે...'** છે ને પાઠમાં? **'अन्याश्रयस्त्याजितः'** સંસ્કૃત છે બીજી લીટી. વાંચે નહિ, વિચારે નહિ, સમજે નહિ અને ધોકો લઈને બેસે. ધોકો સમજો છો? લાકડાનો નથી હોતી ધોકો? કપડા ધોવાનો. ધોકો કહે છે ને? શું કહે છે? લાકડાનો ધોકો હોય છે. કપડા ધોવાનો હોય છે ને? મોગરી?

કહે છે અમૃત ચંદ્રાચાર્ય મહારાજ મહાસંત ભાવલિંગી, જેને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે, પંચ મહાવ્રતનો વિકલ્પ છે પણ છતાં એ કહે છે, ભગવાને જ્યારે એમ કહ્યું કે પર અને સ્વની એકતાબુદ્ધિ છોડ, પરનું કરી શકે નહિ. તો પર જેમ વ્યવહાર છે એમ પરાશ્રિત ઉત્પન્ન થયેલો જે વિકલ્પ છે રાગ વ્યવહાર, દયા, દાન, વિકલ્પ છે એ પણ પરાશ્રિત થયેલો ભાવ છે. માટે હું એમ માનું છું કે ભગવાને એ પણ છોડાવ્યો છે. પંડિતજી!

મુમુક્ષુ :- .. પોકાર છે.

ઉત્તર :- હા, પોકાર છે. અહીં તો વસ્તુની સ્થિતિ એવી છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, શેઠી! એ શેઠી આવ્યા હતા પહેલા એ લાવ્યા હતા ગડબડ મોટી. બધા લઈને આવ્યા હતા. આ તો શેઠની વાત કરી. મુખ્ય. કહે છે... એમાં શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ બોલોને ત્યારે. આ મિથ્યાત્વભાવ છોડાવ્યો છે એ મુનિઓને માટે છે? કે સમ્યગ્દર્શન નથી એને માટે? ઠીક છે. શેઠી પ્રશ્ન કરે છે.

અહીં તો મિથ્યાદષ્ટિ છે એને તો પહેલું કહ્યું કે પરનું કરી શકે એવો અભિપ્રાયવાળો જીવ છે એને કહે છે કે એ અભિપ્રાય છોડ. એને ને એને કહે છે કે તું પરાશ્રિત ભાવ થાય વિકલ્પ એ આદરવા જેવો નથી. હેયબુદ્ધિએ હો, પણ આદરવા જેવો છે નહિ. શેઠી! ઠીક બોલ્યા પણ શેઠી બોલ્યા ખરા થોડું. પોઈન્ટ કાઢ્યો. ટાઢા માણસ છે ને ઈ. મીઠા માણસ છે ને. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! આ મોટા ઝઘડા અત્યારે. વ્યવહારથી થાય, વ્યવહારથી. પણ વ્યવહાર કહેવો કોને એ ખબર છે તને? આત્મા... અહીં કહેશે જુઓ!

**'પર જેનો આશ્રય છે...'** પર જેનો આશ્રય છે. દયા, દન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્ર, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર આચરણ એ રાગમાં પર જેનો આશ્રય છે. પર ઉપર લક્ષ છે એનું. **'એવો વ્યવહાર સઘળોય છોડાવ્યો છે.'** છે પાઠ? **'निखिलो'** જુઓ પાઠ છે. **'स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।'** **'निखिलो'** નામ

સર્વ પ્રકારનો વ્યવહાર દૃષ્ટિમાંથી છોડી દે. ભગવાન આત્મા આનંદકંદ (છે) તેની દૃષ્ટિ અને અનુભવ કર. એ નિશ્ચય અનુભવ કર તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે કઠણ જગતને.

વીતરાગનું તત્ત્વ અનાદિ સનાતન માર્ગ છે આ. આ કાંઈ નવો કલ્પિત નથી. સમજાય છે કાંઈ? દિગંબર માર્ગ એ અનાદિ સનાતન તત્ત્વ છે. પછી બીજા અંદરથી માર્ગો નીકળ્યા ફેરફારવાળા એ કાંઈ વાસ્તવિક તત્ત્વ નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ જે અનાદિ સનાતન તત્ત્વ (જોયું) છે એમાંથી અમૃતચંદ્રાચાર્ય કહે છે, ભગવાન આમ કહે છે. ભગવાન આમ કહે છે કે આ આત્મા પરનું કાંઈ કરી શકે એવા અભિપ્રાયને છોડવાનું કહે છે. તો એમાંથી હું એમ કાઢું છું કે પરની એકતાબુદ્ધિ તો છોડ, પણ પરને આશ્રયે થતો દયા, દાન, વ્રત આદિ શુભ પરિણામ પણ છોડ દૃષ્ટિમાં એમ હું માનું છું. એમ કહે છે. પંડિતજી! આહાહા..!

અરે..! તને શ્રદ્ધાની ખબર ન મળે, દૃષ્ટિની ખબર ન મળે અને મોક્ષમાર્ગમાં અમે છીએ. માને અનાદિથી. રામસ્વરૂપજી! શું કહ્યું? દેખો! '**व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः**' આહાહા..! ખુલાસો તો કરશે હોં! ૨૭૨માં લેશે. એનો તો આ ઉપોદ્‌ઘાત છે. ૨૭૨. અને અન્ય આશ્રિતતા. પરનું કરી શકું છું, એવો અભિપ્રાય જૂઠો છે, એમ પરાશ્રય જેટલી વૃત્તિ ઉઠે છે શુભરાગની દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારું જ્ઞાન, વ્યવહારું આચરણ એ બધું કહેશે. છ કાયની દયાનો ભાવ. એ બધો પરાશ્રય ભાવ છે. એ સ્વાશ્રય નથી. એ પરાશ્રયભાવ '**निखिलोऽप्यन्याश्रयस्त्याजितः**' અન્યનો આશ્રય, પરનો આશ્રય, સ્વથી વિપરીતનો આશ્રય છે. સ્વ-ભગવાન આત્માથી પરનો આશ્રય સ્વથી વિપરીત આશ્રય છે. આશ્રય વિપરીત છે. માટે વિપરીત આશ્રય હોવાથી તે ત્યાજિત છે. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં એ છોડવા લાયક છે એમ કહે છે. નહિતર એની શ્રદ્ધા-સમ્યગ્દર્શન સાચું થશે નહિ.

મુમુક્ષુ :- પહેલી અવસ્થાની વાત છે.

ઉત્તર :- પહેલી અવસ્થાની વાત છે. આહાહા..!

જુઓને! આચાર્ય પોતે કહે છે હજી તો. શું કહ્યું? '**તેથી અમે એમ માનીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય...**' વ્યવહાર જ, એમ. બધો વ્યવહાર. જેટલો ગુણગુણીનો ભેદનો વિકલ્પ ઉઠે રાગ એ બધો પરાશ્રય વિકાર ભાવ છે. તે સ્વ-આશ્રયના ભાવથી વિપરીત ભાવ છે. માટે સ્વઆશ્રયના કરનારાએ પરાશ્રિત ભાવ દૃષ્ટિમાંથી છોડવો જોઈએ. એમ કહે છે. આહાહા..! ભારે કઠણ.

'**તો પછી,...**' હવે કહે છે આચાર્ય પોતે. '**આ સત્પુરુષો...**' સંત છે ને? '**सन्तो**'.

સંત છે ને? ૧૭૩ શ્લોકનું છેલ્લું પદ. '**सन्तो**' અરે સંત! એટલે સત્પુરુષ. એમ. હે સત્પુરુષ! આપણે આવ્યું હતું કાલે. વસ્તુ જે સત્ ધર્મ છે ને? આવ્યું હતું ને કાલે? અણગાર ધર્મામૃતમાં. વસ્તુ જે શુદ્ધ છે તે સત્ સ્વરૂપ છે. અને એની અંદર નિર્વિકલ્પ દર્શન-જ્ઞાન-ચારિત્ર કરવું તે સત્ એનો ભાવ છે. સદ્ભાવ. એને માનનારો તેને સત્પુરુષ કહે છે. સમજાણું કાંઈ?

'**તો પછી, આ સત્પુરુષો...**' આ એક સત્પુરુષ કીધું છે. એમ નથી કીધું કે મુનિઓને. અહીં તો સત્પુરુષોની વાત કરી છે. સંત શબ્દ પડ્યો છે ને? સંતો. '**એક સમ્યક્ નિશ્ચયને જ...**' જુઓ ભાષા. '**એક સમ્યક્ નિશ્ચયને જ...**' ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ અંતર આનંદ સ્વરૂપ એવો જે સમ્યક્ સ્વભાવ તે નિશ્ચયને જ '**નિષ્કંપપણે...**' કંપ વિના અંતરનો આશ્રય લઈને '**અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં...**' શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ પરમાત્મા પોતે આત્મા છે. '**શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?**' અરે..! અંદરનો આનંદનો સ્વાદ કેમ નથી લેતા? એમ કહે છે. આહાહા..!

શું કહે છે? ધૃતિ કહે છે ને? ધીરજ કર. ધીરજ કર. સ્થિર થા. સ્થિર થાય ત્યારે આનંદનો અનુભવ (થાય). ચૈતન્યના સ્વઆશ્રયની દૃષ્ટિ-જ્ઞાનમાં આનંદ આવે છે. પર આશ્રયનો જેટલો વિકલ્પ ઉઠે એ બધું દુઃખરૂપ છે. આહાહા..! હોય ખરો. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવો ભાવ આવે ખરો. આવે પણ તે હેય છે, ઉપાદેય છે નહિ. એમ સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ એવો થયો. આ તો ભાઈ ધૃતિમાંથી જરી (આવ્યું) કે જે વ્યવહાર છે એ અધીરજ ભાવ છે. પરાશ્રય ભાવ બધો આકુળતામય ભાવ છે. આહાહા..! સંતોની કથની અને એની રીતનો અનુભવ ઘણી સાદી ભાષામાં મૂકવાની ઢબ છે.

ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! એ સચ્ચિદાનંદ સ્વરૂપ તારું પૂર્ણાનંદનો નાથ પૂર્ણ છો તું અંદર. એવા આનંદના સ્વરૂપમાં, નિશ્ચયમાં અંતર સ્થિર થા. એની દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરીને સ્થિર થા કે જેથી તને ધીરજભાવ એટલે સંતોષભાવ, આનંદભાવ, શાંતિભાવ, સુખનો તને અનુભવ થશે. નિશ્ચયમાં સુખનો અનુભવ થશે. વ્યવહારમાં દુઃખનો અનુભવ છે. આહાહા..! આ ખરેખરી ક્રિયા છે. ક્યાં ગયા? નથી ભાઈ? ગયા ખીમચંદભાઈ? ઠીક! સમજાણું કાંઈ? ઓહોહો..! એક કળશ જ તે એવો છે. અને ભાઈએ તો કર્યું છે આ બનારસીદાસે. આ કળશમાં પોતે કર્યું છે ને આ કળશનું?

મુમુક્ષુ :- ૪૦૮.

ઉત્તર :- ૪૦૮ બંધ અધિકાર છે ને આ? ના ૪૦૮ નહિ. બંધ અધિકારની વાત છે. ૪૦૮ ન હોય.

મુમુક્ષુ :- બંધ અધિકારનું ૧૧મું પદ.

ઉત્તર :- ક્યાંક લખ્યું તો હશે આમાં. નથી? બધા અજાણ્યા આવે છે ને શ્લોક. બંધ અધિકાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું આવ્યું? આ આપ્યું છે ને. એ તો ખબર છે ને. પણ આ નીકળે ત્યારે ને. એને નીકળવું હોય ત્યારે નીકળે ને. વસ્તુ સ્વભાવ એ પછી. નહિ? ... આ આવ્યું. શું કહે છે જુઓ. આ શ્લોકનું હિન્દી છે. બનારસીદાસે બનાવ્યું છે.

'અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત્વ ભાવ,
તેઈ વિવહાર ભાવ કેવલી-ઉકત હૈ.'

અસંખ્ય પ્રકારના અધ્યવસાય જે મિથ્યાત્વ છે કે પરનું કરી શકું છું, પરનું આમ કરી શકું, પરને ઉપદેશ દઈ શકું, વાણી કરી શકું. આદિ અસંખ્ય પ્રકારના જે મિથ્યાત્વભાવ છે તે વ્યવહારભાવ છે. 'કેવલી-ઉકત હૈ.' સર્વજ્ઞ ભગવાન તેને મિથ્યાત્વ અને વ્યવહાર કહે છે. કેમ કે વ્યવહારથી લાભ માને છે એવી એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે એમ કહે છે. 'જિન્હકૌ મિથ્યાત ગયૌ' એય.. શેઠી! આ મુનિની વાત નથી એમ કહેવાય છે. સાંભળો. 'જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક્ દરસ ભયૌ, તે નિયત-લીન' તે નિયત લીન. આ કહે છે ઈ. એ શ્લોકનું જ હિન્દી પદ છે.

શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, એની અંતર શ્રદ્ધા નિશ્ચયની અને નિશ્ચયનું જ્ઞાન અને નિશ્ચયની લીનતા એ સમ્યગ્દૃષ્ટિ નિયતમાં લીન છે. 'વિવહારસૌ મુક્ત હૈ.' સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનમાં એની વાત કરી છે અહીંયાં. જુઓ, શ્લોક છે બનારસીદાસનો આમાં. આ કળશનો અધિકાર છે ને આપણે? રાજમલજીની ટીકા. એમાંથી આ સમયસાર નાટક બનાવ્યું છે. રાજમલજી ટીકા છે ને આપણે? છપાણા છે ને આ કળશટીકા? અમૃતચંદ્રાચાર્યના કળશો એની રાજમલજીએ ટીકા કરી છે. અલૌકિક ટીકા! જે આપણે સવારમાં વંચાય છે. એમાંથી સમયસાર નાટક બનાવ્યું છે. એ પોતે લખ્યું છે કે મેં એમાંથી બનાવ્યું છે. એનો આ કળશ છે. એમાં આ કહે છે.

'અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,
તેઈ વિવહાર ભાવ કેવલી-ઉકત હૈ.
જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક દરસ ભયૌ,
તે નિયત-લીન વિવહારસૌં મુક્ત હૈ.'

સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ જ્ઞાન અને રમણતા નિશ્ચયમાં લીન

છે. 'વિવહારસૌં મુક્ત હૈ.' વ્યવહાર છે. છે તો ખરો પણ અંતર દૃષ્ટિમાં એ મુક્ત છે, એનું એકત્વ નથી. આહાહા..! અમરચંદભાઈ! વ્યવહાર છે. ન હોય તો હેય ક્યાંથી કર્યું? આત્મા ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ભગવાન પૂર્ણાનંદની મૂર્તિ, એનો આશ્રય કરીને જે નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન. નિયત લીન. ચોથામાં નિયત સમ્યગ્દર્શનમાં લીન (છે) એમ કહે છે. કહે છે ને વ્યવહાર સમકિતી ચોથે હોય, નિશ્ચય આઠમે હોય. સાંભળને. વ્યવહાર સમકિત એ સમકિત જ નથી. એ તો રાગ છે. આહાહા..! શ્રદ્ધા નામનો ગુણ છે આત્મામાં અનાદિ. એની બે પર્યાય હોય. કાં મિથ્યાત્વ પર્યાય હોય અને કાં સમ્યગ્દર્શનની પર્યાય હોય. મિશ્રપર્યાય અંતર્મુહૂર્ત (રહે) એની વાત નથી. સમજાય છે? તો આ વ્યવહાર સમકિત સમ્યગ્દર્શનની કઈ પર્યાય છે? ઊલટી પર્યાય છે? વ્યવહાર સમકિત તો શુભરાગ છે.

મુમુક્ષુ :- પર્યાય જ નથી સમ્યગ્દર્શનની.

ઉત્તર :- એ તો પર્યાય જ નથી સમ્યગ્દર્શનની. સમજતા નથી. કાંઈ સમજે નહિ તત્ત્વને.

ભગવાન આત્મામાં અનંત ગુણ છે. એમાં એક શ્રદ્ધા નામનો ગુણ અનાદિઅનંત છે. એ જ્યારે પરનું હું કરી શકું, પરની એકત્વબુદ્ધિ-પુણ્યમાં સુખ છે એવી માન્યતા છે તે શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય છે. પર્યાય છે. અને આત્મા નિશ્ચય સ્વરૂપનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન કહ્યું એ સમ્યક્ શ્રદ્ધાની સુલટી પર્યાય છે. બસ! આ સિવાય ત્રીજી પર્યાય ક્યાંથી લાવ્યા? સમજાય છે કાંઈ? ત્યારે જે વ્યવહાર સમ્યગ્દર્શન છે એનો અર્થ ઈ કે નિશ્ચય જે સમ્યક્ આત્માની દૃષ્ટિ અને અનુભવ થયો, એમાં જે રાગ રહ્યો હવે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે એ રાગ, પંચ મહાવ્રતના પરિણામ રાગ. એ વ્યવહાર મોક્ષમાર્ગ છે એ રાગ છે. એ રાગ છે એ સમ્યગ્દર્શનની ઊલટી-સુલટી પર્યાય છે જ નહિ. શું કરે? એ રાગને વ્યવહાર કહેવો, એ કહે છે કે છોડ દૃષ્ટિમાંથી. એ કંઈ આશ્રય કરવા લાયક નથી. સમજાય છે કાંઈ?

'નિરવિકલપ નિરુપાધિ આતમ સમાધિ, સાધિ' હજી અડધો બાકી છે. નિર્વિકલ્પ ઓલું નિશ્ચય કીધું ને નિષ્કંપ? 'નિરવિકલપ નિરુપાધિ આતમ સમાધિ,...' શુદ્ધ ચૈતન્યમૂર્તિની અંતર દૃષ્ટિ અને સમાધિ સાધી.

'સાધિ જે સુગુન મોખ પંથકૌ ઢુકત હૈ.
તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ હ્વૈકે,
ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૈ.'

સમજાય છે કાંઈ? અહીં એ કહે છે કે '**એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ વસ્તુ છે એની નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ દૃષ્ટિ કરો. એ નિશ્ચય સમકિત તે નિર્વિકલ્પ દૃષ્ટિ છે. એનું જ્ઞાન એ નિર્વિકલ્પ સ્વસંવેદન

જ્ઞાન છે. એમાં સ્થિરતા અરાગી પરિણામ, વીતરાગી પરિણામ તે ચારિત્ર છે. ચોથે ગુણસ્થાનથી સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે.

તેથી નિશ્ચયમાં લીન હે સત્પુરુષો! '**એક સમ્યક્...**' એક કહીને શું કહે છે? સમજાણું? એકમાં બે નહિ હવે. એક. એક કહેતા ભાઈ, અર્થ ત્યાં કર્યો છે. નિરપેક્ષ કર્યો છે. એક. પરની અપેક્ષા વિનાનું નિરપેક્ષ. એમ ત્યાં છે. સમજાણું ને? આમાં છે. આમાં છે. આમાં આણે નથી કર્યું. ઓલામાં એકમાં.. ઘણું કરીને આમાં છે. શું છે? પરિગ્રહનો પાઠ છે. છે ને? એકમ છે આમાં તો લ્યો. '**एकं अन्य निरपेक्षं**'. બહુ સરસ. એક એવો ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ તેની દૃષ્ટિ-જ્ઞાન કર, પરની અપેક્ષા વિના. સમજાય છે કાંઈ? આ શુભચંદ્રાચાર્યની ટીકા છે સંસ્કૃત. પરમ અધ્યાત્મ તરંગિણી.

શું કહ્યું? હે આત્મા! હે સત્પુરુષ! એમ કરીને કહ્યું છે. હે સત્પુરુષો! સત્પુરુષો શબ્દે આદમી એકલા એમ કાંઈ નથી હોં. આત્મા. સ્ત્રીનો આત્મા એ આત્મા છે. એ તો કાંઈ સ્ત્રી નથી. એ તો આત્મા અખંડાનંદ જ્ઞાનઘન આત્મા છે. તો હે સત્પુરુષો! તમે આત્મામાં સમ્યક્ નિશ્ચયને. સમ્યક્ નિશ્ચયને-યથાર્થ સત્ નિશ્ચય જે વસ્તુ એમાં નિષ્કંપપણે અંતર એકાગ્ર થાઓ, એને નિશ્ચયને અંગીકાર કરો.

'**શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ....**' સમજાણું? '**એક સમ્યક્ નિશ્ચયને...**' વ્યવહારની અપેક્ષા વિના એમ ભાઈ અહીં. આહાહા..! ભલે હો, પણ નિશ્ચયમાં વ્યવહારની અપેક્ષા છે જ નહિ. આહાહા..! વ્યવહાર છે ખરો. વ્યવહારનયે વ્યવહારની અપેક્ષા છે. નિશ્ચયમાં એની અપેક્ષા છે નહિ. અમરચંદભાઈ! આહાહા..! નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ જ્ઞાયકની પ્રતીતિ જ્ઞાન અને રમણતા. એ એકરૂપ છે. એને વ્યવહારની અપેક્ષા છે નહિ. વ્યવહાર છે તો નિશ્ચય છે એમ છે નહિ. એમ કહે છે. મોતીલાલજી! આહાહા..! અરે..! ભગવાનનો માર્ગ એને ખ્યાલેય (નથી). સાંભળવા મળે નહિ. એ વિચારે કે દિ' અને માને કે દિ' અને રુચે કે દિ'?

કહે છે, '**એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે...**' ભગવાન આત્મા શુદ્ધ વીતરાગ ઘન આત્મા છે. એનો આશ્રય લઈ એકને જ. વ્યવહારના વિકલ્પો છે એની અપેક્ષા વિના. એટલે કે વ્યવહારના વિકલ્પો છે તો નિશ્ચય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? અહીં તો ઉડાવ્યું. કહ્યું છે ને બીજે ઠેકાણે? વ્યવહાર સાધન અને સાધ્ય. એ તો નિમિત્તના કથન છે. વસ્તુની સ્થિતિ એમ નથી. આહાહા..! ભારે રાડ ભાઈ! ભારે કળશ છે. અલૌકિક કળશ છે આ. એ ૭૨, ૭૩, ૭૪નો ઉપોદ્‌ઘાત છે આ બધો.

ભાઈ! કહે છે, પ્રભુ! તારી નિરપેક્ષતા વસ્તુની રાગની અપેક્ષા વિના તારો નિશ્ચય મોક્ષમાર્ગ

તારા સ્વને આશ્રયે પ્રગટે છે. એમાં પરાશ્રયની જરૂર નથી. શ્રદ્ધાને તો પક્ષ લે, શ્રદ્ધામાં પક્ષ તો કર કે આ સ્વરૂપનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. વ્યવહારનો આશ્રય કરવાથી થતું નથી. એમ પહેલો શ્રદ્ધામાં પક્ષ લે તો સ્વનો આશ્રયનો, દૃષ્ટિનો અનુભવ થશે. નહિતર જેને પક્ષ જ જ્યાં નિશ્ચયનો નથી એને નિશ્ચયનો અનુભવ થશે નહિ. આહાહા..! બહુ (સારી) વાત છે.

હે સત્પુરુષો! એટલે હે સત્ આત્માઓ! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ને ભાઈ! અમૃતાનંદ પડ્યો છે એ. એને એક સમ્યક્ નિશ્ચયને શુદ્ધ ચૈતન્યનો આશ્રય લઈ એકને, નિમિત્તને વ્યવહારની અપેક્ષા વિનાનું એ નિશ્ચય તત્ત્વ જે છે એને સમ્યક્ પ્રકારે બરાબર નિશ્ચયને જ નિષ્કંપપણે-અસ્થિરપણું છોડી દઈને, કંપપણું છોડી દઈને નિષ્કંપ અંગીકાર કરીને. કેટલા આના ખુલાસા આવે છે. નિમિત્ત અને વ્યવહારની અપેક્ષાની વાત બહુ ઘણી એમાં આવે છે. આહાહા..! પણ ઓલી મીઠાશ છે ને. મીઠાશ પરની ને. આ... આ.. પણ શું છે એ? પર આશ્રય છે એ બધો રાગ બંધનું કારણ છે. લે. વ્યવહાર મોક્ષમાર્ગ એટલે બંધનું કારણ. બંધના કારણને મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહારનયનું લક્ષણ છે. અન્યને અન્ય કહેવું એ વ્યવહાર છે. જેમ છે તેમ તેને જાણવું એનું નામ નિશ્ચય છે. સમજાણું કાંઈ?

કેવી વસ્તુ છે એમ બતાવે છે. '**શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ...**' ભગવાન તો શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ છે. એમાં વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્ત વસ્તુમાં નથી. અભેદ છે એમાં ભેદ છે નહિ. એવો શુદ્ધ વિજ્ઞાન, શુદ્ધજ્ઞાનઘન, શુદ્ધ જ્ઞાનપિંડ એવું સ્વરૂપ, એની નિજ મહિમા. પોતાની મહિમામાં એટલે '**(આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી?**' આચાર્ય તો એમ કહે છે, જુઓ. અરે..! આત્મા! તું તારી અંતર મહિમા કરી ને તને રાગની મહિમા, નિમિત્તની મહિમા કેમ આવે છે તને? અમરચંદભાઈ! છે કે નહિ? ભગવાન! તને આ મહિમા કેમ આવે છે? પ્રભુ! તારો આત્મા પૂર્ણાનંદ શુદ્ધ આનંદ છે ને. એની નિજ મહિમા કેમ તને આવતી નથી? આ વ્યવહાર હોય તો થાય, આ હોય તો થાય ઈ તને એની મહિમા થઈ છે. આહાહા..! જ્યાં સુધી વ્યવહાર અને નિમિત્તથી થાય એવી મહિમા રહે ત્યાં સુધી નિજ મહિમા એને આવશે નહિ. એની રુચિ ત્યાં રહેશે. રુચિ ત્યાં પકડાઈ ગઈ છે. અહીં રુચિ ઠરશે ક્યાંથી? ફરશે ક્યાંથી? સમજાય છે કાંઈ? શું છે?

મુમુક્ષુ :- રુચિની વાત કરો છો. બીજાની જ્યાં સુધી મહિમા રહેશે ત્યાં સુધી...

ઉત્તર :- આ રાગ અને વ્યવહારની રુચિ રહેશે ત્યાં સુધી નિશ્ચયની રુચિ નહિ થાય. બે ઘોડે નહિ બેસાય. બે ઘોડે કહે છે કે નહિ? બે ઘોડે નહિ થાય. એક પગ ત્યાં અને એક પગ ત્યાં. એમ નહિ થાય. પડી જઈશ.

એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપ. ભાષા પણ ભાવ ભેગો લઈ લીધો. એ કેવી વસ્તુ છે? એમ. કે '**શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ...**' પાછી એની ઓળખાણ પણ આપી. શુદ્ધજ્ઞાનઘન ચિદાનંદ ઘન. એકલો વિજ્ઞાનઘનનો પિંડ પ્રભુ. એની મહિમા. એકાકાર થઈને એની મહિમામાં સ્થિરતા કેમ કરતા નથી? અરે..! એમાં સ્થિરતા કેમ આશ્રય લેતા નથી? અને આ પરનો આશ્રય લઈને લાભ થશે. અરે..! આ તને શું વળગ્યું ભૂતડું? એમ કહે છે. અમરચંદભાઈ! આ બધા વાંધા અત્યારે લોકોમાં. ઓલો કહે કે વ્યવહાર હોય તો નિશ્ચયનું થાય. પણ હવે સાંભળને. વ્યવહાર તો રાગ છે. રાગ થાય તો વીતરાગ દૃષ્ટિ થાય? ત્યારે કહ્યું છે શાસ્ત્રમાં, વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. એ તો નિશ્ચય સ્વરૂપનું ભાન છે ત્યાં આવો રાગ હોય છે તે વિઘ્ન કરતો નથી. વર્તમાન પર્યાયને વિરૂદ્ધ કરતો નથી. એટલે નિમિત્ત રૂપે અનુકૂળ ગણીને સાધનનો આરોપ આપવામાં આવે છે. સાધન તો અંતર સ્વરૂપમાં છે તે સાધન છે. સમજાણું કાંઈ? શેઠી!

સાધન તો એક આત્મામાં ગુણ છે. સાધન નામનો, કરણ નામનો એક આત્મામાં અનાદિઅનંત ગુણ છે. ભગવાન એમ કહે છે. આત્મામાં જેવો જ્ઞાનગુણ છે, આનંદગુણ છે એવો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એવા ષટ્કારકનો અંદર અનાદિઅનંત ગુણ છે. તો એ કરણ નામનો ગુણ છે આત્મામાં. એ કરણ નામના ગુણનો ધરનાર આત્મા એનો આશ્રય કરતાં એ સાધન પોતામાંથી પ્રગટ થાય છે. રાગને સાધને આત્મા પ્રગટ થાય એવું વસ્તુમાં છે નહિ. નિમિત્તના કથનોમાં એમ આવે, નિમિત્તનું જ્ઞાન કરાવવા. વસ્તુસ્થિતિ એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! એની સ્વભાવની મહિમાની મસ્તી આવે નહિ અને બહારમાં ડોલ્યા કરે, આ કરે. હવે સાંભળ, એ તો કર્યું છે અનંત વાર હવે સાંભળને. નવમી ગ્રૈવેયકે ગયો અનંત વાર. 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' 'મુનિ વ્રતધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં આત્માનું સુખ આવ્યું. આ ધૃતિ એટલે ધીરતા. ધીરજ.. ધીરજ.. અધીરને છોડ અને ધીરજમાં આવ. દુઃખને છોડ, વ્યવહાર છોડ અને નિશ્ચયના સુખમાં આવ એમ કહે છે. સમજાણું કાંઈ? આમ સુખ લેવા માગે. આપણે સુખી થાવું છે. પણ સુખી થાશે ક્યાં? ક્યાં સુખ છે? આત્મામાં કે બહાર? વ્યવહારના પુણ્ય પરિણામમાં સુખ છે? વ્યવહારરત્નત્રય એટલે શુભઉપયોગ-શુભ રાગ એમાં સુખ છે? મૂલચંદભાઈ! પણ બધું ઉડી જાય છે આમાં. હા પાડતા પરસેવા ઉતરે એવું છે આમાં.

મુમુક્ષુ :- શું ઉડી જાય પણ? દોષ ઉડી જાય છે ને?

ઉત્તર :- આ બધું બૈરા-બૈરાને બધું બેસશે કે નહિ આ? કઠણ પડે એવી વાત છે આ. એય.. ભીખાભાઈ!

આહાહા..! એક આ શ્લોક અમૃતચંદ્રાચાર્ય મહારાજનો, પછીની ગાથા ભગવાન કુંદકુંદાચાર્ય કહેશે એનો આ ઉપોદ્‌ઘાત છે. કારણ કે વ્યવહાર નિષેધ છે એમ કહેશે. ત્યારે પોતે કહે છે કે હું જ એમ માનું છું કે ભગવાને જ્યારે પરપદાર્થ જેમ પર છે એ વ્યવહાર છે અને એની એકતાબુદ્ધિ છોડાવી તો, પર આશ્રય એવો જે વ્યવહારનો વિકલ્પ ઉઠે છે તે પણ છોડાવે છે અને નિશ્ચયની દૃષ્ટિ કરાવે છે. સમજાણું કાંઈ?

ઓહો..! **'शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धनन्ति सन्तो धृतिम्'** આહાહા..! ભગવાન! તને વ્યવહારનો, વિકલ્પનો કેમ મહિમા આવી જાય છે? અને એનાથી થશે, એનાથી થશે (એમ મહિમા આવે છે). જે છોડવા યોગ્ય વસ્તુ છે એનાથી આદરવા યોગ્ય વસ્તુ થશે? સમજાણું કાંઈ? મોટા વાંધા અત્યારે આ છે જગતને. સત્ સત્‌નું શરણ લેવું જોઈએ એને કહે ના. એમ નહિ.. નહિ.. નહિ.. આ કાંઈક કરું તો અહીં થાય. બહિર્મુખ દૃષ્ટિ પહેલી હોય તો પછી અંતર્મુખમાં જવાય. એની વ્યાખ્યા શું એનો અર્થ? આ તો વ્યવહાર તો બહિર્મુખ છે, પરાશ્રય કીધું ને? આવું છે. આની દયા પાળું, આને માનું, આમ શ્રદ્ધવું, આમ જાણું એ તો પરાશ્રિત વાત છે. પરાશ્રિત એટલે પર દિશા તરફનું લક્ષ છે. એ પર દિશા તરફના લક્ષને કારણે સ્વ દિશાનું લક્ષ આવે.

એથી કહે છે, ભાઈ! ભગવાન! તું નિજ મહિમાને કરને ભાઈ! અંદર વસ્તુ છે અને આ મહિમા કેમ તને આવી જાય છે? અને એ મહિમા રહેશે ત્યાં સુધી અંદર નહિ આશ્રય કરી શકે. કરી શકીશ નહિ. નિશ્ચય દૃષ્ટિ નહિ પ્રગટે, આત્માનો અનુભવ નહિ થાય. અને અનુભવ વિના આનંદ નહિ આવે અને આનંદ વિના એ સુખી થશે નહિ. પછી કહેશે ભાવાર્થ. લ્યો વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૧, ગુરુવાર તા. ૧૪-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૩, ગાથા-૨૭૨, પ્રવચન-૩૩૬**

સમયસાર. ૧૭૩ કળશ ચાલે છે. એનો ભાવાર્થ. શું અધિકાર છે? જુઓ! બંધ અધિકાર. બંધ અધિકાર છે ને? ભાવાર્થ છે ને?

**'ભાવાર્થ :- જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે...'** શું કહે છે? જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વરે જ્યારે અન્ય પદાર્થમાં હું પરને જીવાડું છું, પરને મારું છું, પરને સુખી કરું, પ્રાણઘાત, પ્રાણરક્ષા, પરને અનિષ્ટનો સંયોગ દઈ શકું છું, ઈષ્ટ સંયોગ આપી શકું છું એવી જે પરમાં એકત્વબુદ્ધિ છે એ છોડાવી છે.

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિ...

ઉત્તર :- એકત્વબુદ્ધિ પણ હું પરનું કરી શકું છું એ એકત્વબુદ્ધિ છે.

પોતાનો આત્મા પરને જીવાડે છે, મારે છે, સુખી-દુઃખી કરે છે એ એકત્વબુદ્ધિ છે. કરી શકતો નથી, એમ માને છે. કહો, શેઠી! સમજાણું કાંઈ? અને હું મનુષ્ય છું, હું પશુ છું. ભાવ હોં! એવી એની માન્યતા એ સ્વપરની એકત્વબુદ્ધિ છે. સ્વપરની એકત્વબુદ્ધિ એ અધ્યવસાનને અહીં મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઈ? જિનેન્દ્રદેવને એટલે જિનેન્દ્રદેવે અન્ય પદાર્થ. પોતાના સિવાય. પોતાના આત્મા સિવાય. સિવાય કહે છે ને? આ શરીર, વાણી પર પદાર્થની કોઈપણ પર્યાય-અવસ્થા-હું કરી શકું છું એવા બે પદાર્થની એકત્વબુદ્ધિ છે એનું નામ ભગવાન અધ્યવસાન-મિથ્યાત્વ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'જિનેન્દ્રદેવે અન્ય પદાર્થોમાં...'** અન્ય નામ પોતાના સિવાય અન્ય કોઈપણ પરમાણુ કે અન્ય જીવ, એનું હું કાંઈપણ કરી શકું છું એવી સ્વ અને પરની એકત્વબુદ્ધિ એને ભગવાન અધ્યવસાન કહે છે. એ અધ્યવસાન છોડાવે છે. છોડ. પરનું કરી શકતો નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. **'તેથી એમ જાણવું.'** એમાંથી એમ કાઢવું જોઈએ અને સમજવું જોઈએ કે **'પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે...'** હવે સૂક્ષ્મ વાત આવી. જેમ આત્મા પરપદાર્થનું કાંઈ પણ કરી શકે નહિ. જીવાડવું, મારવું, પ્રાણ રક્ષા કરવી. એમ જે પરના આશ્રયનો અધ્યવસાય છોડાવ્યો છે તો એનાથી એમ સમજવું જોઈએ કે આત્મામાં જેટલા પરપદાર્થના આશ્રયે જે પરિણામ થાય શુભરાગ કે અશુભરાગ. ખરેખર તો અહીંયાં શુભની વાત છે.

જે શુભભાવ પરાશ્રિત ભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયે જે શ્રદ્ધા અને રાગ છે, પરના

મહાવ્રત આદિ હું પાળું છું, પરની દયા આદિ એવા જે શુભભાવ છે એ બધા પરાશ્રિત ભાવ છે. સવારમાં પ્રશ્ન હતો પરાશ્રિતનો. પર કોને કહે છે? સમજાણું કાંઈ? પોતામાં પરનું કાંઈ પણ કરવું એવી માન્યતા તો અધ્યવસાય મિથ્યાત્વ છે. એ તો છોડાવ્યું છે. સાથે એમ સમજવું જોઈએ કે પોતાના આત્મામાં પરપદાર્થના આશ્રયે જે વ્યવહાર ઉત્પન્ન થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ છોડાવ્યો છે. એ આશ્રય કરવા લાયક નથી, આદરવા લાયક નથી, દૃષ્ટિમાં એનું લક્ષ છોડીને સ્વનો આશ્રય કર એમ કહેવામાં આવે છે. છોડવાનો અર્થ? એની ઉપેક્ષા કર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કહે છે? ઉપદેશ તો અહીં કહે છે ને, નિજ સ્વરૂપ સન્મુખ થવું એ ઉપદેશ છે. સમજાણું કાંઈ? વચ્ચે એ આવે છે એનું જ્ઞાન કરાવે છે. વચ્ચે જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ આત્મામાં ન થાય ત્યાં સુધી સ્વના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ હોવા છતાં જ્યાં સુધી પરના આશ્રયે રાગાદિ થાય છે, તો એને દૃષ્ટિમાંથી છોડાવ્યા છે. છે તો ખરા. પણ એ આશ્રય કરવા લાયક નથી, એ મોક્ષનો માર્ગ નથી. સમજાણું કાંઈ? જુઓ! માર્ગ નથી. માર્ગ તો પોતાના શુદ્ધ સ્વરૂપની સન્મુખ થવું એ જ માર્ગ છે. પરનો આશ્રય લક્ષ કરીને જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, નામ સ્મરણ આદિ ભાવ થાય છે એ બધા આત્માના લક્ષે-આશ્રયથી નથી થતાં. પંડિતજી! એ પરના આશ્રયે થાય છે. પરનું લક્ષ કરવાથી ઉત્પન્ન થાય છે. તો એવો જે વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો (રાગ), હું દયા પાળું, સાચું બોલું એવો શુભભાવ એ પણ પરાશ્રિત ભાવ છે. એ બંધનું કારણ છે. શેઠી!

મુમુક્ષુ :- લાભ તો થાય છે ને.

ઉત્તર :- બંધના કારણે બંધનો લાભ થાય છે. ધર્મનો લાભ એનાથી નથી થતો. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ! જગતને તત્ત્વ સત્ મળ્યું નથી.

સત્ સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયક આનંદકંદ છે એનો આશ્રય લઈને જે દૃષ્ટિ, જ્ઞાન, રમણતા ઉત્પન્ન થાય છે તે જ એક મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? આચાર્ય તો કહે છે-અમૃતચંદ્રાચાર્ય, ભગવાન! જ્યારે પરનું કરી શકતો નથી અને માને છે કે પરને કરું એવા અધ્યવસાનને જ્યારે છોડાવ્યો છે, ત્યારે અમે તો એમાંથી એમ કાઢીએ છીએ કે જે પરને આશ્રયે એકત્વબુદ્ધિ નહિ હવે. ભાઈ! પરનું કરું, જીવાડું એ એકત્વબુદ્ધિ તો છોડાવી. પણ પરના લક્ષે જે વ્યવહાર ઉત્પન્ન થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ એ વ્યવહાર પરાશ્રય ભાવ છે. એ ભાવ જ્ઞાનીને કહે છે કે છોડ દૃષ્ટિમાંથી. એનો આશ્રય

છોડી દે. એના આશ્રયથી તને કલ્યાણ નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! શું છે કે નહિ? લખ્યું છે કે નહિ? પુસ્તક છે ને સામે? લખ્યું છે એનો તો અર્થ થાય છે.

મુમુક્ષુ :- બીજા નયથી કથન છે.

ઉત્તર :- બીજાનું છે ને. બીજો નય છે. પણ છોડવા લાયક છે એ તો કહે છે. છે તો ખરી ને. જ્યાં સુધી વીતરાગતા આત્મામાં પૂર્ણતા ન થાય ત્યાં સુધી સ્વઆશ્રયમાં જેટલી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા ઉત્પન્ન થયા છે એ જ મોક્ષમાર્ગ છે. અને વચ્ચે એવો વ્યવહાર આવે છે પણ આશ્રય કરવા લાયક નથી, ઉપેક્ષા કરવા લાયક છે. ઉપેક્ષા કરવા લાયક છે. આશ્રય કરવા લાયક નથી. છે કે નહિ? જુઓ ને એમાં. વાંચો અંદર લખ્યું છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં તો કહે છે

મુમુક્ષુ :- સ્વાધ્યાય..

ઉત્તર :- સ્વાધ્યાયનો વિકલ્પ છે એ પણ છોડવા લાયક છે.

મુમુક્ષુ :- સવારે આપ કહેતા હતા સ્વાધ્યાય...

ઉત્તર :- એ સ્વાધ્યાય તો હોય છે એમ કહ્યું હતું. ધ્યાન અને સ્વાધ્યાય. પણ એ સ્વાધ્યાયનો વિકલ્પ જે છે પરનો આશ્રય. સ્વના આશ્રયે સ્થિરતા થાય એ ખરો સ્વાધ્યાય છે. સ્વાધ્યાય. સ્વ-પોતાના શુદ્ધ આત્માની અંદર એકાકાર થવું એ જ સ્વાધ્યાય છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર નહિ વાંચવા.

ઉત્તર :- એ વિકલ્પ આવે છે પણ એ વિકલ્પ ઉપેક્ષા કરવા લાયક છે. આદર કરવા લાયક નથી, એમ કહે છે. કહો, જેઠાલાલભાઈ! ભારે વાત પણ બરોબર આ તો આ બધું વિરૂદ્ધ પડી જાય છે આખું. આ શું કહે છે આચાર્ય દેખો. વાંચન ન મળે, શ્રવણ ન મળે, સ્વાધ્યાય ન મળે. ખબર ન મળે. માની લે આમ ને તેમ. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે.

મુમુક્ષુ :- .. કર્મથી થાય અને કર્મથી ન થાય.

ઉત્તર :- ધૂળેય નથી કર્મથી થાય. કર્મ શું કરે? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ શું કરે? કર્મ તો જડ છે. પોતાની પર્યાયમાં દોષ પોતાથી થાય છે અને અજ્ઞાની પર ઉપર નાખે છે. એમ વ્યવહાર પોતે પરાશ્રય કરે છે તો રાગ ઉત્પન્ન થાય છે. પરાશ્રય કરે છે. પર આશ્રય કરાવતા નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! નિશ્ચય સત્યમાર્ગ સમજવો એ મહા મુશ્કેલ, મહા પુરુષાર્થ છે.

આચાર્ય તો કહે છ કે '**તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે...**'

ભગવાન કહે છે, તારો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એની દૃષ્ટિ કર, એમાં સ્થિર થા. પરની એકત્વબુદ્ધિ તો છોડાવી છે, પણ પરના આશ્રયે રાગાદિ થાય છે એને છોડાવ્યા છે એમ અહીંયાં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન...**' છે ને? આત્મબુદ્ધિ નામ હું પરનું કરી શકું છું એ પરમાં આત્મબુદ્ધિ છે. એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પરનો ઉપકાર કરી શકું છું, પરને સગવડતા દઈ શકું છે, બીજાને જીવાડું છું, બીજાને મારું છું અને બીજાને હેરાન કરી શકું છું અને એની રક્ષા કરી શકું છે. એ બધું પર વસ્તુમાં પોતાની આત્મબુદ્ધિ માની છે. હું પરનું કરી શકું છું, એ આત્મબુદ્ધિ અધ્યવસાન એકાંત મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

'**એમ જાણવું.**' તેથી એમ સમજવું જોઈએ કે '**આ પરાશ્રિત...**' બધોય પરાશ્રય. જેટલો પરાશ્રયમાં દયા, દાન, વ્રત, પૂજાનો વિકલ્પ, ગુણગુણીના ભેદના વિકલ્પ આદિ છે એ બધો પરાશ્રય વ્યવહાર જ છોડાવ્યો છે. એનો આશ્રય કરવા લાયક નથી, એ ધર્મ નથી. પરાશ્રયથી જેટલા વિકલ્પ ઉઠે છે એ ધર્મ નથી. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ પરાશ્રિત ભાવ છે. આહાહા..! શેઠ! એ છોડાવ્યો છે. ઉપેક્ષા કરી દે એ ભાવની. આહાહા..! વીતરાગ માર્ગ. સમસ્ત પરાશ્રિત વ્યવહાર. જે ભાવથી સર્વાર્થસિદ્ધનો બંધ પડે, જે ભાવથી તીર્થંકરગોત્રનો બંધ પડે એ ભાવ પરાશ્રિત રાગ છે. એ બધોય વ્યવહાર છોડાવ્યો છે. કોઈ વ્યવહારનો એક કણ પણ આદરણીય છે, અપેક્ષા કરવા લાયક એમ છે નહિ. ઉપેક્ષા કરવા લાયક છે. આહાહા..! મૂલચંદભાઈ!

મુમુક્ષુ :- બહુ આકરી વાત છે.

ઉત્તર :- આકરી વાત ક્યાં, આ તો સત્ય છે. સત્ય આવું જ છે. એમાં છે એવું છે. બીજો કોઈ કહે અને માને એથી કાંઈ બીજું થઈ જાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અધ્યવસાન તો ખરા પણ પરાશ્રિત ભાવ અધ્યવસાન નથી. પરાશ્રિત ભાવ એ શુભરાગ છે. અધ્યવસાય તો એને કહે છે કે હું પરનું કરી શકું, પરને સુખી-દુઃખી કરી શકું, દઈ શકું, લઈ શકું, આમ કરી શકું, બોલી શકું, ચાલી શકું એ અભિપ્રાય અધ્યવસાય એકત્વબુદ્ધિનો છે. હવે આ એકત્વબુદ્ધિનો નહિ. પણ પોતાના સ્વરૂપના આશ્રયમાં ન રહેતા, જેટલો પરના આશ્રયે રાગ ઉત્પન્ન થાય છે એ એકત્વબુદ્ધિ નથી, એ મિથ્યાત્વ ભાવ નથી. પહેલા અધ્યવસાન હતો એ મિથ્યાત્વભાવ હતો. આહાહા..! સમજાણું કાંઈ? બીજામાં મિથ્યાત્વભાવ નથી. બીજો જે પરાશ્રય રાગ ચારિત્રમોહના કારણે રાગ પોતામાં થાય, શુભરાગ (એ) મિથ્યાત્વ નથી, એ અધ્યવસાય નથી. પણ એ રાગ બંધનું કારણ છે, પરાશ્રયથી

ઉત્પન્ન થાય છે તો એની ઉપેક્ષા કર. સ્વમાં એકાકાર થા.

મુમુક્ષુ :- .. અપરાધ છે.

ઉત્તર :- અપરાધ છે. શુભઉપયોગનો અપરાધ છે. એ પુરુષાર્થ સિદ્ધિમાં (આવ્યું). પુરુષાર્થ સિદ્ધિમાં આવ્યું છે. અમૃતચંદ્રાચાર્ય. શુભઉપયોગરૂપી અપરાધ છે. એ શુભઉપયોગ મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? એ શુભઉપયોગ મને લાભદાયક છે એવી માન્યતા કરે તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે.

માર્ગ તો ભાઈ વીતરાગનો (એવો છે). પરમેશ્વરે કહ્યું એમ તો કહ્યું ને? જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરે (ફરમાવ્યું કે) જે અસ્તિ સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ એનો આશ્રય કરો, નિશ્ચયમાં રહો અને એકત્વબુદ્ધિ છોડો. એકત્વબુદ્ધિ ઉપરાંત, એકત્વબુદ્ધિ ઉપરાંત જેટલો પરાશ્રયનો શુભરાગભાવ આવે છે એની ઉપેક્ષા કરો. ઉપેક્ષા કરો. આદર ન કરો એમ કહે છે. શેઠી! બોલો બોલો હવે બોલોને.

મુમુક્ષુ :- .. જ્ઞાન થાય છે.

ઉત્તર :- .. જ્ઞાન થાય છે. પોતાના દ્રવ્યના આશ્રયે જ્ઞાન થાય છે. પરના આશ્રયે જ્ઞાન નથી થતું. આહાહા..!

મુમુક્ષુ :- .. ઉપદેશ..

ઉત્તર :- કોણ ઉપદેશ કરે છે? વાણી તો નીકળે છે. સાંભળવાનો વિકલ્પ આવે તો સાંભળે છે, પણ વિકલ્પ પણ ઉપેક્ષા કરવા લાયક છે એમ કહે છે. આહાહા..! ભારે ભાઈ જગતને સત્ય... પોતાની નિજ મહિમા (આવી નહિ). ઈ જ કહે છે ને, જુઓ!

'**શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.**' ભગવાન આચાર્યોએ જિનેન્દ્રે કહ્યો એવો શુદ્ધનિશ્ચય-એક જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં એકાગ્ર થા. એમાં એકાગ્ર થાય પછી રાજપાટ પણ હોય સંસારી હોય તો. પણ પોતાના આશ્રયમાં નિશ્ચય ગ્રહણ કરો એવો ઉપદેશ આપ્યો છે. એ જ પુરુષાર્થ છે, એ જ માર્ગ છે અને એ જ સત્ય છે. આહાહા..!

'**શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો...**' ભગવાન! તું તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. પરમાં એકત્વબુદ્ધિ કરવી એ પણ તારો ભાવ નથી. અને પરાશ્રય જે રાગાદિ દયા, દાન, વ્રતાદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે એ પણ તારો ભાવ નથી. એ પરાશ્રય ભાવ છે. માટે પોતાનું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ જ્ઞાયકસ્વરૂપ. '**પોતાના આત્મામાં..**' જુઓ! આત્મા કેવો? કે '**શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં...**' શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં '**સ્થિરતા રાખો...**' આનંદનો અનુભવ કરો એમ કહે છે.

પરના આશ્રયે જેટલા વિકલ્પ ઉઠે વ્યવહાર એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? છે કે નહિ સામે પુસ્તક પડ્યું છે કે નહિ? નામા તો મેળવશો કે નહિ? એય.. શોભાલાલજી! નામા મેળવવા જાતા હશે ને કાનપુર. નામાને. મેળવણી કરે ને કે શું લખ્યું છે જુઓ. એટલે તો સામે પુસ્તક દઈએ છીએ. નહિતર પુસ્તક નીચે અને ઉપર વાંચવું એ તો યોગ્ય નથી. પણ બીજો કોઈ ઉપાય નથી. એને વિશેષ ખ્યાલ આવે. વિશેષ જ્ઞાનનનો વિનય છે તેથી નીચે પુસ્તક રાખીએ છીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાંધા. કહે, નીચે પુસ્તક ઉપર (તમે). ભાઈ! બીજા ગોટા વાળ્યા ઊંધા એટલે સામું પુસ્તક એની પાસે હોય તો એનો અર્થ શું છે એ વિશેષ સમજવામાં વિનય છે તેથી રાખ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનાથી સમજાય છે એમ નથી?

ઉત્તર :- એનાથી એને પોતાને એ રીતે સમજાય કે આ રીતે આ ચીજ સમજવાનો વિનય છે એ. સમજાણું કાંઈ?

'**શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં...**' પોતાનો આત્મા. એકલો શુદ્ધ જ્ઞાન.. જ્ઞાન.. સ્વરૂપ, એમાં સ્થિરતા કરો. શ્રદ્ધા કરીને સ્થિરતા કરો. એ જ કરવા લાયક છે. એ જ સ્થિરતા કરો. આનંદનો અનુભવ કરો. એકત્વબુદ્ધિ તો દુઃખરૂપ જ છે પણ પરાશ્રય ભાવ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ આવે છે એ પણ દુઃખરૂપ છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? '**સ્થિરતા રાખો...**' આનંદ. સ્થિરતાનો અર્થ છે એમ લીધું છે ભાઈ આણે. આ કળશટીકાકારે. કળશટીકા ઓલામાં તો કર્યું હતું ને એકત્વનો અર્થ નિરપેક્ષ. પણ આમાં એવું કર્યું છે. આ સ્થિરતાનો અર્થ '**धृतिम्**' છે ને? એનો અર્થ કર્યો છે. '**धृतिम्**'. '**धृतिम्**'. ૧૭૩ આવ્યુંને. લ્યો, એ જ આવ્યું.

'**धृतिम्**'. '**धृतिम्**'-સ્થિરતારૂપ સુખ. એકનો અર્થ નિરપેક્ષ કર્યો. એક છે ને અંદર? સમજ્યાને? '**एकम् एव**' '**નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે.**' અહીં નિર્વિકલ્પ વસ્તુ કરી છે. અધ્યાત્મ તરંગિણીમાં એક (અર્થાત્) પરથી નિરપેક્ષ વસ્તુ (એમ અર્થ કર્યો છે). વ્યવહાર ને નિમિત્તથી પર ભિન્ન. પરની અપેક્ષા નહિ, એકરૂપ. અને '**धृतिम्**' અર્થ કર્યો છે સ્થિરતારૂપ સુખ. એ બરાબર છે. કારણ છે. જે પરની એકત્વબુદ્ધિ છે કે હું પરને સુખી-દુઃખી કરી શકું છું, એ તો એકાંતે દુઃખ છે. પણ જે દયા, દાન, વ્રતનો શુભ વિકલ્પ આવે છે પરને આશ્રયે એ દુઃખ છે. તેથી આત્માનો આશ્રય કરીને આનંદનો અનુભવ કરો એ મોક્ષનો માર્ગ છે. પંડિતજી! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આવો જૈન ધર્મ હશે?

ઉત્તર :- આવો જ માર્ગ છે. અનંત સર્વજ્ઞોએ એવો કહ્યો છે. અનંત કાળથી આમ જ ચાલ્યો આવે છે. મહાવિદેહક્ષેત્રમાં પણ ભગવાન આમ કહે છે. પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ પણ આ જ કહે છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. એ જ લઈને આવ્યા છે અને એ જ વાત કરે છે. સમજાણું કાંઈ? શેઠી! આહાહા..!

મુમુક્ષુ :- વીતરાગ વિજ્ઞાન...

ઉત્તર :- આહાહા..! વીતરાગ વિજ્ઞાન. એ છ ઢાળામાં આવે છે. સમજ્યા? વીતરાગ વિજ્ઞાન. આહાહા..!

કહે છે, ભાઈ! પ્રભુ! તું તો પરિપૂર્ણ પરમાત્મા અંદર સ્વરૂપે છો ને. તારા સ્વરૂપમાં તો પ્રભુ પૂર્ણતા આનંદ આદિ, જ્ઞાનાદિ પરિપૂર્ણતા છે. તો એમાં લીન થા ને. એમાં દૃષ્ટિ કરીને એમાં લીન થા. પરનો આશ્રય રાગ છે એ તો દુઃખ છે. આવે છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી પણ છે દુઃખ. આહાહા..! હવે આ લોકો કહે, વ્રત ને નિયમ ને અપવાસ કરવા એ ધર્મ. અહીં કહે છે કે તપ, અપવાસના વિકલ્પ ઉઠે એ દુઃખ છે. એ.. અમરચંદભાઈ! ભારે વાત ભાઈ!

અરે..! પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર અને દિગંબર સંતો શું કહે છે એની વાત એણે સાંભળી નથી. આહાહા..! દિગંબર મુનિઓ પોતાના સ્વરૂપમાં આનંદમાં ઝુલે એને દિગંબર મુનિ કહે છે. એકલા નગ્ન થઈ ગયા એ કોઈ મુનિ-બુનિ છે જ નહિ. પોતાનો શુદ્ધ ચિદાનંદ ભગવાનમાં અતીન્દ્રિય આનંદના જેને ઊભરા (આવે છે). ઉભરાને શું કહે? ઉફાન. જેમ દૂધનો ઉભરો આવે ને? એમ સંતો મુનિઓની દશા અંદરમાં એટલો આનંદ છે કે પોતાના સ્વરૂપના આશ્રયમાં અતીન્દ્રિય આનંદ તો એને છલોછલ પ્રચુર સ્વસંવેદન (હોય છે). આ પાંચમી ગાથામાં છે સમયસારમાં. કુંદકુંદાચાર્ય (કહે છે). પ્રચુર ચારિત્ર છે ને ચારિત્ર? થોડું છે. પણ ચારિત્ર સહિત જે અતીન્દ્રિય આનંદ છે એ ઘણો છે. આહાહા..! એ કષ્ટ પડે છે તો સહન કરવું પડે એમ નથી. કષ્ટ છે, કષ્ટ લાગે એ તો આર્તધ્યાન છે. આનંદમાં રહે છે. પોતાનું અતીન્દ્રિય સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ નિત્યાનંદ નાથ, એનું અંદર અવલંબન લેવાથી શક્તિમાંથી વ્યક્તતા અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. એનું નામ મુનિપણું કહે છે. સહજાનંદ ભગવાન આત્મા છે. કષ્ટ છે? અરે..! મુનિને કષ્ટ બહુ છે. અરે, હાલ.. હાલ. કષ્ટદાયક ચારિત્રને કષ્ટ માને. એ આવે છે ને છ ઢાળામાં? છ ઢાળામાં આવે છે.

મુમુક્ષુ :- આહાર ન મળે તો અંતરાય આવે તો કષ્ટ તો થાય જ ને?

ઉત્તર :- ધૂળમાં કષ્ટ (નથી). આનંદ આવે છે. કષ્ટ શું? આહાર ન મળે, ભીક્ષા લેવા

જાય. છ-છ મહિના સુધી આહાર ન મળ્યો ઋષભદેવ ભગવાનને. ઋષભદેવ ભગવાને છ મહિનાની તો પ્રતિજ્ઞા લીધી હતી. અને પછી છ મહિના પછી આહાર લેવા ગયા. ચાર જ્ઞાન હતા. તો શું તપાસ કરે ચાર જ્ઞાનમાં? આજ જાઉં તો ત્યાં આહાર મળશે. એવો ઉપયોગ મૂકે? સમજાણું કાંઈ? ચાર જ્ઞાન હતા. અવધિ તો લઈને આવ્યા હતા. પછી મુનિ થયા તો મનઃપર્યવજ્ઞાન થયું. આનંદ... આનંદ... આનંદ... આનંદ... ભીક્ષા લેવાનો વિકલ્પ આવે છે, જાય છે. ન મળે તો વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પ છૂટીને વિશેષ આનંદમાં આવી જાય છે. સમજાણું કાંઈ? એનું નામ તપસ્યા, એનું નામ મુનિપણું, એનું નામ ચારિત્ર કહે છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી ચારિત્રદશા ભાઈ! અલૌકિક છે! સમજ્યા? સમજાણું કાંઈ?

સ્થિરતા કરો.. સ્થિરતા કરો. આનંદનો અનુભવ કરો ને ભગવાન! પરાશ્રય રાગમાં તો દુઃખ છે ને. દુઃખ છે એ દુઃખ તને કેવી રીતે આનંદનું સાધન થાય? સમજાણું કાંઈ? જે શુભરાગ આવ્યો એ તો દુઃખ છે. એ પૂર્ણ આનંદનું કારણ દુઃખ થઈ શકે?

મુમુક્ષુ :- દુનિયા તો સુખ કહે છે.

ઉત્તર :- દુનિયા તો ગાંડી પાગલ છે. આ બધા શેઠિયાઓને સુખી કહે, પાગલના પાગલ. એય.. શેઠ! પાગલના પાગલ. બધા પાગલ ભેગા થઈને બીજો પાગલ કહે, આ સુખી છે પૈસાવાળો છે. પાગલ છો, મૂરખ છો. આ તો કહે છે કે એ પૈસાને કારણે નહિ. અંદર મમતાને કારણે.

મુમુક્ષુ :- .. કરવો પડે એના કારણે નહિ?

ઉત્તર :- ના. ના. ધંધા-ફંધાને પૈસા માટે ક્યાં છે? અંદર મમત્વ પરિણામ છે એ દુઃખી છે. એ ઉપરાંત તો આચાર્ય અહીંયાં કહે છે કે જેટલો વ્યવહાર ઉત્પન્ન થાય છે એ દુઃખ છે. વર્તમાન દુઃખ છે, બંધનું કારણ છે, ભવિષ્યમાં દુઃખનું નિમિત્ત ઉત્પન્ન કરશે એ. આહાહા..! ૭૨ ગાથા આવે છે ને? દુઃખનું કારણ ઉત્પન્ન કરશે ભવિષ્યમાં. ૭૪માં આવે છે. સમજાય છે કાંઈ?

ભાઈ! વીતરાગ માર્ગને સમજવો અપૂર્વ વાત છે. અનંત કાળમાં જેણે એ કર્યું એને સંસારનો અંત થઈ ગયો. સ્વભાવમાં સંસાર નથી. સ્વભાવમાં સંસાર નથી. એવો ચિદાનંદ ભગવાન આત્મા, એની દૃષ્ટિ કરવાથી આત્મામાં રાગનો પણ આશ્રય ન રહ્યો તો રાગની એકતાબુદ્ધિ છૂટી ગઈ, પણ અસ્થિરતાથી હટીને સ્વરૂપમાં એકાગ્ર છે એને જન્મ-મરણ છે જ નહિ. સમજાણું કાંઈ? એવો માર્ગ છે. પામરની જેમ સાધારણ વાત કરે અને આમ ચારિત્ર થઈ ગયું, આમ ધર્મ થયો એમ નથી, ભાઈ!

‘**જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો...**’ દેખો! અરે.. સત્પુરુષ!

અરે.. ભગવાન! સત્પુરુષનો તને પત્તો લાગ્યો છે. તો હવે વ્યવહારનો આશ્રય છે એ છોડી દે. અસ્થિરતાનો આશ્રય (છોડી દે). એકત્વબુદ્ધિ તો છોડી દીધી. સમજાણું કાંઈ? હું પરનું કરી શકું એવી તો એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે તને. પણ હે સત્પુરુષ! તારા સ્વભાવની દૃષ્ટિમાં રહીને જેટલો અહીં પરના આશ્રયે રાગ થાય છે એને પણ છોડીને સ્થિરતા કર. આહાહા..! માર્ગ ભાઈ! 'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા.' આનંદઘનજી કહે છે. 'ધાર તરવારની સોહ્યલી...' તરવાર સમજો છો?

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર ન રહે દેવા.

ભગવાન આત્મા વીતરાગે ફરમાવ્યો એવો. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એ સેવા. એવી સ્થિતિ દેવ પણ કરી શકતા નથી. સમજાણું કાંઈ? અને જેને રાગની એકતાબુદ્ધિ છે તે એમાં સ્થિરતા કરી શકતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે...**' નિશ્ચયને નિષ્કંપપણે. ભાષા જુઓને કેટલી સરસ લીધી છે! ભગવાન આત્મા નિશ્ચયપૂર્વક શુદ્ધ ચિદાનંદમાં નિષ્કંપપણે. નિશ્ચળતાપૂર્વક. '**નિશ્ચયને નિષ્કંપપણે...**' ચળે નહિ એવી અંતરમાં દૃષ્ટિ કરીને એમાં સ્થિરતા '**અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા-**' કેમ વ્યવહારના વિકલ્પમાં ભટકે છે? સમજાણું કાંઈ? હું આમ કરું.. આમ કરું... કર્તાબુદ્ધિ નથી ભલે. પણ વ્યવહારના આશ્રયે જે રાગ થાય છે કે આમ કરું, આમ કરું. કહે છે, અરે..! એ સ્વરૂપમાં સ્થિર કેમ નથી થતાં? અને વ્યવહારના પરાશ્રયમાં કેમ ભટકે છે? આહાહા..! ભારે માર્ગ ભાઈ! વીતરાગમાર્ગ છે ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે જાણ્યો, જોયો, અનુભવ્યો. અને સંતોએ પણ અનુભવ્યું ચારિત્રસહિત.

એ સંત કહે છે જુઓ! ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય આઠ દિવસ રહ્યા હતા ભગવાન પાસે. સીમંધર પરમાત્મા વર્તમાનમાં બિરાજમાન છે. આઠ દિવસ ગયા હતા. ત્યાંથી આવીને આ સમયસાર શાસ્ત્ર બનાવ્યું છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન તો આમ કહે છે ને ભાઈ! એક દ્રવ્ય પરદ્રવ્યની કોઈ પણ પર્યાય કરી શકતો નથી. તો કર્તા છું એવી એકત્વબુદ્ધિ તો છોડ. પણ ભગવાન તો એમાં એમ કહે છે અને એમ કહીએ છીએ કે જેટલો પરાશ્રયભાવ અસ્થિરતાનો છે એ પણ છોડાવ્યો છે. સ્વભાવમાં નિશ્ચળતાપૂર્વક, નિશ્ચયપૂર્વક નિશ્ચળતા કર. વ્યવહારનો વિકલ્પ છોડીને નિશ્ચયમાં કેમ નથી ઠરતા? એ અમને અચરજ થાય છે. '**એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું.**' જુઓ! સમજાણું કાંઈ?

હવે ગાથા. '**હવે આ અર્થને ગાથામાં કહે છે :-**' હવે મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો.

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।**

**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।**

આહાહા..! જ્યારે કુંદકુંદાચાર્યનું આ ગાથામાં લક્ષ વર્તતું હશે, બનાવી હશે જ્યારે. એ કુંદકુંદાચાર્ય પોતે મહામુનિ સંત દિગંબર આનંદકંદમાં ઝુલનારા છે. મહારાજ! આ વિકલ્પ તો ઉઠે છે શાસ્ત્ર બનાવવાનો. પણ છતાં કહે છે.

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।**
**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।**

નીચે હરિગીત.

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

વ્યવહારથી મોક્ષની પ્રાપ્તિ નથી થતી એમ કહે છે. આહાહા..!

'**ટીકા :- આત્માશ્રિત નિશ્ચયનય છે,...**' બે નયની વ્યાખ્યા કરે છે. સ્વઆશ્રય નિશ્ચયનય. સ્વઆશ્રય નિશ્ચયનય. સ્વનો અર્થ છે અભેદ. ભાઈ! સ્વનો અર્થ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે નહિ. આત્માનો આશ્રય, અભેદનો સ્વનો અર્થ અભેદનો આશ્રય. એને કહે છે નિશ્ચયનય. આહાહા..! સમજાણું કાંઈ? '**આત્માશ્રિત...**' અર્થાત્ આત્મ આશ્રિત એટલે આત્મા. આત્મા. એમ છે ને ભાઈ! શબ્દ તો મૂળ? આત્મા છે ને શબ્દમાં? આશ્રિતો. આત્મા વસ્તુ, એનો આશ્રય એ નિશ્ચયનય. અભેદ થઈ ગયા અંદર. એકલો ભગવાન જ્ઞાયક અભેદ એમાં એકાકાર થાય એનો આશ્રય લઈને. અહીં તો આશ્રય કહે છે એ પર્યાયમાં સ્વનો આશ્રય કરો. આત્મા અભેદ છે એનો આશ્રય કરો. સમજાણું કાંઈ? શું કરવું એની ખબર નહિ અને નહિ કરવાની ખબર. શું કરવું અને શું કરી શકે છે એની ખબર નથી. ચાલો ધર્મ કરીએ.. ધર્મ કરીએ. સમજાણું કાંઈ?

'**આત્માશ્રિત...**' ભગવાન આત્મા એકરૂપ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ અભેદ, એના આશ્રયથી નિશ્ચયનય કહે છે. એને નિશ્ચયનય કહે છે. '**પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.**' જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર આચરણ એ બધો પરાશ્રય છે એને વ્યવહારનય કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાયક સ્વભાવ ભગવાન આત્મા એનો આશ્રય નિશ્ચયનય-સ્વઆશ્રય. અને જેટલા પરને આશ્રયે વિકલ્પઆદિ વૃત્તિ ઉઠે એ વ્યવહારનય. બેની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ?

'**ત્યાં, પૂર્વોક્ત રીતે...**' પૂર્વે કહ્યા એ પ્રકારે '**પરાશ્રિત સમસ્ત અધ્યવસાન...**' પૂર્વે કહ્યું ને? ઘણી ગાથા લીધી. પરને જીવાડવું, મારવું, સુખી-દુઃખી કરવું, પરને બંધ કરવો, પરને મોક્ષ કરાવું. સમજાણું કાંઈ? એ પૂર્વોક્ત. પૂર્વ-ઉક્ત. પૂર્વે ગાથાઓમાં કહ્યું એ પ્રમાણે.

**'પૂર્વોક્ત રીતે પરાશ્રિત...'** પરની જેટલી બુદ્ધિ છે કરવાની. **'સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે...'** એ મિથ્યાત્વ અને બંધનું કારણ હોવાને લીધે. મિથ્યાત્વ બંધનું કારણ હોવાને લીધે. **'મુમુક્ષુને તેનો નિષેધ કરતા...'** મુમુક્ષુઓને, મોક્ષાર્થીને તેનો નિષેધ કરતા થકા **'એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...'** જુઓ! શું કહે છે હવે? અમૃતચંદ્રચાર્ય કહે છે.

ભગવાન જ્યારે એમ કહે છે. ભગવાન! તું તારા દ્રવ્ય સિવાય અનંત દ્રવ્ય જે છે, એ કોઈ દ્રવ્યની કંઈપણ પર્યાય તારામાં કરવા લાયક છે જ નહિ. એવી બુદ્ધિ છે કે હું કરી શકું. સમજાણું કાંઈ? હું હાથ ઉઠાવી શકું. હું તમને જોરદાર મારી શકું. કહો. જોરદારથી બોલાતા આવડે તો બોલો જોરથી. આવે છે કે નહિ? જોરથી બોલો. આપણે કૈલાસચંદજી બોલતા હતા પહેલા. જોરથી બોલો, હળવેથી બોલો.

મુમુક્ષુ :- .. જોરથી બોલો.

ઉત્તર :- એ તો વળી જુદી વાત છે. પણ આ તો હળવે હળવે બોલે તો કહે, ભગવાનનો જય જોરથી બોલો. ભગવાનનો જય. કોણ બોલે? અહીં કહે છે કે એ ભાષા જડની છે. તું કરી શકે એવી માન્યતા તારી મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ધીમે ધીમે બોલે તો ન સમજાય તો કહે જોરથી બોલો. આ તો એમ કહે ભગવાનનો જય હો, ભગવાનનો જય હો. ધીમેથી નહિ બોલો, જોરથી બોલો. ધીમે ધીમે કેમ બોલો છો? આટલી સભા ભરાણી છે ને. એ બહુ કહે છે આપણા મિસરીલાલજી. મિસરીલાલજી છે ને ભોપાલ. મિસરીલાલજી છે ને એ જ્યારે ભજન કરે ત્યારે એટલા બધા માણસો છો ને કેમ ધીમે બોલો છો? જોરથી બોલો. બોલી શકે છે આત્મા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ કહે છે. મૂઢ છે. એ ભાષાની પર્યાય એ સમયે તેમ થવાની ભાષાથી થાય છે. આત્માની ઈચ્છાથી નહિ. આહાહા..! આ વીતરાગ માર્ગ ભાઈ આવો છે. સમજાણું કાંઈ? જોરથી બોલો. આપણે આવ્યું છે ને અમૃતચંદ્રાચાર્યનું નહિ? જેટલું કહેવું હતું એટલું જોરથી (કહી દીધું). એ બીજી વાત છે. એ તો જે કહેવું હતું એ સમજાવ્યું. એમ. પ્રવચનસારમાં આવે છે. આ તો કહે, ભાઈ! ભાષા.. ભાષા.. બાપુ! ભગવાન! ભાષા તો જડની પર્યાય છે. જોરથી અને હળવેથી હું કરી શકું છું એ તારી મિથ્યાબુદ્ધિ, મિથ્યાત્વભાવ, આત્માના ભાવનો ઘાત કરે છે. શેઠી! શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત જ ખોટી વાત છે. પ્રત્યક્ષ શું દેખાય છે? કહ્યું હતું ને એકવાર? જુઓ પૃથક્ દેખાય છે. સમજ્યા? એક સોલીસીટર હતા. સોલીસીટર કહે કે તમે (કહો છો કે) પરનું કાંઈ કરી શકતો નથી. આ હાથ કર્યો લ્યો. સોલીસીટર હતા એક. (સંવત) ૧૯૯૭ની સાલમાં અહીં આવ્યા હતા. ૯૭ સમજ્યાને? આ મંદિર થયું ત્યારે. કેટલા વર્ષ થયા? ૨૬ વર્ષ થયા. શું કરો છો ખબર છે તમને? તારી પર્યાયમાં શું થયું અને આ શું થયું એની ખબર છે તને? તેં તો આમ કર્યું, કીધું. તમે આમ કર્યું. ત્યારે દૃષ્ટાંત આપ્યું હતું. અમે તો ત્યાં પણ આપ્યું હતું. બગસરા. બગસરા ને? હા, બગસરા. એક દરબાર હતા. એ દરબાર વ્યાખ્યાનમાં આવ્યા. ૬૦ હજારની ઉપજ ખેતીની. જમીન હતી ઘરે. રાજકુમાર ઘણો સુંદર રૂપાળો હતો. મોટો ૨૫ લાખની આમદની હોય એવો. પણ આમદની ૬૦ હજારની. એમાં ૪૦ હજારની.. તો એ વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. તો એકવાર એવું દૃષ્ટાંત આપ્યું કે ભાઈ! દુનિયા એમ માને કે મને ક્ષુધા લાગી છે, ક્ષુધા. આહાહા..! તો ક્ષુધાનું મને દુઃખ થાય છે. તો એક માંસ ખાવ. મોટા કરોડપતિનો નાનો દીકરો હતો. એ જન્મ્યો. તો રાજાદિ ગયા. શું કહેવાય? ભેટ દેવા. તો રાજાને એમ થયું કે તમારો દીકરો બહુ કોમળ છે. મને ક્ષુધા લાગી છે. હું જમ્યા વિના આવ્યો છું. દૂધ પીધા વિના આવ્યો છું. એ ભેટ દેવા આવ્યો હતો એમાં એને એવો ભાવ થયો. ઓલો છોકરાનો પિતા નાસ્તિક હતો. જુઓ! છોકરાનો પિતા નાસ્તિક હતો. આ કહે, મને ખાવાનો ભાવ છે. કટકા કરો. અરર..! એમ ન થઈ શકે. કેમ એમ નહિ? કહે, પાપ લાગે. કેમ પાપ લાગે? આ ક્ષુધા છે. ક્ષુધાનું તો દુઃખ મટી જાય તો પાપ ક્યાંથી લાગે? એય.. શેઠ! મારી ક્ષુધાનું દુઃખ મટી જાય છે. એને કોળા કહે છે. કટકા કરીને ઘીમાં તળીને ખાય. જેમ ભજીયા કરે. ભજીયાને શું કહે? લાડુ કે ભજીયા, પુરી. આને ખાવાથી મારી ભૂખ મટી જાય છે. તમે કહો છો કે પાપ લાગે. ક્યાંથી પાપ લાગે? અમારું દુઃખ મટ્યું છે ને.

ભાઈ! એમ ન હોય. એમ ન માનવું. તારી દૃષ્ટિ ઊંધી છે. એમ સીધું ન માનવું. એની ત્રિરાશી કરવી કે પૂર્વનો કોઈ એવો શુભભાવ શાતાનો છે તો ક્ષુધા મટે છે અને વર્તમાન ખાવાનો ભાવ છે એ તો પાપ છે. એ પાપનું નવું બંધન થાય છે. એ પરિણામથી ખાધું એનાથી મટ્યું નથી. એ તો પૂર્વનો શાતાનો ઉદય હોય તો મટી જશે. નહિતર શાતાનો ઉદય ન હોય અને ખા તો ઓ..ઓ.. થઈ જાય, તો મરી જાઈશ. એ તારા પરિણામથી થયું નથી. ઓલો રાજકુમાર હતો ને બિચારો. ... ખાચર. મહારાજ! વાત ભારે કરી. એ ખાતા હોય.. બિચારાએ રાડ નાખી હોં. ઘરે આહાર વહોરવા એ કહે મહારાજ અમારે ત્યાં પધારજો. બ્રાહ્મણની રસોઈ હતી. .. તો એની મા આવી નીચે. સોનાના કડલા પહેરેલા. મહારાજ!

માતાજીને સમજાવો. એ દૃષ્ટાંત આપ્યું હતું વ્યાખ્યાનમાં એ મારી માતાજીને કહો. કીધું જુઓ! એમ વાત છે કે કોઈ એમ માને કે મને ક્ષુધાનું દુઃખ લાગ્યું છે. દુઃખ લાગે છે ને ક્ષુધાનું? તો માંસ ખાય તો દુઃખ મટી જાય છે. એ વાત બરાબર છે? દેખાય તો છે. આ કહે છે ને? પ્રત્યક્ષ દેખાય છે. શું દેખાય છે? તને ભાન નથી ને આંખ નથી. આંધળો. એય. નેમિચંદજી! એ તો બિચારો રાડ નાખી ગયો અંદર. ભીક્ષા માટે ગયા હતા. મોટો .. હતો. મારી માને એ વાત સંભળાવો.

કીધું, જો ભાઈ! સિદ્ધાંતનું તત્ત્વ સમજવું. અમારું દુઃખ તો મટી ગયું માંસ ખાવાથી. કોઈ બીજો એમ કહે છે. અમે બટાટા ખાઈએ છીએ. બટાટા હોય ને? શક્કરકંદ. અમારી ક્ષુધા મટી જાય છે અને તમે કહો છો કે પાપ લાગે. સાંભળ તો ખરો. તારી ક્ષુધા મટવાનું કારણ બીજું છે અને એ ચીજ આવવામાં તારા પરિણામ ભિન્ન છે. આવવામાં પૂર્વની શાતાને કારણે આવ્યું છે. એનાથી તને નવા પાપના પરિણામ બંધાયા છે એમ નિર્ણય કર. મરી જઈશ નહિતર, કીધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મોદયથી ક્ષુધા મટે છે...

ઉત્તર :- હા. એ મટે છે. અને તું કહે કે મેં ખાધું માટે મટ્યું. મરી જઈશ. ન્યાય તો સમજ. ઓલો નાસ્તિક હતો એ પણ ના પાડે. નહિ. કેમ તું કહેતો હતો ને કે કાંઈ નથી? ના. ના. ભાઈસાહેબ. મારા કુંવરને ખાઈ જાય એ ઠીક નથી કરતો. ઠીક નથી? ઠીક થાય છે ને. ક્ષુધાનું દુઃખ મટે છે અને ઠીક નથી થતું? તું કહે છે, ઠીક નથી. મને તો ઠીક લાગે છે.

એમ અજ્ઞાની કહે કે અમે બોલવા માગીએ એવું બોલીએ છીએ. પણ તને ભાન નથી. એ ભાષાની પર્યાય થવાની છે તો થાય છે. એ તારાથી થતી નથી. નેમિચંદભાઈ! આ ૮૪ની વાત છે. ૮૪. સંવત્ ૧૯૮૪. ૧૬ ને ૨૩, ૩૯ વર્ષ થયા. ૪૦ વર્ષમાં એક ઓછા. એ વખતે માણસો ઘણાં આવતા હતા. મોટી સભા હતી. આ કાઠી લોકો આવતા હતા. મોટા ગૃહસ્થો પણ આવતા વ્યાખ્યાનમાં.

કહ્યું, એવી વાત છે. એમ વિચાર કરે કે માંસ ખાધું, કોઈ કહે કે કંદમૂળ ખાધા, કોઈ બીજા કહે વનસ્પતિ ખાધી. લ્યોને. પ્રત્યેક વનસ્પતિ. પ્રત્યેક સમજો છો? આ દૂધી. એનાથી ભૂખ મટે છે? સમજાય છે કાંઈ? સીધું તો એમ દેખાય છે કે પ્રત્યેકની હિંસા કરે છે. ભજીયામાં લઈને ખાય છે તો ભૂખ મટે છે. ભાઈ! એવો વિચાર ન કરો. એના ન્યાય સિદ્ધાંતથી વિચાર કરો. તેં જે ખાવાના પરિણામ કર્યા એ તો પાપ છે. અને દુઃખ મટે છે એ તો પૂર્વના કારણે મટે છે. એ ચીજ આવે છે એ પૂર્વના કારણે આવે છે. આહાહા..! શું કરે?

સમજે નહિ. કહો, રાજમલજી! લ્યો, અમારા વકીલ પણ (હા પાડે છે).

મુમુક્ષુ :- ખાવાની ઈચ્છાનું...

ઉત્તર :- એ ખાવાની ઈચ્છાનું હજી ન સમજાણું?

અહીં તો બાહ્ય પદાર્થથી દુઃખ મટ્યું એમ માને એ યથાર્થ નથી. મટે છે એ તો પ્રત્યક્ષ દેખાય છે એમ કહે છે. લ્યો, શક્કરકંદ ખાધા અને ભૂખ મટી. શક્કરકંદ સમજ્યાને? લાંબા હોય છે. બાફીને સાકર નાખીને ખાય. આ તો અનંત જીવ મારી નાખ્યાને. એનાથી દુઃખ મટ્યું? તને ખબર નથી દુઃખ કેવી રીતે મટે છે. એ તો તને અંદર શાતાનો ઉદય આવ્યો તેથી વસ્તુ આવી અને અહીં (ક્ષુધા) મટી એ તો એને કારણે મટી. આ પાપ કર્યું માટે મટી નથી. એને તો મોટું નવું પાપ લાગ્યું છે. એમ સમજ્યા વિના એમ માને કે પ્રત્યક્ષ છે ને. અમને પ્રત્યક્ષ છે. કીધું, આવું પ્રત્યક્ષ તેં કર્યું છે. મેં હાથ લાંબો કર્યો. એવું તેં પ્રત્યક્ષ કર્યું છે. માને નહિ. બુદ્ધિ આમ પાવર ચડી ગયો હોય ને. એમ આ કહે, હળવેથી બોલવું હોય તો હળવે બોલું છું. હળવેને શું કહે? ધીમેથી બોલું છું. શાંતિથી. ધીમે કોણ બોલે? ભગવાન! તને ખબર નથી. એ તો ભાષા વર્ગણાની પર્યાય જે સમયે થવાની છે તે એને કારણે થાય છે. તારાથી થતી નથી. શોભાલાલજી! આહાહા..! ભારે વાત ભાઈ! આ વકીલો ને બધા આ જજો જે કરતા હશે એ ભાષાથી એ હુશિયારીથી કરતા હશે? કહો, રામજીભાઈ કોર્ટમાં બોલતા હશે હુશિયારીથી બરાબર હુશિયાર એટલે આ જજને પાણી ભરાવે... એય... કનુભાઈ! કાયદામાં આમ છે. આમ ફલાણામાં છે.

મુમુક્ષુ :- કાયદો દેખાડીએ નહિ તો માને નહિ.

ઉત્તર :- હા. નહિતર માને નહિ. લ્યો. અને કાયદો ક્યાંક ચૂક્યો હોય કોઈ ઠેકાણે તો એ પણ દૃષ્ટાંત આપે. જુઓ! વિલાયતમાં લંડનમાં આમ થયું હતું તો આમ ફેંસલો થયો છે. કહો, શેઠી! આ અમારે જજ રહ્યા, જુઓ! કનુભાઈ છે ને. અમદાવાદમાં જજ છે. એના દીકરા છે. સમજાણું કાંઈ?

શું કરે? બોલે કોણ? મૂઢ છે તું? ભાષા તો જડની છે. જડની ભાષા કેમ નીકળવી એ તારા અધિકારની વાત છે? તું કહે કે, જડની ભાષા હું કરું છું. એકત્વબુદ્ધિ તારું મિથ્યાત્વ છે. એ તો છોડી દે. પણ એ ઉપરાંત બીજી વાત છે. ભાષા આમ બોલાવામાં તને જે સત્ય બોલવાનો વિકલ્પ આવ્યો કે આમ માર્ગ છે. એવો પરાશ્રયે જે વિકલ્પ થયો એ રાગ પણ છોડવા લાયક છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, હવે સમજાય છે કે નહિ હિન્દી? હિન્દીમાં તો જે ભાવ હોય એ આવે ને બીજો ક્યાંથી આવે? ભાઈએ કાલે કહ્યું હતું ને ચાર દિવસ હિન્દી રાખશું બપોરે. ભાઈ કહેતા હતા, તમારા ગામના. ઓલા ભાઈ કહેતા

હતા. પાછળ બેઠા છે. ચાર દિવસ રાખીશું. કીધું. એને નહોતું કહ્યું. હિન્દીમાં પણ સાદી ભાષા છે. ન સમજાય એવી વાત નથી. પણ જરી લક્ષ કરવું જોઈએ.

અહીં તો કહે છે કે ભગવાન જ્યારે પરપદાર્થની એકત્વબુદ્ધિનો અધ્યવસાય છોડાવે છે તો અમે એમ માનીએ છીએ કે નિશ્ચયનય દ્વારા વાસ્તવમાં ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાવ્યો છે. છે એમાં? કહો, શોભાલાલજી! ક્યાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. એ તો ચાલી ગયું. આપણે ટીકા ચાલે છે. ટીકા ચાલે છે. આ તો ટીકા ચાલે છે. ટીકા ક્યાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ. '**વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...**' એ. ટીકાની પાંચમી લીટી. ૨૭૨ની ટીકાની પાંચમી લીટી. ઈ.

'**એવા નિશ્ચયનય વડે...**' વાસ્તવમાં '**ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...**' આ શેઠિયાને ખબર પડે ને ક્યાંનું વાંચે છે. પૂરું થઈ ગયું હશે? ચોપડા વાંચવા પણ મુશ્કેલ છે આ. કહો, સમજાણું કાંઈ? શું કહે છે? ભગવાન જ્યારે એમ કહે છે કે પોતાનો આત્મા, પર આત્મા અને પરના રજકણની કોઈ પર્યાય આત્મા કરી શકતો નથી અને કરે છે એવી તારી માન્યતા છે એ છોડી દે. મોટું મિથ્યાત્વ બંધનું કારણ છે. પણ હું તો એમ કહું છું કે ભગવાન જ્યારે એમ કહે છે તો અમે એમ કહીએ છીએ કે ભગવાન નિશ્ચયનો આશ્રય કરાવવા, પરના આશ્રયે જે વ્યવહાર વિકલ્પ દયા, દાન, વ્રતનો ઉઠે છે એને પણ ભગવાને છોડાવ્યો છે. સમજાણું કાંઈ?

'**નિષેધ કરતા એવા...**' '**મુમુક્ષુને તેનો નિષેધ કરતા એવા...**' મોક્ષાર્થી આત્માને પરનું કરવું, એકત્વબુદ્ધિનો નિષેધ કરતા ભગવાન આચાર્ય મહારાજ તીર્થંકર પ્રભુ આદિ એમ કહે છે કે '**નિશ્ચયનય વડે...**' પોતાના સ્વભાવના આશ્રય વડે '**ખરેખર વ્યવહારનયનો...**' પરાશ્રય જે ભાવ છે એની ઉપેક્ષા કરીને નિષેધ કરાવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! શું આમાં? આ પરનો વિકલ્પ ઉઠે સાંભળવાનો એ છોડાવ્યો છે એમ કહે છે.

'**કારણ કે...**' હવે કારણ આપે છે. કેમ છોડાવ્યો છે વ્યવહાર? દૃષ્ટિમાંથી સ્વનો આશ્રય કરાવવા શા માટે છોડાવ્યો? '**વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે...**' આ સિદ્ધાંત મૂકે છે ભાઈ! કે જેમ પરને જીવાડવું, મારવું, સુખી, દુઃખી કરવું જેમ પરના આશ્રયે તું માને છે એ જૂઠ છે. એમ આ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ થાય છે એ વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે. જેમ અધ્યવસાયમાં પરાશ્રિતપણાની બુદ્ધિ છે એમ

વ્યવહારનયમાં પરાશ્રિતપણું જ છે. બેય સમાન છે. આહાહા..! ભારે વાત.

મુમુક્ષુ :- પરાશ્રિતપણું...

ઉત્તર :- પરાશ્રિત સમાનપણું છે. જેમ આત્મા પરની દયા પાળી શકતો નથી, પરની હિંસા કરી શકતો નથી, પરને મોક્ષ કરાવી શકતો નથી, હથિયાર ઉપાડી શકતો નથી, હાથનું કંઈ કરી શકે નહિ. એવી વાત જેમ પરાશ્રિત વાત છે અધ્યવસાનની. એમ વ્યવહારનય પણ પરાશ્રિત જ છે. જે વિકલ્પ ઉઠે છે કે આની દયા પાળું, એ ન મરે એવો વિકલ્પ ઉઠે છે. એ '**વ્યવહારનય પણ પરાશ્રિતપણું સમાન જ છે...**' અધ્યવસાય અને પરનો આશ્રય એવો વ્યવહારનયનું પરાશ્રિતપણું સમાન છે વ્યવહારમાં. માટે ભગવાને વ્યવહાર છોડાવ્યો છે. છોડી દે, વ્યવહારની ઉપેક્ષા કર અને નિશ્ચયની દૃષ્ટિ કર. સમજાણું કાંઈ? આ ગાથા બહુ સારી આવી છે અને હિન્દી પાછું આવ્યું. ગાથા પણ એવી આવી છે. ત્રણ દિવસ છે ને હજી ત્રણ દિવસ છે. બારસ, તેરસ, ચૌદસ. કહો, સમજાણું કાંઈ?

વાહ! કેવી વાત કરી છે! યુક્તિ, ન્યાયથી. ભગવાન! તારી ચીજ તો શુદ્ધ ચિદાનંદ ભગવાન જ્ઞાયક છે ને પ્રભુ! એનો આશ્રય કર, એમાં દૃષ્ટિ કર, એમાં સ્થિરતા કર. એ જ તને મોક્ષનો માર્ગ છે. અને નિશ્ચયનયને આશ્રયે મુનિઓ મુક્તિને પ્રાપ્ત કરે છે. પરનું નહિ કરવું અથવા પરનું કરવું એમ માનવું, એ જેમ અધ્યવસાય પરને આશ્રયે છે, એમ આ એકત્વબુદ્ધિ નથી પણ પરનો આશ્રય જેટલો છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, દાન, દયા વ્યવહારની વૃત્તિ ઉઠે છે એ પણ પરાશ્રિતપણું છે. અધ્યવસાય અને આ પરાશ્રિતપણું બેય એક સમાન છે, એમ કહે છે.

'**વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે...**' જેમ પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે. '**તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી).**' આહાહા..! સમજાણું કાંઈ? પુસ્તક સાથે છે, આત્મા સાથે છે. આત્મા પાસે છે. આહાહા..! ભગવાન! આ તો પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ ફરમાવ્યું કે અનંત પદાર્થ છે. તું પણ છે અને એ પણ છે. તો એ પણ પર્યાયને કરનારા છે, તું પણ તારી પર્યાયનો કરનારો છો. તો પરની પર્યાય હું કરું એ અધ્યવસાય તો છોડ પણ એ સમાન પરનો આશ્રય કરવાથી જે વ્યવહાર ઉત્પન્ન થાય એ પણ વ્યવહાર પરાશ્રિત છે. એ પણ છોડાવ્યો છે. છોડી દે. એ બંધનું કારણ છે. દૃષ્ટિમાંથી છોડી દે. જેટલો વ્યવહાર ઉઠે એ દૃષ્ટિનો વિષય નથી. છોડી દે એ. દૃષ્ટિ અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ એના ઉપર દૃષ્ટિ કર અને એમાં સ્થિર કર. એ સિવાય મુક્તિનો બીજો છે નહિ. કહો, જેઠાલાલભાઈ! આ બધું ક્યાં ગયું? પાણી ઊના પીવા અને કેટલી મહેનત કરી છે. પાણી ઊના પી પીને થડ નીકળી

ગયો. કાથીના ઓલા ઉપાડીને. આહાહા..!

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણી અને એનો કહેવાનો ભાવ એ બીજા પ્રકારનો છે. વીતરાગ માર્ગ જગતથી ભિન્ન જાતનો છે. દુનિયાના અન્ય માર્ગ સાથે આ માર્ગની મેળવણી થઈ શકે નહિ. અત્યારે વ્યવહાર માનનારની સાથે આ મેળવણી થઈ શકે નહિ. જૈન નામ ધરાવીને વ્યવહારથી ધર્મ થાય... વ્યવહારથી ધર્મ થાય.. એની સાથે મેળવણી થઈ શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ગાથા પણ એવી આવી છે. અલૌકિક ગાથા છે!

પરમેશ્વર આમ કહે છે. મુનિઓ આમ જાણે છે અને અનુભવે છે કે પરાશ્રયભાવ દુઃખરૂપ છે. ચાહે તો પુણ્યભાવ હોય. પાપની તો વાત જ શું પણ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય. 'ષોડશ કારણ ભાવના ભાયે...' આવે છે કે નહિ? દર્શનવિશુદ્ધિ ભાવના ભાય. એ ભાવ પણ દુઃખરૂપ છે એમ કહે છે. એ પરાશ્રય છે. દૃષ્ટિમાં ઉપેક્ષા કર. આહાહા..! રાડ નાખી જાય ને. પોકાર કરી જાય કે અરર..! અરે..! સાંભળ તો ખરો. શેઠી!

'**(-જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી). અને આ વ્યવહારનય એ રીતે નિષેધવા યોગ્ય જ છે;...**' આ પ્રકારે વ્યવહારનય તે આદરણીય નથી. નિષેધ કરવા લાયક છે. પંડિતજી! છે કે નહિ એમાં?

મુમુક્ષુ :- નિષેધવા યોગ્ય જ છે.

ઉત્તર :- નિષેધવા લાયક જ છે, કરવા યોગ્ય જ છે. હવે એ થોડો બોલ છે ને? સૂક્ષ્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૨, શુક્રવાર તા. ૧૫-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૨-૨૭૩, પ્રવચન-૩૩૭**

૨૭૨ ગાથા ચાલે છે. સમયસાર. બંધ અધિકાર છે ને? શું કહે છે? જુઓ! '**આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...**' ત્યાં સુધી આવ્યું છે. ત્યાં સુધી આવ્યું છે ને? કેમ? કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય શુદ્ધ બિંબ છે એનો આશ્રય નહિ કરી વ્યવહારનય પરનો આશ્રય કરે છે. જેમાં શુભભાવ આદિ ઉત્પન્ન થાય છે એ પરાશ્રિત છે. પરાશ્રિત (ભાવ) છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ બંધ અધિકારમાં આ અધિકાર કેમ લીધો? વ્યવહાર અને નિશ્ચયનો.

આત્મા જેટલો પરાશ્રયનો ભાવ ઉત્પન્ન કરે છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ બધા ભાવ, એ બધા પરાશ્રિત છે. એ માટે વ્યવહારનય નિષેધવા યોગ્ય છે. મોક્ષમાર્ગીને, જેને આત્માનો આશ્રય લઈને શુદ્ધતા પ્રગટ કરવી છે એને પરાશ્રિત ભાવનું લક્ષ છોડવા લાયક છે. સમ્યગ્દર્શન પ્રાપ્તિના કાળે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે મુક્તિનો માર્ગ, જે સંવર, નિર્જરારૂપ છે, એ જેને પ્રગટ કરવો હોય એને આત્મા ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એનો આશ્રય કરવો. એ આશ્રય કરવાથી વ્યવહારનો આશ્રય છૂટી જાય છે. છોડવાનો અર્થ કે છૂટી જાય છે. બહુ ઝીણું. સમજાણું?

'**વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...**' નિષેધનો અર્થ કે પરનો આશ્રય છે એ છોડવા લાયક છે. સ્વનો આશ્રય કરતાં પરનો આશ્રય છૂટી જાય છે. કેમ કે જેટલો પરનો આશ્રય કરે છે એટલો શુભભાવ, વિકારભાવ, બંધભાવ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? '**કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' કેમ કે આત્મા ભગવાન શુદ્ધ દ્રવ્ય. જુઓ! પહેલા કહ્યું હતું ને? આત્મશ્રિત નિશ્ચયનય. સ્વઆશ્રિત નિશ્ચય. સ્વ નામ અભેદ આત્મા. અખંડ જ્ઞાયકસ્વરૂપ અભેદ, એનો આશ્રય કરવાથી '**નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ મુક્ત થાય છે...**' પોતાનો શુદ્ધ ધ્રુવ સ્વભાવ એનો આશ્રય કરવાથી મિથ્યાત્વથી મુક્તિ થાય છે, અજ્ઞાનથી મુક્તિ થાય છે અને અસ્થિરતાથી પણ મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? ઘણી કઠણ વાત છે. કર્યું નથી. કદી પરિચય કર્યો નથી. બહારની પ્રવૃત્તિ આ કરું ને રાગ, રાગ મંદ ક્રિયા આદિ. એ તો પરાશ્રિતભાવ છે.

જેને આત્માની શુદ્ધિ, આનંદ આદિ પ્રગટ કરવા છે અર્થાત્ જેને ધર્મ સ્વભાવ પ્રગટ કરવો છે એને તો સ્વ ચૈતન્યનો આશ્રય કરવાથી ધર્મ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- બીજો કોઈ રસ્તો..?

ઉત્તર :- બીજો કોઈ પણ રસ્તો હોય ક્યાંથી? કેમ કે આત્મા અનંત ગુણ આનંદકંદ, જ્ઞાયક ચૈતન્ય સત્તા સત્ત્વરૂપ (છે). એમ અંતરમાં આલંબન લઈને જે નિર્મળ પર્યાય પ્રગટ થાય-શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ શાંતિ એ જ મુક્તિનો માર્ગ છે.

અહીં કોઈ કહે કે ભાઈ! આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન તો ખબર ન પડે. આપણે તો સંયમ લઈએ. પણ સંયમ છે એ પણ તને ક્યાંથી ખબર પડી? અમે સંયમી છીએ અને અમને ચારિત્ર છે, એ પણ ક્યાંથી ખબર પડી? કેમ કે એ તો દર્શન જેમ સૂક્ષ્મ છે, તેમ ચારિત્ર પણ સૂક્ષ્મ પર્યાય છે. સમ્યગ્દર્શનથી પણ સ્થિરતા, વીતરાગતા તો ઘણી સૂક્ષ્મ છે. પોતાના સ્વરૂપનો આશ્રય થયો છે કે નહિ એની ખબર નથી અને અમને સંયમ છે એમ માને છે. તો સંયમ ક્યાંથી આવ્યો? જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ક્યાં સંયમ? ક્યાંથી? સંયમ. સં-સમ્યક્ પ્રકારે, યમ-લીન થવું. શેમાં?

મુમુક્ષુ :- રાગમાં.

ઉત્તર :- રાગમાં તો અનાદિથી છે. એ સંયમ ક્યાંથી આવ્યો?

જે ચીજ છે, જ્ઞાયક ચિદાનંદ શુદ્ધ વીતરાગ મૂર્તિ આત્મા છે. સ્વભાવ એનો અવિકારી વીતરાગ સ્વભાવ વસ્તુ છે શુદ્ધ દ્રવ્ય. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એનો આશ્રય કરવાથી સમ્યગ્જ્ઞાન થાય છે. એનો આશ્રય કરવાથી સ્થિરતા નામ સંયમ થાય છે. કહે છે, જુઓને!

'**વ્યવહારનય નિષેધવાયોગ્ય જ છે;...**' નિષેધ કરવા યોગ્ય જ છે. કેમ કે પરના આશ્રયમાં તો બંધન થાય છે. એ તો અનાદિથી કરે જ છે. '**કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અનંત ગુણ રાશિ પ્રભુ, એનો અંતર આશ્રય કરવાથી, એનો આશ્રય કહો કે નિશ્ચયનયનો આશ્રય કહો. '**આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય...**' એમ ભાષા કહી છે ને? '**મુક્ત થાય છે...**' એને મુક્તિ થાય છે. અથવા મુક્તિનો ઉપાય આત્માના આશ્રયે થાય છે.

'**અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય...**' અને પોતાના સ્વ આશ્રય વિના એકલો પરાશ્રય કરનારો, '**એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.**' જેની કદી મુક્તિ નથી થતી એવો અભવિ પણ પરાશ્રય ક્રિયાકાંડ અનંત વાર અનંત વાર અનંત કાળથી કરે છે. સમજાણું કાંઈ? તો અહીં કેટલાક શું કહે છે? કે આ વ્યવહારનયનો નિષેધ અભવિ માટે છે. એમ કહે છે. ભારે પણ નીકળ્યા છે ને. અહીં તો અભવિનું દૃષ્ટાંત આપ્યું છે.

કે અભવિ પોતાના સ્વરૂપનો કદી આશ્રય લેતો નથી. અનાદિ કાળમાં એણે મુનિપણું લીધું એ કરે છે, એ બધું પરાશ્રિત વ્યવહારથી કરે છે. વ્યવહારથી કરે છે તો પણ મુક્તિ તો થતી નથી. તો તું વ્યવહાર કરે છે તો તને મુક્તિ ક્યાંથી થાય? એમ કહે છે. અહીંયાં વ્યવહારનો નિષેધ કર્યો છે એ અભવિને માટે કહ્યો છે. ભવિને નહિ. શેની માંડે છે આ?

હું માનું છું કે... એમ તો કહ્યું. ભગવાન અધ્યવસાનનો નિષેધ કરે છે કે ભાઈ! પરદ્રવ્યનો કર્તા ન થઈ શકે. તું માને છે એ છોડી દે. પ્રભુ વીતરાગ જિનેન્દ્રદેવ જ્યારે એમ કહે છે કે પરનો કર્તા ન થઈ શકે તો અમે તો એમ માનીએ છીએ કે પરાશ્રિત વ્યવહારનો ત્યાગ જ ભગવાને કરાવ્યો છે. શું થાય? એવા કોઈ અર્થ કરીને (બેસી જાય). (આચાર્યે સમજાવ્યું છે.)

આ મનુષ્ય જીવન માંડ મળ્યું. સમજાય છે? એમાં આ સત્યને સમજવાના પ્રસંગ અને કાળ (આવ્યા), એમાં જો સત્ય ન સમજ્યો તો કાંઈ કર્યું નહિ એણે. સમજાણું કાંઈ? એવા મુનિવ્રત તો અનંત વાર લીધા. નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એમાં શું થયું? એમાંથી પટકાયો. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' જુઓ! હિન્દી છે કે નહિ? શું છે? હિન્દી છે. એ શબ્દ આવે છે ઓલામાં. સ્વાધ્યાયમાં આવે છે. અમારી દુકાન ઉપર પણ મેં વાંચ્યું હતું. એમાં હિન્દી છે. એમ આવે છે એવું. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એનો અંતર આશ્રય લીધા વિના એવો દ્રવ્યસંયમ તો અનંત વાર લીધો અને નવમી ગ્રૈવેયકે ગયો. ફેર પટક્યો ત્યાંથી નીકળીને. નીકળ્યો ને પશુમાં, નરક આદિમાં ગયો પરંપરાએ. ચાર ગતિમાં રખડે છે. સમજાણું કાંઈ?

ત્યારે કોઈ કહે કે વ્યવહાર આવે છે કે નહિ? વ્યવહાર છે કે નહિ? વ્યવહાર છે કે નહિ? શાસ્ત્રમાં આવે છે કે નહિ? જુઓ! આ વ્યવહાર છે કે નહિ? વ્યવહાર છે એનો અર્થ શું? કે જ્યાં સુધી સ્વરૂપમાં આશ્રય કરીને સ્થિર ન થઈ શકે, દૃષ્ટિ-જ્ઞાન હોવા છતાં, ત્યારે રાગાદિ ભાવ હોય છે પણ એ વ્યવહાર નિષેધ કરવા લાયક છે. આદરણીય નથી. તેથી બતાવ્યું છે. આ વ્યવહાર છે કે નહિ? જુઓ! આ વ્યવહાર છે કે નહિ? એમ કહે છે. અમરચંદભાઈ! વ્યવહાર છે ત્યારે તો નિષેધ છે. છે એનો નિષેધ હોય કે ન હોય એનો નિષેધ હોય? સમજાણું કાંઈ?

કહે છે કે, '**પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય...**' ભગવાન ચૈતન્ય પ્રભુનો આશ્રય છોડીને અનાદિ કાળથી અભવિ અને ભવિ પરાશ્રય-આ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, નિયમ, નામ સ્મરણ, ભગવાનનું સ્મરણ આદિ (કરે) એ તો બધા પરાશ્રિત ભાવ છે. એવો '**પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો...**' કદી જેની મુક્તિ થવાની

નથી એવા અભવિ પણ કરે છે. તેં શું નવું કર્યું? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે...**' આત્મામાં પર નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ પરના નિમિત્તથી પોતામાં જે શુભ-અશુભ ભાવ થાય છે '**તે બધા વ્યવહારનયના વિષય...**' છે. એ બધો વ્યવહાર નામ વર્તમાન જ્ઞાન એને જાણે એ વિષય છે. માટે '**વ્યવહારનય તો પરાશ્રિત છે,...**' વ્યવહાર પરાશ્રિત છે. આ રાગ દયા, દાન, વ્રત, આમ કરું, આમ કરું, દયા પાળું, વ્રત પાળું, ભક્તિ કરું, પૂજા કરું. સમજાણું કાંઈ? જાત્રા કરું. નામ સ્મરણ કરું. જાપ ૐ.. ૐ.. ૐ... ૐ.. ભગવાનનું સ્મરણ કરે. એ બધા ભાવ પરાશ્રિત છે. કહો, શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહ્યું? સમજ્યો નથી કોઈ દિ' શું છે. માની લીધું કે.. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો વસ્તુસ્થિતિ જ એવી છે. અનાદિથી સંતનું શરણ લીધું નથી. સંત નામ ભગવાન આત્મા. વીતરાગ સ્વરૂપ સત્ સ્વરૂપ આત્મા એ પુણ્યના વિકલ્પના રાગથી પાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એય.. દિપચંદજી! .. એ મુનિપણું લઈ લેવાના હતા. નગ્ન થઈ જવાના હતા. એ સોલાપુરવાળા છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે?

મુમુક્ષુ :- નકલી સોનું હતું, ફેંકી દીધું.

ઉત્તર :- એ તો ખબર નહોતી તો શું કરે? ખબર નથી. નગ્ન થઈ જાય અને કાંઈ ક્રિયા કરે તો થઈ ગયો સાધુ. અરે..! ભગવાન!

અહીં તો કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ પરમાત્માએ કહેલું. જો ભાઈ! વ્યવહાર '**પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે...**' જેટલા દયાના, સત્ય બોલવાના, બ્રહ્મચર્ય પાળવાના.. સમજ્યા? ચોરી નહિ કરવાના, આવો પરિગ્રહ ન રાખવાનો જેવો શુભભાવ છે, દયા, પરનો ઉપકાર આદિ હું કરું એવો ભાવ, એ બધા ભાવો '**અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય..**' છે. બંધનું કારણ છે. પોતાને મુક્તિનું બિલકુલ કારણ નથી. આહાહા..! મુક્તિ શબ્દે મિથ્યાત્વથી પણ મુક્તિનો એ ઉપાય નથી એમ કહે છે. આહાહા..! માટે '**વ્યવહારનય તો પરાશ્રિત છે,...**' એ તો પરનો આશ્રય કરવાથી વિકલ્પ ઉઠે છે શુભભાવ.

'**અને જે એક પોતાનો સ્વભાવિક ભાવ છે...**' ભગવાન આત્મા જ્ઞાયકભાવ, શુદ્ધભાવ,

ચૈતન્યભાવ, સ્વભાવભાવ, એકરૂપ ભાવ '**તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી...**' જુઓ! બે વિષય થયા. પરના આશ્રયે જે ભાવ થાય છે એ વ્યવહારનયનો વિષય છે. જ્ઞાયક ત્રિકાળ શુદ્ધભાવ છે એ નિશ્ચયનયનો વિષય છે. કહો, સમજાણું કાંઈ? બે ભાવ આત્મામાં છે. એક નિશ્ચય શુદ્ધ જ્ઞાયકભાવ ત્રિકાળ એ નિશ્ચય. અને પરના આશ્રયે જે રાગાદિ દયા, દાન, વ્રતાદિ થાય તે વ્યવહાર. વ્યવહાર પરના આશ્રયે છે, નિશ્ચય સ્વના આશ્રયે છે. તો પરનો આશ્રય નિષેધ કરવા લાયક છે. કેમ કે એનાથી બંધ થાય છે. આ બંધ અધિકાર છે. વ્યવહારનય બંધનું કારણ છે માટે અહીંયાં નિષેધ કરવામાં આવ્યો છે. ઓહોહો..! ભારે કઠણ માણસને. જે કરીએ એને કહે કે આ ધર્મ નહિ. હવે નહિ કરવા લાયક કોણ જાણે શું હશે આ વળી ધર્મ? એય..!

આટલું આટલું કરે. આ ૩૦ વર્ષ, ૪૦ વર્ષથી રસ ન ખાધો. રોટલી, દાળ અને શાક. શાક પણ નહિ ને? શાક નથી ખાતા. શાક લીલોતરી નહિ. લ્યો, આ ન્યાલભાઈ જુઓ. એ સિવાય અમારે એક સમઢિયાવાળા નાગરભાઈ નહોતા? નાગરભાઈ તો બહુ ત્યાગી. છ મહિના, આઠ મહિને નહાતા હોય તો કોણ જાણે. ન્હાય પણ નહિ. એક ટંક. એક જ ટંક (જમે). ત્યાં ને ત્યાં પાણી અને આહાર. એક ટંક સમજ્યા? એક વાર. ગૃહસ્થ છે. ઘરે મોટા ખેતર હતા. અને ગાયું, ભેંસુ ઘરે દૂધ, દહીં બધું. એક વખત ખાવું. ત્યાં ને ત્યાં પોણા કલાકમાં કે એક કલાકમાં. આહાર પણ ત્યાં, પાણી પણ ત્યાં. ગૃહસ્થ હતા મોટા. સમઢિયાળા છે, બોટાદ. એક જ વખત ચોવીસ કલાકમાં. બિલકુલ પાણી પણ નહિ, કાંઈ નહિ. વર્ષોના વર્ષો. ઘણાં વર્ષોના વર્ષો.

પછી અમારો પરિચય થયો. શું છે? કીધું, એમાં કિંચિત્ ધર્મ નથી. સમજાણું કાંઈ? ઘણાં વર્ષ સુધી એક જ વાર લીધું. પાણી નહિ. બહુ ઓછું લેતા. શરીરમાં ચાલતા ચાલતા જરી આમ ધક્કો લાગે આમ થાય તો .. બરાબર શરીર સ્થિર રહે એવો આહાર લે નહિ. કેમ કે બ્રહ્મચર્ય પાળે. સ્ત્રી નાની ઉંમરમાં ગુજરી ગયેલી. દીકરો છે. અત્યારે છે. ગૃહસ્થ છે. મોટી ખેતી છે. એટલો આહાર લેતા કે ચાલતા ચાલતા જરી આમ થઈ જાય એટલો લે. શરીર સરખું રહે એટલો આહાર લે નહિ. બ્રહ્મચર્ય પાળવા. એય.. શોભાલાલજી! પણ કહ્યું કે ભાઈ! આ ધર્મ નહિ. એ તો માનતા હતા કે બસ, અમને ધર્મ છે. ધૂળેય ધર્મ નથી. સાંભળતો ખરો. આહાહા..! પાટણીજી! અમારે તો ઘણાં એવા હતા ને. પહેલા (સંવત) ૧૯૭૦ની સાલમાં રહેતા હતા.

કહે છે કે એક પોતાના આત્મામાં બે પ્રકારના ભાવ (છે). એક આત્મા ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ એક. અને એક વર્તમાનમાં પરના આશ્રયે થનારા દયા, દાન, ભક્તિ,

વ્રત, પૂજા આદિના ભાવ. આ બે ભાવ. એમાં પરને આશ્રયે જે ભાવ થાય એ બંધનું કારણ છે. તેથી સ્વનો આશ્રય કરવાથી વ્યવહાર છે એનો આશ્રય છૂટી જાય. માટે છોડવા લાયક વ્યવહારનય છે. આદરવા લાયક નથી. પંડિતજી! એમ છે કે નહિ એમાં? જુઓ છે તમારે જુઓ! હવે આ તો હિન્દીમાં થાય છે.

મુમુક્ષુ :- નિશ્ચયનયનો આશ્રય કરે છે.

ઉત્તર :- કહ્યું ને? શું કહ્યું? આત્મા શુદ્ધ ચૈતન્ય એનો આશ્રય કરો એ નિશ્ચયનયનો વિષય.

મુમુક્ષુ :- ક્યારથી?

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી.

મુમુક્ષુ :- ક્યાં સુધી?

ઉત્તર :- ક્યાં સુધીનો અર્થ શું? સ્વના આશ્રયે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી. સ્વનો આશ્રય ચોથા ગુણસ્થાનથી હોય છે. ક્યાં સુધી એનો આશ્રય (હોય છે)? કે પૂર્ણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી.

મુમુક્ષુ :- પછી નય રહે છે ક્યાં.

ઉત્તર :- પછી નય છે ક્યાં? કેવળજ્ઞાન થાય પછી નય નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે... સમજાણું કાંઈ? એક પોતાનો સ્વભાવિકભાવ શુદ્ધભાવ, શુદ્ધભાવ, ધ્રુવભાવ. એ જ નિશ્ચયનયનો વિષય, તે આશ્રય કરવા લાયક છે. સમ્યગ્દષ્ટિને શરૂઆતમાં સ્વભાવ-એકલો ભાવ એ આશ્રય કરવા લાયક છે.

મુમુક્ષુ :- પણ આ નિશ્ચયનયનું ..

ઉત્તર :- ચોથેથી શરૂ (થાય છે). ક્યાં સુધી એમ કહ્યું હતું. ક્યારથી એમ નહોતું કહ્યું. એ તો જે પ્રશ્ન હોય એવો ઉત્તર દેવાયને. ક્યારથી ઉત્પન્ન થાય એમ કહે તો તો. એનો પ્રશ્ન હતો એવો જવાબ દઈએ ને. કયાં સુધી એમ કહ્યું હતું. ક્યારથી એ બીજી વાત છે. ક્યાં સુધી? કે જ્યારે પૂર્ણ આશ્રય થઈ જાય, કેવળજ્ઞાન થઈ જાય ત્યાં સુધી નિશ્ચયનો જ આશ્રય છે. ક્યારથી? તો ચોથા ગુણસ્થાનથી. અને ક્યારથી? નિશ્ચયનો વિષય ક્યારથી શરૂ થાય છે? કે પહેલા ચોથા ગુણસ્થાનથી.

સમ્યગ્દર્શન પોતાના શુદ્ધ આત્માનો આશ્રય કરવાથી થાય છે. એ નિશ્ચયનો વિષય થયો. સમજાણું કાંઈ? અને સમ્યગ્જ્ઞાન પણ સ્વનો આશ્રય કરે તો જ્ઞાન થાય. શાસ્ત્ર વાંચવા-ભણવા એ સમ્યક્જ્ઞાન છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યમાં આનંદમાં લીન થવું, આનંદમાં લીન થવું એ સંયમ છે, એ ચારિત્ર છે. બાકી

બધું થોથા છે. સમજાણું કાંઈ? નગ્ન થઈ જાય અને બહારની ક્રિયા પંચ મહાવ્રતની (પાળે), પણ મહાવ્રત તો છે જ ક્યાં મિથ્યાદષ્ટિને. પણ આ અહિંસા કરે, વહોરવાની આવી ક્રિયા, તેવી ક્રિયા. આજ તો વળી ..માં આવ્યું છે ભાઈ! એક લેખ. છે ને મિલાપચંદ? સાધુએ બપોરે ભીક્ષા લેવી. મધ્યાહન પહેલાં બે ઘડી પહેલા નીકળવું. એ પહેલા નીકળવું નહિ. એવું બધું બહુ લખ્યું છે.

મુમુક્ષુ :- મધ્યાહન પહેલા.

ઉત્તર :- હા. મધ્યાહન થાય ત્યારે. મધ્યાહનથી થોડા કાળ પહેલા. એની પહેલા નહિ. દસ વાગે નીકળવું એમ શાસ્ત્રમાં નથી. એવું ઘણું લખ્યું છે. મધ્યાહનમાં બધાએ ભોજન કરી લીધું હોય. એવું લખ્યું છે એમાં. ભોજન કરી લીધું હોય. પહેલાં પણ એમ હતું ને? કાગડા-કૂતરાને નાખી દીધું હોય, બધું સાફ હોય પછી વધ્યું હોય એ વખતે નીકળવું.

મુમુક્ષુ :- કડકાઈ બતાવે છે.

ઉત્તર :- કડકાઈ નહિ. એમ છે જ નહિ. એના માટે બધું બનાવે અને ટાઈમ થઈ ગયો તો ચાલો. એ તો વ્યવહાર પણ સાચો નથી. નિશ્ચય દૃષ્ટિ તો છે જ નહિ અંદર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્થાપના.

ઉત્તર :- સ્થાપના શું? શેની સ્થાપના?

મુમુક્ષુ :- મુનિપણાની સ્થાપના.

ઉત્તર :- મુનિપણાની સ્થાપના શેમાં સ્થાપના? ઈ હોય? પોતાનો સ્વભાવિક ભાવ છે. સ્થાપનામાં તો ગુણ પણ નથી અને અવગુણ પણ નથી. એની સ્થાપના છે. અહીં તો અવગુણ છે એમાં સ્થાપના ક્યાંથી આવી? સમજાણું કાંઈ? ભગવાનની પ્રતિમામાં સ્થાપના છે તો એમાં અવગુણ નથી. અવગુણ છે? રાગ-દ્વેષનું જ્ઞાન છે કોઈ? તેમ ગુણ પણ નથી. તો ગુણ જેવા છે એની સ્થાપના છે એ તો. પણ જેમાં અવગુણ છે, મિથ્યાત્વ, રાગદ્વેષાદિ અવગુણ છે એની સ્થાપના ક્યાં કરવી? ભાઈ! સમજાણું કાંઈ? પણ સ્થાપવું શેમાં?

ભગવાન એક નિક્ષેપ છે. પ્રતિમા છે તો પત્થરની. પણ ગુણ એમાં જે છે એ ગુણનો આરોપ કરે છે. કેમ કે અવગુણ નથી એમાં. અવગુણ નથી. અજ્ઞાન મિથ્યાત્વ છે નહિ. ગૃહીત મિથ્યાત્વાદિ. એકેન્દ્રિય જીવ છે એનો તો અહીં પ્રશ્ન નથી. તો એ કારણે અવગુણ નથી તો ગુણનો આરોપ કરવામાં આવે છે. પણ જેમાં એકલા અવગુણ જ છે એમાં સ્થાપના ક્યાંથી આવી? સમજાણું કાંઈ?

જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે-પરને આશ્રયે લાભ થાય, દયા, દાન, વ્રત, ભક્તિથી મુક્તિ

થાય એ તો મિથ્યાત્વનો અવગુણ છે. દૃષ્ટિ વિપરીત છે. એમાં સ્થાપના ક્યાંથી આવી? સમજાણું કે નહિ? આહાહા..! ભારે વાત ભાઈ!

અહીં તો કહે છે બે ભાવ. ક્યા? '**પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે...**' અનેક શબ્દ પડ્યો છે. '**તે બધા વ્યવહારનયના વિષય...**' એ વ્યવહારનય પરાશ્રિત છે. કેમ કે પરાશ્રિત અનેક ભાવ થાય છે. દયા, દાન, નામ સ્મરણ, ભક્તિ, પૂજા વગેરે વગેરે વ્રત, અહિંસા, સત્ય, દત્ત, અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ વગેરે અપવાસના વિકલ્પ આવે છે, બધા અનેક પ્રકારના થાય છે એ બધો વ્યવહાર છે. એ બંધનું કારણ છે.

'**અને જે એક પોતાનો સ્વભાવિક ભાવ છે...**' એ અનેકની સામે છે. એક પોતાનો ચૈતન્ય સ્વભાવ ધ્રુવ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ, એનો ભાવ એ જ નિશ્ચયનયનો વિષય છે. '**તેથી નિશ્ચયનય આત્માશ્રિત છે.**' નિશ્ચયનય સ્વાશ્રિત છે. સ્વ નામ આત્મા આશ્રિત છે. '**અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે...**' પરનું હું કરી શકું એવી માન્યતા અધ્યવસાય એ વ્યવહાર પરનો આશ્રય છે. '**તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે,...**' પરની એકત્વબુદ્ધિનો ત્યાગ કરાવ્યો એનો અર્થ છે કે પરના આશ્રયે વ્યવહારનો જ ત્યાગ કરાવ્યો છે. સમજાણું કાંઈ? ગાથા તો બહુ સારી આવી છે. હિન્દી કરો.. હિન્દી કરો.. પણ હિન્દીમાં વાત તો સારી આવી છે. અમારા સનાવતવાળા આવ્યા છે ને એટલે હિન્દી કર્યું છે. આ હિન્દીમાં વાત સારી આવી છે. કહો, સમજાણું કાંઈ?

'**અને પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે...**' પહેલેથી આવ્યું ને પરને જીવાડવો, મારવો, પ્રાણઘાત, રક્ષા કરવી એ તારા અધિકારની વાત નથી. મિથ્યા અધ્યવસાય છે. '**પહેલાંની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે.**' અહીં તો એટલું કહ્યું. પરને જીવાડવો, મારવો એ તારા અધિકારની વાત નથી. એ અધ્યવસાય મિથ્યાત્વ છે. મિથ્યાત્વનો ત્યાગ કરાવ્યો એની સાથે પર વ્યવહારના આશ્રયે જે ભાવ થાય છે એનો પણ ત્યાગ કરાવ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે. પંચ મહાવ્રતના પરિણામ, પરને લક્ષે એને નહિ મારવું, સત્ય બોલવું એ બધો વ્યવહારનયનો વિષય છે. એ બંધનું કારણ છે. એ આસ્રવ છે. ભગવાને તો '**વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ...**' કર્યો છે. અંતર સ્વરૂપના આશ્રય લીધા વિના એને ધર્મ કદી ત્રણ કાળમાં થતો નથી.

'**આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને...**' પ્રધાન કરીને કેમ? મુખ્ય કરીને. વ્યવહાર હોય છે વચ્ચે રાગાદિ. પણ નિશ્ચયને મુખ્ય કરીને દ્રવ્યનો આશ્રય કરાવ્યો છે. '**વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે-જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે**

**તેઓ જ કર્મથી છૂટે છે...**' જે કોઈ ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય એકરૂપ પૂર્ણ સ્વભાવ, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, એનો આશ્રય લઈને જ્ઞાન, આશ્રય લઈને ચારિત્ર (પ્રગટ કરે છે) તે જ મુક્ત થાય છે. પરના આશ્રયે મુક્તિ કદી થતી નથી. સમજાણું કાંઈ? '**નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે...**' એકલો પરનો આશ્રય લઈને પ્રવર્તે છે. '**તેઓ કર્મથી કદી છૂટતા નથી.**' સમજાણું કાંઈ? નિશ્ચયનો આશ્રય લીધો અને એમાં પછી સ્થિરતા જ્યાં સુધી વીતરાગતા ન થાય તો વચ્ચે એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. નિશ્ચયનો આશ્રય છે એ જ મુક્તિનું કારણ છે. વચ્ચે વ્યવહારનો આશ્રય લીધો એ મુક્તિનું કારણ નથી. આ તો નિશ્ચયનો આશ્રય નથી અને એકલો વ્યવહાર છે. તો વ્યવહારથી કદી ધર્મ-બર્મ થતો નથી. ઓહોહો..! કહો, મોતીલાલજી! શું છે? એકલા દયા, દાન, વ્રત, ભક્તિ કરવા, ઉપદેશ કરવો, બીજાને સમજાવવો, અનશન, ઉણોદરી, વ્રત, તપ આદિ કરવા એ બધો એકલો પરાશ્રિત રાગ વ્યવહાર છે. આ દશલક્ષણી પર્વ ચાલે છે ને. આ ત્યાગનો દિવસ છે આજે. કહો, સમજાણું કાંઈ? '**એકાંતે વ્યવહાનયના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.**' જ્યાં સુધી એને વ્યવહારનો આશ્રય છે ત્યાં સુધી કદી એની મુક્તિ મિથ્યાત્વથી પણ થતી નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ છોડી દે છે? કોણ છોડે? છોડે કોણ અને મૂકે કોણ? અરે.. ભગવાન! શું કરે? સત્ય તત્ત્વના ઉપદેશથી અસત્ય થઈ જાય? પણ પોતાનો ભાવ એટલો પ્રિય લાગે છે કે એમાં ધર્મ મનાવો તો ઠીક છે. ધૂળમાંય ધર્મ નથી. આહાહા..! એ વિશેષ કહે છે, જુઓ!

'**હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે?**' આપે દૃષ્ટાંત આપ્યો કે વ્યવહારનો આશ્રય કરનાર અભવિ ઘણી વાર વ્યવહારનો આશ્રય કર્યો, મુનિવ્રત આદિ લીધા તો મુક્તિ તો થઈ નહિ. તો એ કઈ રીતે આશ્રય કરે છે એ અમને કહો. '**તેનો ઉત્તર કહે છે :-**'

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**
**कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी।।२७३।।**

ભાષા જુઓ! કુંદકુંદાચાર્ય પણ ઓહોહો..! નીચે હરિગીત.

**જિનવર કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.**

'**જિનવર કહેલાં...**' હોં! અન્યની તો વાત જ ક્યાં?

હવે જિનવર પાઠ લીધો છે ને પાઠમાં? એ ટીકામાં નહિ આવે. ટીકામાં એની વ્યાખ્યા પરિપૂર્ણ... પરિપૂર્ણ... પરિપૂર્ણની અપેક્ષાએ જિનવરે કહ્યું એ શબ્દ આવશે. પાઠમાં એમ લીધું છે ને. '**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।**' એટલે કે જિનેશ્વરદેવે જે નિશ્ચયનો આશ્રય કરવામાં જે આત્માનો સ્વભાવ પ્રગટ થાય છે, એમાં જિનેશ્વરદેવે કહ્યું કે એનો વ્યવહાર આવો હોય છે. પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાન, ભક્તિ એવો વ્યવહાર. એવું જે ભગવાને કહ્યું. ભગવાને કહ્યું. એવો જિનવરે કહેલો વ્યવહાર એનો આશ્રય અભવિ પણ કરે છે. સમજાણું કાંઈ? હવે જરી ટીકા.

જિનવરે કહ્યું એમ શબ્દ છે ને? અન્યમતિ સર્વજ્ઞ સિવાય જે અજ્ઞાની વ્યવહાર કહે છે એ તો વ્યવહાર સાચા વ્યવહાર તરીકે પણ વ્યવહાર નથી. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જે પ્રરૂપણા કરે છે કે આમ કરો.. આમ કરો વ્યવહાર. એ વ્યવહાર તો વ્યવહાર જ નથી. અહીં તો જિનવરે કહેલો વ્યવહાર.

મુમુક્ષુ :- એ કેવો હોય?

ઉત્તર :- એ વ્યવહાર પંચ મહાવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા, એના કષાયની મંદતાની ઉગ્રતા. એ કહે છે. જુઓ!

'**ટીકા :- શીલ...**' શીલ. શીલ નામ કષાય મંદનો સ્વભાવ. કોમળ... કોમળ.. કોમળ.. કોમળ... કોમળ... વ્યવહારમાં એટલી કોમળતા, એટલી કોમળતા. માનની દરકાર નહિ, પૂજાની દરકાર નહિ એવો શીલ સ્વભાવ કોમળ. એ કેવું શીલ? પરિપૂર્ણ. કષાયની મંદતા એટલી પરિપૂર્ણ, એટલો કષાય મંદ હોય કે જિનવરે કહ્યો વ્યવહાર તે આવો વ્યવહાર હોય. એ વ્યવહાર પણ મિથ્યાદૃષ્ટિ અનંત વાર કરે છે. સમજાણું કાંઈ?

'**શીલ અને તપ...**' જુઓ! પરિપૂર્ણ શબ્દ કેમ લીધો છે? કે જિનવરે કહેલા તપ. તપ શબ્દે અનશન. સર્વજ્ઞે કહેલા અનશન. એક અપવાસથી માંડીને છ મહિનાનો અપવાસ એવા કરે છે, એવા છ મહિનાનો અપવાસ. કેવા? બિલકુલ ચોખ્ખા. અતિચાર લાગે નહિ એવા છ-છ મહિનાના અપવાસ. પરિપૂર્ણ. અનશનમાં પરિપૂર્ણ અનશન કરે છે. સમજાણું કાંઈ? શીલ પરિપૂર્ણ, તપ પરિપૂર્ણ. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિનો જે વ્યવહાર અજ્ઞાનીએ કહ્યો એ ભાવ નહિ, આ તો જિનવરે શાસ્ત્રમાં કહ્યો વ્યવહાર એ વ્યવહાર આત્માના આશ્રય વિના એકલા કરનારા અભવિ પણ અનંત વાર કરે છે. સમજાણું કાંઈ?

અનશન. છ મહિનાના અપવાસ. બબ્બે માસના સંથારા. સંથારા સમજ્યા? સંલેખના. બે માસ. એ પણ પરાશ્રિત ભાવ છે. એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. સંલેખના. આ સમાધિમરણ છેલ્લે કરે છે ને. આત્માના ભાન વિનાની સમાધિ. બે મહિના આહાર ન લીધો.

વીતરાગે વ્યવહાર કહ્યો છે. એ પરના આશ્રયે કહ્યો એ બંધનું કારણ છે. પોતાનો આશ્રય તો છે નહિ. સમજાણું કાંઈ?

ઉણોદરી. બીજા બોલમાં તપ છે ને બાર પ્રકારના. ઉણોદરી એટલી ઉણોદરી કે બત્રીસ કોળિયાનો આહાર હોય તો એક-બે કોળિયા લે અને છોડી દે આહાર. એવી ક્રિયા ઉણોદરી કરી મિથ્યાદષ્ટિએ, અભવિએ અને ભવિએ અનંત વાર એવી ક્રિયા કરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બન્નેએ કરી. અભવિનું તો દષ્ટાંત દે છે. ભવિએ પણ અનંત વાર એવું કર્યું છે. અહીં તો અભવિનું દષ્ટાંત દે છે. અભવિ આવું કરે છે એને મુક્તિ નથી થતી, તો તને ક્યાંથી મુક્તિ થશે? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભવિ એટલે? સમ્યગ્દર્શન પ્રગટ કરે તો એ લાયક થાય. એ વિના ક્યાંથી થાય? ઉણોદરી. એક કોળિયો લે. બાકી બધું છોડી દે. રસ નહિ. પછી આવશે. ઉણોદરી. બાર ભેદ છે ને. ભગવાને કહી એવી ઉણોદરી કરે. ઉણોદરી. પેટ ઉણું રાખે. શરીરમાં નબળાઈ આવી જાય. અમારે નાગરભાઈ બહુ ઓછું ખાતા. બહુ ઓછું. ઓછુંને શું કહે? કમ. બહુ ઓછું ખાતા. છેલ્લે રોટલી થોડી લે અને છેલ્લે ભાત લે ને ભાત? તો એમાં પાતળી છાશ નાખે અને પાણી નાખે એમાં. નહિતર ગૃહસ્થ માણસ હતા. ઘરમાં દહીં, દૂધ બધું હતું. પણ પેટ ભરાય એટલું ન લે. ચોખા હોય ને? ચાવલ. એમાં પાણી નાખી દે. પાણી નાખીને ખાય. પેટ ભરાઈ જાય બસ એટલું. નાગરભાઈ બહુ .. ગૃહસ્થ હતા. શરીર પણ સુંદર હતું. બ્રહ્મચર્ય પાળવા નાની ઉંમરમાં.. છાપ ઘણી સારી આખા ગામમાં, આસપાસ ગામમાં. ગૃહસ્થ માણસ, ઘરે જમીન મોટી. દસ-દસ હજારની ઊપજ, પંદર હજારની ઊપજ વર્ષની. પહેલા વર્ષે હોં! આમદની. એક રોટલી-બે રોટલી ખાય સાધારણ. અને ભાતમાં પાણી નાખીને પેટ ભરે. સાંજે ભૂખ લાગે તો લથડિયા આવે. લથડિયાને શું કહે? ચક્કર. એટલું ખાતા હતા ઈ. કીધું, શું થયું પણ? એય..! નાગરભાઈની ખબર નહિ (હોય) તમને, નહિ? નહિ ઓળખતા હોય. બોટાદ પાસે. બહુ ત્યાગ. ઘણો બાહ્યનો આ જાતનો. બ્રહ્મચર્યની છાપ એવી બ્રહ્મચર્યની એવી છાપ. મોટા ગૃહસ્થ માણસ. નાગરભાઈનું નામ પડે ત્યાં બસ. આમ ગામમાં ને કાઠીમાં ને લોકોમાં આસપાસમાં માને, એટલું માન. પણ વસ્તુની ખબર નહિ. સમજાણું કાંઈ?

ઉણોદરી. ઉણ-ઓદરી સમજ્યા? ઓછું ખાવું. બહુ ઓછું ખાવું. ઉણોદરી પછી અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ. આટલું જ ખાવું, બે દ્રવ્ય લેવા, અથવા બે દ્રવ્ય લેવા, ત્રણ દ્રવ્ય

લેવું, છાશ અને રોટલી ખાવી એવું અનંત વાર કર્યું. અભવિએ પણ અનંત વાર આવું કર્યું. એમાં કોઈ ધર્મ-બર્મ છે નહિ. આહાહા..! અનશન, ઉણોદરી, રસપરિત્યાગત. જાવજીવ સુધી રસ નહિ ખાવો. કેરીનો નહિ, દૂધ નહિ, દહીં નહિ. પકવાન નહિ. ઘી નહિ, તેલ નહિ, તેલમાં તળેલા ભજીયા નહિ. ભજીયાને શું કહે? પકોડી. ઢેબરા નહિ. એ તપમાં, હોં! તપમાં આવ્યું. બાર પ્રકારના તપ છે ને. એવું વ્યવહારતપ પણ અનંત વાર કર્યું. અભવિએ પણ અનંત વાર કર્યું તો તું વળી ક્યાંથી લાવ્યો કે વ્યવહારથી તને લાભ થાય. સમજાણું કાંઈ? અનશન, ઉણોદરી, વૃતિસંક્ષેપ, રસપરિત્યાગ. નહિ, નહિ. રોટલી પણ ચોપડેલી નહિ. ચોપડેલીને શું કહે? ઘી લગાવેલી રોટલી નહિ. કોરી રોટલી એક-બે. અને મઠ્ઠા.

મુમુક્ષુ :- લુખ્ખા.

ઉત્તર :- લુખ્ખા. રસનો ત્યાગ. સમજ્યા? છાશ-મઠ્ઠા. રોટલી ને છાશ.

ઓલા બિચારા ખાતા હતા. નહિ? ઓલા બ્રહ્મચારી નહિ? લુહાણા. ધીરૂભાઈ બિચારા બહુ પેલું ખાતા. પહેલા. બિચારાનું ફરી ગયું મગજ. એનું અભિમાન થયું. પહેલાં અધ શેર શીંગ જ ખાય. શીંગના દાણા હોય ને. એક બ્રહ્મચારી છે. મગજ ફરી ગયું. ગાંડા થઈ ગયા અત્યારે તો. પણ પહેલા એવી ક્રિયા કરતા હતા. પણ એને અભિમાન હતું ને. મેં ત્યાગ કર્યો.. મેં ત્યાગ કર્યો.. મગજ ફરી ગયો. ધીરૂભાઈ રાજકોટના. ગાંડા થઈ ગયા. મગજ અસ્થિર થઈ ગયું. અંદરમાં ઊંડે ઊંડે અભિમાન હતું. દિવસમાં આટલા શીંગના દાણા (ખાય). શીંગ સમજ્યા ને? મગફળીના દાણા. મગફળી પલાળે અધશેર. બસ. બીજી કોઈ ચીજ નહિ. રોટલી અને છાશ. કોઈ બીજી ચીજ નહિ. એવું ઘણું કર્યું. પણ વસ્તુની દૃષ્ટિ નહિ અને આ મેં ત્યાગ કર્યો, બીજા કરતા સાદું મારું જીવન છે એવું અભિમાન થઈ ગયું તો મગજ ફરી ગયું. જીર્ણ થઈ ગયા. પછી તો ગાંડા થઈ ગયા. ધીરૂભાઈ આવે છે ને? આહાહા..! આ ઓરડીમાં રહે છે. ઘણી દયા એના ઉપર આવે એવી સ્થિતિ.

કહે છે કે રસનો ત્યાગ કર્યો. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ. છ-છ મહિના સુધી તડકે આમ. તડકા સમજ્યા? ધૂપ. અમારા બોટાદમાં એક હતા નાની ઉંમરના જુવાન માણસ, જુવાન હોં! સગપણ કર્યું હતું. સગપણ સમજ્યા? સગાઈ કરી હતી. પછી એવા વેગી હતા ને. વેગ વેગ. ધર્મનું ભાન નહિ અને વેગ બહુ. પોષા કરે છે ને. પૌષધ. પૌષધ સમજો છો? પૌષધ નથી સમજતા? સામાયિક અને પૌષધ. એક દિવસ ચોવીસ કલાક બિલકુલ એકાંતમાં રહીને પૌષધ નામ સાવદ્ય વેપાર ન કરે, એકાંતમાં બેસે, એક અપવાસ કરે. એ પૌષધ કરે. પૌષધ તો આ લોકોમાં સ્થાનકવાસીમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે પહોરનો અપવાસ. ચારનો. પૌષધ કરે તો પછી એને તરસ લાગે, તરસ. તો તડકામાં જઈને બેસે. સમજ્યા? શું કહ્યું? તરસ લાગે તો તડકામાં જઈને બેસે. શું કરે છે? પૌષધને પાણી પીવડાવું છું. હઠ-હઠ. ભાન ન મળે. એમ કહેતા હતા. અંતે જુવાન માણસ હોં! સ્ત્રીની સાથે સગપણ કર્યું હતું. ત્યાં જઈને કપડા દીધા, બહેન! તું મારી બહેન છે. મારે લગન નથી કરવા. જાવ કપડા દઈ આવો. કપડા દઈ આવ્યા. અને આવીને જેઠ માસમાં. પુરી અને રસ ને રોટલી ખાધા. રસ સમજ્યા ને? ખાઈને જાવજીવનો ત્યાગ. ખાઈને જાવજીવનો પાણી-આહારનો ત્યાગ. શું કહ્યું? સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- આહાર-પાણીનો ત્યાગ.

ઉત્તર :- જાવજીવનો. ખાઈને તદ્દન. પોતાની સ્ત્રીને કપડા આપીને તું મારી બહેન છે. મારે લગન નથી કરવા. પછી આવ્યા. જુવાન હતો. ૨૫ વર્ષનો. અને પછી આવીને રોટલી અને રસ ખાધા. જેઠ મહિનો હતો, જેઠ મહિનો. ખાઈને જાવ જીવ સુધી આહાર-પાણી લેવા નહિ. સંલેખના કરી. જાવજીવ. યાવત જીવ. પછી જ્યાં દસ અને અગિયાર-બાર દિવસ થયા. પીડા... પીડા... પછી સાધુના દર્શન કરવા આવતા હતા. તો શું કહેવાય? રેકડી. રેકડીમાં બેસાડીને પછી અમારા ગુરુ.. અમે તો જોયા નથી. પહેલાની વાત છે. ગુરુ પૂછે, કેમ છે ભાઈ? એનું નામ હતું. ભૂલી ગયો. એ વોરાના કુટુંબ. શું કરું મહારાજ! પીડા.. પીડા.. પીડા... ત્યાગ કરી નાખ્યો. અને પીડા શરીરમાં જ્વાળા ઉઠે. બાર દિવસ ધોમ તડકો. પાણીનું બિંદુ નહિ. બસ, દેહ છૂટી ગયો. દેહ છૂટી ગયો. બાધા લીધી હતી ને. પ્રતિજ્ઞા લીધી હતી.

મુમુક્ષુ :- ૨૫ વર્ષની ઉંમર?

ઉત્તર :- નાની ઉંમર. કન્યાને બહેન કરી દીધી. એવો વેગ ઘણો. પહેલા ક્રિયાકાંડનો એટલો વેગ હતો તો એને બિચારાને એમ કે આમાંથી મારું કલ્યાણ થશે. શોભાલાલજી! દેહ છૂટી ગયો. અજ્ઞાનમરણ છે. દુઃખ... દુઃખ... દુઃખ... આત્મા અંદર જ્ઞાનાનંદ શુદ્ધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું તો ભાન નથી. સહન કરવાની શક્તિ નહિ એટલે દુઃખ દુઃખ થાય. બાળમરણ છે. એવી વાત છે. અનંત વાર એવી ક્રિયા કરી છે. પણ પોતાનો ચૈતન્ય ભગવાન આત્મા એનો આશ્રય કદી કર્યો નથી. તો એને કદી સમ્યગ્દર્શન પણ થયું નહિ.

અનશન, ઉણોદરી, વૃતિસંક્ષેપ, કાયક્લેશ, .. ઈન્દ્રિયદમન. એવી દમન કરે. શું થયું? એ તો વિકલ્પ છે. અતીન્દ્રિય આનંદ ભગવાનની દૃષ્ટિ થયા વિના તારા ઈન્દ્રિયના ... વિષય પણ ધર્મ નથી. શુભરાગ છે. રાગની મંદતા હો. .. અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, પ્રાયશ્ચિત. કોઈ દોષ લાગે તો પ્રાયશ્ચિત લે. મહારાજ! મને દોષ લાગ્યો છે. એ પણ અનંત વાર કર્યું.

એ તો રાગ છે. એમાં શું છે? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનો અનુભવ નથી, દૃષ્ટિ નથી. અને વ્યવહારની ક્રિયાકાંડ તો અભવીએ આવી અનંત વાર કરી છે. સમજાણું કાંઈ? વિનય. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય. એટલો વિનય, એટલો વિનય કરે. પુસ્તક-પાનાને પગે લાગે. શાસ્ત્રને જય મહારાજ! એય.. શેઠ! ચૈત્યાલયને બરાબર પ્રતિમા.. પુસ્તક છે ને પુસ્તક? એ પરનો વિનય તો રાગ છે. જિનવાણીનો વિનય એ પણ વિકલ્પ છે. આહાહા..! શુભરાગ છે. ધર્મ નહિ. એવો દેવનો વિનય, ગુરુનો વિનય, શાસ્ત્રનો વિનય ઘણી વાર અનંત વાર કર્યું. પણ પોતાનું શુદ્ધ સ્વરૂપ છે એનો વિનય કર્યો નહિ. માની લીધું કે અમે વિનય કરીએ છીએ. અમને ધર્મ થાય છે. ધૂળેય નથી. કહે છે. દેવની ભક્તિ, ગુરુની સેવા બરાબર કરે. પણ એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો વિકલ્પ છે એ તો પુણ્યભાવ છે. સમજાણું કાંઈ? ભગવાનની પૂજા અનંત વાર કરી. મણિરત્નના દિવા, કલ્પવૃક્ષના ફૂલ સમવસરણમાં (લઈ જઈ), જય પ્રભુ. જય વીતરાગ. એમાં શું થયું? એ તો શુભભાવ છે. શોભાલાલજી! બહુ વાત કઠણ છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત એવી છે. પુણ્યબંધ થાય તો પુણ્યબંધ તો અનંત વાર કર્યું છે. એનાથી કોઈ જન્મ-મરણનો અંત નથી. ઓહોહો..! રાડ નાખી જાય. પણ આ વાંચે ત્યારે ખબર (પડે ને). આ શું કહે છે એની ખબર નથી. શાસ્ત્રમાં છે. આ નવી વાત છે? અનંત કાળથી ચાલી આવે છે. બે હજાર વર્ષ પહેલાનું કુંદકુંદાચાર્યદેવનું શાસ્ત્ર છે. એની ટીકા હજાર વર્ષ પહેલા કરી. અનંત કાળથી (સર્વજ્ઞ પરમાત્મા) કહેતા આવે છે એ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો. ગૃહસ્થ છે તો મિથ્યાત્વ ત્યાગવા લાયક નથી. એમ?

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્ય પોતે કહે છે..

ઉત્તર :- અપ્રતિબદ્ધને સમજાવે છે. એ તો પહેલી વાત કરી. જે અનાદિ કાળનો અપ્રતિબદ્ધ છે, ભાન નથી એને તો સમજાવે છે. અને અનાદિ કાળનો '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' ચોથી ગાથા છે. અનંત કાળથી બંધ કેમ થાય છે, પુણ્ય કેમ થાય છે, પુણ્ય કરવું કેમ? પુણ્યને ભોગવવું કેમ? એ વાત તો અનંત વાર તેં સાંભળી છે. સમજાણું કાંઈ? અનુભવી પણ છે. એનાથી તો તને ભિન્ન વાત કરીએ છીએ. જે અનુભવી છે પુણ્યની વાત, એને કહે છે કે તને અમે પરથી પૃથક્ અને સ્વથી એકત્વની વાત કરીશું. મિથ્યાદૃષ્ટિની તો વાત છે. સમજાણું કાંઈ? પણ આ વાત સમજાઈ જાય એમાં કાંઈ રહેતું નથી. એટલે કાઢી નાખો.. કાઢી નાખો. મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વ ભાવ નાશ કરવા માટે આ વાત છે. ગૃહસ્થાશ્રમ

ક્યાંથી આવ્યો સમકિત વિના? સમજાણું કાંઈ? વિનય, વયાવચ્ચ. વયાવચ્ચ એવી સેવા કરે સાધુની, દેવની, ગુરુની સેવા કરે. કહો, પરની સેવા કરે. એકલા પરોપકાર કરનારા આત્માના ભાન વિના પરની સેવા કરેને પરની સેવા? પરની સેવાનો ભાવ શુભભાવ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એમ કર્યું ને. ખુશી મનાવે. તમે પણ એવા અને ઓલા બનાવનાર પણ એવા. બેય સરખા. શેઠ! ખુશી મનાવે કે આમ કર્યું. એ તો રાગ છે. તારો ચૈતન્ય શાંતરસથી ભરેલો છે ભગવાન. અંતર્મુખ દૃષ્ટિ કરી નહિ અને બહારની ક્રિયાથી તું ધર્મ મનાવે છે તો મિથ્યાદૃષ્ટિ છો. કહે છે. ન્યાલચંદભાઈ! વાત સાંભળવા મળતી નથી લોકોને. .. એમ કરી લીધું, લ્યો. ષોડશકારણ ભાવના કરો, અપવાસ કરો. આ જુઓને આ કરે છે ને. પણ એ વસ્તુ શું છે એની ખબર નથી. શું કામ છે? આપણે આ કરવું છે. કરીને પાછું કરવું તો આ છે ને? ધૂળેય કરવું નથી, સાંભળ તો ખરો.

વિનય, વયાવચ્ચ, સજ્ઝાય. સજ્ઝાય શાસ્ત્રની અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. રાત ને દિ' સ્વાધ્યાય લ્યો. અમારે જે સંપ્રદાયના ગુરુ હતા એ બહુ જ શાંત હતા. કષાય મંદ. સ્વાધ્યાય જ કરે. વિકથા નહિ. લ્યો, આ સંપ્રદાયના ગુરુ. વિકથા નહિ. બસ. સવારમાં સજ્ઝાય કરે, સાંજે સજ્ઝાય કરે, રાત્રે સજ્ઝાય કરે. બપોરે પણ થોડી છીંકણી લે. છીંકણી સમજો છો ને? બેસે નિવૃત્તિ (લઈને) સ્વાધ્યાય કરવા. કોઈ વાત નહિ. કંઈ પણ વિશેષ વાત આવવું-જવું કાંઈ નહિ. વસ્તુની ખબર નહિ. શું આત્મા છે અને કોનો આશ્રય કરવો અને આ વ્યવહારનય એકેય વાતની ખબર નહિ. આ શુભભાવ દયાનો ભાવ એ ધર્મ છે એમ માનતા હતા. એ પુણ્ય છે એવો શબ્દ પણ કાને પડ્યો નહોતો. અને જડની ક્રિયા આત્મા કરી શકતો નથી એવો શબ્દ કાને પડ્યો નહોતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અમારે હીરાજી મહારાજ એવા. એ તો તમે જોયા છે ને. બીજા તો બધા હેઠે રહી ગયા. આ અમારે છોટાભાઈ રહ્યા, જુઓ.

મુમુક્ષુ :- વૈરાગ્ય અને મુદ્રા નજરે તરવરે.

ઉત્તર :- વૈરાગી માણસ. બહુ વૈરાગ્ય હતો. હીરાજી મહારાજ બહુ શાંત. ભીક્ષા માટે જાય તો બહુ નિર્દોષ આહાર-પાણી લે. એને માટે પાણીનું એક બિંદુ બનાવ્યું હોયતો બિલકુલ ન લે. ચોવિહાર કરી લે. પાણી વિના દિવસ ચલાવે. પણ એ બધું વ્યવહાર ક્રિયાકાંડમાં મશગુલ. તત્ત્વ શું છે એ કદી સાંભળ્યું જ નથી ને. હોય તો સાંભળે ને. સાંભળ્યું જ નથી. એય.. છોટાભાઈ! આ રહ્યા છોટાભાઈના ગુરુ હતા. આ હીરાજી મહારાજની વાત

ચાલે છે આ. આ છોટાભાઈ તો જૂના માણસ છે ને. ૮૫ વર્ષ. કેટલા? ૮૫ કેટલા થયા? નાગનેશમાં ગૃહસ્થ માણસ કહેવાય હોં પૈસાવાળા એ લોકો કહેવાય. છોકરા વધી ગયા વળી, પૈસાની મમતામાં. આ લોકો તો આબરૂવાળા. નાગનેશમાં મોટા આબરૂવાળા ગૃહસ્થ. સમજ્યાને? હીરાજી મહારાજ એના ગુરુ. બસ.

એક ફેરી નહિ? સર્પ કરડ્યો હતો. સર્પ કરડ્યો હતો સર્પ. તો હીરાજી મહારાજ પાસે ગયા. એવી છાપ હતી એની. નવકાર ગણો ભાઈ. શાંત બહુ હતા. નવકાર ગણો. સર્પ ન ચડ્યો. .. આવી. મોટો સર્પ હોં મોટો સર્પ. એય..! મોટો સર્પ. સર્પ કરડ્યો હતો એને. અમારા ગુરુ હતા સંપ્રદાયના. છાપ બહુ હતી. તત્ત્વની ખબર નહિ પણ કષાય મંદ, બ્રહ્મચારી, આચરણ ક્રિયા બહારની નિર્દોષ લે. પોતા માટે બનાવેલું તો બિલકુલ ન લે. સમજાણું કાંઈ? અને ગામમાં પાંચ-સાત ઘર હોય. વિહાર કરીને આવ્યા હોય. પાંચ-સાત ઘર હોય તો ત્યાં ગામમાં પહેલા ન જાય. પહેલા ન જાય. બહાર બેસે. કોઈને ખબર ન પડે એમ. બે-ત્રણ ફર્લાંગ હોય .. તો એને ખબર ન પડે કે હમણાં આવશે. ભોજન થઈ જાય, દાળ-ભાત થઈ જાય, રોટલીનો લોટ બંધાઈ જાય, સાડા નવ થઈ જાય પછી ગામમાં આવે. નહિતર તો જો આપણે ગામમાં પેસશું તો આપણા માટે બનાવશે. એવી ક્રિયા હતી એમની. અમે પણ એવી કરતા હતા. અમે પણ એવું પંદર વર્ષ કર્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અંદર ખાનગી બેસીએ. કોઈને ખબર ન પડે. ક્યાંય આડા. .. જઈએ ત્યાં એકદમ. લાવો જે હોય તે. રોટલી તો રોટલી. અમારી માટે થોડું પાણી નાખે તો નહિ. એવા આહાર-પાણી લેતા નથી. એવી ક્રિયા હતી. વસ્તુનું ભાન નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે એવા વયાવચ્ચ આદિ પ્રાયશ્ચિત, સજ્ઝાય. બહુ સજ્ઝાય કરતા હતા. પણ એમાં શું? ધ્યાન. આ આત્માની દૃષ્ટિ વિના ધ્યાન કરે વિકલ્પથી આમ ૐ... ૐ... ૐ... ૐ... ૐ... અંદર લગાવે. એમાં શું છે? એ તો શુભભાવ છે. સમજાણું કાંઈ? સજ્ઝાય, ધ્યાન અને કાયોત્સર્ગ. કાયોત્સર્ગ. આમ ઊભા રહે ને ઊભા. શું છે પણ? આત્મા શું ચીજ છે એની તો અંતર દૃષ્ટિનો અનુભવ નથી. એ બધા એવા તપ કર્યા. જુઓ!

'**શીલ અને તપથી પરિપૂર્ણ,...**' શબ્દ પડ્યો છે ને. આવા બાર પ્રકારના તપમાં પરિપૂર્ણ. વીતરાગની વ્યવહાર આજ્ઞા છે એ રીતે કરનારો. પણ એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આજ વ્રત ...પન થયું કહે છે.

આ જુઓ! જિનવરે કહેલા શબ્દ પડ્યો છે ને એમાં? તો એમાં ટીકાકારે કહ્યું કે કેમ?

કે પરિપૂર્ણ. વીતરાગની આજ્ઞા જે વ્યવહારની છ કાયની દયાની, એવો ભાવ. લીલોતરી હરિકાયનો કણ હણે તો ન લે, એવી ક્રિયા. આ તો સાધારણ ક્રિયા હતી. પણ એ તો નવમી ગ્રૈવેયકે ગયો. ભીક્ષા માટે જાય, એમાં નિર્દોષ આહાર પાણી હોય, વહોરાવવાવાળી સ્ત્રી .. જાય, ખાલી લોટો પડ્યો હોય. પાણી નીકળી ગયું હોય પણ અંદર હોય ને થોડું. કપડું અડી જાય (તો લે) નહિ. આ નહિ. એવું અમે પણ કર્યું છે ઘણી વાર. મોટા ગૃહસ્થને ઘરે જઈએ હોં. રાડ નાખે. અમને જોવે તો અરર.. આ ભીક્ષા લેશે કે નહિ? જરા પણ દોષ હોય તો છોડી દેતા હતા. નહિ, આહાર નહિ. ધ્રુજે અમને જોઈને હોં! અરે..! બહેન, અમે આહાર લેવા આવ્યા છીએ. અમે નિર્દોષ હશે તો લેશું. રાયચંદ ગાંધી. ઘણા ગૃહસ્થ મોટા. મોટી પેદાશ, મોટા ગૃહસ્થ, અગિયાર તાલુકાના ગૃહસ્થ હોં! વહોરવા જઈએ તો ધ્રુજે. અહીં કાંઈક ભૂલ કાઢશે.. કાંઈક ભૂલ કાઢશે. ક્યાંક પાણીનું બિંદુ હોય.. સમજ્યા ને? ઓલું શું કહેવાય આ? મરચા મરચા. મરચાના દાણા હોય ને? મરચાના બીજ હોય ને? મરચાના બી. બી પડ્યા હોય ને એને પગ અડી જાય તો આખું ઘર બંધ. આહાર ન લઈએ. એમાં જીવ છે. એય..! તમારે તો બધું પોલંપોલા છે. એવી ક્રિયા.

આ તો એનાથી પણ ઉગ્ર ક્રિયા અભવિની તો. નવમી ગ્રૈવેયક ગયો. સજ્ઝાય, ધ્યાન એ બધી. પરિપૂર્ણ કરે. પણ એ તો શુભભાવ છે. પરના આશ્રયની વાત છે. એ પોતાના સ્વરૂપનો આશ્રય નથી. બહુ વાત.. ન્યાલભાઈ! એવી તો અપાસરામાં સાંભળી નહિ હોય તમે કોઈ દિ'. જુઓ! એ તપનો પરિપૂર્ણ અર્થ આ. બાર પ્રકારના તપ છે એની જેટલી ઉત્કૃષ્ટ દશા છે એટલી એ કરે. એટલી કરે. એ પરાશ્રિત ભાવ છે. ભગવાન જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત પ્રભુ એનો તો આશ્રય લીધો નથી, એની ખબર નથી. એકલો બંધ થાય છે પણ બિલકુલ ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? લ્યો, આ ત્યાગનો દિવસ છે. ખોટા ત્યાગ કર્યા અનંત વાર, એમ કહે છે.

'**ત્રણ ગુપ્તિ...**' મન, વચન અને કાયામાં અશુભભાવ ન થાય એવી ગુપ્તિ. ગોપવે. અશુભ ન થાય એને ગોપવે. પણ એ શુભભાવ છે. ત્રણ ગુપ્તિ. મનથી, વચનથી, કાયાથી અશુભથી ખસી જાય એવો શુભભાવ પણ અનંત વાર કર્યો. અભવિએ પણ કર્યો. તો વ્યવહારનો આશ્રય તો વ્યવહાર અભવિ પણ કરે છે. તને ક્યાંથી મુક્તિ થશે? એમ કહે છે. '**પાંચ સમિતિ...**' ચિદાનંદ ભગવાન આત્માનો આશ્રય લીધા વિના સમિતિ (પાળી). આમ ભીક્ષા માટે જાય. ઈર્યા-જોઈને (ચાલે). ઈર્યા સમજ્યા ને? જોઈને ચાલે. અમારે હીરાજી મહારાજ તો એવા હતા કે આ પત્થર છે ને ભાઈ આ લાદી? આ લાદીમાં પાટ ઉપર બેઠા હોય તો નીચે ઉતરે નીચે. રજોણું આવું મોટું હતું ને? રજોણું સમજ્યા? મોટું લાંબુ હતું. તો

આમ સૂંધ્યા વિના પગ ન મૂકે. અહીંયાં હોં લાદી ઉપર. એય..! ત્યાં કોઈ જીવાત હોય, કંથવો હોય તો નજરે ન પડે. એય.. છોટાભાઈ! એવા બિચારાને દયાનો ભાવ એ જાતનો. એણે માન્યું એ પ્રમાણે આમ (કરે). બહાર તો નહિ પણ અહીંયાંથી અહીંયા જાવું હોય. આ પત્થરમાં વાળેલી ચીજ સાફ કરેલી. પણ એ મોટું લાંબુ રજોણું હોય ને? ઊનનું, ઊનનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. મોટું હોય છે. સ્થાનકવાસીમાં મોટું હોય છે. નીચે .. પગ મૂકે. પછી બીજો મૂકે તો ... મૂકે. ગામમાં દસ-બાર-પંદર પગલા ચાલે તો આમ કરે. પણ એ શું? વસ્તુની ખબર નહિ. એ તો શુભભાવ છે. સમજાણું કાંઈ?

'**ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ...**' ઈર્યા-જોઈને ચાલે. ભાષા બરાબર ભાષામાં કંઈ ખોટું ન આવી જાય. તત્ત્વ સિવાય. તત્ત્વ દૃષ્ટિ.. એવી ભાષા સમિતિ બોલે. પાંચ સમિતિ છે ને. નિર્દોષ આહાર. ભીક્ષા માટે જાય તો એને માટે બનાવેલું હોય તો ન લે. એવી એષણા કરે. પણ એ પણ શુભભાવ છે, પરાશ્રય છે, વ્યવહાર છે, બંધનું કારણ છે. આહાહા..! રાડ નાખે. સમિતિ પાળે બિચારો. આમ આવે અને વસ્તુ મૂકે તો જોઈ .. મૂકે. મૂકે સમજ્યા? રાખે. કોઈપણ ચીજ લેવી હોય તો નીચે .... શું છે? એ તો પરની ક્રિયા પર તરફનું લક્ષ છે એ તો શુભભાવ છે. એ બંધનું કારણ છે. પોતાના સ્વભાવનો આશ્રય એમાં નથી. એ .. એષણા આવે છે ને? પેશાબ આદિ .. તો ખ્યાલ રાખે.

જોયું! '**સાવધાની...**' ત્યાં પણ પૂર્ણ કહ્યું. એમ ને એમ નહિ. '**સાવધાની-ભરેલું,...**' એમ. અહીં શીલ અને તપમાં પરિપૂર્ણ અને ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિમાં સાવધાનીપૂર્ણ. એમ. બરાબર સાવધાન. પણ એ શુભ ભાવ છે. '**અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર...**' મહાવ્રત આવ્યું એટલે ભાઈ પૂર્ણ આવી ગયું. અહિંસાદિ પાંચ. કોઈ એકેન્દ્રિય જીવને ન મારવો એવો અહિંસાનો ભાવ. મહાવ્રત અહિંસા એ શુભભાવ છે. આસ્રવ છે, પરાશ્રિત છે. વ્યવહારનય છે. આહાહા..! ભારે ભાઈ! આવું આ પર્યુષણમાં આવું આવ્યું! આને સાંભળવું જોઈએ ને. મહાવ્રત. જૂઠા બોલે નહિ, ચોરી કરે નહિ. બિલકુલ વિષય મન-વચનથી પરસ્ત્રીનો નહિ, પરસ્ત્રીનો ત્યાગ. પરિગ્રહ. લંગોટી ન રાખે. નગ્ન થઈ જાય. એવા પંચ મહાવ્રત '**અભવ્ય પણ કરે છે...**' લ્યો. એવી ક્રિયા વ્યવહારની તો અભવિ પણ કરે છે. એમાં કોઈ સંવર-નિર્જરા નથી. સમજાણું કાંઈ? તોપણ એ ચારિત્ર રહિત છે. આવી ક્રિયા કરે તોપણ એ ચારિત્રરહિત છે. કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન નથી. એની વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, શનિવાર તા. ૧૬-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૩-૨૭૪, પ્રવચન-૩૩૮**

બંધ અધિકાર ચાલે છે. બંધ અધિકાર ચાલે છે. હિન્દી છે ને હજી તો. ૨૭૩ ગાથા. શું કહે છે? વ્યવહારનય પ્રતિષેધ છે-નિષેધ કરવા લાયક છે અને નિશ્ચયનય આદરણીય છે. કેમ? કે નિશ્ચય પોતાના આત્માના આશ્રયે ધ્યાનથી સ્વઆશ્રયમાં પોતાના આશ્રયથી ઉત્પન્ન થનારી દશા એ હિતકર છે તો નિશ્ચયનય આદરણીય છે. અને પરના આશ્રયે ઉત્પન્ન થાય દયા, દાન, વ્રત, તપ આદિના ભાવ એ તો પરના આશ્રયે ઉત્પન્ન થનારા વિકલ્પ રાગ છે. એ બંધનું કારણ છે. આત્માર્થીને હેય છે. કેમ કે એવો વ્યવહાર તો અભવ્ય પણ કરે છે, એમ કહે છે. અભવિ જીવની કદી મુક્તિ નથી થતી. એ પણ વ્યવહારનયનો આશ્રય કરીને આચરણ કરે છે. એમાં શું થયું? એમાં કાંઈ લાભ થયો નહિ. એ આવ્યું છે જુઓ ૨૭૨-૨૭૩.

**'ટીકા :- શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે...'** છે શબ્દ? અભવ્ય પણ કરે છે. શેઠ! છે? ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે.

ઉત્તર :- અભવ્ય પણ કરે છે એનો શું અર્થ છે? કે અભવ્ય પણ એ વ્યવહાર ચારિત્ર, દયા, દાન, અહિંસા, સમિતિ, ગુપ્તિ, બાર પ્રકારના તપ વિકલ્પ શુભ રાગ એવી ક્રિયા શુભભવાની અભવિ પણ કરે છે. અભવિ પણ કરે છે. એમ. એટલે અભવિનું દૃષ્ટાંત દે છે એ લોકો કહે આ તો અભવિનું છે. અહીં તો અભવ્ય પણ કરે છે. એમ છે. સમજાણું કાંઈ? એ લોકો કહે છે કે અભવિનો દાખલો છે આ. અભવિને માટે આ છે. એમ નથી. અભવિ પણ કરે છે. ભવ્યે તો અનંત વાર કર્યું. ભવ્ય જીવે પણ આવો વ્યવહાર તપ બાર પ્રકારના. કાલે ઘણું વિસ્તારથી લીધું હતું. શીલ, ત્રણ ગુપ્તિ, સમિતિ આદિ. જોઈને ચાલવું, નિર્દોષ આહાર લેવો અને પંચ મહાવ્રત અનંત વાર વ્યવહારનયનો આશ્રય કરીને ભવિ પણ સ્વર્ગાદિ ગયો. એથી મુક્તિ થઈ નહિ. એનાથી સંવર-નિર્જરા નથી થતી. સમજાણું કાંઈ?

તો કેટલાક કહે છે કે કુંદકુંદાચાર્યે કેમ પંચ મહાવ્રત પાળ્યા? એમ કહે છે. તમે નિષેધ કરો છો. પાળે નહિ, પણ આવે છે. પંચ મહાવ્રત આવે છે એ હેયબુદ્ધિએ આવે છે. સમજાણું

કાંઈ? અંદર સ્વરૂપનો આશ્રય કરીને શુદ્ધ ચૈતન્યના અનુભવની સ્થિરતા કરીને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થયો એ જ મોક્ષમાર્ગ અંગીકાર કર્યો છે. પણ જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી એવો પંચ મહાવ્રતાદિ મુનિ, સાચા મુનિને પણ આવો શુભરાગ આવે છે. પણ હેયબુદ્ધિએ આવે છે. કહો, શેઠી! આદરણીય બુદ્ધિ નથી. તો એ એમ કહે, લ્યો, પંચ મહાવ્રત કેમ પાળ્યા? સોનગઢવાળા નિષેધ કરે છે. પણ આ ભગવાન નિષેધ કરે છે. સાંભળને. કેમ નેમિચંદજી! તમારા ઓલામાં લખ્યું છે બધું ચર્ચામાં. જયપુરની ચર્ચા.

અહીં કહે છે કે પંચ મહાવ્રતના ભાવ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પાકું બ્રહ્મચર્ય, હોં! એ તો શુભભાવ છે. શરીરનું બ્રહ્મચર્ય નવ કોટીએ પાળ તો શુભભાવ છે એ ધર્મ-બર્મ છે નહિ. સમજાણું કાંઈ? સ્ત્રીનું સેવન ન કરવું, સત્ય બોલવું આદિ જે ભાવ છે એ તો બધા શુભભાવ છે. એ ધર્મ-બર્મ નથી. આહાહા..! કેમ કે એવા મહાવ્રત... મહાવ્રત. બ્રહ્મચર્ય. એવું મુનિએ પણ અનંતવાર લીધું. અભવિ પણ કરે છે તો તેં શું નવું કર્યું? અહીં તો અભવિ પણ કરે છે. એમાં આખો સિદ્ધાંત છે. ઓલો કહે નહિ, અભવિ કરે છે. અભવિ પણ કરે છે તો બીજાઓ તો કરે જ છે. અંનત વાર, નિજ શુદ્ધ આનંદમૂર્તિ એનો અનુભવ કર્યા વિના, સમ્યગ્દર્શન-નિશ્ચય આશ્રય અનુભવ કર્યા વિના એવી ક્રિયા તો અભવિ પણ અનંત વાર કરીને સ્વર્ગમાં ગયો. એમાં સંવર-નિર્જરા થઈ નહિ, મોક્ષમાર્ગ પણ થયો નહિ, એક ભવ પણ નાશ થયો નહિ.

મુમુક્ષુ :- ભવ સુધર્યો તો ખરો ને.

ઉત્તર :- ધૂળમાં ભવ સુધર્યો એનો શું અર્થ? સ્વર્ગ મળે કે નરક મળે બધું એક જ છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ તરીકે ચૈતન્યનો તો અનાદર કર્યો. ભગવાન આનંદમૂર્તિ પરમાત્મા પોતાના નિજ સ્વરૂપનો તો અનાદર કર્યો. પછી શું? શુભભાવ થયો. અને મિથ્યાત્વ પણ મંદ થયું. શું કહ્યું શેઠી!

મુમુક્ષુ :- મિથ્યાત્વ પણ મંદ થયું.

ઉત્તર :- હા. મિથ્યાત્વ પણ મંદ થયું. મંદ થયું એમાં શું થયું?

મુમુક્ષુ :- અભાવ ન થયો.

ઉત્તર :- અભાવ નહિ. અભાવ દૃષ્ટિ પોતાના અનુભવની ન કરે. નિર્વિકલ્પ આનંદ. એવી અનુભવની દૃષ્ટિ વિના બધું નિરર્થક નિરર્થક છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે પંચ મહાવ્રત. સત્ય, દત્ત, બ્રહ્મચર્ય. હજારો રાણીનો ત્યાગ. સમજ્યા? અને બાળબ્રહ્મચારી રહે. તો શું થયું? એય.. શોભાલાલજી!

મુમુક્ષુ :- .. આત્માનું ભાન નથી.

ઉત્તર :- ભાન નથી. એ શુભભાવ છે. બાળબ્રહ્મચારી તો શુભભાવ છે. ધર્મ ક્યાં આવ્યો? ધર્મ તો પોતાનો આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પરમાત્મા એનો અંદર સ્પર્શ કરીને, વેદન કરીને અનુભવ કરે ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ થાય છે. ત્યાં સુધી ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? આચાર્ય શું કહે છે જુઓ.

એવા પંચ મહાવ્રત, પાંચ સમિતિ, નિર્દોષ આહાર, ત્રણ ગુપ્તિ, તપમાં બરાબર અનશન, ઉણોદરી. કાલે ઘણું લીધું હતું. એવી સાવધાનીપૂર્વક રહે છે. બરાબર હોં. માયા કપટ નહિ. બરાબર આમ કરવું.. આમ જોઈને ચાલવું, બરાબર વિચારીને બોલવું, એવા શુભભાવની ક્રિયા અભવિએ પણ કરી. '**તોપણ તે નિશ્ચારિત્ર,...**' છે. એવા પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં મિથ્યાદૃષ્ટિ અભવિ ચારિત્ર વિનાનો છે. એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત ચારિત્ર નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે જુઓ. છે એમાં? ભાઈ! શોભાલાલજી! શું?

'**તોપણ...**' એવા પંચ મહાવ્રત પાળે, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, લંગોટી ન રાખે એટલો ત્યાગ કરે પણ એ બધો શુભભાવ છે. એમ કરવા છતાં પણ '**તોપણ...**' શબ્દ પડ્યો છે ને? તોપણ '**તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...**' છે. કારણ કે એ પંચ મહાવ્રત આદિ ચારિત્ર છે જ નહિ. એ તો શુભરાગ છે. ધર્મીને, મુનિને પણ એવો ભાવ આવે છે. પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપના અનુભવમાં સ્થિરતા કરીને ઘણી પ્રચુર સ્વસંવેદનની ભૂમિકામાં રહે. જ્યાં સુધી વીતરાગતા ન થાય, તો સાચા મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ આવે છે. પણ છે બંધનું કારણ. ધર્મીને હેયબુદ્ધિએ આવે છે. હેયબુદ્ધિએ જ્ઞેય છે. આત્મા ચિદાનંદ ભગવાન ઉપાદેયબુદ્ધિએ જ્ઞેય છે. સમજાણું કાંઈ? જગતની ભ્રમણા અનાદિ ભગવાન પોતાના નિજ સ્વરૂપમાં અંદર અનુભવ ન કરે, પોતાનો સ્વઆશ્રય લઈને આનંદની દૃષ્ટિ અને સ્થિરતા ન કરે ત્યાં સુધી એણે કાંઈ કર્યું નથી. સમજાણું કાંઈ?

'**નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...**' છે. ... બાર પ્રકારના તપ. કાલે તો ઘણું કહ્યું હતું. અનશન, ઉણોદરી, વૃતિ સંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, પ્રાયશ્ચિત, વિનય, વયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન એ બધું હોય, પણ એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? કેમ? '**અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે...**' પોતાનું આનંદ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ, એનો અનુભવ નથી, એનો પત્તો નથી અને પોતાના આનંદના જ્ઞાયક સ્વભાવનું વેદન નથી. અંતર જ્ઞાયકનું વેદન એ નિશ્ચય ચારિત્ર કે દર્શન-જ્ઞાન છે. સાચું દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આ તો જૂઠું છે. પંચ મહાવ્રતાદિ જૂઠું ચારિત્ર છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! છે કે નહિ? પુસ્તક છે ને? સામે પડ્યું

છે કે નહિ? પુસ્તકમાંથી કાઢીએ છીએ કે અધ્ધરથી? છે ભાઈ?

મુમુક્ષુ :- પુસ્તકમાં જ છે.

ઉત્તર :- પુસ્તકમાં છે? પુસ્તકમાં છે કે નહિ એમાં?

ભાઈ! આ તો અંતરનો માર્ગ છે ભાઈ! ભગવાન! તને ખબર નથી. માની લે એમ ને એમ. લ્યો, પાળતા હતા, આવું પાળતા હતા ને. આવી ક્રિયા તો કરે છે, પાપ તો નથી કરતા ને. બહારનું. પણ મિથ્યાત્વનું પાપ એ મોટું પાપ છે. પાપ નથી કરતા કોણ કહે છે? સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રતના પરિણામ જે રાગ છે એમાં હું ધર્મ કરું છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વનું તો મોટું પાપ સેવે છે. પાપ નથી સેવતા એમ કોણ કહે છે? અમરચંદભાઈ! સ્ત્રીનું સેવન નથી કરતા, પરિગ્રહ નથી રાખતા, લંગોટી રાખે છે, નિર્દોષ આહાર લે છે. ભીક્ષા માટે જાય તો એને માટે બનાવેલું હોય તો ન લે. એવું કરે છે ને. પાપ ક્યાં કર્યું? સાંભળ તો ખરો. પાપ તું કોને કહે છે? પાપની તો તને ખબર નથી. એ પંચ મહાવ્રતના પરિણામ જે શુભાદિ છે એ મારો ધર્મ છે અને એનાથી હું ધર્મ કરું છું અને મને લાભ છે. એવી બુદ્ધિ છે એ મિથ્યાત્વ છે, મિથ્યાત્વનું મોટું પાપ સેવે છે. શેઠ! મોટું પાપ તો મિથ્યાત્વનું છે. મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રત, પ્રમાદનો ત્યાગ ક્યાંથી થશે? બંધનું કારણ તો પાંચ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. તો પહેલા મિથ્યાત્વનું પાપ તો છૂટ્યું નથી અને અવ્રતનો ત્યાગ ક્યાંથી થયો એને? શેઠ! આ બધું એમ ને એમ ગુમાવ્યું છે હોં અનંત કાળથી.

મુમુક્ષુ :- આમ જ ગુમાવ્યું.

ઉત્તર :- આમ જ ગુમાવ્યું છે.

મુમુક્ષુ :- આ લાઈન નવી શોધી આપે.

ઉત્તર :- નવી ક્યાં શોધી છે? ભગવાને કહેલી અનાદિની છે. અનાદિ સનાતન સર્વજ્ઞ પરમાત્માના મુખે એ વાણી દિવ્યધ્વનિ આવતી હતી. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ તો ખરા! કેવી વાત! આચાર્ય કેટલું સ્પષ્ટ કરે છે! કહે છે કે અમે મુનિ છીએ. ભાવલિંગ પ્રગટ્યું છે. તો અમને જે પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? અઠ્યાવીસ મૂળગુણ પાળવાનો જે વિકલ્પ છે એ ચારિત્ર નથી. છે, પણ હેયબુદ્ધિએ છે. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! આઘા કેમ બેઠા છો? અહીં નજીક આવો નજીક. બહુ જિજ્ઞાસા છે. જિજ્ઞાસા લઈને આવ્યા છે. બહુ દૂરથી આવ્યા છે. છે ને એમાં? પંડિતજી જુઓ!

આવું પાલન અભવ્ય પણ કરે છે. '**તોપણ...**' એવું પાલન કરવા છતાં '**નિશ્ચારિત્ર,...**'

છે. ચારિત્ર વિનાનો છે. એ ચારિત્ર છે જ નહિ. ચારિત્ર તો પોતાના આનંદ સ્વરૂપનો અનુભવ થયા પછી સ્વરૂપમાં લીનતા, આનંદની ઉગ્રતા, અતીન્દ્રિય આનંદની ઉગ્રતા થાય એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ચારિત્ર નામ ચરવું, ચરવું નામ રમવું, રમવું નામ જમવું. આનંદનું ભોજન કરવું. એય..! નિત્યાનંદ ભોજી. આવ્યું ને? આપણે આવી ગયું છે પહેલા. કેવો છે આત્મા? નિત્યાનંદભોજી. આહાહા..! એ આવી ગયું છે પહેલા. પહેલા કળશમાં. પહેલા કળશમાં. પહેલા મંગળિકના કળશમાં આવી ગયું છે જુઓ. પહેલો કળશ છે ને? બંધ અધિકાર. જુઓ! પહેલામાં આવ્યું. પહેલો કળશ છે ને?

**'કેવું છે જ્ઞાન? આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...'** અર્થમાં ચોથી લીટી છે અને મૂળ સંસ્કૃતમાં '**आनन्दामृतनित्यभोजि**' પહેલો કળશ. ૧૬૩મો કળશ. ઈ. ત્રીજી લીટી. ત્રીજી છે ને એમાં? '**आनन्दामृतनित्यभोजि**' આહાહા..! આ ઊંચા માણસ ખાય ને બધી ઊંચી ઊંચી ચીજ. આ બીડીવાળા બહુ બીડી ઊંચી તમાકુ પીવે. ઊંચી ઊંચી હોય ઈ પીવે. આ ગૃહસ્થ લોકો સાધરણ ન પીવે. સમજાણું કાંઈ? આત્મા આનંદ અતીન્દ્રિય આનંદ છે. નિત્યાનંદ અમૃતભોજી. એ તો આનંદની અંતર દૃષ્ટિ કરીને, અનુભવ કરે એને આત્મા કહે છે. રાગનું વેદન કરે, રાગનો એકલો અનુભવ કરે એ આત્મા નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ છે ને એમાં?

**'તે જ્ઞાન આનંદરૂપી અમૃતનું નિત્યભોજન કરનારું છે,...'** આહાહા..! ભગવાન આત્મા એ પંચ મહાવ્રતાદિનો જે રાગ છે, અઠ્યાવીસ મૂળગુણનો રાગ છે, પંચ સમિતિ જે વ્યવહાર સમિતિનો રાગ છે એનાથી ભિન્ન. પોતાના ચૈતન્ય સ્વરૂપનું અવલંબન લઈને જે જ્ઞાન સહિત આનંદ પ્રગટ થયો, એ જ્ઞાન આનંદનું વેદન કરનારું છે. એનું નામ ધર્મ છે અને એનું નામ ધર્મી ધર્મને કરનાર છે. ઓહોહો..! સમજાણું કાંઈ? બંધમાં લીધું છે. બંધનો અનુભવ કરે એ આત્મા? એમ કહે છે. આ વ્યવહારનો એકલો અનુભવ કરે એ આત્મા? આ અભવિ દેખો. પંચ મહાવ્રતના વિકલ્પનો અનુભવ કરે એ આત્મા? એ તો આસ્રવતત્ત્વ છે. પંચ મહાવ્રતના પરિણામ આસ્રવતત્ત્વ છે. વ્યવહાર પાંચ સમિતિના વિકલ્પ આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? બાર પ્રકારના તપનો વિકલ્પ આસ્રવતત્ત્વ છે. કષાયની મંદતા શીલ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવ બંધનું કારણ છે. એ આસ્રવનો અનુભવ આત્મા? ભારે વાત ભાઈ! આહા..!

મુમુક્ષુ :- જેટલું ચારિત્ર...

ઉત્તર :- જેટલું ચારિત્ર અજ્ઞાનીએ માન્યું હતું એ બધું ઉડાડી દીધું, કહે છે. કાંઈ ભાન ન મળે. એ તો ક્રિયા થઈ શુભરાગની અને સાથે લાકડું મિથ્યાત્વનું મોટું પડ્યું છે. સમજાણું

કાંઈ?

મુમુક્ષુ :- બધાને ઊડાવી દીધું.

ઉત્તર :- છે જ ક્યાં પણ ચારિત્ર? એ તો કહે છે, રાગ છે. શુભરાગ છે. શુભરાગથી પુણ્યબંધ થશે. અને મિથ્યાત્વનો મોટો દર્શનમોહનો બંધ તો સાથે છે જ. મીંદડું કાઢતા ઊંટડું પેઠું. સાંભળ્યું છે કે નહિ? નથી સાંભળ્યું?

મુમુક્ષુ :- સંભળાવો.

ઉત્તર :- બિલાડી હોય ને બિલાડી? બિલાડી કાઢવા જતા ઊંટ ઘૂસી ગયું. એક વૃદ્ધ ડોસી હતા. વૃદ્ધ ડોસી. ડોસી સમજો છો? બુઢિયા. ડોસી હતી એ કંજુસ હતી થોડી. એનું એક મકાન હતું. તો એ મકાનની પાછળ મોટો વાડો હતો. મોટી જગ્યા. અને સાધારણ લાકડીનો દરવાજો હતો. એમાં બિલાડી મરી ગઈ. બિલાડી મરી ગઈ પાછળ મકાનના વાડામાં. હવે શું કરું? કોઈને કહેવું નથી. એક ટોપલો લઈ. ટોપલો સમજો છો? એમાં રાખ નાખી. ચૂલામાંથી રાખ લઈ ભસ્મ અને ચુપચાપ દરવાજો ખોલીને એમાં મીંદડીને નાખી. પછી બહાર નાખી દેવાય. કેમ કે જો હરિજનને કહે તો પાંચ શેર, દસ શેર અનાજ દેવું પડે. બહાર નાખી દઈએ. ત્યાં એક મડદા જેવું ઊંટ ફરતું હતું. ફરતું હતું. ઊંટ ઊંટ સમજ્યા? ત્યાં એ દરવાજો ખુલ્લો હતો, મીંદડીને નાખવા ગઈ તો ઊંટ અંદર ગરી ગયું.

મુમુક્ષુ :- પછી શું થયું?

ઉત્તર :- પછી શું થયું શું? મરી ગયું ઊંટ ત્યાં. આમ જ્યાં મીંદડીને નાખીને આવે છે ત્યાં (જોયું કે ઊંટ અંદર મરી ગયું). હવે શું કરવું? આને તો ઉપાડીને નખાય નહિ. હાય. હાય.. એક બે શેર જુવારના દાણા દેવાને બદલે આ ચાર મણ દેવા પડશે. બોલાવ્યા હરિજનને કે ભાઈ, ઉપાડો આ ચાર મણ લઈને પણ લઈ જાવ.

એમ રાગની ક્રિયાને પોતાની માનીને મિથ્યાત્વનું ઊંટ તો પેસી ગયું. સમજાણું કાંઈ? શુભભાવની ક્રિયા હું કરું છું, મારી ક્રિયા છે, એનાથી મને લાભ છે. બિલાડી કાઢતાં ઊંટ પેસી ગયું અંદરમાં. શોભાલાલજી! એ દૃષ્ટાંત છે, હોં! તમારે હશે હિન્દીમાં દૃષ્ટાંત.

મુમુક્ષુ :- ... હશે.

ઉત્તર :- હોય. હોય. બધે હોય. બધે ચૂલામાં રાખ જ હોય. દૃષ્ટાંત તો સરખા જ હોય બધે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા જ્ઞાનજ્યોતિ ચિદાનંદ સ્વભાવનો સાગર પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરી નહિ અને દૃષ્ટિ વિના સ્થિરતા થઈ નહિ અને એકલી પંચ મહાવ્રતની ક્રિયાકાંડ કરીને માને છે કે અમે મુનિ છીએ. તો કહે છે કે અભવિ પણ આવું તો કરે છે. તેં શું કર્યું નવું?

મુમુક્ષુ :- મિથ્યાત્વનું મહા પાપ થયું.

ઉત્તર :- મિથ્યાત્વનું મહા પાપ તો મોટું પડ્યું છે. ઊંટ તો અંદર પડ્યું છે. ..ભાઈ! એવી વાતું છે ભાઈ અહીં તો. આહાહા..! અરે..! ભગવાન! સચ્ચિદાનંદ પ્રભુ, આનંદનો સાગર (એની) અંતર્મુખ દૃષ્ટિ કરી નહિ અને બહારની ક્રિયાકાંડમાં બહિર્બુદ્ધિએ એવો ભાવ કર્યો તો ચારિત્ર છે જ નહિ. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. જુઓ! આવું પાલન કરે છે પણ એ તો શુભરાગ છે. પોતાના સ્વભાવની દૃષ્ટિ તો છે નહિ. અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ છે. એવા પંચ મહાવ્રત પાળવા છતાં, પંચ સમિતિ વ્યવહાર હોવા છતાં, તપની પરિપૂર્ણતા છ-છ મહિનાના અપવાસ કરવા છતાં... સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ છે. શેઠી! શું કરે શેઠી? હવે તો અહીંયા આવી ગયા પાકા. પહેલા આવ્યા ત્યારે તો ભડકતા હતા.

મુમુક્ષુ :- મહેનત...

ઉત્તર :- પણ મહેનત શું કરી? એ રાગ એ તો વિકલ્પ, શુભરાગ છે, બહિર્મુખ બુદ્ધિ છે. બહિર્મુખ લક્ષવાળો એ ભાવ છે. એ અંતર ભગવાન ચિદાનંદનો તો ભાવ છે જ નહિ એમાં. આહાહા..! અરે..! લોકોને ખબર ન મળે. અને જરી બહારથી જોવે તો.. આહાહા..! મહારાજ! મહારાજ! મૂઢ છો, સમજ તો ખરો. અહીં તો અભવિ પણ એમ કરે છે. એવી ક્રિયા અત્યારે તો છે જ નહિ. અભવિ આ જે કરે છે એવી ક્રિયા તો અત્યારે છે જ નહિ. આ તો ચોખ્ખી ક્રિયા. સમજાણું કાંઈ? એને માટે એક પાણીનું બિંદુ બનાવે. ખ્યાલ આવે કે આ તો .. ત્રણ માણસ છે. દસ શેર પાણી કેમ બનાવ્યું? ચાલ્યા જાય. લે નહિ. એવી નિર્દોષ ક્રિયા ૪૨ દોષ રહિત એવા શુભ વિકલ્પમાં (પાળે) એ પુણ્ય છે, ધર્મ નથી, ચારિત્ર નથી, અચારિત્ર્યો છે. આહાહા..! એય.. જુગરાજજી! માંગીરામજી કહે છે ને? માંગીરામજી કાંઈક કહેતા. આનો જવાબ તો આપતા હતા. માંગીરામજી! ત્યારે કાંઈક જવાબ આપતા સામે, હોં! ભાઈસા'બ. મીઠી ભાષા. બહુ મીઠા માણસ. દિલ્હીવાળા માંગીરામજી. અત્યારે ગુજરી ગયા. એ માંગીરામજી આવતા હતા ને દિલ્હીથી. સ્થાનકવાસી હતા. બહુ પ્રેમ હતો.

મુમુક્ષુ :- માંગીલાલ આવતા હતા એ?

ઉત્તર :- હા, એ ગુજરી ગયા. પક્ષઘાત થઈ ગયો.

મુમુક્ષુ :- દિલ્હીવાળા?

ઉત્તર :- દિલ્હીવાળા. ગુજરી ગયા. પક્ષઘાત થયો હતો. અહીં આવ્યા હતા. ત્યાં અમે ગયા હતા તો ઘણા સ્થાનકવાસીના માણસો લાવ્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અહીં હતા. રાજકોટમાં હતા. ત્યાંથી અમે આવ્યા ત્યારે રાજકોટ આવ્યા

હતા વીસ દિવસ. પછી અહીં આવ્યા. ત્યાં ગયા પછી પક્ષઘાત થઈ ગયો. અને નસ તૂટી ગઈ. હેમરેજ થઈ ગયું. ગુજરી ગયા. બહુ સારા માણસ. બહુ એને રુચિ હતી. એને કારણે તો આખી દિલ્હીમાં.. કહેતા હતા, મહારાજ! સ્થાનવાસીનું કોઈ ઘર સાંભળવા નથી આવ્યું એમ નથી. બધા આવતા હતા. એની ઘણી પ્રતિષ્ઠા હતી. ઘણાં જૂના માણસ હતા અને ઉંમર તો કાંઈ ૫૯. ૬૦માં એક ઓછી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૫૯ વર્ષ. શરીર સારું હતું. પણ રુચિ ઘણી. ઘણાં સાધુઓ સ્થાનકવાસીને પણ આ સમજાવતા. અને મીઠો માણસ. કોઈ દિ' જૂઠું છે અને તમારું આવું છે એમ ન કહે. આમ વાત છે, આ વાત છે, આ વાત છે એમ કહે. માર્ગ તો એવો છે. માર્ગ એવો છે. કાનજી સ્વામી પાસે જઈએ છીએ તો આવો માર્ગ સાંભળવા જઈએ છીએ. બહુ મીઠાશથી કહે. કોઈનો વિરોધ ન કરે. ઘણા લોકો આવતા હતા દિલ્હીમાં સાંભળવા. એ ગુજરી ગયા. એને કહીએ, કેમ માગીરામજી? તો કાંઈક જવાબ દેતા હતા. આજ વિચાર આવ્યો. કાંઈક બોલતા હતા ખરા. સમજાણું કાંઈ?

કહે છે કે '**અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે...**' આવું પાલન ભવિ પણ કરે... અહીં તો અભવિનું દૃષ્ટાંત આપ્યું. કદી મુક્તિ નથી થતી. વ્યવહારનય બંધનું કારણ છે. તો બંધના કારણને સેવનારો, ઉત્કૃષ્ટપણે સેવનારનું દૃષ્ટાંત દીધું છે અહીંયાં. સમજાણું કાંઈ? '**કારણ કે...**' હવે દૃષ્ટાંત છે.

'**કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ...**' પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતારૂપ જે ચારિત્ર છે એનું જે કારણ છે એ '**જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.**' આત્માના જ્ઞાન અને આત્માના સમકિતથી શૂન્ય છે. તેથી એ નિશ્ચયચારિત્રથી રહિત છે. સમજાણું કાંઈ? સમજવાની ચીજ છે, ભાઈ! આ વસ્તુ ભગવાન આત્મા. એ વિકલ્પથી રહિત એવી ચીજનું અંતર દૃષ્ટિનો સ્પર્શ નથી એને તો સ્થિરતારૂપ ચારિત્ર હોતું નથી. આવી ક્રિયા કરે તોપણ નિશ્ચય ચારિત્રના કારણરૂપ. શું કહે છે? આ તો નિમિત્તથી કથન છે, હોં! એક ચારિત્રનું બીજો ગુણ કારણ છે એ પણ વ્યવહારનું કારણ છે. પણ અહીં સમજાવવું શું છે? કે જ્યારે સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી તો ચારિત્ર ક્યાંથી આવ્યું? એમ બતાવવું છે. નહિતર ચારિત્રગુણ ભિન્ન છે, દર્શન-જ્ઞાન પણ ભિન્ન છે. કોઈ ગુણને કારણે કોઈ ગુણ પ્રગટ નથી થતો. સ્વતંત્ર ગુણ છે. પણ અહીંયાં એમ કહેવું છે કે બધા ગુણ અસહાય છે. સમજાણું કાંઈ?

છતાં બતાવવું એ છે કે જ્યારે એને આત્માનું જ્ઞાન નથી. હું આનંદ છું. મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ છે એનો અનુભવ નથી. તો જ્ઞાન અને દર્શન વિના જે ચારિત્રનું કારણ

છે અર્થાત્ એ જ્ઞાન-દર્શન હોય તો પછી ચારિત્ર થાય છે. એ અપેક્ષાએ કારણ ગણ્યું છે. જ્યારે પોતાની સમ્યક્ અનુભવ દૃષ્ટિ થાય, આનંદનું વેદન થાય, નિર્વિકલ્પ પ્રતીતિ થાય પછી સ્વરૂપમાં રમણતા કરે ત્યારે ચારિત્ર થાય. તેથી કહ્યું કે ચારિત્રનું કારણ જે મૂળ છે એ દર્શન-જ્ઞાન તો છે નહિ. તો પંચ મહાવ્રત આદિનું પાલન એનું નિશ્ચારિત્ર નામ અચારિત્ર છે. શોભાલાલજી! સમજાણું કાંઈ? જુઓ! ગાથા બહુ સારી આવી ગઈ છે અહીંયાં બરાબર તમારે. આહાહા..! જુઓ! આજ તો ત્યાગ-અકિંચન્ (દિવસ છે). અકિંચન. એ વિકલ્પ પણ આત્મામાં નથી. પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે, આ સમિતિનો એ વિકલ્પ આત્મામાં નથી. એવી અતંર દૃષ્ટિ કરવી અને સ્થિરતા કરવી એ અકિંચન ધર્મ છે. અકિંચન-કાંઈ છે નહિ એમાં લગાવી દીધું કે હું વિકલ્પ કરું છું, હું ધર્મ કરું છું, હું શુભભાવ કરું છું અને શુભમાં ચારિત્ર કરું છું તો કહે છે કે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈક સહેલો રસ્તો નીકળે એવું કરો.

ઉત્તર :- આ સહેલામાં સહેલો જ છે. બની શકે એવું આ છે. સહેલો સમજ્યા? સરળ... સરળ.. સરળ.

પોતાનો શુદ્ધ ભગવાન આત્મા અનંત દર્શન, જ્ઞાન, શાંતિ-ચારિત્ર આનંદથી ભરેલો છે એમાંથી કાઢવાનું છે. નથી એમાંથી શું કાઢે? શુભરાગ છે એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર છે? શક્તિ છે એમાં? શુભરાગમાં શક્તિ છે? આ તો શુભરાગની ક્રિયા થઈ પંચ મહાવ્રત. શું રાગમાં સમ્યગ્દર્શનની શક્તિ છે? રાગમાં જ્ઞાનની શક્તિ છે? રાગમાં ચારિત્રની શક્તિ છે? શક્તિ તો આત્મામાં પડી છે. જ્ઞાન, દર્શન, આનંદ એ આત્મામાં પડ્યા છે. તો ત્યાં છે એમાંથી કાઢવું. એ તો સીધી વાત છે. સમજાણું કાંઈ? નથી એમાંથી કાઢવું? લોઢાની ખાણમાંથી સોનું કાઢવું? નહિ? આવા પંચ મહાવ્રતાદિ પાળે એ તો શુભરાગ છે. લોઢાની ખાણ છે. બંધનું કારણ છે. બંધના કારણમાંથી મોક્ષનું કારણ કાઢવું છે? સમજાણું કાંઈ?

'**કારણ કે...**' ઓહોહો..! અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્યે ગજબ કામ કર્યા છે! સંતો, દિગંબર મુનિઓ જેવો વીતરાગ માર્ગ હતો સર્વજ્ઞે કહ્યો એવો બતાવ્યો. આ માર્ગના પ્રણેતા અમે આ રહ્યા. એમ કહે છે પ્રવચનસારમાં. આહાહા..! એની એક એક ગાથામાં કેટલી ગંભીરતા! સમજાણું કાંઈ? બહુ ગંભીર. એક એક શબ્દ અને એક એક પદમાં ઘણું રહસ્ય ભર્યું છે. સમજાણું કાંઈ? આટલી ચાર લીટીમાં કેટલું ભરી દીધું છે!

ભગવાન! તું તો આનંદ સ્વરૂપ. તારી મહિમાનો પાર નથી એવી ચીજ તું છો. તારા શુભભાવમાં તને શું માહાત્મ્ય આવ્યું? એમ કહે છે. એવા પંચ મહાવ્રતાદિ શુભભાવનું માહાત્મ્ય તને રહે છે એ જ મિથ્યાદૃષ્ટિપણું અને મિથ્યાજ્ઞાન છે. પોતાના શુદ્ધ સ્વરૂપથી વિપરીત પંચ

મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ એ ઝેર છે. પોતાના અમૃત આનંદ સ્વરૂપથી વિપરીત ઝેર છે. એનું માહાત્મ્ય છે તો મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની છે. એ ચારિત્ર નથી. ઓહોહો..! શું કહ્યું શેઠી? આટલું કરી ચૂક્યો તોપણ? કહ્યું ને હમણાં શું કહ્યું? એટલી મહેનત કરી તોપણ? કેટલી મહેનત? કોલસા કાઢ્યા. કોલસાની ખાણમાં.. લોઢાનું હોય છે ને હથિયાર? કોલસા કાઢ્યા. શું મહેનત કરી? ઊલટી મહેનત કરી.

ભાઈ! એ મુનિને પણ પંચ મહાવ્રત, આત્માના અનુભવ સહિત, ચારિત્ર સહિત આવે છે. વ્યવહાર સમકિતીને પણ વ્યવહાર આવે છે. વ્યવહારધર્મ. આ વ્યવહારધર્મ. વ્યવહારધર્મ કહો કે પુણ્ય કહો કે શુભભાવ કહો. એ આવે છે. પણ એ સમ્યગ્દૃષ્ટિ, પોતાના સ્વભાવ ઉપર આશ્રય દૃષ્ટિ છે. એ શુભભાવને હેય માને છે. આદરણીય માનતા નથી. આ અજ્ઞાની શુભભાવને આદરણીય માનીને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા..! ઘેર ઘેર નાટક કથા બખાણી.. આવ્યું ને સવારે? આ વસ્તુ ઘેર ઘેર હોવી જોઈએ. ઘેર ઘેર આત્માદીઠ. કેમ પાટણીજી! આહાહા..!

ભગવાન! તારા ઘરની નિધિ તારી પાસે છે ને. પણ તારી નિધિની કિંમત શું છે એની કિંમત નથી. સમજાણું કાંઈ? ભરવાડ હોય ને ભરવાડ? ગોવાળ. એને હીરો મળે તો કિંમત ન મળે. કાણું પાડીને બકરી.. બકરી હોય ને? ઘેટા? એના કાનમાં બાંધી દે. ચિંતામણિ રતન મળ્યું. 'કાગ ઉડાવન કારણ ડાર મહામણી મૂરખ રોવે.' બનારસીદાસમાં આવે છે. સમજ્યા? ચિંતામણી રત્નનું દૃષ્ટાંત આવે છે. ચિંતામણિ. કોઈ એક માણસ કૃષિ જંગલમાં ગયો હતો. ત્યાં બેઠા બેઠા આમ કરતો હતો. એમ કરતા ચિંતામણિ રતન નીકળ્યું. ચિંતામણિ રતન. દેવ અધિષ્ઠિત. એમાં દેવ અધિષ્ઠિત દેવ છે. હાથમાં લીધું ત્યાં દસ-અગિયાર વાગેલા. ભોજન? ત્યાં જમવાનું આવ્યું. ઓહો..! આ શું છે? મકાન? ત્યાં મકાન બની ગયું. ગાદી? ગાદી બની ગઈ. બધું તૈયાર થઈ ગયું. ઓહોહો...! એક પછી એક, એક પછી એક ચિંતવતો ગયો. એને ખ્યાલ નથી કે આ શું છે? શું થાય છે? પછી અધિષ્ઠિત હતો ને? બહુ માગ માગ કરતો હતો ને. પછી ખાઈપીને સૂવે. કાગડો થઈને એ દેવ આવ્યો. કાગડો થઈને દેવ. એના કપડા પડ્યા હતા. મોટું મકાન હોય ને. નાહી-ધોઈને કપડા સૂકવે છે ને? ત્યાં આમ વાંસ લગાવે કપડા સૂકવવા માટે રાખે. ત્યાં આવ્યો કાગડો. બધા ખાઈ-પીને સૂતા હતા. એમ કે આ બગાડશે આ. સૂતો હતો અને હાથમાં મણિ હતું એ ફેંકીને કાગડાને ઉડાડી દીધો. લઈને ચાલ્યો ગયો.

એમ અજ્ઞાની આત્મા ચિંતામણિ રત્ન એના ભાન વિના ખોઈ નાખે છે. એક શુભરાગની ક્રિયા, આમ મેં કર્યું, આમ મેં કર્યું. કરતા કરતા માનીને ખોઈ બેસે છે. ચિંતામણિ રતનની

ખબર નથી. પથરો છે એમ સમજીને નાખી દીધો. સમજાણું કાંઈ? શેઠી! તમારે હિરા-માણેકની તો કાંઈ કિંમત પણ નહિ. શુભભાવની કિંમત નહિ. પંચ મહાવ્રતના પરિણામની તુચ્છ કિંમત કાંઈ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ અખંડાનંદ એની અંતર અનુભવ અને દૃષ્ટિ-જ્ઞાન વિના એ તારા મહાવ્રત-ફહાવ્રત નિશ્ચારિત્ર છે. ચારિત્ર નથી. સમજાણું કાંઈ? રાડ નાખી જાય ઓલા કેટલાક વ્યવહારવાળા કહે, હાય. હાય! કહે, ભગવાન પાસે જા. આ કુંદકુંદાચાર્યને કહે કે આમ કેમ કહ્યું? છે કે નહિ એમાં? નીકળે છે કે નહિ એમ?

'**ભાવાર્થ :- અભવ્ય જીવ...**' પણ. એમ બધે લેવું. '**મહાવ્રત-**' પંચ મહાવ્રત. '**સમિતિ...**' પાંચ સમિતિ. જોઈને ચાલવું, જોઈ-દેખી ચાલવું, નિર્દોષ આહાર લેવો. અત્યારે આમ નીચે ચાલેને તો લીલોતરી નીચે પડી હોય. લીંબડાનું ફૂલ હોય ને? લીંબડાનું ફૂલ. આ લીંબડાના ફૂલ હોય છે. એક ફૂલમાં અનંત જીવ. અનંત જીવ. કોર-કોર હોય ને? ફૂલ કહે છે ને? એક ફૂલ એવડું છે એની રાઈ જેટલી કટકી લ્યો તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. અને એક શરીરમાં સિદ્ધ કરતાં, જેટલા અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. શેઠ! એને પગ મૂકીએ છીએ એની ખબર ન મળે. હેઠે કચડાઈ જાય. સાધુ નામ ધરાવીને. આમ નજરે દેખે. પણ આ શું કરે છે? સમજાણું કાંઈ? જેના વ્યવહારના પણ ઠેકાણા નથી. આમ કચ્ચરઘાણ (વળી જાય). જંગલ જાય તો.. બહાર દિશા હોય ને ત્યાં હરિકાય હોય ને હરિકાય? ત્યાં જંગલ બેસી જાય. એ વનસ્પતિ હોય છે ને વનસ્પતિ હરિકાય? એના આટલા ટૂકડામાં અસંખ્ય જીવ છે. આ લીંબડાના પત્તામાં, એક ટૂકડો પત્તું લ્યો તો એમાં અસંખ્ય જીવ છે. લીલું ઘાસ હોય છે ને? લીલું કહે છે ને? હરા. એની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. અને એક એક શરીરમાં એક એક જીવ છે. લીંબડાનું ફૂલ છે એ. એના એક આટલા ટૂકડામાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતગુણા જીવ છે. સિદ્ધ કરતા અનંતગુણા જીવ છે. એનો ચાલવામાં પણ ખ્યાલ નથી એની તો વાતેય નથી કરતા. (આ તો) સાવધાનીપૂર્વક ચાલે. કોઈ પ્રાણીને દુઃખ ન થાય એવો ભાવ (હોય). સમજાણું કાંઈ?

કહે છે કે એવું '**ગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના...**' આહાહા..! નિશ્ચય ભગવાન આત્માના અનુભવ, સમ્યગ્દર્શન-જ્ઞાન વિના '**તે ચારિત્ર સમ્યક્ચારિત્ર નામ પામતું નથી;...**' એનું નામ સમ્યક્ચારિત્ર નથી, મિથ્યાચારિત્ર છે. '**માટે તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.**' ત્રણે બોલ લઈ લીધા. ઉપર તો ત્રણે આવ્યા હતા ને મૂળ પાઠમાં? નિશ્ચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે. એ આવું

પાળે છે અભવિ નિશ્ચારિત્ર છે. નિશ્ચારિત્ર છે, અજ્ઞાની છે, મિથ્યાદષ્ટિ છે. એવી પંચ મહાવ્રતની ક્રિયા હજારો રાણીને છોડીને (પાળે), ઇન્દ્રાણી ઉપરથી ચળાવે તો વિષયમાં ચળે નહિ. એવો બ્રહ્મચર્યનો ભાવ. પણ એ બધો શુભભાવ છે. એ કોઈ ધર્મ-બર્મ નથી. સમજાણું કાંઈ? આહાહા..! નવ વાડે બ્રહ્મચર્ય. સ્ત્રીની સામું ન જોવું. એ બધો શુભભાવ છે, ભાઈ! એ ચારિત્ર નથી.

બ્રહ્માનંદ ભગવાન આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ, એનું અંતર અનુભવનું વેદન આનંદનું કરવું એનું નામ ચારિત્ર અને બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મચર્ય આવ્યા વિના એનું કલ્યાણ કદી થતું નથી. સમજાણું કાંઈ? કહે છે, અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. ત્રણે લઈ લીધા. એવા પંચ મહાવ્રત સમિતિ ગુપ્તિરૂપી વ્યવહાર ચારિત્ર. ચારિત્રનો અર્થ વ્યવહાર ચારિત્ર. '**પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર સમ્યક્ચારિત્ર નામ પામતું નથી; માટે તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે.**' ત્રણે છે. એ તો અજ્ઞાની છે, મિથ્યાદષ્ટિ છે અને નિશ્ચારિત્ર છે. ઓહોહો..! પણ કોઈ કહે કે આવા પંચ મહાવ્રત આદિ સાધન છે કે નહિ? પહેલા સાધન છે કે નહિ? સાધનથી સાધ્ય થાય એમ પંચાસ્તિકાયમાં કહ્યું છે. સમજાણું કાંઈ? એમ છે જ નહિ. એમ કહ્યું જ નથી. એ તો જ્યારે સ્વરૂપના સાધનમાં નિશ્ચય પોતાના સ્વરૂપનો આશ્રય કરીને જે સાધન નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાનનું, ચારિત્રનું કરે છે ત્યારે સાથે કષાયની મંદતાના પંચ મહાવ્રત આદિ છે એ નિમિત્તને વ્યવહાર સાધન કહીને સાધન કહેવામાં આવ્યું છે. ખરેખર એ સાધન છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! પણ આવે છે. પંચાસ્તિકાયમાં. બધા એ જ કહે છે ને. સાધન છે કે નહિ? સાધન. કોનું સાધન? રાગ એ સાધન છે?

મુમુક્ષુ :- સાધન અંદર પોતાનો...

ઉત્તર :- અંદર સાધન ગુણ છે આત્મામાં. આત્મામાં કર્તા, કર્મ, કરણ નામના ગુણ છે. ત્રિકાળી આનંદકંદમાં. એ પોતાના કરણ ગુણનું સાધન કરીને જે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થયા એ જ સાધન છે. વ્યવહારનું સાધન તો નિમિત્ત જોઈને નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહેવામાં આવ્યું છે. ભારે વાત ભાઈ! એય.. એકાંત છે. એય.. ભગવાનને એકાંત.. કુંદકુંદાચાર્યને.... ત્યારે કહેતા હતા એ (સંવત) ૨૦૧૩ની સાલમાં. નહિ? બંસીધરજી બહુ વિરોધ કરતા હતા. પણ બંસીધરજીએ તો વ્યાખ્યાન સાંભળીને કહ્યું. બંસીધરજી છે ને એ? ઇન્દોરવાળા. એ બોલ્યા. ૨૦૧૩ની સાલમાં બોલ્યા હતા. સ્વામીજી કહે છે અને કુંદકુંદાચાર્યનું કથનમાં એક જ વાત છે. એનો વિરોધ કરો તો એ કુંદકુંદાચાર્યનો વિરોધ કરો છો. એમ કહ્યું. ૨૦૧૩ની સાલ હોં! દસ વર્ષ પહેલા. બધા વિરોધમાં હતા. ..

મુમુક્ષુ :- સમ્મેદશિખરમાં.

ઉત્તર :- સમ્મેદશિખરમાં. તમે હતા ત્યારે? શેઠ હતા. મારો ખ્યાલ નથી. તમારો ખ્યાલ છે. પૈસા દીધા હતા ને. ૧૧ હજાર દ્યો. ૧૧ હજાર દ્યો. આ કહે, પાંચ હજાર. પછી આગળ વધતા વધતા ૧૧ હજાર કરી દો. યાદ રહી ગયું છે. શોભાલાલજી! સમજાણું કાંઈ? અહીં તો કોઈને કહેતા જ નથી દ્યો. તમારી મરજી હોય તો દ્યો. નહિતર કાંઈ નહિ. અમારે શું છે? અહીં કોઈને કહેવાની વાત નથી. સમજાણું કાંઈ? થાઓ તો થાઓ, ન થાઓ તો ન થાઓ. અહીં અમારે શું છે?

અહીં તો કહે છે.. આહાહા..! ભારે વાત પણ અલૌકિક વાત છે! ભાઈ! વ્યવહારનય તો પરાશ્રિત છે. પરાશ્રય છે. અને પરાશ્રય તો બંધનું કારણ છે. બંધનું કારણ છે એને મોક્ષના માર્ગમાં લગાવી દે છે? સમજાણું કાંઈ? અબંધનું કારણ તો ભગવાન અબંધસ્વરૂપ છે એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ અબંધ પરિણામ છે. આ તો બંધ પરિણામ છે. માટે વ્યવહારનય (નિષિદ્ધ છે). આગળ સરવાળો લેશે, હોં! હજી તો આ બતાવે છે ને? એ પછી આગળ કહેશે. છેલ્લે ઈ કહેશે જુઓ! ૨૭૩ કરી કહેશે. એ વ્યવહારનય એ કારણે નિષેધ કરવા લાયક છે. ૭૫માં છે. છેલ્લો છે ને? '**નિશ્ચયનય વડે નિષેધ્ય જે વ્યવહારનય,...**'

મુમુક્ષુ :- આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.

ઉત્તર :- હા એ. એમ છે. '**વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.**' '**આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.**' પાછળ છે. અહીં તો પહેલો બોલ લીધો છે ને? પછી હજી તો જ્ઞાન અને શ્રદ્ધા બેય બોલ લેશે. આ ચારિત્ર વિનાની વાત કરી. કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન નથી તો ચારિત્ર નથી. તો હવે એને સમ્યગ્જ્ઞાન અને દર્શન પણ નથી. એમ કહે છે.

'**હવે શિષ્ય પૂછે છે કે-તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે;...**' અગિયાર અંગ તો ભણે છે. અગિયાર અંગ. આચારાંગ. એક આચારંગમાં અઢાર હજાર પદ, અને એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. સમજાણું કાંઈ? એક આચારાંગ સૂત્ર છે. એક આચારાંગ સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતિ.... એવા અગિયાર અંગ છે. તો એક આચારાંગમાં ભગવાને કહ્યું. અઢાર હજાર પદ છે. અને એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક છે. એમ સૂયગડાંગમાં એનાથી ડબલ ૩૬ હજાર પદ. ઠાણાંગમાં ૭૨ હજાર પદ. એમ અગિયાર અંગ સુધી લેવું. એ બધાનું જ્ઞાન અભવીને છે.

મુમુક્ષુ :- .. જ્ઞાન નથી.

ઉત્તર :- નહિ. સમજાણું કાંઈ? એ કોઈ ચીજ નથી. આવા અગિયાર અંગ, એ જ્ઞાન

નહિ. એ તો અજ્ઞાન છે. પોતાના શુદ્ધ સ્વરૂપનું અવલંબન લીધા વિના એકલા અગિયાર અંગનું જ્ઞાન તો અજ્ઞાન છે. કેમ છે એ વધારે સ્પષ્ટ કરશે. સમજાણું કાંઈ?

**'તેનો ઉત્તર કહે છે :-'** લ્યો! અગિયાર અંગ કેમ? **'તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?'** મહારાજ! એને અજ્ઞાની કેમ કહો છો? અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે છે. નવ પૂર્વમાં તો ઘણો ક્ષયોપશમ હોય છે. સમજ્યા? એ તો અભવિમાં પણ નવ પૂર્વ હોય છે. સમજાય છે? છે ષટ્પાહુડમાં. પણ એ કાંઈ નવ પૂર્વ એ કાંઈ વસ્તુ નથી. એ તો મિથ્યાદૃષ્ટિમાં ક્ષયોપશમ વિભંગ અજ્ઞાન પણ હોય છે. અભવિને વિભંગ પણ હોય છે. વિભંગ એટલે શું? વિપરીત અવધિ. સાત દ્વિપ દેખે અંદર મનમાં. સાત દ્વિપ સમુદ્ર દેખે, પરભવના ઘણાં ભવ દેખે. ઘણાં ભવ. ભૂતકાળના ભવ, ભવિષ્યના ભવ દેખે. એ શું? ભવ દેખે એમાં શું આવ્યું? આત્માને જોયા વિના એ જ્ઞાન છે જ નહિ. આહાહા..! એય.. ન્યાલભાઈ! ભારે વાત, ભાઈ! વિભંગ અજ્ઞાન થાય છે હોં અભવિને. મિથ્યાદૃષ્ટિ ભવિ પણ નવમી ગ્રૈવેયક ગયો અનંત વાર તો વિભંગ થયું. ભૂતકાળના ભવનો ખ્યાલ આવ્યો કે અહીંયાં હતો. નરકમાં હતો, ત્યાંથી આવ્યો છું, અહીંથી સ્વર્ગમાં જઈશ. એમ ખ્યાલ આવે. વિભંગ જ્ઞાન. મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન જ્ઞાન જ નથી. આહાહા..! અહીં તો જરી .. આવે તો એમ થઈ જાય કે આહાહા..! ભારે જ્ઞાની ભાઈ. એય..! એમાં જો કાંઈક વાત કરે ભવની કે આ ભવમાં હું જવાનો છું. ઓહોહો..! જ્ઞાન થઈ ગયું. મિથ્યાજ્ઞાન છે સાંભળને હવે.

મુમુક્ષુ :- આઠમા સ્વર્ગમાં જાય.

ઉત્તર :- ધૂળમાંય જાય નહિ. ગમે તે સ્વર્ગમાં જાય નહિ, એમાં શું છે? સ્વર્ગમાં જાય છે ને? રાગમાં જાશે ને? આત્મામાં નહિ ને? એ ભાન મિથ્યાજ્ઞાન છે. આહાહા..! પોતાના આત્માનું સમ્યગ્જ્ઞાન આનંદના વેદન વિના એ અગિયાર અંગનું ભણેલું જ્ઞાન અજ્ઞાન છે. આ તો ઉત્કૃષ્ટ વાત કરે છે ને. સર્વોત્કૃષ્ટ વાત છે. જુઓ ૨૭૪.

**मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।**
**पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।।२७४।।**

ઓહોહો..! નીચે. શું કીધું?

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

અલૌકિક ગાથાઓ છે. ક્યાં ગયા બાબુભાઈ? મુંબઈ ગયા હતા ને? ભાઈ એને લઈને રહી ગયો છે.

ટીકા. ૨૭૪. આ તો દૃષ્ટાંત આપ્યું છે અભવિનું હોં! એમ ભવિ પણ અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે પણ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, વિકલ્પરહિત છે, રાગરહિત છે, રાગનો સંબંધ સ્વરૂપમાં છે જ નહિ. એવો અગિયાર અંગને ભણવાનો વિકલ્પ પણ સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપના અંતરજ્ઞાન વિના એ અગિયાર અંગનું ભણતર પણ અજ્ઞાનમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો થોડાઘણાં શાસ્ત્ર જ્યાં ભણે તો એને એમ થઈ જાય કે આહાહા..! આપણે તો કાંઈક કાંઈક ભણી ગયા. આપણે જાણે ઊંચે ઊડીએ ક્યાંય. સમજાય છે કાંઈ?

થોડીઘણી વાતું કરતા આવડે સમયસારની. એક જણો કહેતો હતો. એક જણો કહે છે, અરે..! મહારાજ! સમયસારના તમે આટલા વખાણ કરો છો. સમયસારમાં નવ તત્ત્વની વાત છે. તમારું સમયસાર પંદર દિવસમાં વાંચી લીધું. સારી વાત છે, ભાઈ! પંડિતજી! એક એમ કહેતો હતો. સમયસાર? બહુ નિવૃત્તિ હતી તો પંદર દિવસમાં આખું વાંચી લીધું સમયસાર. એમાં છે શું? નવ તત્ત્વની વાત છે. વાત તો નવની અને એક જ તત્ત્વની વાત છે. નવ તત્ત્વની વાત છે. છે તો નવની, ભાઈ! તેં વાંચ્યું એમાં તને કાંઈ ભાન નથી. શું કહે છે એનું ભાન નથી તો તેં વાંચ્યું જ નથી સમયસાર. સમજાય છે કાંઈ? આ સમયસારનું વાંચન પણ અગિયાર અંગમાં આવી જાય છે. એય..! અગિયાર અંગમાં આવે છે કે નહિ? આવે છે સમયસારની વાત. આત્મા અને આવા દ્રવ્ય, ગુણ અને પર્યાય બધું આવે છે એમાં. એવું જ્ઞાન હોવા છતાં ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિના જ્ઞાનની શ્રદ્ધા વિના... મોક્ષમાં પણ એકલો જ્ઞાનરૂપ રહે છે. મોક્ષમાં બીજા રાગાદિ કોઈ છે નહિ.

કહે છે કે '**પ્રથમ તો...**' એ વાત છે કે... '**તાવદ**' છે ને? '**તાવદ**' '**તાવદભવ્યઃ**' પહેલી વાત એ છે કે, મુખ્ય વાત એ છે કે '**અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય...**' જુઓ! શુદ્ધ જ્ઞાનમય આત્મા. આત્મા કેવો છે? કે એકલો શુદ્ધજ્ઞાનમય છે. એ દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એમાં છે જ નહિ. પંચ મહાવ્રતના વિકલ્પ પણ એમાં નથી. એવો ભગવાન આત્મા '**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય...**' શુદ્ધ જ્ઞાનમય આત્માથી શૂન્ય. બધા અગિયાર અંગ ભણી લીધા. સમજાણું કાંઈ? વાંચી નાખ્યું. વાંચીને છોડી દીધું. એમાં શું ગુણ છે એનું તો ભાન નથી. '**અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય...**' જુઓ ભાષા પાછી એવી છે હોં. એમ નહિ કે કર્મને કારણે આ જ્ઞાનથી શૂન્ય છે એમ નથી લીધું. કે દર્શનમોહને કારણે (શૂન્ય છે). એને દર્શનમોહ છે ને? એ કારણ છે. એમ નથી લીધું. અથવા એ અભવિ છે, ભાઈ! એમ કે અભવિ છે ને તો એને ન હોય. પણ અભવિનું કારણ શું? એનો અર્થ શું? અભવિ છે કેમ?

'**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' એ કારણ બતાવે છે. સમજાણું

કાંઈ? અભવિ હોય તો જ્ઞાન ક્યાંથી થાય? એમ કેટલાક કહે. અભવિને ક્યાંથી જ્ઞાન હોય? પણ અભવિ કેમ રહ્યો? કે પોતાનું શુદ્ધ જ્ઞાનનો અભાવ છે માટે અભવિ રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**શુદ્ધજ્ઞાનમય...**' ભગવાન શુદ્ધજ્ઞાનમય, જ્ઞાનવાળો પણ નથી લીધો. શુદ્ધજ્ઞાનમય અભેદ. જેમ એકલી મીઠાશ, મધુરાશથી ભરેલી સાકર. મધુરાશ એ સાકર. એમ શુદ્ધજ્ઞાનમય આત્મા. એકલું શુદ્ધજ્ઞાન. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. એવું શુદ્ધજ્ઞાન. શુદ્ધજ્ઞાન દેખો. ત્યારે કહે, શુદ્ધજ્ઞાન હોય છે કે નહિ? એ અગિયાર અંગનું જ્ઞાન એ અશુદ્ધ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા..! વ્યાખ્યા કરે, આમ હજારો માણસને, લાખો માણસને આમ રીઝવે. એમાં શું થયું? અને પ્રશ્ન કરે એનો જવાબ તરત આપે. આખું અગિયાર અંગ વાંચી લીધું. એ જ્ઞાન નહિ. પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધજ્ઞાનમાં છે એનું તો ભાન નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! કુંદકુંદાચાર્યની વાત એકે એક ઉત્કૃષ્ટ!

'**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી...**' આત્મા કેવો છે? કે શુદ્ધજ્ઞાનમય, બસ. એકલો ચૈતન્યમય. એની ક્રિયા પણ એકલી ચૈતન્યમય હોવી જોઈએ. એની જગ્યાએ એ સ્થાન નહિ લેતાં આમ '**શૂન્ય હોવાને લીધે,...**' મોક્ષની શ્રદ્ધા નથી કરતો. જુઓ! કેમ કે આત્મા જ્ઞાનમય શુદ્ધ છે એ તો મોક્ષસ્વરૂપ છે. તો એની શ્રદ્ધા નથી તો મોક્ષની શ્રદ્ધા નથી. તો મોક્ષમાં તો રાગ છે નહિ, મોક્ષમાં તો એકલી જ્ઞાનની દશા રહે છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' મોક્ષની શ્રદ્ધા નથી કરતો. કારણ કે મોક્ષ નામ એકલો જ્ઞાનમય સ્વભાવ. એમાં રાગથી માને છે એને મોક્ષની શ્રદ્ધા નથી. રાગની ક્રિયાથી મને મોક્ષ થશે, તો જ્ઞાનમય આત્માનું જ્ઞાન નથી માટે તેને મોક્ષની શ્રદ્ધા પણ નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત આદિ સમિતિ-ગુપ્તિ એનાથી મારો મોક્ષ થશે એમ માનનારો શુદ્ધજ્ઞાનમય આત્મા તો શુદ્ધજ્ઞાનમયની પરિણતિ પૂર્ણ થાય એનું નામ મોક્ષ છે. તો શુદ્ધજ્ઞાનમયથી શૂન્ય છે તો મોક્ષની શ્રદ્ધા નથી. એને બંધની શ્રદ્ધા છે એમ કહે છે. સમજાણું કાંઈ? વાહ!

ભગવાન આત્મા એકલી શુદ્ધ વસ્તુ સત્ત્વ ચૈતન્યમૂર્તિ એ શુદ્ધજ્ઞાનમય આત્મા. એનું સ્વસન્મુખનું જ્ઞાન નથી, સ્વયંનું જ્ઞાન નથી. તેથી મોક્ષની શ્રદ્ધા નથી કરતો. મુક્ત આત્મા રાગથી ભિન્ન છે એવી શ્રદ્ધા નથી. '**તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.**' આ કારણે જ્ઞાનસ્વરૂપ આત્મા એની શ્રદ્ધા એને નથી. અગિયાર અંગ ભણે પણ જ્ઞાનમાત્ર આત્મા છું એવી શ્રદ્ધા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ક્ષયોપશમ ઓછો છે માટે નથી કરતો?

ઉત્તર :- ના. ના. ક્ષયોપશમ તો ઘણો છે. આ પોતાને થોડો ક્ષયોપશમ છે ને એટલે

પોતાનું નાખ્યું. ઠીક આ પોલીટીકલ માણસ છે હોં! એમ કે અમારી બુદ્ધિ તો.. બુદ્ધિ તો ઘણી છે અંદર. ક્ષયોપશમ તો કેટલો? કહ્યું નહિ? અગિયાર અંગ ભણ્યો છે. અગિયાર અંગ ભણ્યો છે. કેટલા અગિયાર અંગ? એક અંગમાં કહ્યું નહિ? એક પદના ૫૧ કરોડ શ્લોક, ૫૧ કરોડ અધિક શ્લોક. એક પદના ૫૧ કરોડથી અધિક એક પદ. એવા ૧૮ હજાર પદ. એવા ૩૬ હજાર પદ બીજાના. ત્રીજાના ૭૨ હજાર પદ, ચોથાના ૧ લાખ અને .. કેટલા થયા? ૪૪ હજાર. ૧ લાખ ૪૪ હજાર પદ. એમ ડબલ કરતા કરતા અગિયાર અંગ સુધી લઈ જવું. એટલો ક્ષયોપશમ છે. પણ એ ક્ષયોપશમ નહિ, એ જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- .. દેડકાનો...

ઉત્તર :- હોય, દેડકો હોય. નવ તત્ત્વના શબ્દો પણ ન આવડે. અંતર આત્માનો અનુભવ થયો, જ્ઞાન થયું તો જ્ઞાની થઈ ગયો. નવ તત્ત્વના નામ પણ ન આવડતા હોય. આત્માનું અંદર જ્ઞાન થયું. જ્ઞાનનું જ્ઞાન થયું. જ્ઞાનનું જ્ઞાન થયું. એ આત્મા જ્ઞાન છે એનું જ્ઞાન થયું. અગિયાર અંગ એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..!

શુદ્ધજ્ઞાનમય ભગવાન આત્મા એ મોક્ષસ્વરૂપ છે. એનાથી શૂન્ય હોવાને લીધે મોક્ષની શ્રદ્ધા નથી. કેમ કે મોક્ષ તો એકલો જ્ઞાનમય છે એનું નામ મોક્ષ છે. એની શ્રદ્ધા નથી. '**તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.**' જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન બહારથી નથી આવતું. પોતાનું જ્ઞાન કરવાથી જ્ઞાન થાય છે. એવા જ્ઞાનની શ્રદ્ધા નથી કરતો. અગિયાર અંગ ભણે એની શ્રદ્ધા કરે છે એ જ્ઞાન નથી. એ સ્વભાવ જ્ઞાનમય આત્મા એની શ્રદ્ધા નથી કરતો. '**અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે,...**' એ જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આત્મા એકલો જ્ઞાનસ્વભાવ, પોતાથી જ્ઞાન પ્રગટ થાય છે. વાંચવાથી કે બહારથી આવતું નથી. એવા '**જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે,...**' જુઓ ભાષા કેવી છે? જ્ઞાનની પણ શ્રદ્ધા નથી કરતો. એમ નથી લીધું કે અભવિ છે માટે. પણ આવો ઊલટો પુરુષાર્થ છે માટે આમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? (પેલા કહે), અભવિ છે માટે ન કરે. ભવિ તો કરે. પણ અહીં તો કહે છે, અભવિ આ રીતે રહ્યો છે. એ માટે તો અભવિ છે. જે કોઈ આવી શ્રદ્ધા કરે છે, ભવિ હોય તો એ પણ મિથ્યાદષ્ટિ અભવિ જેવો જ છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે,...**' અભવ્ય. '**આચારાંગ આદિ અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' અગિયાર અંગને ભણતો હોવા છતાં '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.**' શાસ્ત્રમાં કહ્યું છે કે તું જ્ઞાનાનંદ છો એવું ભાન થયું નહિ. શાસ્ત્ર પઠનનો એ ગુણ છે. એ કર્યું નહિ માટે જ્ઞાની નથી. એની વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૪, રવિવાર તા. ૧૭-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૪-૨૭૫, પ્રવચન-૩૩૯**

બંધ અધિકાર ચાલે છે. એમાં આ સાર ગાથા છે. શું કહે છે? વ્યવહારનો નિષેધ કરીને નિશ્ચયનો આશ્રય કરવો એનો ન્યાય કહે છે. આત્મામાં જે નિશ્ચય નામ સ્વઆશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે એ જ ખરેખર મોક્ષમાર્ગ છે. એ નિશ્ચયનયનો વિષય સ્વનું અવલંબન લઈને-ચૈતન્ય સન્મુખ થઈને પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્રનું થવું એ જ મુક્તિનો માર્ગ અને એ જ સંવર-નિર્જરા છે. વ્યવહારનો જેટલો આશ્રય છે એ બંધનું કારણ છે એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- અભવિને પણ

ઉત્તર :- બધાને. અભવિનું તો દૃષ્ટાંત દીધું છે. કહ્યું ને? અભવિ પણ કરે છે. એ તો બે વાર, ત્રણ વાર કાલે કહ્યું હતું કે નહિ? અભવિ પણ કરે છે. ભવિએ તો અનંત વાર કર્યું. વ્યવહારનયનો આશ્રય કરનારને બંધ થાય છે અને એ નિષેધ કરવા લાયક છે. કેમ કે અભવિ પણ એવું તો કરે છે. એમ સિદ્ધ કરવું છે. જેને એક ભવનો પણ કદી નાશ થતો નથી એવો અનાદિઅનંત જેને બંધપર્યાયમાં રહેવું છે એવા અભવિ વ્યવહારનો આશ્રય કરે છે. કેમ કે વ્યવહારનો આશ્રય કરવો એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જેટલો સ્વદ્રવ્યના આશ્રય સિવાય પરદ્રવ્યનો આશ્રય લઈને જેટલો શુભભાવ થાય, ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, ચાહે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ હો, અઠ્યાવીશ મૂળગુણ અને પંચ મહાવ્રતનો ભાવ હો, એ બધો પરાશ્રયનો ભાવ છે. વ્યવહારનય નિષેધ્ય છે એ સિદ્ધ કરવા અભવિનું દૃષ્ટાંત દીધું છે. સમજાણું કાંઈ?

પહેલા એમ કહ્યું કે અભવિ વ્યવહારનયનો આશ્રય કરીને પંચ મહાવ્રત, તપ, સમિતિ, ગુપ્તિ બહુ કરે છે. પરિપૂર્ણનો અર્થ જિનવરે કહ્યો એવો વ્યવહાર. જે સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વાવલંબનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે, એની ભૂમિકામાં પણ જે વ્યવહાર આવે છે એ વીતરાગની આજ્ઞાનો વ્યવહાર છે. આજ્ઞાનો અર્થ કે એમણે કહ્યો એવો જાણવાલાયક વ્યવહાર છે. એ વ્યવહાર એકલો નિશ્ચયના ભાન વિના અભવિ પરના આશ્રયે કરે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, ત્યાગ, બ્રહ્મચર્ય પાળે છે, અહિંસા પાળે છે. તપ કર્યા, છ-છ મહિનાના અપવાસ કરે છે. મુનિ દિગંબર થાય તો શું થયું? પરના આશ્રયે તો એને વ્યવહારનયનો બંધ જ છે. એને કિંચિત્ નિર્જરા અને સંવર પરને આશ્રયે થતા નથી. ત્યારે શિષ્યનો પ્રશ્ન

કરે છે કે એ ચારિત્ર તો ના પાડી આપે. પણ એ અગિયાર અંગ ભણે છે ને? અગિયાર અંગ ભણે છે તો એને જ્ઞાન કેમ ન કહ્યું? એ ૨૭૪ ગાથા ચાલે છે.

પહેલા તો કહ્યું કે '**પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, (પોતે) શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' ટીકામાં પહેલા. અગિયાર અંગ ભણે છે એ તો પરાશ્રય વાત છે. શુદ્ધજ્ઞાનમય આત્મા. એકલો ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ વ્યવહારના વિકલ્પથી, વ્યવહારરત્નત્રયના રાગથી રહિત એવો શુદ્ધજ્ઞાનમય આત્મા, એના જ્ઞાનથી શૂન્ય. એનું જ્ઞાન એને છે જ નહિ. '**તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.**' મોક્ષ નામ એકલો જ્ઞાનસ્વભાવ છે એ રાગ રહિત થાય છે એવી એની શ્રદ્ધા નથી. '**તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો. અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' આ તો દૃષ્ટાંત દીધું છે અભવિનું.

'**આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,..**' શાસ્ત્ર કાલે કહ્યું હતું. કહ્યું હતું આચારાંગના કેટલા પદ છે અને... કહ્યું હતું. યાદ નથી. હજારો બોલ્યા. હજારો પદ તો બોલે છે. ૧૮ હજાર પદ. એક આચારાંગ સૂત્રમાં ભગવાને કહ્યા ૧૮ હજાર પદ અને એક પદમાં ૫૧ (કરોડ) ઝાઝેરા શ્લોક. ૫૧ કરોડથી અધિક શ્લોક. એવા ૧૮ હજાર પદ, એવા ૩૬ હજાર પદ સૂયગડાંગમાં, એવા ૭૨ હજાર, એવા ૧ લાખ ૪૪ હજાર. બે લાખ ૮૮ હજાર એમ બમણા કરવા. એમ અગિયાર અંગ સુધી લઈ જવું. સમજાણું કાંઈ?

કહે છે ને? '**અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ...**' જુઓ! અહીંયાં સિદ્ધાંત છે-રહસ્ય. શાસ્ત્ર ભણવાનો જે ગુણ. એનો શું અર્થ થયો? કે શાસ્ત્રમાં એમ કહ્યું હતું કે તું જ્ઞાનમૂર્તિ નિર્વિકલ્પ આનંદસ્વરૂપ છો એ દૃષ્ટિ કરાવવાનું શાસ્ત્રનું ધ્યેય હતું. ચારેય અનુયોગમાં ભગવાનની વાણીમાં-દિવ્યધ્વનિમાં અને ચારેય અનુયોગમાં શાસ્ત્રનો ગુણ શું? તો શાસ્ત્રમાં એમ આવ્યું કે આ આત્મા રાગરહિત ચિદાનંદ પૂર્ણ શુદ્ધ છે એનું જ્ઞાન કરો. સમજાણું કાંઈ? તો શાસ્ત્ર ભણ્યો પણ શાસ્ત્ર ભણવાનો જે ગુણ. શું કહ્યું? '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ...**' શું? '**તેના અભાવને લીધે જ્ઞાની નથી.**' ભણવાનો ગુણ શું? કે આત્મા રાગ રહિત, વ્યવહારના વિકલ્પ રહિત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એ શાસ્ત્ર ભણવાનો ગુણ છે. શાસ્ત્ર એમ કહેવા માગે છે. વીતરાગની દિવ્યધ્વનિ એમ કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? આ તો સાદી ભાષા છે.

મુમુક્ષુ :- હિન્દી ભાષા છે.

ઉત્તર :- હિન્દી પણ વળી સાદી. એવી કોઈ કઠણ નથી.

અહીં તો કહે છે, જુઓ! '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાન નથી. જે ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' જે ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્મા. ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કાર નિર્વિકલ્પ વીતરાગ આનંદમય એવું જે ભિન્ન વસ્તુભૂત. વ્યવહારના વિકલ્પથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, કર્મથી, શરીરથી ભિન્ન એવો જ્ઞાનમય આત્મા. એકલો ચૈતન્યમય જ્ઞાનમય આત્મા એનું જ્ઞાન. '**તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' દેખો! સમજાણું કાંઈ? પંડિતજી! શાસ્ત્ર ભણવાનો ગુણ શું? શાસ્ત્ર શું કહે છે? દિવ્યધ્વનિ શું કહે છે? ભગવાનની વાણી શું કહે છે? અને અગિયાર અંગમાં શું કહ્યું છે? એ તારું સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પથી કર્મથી ભિન્ન એકલો અખંડ જ્ઞાનમય આત્મા છે. એમ શાસ્ત્રને કહેવું હતું. તો શાસ્ત્ર ભણીને એમ તો કર્યું નહિ.

મુમુક્ષુ :- મૂળ વાત ન સમજ્યો.

ઉત્તર :- મૂળ વાત ન સમજ્યો. તમારા ભાઈએ બીજું કહ્યું હતું કાલે. શું? એટલો ક્ષયોપશમ નથી ને. ક્ષયોપશમ નહિ હોય. એય.. શેઠ! એમ કે આ બધું ભણ્યો પણ એ જાતનો ક્ષયોપશમ નહિ હોય એમ કહ્યું હતું. શેઠી! સમજાણું કાંઈ? કેમ કહ્યું? કે ખ્યાલમાં એવો ક્ષયોપશમ ઉઘાડ નહિ હોય. અમને બહુ ક્ષયોપશમ નથી તો એને પણ એવો ક્ષયોપશમ નહિ હોય. એમ નથી.

ક્ષયોપશમમાં તો કહ્યું ને? અગિયાર અંગ કેટલા પદ કંઠસ્થ કર્યા. પાણીના પુરની પેઠે આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતિ, જ્ઞાતા, ઉપાસક, ... વિપાક. એવા અગિયાર અંગ છે. સમજાણું કાંઈ? અગિયાર અંગ આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસક .. પ્રશ્ન વ્યાકરણ અને વિપાક. સમજ્યા? અગિયાર અંગ અને એક અંગમાં અઢાર હજાર પદ. તમારી જેમ નહિ. તમે કહો, અમને ક્ષયોપશમ નથી. શેઠ! એમ નહિ. ક્ષયોપશમ તો એટલો હતો. પણ આત્મા એનાથી અને રાગથી અને શાસ્ત્રના જ્ઞાનથી પણ ભિન્ન ચીજ છે.

મુમુક્ષુ :- એનું ભાન ન કર્યું.

ઉત્તર :- એનું ભાન ન કર્યું. બસ! એ વાત છે. સમજાણું કાંઈ? શેઠે પ્રશ્ન કર્યો હતો. બહુ ક્ષયોપશમ નહિ હોય તો નહિ પકડી શકતા હોય. એમ. શેઠી! સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો, એ વળી ઠીક કહે છે.

એમ કે આટલું જાણપણું (કર્યું, પણ) વિશેષ ક્ષયોપશમ નહિ હોય એટલે આત્માને (જાણ્યો નહિ). એમ નથી. ક્ષયોપશમ નામ જ્ઞાનાવરણીનો વિકાસ ક્ષયોપશમ એટલો થયો કે અગિયાર

અંગ ભણી લીધા. અગિયાર અંગ કંઠસ્થ કરી લીધા. સમજાણું કાંઈ? પણ એ અગિયાર અંગમાં જે કહેવું હતું, આત્મા કહેવો હતો. આખા વીતરાગની વાણી, આખી દિવ્યધ્વનિ, બાર અંગ અને ચાર અનુયોગમાં સાર બધા અનુયોગમાં એમ કહેવાનો હતો. સમજાણું કાંઈ? પંડિતજી!

કહ્યું દેખો! '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' કેટલું સ્પષ્ટ કર્યું છે! શાસ્ત્રને એમ કહેવું હતું કે ભાઈ! ભગવાન! તું પૂર્ણાનંદ પ્રભુ એકલો જ્ઞાન (સ્વરૂપ છો). 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' શ્રીમદ્દે કહ્યું ને એક ટૂકડામાં?

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે.
દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે.
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકીએ.
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન' (તો થયું છે) પણ હવે અંદરમાં એકાકાર થઈને ચારિત્રનો ક્ષય કરીએ એવો અવસર ક્યારે આવશે? સમજાણું કાંઈ? શેઠી! અપૂર્વ અવસર તમને તો બહુ પ્રિય છે. અપૂર્વ અવસર એવી ચીજ છે. શ્રીમદ્દે ૨૧ શ્લોક બનાવ્યા, બહુ સારા. આપણે વ્યાખ્યાન થઈ ગયા છે. અપૂર્વ (અવસર) પ્રવચન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. છે. ભાઈ ભગવાનજીભાઈએ. ભગવાનજીભાઈએ છપાવ્યું છે. અપૂર્વ અવસર. પહેલા આપણે ૩ હજાર છપાવ્યા. પહેલી. ૩ હજાર. નાનાલાલભાઈના સાળા. નાનાલાલભાઈના સાળા ગુજરી ગયા ને ઓલા ચંદુભાઈ એમના તરફથી છપાવી હતી. અને પછી ભગવાનજીભાઈએ છપાવી. અપૂર્વ અવસર. એ ત્યાં વ્યાખ્યાન થયા હતા. (સંવત) ૧૯૯૫માં. ૯૫ની સાલમાં. ૨૮ વર્ષ થયા. બહુ ત્યાં ચાલતું હતું. રાજકોટ, સાત દિવસ. ૨૧ ગાથા છે. સાત દિવસ થયા. બહુ સરસ છે. બાબુભાઈ પાસે થોડી હશે? છે થોડી તમારી પાસે? વાંચી છે કે નહિ? વાંચી છે કે નહિ? શેઠે વાંચી છે? નહિ વાંચી હોય. એ પુસ્તક છે કે નહિ તમારે ત્યાં? અપૂર્વ અવસરના વ્યાખ્યાન. હિન્દી નથી, ગુજરાતી છે. એક દેજો શેઠને. હિન્દી છે? હિન્દી છપાઈ ગયા છે? અમને ખબર નથી. હિન્દી છે કે નહિ ત્યારે? હિન્દી પણ નથી ઘરે? ખબર નથી. આ તો પોકળ દેખાય છે. પૈસા છે કેટલા? ખબર છે કે નહિ? એમાં બહુ સારું આવ્યું છે. હિન્દી છે? કોના તરફથી? અહીંથી છપાણા? હશે. મને ખબર નથી. હિન્દીમાં

બહુ સારું આવ્યું છે ગુજરાતીમાંથી. એક એક કડીનો અર્થ. ત્રણ ત્રણ કડીનો અર્થ લગભગ સાત દિવસના વ્યાખ્યાન છે.

અહીં કહે છે. જુઓ! ઈ ત્યાં કહ્યું હતું. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' ભગવાન આત્મા દેહથી ભિન્ન, દેહ કરતાં રાગથી ભિન્ન એ પણ એક વિકારી દેહ છે. પુણ્ય-પાપના જે વિકલ્પ ઉઠે છે, વૃત્તિ ઉઠે છે એ આસ્રવતત્ત્વ છે. અને અજીવ કર્મ, શરીરથી અને આસ્રવતત્ત્વથી ભિન્ન એવો ભગવાન એકલી જ્ઞાનજ્યોતિ ચૈતન્યમૂર્તિ પ્રભુ એનું જ્ઞાન થયું નહિ. અને શાસ્ત્રને એ કહેવું હતું. શાસ્ત્ર ભણીને જે ગુણ પ્રગટ થવો જોઈએ એ તો પ્રગટ્યો નહિ. એણે શું કર્યું? એમ કહે છે.

મુમુક્ષુ :- પ્રયોજનભૂત...

ઉત્તર :- પણ એ જ કહેવું છે. બીજું કરવું શું છે? અગિયાર અંગ ભણવા છે શું કરવા? એ તો પરલક્ષી વાત છે. બંધનું કારણ છે. આહાહા..! આ વ્યવહારનયનો અધિકાર છે. કે શાસ્ત્રનું જ્ઞાન તો બંધનું કારણ છે, એ પરલક્ષી છે. એમાં એમ કહેવું હતું કે તું રાગરહિત છે. જુઓ!

'**જે ભિન્નવસ્તુભૂત...**' છે શબ્દ? ભિન્નવસ્તુભૂત ભગવાન આત્મા. સવારમાં આવ્યું હતું ને? નય, નિક્ષેપ, પ્રમાણ. એનો વિચાર કરવો એ પણ વિકલ્પ છે, રાગ છે. એ રાગથી ભિન્ન, ભિન્ન વસ્તુભૂત ભગવાન આત્મા રાગના કણથી પણ ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્મા. એ તો જ્ઞાનમય ચૈતન્ય સૂર્ય છે. એવા '**જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' સમજાણું કાંઈ? એ શાસ્ત્ર ભણવાનો આ ગુણ છે. એ ગુણ તો આવ્યો નહિ. શાસ્ત્ર ભણીને શું કર્યું તેં? સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહાહા..!

અગિયાર અંગ ભણ્યો તો શું થયું? એ તો બંધનું કારણ છે. પરાશ્રિત ભાવ છે. જુઓ! અને એ ભાવમાં પણ એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? ભગવાનની દિવ્યધ્વનિમાં. અનંત તીર્થંકરો, કેવળીઓ, સંતો, મુનિઓ, આચાર્યોના હૃદય-વાણીમાં એમ આવ્યું હતું. એ વાણી ભણ્યો. પણ વાણીમાં એ આવ્યું હતું કે તારો આત્મા રાગથી ભિન્ન છે એમ અનુભવ કર, દૃષ્ટિ કર. એવી દૃષ્ટિ કરી નહિ અને આત્માનું જ્ઞાન થયું નહિ. તો શાસ્ત્રનો ગુણ એને થયો નહિ. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ? નટુભાઈ! વકીલ છે ઈ. શું કહે છે? સમજાય છે કાંઈ? બહુ પણ ન્યાય મૂક્યો છે એટલો સરસ!

ભાઈ! એ તો ભિન્ન વસ્તુ મનથી, વિકલ્પથી, દયા, દાનના રાગથી, આ ગુણ-ગુણીના ભેદના રાગથી ભિન્ન ચીજ એવા આત્માનું જ્ઞાન કરવું એમ શાસ્ત્રને કહેવું હતું. તો શાસ્ત્ર ભણી તું આવ્યો નહિ તો તને જ્ઞાન થયું નહિ. અગિયાર અંગના જ્ઞાનને જ્ઞાન નથી કહેતા.

જેમ પંચ મહાવ્રત આદિ અઠ્યાવીસ મૂળગુણને ચારિત્ર કહેતા નથી. કેમ કે રાગ છે, વ્યવહાર ચારિત્ર છે. નિશ્ચય દર્શન-જ્ઞાન વિના એ વ્યવહારચારિત્રને ચારિત્ર કહેતા નથી. નિશ્ચયચારિત્ર નથી. એમ અગિયાર અંગને ભણવા છતાં રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન કર્યું નહિ, જે શાસ્ત્રમાં કહેવું હતું, જે શાસ્ત્રનું તાત્પર્ય હતું, શાસ્ત્રનો સાર હતો એ તો લીધો નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વાચકનું વાચ્ય..

ઉત્તર :- વાચક તો શબ્દ થયો. પણ એમાં કહેવું હતું કે આ રાગરહિત ભગવાન આત્મા છે એનું જ્ઞાન કર, તો તને જ્ઞાન થયું એમ કહેવામાં આવે. નહિતર જ્ઞાન-બ્યાન છે નહિ. ચાહે તો અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે. સમજાણું કાંઈ? લાખો માણસને સમજાવવાની શક્તિ હોય, ક્ષયોપશમ એટલો હોય તોપણ તેને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા આમ ચૈતન્યબિંબ જ્ઞાનસૂર્ય એનું તો જ્ઞાન કર્યું નહિ તેં. સમજાણું કાંઈ? એને ચારિત્ર તો નથી પણ જ્ઞાનેય નથી. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણમાં અગિયાર અંગનું જ્ઞાન કર્યું. પંચ મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ સહિત અગિયાર અંગનું જ્ઞાન કર્યું. સમજાણું કાંઈ? પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ એ ચારિત્ર નથી અને અગિયાર અંગનું જ્ઞાન પણ જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? મોતીલાલજી! આહાહા..!

મુમુક્ષુ :- હીરો ઘોઘે જઈ આવ્યો.

ઉત્તર :- હીરો ઘોઘે જઈ આવ્યો. સમજાણું કાંઈ? એવું દૃષ્ટાંત છે. તમારે હશે કાંઈક. કોઈ મા-બાપ વાત કરતા હોય. નથી આવ્યા હીરાભાઈ ક્યાં ગયા? તાવ આવ્યો છે? કોઈ હીરો હશે ઘરમાં છોકરો. તો મા-બાપ વાત કરતા હતા. મા-બાપ વાત કરતા હતા કે હીરાને ઘોઘે મોકલવો. ઘોઘા છે ને અહીંયાં? ભાવનગર પાસે ઘોઘા ગામ નથી? જૂનું ગામ છે જૂનું. સ્ફટિકની મૂર્તિ છે. જૂનું ગામ છે.

મુમુક્ષુ :- વાત તો ભાવનગરમાં કરતા હશે ને?

ઉત્તર :- એ ક્યાંક કરતા હશે. ભાવનગરમાં કરતા હશે. આને વળી... એ ગામથી છેટું હશે ત્યાં કરતા હશે. ગામથી છેટું-કોઈ ગામ હશે દૂર તો મા-બાપ વાત કરતા હતા કે આપણે હીરાનો ઘોઘે મોકલવો છે. ઘોઘે મોકલવાને શું કહે? ભેજના હૈ. હીરા એટલે છોકરો હતો. એને આપણે મોકલવો છે. તો એણે સાંભળી લીધું. અને સવારમાં જઈને ઘોઘે જઈ આવ્યો. હીરો ઘોઘે જઈ આવ્યો અને ડેલે હાથ દઈ આવ્યો. એમ. ડેલે એટલે જે દરવાજો હતો ને એનો દરવાજો? હાથ અડાડીને પાછો આવ્યો. શોભાલાલ! સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- એ દરવાજો જોઈને પાછો આવતો રહ્યો?

ઉત્તર :- બસ, હાથ અડાડીને આવી ગયો. સવારે વાત કરી કે હીરા તને ઘોઘે મોકલવાનો

છે. તો હું ઘોઘે જઈ આવ્યો. પણ જે કામ કરવું હતું એ સમજ્યા વિના ઘોઘે જઈ આવ્યો હું. ઘોઘે જઈને હાથ દઈ આવ્યો.

એમ આ શાસ્ત્ર ભણી આવ્યો. ભગવતી સૂત્ર ભણ્યા, આચારાંગ સૂત્ર ભણ્યા, ફલાણા ભણ્યા અને સમયસાર ભણ્યા. લે. આ આખા સમયસારમાં પણ એમ કહેવું છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આ સમયસાર ભણવા છતાં સમયસારમાં એમ કહેવું છે કે તારું સ્વરૂપ વિકલ્પ નામ મન અને રાગ રહિત છે એવું જ્ઞાન કર એમ સમયસારનું કહેવું છે. ન્યાલચંદભાઈ!

મુમુક્ષુ :- મૂળમાં ભૂલ રહી ગઈ.

ઉત્તર :- મૂળ ભૂલ રહી ગઈ. સમજાણું કાંઈ? પોતાના સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાતાનું જ્ઞાન કરવું જોઈએ એ તો કર્યું નહિ. અને પરસન્મુખ રહીને અગિયાર અંગ ભણી લીધા. ગોખે-ગોખે આમ થાય.. આમ હોય... આમ હોય.. આમ પ્રશ્ન ને ઉત્તર ને ચર્ચા ને વાર્તા. સમજાણું કાંઈ? એમાંથી કાઢવું ઈ હતું કે ભગવાન આત્મા દેહદેવળમાં ચૈતન્યસ્વરૂપ તદ્દન ભિન્ન બિરાજે છે. શરીરથી, કર્મથી, પુણ્ય-પાપના વિકલ્પથી, ગુણ-ગુણીના ભેદથી, રાગથી તદ્દન વસ્તુ ચૈતન્યગોળો ભિન્ન છે. એ શાસ્ત્ર ભણવાનો ગુણ છે.

'**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન...**' મહા એક પંક્તિમાં તો એટલું ભરી દીધું છે! ઓહોહો..! અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્ય સંતો ભાવલિંગી સંત હતા. વીતરાગી મુનિ. સમજાણું કાંઈ? પંચમકાળમાં તીર્થંકર જેવું કામ કુંદકુંદાચાર્યે કર્યું છે અને અમૃતચંદ્રાચાર્યે એમના ગણધર જેવું કામ કર્યું છે. અલૌકિક વાત! અલૌકિક વાત!! એટલું એક શબ્દમાં ભરી દીધું છે. કે ચારેય અનુયોગ ભણીને તેં કર્યું શું? ચારેય અનુયોગ ભણીને કથા ભણી લીધી. દ્રવ્યાનુયોગ ભણ્યો. એમાં દ્રવ્યાનુયોગ આવી ગયો કે નહિ? કથાનુયોગ વાંચ્યા, દ્રવ્યાનુયોગ વાંચ્યા, કરણાનુયોગ વાંચ્યા, ચરણાનુયોગ વાંચ્યા. વાંચ્યા સમજ્યા? ભણી લીધા. શું કર્યું એણે? ભણી નાખ્યા.

'**ભિન્નવસ્તુભૂત...**' એક શબ્દમાં ઘણું ભર્યું છે. એમાં પહેલા સાધારણ કહ્યું હતું. '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી.**' એટલું કહ્યું હતું. ત્યારે હવે પછી કહે છે, શાસ્ત્ર ભણવાનો ગુણ શું? '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય...**' ચૈતન્યનું વેદન. જ્ઞાનથી જ્ઞાનનો અનુભવ કરવો. રાગ વિના, પુણ્ય વિના, વિકલ્પ વિના, વ્યવહાર વિના એકલા જ્ઞાનથી જ્ઞાનનું વેદન કરીને જ્ઞાનનો સાક્ષાત્કાર કરવો એવું '**આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે; અને તે તો (અર્થાત્ એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા...**' વ્યવહારની શ્રદ્ધા કરી. અગિયાર અંગનું છે. ભગવાન સાચા છે, દેવ-ગુરુ સાચા છે એવી શ્રદ્ધા કરી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે, આ સાચા છે, એ તો વિકલ્પ

છે, રાગ છે. આહાહા..! જેઠાભાઈ! આહાહા..!

'**(એવું શુદ્ધાત્મજ્ઞાન તો), ભિન્નવસ્તુભૂત...**' ભગવાન આત્મા. આ શ્રદ્ધા કોની પણ? જેનું જ્ઞાન ન થયું તો શ્રદ્ધા ક્યાંથી કરે? એમ કહે છે. હવે શ્રદ્ધાની વાત કરે છે. પહેલા વ્રત લીધું, પછી જ્ઞાન, પછી શ્રદ્ધા પણ સાચી નથી એમ (લ્યે છે). '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા...**' હું આનંદ જ્ઞાનમય ચૈતન્ય છું એવું જ્ઞાનનું વેદન કરીને એની શ્રદ્ધા ન કરનારા. સમજાણું કાંઈ? '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા...**' ભગવાન ચૈતન્યમય છે એકલો. રાગ નહિ, ઉદયભાવ નહિ, સંસાર નહિ, એમાં કંઈ નથી. એકલો ચૈતન્ય ગોળો ભિન્ન છે એવા જ્ઞાનની શ્રદ્ધાની નહિ કરનારા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી, અગિયાર અંગ ભણ્યો, પંચ મહાવ્રત લીધા પણ બધું નિરર્થક છે. સમ્યગ્દર્શન વિના એ બધી વાત નિરર્થક છે. સમજાણું કાંઈ? લોકોને મહિમા બહારનો બહુ આવી ગયો છે. આહાહા..! કેટલા વ્રત પાળે છે! કેટલું તપ કરે છે! આ સોળ ભટ્ટાને જુઓને કરે. રત્નત્રય સમજ્યા? આહાહા..! અને શાસ્ત્ર ભણો હંમેશા. કલાક, બે કલાક, પાંચ કલાક શાસ્ત્ર ભણ્યા. બહુ શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે. પણ કરે છે તો શું છે? એમાં કહે છે એ કરે છે કે નહિ? કહે છે એ કરે છે કે નહિ? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત આનંદકંદ આખો ભિન્ન બિરાજે છે. એવા આત્માનું જ્ઞાન કર્યા વિના, શ્રદ્ધા નહિ કરનારો. એનું જ્ઞાન નથી તો એની શ્રદ્ધા પણ નથી. '**એવા અભવ્યને...**' અભવ્યનું તો દૃષ્ટાંત દીધું છે, હોં! ભવિ પણ એવા. અનંત વાર ભવિ પણ નવમી અંતિમ ગ્રૈવેયક સુધી ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એમાં અગિયાર શાસ્ત્ર જ્ઞાન લીધું. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન આત્મા અનંત ગુણનું એકરૂપ સ્વરૂપ નિર્વિકલ્પ એમાં તું દૃષ્ટિ કર, એનું જ્ઞાન કરવું એ જ્ઞાન કર્યું નહિ તો જ્ઞાન વિના શ્રદ્ધા પણ થઈ નહિ.

'**જ્ઞાનને નહિ શ્રદ્ધતા...**' શ્રદ્ધાને મેળવે છે હવે. ૨૭૪માં લઈ જશે ને. અમૃતચંદ્રાચાર્યની શૈલી છે એ. સમજ્યા? એટલે. ૭૫માં લઈ જશે શ્રદ્ધા. પણ એ .. તો ઓલાની સાથે સંબંધ કરવા. '**જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી...**' અગિયાર અંગ ભણ્યો પણ એને સાર આવ્યો નહિ. '**વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી); માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે;...**' શાસ્ત્રના ભણવાના ગુણનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અને તેથી જ્ઞાન-શ્રદ્ધાનના અભાવને લીધે...**' પોતાનો જ્ઞાન ચિદાનંદ પ્રભુ એનું જ્ઞાન કર્યું નહિ અને શ્રદ્ધાનના અભાવને લીધે '**તે અજ્ઞાની ઠર્યો-નક્કી થયો.**' તે અજ્ઞાની

છે. અગિયાર અંગ ભણવા છતાં પણ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? જુઓ! વ્યવહારનયનો નિષેધ કઈ અપેક્ષાએ કરે છે. ઓહોહો..! સમજાણું કાંઈ? '**ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण**'. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'

'**ભાવાર્થ :- અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી;...**' અભવિનું દૃષ્ટાંત આપીને કહ્યું છે. તો કેટલાક કહે છે કે એ તો અભવિ માટે છે. અમને તો છે. અમને તો જ્ઞાન-શ્રદ્ધા છે. અમને તો સમ્યગ્દર્શન-જ્ઞાન છે. ધૂળમાંય નથી. રાગનો કર્તા માને છે, પરનો કર્તા માને છે, વ્યવહાર કરતા કરતા (નિશ્ચય થશે), વ્યવહાર દયા, દાનના પરિણામ એ ધર્મ છે. એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ?

'**તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો; અને તેથી તે અજ્ઞાની જ છે.**' પહેલા અચારિત્ર કહ્યું હતું. નિઃચારિત્ર જ છે. આવા પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ બરાબર પાળે છતાં નિઃચારિત્ર છે, અચારિત્ર છે. કેમ કે એને સમ્યગ્દર્શન, જ્ઞાન કારણરૂપ પ્રગટ્યા નથી. તેથી નિશ્ચારિત્ર છે. અહીં કહ્યું પણ સાહેબ! આટલું જ્ઞાન કરવા છતાં એને જ્ઞાન વિનાનો કેમ કહ્યો? કે જ્ઞાન અગિયાર અંગનું ભણી જાય, પણ આત્માનું જ્ઞાન નથી, હું ચિદાનંદ છું એનું વેદન નથી. સમજાણું કાંઈ?

'**ફરી શિષ્ય પૂછે છે કે-અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે;...**' મહારાજ! અરે..! અભવિ કેટલી શ્રદ્ધા કરે છે? '**છતાં તેને શ્રદ્ધાન નથી એમ કેમ કહ્યું?**' સમજાણું કાંઈ? અત્યારે પણ કેટલાક કહે છે. મહિના મહિનાના અપવાસ કરે છે ને. મહિનાના. લ્યો, ભાઈ જુઓ! આ શ્રદ્ધા વિના કરે છે? એય.. શેઠ! મહિના સમજ્યા? એક મહિનાના ઉપવાસ. એક માસના ઉપવાસ, બે માસના ઉપવાસ. આ કંઈ શ્રદ્ધા વિના કરે છે? કઈ શ્રદ્ધા? હવે એ અપવાસ તો રાગની ક્રિયા છે. આત્મા શું છે એનું તો ભાન નથી. સમજાણું કાંઈ? શ્રદ્ધા તો, આત્મા એ રાગ અને એ ક્રિયાના પરિણામથી ભિન્ન છે. એવા સ્વરૂપના જ્ઞાનમાં પ્રતીત થવી, અનુભવ થવો એનું નામ શ્રદ્ધા છે. મહિનાના અપવાસ કરે છે એ શ્રદ્ધા વિના કરે છે? છે શ્રદ્ધા મિથ્યા. ભારે વાત ભાઈ! કહો.

એક જણો વળી એમ કહેતો હતો સ્થાનકવાસી હતો. જુઓ! આ બધા સાંભળવા આવે છે, સમજવા આવે છે એ કાંઈ સમકિત વિના આવે છે? પણ સમકિત કોને કહેવું એની તને ખબર નથી હજી. સમજાણું કાંઈ? તને ખબર નથી કે સમકિત કોને કહે છે. સ્વરૂપ અંદર રાગથી, વિકલ્પથી રહિત (છે). વિકલ્પનો કર્તા પણ મિથ્યાદૃષ્ટિ માને છે. વ્યવહારના વિકલ્પ પણ જે આવે છે દયા, દાન, વ્રત પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન, એ પરિણામનો હું કર્તા

છું એ મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે રાગ રહિત જ્ઞાન સ્વરૂપનું એને ભાન નથી તો રાગનો કર્તા થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'તેનો ઉત્તર હવે કહે છે :-'** ૨૭૫.

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि।**
**धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।।२७५।।**

મુમુક્ષુ :- દસ પ્રકારના ધર્મ કીધા.

ઉત્તર :- એ ધર્મ નામ પુણ્ય.

**તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.**

આ પુણ્ય કહ્યું. ભોગહેતુ કહ્યો એનો અર્થ છે, સૂક્ષ્મ અર્થ છે. કાંઈ ભોગ ભોગવવા માટે કરતો નથી અભવિ આદિ નવમી ગ્રૈવેયક જાય ઈ. ભોગવવાની ઈચ્છા હોય તો તો મિથ્યાદૃષ્ટિ અને એ તો અશુભભાવવાળો છે. અહીં તો પુણ્ય પરિણામ છે. છે બરાબર વ્યવહારનયનો આશ્રય. પણ એનું વેદન કરે છે એનું નામ ભોગ છે. રાગનું વેદન એ ભોગ છે. સમજાણું કાંઈ? ભોગને માટે કરે તો તો અશુભ પરિણામ છે, નવમી ગ્રૈવેયક ન જાય. સમજાણું કાંઈ? પણ આચાર્યને... એ કહેશે, ખુલાસો કરશે.

ભગવાન આત્મા પુણ્ય-પાપ અથવા વ્યવહાર વિકલ્પથી ભિન્ન એવું જેને જ્ઞાન અને શ્રદ્ધા નથી એ રાગને જ વેદે છે. એ રાગનો જ ભોગ લે છે. તો એના ફળમાં રાગનું જ ફળ મળશે. તો રાગ એ ભોગ છે. સમજાણું કાંઈ? ભોગ શબ્દે અનુભવ. રાગનો અનુભવ છે. પણ રાગથી ભિન્ન ભગવાન આત્માનો ભોગ નામ અનુભવ નથી. સમજાણું કાંઈ? ભારે માર્ગ પણ ભાઈ!

**'ટીકા :- અભવ્ય જીવ...'** આ તો દૃષ્ટાંત છે હોં અભવિનું. ભવિ-અભવિ અનાદિના બધા લેવા. **'નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે...'** શું કહે છે?

મુમુક્ષુ :- શ્રદ્ધા તો છે એને.

ઉત્તર :- શ્રદ્ધા તો છે. છે. કેવી? **'નિત્ય કર્મફળચેતના...'** રાગ ને હરખ અને પુણ્યના પરિણામ એ કર્મફળ ચેતના. એ પુણ્યના પરિણામને ચેતે છે-વેદે છે. નિત્ય નામ કાયમ, કર્મફળચેતનારૂપ. ભગવાન આત્મા જ્ઞાનરૂપની ચેતના છોડીને એ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ રાગ છે, પંચ મહાવ્રત, અઠ્ઠાવીશ મૂળગુણ પણ રાગ છે, એ રાગ અને શાસ્ત્રનું ભણવું એ પણ રાગ છે. એ નિત્યકર્મફળ ચેતના. રાગનો અનુભવ કરે છે એ કર્મફળ ચેતના છે. એ રાગના

કાર્યનું ફળ છે. સમજાણું કાંઈ?

ગાથા બહુ સરસ આવી છે. નિત્યકર્મ (ફળચેતના). નિત્ય નામ કાયમ. એ તો કર્મફળચેતના. નિત્ય નામ કાયમ. કર્મફળચેતના તો પર્યાય છે. સમજાણું કાંઈ? પણ કાયમ અજ્ઞાની પોતાના નિજ સ્વરૂપના ભાન વિના એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ કર્મફળચેતના છે. એને કરે છે અને વેદે છે તે મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? છે કે નહિ પુસ્તક? સામે પડ્યું છે. એનો તો અર્થ ચાલે છે.

કાયમ કર્મફળચેતના. કર્મફળચેતના નિત્ય છે એટલે? એ વસ્તુ તો ક્ષણિક છે. પણ કાયમ એનું કર્મનું ફળ એટલે હરખ. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના જે ભાવ છે એનો જ પ્રેમ અને એનું વેદન છે. સમજાણું કાંઈ? શરીરનું તો વેદન છે નહિ, પરદ્રવ્યનું તો અજ્ઞાની આત્માને પણ વેદન નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનીને પણ શરીરનું, સ્ત્રીનું, પૈસાનું, મકાનનું, આબરૂ એ તો પર જડ છે, એનો તો અનુભવ છે નહિ. શોભાલાલજી! શું કહ્યું? એય. શેઠ! એ હજીરા છે ને મકાન? છ લાખનું. એને આત્મા ભોગવતો નથી એમ કહે છે. એ તો જડ છે. જડનો શું અનુભવ કરે? એ તો જડ પરવસ્તુ છે. એમ આબરૂ. કાનમાં શબ્દ સંભળાયો. એનો જડનો અનુભવ છે આત્માને? સ્ત્રીનું શરીર. એનો અનુભવ છે? એ તો જડ-માટી-ધૂળ છે. એ તરફનું લક્ષ કરીને રાગ કરે છે એ રાગનો અનુભવ છે. સમજાણું કાંઈ? એ તો અશુભરાગ છે. અહીં તો શુભરાગ કહેવો છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્ર ભણવાનો ભાવ વિકલ્પ.. સમજાણું કાંઈ? અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ રાગ છે. એ રાગની કર્મફળચેતના છે. એ રાગ વિકારનું ફળ છે એને વેદે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભોજનને વેદતો હશે ને?

ઉત્તર :- ધૂળેય વેદતો નથી. ના પાડીને પહેલી? ભોજન કોણ વેદે? લાડુ-બાડુ ખાય છે કે નહિ? આ દવા-બવા લે છે કે નહિ? દવાનો અનુભવ કરે છે આત્મા? દવા તો જડ છે.

મુમુક્ષુ :- બધા લે છે પણ.

ઉત્તર :- લે કોણ? એ તો વિકલ્પ છે. આવે છે એની મેળાએ. વિકલ્પ છે. વિકલ્પને વેદે છે. રાગને. પરને નહિ.

અહીં તો બીજી વાત કહેવી છે. એ તો અશુભભાવ છે. અહીં તો શુભભાવ. પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાન, કોમળતા, પરોપકારનો ભાવ, બ્રહ્મચર્યનો ભાવ, સત્ય, દત્તનો ભાવ એવું બ્રહ્મચર્ય નવ નવ કોટીએ પાળે. એવો વિકલ્પ જે છે એ કર્મફળચેતના છે. રાગનું, વિકારનું ફળ છે એ. આહાહા..! સમજાણું કાંઈ? એ અધર્મનું ફળ છે, અધર્મનું વેદન છે

એમ કહે છે. એય..! ગજબ વાત છે!

મુમુક્ષુ :- આજ મોટો દિવસ છે એટલે...

ઉત્તર :- આજ મોટો દિ' છે ને એટલે મોટી વાત સારી વાત આવેને આજે? એમ કે આજ મોટો દિવસ છે.

ભગવાન આત્મા.. કહે છે કે અભવિ નામ.. દૃષ્ટાંત આપ્યું વ્યવહારનું. વ્યવહારનયનો આશ્રય કરનાર પોતાના નિશ્ચયના ભાન વિના એવી ક્રિયાકાંડ મહાવ્રતાદિ પાળે અને એમાં જે હરખ આવે છે એ કર્મફળચેતના છે. એ વેદન વિકારનું છે, અધર્મનું વેદન છે. ધર્મ નથી. સમજાણું કાંઈ? પણ એક જણો કહેતો હતો. ઓલો .. આવ્યા હતા ને. પુણ્ય કહો. અધર્મ નહિ અધર્મ. હવે એ તો એનું એ થયું. વ્યવહારે પુણ્ય છે અને નિશ્ચયથી અધર્મ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અધર્મ હોય એને ધર્મ કહેવાય.

ઉત્તર :- હા. ધર્મ કહે છે ને. વ્યવહારધર્મ. વ્યવહારનયથી ધર્મ કહ્યો. નિશ્ચયથી અધર્મ. આવશે ને ત્યાં. જુઓ! હજી તો એક શબ્દ..

અનાદિનો અજ્ઞાની જીવ પોતાના શુદ્ધ ચૈતન્યના આનંદના, જ્ઞાનના વેદન વિના એણે કર્મફળ નામ રાગનું જ વેદન કર્યું છે. વ્યવહારનયે કહ્યું, એમાં રાગ કર્યો. સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. એ તો રાગ છે, વિકલ્પ છે, વિકાર છે, દુઃખ છે, એ કર્મફળચેતના છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ કહે છે. જ્ઞાનચેતનાનું ભાન નથી તો કર્મફળચેતના વેદે છે. મૂઢ છે એમ કહે છે.

'**પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો...**' જુઓ! દરેકમાં વસ્તુ-વસ્તુ લીધું છે. નિત્ય-કાયમ કર્મફળ એટલે રાગ એની ચેતના, એવી વસ્તુની શ્રદ્ધા કરે છે. રાગની શ્રદ્ધા છે. એ જ આત્મા અને એ જ વસ્તુ. કારણ કે આત્મા જે જ્ઞાયક છે એ તરફની દૃષ્ટિ છે નહિ. તો ક્યાંક પોતાપણું માનવું તો પડશે. તો વિકલ્પ દયા, દાન, વ્રત, કષાય મંદ એ જ આત્મા, એ જ હું. એવી વસ્તુની શ્રદ્ધા કરે છે. રાગરૂપી વસ્તુની શ્રદ્ધા કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં કહ્યું હતું ને? '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્મા...**' ત્યાં એમ કહ્યું હતું. '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્મા...**' એમ કહ્યું હતું ને? ૨૭૩માં. ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્મા. એને નહિ જાણતો, નહિ શ્રદ્ધતો, રાગમય વસ્તુ નિત્યકર્મફળચેતના એને શ્રદ્ધે છે.

'**નિત્યજ્ઞાનચેતના માત્ર વસ્તુને નથી શ્રદ્ધતો...**' પણ આત્મા એ રાગથી ભિન્ન એવા

આત્માનું જ્ઞાનચેતના-જ્ઞાનનું વેદન-જ્ઞાનનો અનુભવ એવી જે વસ્તુ એની શ્રદ્ધા નથી કરતો. દૃષ્ટિમાં આવ્યો નહિ, અનુભવમાં આવ્યો નહિ તો એની શ્રદ્ધા નથી કરતો. ચોખ્ખું સ્પષ્ટ છે કે નહિ? સમજાણું કાંઈ?

બે વાત. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એનું જ્ઞાનમાં વેદન થવું, જ્ઞાનની એકાગ્રતા થઈને આનંદનું વેદન થવું, શુદ્ધ સ્વભાવનું પ્રગટ શક્તિમાંથી વ્યક્ત થઈને વેદન થવું એ ધર્મ, એ જ્ઞાનચેતના, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ ધર્મ. એનું ભાન નથી. એકલા વ્રત, નિયમ, ક્રિયાકાંડમાં જે શુભભાવ થયો, શાસ્ત્ર ભણવાનો શુભભાવ થયો એનું વેદન છે. તો એ તો રાગનું વેદન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાન! ...

ઉત્તર :- એ રાગ છે.. રાગ છે... લાખ વાર રાગ છે.

મુમુક્ષુ :- રાગ ન આવે તો પછી ...

ઉત્તર :- રાગ ન આવે તો જાવું અંદરમાં. પહેલા પછી હોય નહિ. પહેલો રાગ અને પછી વીતરાગ એમ હોય નહિ. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એમ ભગવાન કહે છે. ભગવાન કહે છે કે અમારા ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી રાગ છે. ત્યારે રાગનું વેદન એ આત્માનું નહિ.

મુમુક્ષુ :- પણ...

ઉત્તર :- પણ-બણ ચાલે એવું નથી અહીં કાંઈ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, બે વાત. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ વ્યવહારનો પક્ષ કરનારો. એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વ્યવહારનો પક્ષ કરનાર નિશ્ચયના ભાન વિના એકલું રાગનું ફળ વેદે છે. અને નિત્ય ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ રાગથી ભિન્ન, વ્યવહારથી ભિન્ન એવો જ્ઞાનચેતનાનો અનુભવ કરે છે. એની શ્રદ્ધા નથી. ભાન નથી તો શ્રદ્ધા નથી એમ કહે છે.

'**કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' આ તો અભવિનું દૃષ્ટાંત આપ્યું. મિથ્યાદૃષ્ટિ જેને વ્યવહારની રુચિ છે એ વ્યવહારનો રાગ અને ભગવાન વીતરાગ, બેના ભેદજ્ઞાનનો અજ્ઞાનીને અભાવ છે. વ્યવહારનો પક્ષ કરનાર, વ્યવહારનો રાગ અને ભગવાન રાગરહિત ચૈતન્ય બેના સ્વપરના ભેદજ્ઞાનનો એને અભાવ છે. એમ કહે છે. શેઠી! શું કહ્યું? આત્માની નિશ્ચય દૃષ્ટિ અનુભવ નિર્વિકલ્પ જ્ઞાન અને શાંતિ, એ વિના એકલો વ્યવહારનયનો પક્ષ કરનાર વ્યવહારનો પક્ષ કરનારો કે આ વ્યવહાર છે ને... વ્યવહાર છે ને... વ્યવહાર છે ને... નિશ્ચયનું ભાન નથી થયું એને, તો વ્યવહારવાળો છે એ જ્ઞાનચેતનાની શ્રદ્ધા નથી કરતો. '**કારણ કે તે સદાય ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' એ વ્યવહારનો પક્ષ

કરનાર રાગનો પક્ષ કરે તો રાગ પર છે અને સ્વભાવ ભિન્ન છે. બેનું ભેદજ્ઞાન નથી. સમજાણું કાંઈ?

છે ને એમાં જુઓ! બે બોલ કીધા. પહેલા નિત્યકર્મફળચેતના અને જ્ઞાનચેતના. નિત્યકર્મફળચેતના એટલે રાગ વ્યવહારનયનો પક્ષ. રાગ. રાગ. આમ કર્યું.. આ કર્યું... આમ કર્યું... મેં દેવની શ્રદ્ધા કરી, એવા દેવની શ્રદ્ધા કરી કે માથુ જાય તો અરિહંત સિવાય કોઈને માનું નહિ. પણ એ પણ પરદ્રવ્યની શ્રદ્ધા રાગ છે. સમજાણું કાંઈ? ભગવાનના શાસ્ત્ર સિવાય કદી હું કોઈને માનું નહિ. એ પણ વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ? અને પંચ મહાવ્રતધારી સાધુ હોય એને માનું, બીજાને માનુ નહિ. એ પણ રાગ થયો. રાગનું ફળ વેદે છે. પણ રાગ રહિત ભગવાન આત્મા જ્ઞાનમય વસ્તુ એની શ્રદ્ધાનો અભાવ છે. કેમ કે રાગ અને ભગવાન વીતરાગ આત્મા છે એ બેનું ભેદજ્ઞાન નથી.

વ્યવહારનો પક્ષ કરનારને.. જુઓ! ખુબી શું કહી છે? વ્યવહારનો પક્ષ કરનારને નિશ્ચયનું પણ ભાન નથી અને વ્યવહારનું પણ ભાન નથી. ભાઈ! શું કહ્યું? વળી ત્રીજું આવ્યું અંદર ઓલું વ્યવહાર જાણેલો પ્રયોજનવાન આવ્યું. વ્યવહારનો એકલો પક્ષ કરનાર એને વ્યવહારનું પણ જ્ઞાન નથી અને નિશ્ચયનું પણ જ્ઞાન નથી. સ્વ-પરનું બેયનું જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ? જેને નિશ્ચયનો પક્ષ થઈને અનુભવ થયો એને નિશ્ચયનું પણ ભાન છે અને રાગ આવે છે એનું જ્ઞાન છે. વ્યવહાર આવે છે એનું જ્ઞાન છે. બેયનું જ્ઞાન છે સ્વ-પરનું. અજ્ઞાનીને સ્વ-પરનું એક્કેયનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ઓહોહો..! આવો મનુષ્યદેહ અને આ ભવના અભાવની વાત જો ન કરે અંદરથી, ભાઈ! આહાહા..!

જુઓને! નિગોદના જીવ અનંત કાળે હજી તો કોઈ મનુષ્ય નથી થયા. નિગોદ. બટાટા, શક્કરકંદ છે ને, એ લીલ, ફુગ કાઈ-કાઈ. એ કાઈમાં આટલી કટકીમાં અસંખ્ય તો શરીર અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. એમાંથી કદી નીકળ્યો નથી, ત્રસ થયો નહિ અને મનુષ્ય થયો નહિ. ત્રસ થયો નહિ તો મનુષ્ય તો ક્યાંથી થાય? ઓહોહો..! આ મનુષ્ય થયો, પંચેન્દ્રિયપણું મળે, લાંબુ આયુષ્ય મળે અને વીતરાગની વાણી સાંભળવાનો પણ યોગ થયો, એમાં જો ભેદજ્ઞાન નહિ કરે તો એનો ક્યાંય પત્તો નહિ ખાય એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારનો પક્ષ કરશે તો નિશ્ચયનું આલંબન નહિ થાય. એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મક્રિયા ... શુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્ર ભણવા. એ શુભભાવ આવ્યો એનો પક્ષ રહેશે કે એનાથી લાભ છે, તો તને ભેદજ્ઞાન નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, પહેલા એ વાત કરી કે મિથ્યાદષ્ટિ જીવ વ્યવહારનો પક્ષ કરનાર એ તો અભવિનું

દૃષ્ટાંત છે. '**કર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર...**' ભગવાન જ્ઞાનમય મૂર્તિ નિર્વિકલ્પ છે તેને શ્રદ્ધતો નથી. '**કારણ કે તે સદાય ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' વ્યવહારનો પક્ષ કરનાર સદાય વ્યવહાર અને નિશ્ચયનું જ્ઞાન કરનાર નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**કારણ કે તે સદાય ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' વ્યવહારનો એકલો પક્ષ કરીને મને લાભ થશે, ધર્મ થશે એને તો વ્યવહારથી, રાગથી ભિન્ન એવા જ્ઞાનમયની શ્રદ્ધા નથી અને એ રાગ છે એનું પણ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં સ્વરૂપનો આશ્રય લઈને જે દર્શન થયું નિશ્ચયથી, તો નિશ્ચયના પણ જ્ઞાન-શ્રદ્ધા છે અને રાગ છે એની પણ શ્રદ્ધા છે કે રાગ છે. રાગ છે. બેનું જ્ઞાન થયું. અજ્ઞાનીને બેમાંથી એકેયનું જ્ઞાન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ,...**' જુઓ! શું કહે છે? '**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ ધર્મને...**' ભાષા દેખો! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ એવા જ્ઞાનમાત્ર નામ વ્યવહારના વિકલ્પથી રહિત, વ્યવહારના રાગથી રહિત '**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ ધર્મ...**' સાચો ધર્મ, સાચો ધર્મ, સાચો ધર્મ. ભગવાન જ્ઞાનસ્વરૂપ એવી શ્રદ્ધા, એનું જ્ઞાન અને રમણતા એ '**(સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...**' એ સત્યાર્થ ધર્મની શ્રદ્ધા છે નહિ. સમજાણું કાંઈ? '**તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ,...**' કોણ? જ્ઞાનમાત્ર જ્ઞાયક ચૈતન્યમૂર્તિ એની શ્રદ્ધા, એનું નિર્વિકલ્પ જ્ઞાન અને એની શાંતિ એ જ સત્યાર્થ ધર્મ જડને તોડવામાં નિમિત્તભૂત છે. જડ કર્મનો નાશ થવામાં આ સત્યાર્થ ધર્મ પરિણામ એને નિમિત્તભૂત છે.

મુમુક્ષુ :- કર્મ નિમિત્ત ન થયું.

ઉત્તર :- અહીં તો આના નિમિત્તભૂત થયું ને? એ ટળવા કાળે આ સત્યાર્થ ધર્મ નિમિત્તભૂત છે. ઓલાની અહીં વાત નથી. ધર્મ લેવો છે ને. કર્મનો નાશ કરવામાં સત્યાર્થ ધર્મ નિમિત્ત છે. સમજાણું કાંઈ? કર્મ તો એને કારણે નાશ પામે છે. માટે તો નિમિત્ત કહ્યું ને? કર્મ તો એને કારણે નાશ થાય છે. પણ કર્મનો નાશ થવામાં નિમિત્ત કોણ? સત્યાર્થ ધર્મ. સત્યાર્થ ધર્મ શું? કે શુદ્ધ ચૈતન્યમૂર્તિની નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન અને રાગરહિત ચારિત્ર અંદર. એ જે સત્યાર્થ ધર્મ છે, નિશ્ચય ધર્મ છે, સાચો ધર્મ છે એ કર્મના નાશમાં નિમિત્તભૂત પરિણામ છે. સમજાણું કાંઈ? કારણ કે એ પરિણામ કર્મનો નાશ નથી કરી શકતા. કર્મ તો જડ છે, પર છે. પરનો શું નાશ કરે? પણ પરનો નાશ થવા કાળે સત્યાર્થ ધર્મ પરિણામ એને નિમિત્ત છે. ઓહોહો..! ઉપાદાન-નિમિત્તનો ઝઘડો કાઢી નાખે છે. નિશ્ચય ઉપાદાન. અહીં તો બધું આવ્યું લ્યો. નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત. સમજાણું કાંઈ?

ક્રમબદ્ધ પણ આવી ગયું. કર્તાપણું છૂટી ગયું. રાગ અને પરનું કર્તૃત્વ છૂટતા હું અકર્તા

છું, હું જ્ઞાનસ્વરૂપ છું. એવું વેદન થાય તો એને ક્રમબદ્ધના સિદ્ધાંતનું તાત્પર્ય આવ્યું. તો ક્રમબદ્ધ એણે માન્યું. રાગ અને પરનો હું કર્તા નથી. હું જ્ઞાનનો કર્તા છું. કેમ કે રાગ આવે છે નિમિત્ત ક્રમસર. પરની ક્રિયા પરથી થાય છે. પરનો કર્તા નથી. હું જ્ઞાયક છું. એવું જ્ઞાન થયું તો આત્માની શ્રદ્ધા થઈ, આત્માની શ્રદ્ધા થઈ તો એમાં સ્થિરતા થઈ, સ્થિરતા થઈ તો ક્રમબદ્ધનું તાત્પર્ય જ્ઞાતા-દૃષ્ટા પ્રગટ થયું. જ્ઞાતા-દૃષ્ટા પ્રગટ થયું તો જે નિમિત્ત છે રાગ એનાથી મારી નિશ્ચય દૃષ્ટિ થઈ એ નીકળી ગઈ. સમજ્યા? શુદ્ધ ઉપાદાનનો આશ્રય લઈને જે સમ્યગ્જ્ઞાન થયું, તો રાગ હતો તો નિશ્ચય થયો એમ રહ્યું નહિ. વ્યવહાર હતો માટે નિશ્ચય થયો એમ રહ્યું નહિ. અને રાગ નિમિત્ત છે તો શુદ્ધ ઉપાદાનની દશા પ્રગટ થઈ, એ પણ રહ્યું નહિ. એ નિમિત્ત અને વ્યવહાર ક્યારે કહેવામાં આવે? કે ક્રમબદ્ધના પરિણામ અંદર જ્ઞાયકમૂર્તિ હું અકર્તા છું એવો જ્યાં અનુભવ દૃષ્ટિમાં થયો ત્યાં રાગનું જ્ઞાન થયું એ વ્યવહારનું થયું. એ રાગ નિમિત્ત છે એવું જ્ઞાન થયું તો નિમિત્તનું જ્ઞાન થયું. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! ઝીણી વાત છે થોડી.

મુમુક્ષુ :- રાગનું જ્ઞાન...

ઉત્તર :- હા. રાગનું પણ જ્ઞાન થયું. રાગથી ભિન્ન આત્મા પડ્યોને. ક્રમબદ્ધનો ખ્યાલ આવ્યો. ક્રમબદ્ધ પર્યાય ક્રમસર થાય છે. હું શું કરું? તો કર્તા નથી તો હું જ્ઞાતા છું. હું જ્ઞાતા છું. કેવો સ્વભાવ? હું તો જ્ઞાનમય આત્મા છું. જ્ઞાનમય આત્મા છું. એવી દૃષ્ટિ થઈ તો રાગથી ભિન્ન પડી ગયો. તો રાગનો કર્તા થયો નહિ, અકર્તા થઈ ગયો. રાગનું જ્ઞાન થયું. રાગ વ્યવહાર છે એનું જ્ઞાન થયું, રાગ નિમિત્ત છે એનું જ્ઞાન થયું. નિમિત્ત અને વ્યવહારનું જ્ઞાન થયું, નિશ્ચયનું પણ ભાન થયું. એ ક્રમબદ્ધમાં તો પાંચેયનો ખુલાસો થઈ ગયો. નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત અને ક્રમબદ્ધ. આહાહા..!

મુમુક્ષુ :- એક જ વાતમાં બધાનો નિકાલ.

ઉત્તર :- બધાનો નિકાલ છે. પણ મંથન કરે નહિ, વિચાર કરે નહિ અને પોતાની પક્કડ છોડે નહિ. અરે..! નિયતવાદ થઈ જશે. હવે સાંભળ તો ખરો, નિયતવાદ શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. લગાવ અંદરમાં દૃષ્ટિ. ત્યારે તેં ક્રમબદ્ધનો સિદ્ધાંત માન્યો એમ કહેવામાં આવે. નહિતર માન્યું છે ક્યાં? કરું... કરું... કરું... કરું એમ છે. કરું કરું એમાં તો ક્રમબદ્ધની દૃષ્ટિ છે નહિ, શ્રદ્ધાન છે નહિ તને. સમજાણું કાંઈ? હું રાગ કરું, હું પુણ્ય કરું, હું આમ કરું, હું બીજાને મદદ કરું એ બધી દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. ક્રમબદ્ધ માન્યું જ નથી. સમજાણું કાંઈ?

અહીં તો જે કર્મ છે એ તો એના કારણે નાશ પામે છે. પણ સત્યાર્થ ધર્મ પરિણામ એને નિમિત્ત થાય છે. તો સત્યાર્થ ધર્મ ક્યો? પર્યાયની વાત ચાલે છે હોં! વ્યવહાર અભૂતાર્થ, નિશ્ચય ભૂતાર્થ. અહીં તો પર્યાયની વાત ચાલે છે. આહાહા..! સાચો ધર્મ જે આત્મા પુણ્યના વ્યવહાર વિકલ્પથી ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા અને આત્માની સ્થિરતા એવો જે સાચો ધર્મ એ પરિણામ કર્મ નાશ થવામાં નિમિત્ત છે. કર્મ તો એને કારણે નાશ પામે છે. સમજાણું કાંઈ? એ ધર્મની શ્રદ્ધા નથી કરતો. એવા સાચા ધર્મની વ્યવહારનો પક્ષ કરનારો નિશ્ચયની શ્રદ્ધા કરતો નથી.

પણ '**ભોગના નિમિત્તરૂપ...**' ભાષા દેખો. ભોગ મળે એના નિમિત્તભૂત પુણ્ય. ભોગ મળે એના નિમિત્તભૂત કોણ? પુણ્ય. '**શુભકર્મમાત્ર,...**' શુભકર્મ, શુભ પરિણામ, વ્યવહારભાવ. દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એવો શુભભાવ '**અભૂતાર્થ ધર્મ,...**' ભાષા જુઓ! પુણ્ય એ અભૂતાર્થ ધર્મ. અભૂતાર્થ ધર્મ કહો કે જૂઠો ધર્મ કહો, જૂઠો ધર્મ કહો કે અધર્મ કહો. શું છે? અ-ભૂતાર્થ, અ-સત્યાર્થ, અ-સત્યાર્થ ધર્મ, અસત્યાર્થ ધર્મ, જૂઠો ધર્મ. એટલે શું થયું? જૂઠો ધર્મ તો અધર્મ થયો. પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૂઠો જ છે. આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે.!

એ શુભકર્મ, પરિણામ એ શુભભાવ. એ શુભભાવ કેવા છે? ભોગ મળે એનું નિમિત્ત છે. વસ્તુ મળે એનું નિમિત્ત છે. આત્મા મળે એમાં કાંઈ છે નહિ. વ્યવહારનો પક્ષ કરનારા, વ્યવહારમાં રહેનારા એ ભોગના નિમિત્ત રૂપે પરિણામને કરે છે. અભૂતાર્થ ધર્મની શ્રદ્ધા કરે છે. સમજાણું? માટે તેને સાચા ધર્મની શ્રદ્ધા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

હું પરમાત્મા છું એમ નક્કી કર.
હું પરમાત્મા છું એમ નિર્ણય કર.
હું પરમાત્મા છું એમ અનુભવ કર.